# સમયસાર રહસ્ય

ભાગ – ૮



ॐ

श्री सिद्ध परमात्मने नमः।

# સમયસાર રહસ્ય

## ભાગ–૮

અધ્યાત્મ યુગપુરુષ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસાર પરમાગમ ઉપરના ૧૭મી વખતના
૯૮ થી ૧૪૨ ગાથાના સ્વાનુભવ મુદ્રિત ૩૦ અક્ષરશઃ પ્રવચનો

પ્રકાશક
શ્રી કુંદકુંદ–કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ
શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ

| વીર સંવત | વિક્રમ સંવત | ઈ.સ. |
| --- | --- | --- |
| ૨૫૫૦ | ૨૦૮૦ | ૨૦૨૪ |

**પ્રકાશન**

શ્રી જંબુદ્વીપ દિગંબર જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ, તા. ૨૫-૧-૨૦૨૪

**પ્રાપ્તિ સ્થાન**

(૧) શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ.

(૨) શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ,
૧૭૩/૧૭૫, બેંક ઑફ બરોડાની ઉપર,
મુંબાદેવી, મુંબઈ-૪૦૦૦૦૨.

**લેસર ટાઈપ સેટિંગ**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

**મુદ્રક**
**અજય ઑફસેટ**
મો. ૯૮૨૫૪૭૭૭૪૫

# પ્રકાશકીય

**મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી**
**મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલં**

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રી મહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ગુણસમુદ્ર એવા આચાર્ય ભગવંતો થયા છે. તેઓએ નિજાનુભવ તથા ભગવાનની દિવ્યધ્વનિના આધારે અનેક મહાન પરમાગમોની રચના કરી, તેમ જ જન્મ-મરણના દુઃખથી મુક્ત થઈ અવિનાશી નિજાનંદ સુખ, શાંતિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનો માર્ગ પ્રકાશી, ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. આચાર્યોની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યદેવની પરંપરાના કહેવડાવવામાં ગૌરવ અનુભવે છે. તેઓશ્રીને ભગવાન મહાવીરથી ઉદઘાટિત વિશુદ્ધ જ્ઞાન આચાર્યોની પરંપરાથી મળ્યું હતું, એટલું જ નહિ પણ આઠ દિવસ સુધી મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરવાનું મહાભાગ્ય પણ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

પવિત્રતાના સ્વામી એવા કુંદકુંદાચાર્યદેવે અનેક કૃતિઓની રચના કરી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય સંગ્રહ, અષ્ટપાહુડ એ પંચ પરમાગમો સહિત બીજી પણ અનેક ભવ્ય કૃતિઓની રચના કરીને જિનશાસન-સ્તંભનું કાર્ય કર્યું છે. શ્રી સમયસાર પરમાગમ તેઓશ્રીની એક અદ્વિતીય કૃતિ છે, જગતનું અદ્વિતીય ચક્ષુ છે. પાંચમી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે કે મારા નિજ વૈભવથી હું સમયસારને કહીશ. જિનેન્દ્ર ભગવાન અને ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતના ઉપકારીઓ દ્વારા પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વક ઉપદેશથી આ નિજ વૈભવ પ્રાપ્ત થયો છે. નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન છે તેનાથી પણ તેનો જન્મ થયો છે. આ સમયસાર અદ્ભુત શાસ્ત્ર છે. તેમાં નિજ સમયસારરૂપ પરમાત્મતત્ત્વને પ્રકાશિત કરવાનું રહસ્ય ભર્યું છે. તેથી આ પ્રવચન ગ્રંથનું **'સમયસાર રહસ્ય'** નામ આપવામાં આવ્યું છે. આવા નિર્વિકારી અતીન્દ્રિય આનંદની

મહોરછાપ યુક્ત પ્રત્યેક વાક્યો ભવ્યજીવોના આત્મહિતાર્થે લખાયેલા છે.

સાંપ્રત સમાજમાં આવા મહાન રહસ્યયુક્ત પરમાગમની ઉપલબ્ધિ હોવા છતાં, અંતરંગ રહસ્ય ઉકેલનારું કોઈ નહોતું, તેથી મોક્ષમાર્ગ લુપ્તપ્રાયઃ થઈ ગયો હતો. મિથ્યાત્વનું ભયંકર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું હતું એવા દુષમકાળમાં તેવા ઘોર અજ્ઞાન-અંધકારનો નાશ કરવા તેજસ્વી સૂર્યનો ઉદય થયો. એ સૂર્ય છે-પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. ભાવિમાં સૂર્ય સમાન કીર્તિ ઉદિત થઈ ચૌદ બ્રહ્માંડમાં મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાની છે, તેની વર્તમાનમાં ઝાંખી કરાવનાર એવા તારણહાર, યુગપુરુષ, ભવ્યાત્માઓના આત્મ-હિતકર ગુરુદેવશ્રીએ દિગંબર સત્શાસ્ત્રોના રહસ્યો ઉકેલી મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં શબ્દોમાં કહીએ તો 'પાંચમા આરાના છેડા સુધી ગુરુદેવશ્રીની વાણી રહેશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારે પડખેથી માર્ગને સ્પષ્ટ કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને તો શ્રુતની લબ્ધિ હતી.'

સમયસાર પરમાગમ તેઓશ્રીને સ્વાનુભવ થવામાં મહાન નિમિત્ત થયું છે. તેઓશ્રીનાં પ્રત્યેક પ્રવચનોમાં કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેની સાતિશય ભક્તિ પ્રદર્શિત થાય છે. અનેક વાર પ્રવચનોમાં તેઓશ્રી કહેતાં કે અમે તો કુંદકુંદાચાર્યદેવના દાસાનુદાસ છીએ. તેઓશ્રીનાં વ્યક્તિગત સ્વાધ્યાયમાં તો તેઓશ્રીએ અનેક વાર સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરી અમૃતપાન પીધાં જ છે, પરંતુ નિષ્કારણ કરુણાથી ધબકતા તેઓશ્રીનાં હૃદયમાંથી મોક્ષમાર્ગ રહસ્યોદ્ઘાટક પ્રવચનધારા વહી અને જાહેરમાં ૧૯ વાર પ્રવચનો કર્યાં. અમૃત ઝરતી તેઓશ્રીની જ્ઞાન-લહેરીઓ આકાશને આંબવા જેટલી ઊંચે ઉછળતી. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી એ સામાન્ય વાણી નથી, પરંતુ મિથ્યાત્વના ભૂક્કા ઊડાવી દે તેવી ભવદુઃખ નાશ કરનારી વાણી છે. તેઓશ્રીનાં પ્રત્યેક વચન અનેક આગમોથી યુક્ત છે. અનેક આગમોના રહસ્ય તેઓશ્રીનાં પ્રત્યેક વચનોમાં ભર્યાં છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો રેકોર્ડિંગ કરવામાં આવ્યા અને જતન કરીને સાચવ્યા તેમ જ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટે તેની ડી.વી.ડી. બનાવી તેમ જ અક્ષરશઃ પ્રવચનો ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવી સમાજ ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપલબ્ધ આશરે ૯૦૦૦ પ્રવચનોમાં સમયસાર પરમાગમ ઉપરના ૧૩મી અને ૧૫મી થી ૧૯મી વારના પ્રવચનો ઉપલબ્ધ છે. તેમાં ૧૭મી વારના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટને થઈ કે પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ઝરેલું આ અમૃત જો પુસ્તક રૂપે થાય તો મુમુક્ષુજીવોને મહાલાભનું કારણ થાય. તેથી તેઓએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પાસે પોતાના વિચારો રજુ

કર્યા અને વેબસાઈટ ઉપર આ પ્રવચનો સર્વ સાધારણ મુમુક્ષુજનોને ઉપલબ્ધ થાય તેવી ભાવના વ્યક્ત કરી. ટ્રસ્ટ દ્વારા તેમને સુંદર આવકાર પ્રાપ્ત થયો, સહર્ષ સ્વીકૃતિ આપી અને આ કાર્યને આગળ ધપાવવા માટે પૂરી અનુમોદના વ્યક્ત કરી. ઉક્ત ભૂમિકા સાથે ૧૭મી વખતના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી સમયસાર ગ્રંથના ૧૭મી વખતના કુલ ૫૯૬ પ્રવચનો છે, જે લગભગ ૨૫ ભાગમાં પૂર્ણ કરવાની ગણતરી છે.

સમયસાર રહસ્ય ભાગ-૮ પૂજ્ય ગુરુદેવશ્રી તથા ભગવતી માતાને અર્પણ કરવામાં આવી રહ્યો છે. પ્રવચનોને કમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રવચનોને તપાસી આપવાનું કાર્ય શ્રી રજનીભાઈ દોશી, હિંમતનગર, દ્વારા કરી આપવામાં આવેલ છે તથા પ્રુફ રીડીંગમાં શ્રી હસમુખભાઈ શાહ, હિંમતનગરનો સહયોગ મળેલ છે તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. આ પ્રવચનો વેબસાઈટ ઉપર મૂકવાની સ્વીકૃતિ આપવા બદલ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે. પ્રવચનોને પૂર્ણ ચોકસાઈથી તથા ચીવટ રાખીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની તૃટિ રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી. અનાદિ કાળથી મોહાગ્નિમાં બળી રહેલા જીવોને આ પ્રવચન ગ્રંથના નિમિત્તે ભવ્ય જીવોને સમાધિ-સુખ ને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિનો પંથ મળે એવી અમારી ભાવના છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશક પ્રવચનોનો પ્રત્યેક મુમુક્ષુ લાભ લઈ આત્મહિત સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. આ પ્રવચનો Vitragvani.com ઉપર મૂકવામાં આવેલ છે.

શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ, મુંબઈ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ

# અહોભાગ્ય!

પરમ પૂજ્ય વીતરાગી જિનેન્દ્ર ભગવંતોની વાણીમાં પ્રવાહિત આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન તેમની પરંપરામાં થયેલ વીતરાગી સંતોની પરંપરાથી આજે પણ આપણને સુલભ છે. વીતરાગી નિર્ગ્રંથ સંતોની પરંપરામાં કળિકાળ સર્વજ્ઞ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોપરી છે. મંગલાચરણમાં શાસનનાયક ભગવાન મહાવીર તથા ગૌતમ ગણધર પછી તુરંત સ્મરણ કરવામાં આવતા આચાર્ય કુંદકુંદ આજે જૈનધર્મના આધાર સ્તંભ ગણવામાં આવે છે. વિદેહક્ષેત્રે સ્થિત જીવંતસ્વામી સીમંધર પરમાત્માના સાક્ષાત્ દર્શન અને દિવ્યધ્વનિ શ્રવણનું સૌભાગ્ય પ્રાપ્ત થયું તે તેઓશ્રીની વિશેષ ઉલ્લેખનીય ઉપલબ્ધિ છે. તેમની લેખનીથી ૮૪ પાહુડની રચના થઈ, જેમાંથી અમુક વર્તમાનમાં ઉપલબ્ધ છે. ગ્રંથાધિરાજ સમયસાર, આચાર્યદેવની નિષ્કારણ કરુણાનો અદ્ભુત પ્રસાદ છે. તેઓશ્રીએ આ ગ્રંથ અત્યંત અપ્રતિબુદ્ધ અજ્ઞાની જીવોના હિતાર્થે રચ્યો છે.

વર્તમાન યુગમાં જ્યારે ધર્મનું વાસ્તવિક સ્વરૂપ આત્મજ્ઞાનશૂન્ય કોરા ક્રિયાકાંડમાં આચ્છાદિત થયું હતું અને આત્મધર્મ પ્રાયઃ લુપ્ત થઈ ગયો હતો, એવા વિષમકાળમાં જિનશાસનને જીવંત સ્વરૂપ પ્રદર્શિત કરવા માટે એકપુરુષનું અવતરણ થયું. જેમના દિવ્યવચનો અને અંતર્બાહ્ય વ્યક્તિત્વથી મૂળ જિનશાસનનું સ્વરૂપ આ શતાબ્દિમાં પ્રસિદ્ધિને પ્રાપ્ત થયું. તે યુગપુરુષ છે, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. જેમણે ૪૫ વર્ષો સુધી અનવરત પોતાની દિવ્યવાણીથી આચાર્ય ભગવંતોના રહસ્યોને ઉદઘાટિત કર્યા.

પૂજ્ય ગુરુદેવશ્રીના જીવન પરિવર્તનમાં શ્રી સમયસારજીનું અવિસ્મરણીય યોગદાન રહ્યું છે, જે સર્વવિદિત છે. તેથી જિનાગમના અનેક ગ્રંથોના દોહન-પ્રવચન સાથે જ પૂજ્ય ગુરુદેવશ્રીના સમયસાર ઉપર ૧૯ વાર સભામાં પ્રવચન થયા. જેમાં આપણા સદ્ભાગ્યથી ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯મી વારના પ્રવચનો સી.ડી.માં ઉપલબ્ધ છે.

હું જ્યારે પણ કોઈપણ ગાથાનો સ્વાધ્યાય કરું છું કે કરાવું છું ત્યારે સમયસારની તે ગાથા ઉપર અલગ અલગ વારના પ્રવચનો અવશ્ય સાંભળુ છું અને તેનાથી મને વિશેષ લાભ થતો રહ્યો છે.

અત્યાર સુધી ગુજરાતીમાં શબ્દશઃ પ્રવચનોનું પ્રકાશન કાર્ય આત્માર્થી ભાઈશ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ સંભાળી રહ્યા હતા. પરંતુ તેમના અચાનક દેહપરિવર્તનના કારણે આ કાર્યનું દાયિત્વ મેં સંભાળવાનો નિશ્ચય કર્યો. જેના ફળસ્વરૂપે શ્રી સમયસારજી ઉપર ૧૭મી વારના પ્રવચન '**સમયસાર રહસ્ય**'નો આઠમો ભાગ મુમુક્ષુઓને સાદર સમર્પિત છે. આ પવિત્ર ગ્રંથનું કાર્ય કરવાનો મને જે અદ્ભુત લાભ મળ્યો તે મારું અહોભાગ્ય જ છે, પરંતુ આપ પણ મનોયોગપૂર્વક સી.ડી. પ્રવચન સાંભળતા સાંભળતા આ ગ્રંથનો ઉપયોગ કરશો તો નિશ્ચિતરૂપે લાભાન્વિત થશો.

પ્રસ્તુત ગ્રંથમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સમયસારના ૧૭મી વારના પ્રવચનો સંગ્રહીત છે. મને જીવનમાં આવા લાભ પ્રાપ્ત થતા રહે તથા મુમુક્ષુ સમાજને આ પ્રયાસ આત્મહિતનું કારણ થાય તેવી ભાવના છે.

રજનીભાઈ મીઠાલાલ દોશી
હિંમતનગર (ગુજરાત)

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૨૨૪ | ૧૬–૧૧–૧૯૭૨ | ગાથા–૯૮–૯૯ | ૦૦૧ |
| ૨૨૫ | ૧૭–૧૧–૧૯૭૨ | ગાથા–૯૯–૧૦૦ | ૦૧૯ |
| ૨૨૬ | ૧૮–૧૧–૧૯૭૨ | ગાથા–૧૦૦ | ૦૩૬ |
| ૨૨૭ | ૧૯–૧૧–૧૯૭૨ | ગાથા–૧૦૦ | ૦૩૯ |
| ૨૨૮ | ૨૦–૧૧–૧૯૭૨ | ગાથા–૧૦૧ | ૦૫૪ |
| ૨૨૯ | ૨૧–૧૧–૧૯૭૨ | ગાથા–૧૦૧–૧૦૨ | ૦૬૨ |
| ૨૩૦ | ૨૨–૧૧–૧૯૭૨ | ગાથા–૧૦૨–૧૦૩ | ૦૭૫ |
| ૨૩૧ | ૨૩–૧૧–૧૯૭૨ | ગાથા–૧૦૩–૧૦૪ | ૦૯૧ |
| ૨૩૨ | ૨૪–૧૧–૧૯૭૨ | ગાથા –૧૦૫–૧૦૬ | ૧૦૬ |
| ૨૩૩ | ૨૫–૧૧–૧૯૭૨ | ગાથા–૧૦૬–૧૦૭ | ૧૨૧ |
| ૨૩૪ | ૨૬–૧૧–૧૯૭૨ | ગાથા–૧૦૭ થી ૧૧૨, શ્લોક–૬૩ | ૧૩૫ |
| ૨૩૫ | ૨૭–૧૧–૧૯૭૨ | ગાથા–૧૦૯ થી ૧૧૨ | ૧૫૩ |
| ૨૩૬ | ૨૮–૧૧–૧૯૭૨ | ગાથા–૧૦૯ થી ૧૧૨ | ૧૬૨ |
| ૨૩૭ | ૨૯–૧૧–૧૯૭૨ | ગાથા–૧૦૯ થી ૧૧૫ | ૧૭૬ |
| ૨૩૮ | ૩૦–૧૧–૧૯૭૨ | ગાથા–૧૧૩ થી ૧૨૦ | ૧૯૨ |
| ૨૩૯ | ૦૧–૧૨–૧૯૭૨ | ગાથા–૧૧૬ થી ૧૨૫, શ્લોક–૬૪ | ૨૦૮ |
| ૨૪૦ | ૦૨–૧૨–૧૯૭૨ | ગાથા–૧૨૧ થી ૧૨૬, શ્લોક–૬૫ | ૨૨૮ |
| ૨૪૧ | ૦૩–૧૨–૧૯૭૨ | ગાથા–૧૨૬ | ૨૪૫ |
| ૨૪૨ | ૦૪–૧૨–૧૯૭૨ | ગાથા–૧૨૬–૧૨૭ | ૨૫૭ |
| ૨૪૩ | ૦૫–૧૨–૧૯૭૨ | ગાથા–૧૨૭, શ્લોક–૬૬ | ૨૭૨ |

| | | | |
|---|---|---|---|
| ૨૪૪ | ૦૬–૧૨–૧૯૭૨ | ગાથા–૧૨૮ થી ૧૩૧, શ્લોક–૬૭ | ૨૮૮ |
| ૨૪૫ | ૦૭–૧૨–૧૯૭૨ | ગાથા–૧૩૦–૧૩૧ | ૩૦૪ |
| ૨૪૬ | ૦૮–૧૨–૧૯૭૨ | ગાથા–૧૩૨ થી ૧૩૬ | ૩૧૬ |
| ૨૪૭ | ૦૯–૧૨–૧૯૭૨ | ગાથા–૧૩૭ થી ૧૪૦ | ૩૩૩ |
| ૨૪૮ | ૧૦–૧૨–૧૯૭૨ | ગાથા–૧૩૯ થી ૧૪૧ | ૩૪૯ |
| ૨૪૯ | ૧૧–૧૨–૧૯૭૨ | ગાથા–૧૪૨ | ૩૬૪ |
| ૨૫૦ | ૧૨–૧૨–૧૯૭૨ | ગાથા–૧૪૨, શ્લોક–૬૯ | ૩૭૬ |
| ૨૫૧ | ૧૩–૧૨–૧૯૭૨ | શ્લોક–૬૯–૭૦ | ૩૮૯ |
| ૨૫૨ | ૧૪–૧૨–૧૯૭૨ | શ્લોક–૭૧ થી ૭૫ | ૪૦૩ |
| ૨૫૩ | ૧૫–૧૨–૧૯૭૨ | શ્લોક–૭૫ થી ૮૨ | ૪૧૭ |

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી તરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

।।श्री परमात्मने नमः।।

# સમયસાર રહસ્ય

(અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસારજી પરમાગમ ઉપર ચાલેલા ૧૭મી વખતના
શબ્દશઃ સળંગ પ્રવચનો)

(ભાગ-૮)

## ગાથા-૯૮

तथाहि —

ववहारेण दु आदा करेदि धडपडरधाणि दव्वाणि।
करणाणि य कम्माणि य णोकम्माणीह विविहाणि।।९८।।
व्यवहारेण त्वात्मा करोति घटपटरथान् द्रव्याणि।
करणानि च कर्माणि च नोकर्माणीह विविधानि।।९८।।

व्यवहारिणां हि यतो यथायमात्मात्मविकल्पव्यापाराभ्यां घटादिपरद्रव्यात्मकं बहिःकर्म कुर्वन् प्रतिभाति ततस्तथा क्रोधादिपरद्रव्यात्मकं च समस्तमन्तःकर्मापि करोत्यविशेषादित्यस्ति व्यामोहः।

હવે કહે છે કે વ્યવહારી જીવો આમ કહે છેઃ-

ઘટ-પટ-રથાદિક વસ્તુઓ, કરણો અને કર્મો વળી,
નોકર્મ વિધવિધ જગતમાં આત્મા કરે વ્યવહારથી. ૯૮.

ગાથાર્થ :- [व्यवहारेण तु] વ્યવહારથી અર્થાત્ વ્યવહારી લોકો માને છે કે [इह] જગતમાં [आत्मा] આત્મા [घटपटरथान् द्रव्याणि] ઘડો, કપડું, રથ ઈત્યાદિ વસ્તુઓને, (च] વળી [करणानि] ઇંદ્રિયોને, [विविधानि] અનેક પ્રકારનાં [कर्माणि] ક્રોધાદિ દ્રવ્યકર્મોને [च नोकर्माणि] અને શરીરાદિ નોકર્મોને [करोति] કરે છે.

ટીકા :- જેથી પોતાના (ઇચ્છારૂપ) વિકલ્પ અને (હસ્તાદિની ક્રિયારૂપ) વ્યાપાર વડે આ આત્મા ઘટ આદિ પરદ્રવ્યસ્વરૂપ બાહ્યકર્મને કરતો (વ્યવહારીઓને) પ્રતિભાસે છે તેથી તેવી રીતે (આત્મા) ક્રોધાદિ પરદ્રવ્યસ્વરૂપ સમસ્ત અંતરંગ કર્મને પણ-બન્ને કર્મો પરદ્રવ્યસ્વરૂપ હોઈને તેમનામાં તફાવત નહિ હોવાથી-કરે છે, એવો વ્યવહારી જીવોનો વ્યામોહ (ભ્રાંતિ, અજ્ઞાન) છે.

ભાવાર્થ :- ઘટ-પટ, કર્મ-નોકર્મ ઈત્યાદિ પરદ્રવ્યોને આત્મા કરે છે એમ માનવું તે વ્યવહારી લોકોનો વ્યવહાર છે, અજ્ઞાન છે.

---

**કારતક સુદ-૧૦, ગુરુવાર, તા. ૧૬-૧૧-૧૯૭૨**
**ગાથા-૯૮-૯૯, પ્રવચન-૨૨૪**

આ સમયસાર સિદ્ધાંત છે. કર્તાકર્મ અધિકાર. ૯૭ ગાથા પૂરી થઈ. ૯૭માં એમ કહ્યું કે આ આત્મા વસ્તુ છે એ જગતની ચીજ છે, અનંતગુણથી ભરેલો પદાર્થ છે. એ પોતે અનાદિથી ભૂલીને પોતાની ભ્રાંતિથી પુણ્ય અને પાપના ભાવ જે વિકારી છે એનો કર્તા થાય છે તે અજ્ઞાન છે. ઝીણી વાત છે. અનંતકાળમાં રખડતો એ રઝળતો દુઃખી પ્રાણી છે. એ દુઃખને કારણે ચોર્યાસીમાં અવતરે છે એ. આ કાંઈ પહેલો અવતાર નથી. એવા તો અનાદિના અનંત અવતાર એણે કર્યા. કેમ? કે એ ભ્રાંતિને લઈને. એ રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ, દયા, દાન, ભક્તિ, વ્રત, તપના વિકલ્પો છે એ બધા રાગ છે. એ વિકાર છે. ભગવાન આત્મા ત્રિકાળે તો આનંદ અને જ્ઞાનની મૂર્તિ છે. એવો આત્મા આવા વિકારને કરે એ ભાવને અજ્ઞાન અને ભ્રમણા, ચોર્યાસીમાં રખડવાની ભ્રમણા છે અજ્ઞાનીની. અને એ આત્મા પરનું

કરે. આહા..હા..! આ દેહનું કાંઈક કરે. ગામનું કરે, નાતનું કરે, દેશનું કરે. (મોટી ભ્રમણા છે)

મુમુક્ષુ :- મોટર તો હાંકે.

ઉત્તર :- મોટર હાંકે. બધા મૂઢ છે કહે છે. અરે..! મારા! પરવસ્તુ છે સ્વતંત્ર જગતની. અસ્તિ તરીકે, સત્તા તરીકે, હોવાપણે પરપદાર્થ છે એને હું કરી શકું એની દશાને બનાવું. આહા..હા..! આ શરીરની આ અવસ્થા આમ થાય છેને આ? એ આત્મા કરે એમ માનવું એ ભ્રમણા અને અજ્ઞાન અને પાખંડ છે. કેમકે જે પરવસ્તુ છે એમાં ચૈતન્યનો પ્રવેશ નથી અને એ ચીજ કાંઈ આમાં પ્રવેશતી નથી. બે તદ્દન ભિન્ન-ભિન્ન રહે છે. ભિન્ન-ભિન્ન રહેનારની ક્રિયા ભિન્ન માને કે મારાથી આ થઈ. મોટી ભ્રાંતિ અને ભ્રમ મોટું પાપ છે. આહા..હા..! એ પાપની એને અનંતકાળમાં સૂઝ પડી નથી. સમજાણું કાંઈ?

ચૈતન્યમૂર્તિ આત્મા અંદર આનંદનો નાથ સ્વરૂપે છે ભગવાન. એને ભૂલીને એ પરદ્રવ્યનો કર્તા, દેશનું કરું, નાતનું કરું, સંઘનું કરું, આ ભાષાને બનાવું, શરીરની ક્રિયા હું કરું એ બધો ભ્રમ અજ્ઞાનીનો પાખંડ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ વાત અહીંયાં ૯૮માં હવે કહે છે. વ્યવહારી જીવોનો એવો મોહ છે, ભ્રમ. કે હું પરનું કરું છું. આહા..હા..! ભારે આકરું કામ! આ તો જ્યાં ત્યાં હું કરું, હું કરું. ફલાણા કામ મેં કર્યા, બીજાને મેં સમજાવ્યા, બીજાને મેં ઉપદેશ દીધો. આહા..હા..! અરે..! ભગવાન! તારી ચીજને તું ભૂલીને આવી ભ્રમણા ઉત્પન્ન કરે છો એ મોટા સંસાર ચોર્યાસીના અવતારની એ રખડવાની ખાણ છે એ ભાવ. આહા..હા..! નવનીતભાઈ! અરે..! ભારે કઠણ જગતને બેસવું આ. જ્યાં ત્યાં 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' ગાડાનો ભાર જેમ કૂતરો નીચે હોય અને એને જરી ઠાઠું અડે, એ જાણે મારાથી ગાડું ચાલે છે. ખબર નથી કે ગાડું જો પડે તારા ઉપર તો કચડાઈ જઈશ. ગાડું તો બળદને લઈને ચાલે છે. પરથી જુદું પડવાની અપેક્ષાએ. બાકી ખરેખર તો ગાડું ગાડાથી ચાલે છે. અરરર..! આ વાત કરવી! અરેરે..! જગતને ગળે ઉતરવી. ભીખાભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ વસ્તુ એવી છે. એને ખબર નથી. કોણ હું છું? શું કરી શકું છું? અને શું કરું છું અને ત્યાં શું મેં માન્યું છે? ભાન વિનાનો પાગલ છે. સમજાય છે કાંઈ?

એ કહે છે કે '**હવે કહે છે કે વ્યવહારી જીવો આમ કહે છે :—**' અજ્ઞાનીઓ એમ માને છે. આહા..હા..! ભારે .. આવી. આ બધા વેપાર કરે હુશિયાર. ધંધા-પાણી વ્યવસ્થા દુકાનના થડે બેસીને. ધૂળેય કરે નહિ. પરદ્રવ્યની ક્રિયાને-પર્યાયને કરે કોણ? એ પરની પર્યાયને કરે તો એ પર્યાય વિનાની, અવસ્થા વિનાની ચીજ થઈ. તો એ તો નાશ થઈ ગયો. એ વસ્તુનો તેં નાશ કર્યો. એની પર્યાય હું કરું. એના કાર્ય હું કરું પરના, શરીરના, વાણીના.

આ તો જડ, માટી છે. અવાજ ઉઠે છે એ જડ છે. આહા..હા..! ભારે કઠણ! કહો, તુરખિયા! ત્યાં અમેરિકામાં હતું આવું? બધા ભણવા જાય છે અમેરિકા હિન્દુસ્તાની.

મુમુક્ષુ :- ત્યાં તો બધું કરી શકાય

ઉત્તર :- ત્યાં તો કરી શકાય એવું માને છે. તમારો ગયો હતો એ પણ એ માનતો હતોને ત્યાં શું છે? સુમનભાઈ. આજે ગયાને? ગયા. અમેરિકા જઈ આવ્યા છે મોટા. આઠ હજારનો પગાર છે હોં એને મહિને. આજે ગયા. એને ખબર ન હોય. એના બાપની ક્યાં પડી છે એના બાપને. કોક વાતું કરે એ સાંભળ્યું હોય. લોકો કરે. આઠ હજારનો પગાર. આજે ગયોને? કેટલા વર્ષની ઉંમર હશે નહિ? ૪૭? ૪૮. ૪૬ વર્ષ. લ્યો આને ખબર છે. કહો, ૪૬ વર્ષની ઉંમરે આઠ હજારનો પગાર માસિક. ધૂળમાંય નથી હવે. ધૂળમાં શું હતું ત્યાં? અમેરિકા ભણી આવ્યા અને જાણે બુદ્ધિ લઈ આવ્યા ત્યાંથી. નહિ? તુરખિયા! ત્યાં બુદ્ધા હતા ત્યાં? અજ્ઞાનીને ભ્રમ થાય છે કે હું જગતનું બહુ વાતાવરણ જોઉં, .. જોઉં એટલે મારું જ્ઞાન ખીલે. મૂઢ છે? જ્ઞાન તો તારામાં છે કે બહારથી જ્ઞાન આવતું હશે? સમજાણું કાંઈ? આરે..! ભારે કામ આકરું! આ જગતથી તો ઉંધું પણ હોં. જગત ઉંધું છે એનાથી સાચું તો ઉંધું જ હોયને. મ્લેચ્છને સ્થાને જગત છે. આ વ્યવહાર ભાષા પણ મ્લેચ્છને સ્થાને છે. આહા..હા..! 'હવે કહે છે કે **વ્યવહારી જીવો આમ કહે છે :—**' ૯૮ ગાથા.

**ववहारेण दु आदा करेदि धडपडरधाणि दव्वाणि।**
**करणाणि य कम्माणि य णोकम्माणीह विविहाणि।।९८।।**

નીચે એનું હરિગીત છે.

**ઘટ-પટ-રથાદિક વસ્તુઓ, કરણો અને કર્મો વળી,**
**નોકર્મ વિધવિધ જગતમાં આત્મા કરે વ્યવહારથી. ૯૮.**

જુઓ, વ્યવહારે કરે એમ માને એ મૂઢ છે એમ કહે છે. કરે શું પરનું? આહા..હા..!

મુમુક્ષુ :- નિશ્ચયે ન થાય પણ વ્યવહારે તો થાયને?

ઉત્તર :- વ્યવહારે બોલાય એમ અને માને કે હું કરી શકું છું. મોટો પાખંડી મૂઢ છે. કહો, છગનભાઈ! આ તમે બધા કાર્યકર્તા છોને આખા ગામના? વાંકાનેરના કાર્યકર્તા. આ બધા નથી? છેને ગીરધરભાઈ. આપણા નહિ આ તમારે શું કહેવાય? રાજકોટમાં હતા એ. ઢેબરભાઈ. એ બધા કરતા હતાને દેશનું? ધૂળનુંય કરતા નહોતા. એ તો અહીં આવે ત્યારે કહીએ છીએ અમે ઘણીવાર. સમજાણું કાંઈ?

કહે છે. એની ટીકા. ટીકા છેને? આહા..હા..! ઝીણું છે, ભગવાન! તારી જાતને જાણ્યા વિના ચોર્યાસીના અવતારમાં ઘોદા ખાય છે. આહા..હા..! માણસપણું તો કોકવાર મળે છે

હોં! નહિતર તો... આહા..હા..! અરેરે..! તને ખબર નથી ભાઈ! એ નરક અને નિગોદના અનંતા અવતાર કર્યા છે. આદિ વિનાનો આત્માની એની શરૂઆત છે? છે, હોય વસ્તુ એની શરૂઆત હોય? છે એ તો છે જ. ભૂતકાળે પણ હતી, અત્યારે છે અને ભવિષ્યમાં છે જ. એવો જે આત્મા ત્રિકાળી ભગવાન રહેનારો એનું ભાન અને કળા જ્ઞાનના ભાન વિના એણે ચોર્યાસીના અવતાર કરી કરીને સોથા નીકળી ગયા છે એના. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અત્યારે એ રાગને, પુણ્ય-પાપના ભાવને કરે, અરે..! શુભ કરે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ રાગ અને દુઃખી છે. એ રાગ છે, એ આકુળતા છે. આહા..હા..! કહો, ચીમનભાઈ! આહા..હા..! આવું આકરું માણસને બિચારા. ગરીબ માણસો, રાંકા જેવા. રાંકા એટલે કોણ? એ પૈસાવાળા ભિખારા બધા. માગે આ લે.. આ લે... આ લે... ધૂળેય નથી સાંભળને મારા. પરની જરૂરિયાત પડે મને. માગણ મોટો છે ભિખારી.

અહીં કહે છે **'જેથી પોતાના (ઈચ્છારૂપ)...'** એ રાગને કરે અજ્ઞાનભાવે **'અને (હસ્તાદિની ક્રિયારૂપ) વ્યાપાર...'** આ હાથ આમ-આમ થાય એમાં નિમિત્ત થાય. અહીં તો ભેગું લેવો છેનો આખો? **'આ આત્મા ઘટ આદિ પરદ્રવ્યસ્વરૂપ બાહ્યકર્મને કરતો...'** આહા..હા..! આ જીવ, ઘડાને કરે કુંભાર. રથને કરે સુતાર, રોટલીને કરે સ્ત્રી, આ રૂપિયાની નોટુંને ગણે પુરુષ. એય..! એવા વેપારને કરે, એવા **'બાહ્યકર્મને કરતો (વ્યવહારીઓને) પ્રતિભાસે છે...'** અજ્ઞાનીઓને, મૂઢને એવું ભાસે છે કહે છે. તારું સ્વરૂપ તો ભગવાન જ્ઞાન અને આનંદને, જ્ઞાતા-દૃષ્ટા છેને. તને ખબર નથી કે હું કોણ છું અંદર આ તે. આ હાડકા અને માટી આ તો જડ, માટી, ધૂળ છે. આ સ્મશાનની રાખ છે. ધાનના ઢીંગલામાંથી મોઢું બની ગયું છે આ બધું. આ તો જડ-માટી છે આ ક્યાં હતું (તારું)? અને આ વાણી નીકળી એ જડ છે. એ ક્યાં તારામાં હતી? અને તારું ક્યાં એ કર્તવ્ય છે? આહા..હા..!

કહે છે અજ્ઞાનીઓને ઈચ્છાને હસ્તાદિની ક્રિયા વડે આત્મા ઘટને-ઘડાને બનાવે. ઘડાની ક્રિયા કરેને આત્મા? ના. અરે..! ઘડો તો જગતના તત્ત્વો છે. એ અજીવ તત્ત્વ છે. એ અજીવ તત્ત્વની અવસ્થાનું થવું એ તો અજીવથી થાય છે. ઘડાની પર્યાય માટી તત્ત્વથી ઘડાની અવસ્થા થાય છે. એને અજ્ઞાની માને કે હું કરું છું આ. એવો જે વ્યવહાર છે એ મૂઢનો વ્યવહાર છે. આહા..હા..! અરે..! આખી દુનિયા જ્યાં-ત્યાં અભિમાનમાં હું કરું... હું કરું... હું કરું... અમે કરી દઈએ દુનિયાનું, અમે કરી દઈએ ફલાણાનું. આહા..હા..!

કહે છે એ ઘટ આદિ. પટ. પટ એટલે વસ્ત્ર. વસ્ત્રને હું વણું, ઘડાને હું બનાવું, રથને રચું, રોટલીને બનાવું, દાળ-ભાતને હું બનાવું, ભાષાને હું રચું અને શરીરની ક્રિયા થાય તે મારાથી થાય એમ જે વ્યવહારીને ભાસે છે. એ ભ્રાંતિને લઈને ભાસે છે કહે છે. હમણાં

ઓલો લાવ્યા હતા ભાઈ છોટાભાઈ. .. ત્રણ હજાર ..લઈને ઉતર્યો છે. ચૌદ વર્ષનો કોક. યોગીશ્વર. ધૂળેય નથી યોગીશ્વર. આહા..હા..!

મુમુક્ષુ :- બાળ યોગી

ઉત્તર :- અને એક આપણે હિન્દુસ્તાનમાંથી ઉપર આવ્યો છે. આ વળી નથી ઉતર્યો શું હશે? ગપેગપ્પ બધાય છે. પાંચ લાખ આદિના તો હીરા નીકળ્યા એની પાસેથી. હવે સરકાર કહે કે પકડવો કે ન પકડવો? શું કરવું આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. એમ જ હોયને કહે. .. શું કરે? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળેય નથી ત્યાં. અભિમાન છે. આત્મા કોને કહેવું એનું ભાન નથી અને આચાર્ય થઈ ગયા અને બાવા થઈ ગયા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઘણા અનુયાયીઓ જઈને આવે છે.

ઉત્તર :- તે અનુયાયી તો આખી દુનિયા વાઘરા જેવી ઘણી પડી છે. ત્યાં બધા .. આવે એટલે ત્યાં બધા વાણિયા જેવા હશે એમ હશે? ભંગ્યા જેવા અને ઢેઢ જેવા પણ ઘણા ગોરા હોય, રૂપાળા હોય અને ચાલી નીકળે. .. આવ્યો, પણ ઢેઢ છે કે કોણ? લાગે આમ રૂપાળા અને ગોરા. ઢોર જેવી ચામડી છે એની તો બધી. પણ આ હિન્દુસ્તાનના માણસો.

મુમુક્ષુ :- મૂર્ખના સરદાર છે.

ઉત્તર :- મૂર્ખના સરદાર બીજુ શું? એય..! કનુભાઈ! આમ જ્યાં દેખે તો ઓહો..હો..! શું છે પણ હવે. કોકનું કરી દઈએ અને કોકથી મારામાં થાય. મોટા મૂઢ, પાખંડી, પ્રસિદ્ધ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..!

એ કહે છે ઘટ, પટને, રથને, દાળ-ભાતને હું બનાવું. અરે..! ગજબ વાતું! આ તો બાયડી ન બનાવે (તો) કોણ બનાવે? ધૂળ બનાવતી હશે? અરે..! ભાઈ! તને ખબર નથી. દાળ-ભાત એ જડ ચીજ છે. અને જડનું બનવું, પકાવું એ જડની દશા છે. એ કાંઈ તારાથી થાય છે એમ નથી. અજ્ઞાની એમ બોલે કે અમારાથી આ થયું. એ તો મૂઢનો વ્યવહાર છે. આહા..હા..!

મુમુક્ષુ :- સારું થયું હોય તો એમ બોલે. દાઝી જાય તો એમ ન કહે.

ઉત્તર :- હા ન કહે. દાઝી જાય તો કહે અમને આવડ્યું નહિ. એને થવાનું હતું એવું એમ કહે. દાઝી જાય તો કહે ભાઈ એ તો થવાનું હતુંને. સારું થાય તો કહે એ મારો (હાથ) હળવો છેને. બહુ સારું ભાઈ! બહુ સારી વાત છે. સમજાણું કાંઈ?

કહે છે એ ઘટ, પટ, રથ, મકાન. કહો આમ માલ તોલામાં તોલવું. એય..! બાબુભાઈ! આ હીરા-માણેકને તોલવા. હાથમાં આમ-આમ કરવા. પાસા ફેરવીને જોવું એ બધી જડની ક્રિયા. અરે..! ભારે વાત! એ જડની ક્રિયા હું કરું છું, મારાથી થાય છે એ. એ માન્યતા વ્યવહારની ભાષાવાળાની મિથ્યાદૃષ્ટિની છે. આહા..હા..! અરે..! ક્યાં છે પોતે પોતાની ખબર ન મળે અને દુનિયાના ઉપદેશ કરવા નીકળી જાય. કરો ઉપદેશ. શેના ઉપદેશ પણ હવે સાંભળતો ખરો. તું ક્યાં છો તને ખબર છે? તું કોણ છો તને ખબર છે? અને તું શું કરી શકે છે એની તને ખબર છે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ તો ભગવાન છે તો બધુંય કરી શકે.

ઉત્તર :- ધૂળેય કરતો નથી. એક રજકણ ફેરવવું, આંખની પાંપણ આમ ફરવી એ તારાથી ત્રણ કાળમાં ન થાય. એ તો જડ છે. અજીવ તત્ત્વ છે. અજીવતત્ત્વનું પલટવું, હલવું એ તો અજીવને લઈને છે. એને લઈને નહિ. મેં આ કર્યું. આહા..હા..! પરદ્રવ્યનો લોપ કરનાર નાસ્તિ જીવ છે એ. અસ્તિપણે રહેલા તત્ત્વો, સત્તાપણે, હોવાપણે રહેલા તત્ત્વો, એનાથી પલટતા તત્ત્વો, એ મેં પલટાવ્યા તો એની પર્યાયનો નાશ કરે. અને પર્યાયનો નાશ કરે તો દ્રવ્યનો પણ નાશ કરી નાખે છે. દૃષ્ટિમાં. સમજાણું કાંઈ?

તેવી રીતે '**તેથી તેવી રીતે...**' '**પ્રતિભાસે છે તેથી...**' એમ કહે છે. આહા..હા..! ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે, આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. વસ્તુ છેને પદાર્થ. તો પદાર્થ છે તેનો સ્વભાવ, સ્વભાવ તો જ્ઞાન જાણવું... જાણવું... જાણવું... જાણવું... એવો એનો ત્રિકાળી સ્વભાવ છે. જાણવાની ક્રિયા મારી એને મૂકી દઈને ઈચ્છા અને હાથની ક્રિયા દ્વારા આ બધા કામ પરના કરું છું એવી માન્યતા ભ્રમ અને અજ્ઞાન છે. આહા..હા..! અને એ ભાવ આવો માનનારને ચોર્યાસીમાં રખડવાનું કારણ છે. અનંત-અનંત ભવની ખાણ છે એમાં. '**તેવી રીતે (આત્મા) ક્રોધાદિ પરદ્રવ્યસ્વરૂપ સમસ્ત અંતરંગ કર્મને પણ...**' કરે. એટલે શું કહ્યું એ વળી. એ કર્મ જડ આવ્યા અંદર. આઠ કર્મ છેને ઝીણા? ઝીણા રજકણ છે. જેમ આ જાડા રજકણ છે, આ સ્થૂળ છે આ. એવા એ ઝીણા રજકણ છે. જીવ જેવા પુણ્ય અને પાપના વિકલ્પો કરે એના પ્રમાણમાં સામે ઝીણા રજકણો છે સૂક્ષ્મ. એ કર્મરૂપે પરિણમે છે. એ કર્મરૂપે પરિણમે છે તો અજ્ઞાની કહે છે કે હું એને પરિણમાવું છું. આહા..હા..!

મુમુક્ષુ :- એવું .. બીજું કોણ બાંધે?

ઉત્તર :- ધૂળેય બાંધતો નથી. બાંધે કોણ? ભાવને બાંધે. પુસ્તક આવ્યું. શાંતિભાઈએ આપ્યું થોડું.. એના વિરુદ્ધનું છેને ઓલું? ... એક હતોને જૂનાગઢમાં છેને? આખું પુસ્તક બનાવ્યું છે અહીંના વિરોધનું. ભાન ન મળે કાંઈ. .. પોતાના વેશમાં પડ્યો હોય એને માનીને કો ઓહો..હો..! જડનું કરી શકે છે. પરનું ન કરી શકે તો તમે ભાષા કેમ બોલો છો? કોણ

બોલે? સાંભળને. એય..! આહા..હા..! ભાષા ભાષાને કારણે નીકળે છે. શું આત્મા ભાષાને કરે? આહા..હા..!

કહે છે કે જેમ બાહ્ય દ્રવ્યને કરે એમ વ્યવહારી માને છે એમ અંતરના ચારિત્રમોહ અને દર્શનમોહ કર્મ જડ. એ જડની પર્યાય અંતરંગની આત્મા કરે એ '**બન્ને કર્મો પરદ્રવ્યસ્વરૂપ હોઈને...**' જડકર્મની વાત છે. ભાવકર્મની વાત નથી. જે પુણ્ય-પાપના ભાવ થાય એવો જ ત્યાં રજકણોમાં ફોટો પડે છે. ઝીણા રજકણો ઝીણા હોય છે. સમજાણું કાંઈ? જેમ મૈસુબ કરવો હોય તો ચણાનો લોટ ઝીણો જોઈએ અને મગજ કરવો હોય તો એનો જરી જાડો જોઈએ. એમ શરીર બનવા માટે જાડા રજકણોનો સ્કંધ છે અને અંદર કર્મ બનવા માટે સૂક્ષ્મ રજકણોના પિંડ છે સમજાણું કાંઈ? આ લાપસીમાં પણ એમ થાય છે નહિ? ઓલી સુવાળી લાપસી કરવી હોય તો ઘઉંનો લોટ પાતળો જોઈએ. અને આ ઓરમું-ઓરમું તમારે કહે છેને. એનો લોટ જાડો જોઈએ કણિયા પડે એવો. એમ અંદર કર્મના રજકણો ઝીણા છે અંદર. એ જેવો જીવ અંદર પુણ્ય અને પાપના વિકલ્પ કરે એવા પ્રમાણે ત્યાં રજકણો પોતાને કારણે કર્મરૂપે થાય. એને અજ્ઞાની એમ માને કે મેં કર્મને બાંધ્યા. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? બહુ ફેર પણ આ. જગતને અને ધર્મને બહુ ફેર. આહા..હા..! જાવું છે ઉગમણું અને મુઠીયું વાળીને મૂક્યા છે આથમણા. માને માર્ગ કપાય છે. ધૂળેય કપાતો નથી. વેગળો થતો જાય છે સાંભળને. ચીમનભાઈ! આહા..હા..! ભાઈ! તને ખબર નથી. તારા હોવાપણામાં તું રાગ-દ્વેષ કર કાં ધર્મ કર આત્માનું ભાન કરીને. પણ પરના હોવાપણામાં પ્રવેશ વિના પરનું કરી દે એ તારી માન્યતા મૂઢ ને મિથ્યાત્વ ને પાખંડ છે. આહા..હા..! સુજાનમલજી! આ પંડિતો તો કરે કે નહિ દુનિયાનું?

મુમુક્ષુ :- .. વાત ખતમ થઈ ગઈ.

ઉત્તર :- એય..! ખતમ થઈ ગઈ.

મુમુક્ષુ :- .. ભાઈ કહે આઠ કર્મ બાંધવાની વાત..

ઉત્તર :- કોણ બાંધે આઠ? આહા..હા..! અહીં તો '**બન્ને કર્મો...**' એટલે બન્ને કાર્યો. ઘટનું, પટનું, વસ્ત્રાદિ, મકાનનું, રથનું, ગાડાનું એ જીવ ત્યાં ઉભો કહે મારાથી આ બધું છે, પણ હું હોઉં તો બને છે તો એટલો વ્યવહાર તો છેને? એમ વ્યવહારી લોકો માને છે એ મૂઢ છે. સમજાય છે કાંઈ? એક આત્મા સિવાય અનંત દ્રવ્યો છે, વસ્તુ છે એને એ સ્વીકારતો નથી. કહો, સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ! શું છે આ? અરે..! આ તો ગાંડા કહે હોં. પાગલ કહે. મારા આખો દિ' કરીએ અને કહે કરે નહિ લે! ઉતાવળું ચાલવું હોય તો ઉતાવળો ચાલે, ધીમે ચાલવું હોય તો ધીમેથી ચલાય. ભાષા તાણીને જોરથી કરવી હોય તો તાણીને બોલો. ઓલા નહોતા કહેતા એક આપણે? કૈલાસચંદજી. બુલંદ શહેરના.

જોરથી બોલો, હળવે બોલો. હવે ધૂળેય ન બોલાય સાંભળને. જોરથી કોણ બોલે અને હળવે કોણ બોલે? એ તો ભાષા જડ છે. અરેરે..! એ જડની ભાષા હું કરું છું, મારાથી બને છે અને જેમ વ્યવસ્થિત કરવી હોય એમ હું કરી શકું ભાષાને. એમ માનનાર ચૈતન્યની શાંતિના ખૂન કરનારા છે. આત્માની શાંતિની હિંસા કરનાર એ હિંસાધર્મી છે. આહા..હા..! એય..! હિંસાધર્મી તો પરની હિંસા કરે તો કહેવાય. પરને કોણ મારી શકે છે? પરની હિંસાની તો વાત ચાલે છે. પરદ્રવ્યની ક્રિયા શું મારી શકે કોઈ જીવને? અને જીવને આત્મા બચાવી શકે? પરદ્રવ્યની ક્રિયાને કરી શકે? પણ અજ્ઞાની ત્યાં ઉપસ્થિત ઉભો એમ ભાળે કે આ કામ મારાથી થાય છે અને વ્યવહારમાં એમ બોલાય પણ ખરું. પણ બોલાય એમ માને છે પાછો.

એ '**બન્ને કર્મો પરદ્રવ્યસ્વરૂપ હોઈને તેમનામાં તફાવત નહિ હોવાથી-કરે છે,...**' એમ અજ્ઞાની માને છે. '**એવો વ્યવહારી જીવોનો વ્યામોહ (ભ્રાંતિ, અજ્ઞાન) છે.**' આહા..હા..! આ બધા પંચશીલને નથી કરતા માણસ આ બધા લ્યો! આ કાર્યકર્તાઓ બધા હુશિયાર નથી? સડકું બાંધવી, કૂવા ખોદવા પાણી માટે નથી કરતા? બંધમાં પાણી જ્યાં હોય ત્યાંથી પાણી અહીં લાવવું જ્યાં પાણી ખૂટે ત્યાં. કહો એ કરે છે કે નહિ આ બધા? કાર્યવાહકો. ધૂળેય કરતા નથી સાંભળને. આહા..હા..! પાખંડ કરે છે, રાગને કરે છે. સમજાણું કાંઈ? ભારે આકરું કામ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો પાણી .. હતું. કૂવા ખોદ્યા છે. .. ગામ. .. માણસની વસ્તી અને બાર હજાર માણસ.. આ ફતેપુર પંદર દિ' રહ્યાને હમણા. ... વસ્તી. બાર હજાર બહારથી આવ્યું હતું. કૂવા ઉંડા કૂવા કર્યા છે આઘે-આઘે. એ કોણ ખોદે? આહા..હા..! અરે..! તને ખબર નથી ભાઈ! એ ક્રિયા તો તે કાળે જડની થઈ છે, જડને કારણે. આરે..! ભારે વાતું આ તો.

મુમુક્ષુ :- આ સરકાર કૂવા ખોદે છેને.

ઉત્તર :- ખોદ્યા. ધૂળેય ખોદતી નથી. કોણ સરકાર કરે? સરકાર કરે રાગ. વિકારને કરે. પણ વિકાર સિવાય એની મર્યાદા છોડીને પરને કરે એ માન્યતા મૂઢ જીવની, અજ્ઞાનના સેવનારની છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? નેમીચંદભાઈ! શું હશે આ બધું?

મુમુક્ષુ :- પાંજરાપોળ કરે છે.

ઉત્તર :- કરે છે?

મુમુક્ષુ :- હવે બધું બંધ કરી દીધું.

ઉત્તર :- પણ પહેલા ક્યાં કરતા હતા? એ એમ પકડવા માગે છે તમને. એ તમારા

સાટુ પકડે છે તમને. એમ કહે કે પહેલા કરતા હતા. એ કહે છેને કે પહેલા કરતા હતા.

મુમુક્ષુ :- પહેલા કરતા હતા.

ઉત્તર :- કરતા નહોતા. રાગ કરતા હતા. આહા..હા..! અરેરે..! તું પરનો કર્તા થયો ત્યાં પરદ્રવ્યની હયાતીનો સ્વીકાર તારા જ્ઞાનમાં નથી. સમજાણું કાંઈ? અરે..! ભારે આવ્યું આ તો! ઉગમણો-આથમણો ફેર.

કહે છે કે જેવા ઘટ, પટ, રથને કરતો નથી, પણ બોલાય છે. એમ જડની, કર્મની, બંધનની ક્રિયાને પણ કરતો નથી. કરે છે એવો વ્યવહારી જીવોનો, મૂઢ જીવોની ભ્રાંતિ અને અજ્ઞાન છે. આહા..હા..! ભારે વાત ભાઈ! અહીં તો હજી પરદ્રવ્યની વાત બધી. પણ પહેલી તો વાત ઓલામાં એમ આવી ગઈ ભાવ્યભાવકમાં ભાઈ! કે આત્મામાં જેટલો પુણ્યનો દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ ઉઠે એ રાગ છે. એ રાગ એ ભાવ્ય છે. ખરેખર તો એ કર્તવ્ય જીવનું નથી. કેમકે જીવ પોતે ભગવાન તો જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ પ્રભુ છે. એ સ્વભાવ વિકાર-વિભાવને કરે? સમજાણું કાંઈ? આહા..હા..! ભારે આકરું કામ ભાઈ! એમ ને એમ રખડ્યો છે અનાદિથી. ભ્રમણા અને ભ્રમણામાં રખડીને ચોર્યાસીના અવતાર કર્યા. થાક્યો નહિ પણ મારો. આહા..હા..!

મુમુક્ષુ :- હવે એ ઉપાય બતાવો.

ઉત્તર :- આ ઉપાય કહેવાય છેને.

અરે..! હું આનંદ અને જ્ઞાનસ્વરૂપી જ્ઞાતા છું. એવી દૃષ્ટિ કરતાં ભ્રમ ટળે અને આત્માની શાંતિ મળે અને જન્મ-મરણ ગળે. એ સિવાય કોઈ ઉપાય છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! હું એક સચ્ચિદાનંદ. સત્ નામ શાશ્વત, ચિદ્ નામ જ્ઞાન અને આનંદનો ભંડાર છું. મારામાં એ પુણ્ય અને પાપના વિકલ્પો પણ કરવાનું પણ મારું સ્વરૂપ છે નહિ. આવી દૃષ્ટિ કરતાં એના જન્મ-મરણ ગળે, કર્મ બંધાય નહિ, મુક્તિ થાય. બાકી હરામ બીજી રીતે જો ધર્મ અને મુક્તિ થતી હોય તો. આહા..હા..! સમજાણું કાંઈ? પરોપકાર કરીએ, ઘણાની દયાઓ પાળીએ, પાંજરાપોળનું કરીએ તો આપણને પછી એમાં ધર્મ થાય. ધૂળેય ન થાય સાંભળને. મારા. સમજાણું કાંઈ? ભારે કામ ભાઈ આવા! .. પાગલપણે છે એને આવું કહેવું. ઘા વાગે અંદરથી. હાય.. હાય.. જુઓ, આમ ફાટેલ જુવાન શરીર હોય પાડા જેવું. એની જુવાની ફાટેલી હોય જરી કાંઈક શરીર નમણું અને કોમળ હોય. હવે એને પોતાને બતાવું કે હું આ આત્મા નહિ, આ શરીર નહિ. આહા..હા..! અને આની ક્રિયા થાય એ હું નહિ. કેમ ગળે ઉતરે? એ સારું બતાવવા માટે મોઢા આગળ કરે. સાફ-બાફ કરી, સાબુએ ધોઈ. સવારે નાહીને જોવે છેને ઓલા અરિસામાં? વાંદરો જોઈ લો. એક આમ કરે અને આમ કરે. આ ધૂળનો, સ્મશાનનો માંડવો એને શણગારવા બેઠો છે. આહા..હા..!

કહે છે કે એ વખતની એની ચેષ્ટાનો સ્વામી અને પોતાની ચીજ નથી એને અધિક બતાવીને હું કાંઈક ઠીક છું. આહા..હા..! અજ્ઞાનભાવ છે, એ ભ્રમણા ભાવ છે, મૂઢભાવ છે, એ પરિભ્રમણના કારણના એ કાળજા છે. આહા..હા..! ભારે ઉતરવું કઠણ. જગતનો ભેખ બીજી જાતનો છે આખી દુનિયાથી. કરીએ કોકનું કરી દઈએ, કરી દઈએ. કોકને સુધારી દઈએ અને કોકને આમ કરી દઈએ. ધૂળેય નથી સાંભળને હવે. કોનું સુધારે અને કોનું બગાડે? તારા ભાવમાં બીજાને સુધારવું એમ માનવું એ તારું બગાડ્યું છે. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- ઘટ-પટ,...'** આદિ બહારની ચીજો. **'કર્મ-નોકર્મ...'** અંદરની ચીજો. નોકર્મ એટલે શરીર, વાણી આદિ. **'ઈત્યાદિ પરદ્રવ્યોને આત્મા કરે છે...'** એટલે કે એ પરદ્રવ્યની વર્તમાન અવસ્થાને, પરદ્રવ્યની વર્તમાન હાલતને. ત્રિકાળી તો છે તે છે, પણ વર્તમાન પલટતી ક્રિયાને **'આત્મા કરે છે એમ માનવું તે વ્યવહારી લોકોનો વ્યવહાર છે, અજ્ઞાન છે.'** આહા..હા..! એ મૂઢ જીવોનો વ્યવહાર છે માન્યતાનો. આહા..હા..! ભારે કામ ભાઈ આ!

## ગાથા-૯૯

स न सन् —

> जदि सो परदव्वाणि य करेज्ज णियमेण तम्मओ होज्ज।
> जम्हा ण तम्मओ तेण सो ण तेसिं हवदि कत्ता।।९९।।
> यदि स परद्रव्याणि च कुर्यान्नियमेन तन्मयो भवेत्।
> यस्मान्न तन्मयस्तेन स न तेषां भवति कर्ता।।९९।।

यदि खल्वयमात्मा परद्रव्यात्मकं कर्म कुर्यात् तदा परिणामपरिणामिभावान्यथानुपपत्तेर्नियमेन तन्मयः स्यात्; न च द्रव्यान्तरमयत्वे द्रव्योच्छेदापत्तेस्तन्मयोऽस्ति। ततो व्याप्यव्यापकभावेन न तस्य कर्तास्ति।

---

વ્યવહારી લોકોની એ માન્યતા સત્યાર્થ નથી એમ હવે કહે છે :-

> **પરદ્રવ્યને જીવ જો કરે તો જરૂર તન્મય તે બને,**
> **પણ તે નથી તન્મય અરે! તેથી નહીં કર્તા ઠરે. ૯૯.**

ગાથાર્થ :- [यदि च] જો [सः] આત્મા [परद्रव्याणि] પરદ્રવ્યોને [कुर्यात्] કરે તો તે [नियमेन] નિયમથી [तन्मयः] તન્મય અર્થાત્ પરદ્રવ્યમય [भवेत्] થઈ જાય; [यस्मात् न तन्मयः] પરંતુ તન્મય નથી [तेन] તેથી [सः] તે [तेषां] તેમનો [कर्ता] કર્તા [न भवति] નથી.

ટીકા :- જો નિશ્ચયથી આ આત્મા પરદ્રવ્યસ્વરૂપ કર્મને કરે તો, પરિણામ-પરિણામીપણું બીજી કોઈ રીતે બની શકતું નહિ હોવાથી, તે (આત્મા) નિયમથી તન્મય (પરદ્રવ્યમય) થઈ જાય; પરંતુ તે તન્મય તો નથી, કારણ કે કોઈ દ્રવ્ય અન્યદ્રવ્યમય થઈ જાય તો તે દ્રવ્યના નાશની આપત્તિ (દોષ) આવે. માટે આત્મા વ્યાપ્ય-વ્યાપકભાવથી પરદ્રવ્યસ્વરૂપ કર્મનો કર્તા નથી.

ભાવાર્થ :- એક દ્રવ્યનો કર્તા અન્ય દ્રવ્ય થાય તો બન્ને દ્રવ્યો એક થઈ જાય, કારણ કે કર્તાકર્મપણું અથવા પરિણામ-પરિણામીપણું એક દ્રવ્યમાં જ હોઈ શકે. આ રીતે જો એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપ થઈ જાય, તો તે દ્રવ્યનો જ નાશ થાય એ મોટો દોષ આવે. માટે એક દ્રવ્યને અન્ય દ્રવ્યનો કર્તા કહેવો ઉચિત નથી.

---

## ગાથા-૯૯ ઉપર પ્રવચન

'વ્યવહારી લોકોની એ માન્યતા સત્યાર્થ નથી એમ હવે કહે છે :—' ૯૯-૯૯.

जदि सो परदव्वाणि य करेज्ज णियमेण तम्मओ होज्ज।
जम्हा ण तम्मओ तेण सो ण तेसिं हवदि कत्ता।।९९।।

લ્યો આમાં તો ચોખ્ખું આવ્યું છે ભાઈ તમે કહેતા હતા એ. તન્મય થતો નથી કર્તા નથી એવું. ઓલો કહે કરે છેને તું. અરે..! આવા ને આવા.

મુમુક્ષુ :- કરે છે પણ તન્મય થાતો નથી.

ઉત્તર :- તન્મય થાતો નથી. આ તો આમાં આવશે. પરચીજ સાથે એકમેક થતો નથી માટે પરને કરતો નથી. આ તો બધા કહે પંડિત આવા ભણ્યા બધા. પરને ખરા પણ પરમાં એકમેક ન થાય. અરે..! મૂઢ એનો અર્થ એ જ થયો.

મુમુક્ષુ :- કુંદકુંદાચાર્ય એમ કહે છે.

ઉત્તર :- કુંદકુંદાચાર્ય આ શું કહે છે અહીં?

મુમુક્ષુ :- બે કથન કહ્યા.

ઉત્તર :- બે કથન થાય ઉંધા?

**પરદ્રવ્યને જીવ જો કરે તો જરૂર તન્મય તે બને,**
**પણ તે નથી તન્મય અરે! તેથી નહીં કર્તા ઠરે. ૯૯.**

લ્યો! એ શરીરની ક્રિયા હાલવું, ચાલવું, બોલવું એ આત્મા કરે. ઘટ, પટ, રથને કરે અને કર્મને કરે તો '**જરૂર તન્મય તે બને,...**' જરૂર તે પરદ્રવ્યમાં પેસી જાય. પરદ્રવ્યથી ભિન્ન રહી શકે નહિ. આહા..હા..! હવે આ ગડીયા કઠણ ભારે. એ કરતા સહેલુંસટ કરી નાખ્યું હોયને. પરની-જીવની દયા પાળવી અને વ્રત પાળવા, પૂજા-ભક્તિ કરવી. જાવ થઈ ગયો ધર્મ. ધૂળેય નથી ધર્મ સાંભળને. સમજાણું કાંઈ? ધર્મ કોઈ અપૂર્વ ચીજ છે. એ સાધારણ માણસને હાથ આવી જાય. સમજાણું? અને સાંભળવા હજી મળ્યું ન હોય એ હાથ ક્યાંથી આવતો હતો?

મુમુક્ષુ :- ભગવાનની ઇચ્છા

ઉત્તર :- ઇચ્છા પણ ન હોય. હજી તો દુનિયાને સમજાવી દઈએ અને દુનિયાને તારી દઈએ. આહા..હા..! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવની આજ્ઞામાં આ આવ્યું. ગણધરોએ શાસ્ત્રમાં રચ્યું. કુંદકુંદાચાર્ય આદિ સંતો એમાં આડતિયા થઈને જગતને જાહેર કરે છે કે અમારે ઘરે તો આ માલ છે. સમજાણું કાંઈ?

'**વ્યવહારી લોકોની એ માન્યતા સત્યાર્થ નથી એમ હવે કહે છે :—**' લ્યો! આહા..હા..!

**પરદ્રવ્યને જીવ જો કરે તો જરૂર તન્મય તે બને,**
**પણ તે નથી તન્મય અરે! તેથી નહીં કર્તા ઠરે. ૯૯.**

તન્મય એટલે તેરૂપે થઈ એમ. જો પરને કરે તો તે પરદ્રવ્યની અવસ્થારૂપે થઈ જાય. બહુ સરસ વાત. અલૌકિક વાતું છે ભાઈ! આહા..હા..!

એની '**ટીકા :- જો નિશ્ચયથી આ આત્મા...**' ખરેખર આ આત્મા '**પરદ્રવ્યસ્વરૂપ કર્મને કરે...**' એટલે કે પરદ્રવ્યસ્વરૂપ ક્રિયાની પર્યાયને કરે. આહા..હા..! શરીર, વાણી, કર્મ, ઘટ, પટ, રથ, મકાન વગેરે બહારની ચીજો. એની અવસ્થા. જે ચાલે છે એની અવસ્થા થાય છે એનાથી. એને આ કરે '**તો, પરિણામ-પરિણામીપણું બીજી કોઈ રીતે બની શકતું નહિ હોવાથી,...**' શું કહે છે એ? પરદ્રવ્યની પર્યાયરૂપી પરિણામને જો આત્મા કરે તો એ પરિણામ અને પરિણામી આ બે એક થઈ જાય. આહા..હા..! ભારે વાત ભાઈ! પરિણામી આત્મા બદલનારો. એના પરિણામ જે છે એને એ કરે. પણ જો બીજા દ્રવ્યની અવસ્થાને કરે તો એ પરિણામ અને પરિણામી આ, એ અવસ્થા અને અવસ્થાયી આ. એ

પરિણામ અને દ્રવ્ય આ બે એક થઈ જાય. એમ કોઈ દિ' બનતું નથી. આ તમારા તેલમાં કોણ કરતું હશે? તો બે હજાર રૂપિયા શેના આપે છે પગારના મહિને? આહા..હા..! આ તો ગાંડાની હોસ્પિટલમાં જઈને વાત આવી કરે એવું છે. આહા..હા..! કહો, રસિકભાઈ! આ બધા વેપાર દુકાનમાં બેસીને કરતા હોયને. આમ નોકરોને કહે કે આમ કરો, ફલાણું, જુઓ આ તડકો આવે છે લૂગડું બાંધો, ફલાણું કરો, ઢીંકણું. એ કરી શકે કે નહિ? નહિ. ભગવાન! તને ખબર નથી, ભાઈ!

જે તારા પરિણામ સિવાય બીજા તત્ત્વની વર્તમાન થતી અવસ્થારૂપ પરિણામ એ તારું જો કર્તવ્ય હોય તો તું એક વસ્તુ અને એના પરિણામ ઓલા બે એક થઈ જાય. પરના પરિણામ સાથે તન્મય થઈને તું પરિણામમાં પેસી જા અંદરમાં. આહા..હા..! લોજિકથી તો વાત કરે છે પણ હવે શું થાય? અરેરે..! એણે કોઈ દિ' પોતાની દયા શું છે એની ખબર નથી. પરની દયા કરવા ચાલી નીકળ્યો. હું એક ચોર્યાસીમાં રખડું છું, દુઃખી છું, પરાધીનમાં માનીને મારી ચીજને હું ભૂલી ગયો છું. આહા..હા..! એ ભૂલેલાને ઠેકાણે કેમ પાડવો એની દયાની ખબર ન મળે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ ખરેખર. એ શાસ્ત્ર ભાષા જરી ઝીણી છે. '**પરિણામ-પરિણામીપણું બીજી કોઈ રીતે બની શકતું નહિ હોવાથી,...**' શું કીધું એ સમજાણું? જેમ આ શરીર છે જુઓ આ. આ એના પરિણામ છે. એ રજકણો જે છે પરમાણુઓ એ પરિણામી ચીજ છે અને આમ થવું એ એના પરિણામ છે. પરિણામ એટલે પર્યાય, પર્યાય એટલે અવસ્થા, અવસ્થા એટલે વર્તમાનદશા અને પરમાણુ જે રજકણ છે એ ત્રિકાળી. હવે એ આ પર્યાયને આ જીવ કરે તો આ પર્યાય એટલે પરિણામ અને પરિણામી આત્મા બે એક થઈ જાય. આહા..હા..! સમજાણું કાંઈ? અરેરે..! આવું ભારે ભાઈ! આખી દુનિયામાં તો તોફાન-તોફાન. આમ કરી દઈએ... આમ કરી દઈએ. બીજાથી લોકો જુઓને તોફાન નથી કરતા? દોરડા તોડી નાખે, રેલું બંધ કરી દે.

મુમુક્ષુ :- હમણા તો બહુ ચાલે છે.

ઉત્તર :- બહુ ચાલે છે એવું કોક કહેતું હતું. આ કોટામાં. કોટામાં એની સભા ભરાવાની હતીને એ કારણે બંધ કરી છે. છોકરાઓ તોફાન. આહા..હા..! એ ભાવના કર્તા હોં એ રાગના. એ ક્રિયાના નહિ. આહા..હા..! આવું સત્ય એને ગળે ઉતરવું. અનંતકાળથી એણે કોઈ વિચાર જ કર્યો નથી. આંધળો થઈને કૂદકા મારે છે ચોર્યાસીમાં. આહા..હા..!

શું કીધું? ટીકા. શબ્દનો સાચું વાચ્ય શું છે? આ તો વાચક શબ્દ છે. જેમ સાકર વાચક છે શબ્દ. એનું વાચ્ય શું? સાકર ગોળો. સાકરનો ગાંગડો. એ વાચ્ય છે. વાચક સાકર એમ આ વાચક છે અને વાચ્ય શું અંદર? કે નિશ્ચયથી આ આત્મા. એ આત્મા આ વાચ્ય છે

અંદર. પરદ્રવ્યસ્વરૂપ શરીર, વાણી, મન એ પરદ્રવ્ય. એના કર્મને એટલે એની પર્યાયને. પરની અવસ્થાને, પરના પરિણામને, પરદ્રવ્યની ચાલતી વર્તમાન અવસ્થાને. એટલો અર્થ છે આ કર્મનો. જો '**કરે તો, પરિણામ...**' એટલે એ પર્યાય અને '**પરિણામી...**' એ દ્રવ્ય '**બીજી કોઈ રીતે બની શકતું નહિ હોવાથી,...**' એ પરિણામ અને પરિણામી એક થઈ ગયા.

'**તે (આત્મા) નિયમથી તન્મય (પરદ્રવ્યમય) થઈ જાય;...**' પરદ્રવ્યમાં એકાકાર થઈ જાય. આહા..હા..! કેવી વાત કરી છેને! આહા..હા..! ટીકા-ટીકા કહે છે. ઓલું દેણું હોયને ભાઈ! દેણું ગરીબ માણસે લીધું હોય બે હજાર. પછી જ્યારે દેવાનું ન મળે તો સજ્જન માણસ તો એમ કહે છે કે હે બાપુ! એ બે હજારનો લાવ્યો છું પણ દૂધે ધોઈને આપીશ હોં. એમ કહે. આ બધું સાંભળેલું ભાઈ ચોખ્ખેચોખ્ખું અમારે. એમ બોલતા. હે મામા! તમે કાલે રાતે અમને જોતા હતા તો તમે આપ્યા છે રૂપિયા. એ દૂધે ધોઈને આપીશ. એટલે એ રૂપિયામાં મેલ પણ નહિ હોય. આહા..હા..! અને અહીં ભગવાન કહે છે એકવાર ચોખ્ખો થઈને હા તો પાડ. આ દેણું કર્યું તે મિથ્યાત્વનું. એ મિથ્યાત્વના દેણાને ચૂકવવું હોય તો હા પાડ કે એ પરનો કર્તા હું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો નાની ઉંમરમાં સાંભળેલી વાત છે હોં. ૧૨ વર્ષની ઉંમર હતી ત્યારે. આ તો વર્ષ થઈ ગયા ૭૧ એને. ૭૧ વર્ષ પહેલાની વાત છે. આહા..હા..! એવું બોલે છે કેવા માણસ સજ્જન! સજ્જન કેવું બોલે છે! આહા..હા..! એમ કહે. અમે ... બ્રાહ્મણ હતાને. પછી આ મકાન નવું લીધુંને નવું? ત્યાં બ્રાહ્મણ વસતા પહેલા. અમારી આબરૂ અમારી સારી અમારા બા અને બાપ ત્યાંના ખરાને. પૈસા આપેલા. પછી એક.. હે મામા! હું ધોઈને આપીશ હોં. અમે ના પાડતા નથી બાપુ! અમારી પાસે અત્યારે વ્યવસ્થા નથી.

એમ કહે છે કે અમે તને કહીએ છીએને પ્રભુ! પરની અવસ્થાના પરિણામ મેં કર્યા. તો તું પરિણામી અને પરિણામ એક થઈ જાય. બાપુ! તું રહેતો નથી અને એ પણ રહેતા નથી. આહા..હા..! ભાઈ! તું પણ રહેતો નથી. કારણ કે તું ત્યાં ગરી ગયો છો. તે પરિણામનો પરિણામી થયો. અને એ પરિણામ એના નથી પણ મેં કર્યા એ પણ રહ્યું નહિ. આહા..હા..! આ પરિણામ કોને કહેવું આમાં? જડને પરિણામ હશે? આ એના પરિણામ કહેવા આમ થાય એ. આ ભાષા બોલાય છેને. એ જડની પર્યાય છે, અવસ્થા, પરિણામ છે. પરમાણુના પરિણામ છે. એ આત્માના નહિ. આત્મા તો અરૂપી જ્ઞાનઘન છે. આહા..હા..! બાપુ! આ ચોર્યાસીના અવતાર એ રખડપટ્ટીના દુઃખો તેં તો વેઠ્યા છે પણ જોનારને આંસુ આંખમાં આવ્યા એવા દુઃખ વેઠ્યા છે ભાઈ તને ખબર નથી. જરી માણસપણું મળ્યું અને શરીર કાંઈક ઠીક મળ્યું અને પાંચ-પચ્ચીસ હજાર, લાખ, બે લાખ, પાંચ લાખ મળ્યા પૈસા ત્યાં હું... સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો કહે છે શાંત થા, નાથ! એટલે કે શું કીધું? કે તારું સ્વરૂપ તો આનંદ અને જ્ઞાન છે, નાથ! એની તારે રક્ષા કરવી હોય તો એ પરની ક્રિયા મારી છે એમ છોડી દે માનવું. નહિતર તેની હિંસા થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ભારે ગજબ! કહે છે કે જુઓ એક લીટીમાં પણ કેટલું ભર્યું છે! ટીકા કરી છે કે નહિ આચાર્યે? અને ભાઈએ ગુજરાતી એનું કર્યું છે. નહિતર અહીં કોને આવડતું હતું? સમજણ હોય પણ છતાં આનો શબ્દાર્થ કેમ કરવો એ કાંઈ આવડતું હતું અંદર? સમજાણું કાંઈ? આહા..હા..!

'**જો નિશ્ચયથી...**' એટલે ખરેખર '**આ આત્મા...**' આ અસ્તિ બતાવે છે. આ અંદર વસ્તુ જ્ઞાનઘન ભગવાન. એ આત્મા. આ કાંઈ શરીર આત્મા નથી. આ તો માટી, જડ છે. વાણી જડ છે. આ અંદર એ જ્ઞેયને જાણનારો જ્ઞાતા, એ દશ્યને દેખનારો દૃષ્ટા એ આ આત્મા. એ '**આ આત્મા પરદ્રવ્યસ્વરૂપ...**' શરીર, વાણી, ઘટ, પટની ક્રિયા એને પરદ્રવ્યસ્વરૂપ કર્મ કહીએ. કર્મ એટલે કાર્ય. એને કરે. આહા..હા..! અરે..! કર્મબંધનના પરિણામને કર્મના પરિણામને જીવ કરે. તો એ પરિણામ જડના અને પરિણામી આત્મા બે એક દ્રવ્ય થઈ જાય, એક વસ્તુ થઈ જાય. કહો, બરાબર છે આ? મારા કેટલાક કહે ત્યાં બધા હા-હા પાડે એવા બધા બેઠા છે. રામજીભાઈ જેવા આવ્યા હશે.

મુમુક્ષુ :- એને કોઈ જાતનું જ્ઞાન નથી.

ઉત્તર :- ખબર નથી. અજ્ઞાન થયું છે. ત્યાં બધા બેસે છે એ હા પાડે છે હા-હા. બે ને ત્રણ છ. તો કહે હા. અરે..! બાપા! તને ખબર નથી, ભાઈ! તું બીજાની ટીકા કરવા જા છો, પણ તારી ટીકામાં માલ નથી. ત્યારે સનેપાત થાય. એમ જેની મિથ્યા શ્રદ્ધા, જ્ઞાન અને રાગ ત્રણ વકરે ગાંડો-પાગલ થાય. આ બધા ડાહ્યા કહેવાય એ બધા પાગલ છે હોં. હા. અરે..! પાગલ ફાટીને મારા ગાંડા થયા છે પાગલ. અરે..! મૂકને પ્રભુ એકવાર. એ પરના પર્યાયને તું કર તો પર્યાય અને પર્યાયવાન એક થઈ જાય છે. એ પરિણામ પરિણામીથી જુદાં હોઈ શકે નહિ. આહા..હા..! કેટલી લોજિકથી-ન્યાયથી તો વાત કરી છે. જુઓ આ ભાષા છે, રજકણોની અવસ્થા છે .. છે એ. એ અવસ્થા પર્યાયને જીવ જો કરે. તો જીવ એનો કરનારો પરિણામ અને એ પર્યાય પરિણામ બે એક થઈ ગયા. તો ચૈતન્યપણું છોડીને પર્યાયમાં ગયો તો જડ થઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! એક બાણે તો રામબાણ માર્યું છે.

ભાઈ! તું શાંત થા. ધીરો થા ભાઈ! તને આકરું કામ આ. વેદાઈ જાય છે અજ્ઞાન અને તને ખબર નથી કે હું શું કરું છું આ. આહા..હા..! ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા એના જ્ઞાનમાં આ આવ્યું. એવો વાણીમાં ઉપદેશ આવ્યો. એ ઉપદેશમાં

આ આવ્યું કે તારું તત્ત્વ જે છે આ આત્મા. આ આત્મા તો આત્મા કોણ આ શરીર છે? વાણી છે? કર્મ એ આત્મા છે? અંદર આઠ કર્મ છે. જેમ પુણ્ય-પાપના વિકલ્પો ઉઠે છે દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ. એ આત્મા છે? એ તો આસ્રવ છે, રાગ છે. સમજાણું કાંઈ? એ આસ્રવતત્ત્વથી ભગવાન ભિન્ન જ્ઞાનસ્વરૂપી પ્રભુ એવો જે આ આત્મા નિશ્ચયથી એટલે ખરેખર. વ્યવહારથી બોલાય ભલે, પણ તું કહે છે કે કરાય એમ છે નહિ. આહા..હા..!

એ પરદ્રવ્યસ્વરૂપ. પરદ્રવ્યસ્વરૂપ પર્યાય દેખી. ઘડાની પર્યાય એ જડની પર્યાય છે. એને આત્મા કુંભાર કરે તો એ પર્યાયનું નામ પરિણામ અને આત્મા પરિણામી બે એક થઈ જાય. જુદો કુંભાર રહેતો નથી. આહા..હા..! ભારે ભાઈ! આ રોટલી-બોટલી તો કરતી હશે કે નહિ બાયું? કરાય નહિ પણ કેમ આ રોટલી કરે લ્યો. આમ-આમ કર્યા પહેલા લોટ નાખે થોડો જરી. ફુલાવવી હોયને દડો કરવો હોય એટલે. આવું સાંભળેલું છે હોં આપણે. કાંઈ જોયેલું નથી. એ આમ કરે પછી ઓલા તાવડીમાં થાયને ચડે પછી આમ મૂકે. ... જરી લોટ હતોને દડો થઈ જાય. બે પડ જુદા પડી જાય. કહો એ કરી શકે કે નહિ? કોણ કરે ત્યાં? .. કરવા આવે છે ત્યાં? કોણ કરવા આવે છે ત્યાં? ભગવાન! તને ખબર નથી, ભાઈ! એ પરમાણુઓ એ રીતે અવસ્થાપણે પામે છે. એ તારાથી નહિ, તે કર્યા નથી. આહા..હા..! તો તારી અવસ્થા એનાથી (અને તેની) અવસ્થા તારાથી થઈ હોય તો એ અવસ્થા અને તું અવસ્થાયી બે એક થઈ જાય છે. જડની પર્યાયમાં તું પેસી જા છો. તારું ચૈતન્યપણું ભિન્ન રહેતું નથી. આહા..હા..! લોજિકથી તો વાત કરી છે, પણ શું કરે? ગાંડી દુનિયામાં ગાંડપણ-ઘેલછામાં ચાલી જાય છે મારી. આહા..હા..! કહો, ચીમનભાઈ! શું હશે આ? આ ત્રણ ચીમનભાઈ બેઠા છે જુઓને. આહા..હા..!

ઓલા લખે છે ત્યારે આવે છેને કે હું સાવધાનપણે છું આ લખો છો. આવેને તમારે કાંઈક? એ કહેતા. સાવધાનપણે છું. .. ચીજ એમ અહીંયાં પરમાત્મા કહે છે કે હું સાવધાનપણે કહું છું હોં. એમ ને એમ બોલું છું અને એમ ને એમ બકી જાય છે એમ નથી. આહા..હા..! ભાઈ! વસ્તુની સ્થિતિ છે તેમ કહીએ છીએ હોં! આહા..હા..! કહે છે. આહા..હા..! બે લીટીએ તો ગજબ ચીરી નાખ્યો છે જડને અને ચૈતન્યને. આહા..હા..! ઓલા કોલેજમાં પ્રોફેસર આવેને ભાષણ કરવા. એક કલાક હાંકે જાય. ઓલા બેઠા રહે સાંભળે. એક કલાક પ્રોફેસર હોયને. એવું આ નથી કે હાંકે જાવું એક કલાક. ધીમે-ધીમે સાંભળીને વિચાર કરે, નિર્ણય કરે, એને અવસર મળે એ માટે આ વાત છે. અરે..! આજ નહિ તો કે દિ' કરીશ ભાઈ? આહા..હા..! આંખુ મીંચાશે અકસ્માત. આ થયું, ઢીંકણું થયું એમ કરીને. શું થયું? કાંઈ નહોતું. હજી તો હમણા ખાઈને આવે છે. બે મિનિટ પહેલા મારી સાથે વાતચીત કરી.

પછી આવી વાતું કરે. શું થયું આ? પ્રેમચંદભાઈને એક સેકન્ડ. એની કાકી આમ જોતા હતા. આમ જ્યાં ગઈ ત્યાં મડદું. પ્રેમચંદભાઈ. એના કાકીને થયુંને. આમ જોતા હતા ત્યાં આમ બરાબર છે. મગન. પ્રેમચંદભાઈ.. આમ જોયું ત્યાં હેં! બાપા! આ તો જડ છે એમાં આત્મા જેટલી સ્થિતિએ રહ્યો એ રહેશે. બાકી એમાં કાયમ રહેનારો નથી. એની મુદત પૂરી થઈ ફટ ઉડી જશે. આહા..હા..! સમજાણું કાંઈ?

ઓહો..! આ ભગવાન આત્મા પરદ્રવ્યસ્વરૂપ કર્મ નામ કાર્યને. પરદ્રવ્યના કાર્યને, નાતને, દેશને, કુટુંબને સુધારવાના કાર્યને ‘કરે **તો, પરિણામ-પરિણામીપણું બીજી કોઈ રીતે બની શકતું નહિ હોવાથી,...**’ તો પરિણામ અને પરિણામી બીજી રીતે રહી શકે જ નહિ. આહા..હા..! પંડિતજી! સંસ્કૃતમાં પ્રોફેસરમાં સંસ્કૃતમાં આવું આવતું હશે? લખાણપટ્ટી. એ તો પ્રોફેસર સંસ્કૃતના મોટા જયપુર. ધૂળમાંય પ્રોફેસર કોને કહેવા અહીં તો. આહા..હા..! ભાઈ! એ પરિણામ અને... પરિણામ ઓલું કર્મ જે છેને? પરદ્રવ્યનું કાર્ય. પરદ્રવ્યનું કાર્ય. કાર્ય કહો કે પર્યાય કહો કે પરિણામ કહો. એ પરિણામ અને પરિણામી. જો એ પરિણામ જીવથી થાય તો એ પરિણામ અને પરિણામી બે જુદાં હોઈ શકે નહિ. તો એ પરિણામ સાથે આત્મા ગરી ગયો, ભેગો તન્મય થઈ ગયો. એમ બને નહિ. એક ચીજની પર્યાય, બીજી ચીજની પર્યાય સાથે કેમ એકમેક થાય? અરે..! તને જુદાપણાની ખબર ન મળે. પરદ્રવ્યથી જુદો છું, પરની પર્યાયથી જુદો. એ સિવાય હજી તો રાગના વિકલ્પ ઉઠે એનાથી જુદો. એ તો ક્યાંય રહી ગયું. આહા..હા..! એ પુણ્યના પરિણામમાં દયા, દાન, વ્રત, ભક્તિ શુભભાવ એ પણ રાગ છે અને એનો પણ કર્તા થા તો તે દ્રવ્યના પરિણામમાં એકમેક થઈ ગયો તું. જડની સાથે, રાગની સાથે એકમેક થઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ?

‘**પરિણામ-પરિણામીપણું બીજી કોઈ રીતે બની શકતું નહિ હોવાથી,** તે **(આત્મા) નિયમથી તન્મય (પરદ્રવ્યમય) થઈ જાય;...**’ પરના પરિણામરૂપે એ બની જાય તો પરિણામરૂપે કોઈ દિ’ બની શકે નહિ. આહા..! ન્યાયથી, લોજિકથી તો આપ્યું છે પણ હવે માણસને દરકાર ન મળે. આ દુનિયાની મોટપ લેવા, માન લેવા મરી જાય છે એમ ને એમ. આહા..હા..! સમજાણું કાંઈ? ‘**નિયમથી તન્મય (પરદ્રવ્યમય) થઈ જાય;...**’ જુઓ, હવે ઓલા કહે છે કે કારીગર કાર્ય કરે ખરો, પણ તન્મય ન થાય. કારીગર ભોગવે ખરો ગામ મળ્યું હોયને તન્મય ન થાય. ગામને ભોગવે મારે જડને? આ દાળ, ભાત, રોટલાને આત્મા ભોગવે? એ તો જડ છે. આત્મા તો અરૂપી છે. એમાં વર્ણ, રંગ, ગંધ, સ્પર્શ આત્મામાં છે? દાળ, ભાત, રોટલી, ખીચડી, કઢી, પુડલા. કહો, ખાય કે નહિ આત્મા? તો શું આ ખાય છે? .. ખાય છે? ભીંતમાં કોળિયા છે લેવાના? હવે તને ખબર નથી. એ તો જડની પર્યાયનું ભિન્ન-ભિન્ન થવું એને ખાવું કહે છે. ખાય કોણ? તને એમાં રાગ થાય એને ખા

અને માને કે હું લાડવો ખાવ છું. એ તો ભ્રમ છે. આહા..હા..!

**'પરંતુ તે તન્મય તો નથી,...'** આહા..હા..! પરના પર્યાયમાં તે જતો નથી. એથી પરિણામ એણે કર્યા એ વાત સાચી રહેતી નથી. આહા..હા..! એવું જો જાણે તો અનાદિનું અનંત જૂઠાપણું છે એટલું ઠરે. જૂઠો મારો પાક્કો. એ જૂઠાપણું ઠરે તો એને આત્મા ઉપર જોવાનો અવસર આવે, તો રાગનો એ કર્તા ન થઈને સમ્યગ્જ્ઞાન કરે તો મુક્તિને પામે અને સંસારથી તરે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક સુદ-૧૧, શુક્રવાર, તા. ૧૭-૧૧-૧૯૭૨
## ગાથા-૯૯-૧૦૦, પ્રવચન-૨૨૫

૯૯ ગાથા. પરદ્રવ્યની ક્રિયા જો બીજો દ્રવ્ય કરે તો પોતાની પર્યાયનો નાશ થાય. કારણ કે એ પર્યાય પરમાં પરિણમિત થઈ ગઈ. ઘણું અહીં લખ્યું છે બધું બહુ. એક પરમાણુ બીજા પરમાણુમાં તો .. ન થાય જો કાંઈ ન કરે તો. કર્મની કાંઈ અસર જ નહિ આત્મા ઉપર? આત્માની જડ ઉપર નહિ? નવ તત્ત્વની ભૂલ કાઢી તમારી. અંદર કાઢી નથી છ ઢાળામાં? છ ઢાળામાં નથી? છ ઢાળામાં નથી નવ તત્ત્વની ભૂલ? એમાં આવે છે. અમારી ભૂલ કાઢી. આ સ્થાનકવાસીમાં નહિ? નવેય તત્ત્વની ભૂલ છે.

મુમુક્ષુ :- એ તો એકની ભૂલ હોય તો નવેયની હોય જને.

ઉત્તર :- હોયને. વાત સાચી છે. એની દૃષ્ટિ..

અહીં કહે છે કે જો પર જડની, કર્મની પર્યાય બાંધવામાં આત્માની પર્યાયની કર્તા થાય તો એ પર્યાય જડની પર્યાયમાં એકમેક થઈ ગઈ. તેથી પર્યાયવાળું દ્રવ્ય ભિન્ન એ તો રહ્યું નહિ.

મુમુક્ષુ :- પર્યાય વગરનું દ્રવ્ય?

ઉત્તર :- નાશ થઈ ગયો. ઈ પર્યાય વિનાનું દ્રવ્ય એનો અર્થ નાશ થઈ ગયો. આહા..હા..!

ફરીને જુઓ એ ટીકા. રાતે પ્રશ્ન કર્યો હતો પણ યાદ ન આવ્યું તમને .. કઈ રીતે સાંભળો છો? આ નોકરી તો મૂકી છે પણ. ભાઈ ચંદ્રકાંત. રાતે પ્રશ્ન કર્યો હતો ખબર

છે? ફરીને સાંભળો જુઓ, ખરેખર. નિશ્ચય એટલે. '**આ આત્મા પરદ્રવ્યસ્વરૂપ કર્મને કરે...**' એટલે કે ઘટ, પટ, રથ આદિની પર્યાયને કરે કે જડ કર્મના બંધનની પર્યાયને કરે. કર્મ એટલે પર્યાય, કર્મ એટલે કાર્ય. સમજાણું કાંઈ? '**તો, પરિણામ-પરિણામીપણું બીજી કોઈ રીતે બની શકતું નહિ હોવાથી,...**' કારણ કે એક આત્મા પોતાના પરિણામ વડે પરના પરિણામ કરે તો પરમાં એકમેક થઈ ગયા. પોતાના પરિણામ પરદ્રવ્યમાં ગયા. એટલે પરિણામ વિનાનું દ્રવ્ય હોઈ શકે નહિ. પરિણામ, પરિણામી. પરિણામ એટલે પરની પર્યાયરૂપી પરિણમન જો આ આત્મા કરે તો એ પરિણામ અને પરિણામી દ્રવ્ય બે જુદા ન હોઈ શકે. તો તો એ પરના પરિણામ કર્યા ત્યારે દ્રવ્ય ગયું ત્યાં. પોતાનું અસ્તિત્વ પરિણામસહિતનું ભિન્ન ન રહ્યું. સમજાણું કાંઈ? આવો સિદ્ધાંત એટલો સિદ્ધાંત મૂક્યો છે. ત્રણ કાળના જેટલા પદાર્થ આત્મા અને જડ આદિ કોઈ પદાર્થની પર્યાય એટલે પરિણામ કહો, પર્યાય કહો, કાર્ય કહો, અવસ્થા કહો. એ અવસ્થા પરદ્રવ્યની અવસ્થાને, શરીરની, કર્મની, વાણીની, ઘટની, પટની, કર્મના બંધનની જો એ પર્યાયને કરે તો આની પર્યાય ક્યાંક એકાકાર થઈ ગઈ અંદર. બરાબર છે? પરિણામ ત્યાં ગયા. તો પરિણામ અને પરિણામી બે જુદા ન રહ્યા. સમજાણું કાંઈ?

'**પરિણામ...**' એટલે પર્યાય. આ કર્મને કરેને. કર્મ કહો કે પરિણામ કહો. એક દ્રવ્ય આ આત્મા પરદ્રવ્ય એટલે શરીર, કર્મ, ઘટ, પટ, રોટલી, દાળ, ભાત, શાક, મકાન, .. પ્રતિમા પધરાવવાની ક્રિયા એ જો આત્મા કરે તો શું થાય? કે પરદ્રવ્યસ્વરૂપ કર્મ. કર્મ શબ્દે કાર્ય, કાર્ય શબ્દે પરિણામ. પરિણામ-પર્યાય-અવસ્થા. એ આત્મા પરદ્રવ્યની પર્યાયનું કાર્ય કરે તો પરિણામ અને પરિણામીપણું પરના પરિણામ આણે કર્યા એટલે આત્માની પર્યાય ત્યાં ગઈ. ત્યાં ગઈ એટલે એ પરિણામ અને પરિણામી જુદાં ન રહ્યા. '**પરિણામ-પરિણામીપણું બીજી કોઈ રીતે બની શકતું નહિ હોવાથી,...**' સમજાણું કાંઈ? બહુ સિદ્ધાંતો છે. આવા રંગબંગનું કામ કરતો હશે કે નહિ? મંગળભાઈ! નહિ? દુકાને બેસે છે. છોકરા કરતા હશે એમને? અરે..! ભારે!

અહીં તો આત્મા ત્રિકાળી ચીજ. હવે એના વર્તમાન જે પરિણામ પરદ્રવ્યની પર્યાયને કરે તો આ પરિણામ ત્યાં એક-મેક થઈ ગયા ત્યાંથી. અને એ અંદર ગયા એટલે એ પરિણામ અને આ પરિણામી જુદા ન રહ્યા. એ દ્રવ્ય ત્યાં એક-મેક થઈ ગયું. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રેમચંદભાઈ! આવું બધું સાંભળ્યું નહિ હોય ..માં. આમાં તો એમ કહે છે કે પરજીવ અને શરીર બે છે આમ એકેન્દ્રિયમાં. એક તત્ત્વની.. એની જે પર્યાય છે દયા પાળવાની. એ પર્યાયને જીવ જો કરે. બચાવવાની પર્યાયને. સમજાણું કાંઈ? એ જીવ અને શરીર બે ભેગા છે એને મેં જુદા કર્યા અથવા જુદા ન કર્યા. કર્યા એ હિંસા, ન કર્યા એ દયા. એ

બેયની પરની હિંસાના પરિણામને જીવ જો કરે અને પરની દયાના પરિણામને પરિણામ કરે અહીંયાં. પણ એની દયા પરિણામને કરે, દયાની અવસ્થાને કરે તો આ પરિણામ ત્યાં ગયા. કહો, સમજાણું કાંઈ?

આ પરિણામ ત્યાં ગયા. એના ત્યાં એટલે એ પરિણામ અને એનું દ્રવ્ય બે તન્મય થઈ ગયું એમાં આ દ્રવ્ય. જુદું રહ્યું નહિ. આહા..હા..! કહો, બરાબર છે? સુરેન્દ્રજી! આ ટોપી-બોપી સરખી આમ કરવી કે એ પર્યાય આત્મા ન કરે એમ કહે છે. આ ..ને કરે. એમ ને એમ ટોપી ઓઢતા હશે? એય..! માણેકલાલ! શું છે આ? આ દવા-બવાની પર્યાય કોઈ કરે નહિ. એની મેળે જડમાં થાતું હશે? આહા..હા..! વસ્તુની સ્થિતિ અનંત દ્રવ્ય પૃથક્ રહીને, પૃથક્પણે પોતાની પર્યાય કરે, પણ પરની કરે તો પૃથક્ અનંત દ્રવ્ય રહેતા જ નથી એમ કહે છે.

'**પરિણામ-પરિણામીપણું...**' જો આત્મા પરદ્રવ્યના પરિણામને કરે. કર્મ કહો કે પરિણામ કહો. તો પરિણામ અને પરિણામીપણું એ પરિણામ પરના આત્માએ કર્યા એટલે પોતાના પરિણામ પણ તન્મય થઈ ગયા. એ અને તેનો પરિણામી જીવ બીજી કોઈ રીતે બની શકતું નથી પરિણામ, પરિણામીપણું. એટલે એ પરિણામ અને પરિણામી બે એક થઈ ગયા. આહા..હા..! '**તે (આત્મા) નિયમથી તન્મય (પરદ્રવ્યમય) થઈ જાય;...**' તો તો જડની પર્યાય અને બીજાની પર્યાયમાં આત્માની પર્યાય એકમેક થઈ જાય. આહા..હા..! ભારે! હવે કોણે કર્યું અત્યાર સુધી તલાટીનું કામ ત્યાં?

મુમુક્ષુ :- કોણે કર્યું? આ જડે કર્યું. મારાથી કરાતું નથી. હું તો જ્ઞાતા-દ્રષ્ટા છું.

ઉત્તર :- એમ? પણ એ વખતે ક્યાં હતું એવું?

'**પરિણામ-પરિણામીપણું...**' જો પરની પર્યાયને આત્મા કરે તો પરિણામ અને પરિણામી કોઈ રીતે જુદા હોઈ શકે નહિ, તો પોતે પરના પરિણામ કર્યા, એ પરિણામ ત્યાં ગયા જીવના અને એનું પરિણામીપણું દ્રવ્ય એ પણ ત્યાં એકાકાર થઈ ગયું. જુદું રહ્યું નહિ. આહા..હા..! આ ધંધા કરતા હતા મોટા ..ના. રતિભાઈ! દુકાને બેસીને વ્યવસ્થાબંધ કાપડ વળે લ્યો. .. ફેરવે, આમ ફેરવે... આમ ફેરવે...

મુમુક્ષુ :- સવારથી સાંજ સુધી એમ દેખાય.

મુમુક્ષુ :- ન કરતો હોય એમ દેખાય છે.

ઉત્તર :- ન કરતો હોય એમ દેખાય છે. કેમકે દ્રવ્ય ભિન્ન રહે છે. એમાં જાતું નથી એટલે એને કરતું નથી. એની દ્રષ્ટિમાં ફેર છે .. છે.

મુમુક્ષુ :- ન કર્યું હોય એમ દેખાય. કરતો હોય એ દેખાતું જ નથી કોઈને.

ઉત્તર :- કારણ કે આ બે છે આમ બે લ્યો. હવે આ બે છે આ પર્યાય આને કરે,

તો આ પર્યાય એમાં તન્મય થઈ ગઈ. એમ થતા નથી. માને છે અજ્ઞાની. આહા..હા..! આ આમ થાય અને આ આમ થાય એ બેના પર્યાય ભિન્ન છે. આ આમ થતાં આને ધક્કો મારીને આમ કરે. આ આંગળી બીજી આંગળીને આમ ધક્કો મારે. તો આના પર્યાયને આણે કર્યા. એટલે એ પરિણામ અને આ પરિણામી બે એક થઈ ગયા. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ભારે ઝીણું!

'**તે (આત્મા) નિયમથી...**' જેને પરદ્રવ્યની અવસ્થાને જો જીવ કરે તો તે પર્યાયવાળું દ્રવ્ય પરમાં ગયું એથી પર સાથે તન્મય થઈ જાય. પરદ્રવ્યમય થઈ જાય. એ જડની પર્યાય જીવ કરે તો જડમય થાય, બીજાની આત્માની પર્યાય આત્મા કરે તો બીજા આત્મામય થઈ જાય. આહા..હા..! કહો, હવે અહીં દયા પાળવી એ ધર્મ. આહા..હા..!

મુમુક્ષુ :- પરની દયા પાળવી.

ઉત્તર :- પરની દયા. પોતાની (દયાનું) તો ભાન પણ ક્યાં છે એને? એ યોગની ક્રિયા છે એમ કહે. યોગની ક્રિયા ચારિત્ર અને વ્રત એ યોગની ક્રિયા. એકલા જાણવા... જાણવા... જાણવા... જાણવા... જાણવા... જાણનાર... જાણનાર... જાણનાર... એ સમજતા જ નથી મારે કહે. યોગની ક્રિયા કરે તો જીવની અસર યોગમાં જાય તો પરની અસર પરમાં જઈને પરના પર્યાયને પાળે. ભારે! આહા..હા..! તે આત્મા નિશ્ચયથી. ઉપર નિશ્ચયથી કર્યું. અહીંયાં નિયમથી કર્યું. નિશ્ચયથી તન્મય થઈ જાય. પરદ્રવ્યની પર્યાયમાં આત્માની પર્યાય તેને કરે તો એનો પર્યાય પરમાં એકાકાર થઈ ગયો. તો દ્રવ્ય પણ ત્યાં વયું ગયું. દ્રવ્યની જુદાઈ રહી નહિ.

'**પરંતુ તે તન્મય તો નથી,...**' એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યના તે જ કાળે થતી પર્યાયમાં આ પર્યાય તેની સાથે એકરૂપ થતી નથી. '**કારણ કે કોઈ દ્રવ્ય અન્યદ્રવ્યમય થઈ જાય...**' કોઈ પર્યાય અન્યમય થાય તેનો અર્થ કે એ દ્રવ્ય પરમય થયું, '**તો તે દ્રવ્યના નાશની આપત્તિ (દોષ) આવે.**' આહા..હા..! શું હશે આમાં ભાઈલાલભાઈ! આ બધા તમારે સંચા કરે છેને ઓલા શું કહેવાય? કેલેન્ડર એય..! એ હુશિયાર છોકરા બેઠા હોય તો બરોબર થાય આમ સરખું. અટક્યું હોય તો માણસ કરી નાખે કાઢો તો સરખો વીટળાશે લ્યો! આવા ભ્રમ તે. એની અવસ્થાને બીજો અવસ્થા એની કરે તો આની અવસ્થા એમાં ગઈ એમાં. અને ગઈ એટલે એ પરિણામ પરિણામી વિનાનો હોઈ શકે નહિ. તો એ પરિણામી ત્યાં ગયો. એ પરિણામીનો જ નાશ થઈ ગયો. સમજાણું કાંઈ? કહો, પંડિતજી! આ છોકરાને ભણાવી શકે કે નહિ? અને પ્રોફેસર મફતના? આહા..હા..!

નિયમથી તન્મય થઈ જાય. ચોક્કસ પરની પર્યાયમાં ચાલ્યું જાય દ્રવ્ય. આહા..હા..! કારણ કે પરિણામ ત્યાં ગયું અને એ પરિણામ વિનાનું પરિણામી હોય નહિ. તો પરિણામી

જુદો ન રહ્યો. આહા..હા..! નહિ, વ્યવહારે તો કરી શકે. એ માટે તો વાત માંડી છે માથે. માથે લખ્યું નથી? '**વ્યવહારી લોકોની એ માન્યતા સત્યાર્થ નથી...**'

મુમુક્ષુ :- .. માને છે તો ખોટી છે.

ઉત્તર :- ખોટી છે તારી મારા! આહા..હા..! કેમકે કોઈ વસ્તુ અન્ય વસ્તુમય થઈ જાય તો તે પોતાના દ્રવ્યના નાશની આપત્તિ આવે.

'**માટે આત્મા...**' સરવાળો કર્યો છે હવે. '**વ્યાપ્ય-વ્યાપકભાવથી પરદ્રવ્યસ્વરૂપ કર્મનો કર્તા નથી.**' એટલે? કે આત્મા વ્યાપક નામ પ્રસરીને પરની પર્યાયનું વ્યાપ્ય જો કરે તો એ વ્યાપ્ય અને વ્યાપક એક છે. તો એના દ્રવ્યનો નાશ થઈ જાય. પણ એમ છે નહિ. આહા..હા..! આત્મા વ્યાપ્ય એટલે પોતાની અવસ્થા અને વ્યાપક એટલે પોતાનું દ્રવ્ય. એ સિવાય '**વ્યાપ્ય-વ્યાપકભાવથી પરદ્રવ્યસ્વરૂપ કર્મનો કર્તા નથી.**' પરની પર્યાય વ્યાપ્ય અને આત્મા એનો વ્યાપક કર્તા છે એમ નથી. આહા..હા..! એ સાધુ એક કહેતો હતો કોક. જુઓ, આ મોરપીંછી પડી એની મેળે ઉઠશે? આહા..હા..! અને આ મોટર કાંઈ એની મેળાએ ચાલશે? એના ઓલા વિના? શું કીધું એનું તેલ? પેટ્રોલ. પેટ્રોલ વિના ચાલશે. સોનગઢની મોટર પેટ્રોલ વિના ચાલે છે એમ મારા મશ્કરી કરે. અરેરે..! અરે..! પેટ્રોલના પરિણામથી મોટરના પરિણામ થાય તો પેટ્રોલના પરિણામ ત્યાં તન્મય થઈ ગયા. પેટ્રોલના પરિણામ ભિન્ન રહ્યા નહિ. પેટ્રોલના રજકણો(થી) દ્રવ્ય ભિન્ન ન રહ્યું. કહો, બરાબર હશે આમાં? ભારે વાત ભાઈ લ્યો! તમે તો શું કરવા ચોપડીને ફેરવો છો? એમ કહે છે. જો નિમિત્તથી કાંઈ થાતું ન હોય તો એ ચોપડી સમયસાર જ કેમ લઈને બેઠા? વળી એમ કહે. ઓલું કેમ ન લીધું? શું કહેવાય? પદ્મપુરાણ. એ વળી એક જણો એમ કહે. આહા..! અને તમે જડનું કાંઈ ન કરી શકતા હોય તો શરીર લઈને સત્સમાગમ પાસે જાવ છો શું કરવા? એય..! આવી વાતું કરે છેને. બાળક જેવી વાતું કરે છે. આહા..હા..!

'**માટે આત્મા વ્યાપ્ય-વ્યાપકભાવથી...**' એટલ પરની પર્યાય વ્યાપ્ય અને પોતે વ્યાપક. એ રીતે '**પરદ્રવ્યસ્વરૂપ કર્મનો કર્તા નથી.**' કહો, સમજાણું કાંઈ? પછી આ ચોપડી બંધાવી. પ્રવિણભાઈ! આ કોણ કરતું હશે બાંધવાનું?

મુમુક્ષુ :- એ એના કારણે થાય.

ઉત્તર :- આમ એક-એક અક્ષરનું આમ ધ્યાન રાખે. તો એ અક્ષર નિમિત્ત થઈને અહીં જ્ઞાન નથી થતું આમાં? કહે છે કે એ નિમિત્તની પર્યાય આમાં જો આવી જાય તો ત્યાં અક્ષર જ રહે નહિ. સમજાણું કાંઈ? તારા અક્ષરની પર્યાય. પર્યાય છેને આ? એ પર્યાયથી અહીં જ્ઞાન, એટલે આ પર્યાયનો કર્તા આ પર્યાય હોય તો આ પર્યાય અહીં આવી ગઈ. એટલે ત્યાં અક્ષર રહ્યા નહિ. સમજાણું કાંઈ? કહો, ...ભાઈ! .. તો આવું એક જ તમે

માનો એ સાચું? અને બધા માને એ ખોટું? લ્યો! ઓલા કહેતા હતા તમારા ઓલા રતિભાઈ નહોતા? પ્રેમચંદભાઈ! ઓલા રતિલાલ માસ્તર. એ કહેતા હતા કે મહારાજ કહે એવું (હોય) તો અપસરાને તાળા દેવા પડે કહે. ૯૯માં. ૯૯માં કહેતા હતા. અહીં વ્યાખ્યાનમાં આવતા તે દિ'. ઓલા દરબાર .. પહેલાવહેલા. મહારાજ કહે છે એમ જો હોય તો પછી અપાસરાને તાળા દેવા પડે. કોઈ આવે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- .. કેવળને હોય બીજાને હોય નહિ. એમ કહેતા હતા.

ઉત્તર :- હોય નહિ? કહેતા હશે. આહા..!

'**ભાવાર્થ :- એક દ્રવ્યનો કર્તા અન્ય દ્રવ્ય થાય...**' એ તો દ્રવ્યનો કર્તા. જુઓ અહીં દ્રવ્યનો કર્તા નથી, દ્રવ્યની પર્યાયનો કર્તા. એ પર્યાય નહિ. એક દ્રવ્યની પર્યાયનો વર્તમાન અવસ્થા થતી એનો અન્ય દ્રવ્ય જો થાય, એના બીજા દ્રવ્યની પર્યાય. આ બીજા દ્રવ્યની પર્યાય એનાથી થાય તો બન્ને દ્રવ્યો એક થઈ જાય. કહો, સમજાણું કાંઈ? જો તાવડીથી રોટલી ચડે તો તાવડીની પર્યાય રોટલીની સાથે એકમેક થઈ જાય. કહો, બરાબર હશે આ? લોટનું ગોરણું આવ્યું... એ વેરણાની પર્યાય લોટની પર્યાય આમ પહોળી કરે, તો આ પર્યાય એ પર્યાયનો કર્તા થયો તો વેરણાની પર્યાય ત્યાં ગરી ગઈ. વેરણાની પર્યાય ભિન્ન ન રહી. કહો, બરાબર છે.

નીચે અગ્નિની પર્યાય એ તાવડાને જો ઉની કરે. તો અગ્નિની પર્યાય એ પરિણામ. એ ત્યાં ગયું. એટલે આખો પરિણામી ત્યાં વયો ગયો. કેમકે પરિણામ અને પરિણામી કોઈ દિ' વસ્તુ જુદી હોઈ શકે નહિ. આહા..હા..! આતે કાંઈ વાત છે! આહા..હા..! અને તાવડાને કારણે ત્યાં પાકે એ હરામ છે કહે છે હોય તો. કેમકે તાવડાની જે પર્યાય એ શેરાની પર્યાયમાં જાય. તાવડાની પર્યાયનો નાશ થતાં તાવડું જ ભિન્ન (ન રહે) આહા..હા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ગુરુના ઉપદેશથી તો જ્ઞાન થાયને.

ઉત્તર :- એ નિમિત્તથી કહેવાય. સત્‌સમાગમ કરો, આમ કરો. પણ વાસ્તવિક તો જ્ઞાનની પર્યાય પોતાથી થાય છે. ઉપદેશની પર્યાય છે એ તો જડની છે. એ પર્યાય ત્યાં પર્યાયને કરે તો આ પર્યાય વિનાનું દ્રવ્ય નાશ થઈ જાય. ત્યારે આ પર્યાય એની જ્ઞાનની પર્યાય એ કરે તો જ્ઞાનના પર્યાયરૂપી પરિણામ અને ભાષા પરિણામી બે એક છે. તો ભાષા ત્યાં ગરી ગઈ. ભાષા જુદી રહી નહિ. આ તો વસ્તુનું સ્વરૂપ જ આવું છે ત્યાં પ્રશ્ન ક્યાં? આ ..ને કાઢવું છે? ત્યાં આમ કરીને બેસે. વસ્તુસ્થિતિ જ આવી છે કે જ્યાં સ્વતંત્ર એક સમયમાં અનંતા દ્રવ્યો વર્તમાન પર્યાયના કાળને કરે એ બીજાના પર્યાયનો કાળ પણ ત્યાં જ છે. એની પર્યાયના કાળને આ કરે તો આ પર્યાય ત્યાં તન્મય થઈ ગઈ અને એ પરિણામી

પરિણામ, પરિણામ વિનાનું હોય નહિ તો એ પરિણામ ત્યાં ગરી ગયું. આખું પરિણામી તત્ત્વ ત્યાં વયું ગયું. આહા..હા..! ભારે!

આ ઘડિયાળમાં .. બરાબર? ફેરવી લઈ જાયને. ત્રણ ને દસ, ત્રણ ને પંદર. આમ કરે છે કે નહિ? મૂકે છે કે નહિ? એ આંગળીની પર્યાયથી ત્યાં થઈ કે નહિ? એ સંચો આમ ચાલ્યો કે નહિ આમ? અરેરે..! આવું તે કામ ગાંડા માને છે. ગાંડાઓને પણ આ બેસે શી રીતે? આહા..હા..! એટલું તું કહે કે એક અસ્તિ છે કે નહિ? એ કુંચીની અવસ્થા અને કુંચી એક અસ્તિ છે કે નહિ? છે. અને સામે ઘડિયાળ અને કાંટો એ અસ્તિ છે કે નહિ? અસ્તિ. હવે આના અસ્તિના પરિણામ, એના અસ્તિના પરિણામને કરે તો આ પરિણામનું અસ્તિત્વ ત્યાં ચાલ્યું ગયું. ભિન્ન પરિણામનું અસ્તિત્વ રહ્યું નહિ. સમજાણું કાંઈ? અને ખરેખર પરની પર્યાય વિનાનું એ દ્રવ્ય. આ એનું કર્યું તો પરની પર્યાય વિનાનું એ દ્રવ્ય રહ્યું. એ દ્રવ્યનો તો નાશ થયો. સમજાણું કાંઈ? આહા..હા..! બહુ સિદ્ધાંત અલૌકિક સત્ય, પરમસત્ય. આહા..હા..!

જો અનંતને અનંત તરીકે માનતો હોય તો એને આ માન્યા વિના છૂટકો નથી. થઈ રહ્યું. આહા..હા..! અનંત દ્રવ્ય છે એમ ભગવાને કહ્યું અને એમ છે. એમ જો સ્વીકાર કરે તો અનંત દ્રવ્યની વર્તમાન વર્તતી દરેકની અવસ્થા એ બીજો દ્રવ્યની અવસ્થા કરે તો એ ભિન્ન દ્રવ્ય રહેતું નથી. ભિન્ન દ્રવ્ય રહેતું નથી એટલે અનંતતા રહેતી નથી. આહા..હા..! એ આનું કરે... એ આનું કરે... એ આનું કરે... એ બધાય જાવ. આહા..હા..! કહો, સમજાણું? જીવના રાગ-દ્વેષના પરિણામને કર્મના ઉદયની પર્યાય જો કરે તો કર્મનો ઉદય જડ છે એ પરિણામ અહીં આવી ગયું. એથી પરિણામવાળું પરિણામી ભિન્ન ન રહ્યું.

મુમુક્ષુ :- કર્મ જ ન રહ્યું.

ઉત્તર :- કર્મ જ ન રહ્યું. આહા..હા..! એનું અસ્તિત્વ તો અહીં વયું આવ્યું. એના પરિણામ અને પરિણામી જુદા હોય નહિ. કર્મના ઉદયનો ભાવ જીવના રાગના ભાવને કરે, આ પર્યાય આની પર્યાયને કરે તો એ પર્યાય તો અહીં ગરી ગઈ રાગમાં. એટલે પરિણામ વિનાનું દ્રવ્યકર્મ રહ્યું નહિ. કહો, બરાબર છે? આ તો બધા દાખલા. આહા..હા..!

મુમુક્ષુ :- દાખલા આપો તો હા પાડવી..

ઉત્તર :- પ્રેમચંદભાઈ કહેતા એ પ્રેમચંદભાઈ નહિ? આ શું તમારે? કાપડનો ધંધો છે? કાપડનો ધંધો .. એને એ હશે. છેને. હવે એ આમ અટલસ-અટલસ હોયને અટલસ? .. પાટલા જેવું હોયને પાટલા? આમ ખોલે એટલે ઠગ... ઠગ... ઠગ... તો એ ખોલતા .. બીજાને આવડે પણ નહિ. ત્યારે એની આવડતને લઈને એ ખૂલી અને પાછી પાટલા જેવી થઈને?

મુમુક્ષુ :- એ જેને ન આવડે એ કરી શકે નહિ.

ઉત્તર :- કરે કોણ? આહા..હા..! એની ઘડ હોયને સરખી ઘડ? પાટો હોય પાટો આમ. એની ઘડ આમ ... પાછા સંકેલવા માંડે તો આમ થઈ જાય. આ કાગળના ઓલા નથી આવતા? પંખા ચેન્નાઈ નહિ? આમ આટલું જ વળી જાય. બે ભાગ કરી આટલું. એ કરે છે કે નહિ? કરે કોણ પણ? એ દ્રવ્ય છે કે નહિ? અને દ્રવ્ય છે એ પરિણામ વિનાનું હોય? એ પરિણામવાળું દ્રવ્ય છે અને પરિણામી એ દ્રવ્ય જ ત્યાં છે. બીજાની આંગળીએ આમ કર્યું છે, ફેરવ્યું છે (એમ નથી). આહા..હા..! અડેની વ્યાખ્યા એવી કરી છે ફુલચંદજીએ. ઓલોમાં આવેને .. એમ કે ત્યાં આલિંગન કરતો નથી, સ્પર્શતો નથી. એનો અર્થ એવો કર્યો છે કે એરૂપે પરિણમતું નથી એમ. પણ સ્પર્શતો નથી એટલે કઠણ પડે છે. સ્પર્શતો નથી, અડતો નથી. એકત્વનિશ્ચયગત ઓલું આવે છેને? દરેક પદાર્થ પોતાના ધર્મને ચુંબે છે. પણ પરના ધર્મને ચુંબતું-અડતું નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

એ બીડી પીતા દીવાસળી આમ ઘસે એટલે ઘસવાને કારણે ઓલી પર્યાય દીવાસળીની થઈ. તો જે સામે બાકસ છે. એની પર્યાયે આ પર્યાય કરી, તો એ પર્યાય તન્મય થઈ ગઈ અગ્નિમાં. અને એ પર્યાય વિનાનું દ્રવ્ય એ પણ નાશ થઈ ગયું. કહો, પણ વસ્તુ જેમ છે એમ એના... જ્યારે પરનો કર્તા માને તો પરથી લક્ષ ઉઠાવશે નહિ અને પરનો કર્તા માને તો દૃષ્ટિ તો ત્યાં રહેશે. એટલે ધર્મ જેને કરવો હોય એને પરના પર્યાયમાં મારું કર્તવ્ય કાંઈ નથી. તો દૃષ્ટિ ઉઠાવશે ત્યાંથી. સમજાણું કાંઈ? અને ખરેખર તો પુણ્યના-પાપના પરિણામમાં મારું કર્તવ્ય નથી એમ જો માને તો વિભાવ અને સ્વભાવની ભિન્નતા કરે. ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ વસ્તુ ત્રિકાળ પિંડ ચૈતન્યઘન અને એક સમયનો વિકૃત એ સ્વભાવ જો એને કરે તો સ્વભાવ અને વિભાવ બે એક થઈ જાય છે. સ્વભાવની દશા ભિન્ન રહે નહિ. આમ છે. વસ્તુસ્થિતિ આમ પોકારે છે ત્યાં ઓલા ભગવાન કહે છે એ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- લોકો કહે એમ ભગવાન કહે તો ..

ઉત્તર :- કુંભાર પણ કહે કે દયા પાળવી. આ કહે કે પણ પરની દયાની પર્યાય તારાથી પળે તો તારા પરિણામ ગરી ગયા ત્યાં. તું જુદો ન રહ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું શું હશે આ? એય..! તુરખિયાજી! ત્યાં હશે અમેરિકામાં આવું ત્યાં? ગપેગપ મારતા હોય અમેરિકામાં જઈને. બે વર્ષ અને ચાર વર્ષને ભણી આવ્યાને ૫૦-૫૦, ૪૦-૪૦ હજારના ખર્ચ કરીને હેરાન થઈને.

મુમુક્ષુ :- ૫૦ ખર્ચે તો રૂપિયા કે દિ' હતા એના?

ઉત્તર :- પૈસા ક્યાં એના હતા? આ નિરંજન આવ્યો હતો જુઓ ૬૦ હજાર આપ્યા

હતા આણે તો ૬૦ હજાર આપ્યા અને ઉપરાંત ૫૦ હજારનો માલ લાવ્યો લ્યો. એ વાતું સાંભળી છે. આપણે સાંભળી હોય એ કહીએ. આપણે ક્યાં જોવા ગયા હતા.

મુમુક્ષુ :- કમાઉ દીકરો કહેવાય.

ઉત્તર :- લ્યો કમાઉ તો તમારો દીકરો મોટો છે. એ તમને ખબર પણ નથી કેટલો મહિનાનો પગાર લાવે છે. એ મને ખબર... કોણ લાવે? એમ કહે છે. આહા..હા..! એ માલ જે અમેરિકાથી અહીં આવે, એની જે વર્તમાન પર્યાયનું પરિણમન એ એને કારણે થયું. બીજો કહે કે હું આ પર્યાયને મેં બનાવી, તો પોતાની અવસ્થા ત્યાં એક-મેક થઈ ગઈ. એટલે જુદાપણું રહ્યું નહિ. પોતે જુદો ન રહ્યો અને ઓલો જુદો ન રહ્યો. બે એક થઈ ગયા. આહા..હા..! ભારે લોજિક ભાઈ આવું!

**'એક દ્રવ્યનો કર્તા અન્ય દ્રવ્ય થાય તો બન્ને દ્રવ્યો એક થઈ જાય, કારણ કે કર્તાકર્મપણું...'** એટલે હવે ખુલાસો કરે છે. **'કર્તાકર્મપણું અથવા પરિણામ-પરિણામીપણું એક દ્રવ્યમાં જ હોઈ શકે.'** વર્તમાન અવસ્થા અને ત્રિકાળી અવસ્થાયી એકમાં હોય. આ જુઓ અવસ્થા થાય છેને આ? એ અવસ્થાયી પરમાણુ છે એની અવસ્થા છે. જો આત્મા એની અવસ્થાને કરે તો આત્માના પરિણામ ત્યાં તન્મય થઈ ગયા. તો આત્મા ત્યાં જુદો રહ્યો નહિ. સમજાણું કાંઈ? આવી તે કઈ જાતની વાત? ગાંડા જેવા લાગે હોં ઓલા નવા હોયને. બાપુ! આ તો સત્ય, પરમસત્યનું વિજ્ઞાન છે. સમજાણું કાંઈ? ભારે વાત! ઓલા કહે કે કર્મની અસર જીવમાં આવે. અસર એટલે શું? કર્મ એ જડ છે. એ વસ્તુ છે. એ સૂક્ષ્મ રજકણ. આ જાડા છે, આ સ્થૂળ. કર્મ ઝીણા રજકણ છે. તો ઝીણા રજકણની અવસ્થા કર્મરૂપે થઈ છે. એ અવસ્થા જીવને અસર કરે રાગમાં, તો એ અવસ્થા તો અહીં રાગમાં આવી ગઈ. અથવા રાગ જીવ કરે એની સાથે કર્મના બંધની પર્યાય પણ રાગ કરે, તો સામાની પર્યાયને આવડી આએ પર્યાયે કરી, એટલે આ પર્યાય ત્યાં વઈ ગઈ જડમાં. જુદી તો રહી નહિ. ન્યાય સમજાય છે કાંઈ? આહા..હા..! પ્રેમચંદભાઈ! આવું છે ક્યાંય ત્યાં? ક્યાંય નથી મારા ગપ્પા માર્યા છે બધે. છે જ નહિ. આહા..હા..!

પણ આ તો બે ને બે ચાર જેવી વાત છે. બે ને બે કોઈ અઢી કહે અને બે ને બે પાંચ કહે એ વાત સાચી હોય? તો એ બે ને બે ઘણા વખતથી રહ્યું એટલે બે ને બે પાંચ થયું એક ટકો વ્યાજનો વધી ગયો. એમ હશે? ઘણા કાળથી બે ને બે ચાર થયું આવે છે. પછી એમાં વ્યાજ વધે કે નહિ કાંઈ? બે ને બે પાંચ થાય કે નહિ? આહા..હા..! ભારે ગાથા હોં. ૯૯મી. કહે છેને ભાઈ ૯૯નું .. ઓલો ગરીબ માણસ હતોને કોક વાણંદ કે એવો. કાંઈક પૈસાની વાત આવે છે. એક ૯૯ ભેગા કર્યા. તો એક ટકો ભેગો થાય તો સો થઈ જાય. એ ટકો થાય તો થઈ જાય. એવું આવે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ૯૯ .. એક રૂપિયો નાખીને...

ઉત્તર :- દવાની અવસ્થા ચુના. .. આવે છેને? તમારા ભાઈએ પીધી હતી એક ફેરી. મલુપચંદભાઈએ નહિ? પોણું પીવાઈ ગયું હતું. ... એ સોમલની પર્યાય સોમલની. એણે આ શરીરની અવસ્થા બનાવી છે? સોમલના રજકણો અસ્તિ છે, સત્તાવાળા છે અને તે સત્તાવાળાની વર્તમાન અવસ્થા તેનામાં છે. એ અવસ્થા આને કાંઈક બનાવે, તો એ અવસ્થા વિનાનું દ્રવ્ય થઈ ગયું, નાશ થઈ ગયો. એ અવસ્થા તો અહીં વયી આવી. આહા..હા..! બરાબર હશે આમાં? આમાં પણ ધર્મમાં શું? એને સત્ય વસ્તુ આમ છે એમ થતાં અનંત પરદ્રવ્યની પર્યાયોનો હું કર્તા નથી અને મારી પર્યાયનો બીજો દ્રવ્ય કર્તા નથી. માટે મારી પર્યાય મારાથી થાય એમ નિર્ણય કરે તો એ પર્યાયનો કરનાર દ્રવ્ય છે તો દ્રવ્ય કેવું છે? એ વસ્તુ જે છે જ્ઞાનાનંદ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, એવી એની દૃષ્ટિ થતા એને ધર્મ થાય. સમજાણું કાંઈ? અરે..! આવું ભારે! આ ગામડામાં બળથું જેવાને આવી વાતું કરે તો લાગે આ શું ગાંડા કહે છે?

કીધુંને એક ફેરી. ઘણા વર્ષ પહેલાની વાત છે. મોરડી-મોરડી ગયા હતાને. મોરડી ગયા હતા. ભાઈ છેને કેવળચંદભાઈ. એ નાની મોરડી ઉતરીને મોટી મોરડી ગયા. મોટી મોરડીમાં ગયા હતા એક ફેરી. પછી કહે મહારાજ આવ્યા છે કે નાની મોરડીમાં. કોણ? કહે હથોડી ઉપાડી ન શકાય એમ કહેનારા. લુહાર હતો લુહાર. છેને ચોટીલા આ બાજુ. એક નાની મોરડી સડક ઉપર છે અને મોટી થોડી આઘે છે. એ લુહાર આવ્યો લુહાર. કહે મહારાજ અમે સાંભળવા આવ્યા છે. શું છે? કે કેવળચંદભાઈ એમ કહે છે કે મહારાજ એવું કહે છે કે આ તમે લુહાર છોને. હથોડી આમ કરો છોને. એ તમારાથી નથી થતી એમ કહે છે એ. એ હું સાંભળવા આવ્યો છું. પણ વ્યાખ્યાન પૂરું થઈ ગયું. કીધું ભાઈ! હથોડી છે એ અસ્તિ દેખાય છે કે નહિ? અસ્તિ છે કે નાસ્તિ? આકાશના ફૂલ છે? આકાશના ફૂલ હોય જ નહિ, તો દેખાય જ નહિ. એનું અસ્તિત્વ જ નથી. આ હથોડી અસ્તિ છે કે નહિ? સત્તા છે કે નહિ? હોવાપણે છે કે નહિ? તો હોવાપણાવાળું તત્ત્વ ઉંચું-નીચું થાય એ અવસ્થા હોવાવાળા તત્ત્વને લઈને છે કે બીજાના હાથને લઈને છે? આહા..હા..! સમજાણું કાંઈ?

'**કારણ કે કર્તાકર્મપણું અથવા પરિણામ-પરિણામીપણું એક દ્રવ્યમાં જ હોઈ શકે. આ રીતે...**' હોઈ શકેનો અર્થ શંકાને સ્થાન નથી. આ વળી ઓલું સંભવિત આવ્યું હતુંને એક ફેરી ભાઈ! સંભવિત અસંભવિત છે. મોક્ષમાર્ગમાં આવે છે. તો અમારા .. શેઠ કહે જુઓ અસંભવિત કહ્યું. .. લાગતો નથી એમ કરીને. અરે..! એમ નથી. સમ્યક્ પ્રકારે થઈ શકતું નથી, અસંભવિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**આ રીતે જો એક દ્રવ્ય બીજા**

**દ્રવ્યરૂપ થઈ જાય, તો તે દ્રવ્યનો જ નાશ થાય...'** એ વસ્તુનું હોવાપણું પોતાથી ટકી શકે નહિ. કારણ કે બીજાની પર્યાયમાં આ પર્યાય કરવા ગયું એટલે આ પર્યાય વિનાનું દ્રવ્ય રહ્યું. પર્યાય ત્યાં ગઈ એટલે પર્યાયનું દ્રવ્ય આ પરિણામી છે. પરિણામ પણ ત્યાં રહ્યું. જુદું દ્રવ્ય રહ્યું નહિ. આહા..હા..! કહો આ ચશ્માથી અંદર જ્ઞાન થાય એ વાત બરાબર છે? કહો.

મુમુક્ષુ :- ગ્લાસ કાઢી નાખો અને વાંચી દે તો ખબર પડે.

ઉત્તર :- કોણ કાઢે અને કોણ છોડે? આહા..હા..! અજ્ઞાનીની ભ્રમણા. કે જુઓ અહીં ચશ્મા આવ્યા તો અક્ષર વંચાય. ... આ ચશ્માની અવસ્થા આમ થઈ છે એ તો જડમાં થઈ. એ અવસ્થાએ જીવમાં શું કર્યું? સમજાય છે કાંઈ? જીવમાં જે જ્ઞાનગુણ છે ત્રિકાળ એની થતી વર્તમાન અવસ્થા. એને જો આ ચશ્માની પર્યાય કરે તો એ પર્યાય વિનાનું એકલું દ્રવ્ય રહી ગયું. ચશ્માની પર્યાય અહીં ગરી જ્ઞાનમાં. એ ચશ્મા રહ્યા નહિ. બરાબર હશે? આ દાખલા આમાં ઠીક બેસે છેને બધા સરખા? આહા..હા..! અમેરિકામાં તો મોટા ગોળા મારે ઓલો પ્રોફેસર અને આ બધા... હિન્દુસ્તાની ઘણા ગયા છે ત્યાં. કેટલા હજાર કહે છે ત્યાં. વાતુ કરે એ સાંભળીએ.

મુમુક્ષુ :- હવે નથી ચાલે એવું.

ઉત્તર :- એ ઘણા કહે છે ગયા છે. ત્યાં જાય છે. એ હોયને નવા આવતા હોય. નવા આપણા મંડળમાંથી જાય તો પહેલા પગે લાગીને જાય તો જાણીએ કે બસ જાય છે ખરા. અહીં આવે, આહાર વહોરાવે, કાંઈક પૈસા મૂકે. અમેરિકા જઈએ છીએ હોં મહારાજ! આહા..હા..!

મુમુક્ષુ :- ત્યાં .. છે.

ઉત્તર :- કેટલા? ૫૦? ૫૦ હજાર. ઘણા હજારો. આપણે કોક કહે એ સાંભળ્યું હોય. હજાર હિન્દુસ્તાની ગયા છે. ત્યાં જ્ઞાન લટકતું હશે. (કે) ત્યાંથી જ્ઞાન લઈ આવીએ?

મુમુક્ષુ :- ત્યાંના રૂપિયા

ઉત્તર :- ધૂળેય રૂપિયો નથી. રૂપિયો રૂપિયાની પર્યાયમાં છે. રૂપિયો અહીં જ્ઞાનની પર્યાયમાં આવ્યો છે?

મુમુક્ષુ :- .. કામમાં તો આવ્યો.

ઉત્તર :- કોણ લાવ્યો? લાવ્યો ધૂળેય નથી. આહા..હા..!

કહે છે કે **'એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપ થઈ જાય, તો તે દ્રવ્યનો જ નાશ થાય...'** મોટું જગતમાં નાશ દેખાય **'માટે એક દ્રવ્યને અન્ય દ્રવ્યનો કર્તા કહેવો ઉચિત નથી.'** આહા..હા..! ભારે વાત ભાઈ! અભિમાનીના બધા અભિમાન ગળી જાય એવું છે. આહા..હા..!

મુમુક્ષુ :- કહેવો પણ ઉચિત નથી.

ઉત્તર :- કહેવો એ વ્યાજબી, વ્યવહારે પણ વ્યાજબી નથી એમ કહે છે. વ્યવહાર ભાષા કેવી! ભાષા ક્યાં તારી હતી? કહેવાનો ભાવ તારો છે એ પણ ખોટો છે. આહા..હા..!

હવે એથી ઉપરમાં વાત લઈ જાય છે.

મુમુક્ષુ :- .. વાત આવી.

ઉત્તર :- હા.

## ગાથા-૧૦૦

निमित्तनैमित्तिकभावेनापि न कर्तास्ति --

जीवो ण करेदि घडं णेव पडं णेव सेसगे दव्वे।
जोगुवओगा उप्पादगा य तेसिं हवदि कत्ता।।१००।।

जीव ो न करोति घटं नैव पटं नैव शेषकानि द्रव्याणि।
योगोपयोगावुत्पादकौ च तयोर्भवति कर्ता।।१००।।

यत्किल घटादि क्रोधादि वा परद्रव्यात्मकं कर्म तदयमात्मा तन्मयत्वानुषङ्गात् व्याप्यव्यापकभावेन तावन्न करोति, नित्यकर्तृत्वानुषङ्गान्निमित्तनैमित्तिकभावेनापि न तत्कुर्यात्। अनित्यौ योगोपयोगावेव तत्र निमित्तत्वेन कर्तारौ। योगोपयोगयोस्त्वविकल्पव्यापारयोः कदाचिदज्ञानेन करणादात्मापि कर्ताऽस्तु तथापि न परद्रव्यात्मककर्मकर्ता स्यात्।

આત્મા (વ્યાપ્યવ્યાપકભાવથી તો કર્તા નથી પરંતુ) નિમિત્તનૈમિત્તિકભાવથી પણ કર્તા નથી એમ હવે કહે છેઃ-

જીવ નવ કરે ઘટ, પટ નહીં જીવ શેષ દ્રવ્યો નવ કરે;
ઉત્પાદકો ઉપયોગયોગો, તેમનો કર્તા બને. ૧૦૦.

ગાથાર્થ :- [जीव] જીવ [घटं] ઘટને [न करोति] કરતો નથી, [पटं न एव] પટને કરતો નથી, [शेषकानि] બાકીનાં કોઈ [द्रव्याणि] દ્રવ્યોને (વસ્તુઓને) [न एव] કરતો નથી; [च]

પરંતુ [योगोपयोगौ] જીવના યોગ અને ઉપયોગ [उत्पादकौ] ઘટાદિને ઉત્પન્ન કરનારાં નિમિત્ત છે [तयो:] તેમનો [कर्ता] કર્તા [भवति] જીવ થાય છે.

ટીકા :- ખરેખર જે ઘટાદિક તથા ક્રોધાદિક પરદ્રવ્યસ્વરૂપ કર્મ છે તેને આ આત્મા વ્યાપ્યવ્યાપકભાવે તો કરતો નથી કારણ કે જો એમ કરે તો તન્મયપણાનો પ્રસંગ આવે; વળી નિમિત્તનૈમિત્તિકભાવે પણ તેને કરતો નથી કારણ કે જો એમ કરે તો નિત્યકર્તૃત્વનો (અર્થાત્ સર્વ અવસ્થાઓમાં કર્તાપણું રહેવાનો) પ્રસંગ આવે. અનિત્ય (અર્થાત્ જે સર્વ અવસ્થાઓમાં વ્યાપતા નથી એવા) યોગ અને ઉપયોગ જ નિમિત્તપણે તેના (-પરદ્રવ્યસ્વરૂપ કર્મના) કર્તા છે. (રાગાદિવિકારવાળા ચૈતન્યપરિણામરૂપ) પોતાના વિકલ્પને અને (આત્માના પ્રદેશોના ચલનરૂપ) પોતાના વ્યાપારને કદાચિત્ અજ્ઞાનથી આત્મા કરતો હોવાથી યોગ અને ઉપયોગનો તો આત્મા પણ કર્તા (કદાચિત્) ભલે હો તથાપિ પરદ્રવ્યસ્વરૂપ કર્મનો કર્તા તો (નિમિત્તપણે પણ કદી) નથી.

ભાવાર્થ :- યોગ એટલે (મન-વચન-કાયના નિમિત્તવાળું) આત્મપ્રદેશોનું ચલન અને ઉપયોગ એટલે જ્ઞાનનું કષાયો સાથે ઉપયુકત થવું-જોડાવું. આ યોગ અને ઉપયોગ ઘટાદિક તથા ક્રોધાદિકને નિમિત્ત છે તેથી તેમને તો ઘટાદિક તથા ક્રોધાદિકના નિમિત્તકર્તા કહેવાય પરંતુ આત્માને તેમનો કર્તા ન કહેવાય. આત્માને સંસારઅવસ્થામાં અજ્ઞાનથી માત્ર યોગ-ઉપયોગનો કર્તા કહી શકાય.

અહીં તાત્પર્ય આ પ્રમાણે જાણવું: દ્રવ્યદૃષ્ટિથી તો કોઈ દ્રવ્ય અન્ય કોઈ દ્રવ્યનું કર્તા નથી; પરંતુ પર્યાયદૃષ્ટિથી કોઈ દ્રવ્યનો પર્યાય કોઈ વખતે કોઈ અન્ય દ્રવ્યના પર્યાયને નિમિત્ત થાય છે તેથી આ અપેક્ષાએ એક દ્રવ્યના પરિણામ અન્ય દ્રવ્યના પરિણામના નિમિત્તકર્તા કહેવાય છે. પરમાર્થે દ્રવ્ય પોતાના જ પરિણામનું કર્તા છે, અન્યના પરિણામનું અન્યદ્રવ્ય કર્તા નથી.

## ગાથા-૧૦૦ ઉપર પ્રવચન

'આત્મા વ્યાપ્યવ્યાપકભાવથી તો કર્તા નથી...' એટલે શું? વ્યાપ્ય-વ્યાપક એટલે શું? ભાષા થઈ શાસ્ત્રની. વ્યાપ્ય એટલે અવસ્થા અને વ્યાપક એટલે અવસ્થાનું કરનારું તત્ત્વ-દ્રવ્ય. જે વિસ્તાર પામે દ્રવ્ય અને વિસ્તાર પામીને દશા થાય તે વ્યાપ્ય. કહો, સમજાણું કાંઈ? આ રજકણ છે જુઓ આ. એ રજકણની આ અવસ્થા છે. આ અવસ્થા આમ-

આમ થાય એ એનું વ્યાપ્ય. અને પરમાણુ જે કાંઈ પડ્યા છે એ પરમાણુ વ્યાપક. કારણ કે પરમાણુ વ્યાપક પ્રસરીને એ પર્યાય થઈ છે. આ આત્મા પ્રસરીને એ પર્યાય થઈ છે એમ નથી. અરેરે..! આહા..હા..! સમજાણું કાંઈ? '(**વ્યાપ્યવ્યાપકભાવથી તો કર્તા નથી...**' એટલે કે બીજાની અવસ્થા વ્યાપ્ય અને આત્મા વ્યાપક એમ તો કર્તા નથી. '**પરંતુ નિમિત્તનૈમિત્તિકભાવથી પણ કર્તા નથી...**' લે! હવે એથી આગળ ગયો. નિમિત્ત-નૈમિત્તિકભાવથી પણ જડની અવસ્થા આ ચશ્મા આમ ઉપાડવા એમાં જીવનું નિમિત્તપણું છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

નિમિત્ત-નૈમિત્તિકભાવ એટલે? જગતની અવસ્થા પરપદાર્થની થાય તે નૈમિત્તિક. નિમિત્તના કાળે બીજી અવસ્થા પરમાં થાય તેને નૈમિત્તિક કહીએ અને જોડે રહેલી અવસ્થાવાળું તત્ત્વ તેને નિમિત્ત કહીએ. તો જીવદ્રવ્ય નિમિત્ત-નૈમિત્તિકભાવથી પણ કર્તા નથી. વ્યાપ્યવ્યાપકથી તો કર્તા નથી. પણ નિમિત્ત-નૈમિત્તિકથી પણ કર્તા નથી. જુઓને કેટલી વાત કરી છે ઓહો..હો..! '**એમ હવે કહે છે :—**' ૧૦૦ ગાથા.

મુમુક્ષુ :- એ બરાબર સોએ સો પૂરું.

ઉત્તર :- સોએ સો પૂરું.

**जीवो ण करेदि घडं णेव पडं णेव सेसगे दव्वे।**
**जोगुवओगा उप्पादगा य तेसिं हवदि कत्ता।।१००।।**

આહા..હા..! ગજબ ગાથા છે!

**જીવ નવ કરે ઘટ, પટ નહીં જીવ શેષ દ્રવ્યો નવ કરે;**
**ઉત્પાદકો ઉપયોગયોગો, તેમનો કર્તા બને. ૧૦૦.**

આજે વ્યાખ્યા જ એમાં બહુ આવ્યું હતું. યોગની ક્રિયા આત્મા કરે... યોગની ક્રિયા આત્મા કરે... અને યોગની ક્રિયા ન કરે તો ચારિત્ર અને તપ થઈ શકશે નહિ. યોગથી ચારિત્ર અને તપ થાય (એમ માને છે). આહા..હા..!

'**ટીકા :–**' સોમી ગાથાની ટીકા. અલૌકિક ગાથા છે આ. '**ખરેખર...**' '**यत्किल**' છેને? '**यत्किल**' છે એટલે ખરેખર. '**यत्**' એટલે જે. '**किलयत**' '**ખરેખર જે ઘટાદિક...**' ઘડો, વસ્ત્ર, લાડવો, દાળ, ભાત, શાક, રથ, ગાડું. એને જો જીવ કરે '**તથા ક્રોધાદિક...**' કર્મના જડની પર્યાય ચારિત્રમોહની. રાગ જીવ કરે એ વખતે ચારિત્રમોહની પર્યાય પણ જીવ કરે તો '**પરદ્રવ્યસ્વરૂપ કર્મ...**' એટલે પર્યાય. '**પરદ્રવ્યસ્વરૂપ કર્મ...**' એટલે પરિણામ. '**તેને આ આત્મા વ્યાપ્યવ્યાપકભાવે તો કરતો નથી...**' સંધિ કરી ૯૯ની. '**કારણ કે જો એમ કરે તો તન્મયપણાનો પ્રસંગ આવે;...**' એ વાત ૯૯ની કરી. પરની અવસ્થાને જીવ પોતાની અવસ્થાથી કરે તો પોતાની અવસ્થા પરમાં એક-મેક થઈ જાય. પોતાની અવસ્થા

અને પોતાનું અવસ્થાયી જુદું રહી શકે નહિ. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

આ બધા અહં-મદવાળા હોય એને આ બધા સાંભળવા આ શું માંડી છે કહે. આખો દિ' આ કરીએ છીએ. લ્યો! આત્મા ઈચ્છા ન કરે તો મોઢું ચાલે? લ્યો! મોઢું એને કારણે ચાલે. એમ કહે છે અહીં. સાંભળને મારા! સમજાણું કાંઈ? એ દાંત આમ ન થાય તો રોટલીના ટૂકડા થાય? સાંભળતો ખરો, દાંતની પર્યાય રોટલીના ટૂકડાની પર્યાયમાં જાય તો દાંતના પર્યાયવાળો દાંત રહેતો નથી. અરેરે..! ભારે આ વાત. સમજાણું કાંઈ? તું અનંત સત્તાને, સત્ત્વને માને છે કે નહિ? તો દાંતના અનંત રજકણો જુદા અને રોટલીના અનંતા રજકણો જુદા. તો રોટલીના કટકા થાય એવી જે રોટલીની પર્યાય. એને દાંતની પર્યાય જો કરે તો દાંતની પર્યાય ત્યાં પેસી ગઈ. તન્મય થઈ ગઈ. તો દાંત જુદા રહ્યા નહિ. અરેરે..! એટલે **'તન્મયપણાનો પ્રસંગ આવે;...'** જો એક દ્રવ્ય, રજકણની દ્રવ્યની પર્યાય બીજા રજકણની પર્યાયને કરે તો એક રજકણ બીજા રજકણમાં એકમેક થઈ જાય. આહા..હા..!

**'વળી...'** હવે બીજી વાત. એ તો ૯૯ની સંધિ કરી. **'નિમિત્તનૈમિત્તિકભાવે પણ તેને કરતો નથી...'** આહા..હા..! કર્મની જડની અવસ્થા એ નૈમિત્તિક અને જીવ એમાં નિમિત્ત. કર્મની અવસ્થા બાંધે, બંધાય એ જડને લઈને. એ નૈમિત્તિક અને જીવ એમાં નિમિત્ત. અથવા જીવમાં થતો વિકાર એ નૈમિત્તિક અને કર્મનો ઉદય તે નિમિત્ત. આહા..હા..! એમ જો હોય. અહીં તો આત્માની વાત છે. **'કારણ કે જો એમ કરે તો નિત્યકર્તૃત્વનો (અર્થાત્ સર્વ અવસ્થાઓમાં કર્તાપણું રહેવાનો) પ્રસંગ આવે.'** શું કહે છે જરી ઝીણી વાત હોં. આહા..હા..! ભગવાન અરૂપી ચૈતન્યઘન આત્મા જો એ પરની પર્યાયને કરવાકાળે પોતાનું નિમિત્ત હોય, તો નિમિત્તથી ત્યાં થાય તો જ્યારે-જ્યારે નિગોદના શરીરાદિ થાય ત્યારે-ત્યારે તેને હાજર રહેવું પડે. સમજાણું કાંઈ? આહા..હા..! હળવે-હળવે. એ પહેલો દાખલો આકરો આવી ગયો.

બીજો. નિમિત્ત-નૈમિત્તિકથી જો કરે તો એમ કરે તો નિત્ય કર્તૃત્વ. વસ્તુ છે એ ત્રિકાળ છે આત્મા અને સામાની પર્યાયકાળે જીવદ્રવ્ય જો એને કરે તો જીવ તો નિત્ય છે. તો નિત્ય કર્તાપણાનો પ્રસંગ આવે. એટલે કે નરકના શરીર, નિગોદના શરીર, આ જગતના જેટલા કામ છે બહારના. એ વખતે આત્માની હાજરી ત્યાંથી છૂટે નહિ નિમિત્તપણે. જો નિમિત્તથી થતું હોય તો.

મુમુક્ષુ :- એની સાથે ધમણ ચાલું જ રાખવું.

ઉત્તર :- ચાલું જ રાખવું પડે. આહા..હા..! ભારે વાત ભાઈ! નિમિત્તથી થતું નથી એમ કહે છે. એણે નાખ્યું છે ... ભૈયા ભગવતીદાસ, બનારસીદાસ. એય..! ચેતનજી! અને આ ટોડરમલ. એ સમજ્યા નથી મારા હિસાબે. તારો હિસાબ કઈ જાતનો? ગાંડાનો હિસાબ. આહા..હા..!

કહે છે ભગવાન આત્મા નિત્ય રહેતા એની વર્તમાનની પર્યાય પણ છે. એ જીવ પરપદાર્થની અવસ્થાના વ્યાપવાની પર્યાયને તો ન કરે, પણ એને થતી અવસ્થા વખતે આનું નિમિત્તપણું હોય જીવનું. તો જીવ નિત્ય છે. તો જીવને નૈમિત્તિક અવસ્થાકાળે નિમિત્તપણે સદાય રહેવું પડે. આહા..હા..! કહો, સમજાણું આમાં? કારણ કે જીવ વસ્તુ છે એ તો ત્રિકાળ છે. વસ્તુ છે એ સત્ છે. સત્ છે તે અવિનાશી, અનાદિ-અનંત છે. એ વસ્તુ પોતે. પરની પર્યાયમાં વસ્તુ પોતે નિમિત્ત હોય, તો વસ્તુ નિત્ય છે. તો દરેક જગતની પર્યાયકાળે તેનું કર્તૃત્વપણું ઉભું રહે. પરથી જુદો પડે નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ભારે ઝીણું!

વ્યાપ્યવ્યાપક પરિણામ પરિણામીપણે તો નહિ. પણ પરિણામી એવો જે જીવદ્રવ્ય, પરિણામનો ધરનાર એવી વસ્તુ આત્મા. એ પરના કાળે, એને પરની અવસ્થા તો તેને કાળે થાય. પણ તેને વખતે જીવના દ્રવ્યનું નિમિત્તપણું જો હોય તો નિત્ય કર્તૃત્વનો પ્રસંગ જીવમાં આવે. અનાદિ-અનંત જગતના પદાર્થની અવસ્થા કાળે ત્યાં નિમિત્તપણે રહેવું જોઈએ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? શું છે તમારે ધંધો? લોઢાનો? આહા..હા..!

મુમુક્ષુ :- પછી ખાવા-પીવાનો ને .. સૂવાનો ને..

ઉત્તર :- .. જડ છે પર. ખાવા-પીવાની અવસ્થામાં એ અવસ્થા તો જડની નૈમિત્તિક છે. ઈ કાળે જીવને નિમિત્તપણું જો એનું હોય. જેટલી ક્રિયા જડની માંસ ખાવાની આદિની ક્રિયા વખતે જીવને નિમિત્તપણે રહેવું જોઈએ. સમજાણું કાંઈ? જીવદ્રવ્ય જો પોતે પરની અવસ્થાકાળે નિમિત્તપણે હોય તો કસાય ખાનાના હજારો અહીં અત્યારે કપાય છેને ક્યાંક કારખાનું શું? ..માં નવું થયુંને કાંઈક? .. નવું .. છે. નવું થયું છેને મોટું. આઠ-આઠ હજાર. હજી બકરાનું વાર છે કહે છે. ગમાણમાં આમ નાખે માથું. ઉપરથી સંચો આવે. ફડાક. માથું જુદું અને આ જુદું. એક-એક દિ'ના આઠ-આઠ હજાર. એથી વધારે કહેતા હશે. આહા..હા..!

કહે છે કે વસ્તુ ભગવાન આત્મા એ નિત્ય છે. વસ્તુ. જો એવી અવસ્થામાં નિમિત્ત હોય જીવ, તો દરેક અવસ્થામાં એણે નિમિત્તપણે રહેવું જોઈએ. કારણ કે વસ્તુ તો નિત્ય છે. આહા..હા..! સમજાણું કે નહિ? બાબુભાઈ! શું કીધું ઈ? જો એની અવસ્થા વ્યાપ્ય અને આત્મા વ્યાપક એમ હોય તો વસ્તુનો નાશ થાય. ત્રિકાળ દ્રવ્ય જ ન રહે. સમજાણું? અને અહીં હવે કહે છે કે એની પરની અવસ્થાકાળે એનું નિમિત્તપણું હોય તો વસ્તુને કાયમ ત્યાં નિમિત્તપણે રહેવું જોઈએ. સમજાણું કાંઈ? ભારે વાત આકરી! છે?

'**વળી નિમિત્તનૈમિત્તિકભાવે...**' ભાઈ! નિમિત્ત તો છેને જીવદ્રવ્ય? હજી તો પર્યાયને પણ બીજી રીતે લેશે. આહા..હા..! ભારે! '**નિમિત્તનૈમિત્તિકભાવે પણ તેને કરતો નથી કારણ કે જો એમ કરે તો નિત્યકર્તૃત્વનો (અર્થાત્ સર્વ અવસ્થાઓમાં કર્તાપણું રહેવાનો)...**' .. જગતના બધા પદાર્થની અવસ્થાપણે, નિમિત્તપણે રહેવાનો (પ્રસંગ આવે).

આહા..હા..! સર્વ અવસ્થાઓમાં છેને? કર્તાપણે રહેવાનો છેને? આહા..હા..! ગાયુ કાપે એ નૈમિત્તિક અવસ્થા છે. એમાં જીવને નિમિત્તપણે રહેવું પડે. કારણ કે જીવદ્રવ્ય જો એનો કર્તા હોય. વ્યાપ્યવ્યાપકપણે તો નહિ, પણ નિમિત્તપણે જીવદ્રવ્ય કર્તા હોય તો એવી દરેક અવસ્થામાં એનું કર્તાપણું હાજર રહેવું જોઈએ. આહા..હા..! મુનિઓએ પણ કેવા કામ કર્યા જંગલમાં રહીને. આ બધા સમજે કે જાણે એલ.એલ.બી અને બી.એ.ના પૂંછડા વળગાડે ત્યારે મોટા...

મુમુક્ષુ :- કઈ કોલેજમાં ભણ્યા

ઉત્તર :- આ કોલેજમાં ભણ્યા હતા આત્માની.

મુમુક્ષુ :- તે દિ' તો અમેરિકા કે ક્યાંય જવાનું નહોતું.

ઉત્તર :- હતું ક્યાં? આ આત્મામાં જવાનું હતુંને. અંદર ગયા હતા અંદર. અંદરની કોલેજમાંથી લાવ્યા. આહા..હા..!

ચૈતન્ય સ્વરૂપ ભગવાન કહે છે પરની અવસ્થા કાળે ઘટની અવસ્થા કાળે જીવનું નિમિત્તપણું જો ઘટમાં હોય તો જ્યાં-જ્યાં જે-જે અવસ્થાઓ અનંતા ઘટ થવાના, અનંતા પટની અવસ્થા થવાની. અનંતા જગતના પદાર્થોની અવસ્થા પલટીને નવી-નવી થવાની. એ બધી અવસ્થા કાળે એને નિમિત્તપણે રહેવું પડશે. નિત્ય કર્તૃત્વનો પ્રસંગ આવશે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એની જ વાત છે. અહીં તો વાત દ્રવ્યની વાત છે. નિત્ય.. પછી આવશે. હજી દ્રવ્યની વાત તો નક્કી કરે, પછી પર્યાયની.

'**સર્વ અવસ્થાઓમાં...**' છેને? '**કર્તાપણું રહેવાનો પ્રસંગ આવે.**' ન્યાય સમજાય છે કાંઈ? આ ભાષાની અવસ્થા થાય છે, આ શરીરના આ થાય છે જુઓ. એ અવસ્થામાં જીવદ્રવ્ય એટલે વસ્તુ. એનું જો નિમિત્તપણું હોય તો તો જગતની બધી અવસ્થાઓમાં એના કર્તૃત્વનો પ્રસંગ ઉભો રહેશે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યારે છે શું હવે? '**અનિત્ય (અર્થાત્ જે સર્વ અવસ્થાઓમાં વ્યાપતા નથી એવા યોગ અને ઉપયોગ...**' ઉપયોગ એટલે ઈચ્છા. યોગ એટલે આત્માનું કંપન પ્રદેશનું. આહા..હા..! એ ઘટને કાળે, પટને કાળે, રોટલીને કાળે, હથોડી ઉપડવાને કાળે, .. ફેરફારને કાળે, ખાવાની ક્રિયાને કાળે, રાંધવાની ક્રિયાને કાળે. અજ્ઞાનીનો જે યોગ અને ઉપયોગ એટલે ઈચ્છા, કષાય. યોગ અને કષાય જ નિમિત્તપણે. પરની અવસ્થામાં યોગ અને કષાય નિમિત્ત છે. એ કોનો? જે યોગ અને કષાયનો કર્તા અજ્ઞાની થાય તેનો. યોગ ને રાગ ને કંપનનો કર્તા થાય એનો પર્યાય. બીજાની પર્યાયકાળે નિમિત્ત કહેવાય છે. જ્ઞાનીને તો પોતાના સ્વભાવનો કર્તા હોવાથી એ બધી અવસ્થાકાળે જે અવસ્થા થાય એ જ્ઞાનમાં નિમિત્ત થાય, જ્ઞાનમાં નિમિત્ત થાય. આમ ન થતાં આમ થાય. એ વાત વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ-૧૨, શનિવાર, તા. ૧૮-૧૧-૧૯૭૨**
**ગાથા-૧૦૦, પ્રવચન-૨૨૬**
**(આ પ્રવચન ૧૪ મિનિટનું જ છે.)**

ગાથા-૧૦૦. સમયસાર. કર્તાકર્મ અધિકાર. ફરીને. ૯૯ ગાથાની સંધિ. '**ખરેખર...**' વાસ્તવિક રીતે તો જે આત્મા સિવાય બીજી ચીજ ઘડો, વસ્ત્ર, ગાડા, વાસણ, કપડા એની જે ક્રિયા થાય એમાં એ આત્મા એનો કર્તા નથી. '**ઘટાદિક તથા ક્રોધાદિક...**' અને જડકર્મ જે અંદર બંધાય. મોહનીય, જ્ઞાનાવરણીય આદિ. એની એ પર્યાયનો પણ જીવ કર્તા નથી. '**તેને આ આત્મા વ્યાપ્યવ્યાપકભાવે તો કરતો નથી...**' કેમકે તે પરની અવસ્થા વ્યાપ્ય થાય અને પોતે વ્યાપક એટલે કર્તા થઈને પ્રસરે એમ તો છે નહિ. સમજાણું કાંઈ? વ્યાપ્યવ્યાપક એટલે પર્યાય વ્યાપ્ય અને દ્રવ્ય વ્યાપક. એ રીતે પરની પર્યાય વ્યાપ્ય અને આત્મા વ્યાપક એ રીતે તો કરતો નથી. આ શરીરને હલાવું, વાણીનું બોલવું. એ નજીક આવો નજીક છોકરાઓ. છોકરાઓ બરાબર બેસી શકશે નહિ. જુઓ, .. કાઢી નાખો.

શું કહ્યું? કે આ આત્મા જે છે વસ્તુ એ આત્મા પોતે પોતા સિવાયના પર અનંત આત્માઓ અને અનંત રજકણો એની તે વર્તમાન અવસ્થા પરની. એ આત્મા કરતો નથી.

મુમુક્ષુ :- કે દિ'થી?

ઉત્તર :- ત્રણે કાળે. કેમકે પરની પર્યાયને જો આત્મા કરે તો આ આત્માની પર્યાય ત્યાં તન્મય એકાકાર જડ આદિ થઈ જાય એટલે પર સાથે (એક) થઈ જાય. પર સાથે (એક) થતા એ પરિણામ અને પરિણામી જુદાં રહી શકે નહિ. કહો, બરાબર છે?

મુમુક્ષુ :- પોતાની શક્તિમાં આત્મા રહ્યો નહિ.

ઉત્તર :- પોતે અનંત શક્તિવાન પોતા માટે છે. પરને માટે છે? અનંત શક્તિવાન પરને માટે આત્મા છે? પોતાની સત્તામાં અનંત શક્તિવાન પોતે છે. એક આંખની આ પાંપણ છે એની અવસ્થા પણ જીવની પર્યાય જો કરે તો એ જીવની પર્યાય ત્યાં એકાકાર થઈ જાય. એ પર્યાય ત્યાં થતાં પર્યાયવાન જુદો રહી શકે નહિ. કહો, સમજાય છે કાંઈ? ઝીણી ગાથા છે આ તો. પૂરી કરી ત્યાં આવો અધિકાર મૂક્યો. આહા..હા..!

ઘડાને કુંભાર કરે તો કુંભારની અવસ્થા ઘડાની પર્યાયપણે થઈ જાય. તો ઘડાની પર્યાયપણે થતાં એ પોતે જુદો પર્યાય વિનાનો (દ્રવ્ય) રહ્યો નહિ. કારણ કે પર્યાય ત્યાં .. પર્યાય વિનાનું દ્રવ્ય રહે નહિ. દ્રવ્યનો પણ નાશ થઈ ગયો. આ બધા તમે કરતા હતાને હુશિયાર

થઈને. બાબુભાઈ! ઝવેરાતનો ધંધાને કોણ કરે? હવે ગીરીશ કરતો હશે એમ હશે. જુદી છે નહિ એની દુકાન? આહા..હા..! એવું સાંભળેલું હોય કોક. આહા..હા..! કહે છે કે એ કપડાનો કટકો પણ આમથી આમ જાય કે લાકડી આમથી આમ થાય એની ઈ અવસ્થા છે. એ અવસ્થાને જો જીવ કરે તો જીવની પર્યાય ત્યાં એકમેક થઈ ગઈ પર્યાય સાથે. તો પર્યાય સાથે એકમેક થઈ ગઈ તો પરિણામ અને પરિણામી જુદા હોઈ શકે નહિ, તો પરિણામી જુદો રહી શકતો નથી. લોજિકથી વાત કરી છે ન્યાયથી તો મારે. કહો, સમજાય છે કે નહિ?

'**જો એમ કરે તો તન્મયપણાનો પ્રસંગ આવે;...**' લ્યો! ભાવકર્મ પુણ્ય અને પાપ અને નોકર્મ શરીર અને વાણી આદિ. (અહીંથી બીજું પ્રવચન છે.) એવા ભિન્ન આત્માને એનાથી જુદો એવો આત્માને કે જે સહજ ગુણોનું નિધાન છે. એ દ્રવ્ય. એ જીવ કેવો છે કે જે પાપ અને પુણ્યને બાળવાને અગ્નિસમાન એ જીવની સ્થિતિ શું કે જે દ્રવ્ય જડકર્મ. દ્રવ્ય કર્મ જડ આઠ. ભાવકર્મ-પુણ્ય અને પાપ, નોકર્મ-શરીર, વાણી. એનાથી ભિન્ન આત્માને ધ્યાવે છે એમ કહેવું છે. કે જે સહજ ગુણોનું નિધાન છે. કેવો છે ભગવાન આત્મા? સ્વભાવિક ગુણની ખાણ છે. એ ગુણોની પર્યાય પ્રગટ થાય તો ત્યાંથી પ્રગટ થાય એવી છે કહે છે. તો એ પુણ્ય અને પાપમાંથી પ્રગટ થાય એવી નથી. આહા..હા..! અરે..! આ પંચમકાળના પ્રાણી માટે આવી વાત હશે? આ તો પંચમકાળના તો મુનિ છે અને પંચમકાળના જીવને સંબોધીને તો કહે છે. કે ભાઈ! તારું કર્તવ્ય બીજું છે. તારો દ્રવ્યસ્વભાવ નિત્યાનંદ પ્રભુ એની અંદરમાં એકાગ્ર થવું એ તારું કાર્ય અને એ તારો ભાવ છે. એ શુદ્ધ ઉપયોગ એ પરિણતિ તારી. એ તેને પરિણતિ કહેવામાં આવે છે. આહા..હા..!

એ ભગવાન આત્મા જડકર્મ ભાવ અને નોકર્મથી ભિન્ન. ક્યારે પણ? અત્યારે. એ આમ જુદા રહી ગયા છે. જડકર્મ, પુણ્ય-પાપના ભાવ આદિ જુદા પડ્યા છે. એને છોડી દઈને. એટલે ભિન્ન કરીને. આત્માને જે સહજ ગુણોનું નિધાન છે. સ્વભાવિક આનંદ આદિ શક્તિઓનું નિધાન. નિજરસ. રસીલો ભગવાન એનું નિજરસ. જ્ઞાન અને આનંદ આદિ જે એનો નિજરસ કાયમ ત્રિકાળ છે. એવા નિજરસ ગુણોનું તો ભગવાન આત્મા નિધાન છે. એ ખાણને ખોદે વીતરાગતા આવે એવી છે. શુદ્ધોપયોગ કહે છેને? પુણ્ય-પાપના ક્રિયાકાંડમાંથી કોઈ શુદ્ધોપયોગ થાય એમ નથી. આહા..હા..! ભારે લાગે ભાઈ!

તેને ધ્યાવે છે. તેને સહજ ગુણ નામક પરમ આલોચનાનું સ્વરૂપ વર્તે જ છે. વર્તે જ છે એમ. આહા..હા..! એ શું કહે છે? કે પૂર્ણાનંદ પ્રભુ સ્વભાવિક અનંતગુણની ખાણ એને ધ્યાવે છે. એનું ધ્યાન કરે છે. એમાં એકાગ્ર થાય છે. તેને સ્વભાવિક ગુણ નામક પરમ આલોચનાનું સ્વરૂપ પ્રગટ થયેલું વર્તે છે. સમજાણું કાંઈ? એ આલોચના એટલે સંવર. શુદ્ધ

ઉપયોગ, નિર્જરા એને વર્તે છે. પરમ આલોચનાનું સ્વરૂપ વર્તે જ છે. આહા..હા..! દિગંબર સંતોની કથની. ઉભો કરીને પરમાત્મામાં લઈ જાય એવી છે.

મુમુક્ષુ :- સમજાવવાની શૈલી પણ આપની એવી છે.

ઉત્તર :- જુઓને પણ છે કે નહિ અંદર? આહા..હા..! પ્રમોદ છે મુનિને તો ૯ શ્લોક કર્યા એક અધ્યાયમાં. આહા..હા..! નવ શ્લોક. એક ગાથાના નવ તો કળશ કર્યા. શું કહું એને કહે છે. કેટલા કળશે એ ભરેલા કળશાની વાત કરું? ભગવાન ગુણથી ભરેલો પ્રભુ, એને કેટલા કળશથી હું વાત કરું? ગાથા એક, ટીકાની ત્રણ લીટીયું, એના શ્લોક નવ.

(मंदाक्रांता)

आत्मा भितो भवति सततं द्रव्यनोकर्मराशे-
रत्नःशुद्धः शमदमगुणाम्भोजिनीराजहंसः।
मोहाभावादपरमखिलं नैव गृह्णाति सोऽयं
नित्यानंदाद्यनुपमगुणश्चिच्चमत्कारमूर्तिः।।१६२।।

આ ચૈતન્યમાં ચમત્કાર મૂર્તિ ભગવાન છે. આટલા બધા ચમત્કાર. આણે રોગ મટાડ્યો છે. ધૂળેય નથી. મરી જઈશ મારા. અહીં ગયા ત્યાં પૈસા આપશેને, અહીં સમજાણું કાંઈ? અહીં એ કહે છેને મહારાજની લાકડી ફરે અને પૈસા થાય. ધૂળેય નથી સાંભળને. એય..! એ તો એના પુણ્ય હોય તો થાય. એને થાય તો એના આત્માને શું? અરેરે..! આહા..હા..! પરમાત્મપ્રકાશમાં તો કહ્યું છે .. પુણ્યથી વૈભવ મળે, વૈભવથી મદ ચડે કે અમે આવા આવ્યા બધા કરતા ત્યારે આ બધું કર્યું અને મદ ચડ્યો હોય એને મતિ ભ્રષ્ટ થાય. મતિ ભ્રષ્ટ થઈ જાય અને પછી જાય નરક અને નિગોદે રખડવા.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. ફરે. એ ગાથા માન્ય નથીને ફુલચંદજીને. ત્યાં તો .. ચોખ્ખો પાઠ છે. પુણ્યથી વૈભવ આ ધુણધાણીના આ બધા કહેવાય એ. વૈભવમાં મદ ચડે એને. ... અમે સાથે ગયા હતા બધા આફ્રિકા. પણ એને આવડ્યું નહિ તો પૈસા થયા નહિ અને અમને આવડ્યું. સ્વીત્ઝર્લેન્ડમાં ગયા હતા અમે. ત્યાં પૈસા થઈ ગયા. આહા..હા..! એ શ્લોકનો અર્થ કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ-૧૪, રવિવાર, તા. ૧૯-૧૧-૧૯૭૨**
**ગાથા-૧૦૦, પ્રવચન-૨૨૭**

૧૦૦મી ગાથાનો ભાવાર્થ. આ શું ચાલે છે સોમાં? કે આ આત્મા વસ્તુ છે આત્મા. એ આત્મા સિવાય બીજી ચીજો ઘડો, વસ્ત્ર, પાત્ર, મકાન, શરીર, વાણી, કર્મ એ બધાની અવસ્થામાં આત્મા એનો કર્તા નથી. સમજાણું કાંઈ? એમ નિમિત્ત-નૈમિત્તિકભાવથી, વ્યાપ્યવ્યાપકભાવથી તો કર્તા નથી. એટલે શું? ૯૯માં એ લીધું કે કોઈપણ પદાર્થની અવસ્થા થવામાં એ અવસ્થા વ્યાપ્ય અને આત્મા વ્યાપક-પ્રસનાર-કર્તા એ રીતે તો છે નહિ. સમજાણું કાંઈ? આત્મા સિવાય બીજા પદાર્થો છે એ એની અવસ્થાવાળા છે. તો એ અવસ્થાને આત્મા કરે. વ્યાપ્યવ્યાપક એટલે કે દ્રવ્ય પોતે પ્રસરીને એની પર્યાયને કરે અંદર તો તો એ પર્યાય અને પરની પર્યાય બે એક થઈ જાય છે. એમ કોઈ દિ' બને નહિ. કહો, સમજાણું કાંઈ? એમ તો નથી, પણ નિમિત્ત-નૈમિત્તિકભાવે પણ આત્મા કર્તા નથી. કેવો આત્મા? દ્રવ્યસ્વરૂપ વસ્તુ તે. જે કીધુંને?

ત્રિકાળી દ્રવ્યસ્વરૂપ આત્મા એ તો જગતની કર્મની પર્યાય કે શરીરની અવસ્થા કે વાણીની અવસ્થા એમાં એ નિમિત્તપણે પણ કર્તા નથી. હવે ત્રીજો બોલ આવ્યો કે એ કર્મની અવસ્થા, શરીરની અવસ્થા, વાણીની અવસ્થા, ઘટ-ઘડાની અવસ્થા, પટની અવસ્થા એમાં એને કાળે એની અવસ્થા તો થાય. જે પદાર્થ છે તેની અવસ્થા એના કાર્યકાળે એને કારણે થાય. તે કાળે અજ્ઞાનીનો જોગ અને રાગ. એને નિમિત્ત કર્તા કહેવામાં આવે. કેમકે એ રાગને, યોગને મારું કર્તવ્ય માને છે એથી અજ્ઞાનીના જોગને, રાગને પર શરીરાદિની અવસ્થામાં નિમિત્તકર્તા કહેવાય. જે જ્ઞાની છે સમ્યગ્દૃષ્ટિથી માંડીને સર્વજ્ઞ. એ તો પરઅવસ્થામાં દ્રવ્ય તો એનો કર્તા નથી, પણ એની પર્યાય એને નિમિત્તપણે કરે એવું એમાં નથી. નિમિત્ત કર્તા થઈ (એવું નથી). સમજાણું કાંઈ? ધર્મ કરવો હોય એને આ શું પણ હવે? ભાઈ! એ ધર્મ કરનારને મારી ચીજ શું છે? અને એ શું કરી શકે છે? એ તો એણે જાણવું જોઈશેને? કે આત્મા તો આનંદ અને જ્ઞાનસ્વરૂપી નિત્ય વસ્તુ છે. એ કરે તો એના નિર્મળ પરિણામ શુદ્ધ મોક્ષમાર્ગના પરિણામને કરે અને એ પરિણામનો આત્મા કર્તા થાય. સમજાણું કાંઈ? એ સિવાય જગતના પદાર્થની પર્યાયને નિમિત્તપણે પણ કરે એવું વસ્તુમાં છે નહિ. આહા..હા..!

આ સર્વજ્ઞ પરમાત્મા ભાષાને કરે કે નહિ? પુદ્‌ગલની પર્યાય છે. સમજાણું કંઈ? છતાં

શાસ્ત્રમાં છે એટલે દાખલો આપ્યો છે આમાં વળી. દિવ્યધ્વનિ એ જ્ઞાનનું કાર્ય છે. આવે છેને એ? એમ છે. રવિવારની રજા હશે. અહીં કહે છે કે તારે સત્ય સમજવું છે કે નહિ? અને સત્ય સમજવું હોય તો સત્યને સમજવાની રીત શું? કે આ આત્મા વસ્તુ છે, તો એ પોતાના સ્વભાવનો આશ્રય કરે તો એને ધર્મના, શાંતિના, આનંદના, મુક્તિમાર્ગના પરિણામ થાય. એનો તો એને વ્યવહારે કર્તા પણ કહેવાય. ભિન્ન પડ્યોને આત્મા કર્તા અને પરિણામ કર્મ. મોક્ષમાર્ગને પણ. એમ. પણ આત્મા રાગનો અને યોગનો કર્તા એ પણ અજ્ઞાનભાવે છે. સમજાણું કાંઈ? એ અજ્ઞાનભાવે યોગ અને રાગનો કર્તા છે. જ્ઞાનભાવે રાગ અને યોગનો એ કર્તા જ્ઞાની નથી. કેમકે યોગનું જે કંપન છે. એ આવશે પહેલું. અને ઇચ્છાદિ, રાગાદિ હોય એ તો વિભાવ છે. એ મારું કર્તવ્ય અને એ કર્તા એવું સ્વરૂપમાં તો છે નહિ. પણ જેણે પોતાનો પૂર્ણ સ્વભાવ હયાતીરૂપ, અસ્તિત્વરૂપ, સત્તારૂપ જાણ્યું નથી એનું જાણવું રાગ અને યોગમાં અસ્તિત્વ છે મારું એમ એ માને છે. અને એથી અજ્ઞાનીનો રાગ અને યોગ ઘટ, પટ, આ હાથ ઉંચો થાય આદિ વગેરે એવી ક્રિયા જડની, જડને કાળે કાર્યકાળ તો એનો છે એ. એમાં નિમિત્તકર્તા તરીકે અજ્ઞાનીના યોગને, રાગને કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- નિમિત્ત એકલું કહેવામાં આવે છે કે નિમિત્ત કર્તા?

ઉત્તર :- નિમિત્ત કર્તા. નિમિત્ત એકલું નહિ. એકલું તો જ્ઞાનીને હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? જોગમાં અને જોગમાં નિમિત્ત તો કેવળજ્ઞાની પણ છે. નૈમિત્તિક જુદી ચીજ છે અને નિમિત્ત કર્તા જુદી ચીજ છે. સમજાણું કાંઈ? કેવળી પરમાત્મા સમ્યગ્દૃષ્ટિ એ આત્માના સ્વભાવની સત્તાનો સ્વીકાર પૂર્ણ આનંદ છું એવો જ્યાં સ્વીકાર દૃષ્ટિમાં વર્તે છે. એવા ધર્મીને મન, વચન, કાયાના યોગમાં કર્તાપણું નથી. સમજાય છે કાંઈ? હા, નિમિત્તપણે હો. કારણ કે વ્યવહારે એ કંપન અને અવસ્થા એની પર્યાયમાં છેને? એટલે પર્યાયના લક્ષે વ્યવહારનયથી એમ કહો કે યોગ અને રાગમાં આત્માનું નિમિત્ત છે. નિમિત્ત કર્તાપણું નહિ.

મુમુક્ષુ :- આત્મા નિમિત્ત અને ઉપાદાન

ઉત્તર :- બસ, એ રીતે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! તત્ત્વની વાત એટલી સૂક્ષ્મ છે કે લોકોને હાથ આવી નથી. ચૈતન્ય પ્રભુ કહે છે કે એના સ્વભાવને ભૂલે તો એ સ્વભાવનો કર્તા નથી થતો એટલે એ વિભાવ, જોગ અને રાગનો કર્તા થાય એ અજ્ઞાનભાવ છે અને એ અજ્ઞાનભાવ જોગ અને રાગ જડની અવસ્થાકાળે એને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહા..હા..! અને જ્ઞાનીનો રાગ અને યોગ એ વ્યવહારે છે, નિશ્ચયથી નથી. વ્યવહારે કેમ? કે એની પર્યાયમાં છેને એ? યોગનું કંપન અને રાગ આદિ પર્યાયમાં છે એ અપેક્ષાએ... સમજાણું કાંઈ? એ યોગ અને રાગમાં આત્મા નિમિત્ત કહેવાય, પણ યોગ અને રાગનું નિમિત્ત કર્તા પણ નહિ, તો પછી પરની અવસ્થામાં નિમિત્ત કર્તા અજ્ઞાની છે નહિ. સમજાણું કાંઈ?

કેવળજ્ઞાનીપણું જોગમાં નિમિત્ત કહેવાય. જોગ પર્યાય એની વ્યવહાર છેને? મનના બે જોગ છે, વચનના બે જોગ છે, કાયાના ત્રણ છે. ઔદારિક, ઔદારિક મિશ્ર અને કાર્મણ છેને ત્રણ? કાયાના ત્રણ છે. એની અવસ્થામાં છેને? એ અપેક્ષાએ એ જોગને કેવળજ્ઞાની નિમિત્ત છે એમ કહેવાય.

મુમુક્ષુ :- નિમિત્ત કર્તા ન કહેવાય?

ઉત્તર :- કર્તા નહિ. અને એ જોગ ભાષાની પર્યાય ટાણે એને નિમિત્ત કહેવાય યોગને. નિમિત્ત કર્તા નહિ. હવે આ ભાષા! સમજાણું કાંઈ? એ એની વાત છે.

મુમુક્ષુ :- યોગ અને કષાય આવ્યા એ તો પરસ્પર નિમિત્ત તો ખરાને?

ઉત્તર :- કોની સાથે?

મુમુક્ષુ :- યોગ અને કષાયની સાથે.

ઉત્તર :- ના એ નહિ. એ નહિ કાંઈ. યોગ પણ સ્વતંત્ર અને કષાય પણ સ્વતંત્ર.

મુમુક્ષુ :- ત્યારે તો નિમિત્ત કહેવાય સ્વતંત્ર હોય

ઉત્તર :- સ્વતંત્ર છે એટલે નિમિત્ત કહો એટલું. નિમિત્ત કહેવું છે એ .. પણ એ ખરેખર તો યોગને કાળે રાગ હોય એવા જીવને પર વસ્તુમાં નિમિત્ત કર્તા કહેવાય અને વીતરાગને જોગ છે. કર્તા આવ્યો નથી એટલે પરનું એ નિમિત્ત કર્તા પણ નથી. એમ સમ્યગ્દૃષ્ટિને યોગ અને રાગ છે. તો યોગ અને રાગ બીજી અવસ્થામાં એને નિમિત્ત તરીકે છે એમ કહેવાય. કારણ કે વ્યવહારનો પર્યાય એની અવસ્થામાં છેને? પણ નિમિત્ત કર્તા છે એમ નથી. આરે..! ઝીણી વાત છે. આખું તત્ત્વ જ ઉડી જાય છે એમાં. રાગ અને યોગનો કર્તા થતાં સ્વભાવિક એ સ્વભાવ ઉડી જાય છે અને પરનો કર્તા થતાં, નિમિત્ત કર્તા થતાં એને યોગ અને રાગનો કર્તા થાય છે તો સ્વભાવ ઉડી જાય છે. ભીખાભાઈ! મારે ભારે આવું! વસ્તુસ્થિતિ આવી. લોજિકથી એ સિદ્ધ થાય છે. ન્યાયથી પણ સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ?

આમ તો સર્વવિશુદ્ધ અધિકારમાં આવ્યું નહિ કે કેવળજ્ઞાનીનું જ્ઞાન આખા લોકાલોક એમાં યોગ પણ આવી ગયો. એનું પોતાનું કંપન. એ લોકાલોકમાં જાય છે. એ લોકાલોક એ જ્ઞાનને નિમિત્ત છે અને લોકાલોકની પર્યાયને આ કેવળજ્ઞાનનું જ્ઞાન નિમિત્ત છે. જ્ઞેય-જ્ઞાયક. સમજાણું કાંઈ? પણ ઝઘડા ઉઠ્યા છેને શાસ્ત્રમાં આવે કે દિવ્યધ્વનિ એ જ્ઞાનનું કાર્ય છે. એ તો નિમિત્તથી વાત કરી છે. ભાષા છે એની વર્ગણા રજકણો છે. અને શાસ્ત્રમાં તો ત્યાં સુધી ચાલ્યું છે કે ચાર પ્રકારની ભાષા છે એ દરેક ભાષાની વર્ગણા ભિન્ન-ભિન્ન છે. જેને સત્યપણે પરિણમવું છે એ ભાષા જુદી, વર્ગણા જુદી. અસત્યને પરિણમવું એ વર્ગણા (જુદી). વર્ગણા એટલે રજકણોનો સમૂહ. વર્ગણા એટલે વર્ગનો વર્ગ સમૂહ. ઘણા રજકણોનો સમૂહ તે વર્ગ અને ઘણા સ્કંધનો સમૂહ તે વર્ગણા. આ વર્ગ અને વર્ગણા નથી કહેતા? પહેલો વર્ગ, બીજો

વર્ગ શું કહે છે આ તમારે નિશાળમાં? વર્ગ કહે. બધા ભેગા થઈને વર્ગણા કહેવાય. ધોરણ. સમજાણું કાંઈ? આ ગાથા ઝીણી છે. પ્રવિણભાઈ! પ્રવિણભાઈ કહે ફરીને લેશો? કીધું આમાં આવી જશે. ભાવાર્થમાં બધું આવી જશે. હિંમતભાઈ! હતા કાલે તમે? તમે પણ નહોતા? ઠીક.

અહીં ભાઈ! સમજવા જેવી ચીજ છે. તારી સત્તામાં વસ્તુસત્તામાં જે ત્રિકાળ છે એ સ્વભાવની સત્તાવાળું તત્ત્વ દૃષ્ટિમાં જેને આવ્યું એ તો જોગ અને રાગનો પણ કર્તા નથી. કારણ કે મહાસત્તા દૃષ્ટિમાં આવી એની વિકૃત અવસ્થાનો એ કર્તા નથી, પણ વ્યવહારનયથી એની પર્યાયમાં એ છે, પણ છે એ જાણવા માટે છે. સમજાણું કાંઈ? એમ કેવળજ્ઞાની પરમાત્મા ભાષા અને વર્ગણા જે ટાણે જે સત્યપણે પરિણમવાની હોય એ ભાષા જ જુદી છે, વર્ગણા જુદી છે. જૂઠાપણે થવાની હોય એ ભાષાના પરમાણુ પણ જુદા છે. એમ મિશ્રપણે અને વ્યવહારપણે. ચારેયને ભાષા જે સમયે તે ભાષા તે વર્ગણા તેપણે પરિણમવાની હોય ત્યારે પરિણમે. એ એનું નામ ઉપાદાન. અને તેનું નિમિત્ત કોણ? કે કેવળીનો યોગ અને કેવળજ્ઞાનીનું જ્ઞાન એ નિમિત્ત. આમ સર્વવિશુદ્ધમાં જ્ઞાનની અપેક્ષાએ તો જોગ અને એ ક્રિયા બધી જગતની આખી એમાં કેવળજ્ઞાન નિમિત્ત છે. અને કેવળજ્ઞાનમાં એ યોગ અને બધું આમ નિમિત્ત છે. પણ જ્યારે જોગ એની પર્યાયનો છે એમ જ્યારે જાણવું હોય. સમજાણું કાંઈ? ત્યારે જોગને આત્મા નિમિત્ત છે અને એ જોગ જગતની પર્યાયને નિમિત્ત છે. અરે..! કેટલું! સમજાણું કાંઈ?

આ કાંઈક શાસ્ત્રના જો જ્ઞાન આવા ન હોયને તો ક્યાંક-ક્યાંક એને નિશ્ચયાભાસ થઈ જશે. એની એને ખબર નહિ રહે. સમજાણું કાંઈ? એટલે જ્ઞાન એને વાસ્તવિક તત્ત્વનું દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વના શું અને પરના શું એ એણે બરાબર જાણવા જોઈએ. સમજાણું કાંઈ? અહીં પરમાત્મા આમ વર્ણવે છે જુઓને. કુંદકુંદાચાર્ય પોતે. મારા ત્યારે વાંધા પાડે છે લ્યો! કે કુંદકુંદાચાર્યે કહ્યું કે વોચ્છામી હું સમયસાર કહું છું એમ કીધું છે. એય..! હિંમતભાઈ! અને વળી તમે કહો કે કહી શકાય નહિ! અરે..! ભાઈ! કહી શકાતું નથી, પણ નિમિત્તથી એમ કથન આવ્યું છે. એ સમજે નહિને શું થાય? વળી કહે દાખલા આપ્યા છેને શાસ્ત્રમાં. જિનવરે કહેલું હું કહીશ. જિનવર એ કહી શકે છે કે નહિ? અરેરે..! ભાઈ! એ તો વાણીના કાળે વાણી થાય તેમાં કેવળજ્ઞાનીનું જ્ઞાન અને યોગ નિમિત્ત કહેવામાં આવે છે. આહા..! નિમિત્ત એટલે કરતું નથી કાંઈ એમ એનો અર્થ છે. આહા..હા..! ભારે વાત! આહા..હા..!

વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એણે કહેલા તત્ત્વો. એ ભિન્ન-ભિન્ન તત્ત્વની ભિન્ન દ્રવ્યની પર્યાય ભિન્નને કરે તો બધા દ્રવ્ય એક થઈ જાય. અનંતપણે અનંત રહેતા નથી. જ્ઞાનનો વિષય એ અનંત છે. એ અનંતમાં એક પર્યાય બીજી પર્યાયને કરે તો એમાં તન્મય થઈને

અનંતપણું ભિન્ન રહેતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! હવે અહીંયાં કહે છે કે જ્યારે યોગ અને ઉપયોગ, કંપન અને ઈચ્છા, રાગ .. એ પરદ્રવ્યની પર્યાયને નિમિત્ત કર્તા કહેવાય. કોનો? અજ્ઞાનીનો. જ્ઞાનીનો યોગ અને રાગ એ નિશ્ચયથી તો યોગ અને રાગ એનો છે નહિ. પણ પર્યાય તરીકે એનો વ્યવહાર તરીકે જો (એને) ગણો. તો એ યોગ અને રાગ ભાષાની પર્યાયમાં નિમિત્ત છે. નિમિત્ત કર્તા નહિ. આહા..હા..! ભારે ભાઈ! સમજાણું કાંઈ? આમાં તો ઘણા (ખુલાસા છે) સોમી ગાથાની તો મોટી ઉંચી વસ્તુ છે. આહા..હા..! એને શાંતિથી જાણવું જોઈએ. આ જગતથી..

**'યોગ એટલે...'** હવે ખુલાસો કરે છે ભાવાર્થમાં. **'(મન-વચન-કાયના નિમિત્તવાળું) આત્મપ્રદેશોનું ચલન...'** એટલે શું? કે જે વર્ગણા છેને પરમાણુઓ? મન, વચન અને કાયાના રજકણો. એના નિમિત્તથી આત્માના પ્રદેશનું કંપન એને યોગ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આત્મધર્મનો યોગ એ બીજી ચીજ છે. નિયમસારમાં આવશે. કાલે કળશમાં આવી ગયું. એ યોગ આત્મા આનંદસ્વરૂપ જ્ઞાયકમૂર્તિ. એમાં જોડાણ થવું તે યોગ છે. એ યોગ તો શુભ ઉપયોગ અને શુદ્ધ પરિણતિ છે. આહા..હા..! એ જુદી વાત છે. સમજાણું કાંઈ? ધર્મી યોગી કહેવાય અને એનું નિર્મળ પરિણામ તેને યોગ કહીએ. આહા..હા..! એ નિર્મળ પરિણામનું જોડાવું આત્મામાં એને યોગ કહેવાય છે. એ તો ધર્મનો વેપાર છે. એ તો મુક્તિનો ઉપાય છે. એ જુદી ચીજ. આ યોગ જુદી ચીજ. આ તો આત્મામાં પ્રદેશનું જે કંપવું થાય એ કેમ થાય કહે છે **'(મન-વચન-કાયના નિમિત્તવાળું)...'** મનના પરમાણુઓ રજકણ છે ઝીણા. આ વાણીના પરમાણુઓ અને જડ કાયાના. એના નિમિત્તવાળું એટલે નિમિત્તથી જે આત્માના પ્રદેશનું કંપન થાય એ આત્માની પર્યાયમાં થાય છે અને આ મન, વચન અને કાયાના પરમાણુઓ એ જડની અવસ્થામાં છે. સમજાણું કાંઈ? ભારે!

એ **'યોગ એટલે...'** આ શું બતાવવું છે? કે પરની અવસ્થાના પ્રસંગમાં અજ્ઞાનીનો યોગ અને રાગ નિમિત્ત કર્તા તરીકે કહેવામાં આવે છે. કેમકે એ પોતાના સ્વભાવથી ખસી ગયો છે અને રાગ અને યોગનો એ કર્તાના અસ્તિત્વને સ્વીકારે છે. એથી એ પરની અવસ્થાકાળે એના યોગ અને નિમિત્ત-રાગને નિમિત્ત કર્તા કહેવામાં આવે છે. અરે..! સમજાણું કાંઈ? નિમિત્ત જુદું અને નિમિત્ત કર્તા જુદું. આ એ કહીએ છીએને. એ જ ચાલે છેને કે જોગ અને રાગનો જે કર્તા થાય એને નિમિત્ત કર્તા પરમાં કહેવાય છે અને જે જોગ અને રાગનો કર્તા ન થાય એને જાણનાર રહે એને જોગ અને રાગનું બીજામાં નિમિત્ત છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? સોમી ગાથા એય..! કહો, પ્રવિણભાઈ! આહા..હા..! ઉઠાવ દુકાન કહે છે પરની અવસ્થાનો કર્તા ત્રણ કાળમાં નથી. તેમ રાગ અને કંપનનો પણ તારો સ્વભાવ દ્રવ્ય વસ્તુ એનો કર્તા એ તે કેમ હોય? આહા..હા..! સમજાણું કાંઈ? જો રાગ અને યોગનો

કર્તા થાય તો સ્વભાવ અને વિભાવ બે તન્મય થઈને એક થઈ જાય. અને યોગ અને રાગ પરની અવસ્થાના તન્મયપણે થઈને કરે તો એ યોગ અને રાગ પરમાં ગરી ગયા એ જુદા રહ્યા નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? તત્ત્વની ઝીણી કુંચીયું ઝીણી બહુ.

મુમુક્ષુ :- આપ ઉકેલ કરી આપો છોનો બધો સાહેબ!

ઉત્તર :- એ તો ઉકેલ એ કરે ત્યારે કરી આપ્યો એમ નિમિત્તથી કહેવાય.

મુમુક્ષુ :- આ બધા વિકલ્પો બહુ ઉંચા-ઉંચા.

ઉત્તર :- વિકલ્પ ક્યા? વસ્તુનું સ્વરૂપ છે આ તો. આહા..હા..! એય..! ચેતનજી! ભાઈ શું કહે છે આ? કે આ તો બધા લાંબા-લાંબા વિકલ્પો થઈ ગયા. અરે..! પણ એ વસ્તુનું સ્વરૂપ છે. આહા..હા..! ઓઘે-ઓઘે કરવા જશે અને ક્યાંકનું ક્યાંક અંદર છેતરાઈ જશે. સમજાય છે કાંઈ? વાસ્તવિક દ્રવ્ય એના ગુણો અને એની પર્યાય કઈ રીતે પોતામાં છે અને બીજાને એ નિમિત્ત કર્તા કેમ કહેવાય અને નિમિત્ત કેમ કહેવાય? એનું જ્ઞાન ન હોય તો ક્યાંક ભૂલ થઈ જશે એની. સમજાણું કાંઈ?

કુંદકુંદાચાર્ય જેવા(ને) વિકલ્પ આવ્યો અને આ શબ્દો રચાઈ ગયા છે. પણ એ વિકલ્પના કર્તા નથી, માટે આ શબ્દની રચનાના નિમિત્ત કર્તા નથી. નિમિત્ત તરીકે છે. એ તો આવે છેને પાંચ-છ લીટી? છેલ્લે. કે ભાઈ આ અમૃતચંદ્રાચાર્યનું આ કર્તવ્ય છે માટે ઉપકાર માનું એમ નિમિત્ત તરીકેની વાત, પણ નિમિત્ત કર્તા તરીકે નહિ. સમજાણું કાંઈ? બાપુ! સમયસાર એટલે તો ગજબની વાત છે. એની એક-એક કડીમાં ઘણી ગંભીરતા છે. આહા..હા..! અલૌકિક માર્ગ છે. પરમ-આગમ અને એમાં સમયસાર. આહા..હા..! કેવળીના પેટ ખોલ્યા છે એણે. પણ લોકોને સમજવાની દરકાર ન હોય એટલે એમ લાગે કે..

કહે છે **'યોગ એટલે (મન-વચન-કાયના નિમિત્તવાળું)...'** નિમિત્તવાળું. ઉપાદાન તો આત્માના પ્રદેશનું કંપન. શું કહ્યું? આત્માના પ્રદેશ છેને એ કંપે એ ઉપાદાન છે. પણ એનું નિમિત્ત કોણ? કે મન, વચન અને કાયાની વર્ગણાનું એમાં નિમિત્ત. એ નિમિત્તવાળું જે કંપન તેને યોગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? તાકડે આજ રવિવાર છે અને આ અધિકાર આવ્યો. એય..! જયંતિભાઈ! આહા..હા..! **'ઉપયોગ એટલે જ્ઞાનનું કષાયો સાથે ઉપયુક્ત થવું-જોડાવું.'** હવે અહીંયાં ઉપયોગ કોને કીધો? આમ જાણવા-દેખવાનો ઉપયોગ એ નહિ. અહીં તો ઉપયોગ જાણવા-દેખવાનો જ્ઞાન અને ભાવ, રાગ અને કંપન સાથે જોડાય. જ્ઞાનનું કષાય સાથે ઉપયુક્ત થવું, રાગ સાથે જોડાવું. ચાહે તો દયા, દાનનો હોય કે વ્રત, ભક્તિનો હોય. એવા રાગ સાથે જ્ઞાનનું જોડાવું. કષાય સાથે ઉપયુક્ત થવું-જોડાવું. બે વ્યાખ્યા થઈ. યોગની અને ઉપયોગની. આ ઉપયોગ જાણવું-દેખવું એ અહીં નથી. આ તો જાણવા-દેખવાનો ભાવ રાગમાં એકાકાર થાય તેને ઉપયોગ કહે છે. આહા..હા..! શબ્દે ફેરે ભાવ ફેર. સમજાણું

કાંઈ?

'**આ યોગ અને ઉપયોગ...**' ઘડો, વસ્ત્ર, મકાન, લાડુ, રોટલી, દાળ-ભાત, ચા, દૂધ ઉના થાય તેમાં, તેની અવસ્થામાં એ '**ઘટાદિક તથા ક્રોધાદિકને...**' અને અંદરમાં કર્મ બંધાય જડના. અંદર કર્મ બંધાય જડના એની વાત છે આ. આ ક્રોધ એટલે ભાવક્રોધની વાત નથી. ભાવક્રોધ તો ઉપયોગમાં આવી ગયો. સમજાણું કાંઈ? '**ક્રોધાદિક...**' એટલે જડની ક્રિયા કર્મની બંધાય છેને જે. કર્મરૂપે એ. એમાં નિમિત્ત છે. આ યોગ અને ઉપયોગ જડની અવસ્થાને અથવા આત્માની કોઈપણ બીજાની અવસ્થાને એમાં એ નિમિત્ત છે. '**તેથી તેમને તો ઘટાદિક તથા ક્રોધાદિકના નિમિત્તકર્તા કહેવાય...**' સમજાણું કાંઈ? કેમકે કંપન અને રાગમાં જોડાયેલો જે ભાવ. એની વાત થઈને? એટલે તો અજ્ઞાની થઈ ગયો એ તો. આ તો ન આવે તોપણ એમાં આવી ગયો એમ. સમજાણું કાંઈ? જે રાગનો ભાગ છે એમાં જોડાઈ ગયો છે એથી તો અજ્ઞાની થઈ ગયો. સમજાણું કાંઈ? પ્રવિણભાઈ! ઝીણી વાતું છે આ. આ તો ૧૭મી વાર ચાલે છે આ. આહા..હા..!

વસ્તુ જાણનાર-દેખનાર એવો ભગવાન આત્મા એ રાગનો વિભાવ, ઈચ્છાનો વિભાવ, દ્વેષનો વિભાવ. એ બધું રાગાદિમાં જાય. એ દ્વેષના અંશમાં, રાગના અંશમાં, ઈચ્છાના અંશમાં એ ઉપયોગ જોડાઈ જાય એનું નામ જ અજ્ઞાન છે. સમજાણું કાંઈ? એ '**યોગ અને ઉપયોગ ઘટાદિક...**' એટલે ઘડાના, મકાનના, રથના, ગાડાના પૈડાના. કહો, સમજાણું? કે આ વળી ઓલા છોકરા રમે છેને શું કહેવાય એ? લખોટી. લખોટી કહે આપણે શું ગરીયો-ગરીયો કહે. ગરીયો કહે. ગરીયો (ભમરડો) કહે છેને? દોરી વીંટિ-દોરી વીંટિને ગરીયા ઉપર. દોરી ખેંચે તો ભરે. છોકરાને ગરીયાની ખબર હોયને. એ ગરીયાની જે અવસ્થા થાય છે એ તો એને લઈને ગરીયાની અવસ્થા ગરીયાને લઈને. આત્માથી નહિ, પણ તે અવસ્થામાં જે છોકરો છે એ રાગ અને યોગમાં જોડાઈ ગયેલો છે એ છોકરાનો રાગ અને યોગ અજ્ઞાનીનો એ ગરીયાની અવસ્થામાં નિમિત્ત કર્તા કહેવાય છે. ઉપાદાન તો ત્યાં થયેલું જ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

આ યોગ અને ઉપયોગ એના '**ઘટાદિક તથા ક્રોધાદિકના નિમિત્તકર્તા કહેવાય પરંતુ આત્માને તેમનો કર્તા ન કહેવાય.**' કારણ કે આત્મા તો જ્ઞાનાનંદ સ્વરૂપ તે આત્મા છે. આ યોગ અને રાગ એ આત્મા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એક છોકરો ગોઠી મારેને બીજાને લ્યોને આમ. હમણા કાંઈક એ ભાષા ફરી ગઈ છે. લપેટ શું કહે છે? લાફો-લાફો કહે. એવું હમણાથી. પહેલા તો.. હવે લાફો કહે છે. લાફો મારે. એ કહે છે સમજ તો ખરો કે હાથની પર્યાય જે આમ થઈ એ તો એને કારણે, જડને કારણે તે કાળે કાર્યકાળમાં એ થઈ. પણ એ વખતે અજ્ઞાની જે રાગ અને યોગમાં જોડાઈ ગયેલો છે. જેની ભિન્નતાનું

ભાન નથી એવો યોગ અને રાગ એ અવસ્થામાં નિમિત્ત કર્તા. જ્ઞાનનું તો કાર્ય અને કારણ પણ થયું. આ યોગ અને રાગનો કર્તા થઈને પોતાની ભિન્નતા ભૂલીને રાગપણે હું છું અને યોગપણે છું એમ માન્યું છે. એના યોગ અને રાગ બીજાની અવસ્થામાં નિમિત્ત કર્તા કહેવાય. કહો, સમજાણું કાંઈ? અને જ્ઞાની છોકરો હોય દસ વર્ષનો. આવે છેને આપણે આમાં શું કહેવાય ઓલા રવિ. રવિ થયા. ભરતચક્રવર્તીના રવિકીર્તિ. રવિકીર્તિ? એ હરકીર્તિ તો એનો પાટવી કુમાર. પણ અભવિકુમારને ૧૦૮ છોકરા હોય છે મોટા રાજકુમાર. રમતા હતા ગેડીએ. આ ગેડી સમજાય છેને? દડાની ગેડીદડો. એ તો રાજકુમાર ચક્રવર્તી. ૧૫-૧૫, ૧૬-૧૬ વર્ષની ઉંમર જુવાન ૧૮ વર્ષ અને ઓલા રમતા હતા. અને રાજ તરફથી એક-એક પોલીસ એનું ધ્યાન રાખનાર. એના રાજકુમાર છેને મોટા? કોઈ ગેડીદડે રમતા હતા. છતાં એ ગેડીદડાની અવસ્થામાં એ ટાણે તો ગેડીદડાની જ અવસ્થા થવાની હતી આમ-આમ થવાની. પણ જે છોકરાઓ તો જ્ઞાની હતા. ભાન હતું. સમ્યગ્દૃષ્ટિ હતા. આહા..હા..! એનો યોગ અને રાગ એને નિમિત્તકર્તા પરમાં ન કહેવાય. એને યોગ અને રાગ એને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! એ જ સ્થિતિમાં રમતાં-રમતાં જ્યાં સાંભળ્યું. ઋષભ ભગવાન પાસે જયકુમારે દીક્ષા લીધી. જયકુમાર શું કહેવાય એ? સેનાધિપતિ. છન્નું કરોડ પાયદળનો સેનાધિપતિ. જયકુમાર અને સુલોચના. સુલોચનાને? પતિ-પત્નીએ. એ રમે છે છોકરાઓ ૧૦૮ આમ ગેડીદડીએ હોં. એ હીરાને શું કહેવાય ગેડી. ઓલો તો ઓલો મોટો પણ આ ગેડી. હીરાની ગેડીયું હાથમાં. સમકિતી છે. એના બાપ સાથે ચર્ચા કરી છે એ લોકોએ. સમજાણું કાંઈ?

એના બાપ સાથે. એનું સગપણ થતું હતું જ્યારે છોકરાનું. એને મામાની દીકરી પરણે એ લોકોને. મામાની દીકરી, મામાની દીકરી અને ફઈનો દીકરો એમ પરણે બે. એટલે એના મામા જે હતા એ દીકરીનું સગપણ કરવા આવેલા. વિદ્યાધર, નેમિરાજ. નમી-નમી મોટા રાજા એ તો. એટલે આવ્યા એમા એ નેમીરાજ સાથે ચર્ચા થઈ રાજકુમારને. ત્યારે કહે ભાઈ જુઓ, ભગવાન આદેશ્વર પરમાત્મા આપણા દાદા છેને. એનો ભક્તિનો ભાવ પણ રાગ છે અને એ તો વ્યવહાર છે, એ તો બંધનું કારણ છે. તો છોકરાઓ કહે હા. અને ઓલો નેમિચંદ પણ કહે હા. એ વાત પછી ભરત ચક્રવર્તી પાસે ગઈ. ભરત ચક્રવર્તીએ વાત કરી એની સાથે. કેમ ભાઈ! આપણા પિતાજી ઋષભદેવ ભગવાન ત્રણ લોકના નાથ કેવળી પરમાત્મા એની ભક્તિ કરવી એ તો આપણું કર્તવ્ય છેને ધર્મ? એ વ્યવહારરત્નત્રયનો રાગ એ ધર્મ છેને? અરે..! પિતાજી! આ શું કહો છો તમે? છોકરા કહે છે. સમજાણું કાંઈ? આ શું તમે કહો છો? આ! ભગવાન ભલે ત્રણ લોકના નાથ તીર્થંકર, પણ એની ભક્તિનો ભાવ તો રાગ છે, વ્યવહાર છે, હેય છે. અભેદરત્નત્રય તે ઉપાદેય છે. એમ કહ્યું છોકરાઓએ. ત્યારે ભરત કહે છે કે અરે..! છોકરાઓ! તારા મામા કન્યા દેવા આવ્યા તો થોથરાઈ ગયા

એમાં? અરે..! પિતાજી શું કહો છો? અત્યાર સુધી તમે કાંઈ બીજું કહેતા અને અત્યારે શું કહો છો? આત્મા આનંદસ્વરૂપ ભગવાન આત્મા એની શ્રદ્ધા, જ્ઞાન અને એમાં અભેદ થવું, એમાં અભેદમાં અભેદનો આશ્રય કરવો એનું નામ ધર્મ છે. આ તો ભેદ છે. વીતરાગ પરમાત્માનો દાદા આપણા હોય તો દાદા કોના? અહીં ક્યાં દાદા હતા? એય..! ભીખાભાઈ! અહીં ક્યાં ગુરુ હતા અમારા? એમ કહે છે. આહા..હા..!

છોકરાઓ કહે છે હોં! ૧૬-૧૬ વર્ષના જુવાન છોકરાઓ રાજકુમાર. હાથમાં ગેડી અને દડા રમવા ગયા. એના બાપને પણ એમ કહ્યું નહિ, પિતાજી! ભૂલ છે તમારી. અત્યારે આમ કેમ કહ્યું તમે? અમે શું આ કન્યા દેવા આવ્યા માટે અમે માનીએ છીએ? અમે તમારું બરાબર માનીએ એટલે માનીએ છીએ. બેટા! રાજકુમાર ભરત કહે છે. દીકરા! બહુ સારું કર્યું, ભાઈ! હું તો તમારી પરીક્ષા કરતો હતો કહે. એ રમવા ગયા એમાં જયકુમારનું સાંભળ્યું. સેનાધિપતિ છન્નું કરોડનો નાયક દીક્ષા લીધી ભગવાન પાસે. મુનિ થયા, નગ્નમુનિ દિગંબર .. ધારણ. ઓહો..હો..! ધન્ય અવતાર, ધન્ય ભાગ્ય. રાજકુમારો હજી પરણ્યા નથી હોં નાની ઉંમરના. કોઈ ૧૫, કોઈ ૧૬, કોઈ ૧૭-૧૮. પોલીસો કહે છે. સાથે મોકલ્યા છેને પોલીસોને ધ્યાન રાખવા? ચાલો ભાઈ અહીંથી આપણે આઘે જઈએ. ચાલો આઘે જઈએ. ખુલાસો ન કર્યો કે આપણે ભગવાન પાસે જાવું છે. એમ જાતા... જાતા... જાતા... ભગવાન પાસે ગયા. જઈને ભગવાનને કહ્યું કે પરમાત્મા પ્રભુ! મને દીક્ષા આપો. ૧૦૮ દીક્ષા લઈ લીધી. નગ્નમુનિ ભાવલિંગી આનંદ. પછી પોલીસ કહે અરેરે..! અમને આ માટે લાવ્યા હતા? હું જવાબ શું આપીશ તમારા મા-બાપને? અમને તો તમારી દેખરેખ માટે રાખ્યા હતા. એને ઠેકાણા તમે તો મુંડાવ્યું આ. એ તો પછી વીતરાગી મુનિ. છોકરાઓ વીતરાગી મુનિ થઈ ગયા અંદર. તદ્દન રાગ વિનાની મારી ચીજ પ્રભુ! એ રાજકુમાર મણિરત્નના પૂતળા. મણિરત્નના પૂતળા જેવા એના શરીર. આહા..હા..! એ શરીર કોનું? રાગ કોનો ભાઈ! અમે તો આનંદમૂર્તિ પ્રભુ આત્મા છીએ. એ આત્મામાં અમારો વાસ છે. એ આત્મામાં અમારી પર્યાય આત્માની પ્રજા દીકરો છે. અમે કોઈના દીકરા પણ નથી અને અમે કોઈના બાપ પણ નથી. પરણ્યા તો ક્યાં હતા. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે ધર્માત્માનો આત્મા એને યોગ અને રાગનો સ્વામી નથી. તેથી એવી જડની અવસ્થા કાળે એનો આત્મા નિમિત્ત કર્તા નથી. નિમિત્ત કહો. નિમિત્ત એ જાણવાની વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે '**ઘટાદિક તથા ક્રોધાદિકના નિમિત્તકર્તા કહેવાય પરંતુ આત્માને તેમનો કર્તા ન કહેવાય.**' કોનો? ઘટપટનો, જડનો, ગરીયાનો, એ બધા કપડાનો, એ ગેડીદડાનો કર્તા આત્મા નહિ. '**આત્માને તેમનો કર્તા ન કહેવાય.**' આત્મા તો દ્રવ્ય વસ્તુ ત્રિકાળી છે. સમજાય છે કાંઈ? '**આત્માને સંસારઅવસ્થામાં અજ્ઞાનથી માત્ર**

**યોગ-ઉપયોગનો કર્તા કહી શકાય.**' આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા વસ્તુ ભગવાન અખંડાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન એ તો છે. એને એની સંસાર અવસ્થામાં. અવસ્થામાં હોં આ. '**અજ્ઞાનથી માત્ર યોગ-ઉપયોગનો કર્તા કહી શકાય.**' જુઓ, ખુલાસો પંડિતજીએ આ કર્યો છે હોં. જયચંદપંડિત જયપુર.

'**અહીં તાત્પર્ય આ પ્રમાણે જાણવું :**' જુઓ આવ્યું. '**દ્રવ્યદષ્ટિથી તો...**' એટલે શું? કે દ્રવ્ય એટલે વસ્તુ ભગવાન આત્મા પૂર્ણ આનંદ સ્વરૂપ. એવા દ્રવ્યથી કે દ્રવ્યની દષ્ટિથી. સમજાણું કાંઈ? આ કોને ખબર આ શું છે? આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ છે. એવું જે દ્રવ્ય છે, વસ્તુ છે. શરીર, વાણીથી જુદો, રાગથી જુદો. એક સમયની વર્તમાન ચાલતી અવસ્થા જાણવા-દેખવાની. એ તો એક સમયની અવસ્થા છે. પર્યાય. પર્યાયની પાછળ જે વસ્તુ તત્ત્વ આત્મા છે. એ તો '**દ્રવ્યદષ્ટિથી તો કોઈ દ્રવ્ય અન્ય કોઈ દ્રવ્યનું કર્તા નથી;...**' આહા..હા..! આ ઝવેરાતના ધંધા અને બંધા કોણ કરતું હશે ભાઈ? નહિ? અરેરે..! હવે નિરંજનને સોંપ્યું. કર. કોણ કરે? રાગ કરે. આહા..હા..! અહીં ત્રણને સોંપ્યું ત્રણ છોકરાને. હોય એટલાને સોંપેને.

'**આ પ્રમાણે જાણવું : દ્રવ્યદષ્ટિથી તો...**' એટલે? કે વસ્તુ ભગવાન અખંડાનંદ પ્રભુ આત્મા. એ દ્રવ્ય તો પરનો કર્તા-હર્તા વ્યવહારે પણ છે નહિ. અને દ્રવ્યદષ્ટિવાળો પણ. એટલે? જેની રાગ અને પર્યાયબુદ્ધિ નીકળી ગઈ, ખસી ગઈ અને જેની દ્રવ્ય ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદ અભેદ વસ્તુની દષ્ટિ થઈ છે. એવો સમ્યગ્દષ્ટિ જીવ એ '**કોઈ દ્રવ્ય અન્ય કોઈ દ્રવ્યનું કર્તા નથી; પરંતુ પયાર્યદષ્ટિથી...**' હવે આવ્યું. પર્યાયદષ્ટિથી એટલે વર્તમાન પર્યાયની અપેક્ષાથી જોઈએ તો '**કોઈ દ્રવ્યનો પર્યાય...**' કોઈ જડાદિ પરની અવસ્થા કોઈ કાળે. જ્યાં સુધી અજ્ઞાની છે ત્યાં સુધી. એમ. '**કોઈ અન્ય દ્રવ્યના પર્યાયને નિમિત્ત થાય છે...**' સમજાણું કાંઈ? જુઓને શૈલી તો જુઓ. નિમિત્ત થાય છે. એટલે તે કાળે તો તે પર્યાય થઈ જ છે. તે કાળે આ નિમિત્ત થાય છે. તે નિમિત્ત આવ્યું એટલે ત્યાં થયું એમ છે? તો તો નિમિત્ત આવ્યું ત્યાં થયું તો નિમિત્તથી તો ત્યાં ઉપાદાનમાં ગયું. આહા..હા..! સમજાણું કાંઈ? મૂળ સમજણ અને શ્રદ્ધામાં આખા વાંધા. એ સિવાય બધું કરીને મરી જાય બિચારો. આહા..હા..! શુભ ઉપયોગને અપવાસના ઢગલા કરે છે હોં છ મહિનાના અપવાસ. પણ આ રાગથી ભિન્ન મારી ચીજ અને કંપનથી પણ મારી ભિન્ન ચીજ એ અવસ્થાના અંશમાં આખો આત્મા આવતો જ નથી. તેમ એને જાણવાની પર્યાયનો સમયનો એક પર્યાય એમાં આખો આત્મા આવતો નથી. આહા..હા..! એવો જે ભગવાન આત્મા એનો પર્યાય કોઈકાળે એટલે જ્યાં સુધી અજ્ઞાની છે ત્યાં સુધી. '**કોઈ અન્ય દ્રવ્યના પર્યાયને નિમિત્ત થાય છે તેથી આ અપેક્ષાએ એક દ્રવ્યના પરિણામ અન્ય દ્રવ્યના પરિણામના નિમિત્તકર્તા**

કહેવાય છે.' જુઓને. સમજાણું કાંઈ?

પર્યાયમાં જેની પર્યાયદૃષ્ટિ છે. રાગ અને યોગની જેની દૃષ્ટિ છે. એ જીવની પર્યાય કોઈ વખતે એટલે જ્યાં સુધી એની પર્યાયબુદ્ધિમાં છે ત્યાં સુધી. રાગ અને યોગના કંપનને પોતાનું માને છે ત્યાં સુધી. '**કોઈ અન્ય દ્રવ્યના પર્યાયને નિમિત્ત થાય છે...**' નિમિત્ત થાય. ઉપાદાન તો એનું એક સમયે પર્યાય થાય જ. એ નિમિત્ત થાય '**તેથી આ અપેક્ષાએ એક દ્રવ્યના પરિણામ અન્ય દ્રવ્યના પરિણામના નિમિત્તકર્તા કહેવાય છે.**' અજ્ઞાનીની આ વાત છે હોં. આહા..હા..! સમજાણું કાંઈ?

જે પોતાના શુદ્ધ ઉપાદાન ત્રિકાળી ધ્રુવ સ્વભાવમાંથી ખસી ગયો છે અને ક્ષણિક વિકાર પર્યાયમાં એની સત્તાનો સ્વીકાર કરનાર છે. એ જીવને જગતની પર્યાય જે થાય તે કાળે એવું હોય ત્યાં નિમિત્ત કહેવાય. અને એથી એને નિમિત્તકર્તા પણ કહેવાય. પહેલી સાધારણ વાત કરી કે નિમિત્ત થાય. સમજાણું? આવ્યુંને એ? '**અન્ય દ્રવ્યના પર્યાયને નિમિત્ત થાય છે...**'

મુમુક્ષુ :- નિમિત્ત થવાનો ભાવ કરે છે.

ઉત્તર :- નિમિત્ત થવાનો ભાવ એ શું કરે? એ ક્યાં નિમિત્ત કરે છે? એનો ભાવ છે, સામે સામાનો ભાવ છે. અહીં આનો રાગનો ભાવ છે એ પરને નિમિત્ત થાય છે. પણ કોને?

'**આ અપેક્ષાએ...**' પહેલું તો ઓલું નિમિત્તકર્તા કેમ એનું સ્પષ્ટીકરણ કરે છે. એનું સ્પષ્ટીકરણ. એમ માને છે. આ શરીર, વાણી, મન ચાલે અને અવસ્થા થાય એ તો એનું સ્વતંત્ર પર્યાયનું તે કાળનું જ કાર્ય છે. એ વખતે એ પર્યાયના કાળે એક જીવ પર્યાય દૃષ્ટિવાળો, એની પર્યાયમાં નિમિત્ત થાય. એ નિમિત્ત થાય તે અપેક્ષાએ એક દ્રવ્યના પરિણામ. જુઓ, એક દ્રવ્યના પરિણામ હોં. દ્રવ્ય નહિ. દ્રવ્ય તો કાઢી નાખ્યું પહેલું દ્રવ્યદૃષ્ટિએ દ્રવ્ય વસ્તુ તો કાંઈ છે નહિ પરનો કર્તા. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો બંધ અધિકારમાં આવે છે જયસેનાચાર્યની ટીકામાં જ્ઞાની છે, સમ્યગ્દૃષ્ટિ છે. મુનિ હોય છે અંદર. એ પરને જ્યારે મારવાનો (નહિ), એને વિકલ્પ જરી બચાવવાનો આવ્યો, વિકલ્પ આવ્યો હોં. એ જાણે છે. જાણે છે. પણ એ વખતે એને એમ કે હું મર્યો એમાં આ મારું નિમિત્ત હતું. નિમિત્ત એકલું હોં! નિમિત્ત કર્તા નહિ.

મુમુક્ષુ :- નિમિત્તમાત્ર.

ઉત્તર :- નિમિત્તમાત્ર. બંધ અધિકારમાં નહિ ઓલું જીવન-મરણ? બીજાને જીવાડી શકે, બીજાને મારી શકે એ માનનારા... સુખી કરી શકું, હું દુઃખી કરી શકું, હું બંધ કરી શકું, મોક્ષ કરાવી દઉં. એવું માનનારા મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. એમાં લીધું છે કે ત્યારે આ ધર્મીને

એવો પ્રસંગ બને છેને. લીલોતરી કાપવી, લડાઈમાં આમ ઉભા રહેવું. એ વખતે જાણે કે આ તો એ કાળે તેમ થવાનું કાર્ય છે. હું તો એક નિમિત્તમાત્ર છું. નિમિત્ત કર્તા નહિ. સમજાણું કાંઈ? કહો, પ્રવિણભાઈ! આવું ઝીણું છે આ બધું. પ્રવિણભાઈ કહે ભાઈ ફરીને ટીકા લેજો. ભાઈ ટીકા ફરીને નહિ પણ આમાં આવી જશે ભાવાર્થમાં. સમજાણું? આહા..હા..!

જ્ઞાનનો સૂર્ય પ્રભુ છે એ તો. એ જ્ઞાનસૂર્યના અસ્તિત્વ ખસી ગયો અને અંધારે રાગ અને યોગ જે અંધારા છે. એમાં જેનો સ્વીકાર ગયો એ જીવ જગતની જે કાળે જે અવસ્થા જ્યાં થવાની તેમાં નિમિત્ત કહેવાય. એથી એ નિમિત્તની અપેક્ષાએ તેને નિમિત્ત કર્તા કહેવાય. સમજાણું કાંઈ? આ ઘરે જ્યાં સાંભળશે ત્યાં શું ત્યાં કીધું? સમજશે ત્યાં? રેકોર્ડિંગમાં આવે એ? પણ શું કીધું ત્યાં? એ કાંઈ ખબર નથી. રેકોર્ડિંગ પણ સમજવું કઠણ પડશે. આહા..હા..! દિવ્યધ્વનિનું મોટું લીધું છે ભાઈ! દિવ્યધ્વનિ પરાશ્રય પ્રમાણ છે બસ. સ્વાશ્રય હોય નહિ. અરે..! સાંભળને ભાઈ! દિવ્યધ્વનિના રજકણો ભાષાના એ તો ભાષાપણે પરિણમી એ દિવ્યધ્વનિ. એ તો પરિણમવા કાળે પરિણમી છે. એમાં કોઈનો અધિકાર છે નહિ.

મુમુક્ષુ :- યોગ અને જ્ઞાન .. ત્યાં સુધી કેમ ન થઈ?

ઉત્તર :- યોગ અને જ્ઞાન તો સદાય છે. એને નિમિત્ત કહેવા કેમ? એ તો થાય ત્યારે નિમિત્ત કહેવાય. નિમિત્ત કર્તા નહિ. સમજાણું? એ તો યોગ વધી જાય છેને કેવળીને. પરભાવના લેવાના. પછી છેલ્લે આમ-આમ થાય છેને? દીવો ઓલવાય ત્યારે લબકઝબક થાયને? દીવો જ્યારે ઓલવાય ત્યારે આમ-આમ થાય. લબકઝબક થાય. પછી ઓલવાય જાય. પણ એ પહેલું ઉતાવળ થાય અને કંપન ખૂબ થાય. કેવળીને કંપન ઘણું આવે અને રજકણો ઘણા આવે. એની સાથે સંબંધ શું છે? નિગોદના જીવ અને પ્રદેશનું કંપન થોડું હોય છે. જુઓ, અભવિ જીવ હોય એને. એની સાથે છેને? કષાય સાથે વાંધા છે. રાગની સાથે જોડાણ કે રાગની સાથે જોડાણ તોડવું એ ઉપર ધર્મ અને અધર્મ છે. સમજાણું કાંઈ? કહો, રસિકભાઈ! આવું છે. ઉપરટપકે બધા માનીને બેસી જાયને એને તત્ત્વની ખબર વિના ધર્મ થાય નહિ અને માનીને બેસે કે અમે કાંઈક ધર્મ કરીએ છીએ. અવતાર એળે જશે. ચાલ્યો જશે અવતાર. આહા..હા..! સમજાણું કાંઈ?

સર્વવિશુદ્ધના અધિકારની અપેક્ષાએ તો આપણે રાતે વાત થઈ હતીને ભાઈ! ત્યાં તો દરેક જ્ઞાનીનું કેવળજ્ઞાનીનું જ્ઞાન કે સમકિતીનું જ્ઞાન. એ બધા યોગ અને રાગમાં નિમિત્ત છે અને આ જ્ઞાનમાં એ યોગ અને રાગ આમ નિમિત્ત છે. સમજાણું કાંઈ? અજ્ઞાનીના યોગ અને રાગનો કર્તા અજ્ઞાની થાય માટે તે યોગ અને રાગની ક્રિયા પરના અવસ્થાના કાળમાં તેનું નિમિત્ત થાય તેથી નિમિત્ત કર્તા કહેવાય છે. જ્ઞાનીનો રાગ અને યોગ એમ જે કહેવું એ વ્યવહાર છે. કારણ કે જ્ઞાનીને રાગનો યોગ છે નહિ. એ પર્યાયમાં છે માટે વ્યવહારથી

એમ કહેતા એ રાગ અને યોગનું સ્વરૂપ જ્ઞાનીને પોતાના જ્ઞાનમાં એ રાગ અને યોગ નિમિત્ત થાય છે અને તે કાળે થતી અવસ્થા પણ અહીં જ્ઞાનમાં નિમિત્ત થાય છે. પોતે આમ નિમિત્ત ન થતાં એને આમ નિમિત્ત થાય છે. આહા..હા..! દિશા ફરતા બધી ચીજો એને નિમિત્ત થાય છે કહે છે. અને દશા ફરતા આમ ઉંધા ફરતા એને તો કોઈ નિમિત્ત થતું નથી, પણ જડની અવસ્થા કાળે તેને નિમિત્ત કર્તા એના યોગ અને રાગને કહેવાય છે. આહા..હા..! ભારે અટપટું! ઓલા તો કહે દયા પાળવી, વ્રત કરવા, અપવાસ કરવા. કરો થઈ રહ્યું જાવ. આહા..હા..! કોણ કરે ખબર નથી તને ભાઈ! અપવાસ કોને કહેવા? તપસ્યા કોને કહેવી બાપુ! તને ખબર નથી. રાગની કોઈ મંદતાથી આહારને ન લીધો એ પણ મિથ્યાદૃષ્ટિ છે. આહાર મેં ન લીધો, હું લઈ શકતો હતો અને મેં છોડ્યો ગૃહીત મિથ્યાત્વ છે. મિથ્યાત્વ છે. આહા..હા..! એ એણે તપસ્યા માની. સમજાણું કાંઈ? અને એ તપસ્યાના પછી વરઘોડા કાઢે વરઘોડા. મુંબઈમાં નીકળતો હશે કે નહિ? ૫૦-૫૦ ગાડીયું અને એના કુટુંબના છોકરા બધા બેઠા હોયને સાંબેલા મોટા. આ સાંબેલા જેવા ઓલા. એને સાંબેલા કહે એ. આહા..હા..!

ભાઈ! તારી તપસ્યાની ક્રિયા જુદી જાતની. એ ચિદાનંદ ભગવાન આત્મા એમાં ઈચ્છાની ઉત્પત્તિ ન થતાં અમૃતના આનંદની પર્યાય ઉત્પન્ન થાય અને વીતરાગી પરિણામ સહિત એને તપસ્યા કહે છે. બાકી બધાને લાંઘણું કહે છે. કહો, સમજાણું આમાં? સંથારા કરે મહિના-મહિનાના. મરી ગયા છે સંથારા ત્યાં ક્યાં સંથારો હતો તારો? કહો, સમજાણું કાંઈ? એય..! અમરચંદભાઈ! સંથારા ત્યાં કલકત્તામાં હતા કે નહિ? હતા. ઓલા .. સંથારો થયો હતોને. આહા..હા..!

અહીં તો કહે છે **'પરમાર્થે દ્રવ્ય પોતાના જ પરિણામનું કર્તા છે,...'** લ્યો! ખરેખર તો દરેક આત્મા પોતાની પર્યાયનો કર્તા. અજ્ઞાનભાવે યોગ અને રાગનો કર્તા. જ્ઞાનભાવે સ્વભાવની નિર્મળ પર્યાયનો કર્તા. બસ, આ એની મર્યાદા છે. સ્વભાવપણે પરિણમો કે વિભાવપણે પરિણમો, પણ પરનો કર્તા તો એ છે નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? દેવ આપી દેતા નથી એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- સમજાવી શકે છે ભગવાન?

ઉત્તર :- સમજાવી શકતા પણ નથી એમ કહે છે અહીં તો. આહા..હા..! એવી વાતું આકરી! ભાઈએ બધું નાખ્યું છે એટલે હોં. કે તમારી સાથે ચર્ચા શું કરવી? તમે તો જડની પર્યાયની વાત કરો. એની શું વાત અમારે કરવી? ભાઈએ એમ લખ્યું છે. કારણ કે તમે કહો કે ભાષા પણ જડ, ભાષા અને મારી સામું જોયું એ જડ, હવે જડનો તો કર્તા અમે છીએ એમ માનો છો તમે? હવે જડની સાથે ચર્ચા કેવી? આહા..હા..! એય..! તમે પોતે કહો કે ભગવાને આમ કીધું એમ હું કહું છું. વળી ભગવાને કહ્યું એમ તો તમે કહો છો

અને વળી કહો કે ભગવાને કહ્યું નથી. એય..! એ તો વ્યવહારની ભાષા એવી જ આવે ભાઈ! આહા..હા..! ભગવાન આમ કહેતા હતા. ભગવાન કહેતા હતા કે એ વાણી કહેતી હતી? ભગવાન વાણીમાં આવે છે? વાણીમાં સ્વપર કહેવાની તાકાત, સ્વપર સ્વભાવને કહેવાની તાકાત છે. આત્માને લઈને નહિ. આત્મામાં સ્વપર જાણવાની તાકાત છે. તો જ્ઞાનમાં સ્વપર જાણવાની તાકાત છે માટે વાણીમાં સ્વપર કહેવાની તાકાત આવી છે એમ નહિ. વાણીમાં પણ પોતાને કારણે તે કાળે સ્વપર કહેવાની તાકાત છે. આત્માના જ્ઞાનની અપેક્ષા રાખ્યા વિના. આહા..હા..! ભારે આકરું! વાદે તો કાંઈ પૂરું પડે એવું નથી. વળી તમે સમજાવો, વળી સમજાવાનો ભાવ થાય અને વળી કહો તમે બીજા અમારાથી સમજે એવું છે નહિ. ત્યારે શું કરવા સમજાવો છો? ભ્રમ છે તમને? એય..! ભીખાભાઈ! કહે છેને બધું લખ્યું છે. આઠમો પ્રશ્ન. ૧૭ પ્રશ્ન છેને. પાંચ છે પહેલા ભાગમાં અને બાર છે બીજા ભાગમાં. ૧૭ લખ્યા છે એક .. ઓલા પાનામાં નહિ? છેલ્લા પાનામાં. કીધું એ પાના તો લખો આપણે. ૧૭ તો યાદ રહે. એક પાનું હોયને છેલ્લું એમાં ૧૭ આ પ્રશ્ન છે. આહા..હા..! ભારે જગત! વાદ અને વિવાદે ક્યાંય પાર પડે એમ નથી.

વાણી મૌનથી આત્માને લાભ થાય. એમ કહેવા ટાણે બીજો સાંભળે ત્યારે તમે વાણીને મૌન .. ત્યારે તમે વાણી શું કરવા કરો છો? ભાઈ! તને ખબર નથી. વાણી કાળે વાણી મૌનપણે એ વાણી એને કારણે નીકળે છે. આત્મા તો મૌન જ છે. આહા..હા..! કહો, સુજાનમલજી! આવો અટપટો માર્ગ.

મુમુક્ષુ :- વજન ઘણું પડે છે.

ઉત્તર :- બહુ પડી ગયું વજન માથે કહે છે. એમ કે ઘણી શરતો મૂકી અમારા ઉપર. આહા..હા..!

મુમુક્ષુ :- બુદ્ધિને...

ઉત્તર :- ફેરવવી પડશે. નહિ ચાલે.

**'પરમાર્થે દ્રવ્ય પોતાના જ પરિણામનું કર્તા છે, અન્યના પરિણામનું અન્યદ્રવ્ય કર્તા નથી.'** એની વિશેષ વાત કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૧૦૧

ज्ञानी ज्ञानस्यैव कर्ता स्यात् —

जे पोग्गलदव्वाणं परिणामा होंति णाणआवरणा।
ण करेदि ताणि आदा जो जाणदि सो हवदि णाणी।।१०१।।
ये पुद्गलद्रव्याणां परिणामा भवन्ति ज्ञानावरणानि।
न करोति तान्यात्मा यो जानाति स भवति ज्ञानी।।१०१।।

ये खलु पुद्गलद्रव्याणां परिणामा गोरसव्याप्तदधिदुग्धमधुराम्लपरिणामवत्पुद्गलद्रव्य-व्याप्तत्वेन भवन्तो ज्ञानावरणानि भवन्ति तानि तटस्थगोरसाध्यक्ष इव न नाम करोति ज्ञानी, किन्तु यथा स गोरसाध्यक्षस्तद्दर्शनमात्मव्याप्तत्वेन प्रभवद्व्याप्य पश्यत्येव तथा पुद्गलद्रव्यपरिणामनिमित्तं ज्ञानमात्मव्याप्यत्वेन प्रभवद्व्याप्य जानात्येव। एवं ज्ञानी ज्ञानस्यैव कर्ता स्यात्।

एवमेव च ज्ञानावरणपदपरिवर्तनेन कर्मसूत्रस्य विभागेनोपन्यासाद्दर्शनावरणवेदनीय-मोहनीयायुर्नामगोत्रान्तरायसूत्रैः सप्तभिः सह मोहरागद्वेषक्रोधमानमायालोभनोकर्ममनोवचन-कायश्रोत्रचक्षुर्घ्राणरसनस्पर्शनसूत्राणि षोडश व्याख्येयानि। अनया दिशान्यान्यप्यूह्यानि।

---

હવે જ્ઞાની જ્ઞાનનો જ કર્તા છે એમ કહે છે :—

જ્ઞાનાવરણઆદિક જે પુદ્ગલ તણા પરિણામ છે,
કરતો ન આત્મા તેમને, જે જાણતો તે જ્ઞાની છે. ૧૦૧.

ગાથાર્થ :- [ये] જે [ज्ञानावरणानि] જ્ઞાનાવરણાદિક [पुद्गलद्रव्याणां] પુદ્ગલદ્રવ્યોના [परिणामा:] પરિણામ [भवन्ति] છે [तानि] તેમને [यः आत्मा] જે આત્મા [न करोति) કરતો નથી પરંતુ [जानाति] જાણે છે [सः] તે [ज्ञानी] જ્ઞાની [भवति] છે.

ટીકા :- જેવી રીતે દહીં-દૂધ કે જેઓ ગોરસ વડે વ્યાપ્ત થઈને (-વ્યપાઈને) ઊપજતા ગોરસના ખાટા-મીઠા પરિણામ છે, તેમને ગોરસનો તટસ્થ જોનારા પુરુષ કરતો નથી, તેવી રીતે જ્ઞાનાવરણ ઈત્યાદિ કે જેઓ ખરેખર પુદ્ગલદ્રવ્ય વડે વ્યાપ્ત થઈને ઊપજતા પુદ્ગલદ્રવ્યના પરિણામ છે, તેમને જ્ઞાની કરતો નથી; પરંતુ જેવી રીતે તે ગોરસનો જોનાર, પોતાથી (જોનારથી) વ્યાપ્ત થઈને ઊપજતું જે ગોરસ-પરિણામનું દર્શન (જોવાપણું) તેમાં વ્યાપીને,

માત્ર જુએ જ છે, તેવી રીતે જ્ઞાની, પોતાથી (જ્ઞાનીથી) વ્યાપ્ત ઊપજતું, પુદ્ગલદ્રવ્ય-પરિણામ જેનું નિમિત્ત છે એવું જે જ્ઞાન તેમાં વ્યાપીને, માત્ર જાણે જ છે. આ રીતે જ્ઞાની જ્ઞાનનો જ કર્તા છે.

વળી એવી જ રીતે 'જ્ઞાનાવરણ' પદ પલટીને કર્મ-સૂત્રનું (કર્મની ગાથાનું) વિભાગ પાડીને કથન કરવાથી દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અંતરાયના સાત સૂત્રો તથા તેમની સાથે મોહ, રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, નોકર્મ, મન, વચન, કાય, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન અને સ્પર્શનના સોળ સૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં; અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવાં.

## કારતક સુદ-૧૫, સોમવાર, તા. ૨૦-૧૧-૧૯૭૨
## ગાથા-૧૦૧, પ્રવચન-૨૨૮

૧૦૧. 'હવે જ્ઞાની જ્ઞાનનો જ કર્તા છે એમ કહે છે :—' ધર્મી જીવ પોતાનું સ્વરૂપ જ્ઞાન અને આનંદમય છે એમ જેણે અંતર્મુખ થઈને જાણ્યું છે. તે ધર્મીને તો જ્ઞાનની જ ક્રિયાનો એ કર્તા છે. એ રાગભાવ આવે એનો એ કર્તા નથી અને પરનો તો કર્તા અજ્ઞાની પણ નથી. એ કહે છે.

जे पोग्गलदव्वाणं परिणामा होंति णाणआवरणा।
ण करेदि ताणि आदा जो जाणदि सो हवदि णाणी।।१०१।।

જ્ઞાનાવરણઆદિક જે પુદ્ગલ તણા પરિણામ છે,
કરતો ન આત્મા તેમને, જે જાણતો તે જ્ઞાની છે. ૧૦૧.

અહીં તો કહે છે કે કર્મ જે આઠ. આઠ કર્મ. એ બંધાય છે રજકણોમાં. એને ધર્મી કરતો નથી. કારણ કે એ તો જડની અવસ્થા છે. પણ એ જ્ઞાનાવરણીય જ્યારે બંધાય છે ત્યારે તે પ્રકારનું જ્ઞાન કરીને જ્ઞાની જ્ઞાનની ક્રિયા કરે. કર્મ તો જણાય નહિને. શાસ્ત્રમાં આવેને કે આવા ભાવ હોય તો આવા કર્મ બંધાય. એવું જેને અંતરજ્ઞાન છે. એને એ કર્મબંધનના કારણના ભાવનો એ જાણનાર છે અને કર્મની અવસ્થા થાય એનો પણ એ જાણનાર છે. સમજાણું કાંઈ?

'ટીકા :- જેવી રીતે દહીં-દૂધ કે જેઓ ગોરસ વડે વ્યાપ્ત થઈને...' ગોરસ એ સામાન્યરસ ગાયનો. એ દહીં-દૂધ વડે જેઓ ગોરસ વડે વ્યાપ્ત થયા છે. ગોરસ તે વ્યાપક છે અને દહીં-દૂધ એની વ્યાપ્ય અવસ્થા છે.

મુમુક્ષુ :- આ તો ઘરની વાત, મુદ્દાની વાત તો સમજાવો.

ઉત્તર :- ઘરની એ ક્યાં એને ખબર છે? દહીં-દૂધની અવસ્થા કેમ થાય છે? એ તો ગોરસના દ્રવ્ય રજકણો જે છે એને લઈને એ દહીં-દૂધની અવસ્થા થાય છે.

મુમુક્ષુ :- દૂધમાં છાશ નાખે એટલે થાય.

ઉત્તર :- છાશ કોણ નાખે? નાખે કોણ અને રાખે (કોણ)? એમાં છાશ પડતા જે દૂધ-દહીંની અવસ્થા થાય એને ગોરસની જોડે બેઠેલો. અત્યારે કરે છે. પહેલા તો બહુ હતુંને અધમણ-અધમણ દૂધ એક-એક ગાય કાઢતી. ઉનું કરીને બેસે. .. લાકડી લે હાથમાં. સાચવવા બેસતા. ચીમનભાઈ! જોયું છે કે નહિ? ઠારે જરી ઠારે પછી એમાં મૂકે. થોડું ઉનું કરીને. .. ગોરસની બાઈ હોય કે આદમી, છોકરાને બેસાડે. એ દહીં-દૂધ જે થાય એ ગોરસની અવસ્થા છે. એને ગોરસનો જાણનાર જાણે કે આમ થાય છે, પણ એને કરે નહિ.

મુમુક્ષુ :- .. કરે છેને?

ઉત્તર :- શું કરે? આમ થાય છે એમ જાણે. કરે છે એમાં?

મુમુક્ષુ :- મેળવણ

ઉત્તર :- મેળવણ કોણે નાખ્યું? મેળવણ પડ્યું અંદર તે પણ જાણે છે. કે આમાં ગોરસમાં છાશ નાખી. એમ જોડે ગોરસનો જાણનાર જાણે છે. નાખી છે ક્યાં? નાખે કોણ? સમજાણું કાંઈ? મોટી કર્મની તકરાર લીધી આમાં. .. કર્મ કરે, બાંધે. ન બાંધે તો મોક્ષ .. નથી રહેતો જાવ. એ કર્મ બાંધે તદ્દન નિમિત્ત કાંઈ કરે જ નહિ એમ નહિ. નિમિત્ત પણ ઉપાદાન છે, ઉપાદાન પણ નિમિત્ત છે. બેય અરસપરસ છે. એમ ગોટા વાળ્યા છે. બહુ ગોટા વાળ્યા છે. ઓહો..હો..! અહીંના વિરુદ્ધના બધા પ્રશ્નો છેને.

અહીં તો કહે છે કે '**દહીં-દૂધ કે જેઓ ગોરસ વડે વ્યાપ્ત થઈને (-વ્યપાઈને) ઊપજતા...**' વ્યપાઈને એટલે થઈને ઉપજતા. '**ગોરસના ખાટા-મીઠા પરિણામ છે,...**' છેને દહી તે ખાટું અને દૂધ તે મીઠું. એ પરિણામ પર્યાય છે. એ ગોરસ સામાન્ય જે ગોરસ છે એની દહીં-દૂધની અવસ્થા એના પરિણામ છે. '**તેમને ગોરસનો તટસ્થ જોનારા પુરુષ...**' પહેલું આ હતું હોં. ઘરદીઠ ભેંસુ-ગાયું રાખતાને પહેલા તો. પહેલા તો અધમણ-અધમણ દૂધ કાઢે ભેંસ. ગાય પણ અધમણ કાઢે મોટી ઉંચી હોયને તો અધમણ-અધમણ કાઢતી. મોટું દોણ હોય મોટું. ઉનું કરીને બેસે લાકડી લઈને થોડીવાર. કોઈ કૂતરું આવી ન જાય. એ કાંઈ ગોરસ જે થાય છે અંદરમાં પરિણમન. એને ગોરસનો જોનારો જાણે ખરો. કરે. ગોરસના પરિણામને ગોરસ કરે. ભારે આકરું કામ છે. અહીં પ્રત્યક્ષ કરે અને કહે છે કે ન કરે. મારા! આહા..હા..! એકાંત નથી. એમ કહે છે અજ્ઞાની. અહીં તો એકાંત છે. ગાયના દૂધના રજકણો, દૂધને દહીંપણે પરિણમે એમાં એ ગોરસનો પૃથક્ જોનાર પુરુષ કરતો નથી.

કરે શું ત્યાં? એના પરિણામ ત્યાં જાય છે અંદર? આહા..!

**'તેવી રીતે જ્ઞાનાવરણ ઇત્યાદિ કે જેઓ ખરેખર પુદ્ગલદ્રવ્ય વડે વ્યાપ્ત થઈને...'** લ્યો! જ્ઞાનાવરણ, દર્શનાવરણ એ કર્મ છે. અહીં તો ગોમ્મટસારમાં કહ્યુંને? ભાઈ ચોથે ગુણસ્થાને આટલા આવરણ એને હોય, પાંચમે આટલા. એ જ્ઞાની જાણે છે કહે છે એમ કહે છે. એ આવરણનો શબ્દ આવ્યો, તેથી આવરણની પર્યાયને કરે છે. (એમ નથી) આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! **'જ્ઞાનાવરણ ઇત્યાદિ...'** એ બધા નામ આપશે અંદર પછી વિસ્તાર. પણ **'ખરેખર પુદ્ગલદ્રવ્ય...'** છે એ તો જડ છે. જેવું આ શરીર જડ છે. એમ આ કર્મ છે જડ છે ઝીણા. પરમાણુઓ છે. એનાથી વ્યાપ્ત થઈને ઉપજે છે. પુદ્ગલદ્રવ્યના એ તો પરિણામ છે. કર્મની અવસ્થા એ પુદ્ગલની પર્યાય છે. પરિણામ કહો કે અવસ્થા કહો કે પર્યાય કહો. જડને પરિણામ હોય છે. પરિણામ એટલે પર્યાય. હજી એની પણ ખબર ન હોય. પરિણામ કોને કહેવા? જીવને એ પરિણામ હોય, જડને હોય?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને કહેવાય પરિણામ. કે ભાઈ આ પરિણામ આવ્યું કેટલું? એની અહીં ક્યાં વાત છે? પ્રત્યેક દ્રવ્ય વસ્તુ જે જગતની છે. એની વર્તમાન જે અવસ્થા થાય એને અહીંયાં પરિણામ કહે છે. પછી જડની હો કે આત્માની હો કે ધર્માસ્તિની હોય. સમજાણું કાંઈ? જુઓ આ એક અવસ્થા છે જુઓ આ લોઢાની. આ એનું પરિણામ છે. આ લોઢું છે એ દ્રવ્ય છે અને આ એની પર્યાય છે, પરિણામ છે. એ લોઢાનું આ પરિણામ છે. આ લાકડું છે. એ લાકડાની આ અવસ્થા આમ-આમ થાય એ એનું પરિણામ છે. સમજાણું કાંઈ?

એ પુદ્ગલદ્રવ્ય વડે પરિણામ થયું છે. **'તેમને જ્ઞાની કરતો નથી;...'** આહા..હા..! લ્યો! એવી વાત ઝીણી છે. જ્ઞાની તો જ્ઞાનને જ કરે. કેમકે એનો પોતાનો સ્વભાવ જાણવું-દેખવું એ છે અને એ સ્વભાવનો અનુભવ થયો છે કે આ તો જાણનાર-દેખનાર જ આત્મા છે. એમાં બીજી કોઈ ચીજ નથી. એટલે જાણનાર-દેખનારનો આત્મા જાણવા-દેખવાની પર્યાયને કરે. ત્યારે કહે આ કર્મ બાંધે અને આ એમાં આવ્યુંને શાસ્ત્રમાં? આ એનો તો અહીં ખુલાસો કરે છે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિને ખ્યાલમાં શાસ્ત્ર વાંચવાથી આવે કે આ ગુણસ્થાનમાં આટલા આવરણો અંદર હોય. કોઈ વખતે આઠ કર્મ બંધાય અને સાત તો સદાય હોય, પણ એ બાંધવાની પર્યાયનો જાણનાર ધર્મી છે. હવે નજીકમાં જેવા એના ભાવ. અહીં તો બીજી વાત છે કે જે પ્રકારે જ્ઞાનાવરણીય પરમાણુઓ પરિણમે એના કારણરૂપ જે આવરણો, ભાવ. છ પ્રકારના. એ ભાવ જ્ઞાનીના નહિ. સમજાણું કાંઈ? એ શું કહ્યું? કે જે જ્ઞાનાવરણીય કર્મ બંધાય એને છ કારણ છે. જ્ઞાનની અશાતના, જ્ઞાનને ઓળવવું. સમજાય છે? .. થવું, જોર થવું. મળ્યું હોય ક્યાંક અને મળે છે ક્યાંકથી એમ માનવું, કહેવું એ બધા ભાવ જ્ઞાનાવરણીય

બાંધવાના છ પ્રકાર છે. પંડિતજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ. એ. જ્ઞાનદર્શનને બાંધવાના છ કારણો. પણ એ છ કારણ અને આ ભાવને જ્ઞાની કરતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. કર્મને પણ કરતો નથી અને ભાવને પણ કરતો નથી.

ઉત્તર :- ભાવને કરતો નથી ત્યારે કર્મને કરતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે. ગાથાદીઠ ઝીણું અંદર આગળ લઈ જાય છે. ધર્મ તો એને કહીએ કે વસ્તુ સહાવો ધમ્મો. કહે નહિ એમ નહિ. વસ્તુ સહાવો ધર્મ તો બધા ધર્મ થઈ ગયા છએ દ્રવ્યમાં વળી એમ કહે. વિકાર-અવિકાર બધા ધર્મ આવી ગયા. એમ ક્યાં છે અહીં વાત? અહીં તો વસ્તુ આત્મા એનો ત્રિકાળી જ્ઞાન, આનંદ આદિ સ્વભાવ એનું પરિણમન થવું એ વસ્તુ સહાવો ધર્મ. સમજાણું કાંઈ? આહા..! ભારે વાતું. ચૈતન્ય વસ્તુ છે ભગવાન આત્મા એનો કાયમી અનાદિ-અનંત સ્વભાવ જાણવું-દેખવું એ ઉપયોગ અનાદિ સ્વભાવ છે. એ ધર્મ એમ નહિ અહીં. એનો એ સ્વભાવ છે. એવું અંતરમાં સ્વીકાર કરીને જ્ઞાન અને આનંદરૂપે થવું એનું નામ ધર્મ છે. ભારે! સમજાણું કાંઈ? એની મોટી ટીકા કરી છે. વસ્તુ સહાવો ધમ્મો તો બધાના ધર્મ થઈ જશે. (બધા દ્રવ્ય)ના પરિણામ પણ ધર્મ થઈ જશે. કારણ કે એ પણ વસ્તુનો... અને સ્વભાવ જો તમે કહો.

મુમુક્ષુ :- ધર્મ છે જ.

ઉત્તર :- ત્રિકાળી છે તો અનાદિ-અનંત ધર્મ થઈ ગયો જગતમાં. વસ્તુનો સ્વભાવ તો અનાદિ-અનંત છે કહે છે. અરે..! એ ક્યાં વાત છે? વસ્તુ આત્મા એનો ત્રિકાળી આનંદ ઉપયોગ સ્વભાવ એવો જેણે અંતર્મુખ થઈને સ્વીકાર કર્યો છે. સમજાણું કાંઈ? એ સ્વીકારી પર્યાય જે છે અવિકારી-અરાગી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના જે પરિણામ એ ધર્મ છે. સમજાણું કાંઈ? ભારે વાત આ. ગડબડ ઉઠાવી. સોનગઢવાળું નીકળ્યું એટલે ગડબડ ઉઠાવી ચારેકોર. નહિતર એકધારું ચાલતું હતું. આહા..હા..!

કહે છે એ '**પુદ્ગલદ્રવ્યના પરિણામ છે, તેમને જ્ઞાની કરતો નથી;...**' એનો અર્થ શું થયો? કે હું તો આત્મા એક જાણનાર-દેખનાર ચૈતન્યઘન છું. એવું જેણે અંતર આત્મતત્ત્વને જાણ્યું. એના પરિણામ જે જ્ઞાનાવરણીય બંધાય. એમાં જે ભાવ છે બંધાવામાં નિમિત્ત. એ ભાવને એ જાણે છે અને રજકણો આ કાળે આવા જ બંધાય એને જાણે છે. કહો, એલા! સૂક્ષ્મ રજકણ છે એને જાણે એમ કહેવું. વળી જે રજકણને બાંધવાના પરિણામ એ તો અરૂપી સૂક્ષ્મ છે. એને જાણે એમ કહેવું. આહા..હા..! કહે છે એ જ્ઞાનાવરણાદિ પુદ્ગલદ્રવ્ય વડે થયેલી પર્યાય-પરિણામ '**તેમને જ્ઞાની કરતો નથી; પરંતુ જેવી રીતે તે ગોરસનો**

**જોનાર, પોતાથી (જોનારથી) વ્યાપ્ત થઈને ઊપજતું...'** પોતાથી એટલે જોનારને પોતાથી એમ. જોનારને પોતાથી. '**વ્યાપ્ત થઈને ઊપજતું જે ગોરસ-પરિણામનું દર્શન...'** એમ. સમજાણું કાંઈ? આ ગોરસ છે એ દૂધ અને દહીંપણે થાય છે. એવું જે અહીં જ્ઞાન થયું. એ જ્ઞાન પોતાથી વ્યાપ્ત છે. સમજાણું કાંઈ? ઝીણું-ઝીણું. એક-એક ગાથામાં આગળ સૂક્ષ્મતા વધારતા જાય છે. ઓહો..હો..! જગતની આંખ છે આત્મા. એને અહીંયાં સમયસારને જગતની આંખ કહેવામાં આવે છે.

'**જેવી રીતે તે...'** ગોરસમાં પરિણામરૂપે પરિણામ દૂધ અને દહીંરૂપે થતું, ગોરસનો જોનાર જોવે છે. કરતો નથી. સમજાણું કાંઈ? એમ જેણે પોતાની જ્ઞાનની પર્યાયને વસ્તુ તરફ વાળી છે, ઢાળી છે એના જે અંદર જ્ઞાનના પરિણામમાં એ કર્મ બંધાય છે અને જે કારણે બંધાય તેના સંબંધીનું જે પોતાનું જ્ઞાન એ પોતાના જ્ઞાનના પર્યાયમાં વ્યાપે છે એ. આહા..! સમજાણું કાંઈ? '**તે ગોરસનો જોનાર, પોતાથી (જોનારથી) વ્યાપ્ત થઈને...'** એટલે? ગોરસનો જોનાર છે કે આ દહીં-દૂધના પરિણામ થાય છે. અહીંયાં એનું જે જ્ઞાન કર્યું એણે એ જ્ઞાનના પરિણામમાં એ વ્યાપે છે? પણ એ ગોરસના પરિણામમાં એ જતો નથી. સમજાણું કાંઈ?

'**ઊપજતું જે ગોરસ-પરિણામનું દર્શન (જોવાપણું) તેમાં વ્યાપીને,...'** આહા..હા..! એ ગોરસના પરિણામને જાણતું જે જ્ઞાન પોતાના પરિણામમાં વ્યાપતો આત્મા એને જોવાના પરિણામમાં વ્યાપતો આત્મા. સમજાણું કાંઈ? હવે આવા સમયસારની શી રીતે પરીક્ષા આપી હશે આ પી.એચ.ડી. થયોને ઓલો? આહા..હા..! જેણે આત્માના સન્મુખ પરિણામ થયા છે અને રાગ અને કર્મના રજકણોની અવસ્થાથી જેના પરિણામ વિમુખ છે. સમજાણું કાંઈ? એના ખ્યાલમાં શાસ્ત્ર ભાષા સાંભળે કહે કે આમાં આ ચોથા ગુણસ્થાનમાં કોઈ વખતે આઠ કર્મ બંધાય, બાકી નિરંતર સાત બંધાય. જ્ઞાનાવરણીય આદિ. દર્શનમોહાદિ નહિ. તો એ કહે છે કે એ વખતનું એને જ્ઞાન થાય છે. કે આમ થાય છે આ ગુણસ્થાને આમ થાય છે અને એ ગુણસ્થાનમાં એ કારણરૂપ જે ભાવ હોય છે જ્ઞાનાવરણીય બાંધવાના. એ ભાવનો એને ખ્યાલ આવે છે. એનું જ્ઞાન કરે છે, પણ એ ભાવમાં અને કર્મના બંધનમાં એ વ્યાપતો નથી. અરેરે..! ભારે ઝીણું! કહો, ચીમનભાઈ! આવું ઝીણું છે. આહા..હા..!

હવે કહે છે. શું કીધું? કે '**પોતાથી વ્યાપ્ત થઈને...'** શું? કે ગોરસ પરિણામનું દર્શન. હવે એ તો ઠીક. કે આમ દેખાય છે એમ લાગે માણસને સ્થૂળ રીતે. '**તેમાં વ્યાપીને, માત્ર જુએ જ છે,...'** હવે આ ઝીણી આવી વાત સિદ્ધાંત. '**તેવી રીતે જ્ઞાની,...'** જ્ઞાનસ્વભાવનો સ્વામી થયેલો જે રાગ અને શરીર, કર્મની ક્રિયાના સ્વામીપણે છૂટી ગયેલો. એ ધર્મી. આહા..હા..! એ તિર્યંચ સમકિતી હોય. સાતમી નરકનો નારકી સમકિતી હોય.

આહા..હા..! એને પણ એ જ્ઞાનની પર્યાય જ એવી એને ઉત્પન્ન થાય કે જે પ્રકારના આવરણ, બંધનો, કારણભાવ અને બંધન. એને જાણવાની પર્યાય પોતાથી પોતામાં ઉત્પન્ન થાય. આહા..હા..! સમજાણું કાંઈ? કારણ કે જે જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એમ જ્યાં ભાન કર્યું. ધર્મી થયો, જ્ઞાની થયો, ધર્મના પ્રગટદશાના પરિણામ પ્રગટ કર્યા. કે આ વસ્તુ જ્ઞાનમય પુંજ પ્રભુ છે. એવી દૃષ્ટિ થઈ, એના પરિણામમાં એવા જ પરિણામ એના તે ક્ષણે ઉત્પન્ન થાય જ્ઞાનમાં. કે જે પ્રકારના જ્ઞાનાવરણીય બાંધવાના ભાવ અને જ્ઞાનાવરણીય બંધાય એને જાણવાની પર્યાય તે કાળે એને જાણતો હોવા છતાં જાણવાની પર્યાય પોતાથી ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ?

એ દ્વેષ આવ્યો સત્ય ઉપર અજ્ઞાનીને. સમજાણું? તો એને તો ઠીક. પણ અહીંયાં જરી દ્વેષ આવ્યો અંશ જ્ઞાનાવરણીય બાંધવાનું નિમિત્ત. કહે છે એ કાળે પણ તે પરિણામ જે દ્વેષના જે અંશે આવ્યા એ જ કાળે જ્ઞાન તેને જાણતું, તેને અડ્યા વિના, એની સામું જોયા વિના. અરે..! ભારે કામ! એ વસ્તુનો સ્વભાવ જ્યાં જાણવામાં આવ્યો કે ચૈતન્યમૂર્તિ જ્ઞાનસ્વરૂપ છે. એથી એના પરિણામમાં જે પ્રકારના જ્ઞાનાવરણીય બંધાય એવા છ ભાવ અને જ્ઞાનાવરણીય રજકણની પર્યાય થાય. એને જાણતું જ જ્ઞાન ઉત્પન્ન થાય. બેનો સમકાળ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કોનો બેનો સમકાળ કીધો? ઓલા ભાવ અને કર્મ અને અહીં જ્ઞાનના પરિણામ. આને જાણું છું એમ કરીને પરિણામ ઉત્પન્ન નથી થતાં. આહા..હા..!

રજકણોના પરિણામ ક્યાં જાણવા? એય..! છોકરાઓ! અહીં સાંભળવું હોં. થોડું-થોડું સાંભળવું. આપણને ન સમજાય એમ કરીને કાંઈ કાઢી નખાય? આઠ-આઠ વર્ષના છોકરા કેવળજ્ઞાન પામ્યા છે લ્યો. તમે તો મોટા ઢગા થયા છો મોટા દસ વર્ષના, બાર વર્ષના. આઠ-આઠ વર્ષના. આહા..હા..! એ જ્યારે મુનિ હોય નાના શું કહેવાય? મોરપીંછી, નાનું કમંડળ. આહા..હા..! આઠ-આઠ વર્ષના રાજકુમાર હોં. અંદરના આનંદમાં ઝુલતા-ઝુલતા આ હાથમાં એ અને ભિક્ષા માટે નીકળે. મુનિની સંભાળ કરતા હશે. સંભાળ કરે એવી એ ચીજ જ નથીને અહીં તો કહે. સમજાણું કાંઈ? સંભાળ કરે તો રહે અને સંભાળ ન કરે તો (ન) રહે એવો આત્મા જ નથી. આહા..હા..! જે આત્માનું વસ્તુનું જ્યાં જ્ઞાન થતાં... આ વાત સમજાય નહિ તો હવે કરવું શું? અહીં આવ્યા વિના ચાલે નહિ. ત્યાં ..ભાઈ કહે જાઓ. અત્યારે ટાઈમ છે એટલે. ચાલો ભાઈ ત્યાં. હવે અહીંયાં સમજાય નહિ ત્યારે શું કરવું? થોડી-થોડી વાતું કરીને કાળ તો ગાળવો કે નહિ? આહા..હા..! અરે..! ન સમજાય? આઠ વર્ષના છોકરાઓ તો આમ બાર અંગના ભણેલા, ચૌદપૂર્વને પાર કરેલા. આહા..હા..! રાજકુમારો હોં. હજી તો લગન પણ કર્યા ન હોય. ઉઠીને ઉભા થયા હોય ત્યાં તો એકદમ. અરે..! અમારો આત્મા પૂર્ણાનંદનો નાથ એના ઘરમાં અમે કોઈ દિ' ગયા નહિ. અને રખડી મર્યા

ચોર્યાસીના અવતારમાં.

નહોતું કહ્યું એકફેરી નહિ? આ તો આઠ વર્ષના કીધું, પણ ૨૦-૨૦ વર્ષના રાજકુમારો. આમ હજારો રાણીઓ આમ પદ્મણી જેવી હોય. માતા પાસે રજા માગે મા! રજા દે માતા! મારું મન ક્યાંય બહારમાં જામતું નથી. મારો ભગવાન આનંદસ્વરૂપ મારું ચિત્ત ત્યાં જામી ગયું છે. ત્યાં સિવાય મારું ક્યાય મન ઠેકાણે પડતું નથી. માતા! મને મારી નિધિ જાણવામાં આવી છે. એમ કહે. આહા..હા..! મારો ભગવાન આનંદનો નાથ અંદર. આહા..હા..! અરે..! પૂર્ણાનંદનો પરમેશ્વર પરમાત્મા હું છું. એવું માતા! મને જાણવામાં આવી ગયું છે. માતા! હવે મારે ઠરવું છે. માતા એમાં મારે ઠરવું છે. નિવૃત્તિ લઈને. તો માતા રજા દેને મા! આહા..હા..! ઓલો બોલે ત્યાં ઓલાને એમ થઈ જાય એની માને કે અરર..! આહા..હા..! દીકરા! તું શું જાણ, ભાઈ! માતા! હું જાણું છું કે દેહ અને રાગ જુદા એ જાણું છું. અને ક્યારે દેહ છૂટશે એ હું જાણતો નથી, પણ જાણું છું કે દેહ છૂટશે, રાગ છૂટશે. સમજાણું કાંઈ? આહા..હા..! જે મારી ચીજ નથી તે છૂટેલી છે. એ છૂટશે એમ હું જાણું છું. પણ દેહનો કાળ ક્યારે છૂટશે એ કાળની માતા મને ખબર નથી. આહા..હા..! એ કુટુંબ ભેગું થયું હોય તો સૌની આંખમાં આંસુ આવી જાય. વૈરાગ્ય-વૈરાગ્ય. આહા..હા..! માતા! સ્મશાનમાં ઉપાડીને ઘણા લઈ જાય છે હોં. અમે ચાલીને સ્મશાનમાં જાશું માતા! રજા દે. અમારો આત્મા આનંદનો નાથ. આહા..હા..! સમજાણું કાંઈ? અવાજ આવશે. એ છોકરાને જુદા કરી નાખો. અવાજ કરે છે. અહીં આવા છોકરા.. ક્યાં ગયા આ તો એય..! એના નારણભાઈ! નથી આવ્યા નારણભાઈ! આહા..હા..!

અરે..! બાળપણા એમ જ ખેલ્યા છેને જગતે. મારો પ્રભુ ચૈતન્યસ્વભાવ. એને અમે આ ભવમાં પૂર્ણ કરવાના મા! એમ કહે હોં. અમે ચોક્કસ કહીએ છીએ માતા! હવે બીજે ભવે નહિ જઈએ. અમારી પરિણતિ એમ જોર કરી રહી છે કહે. અમારી જ્ઞાનધારા અમને જોર કરી રહી છે કે આ અવતારમાં જ દશા પૂરી થશે. સમજાણું કાંઈ? આહા..હા..! એ આઠ વર્ષના બાળકને કેવળ પામે અને અંતર્મુખ થઈને મોક્ષ જાય. મોક્ષ સિદ્ધ થાય. એ અહીં કહે છે કે જ્ઞાનીના જ્ઞાનમાં શું થાય એને? ભલે હજી કેવળજ્ઞાન ન થયું હોય, છતાં એ જ્ઞાનમય પ્રભુ આત્મા છે. એને જ્ઞાનમાં પરિણામમાં કેવા પરિણામ હોય? કે સ્વને જાણવાના તો હોય, પણ જ્ઞાનાવરણીય એ સમયે જેમાં રજકણો બંધાય. એ જ પ્રકારનું જ્ઞાન આમાં થાય એમાં ઓલા રજકણો નિમિત્ત થાય. આહા..હા..! સમજાણું કાંઈ? અને જેવા ભાવે કર્મ બંધાય એ ભાવનું પણ એવું ને એવું, જેવું છે ભાવ એવું જ્ઞાન અહીં થાય. આહા..હા..! એને અડ્યા વિના હોં! આ તે કાંઈ આ ચૈતન્ય ચમત્કાર છે આ. સમજાણું કાંઈ?

આ ગાથામાં એમ કહે છે ભાઈ! ઝીણી વાતું છે. કીધી છે કર્મબંધનની. પણ એનો

ખુલાસો કરશે પાછો નીચે. વિસ્તાર ૧૬ બોલ. ૧૬ બોલ કહેશે. ભાઈ! તું કોણ છો? સમજાણું કાંઈ? કે હું તો જ્ઞાનનો સ્વામી જ્ઞાનમાં પરિણામ કરું છું. આહા..હા..! જ્ઞાની તો રાગને પણ કરતો નથી તો કર્મને બાંધે એ તો કરતો નથી. સમજાણું કાંઈ? એ જ્ઞાની એને કહીએ કે જે રાગ અને કર્મની પર્યાયથી જુદું ભાન થયું છે. કારણ કે રાગાદિ તો આસ્રવ છે. કર્મની પર્યાય એ તો અજીવની પર્યાય છે. ભગવાન તો અજીવ પર્યાય અને આસ્રવ પર્યાયથી ભિન્ન છે. આહા..હા..! ભારે કામ ભાઈ! એટલે માણસને આ સૂક્ષ્મ તત્ત્વનું જ્ઞાન અને ભાન ન હોય એટલે પછી આમ કરે ને આમ કરે ને આમ કરે. બધાનું કરી શકે, નહિ પણ કરી શકે અને કરી પણ શકે.

મુમુક્ષુ :- એ કરવાને નવરો ક્યારે થાય?

ઉત્તર :- એ નવરો થાય રખડવા માટે. આહા..હા..! અહીં તો કહે છે મૂકને પડતી તારી લપ. આહા..હા..!

‘**પોતાથી (જ્ઞાનીથી) વ્યાપ્ત ઊપજતું,...**’ છેને? જેમ ઓલા ગોરસને જાણવાનું જ્ઞાન, ‘**ગોરસનો તટસ્થ જોનારા પુરુષ...**’ એના જ્ઞાનના પરિણામમાં વ્યાપતો થકો. જ્ઞાનના પરિણામને એ કરે. એમ ‘**પોતાથી (જોનારથી) વ્યાપ્ત થઈને ઊપજતું...**’ શું? ‘**પુદ્‌ગલદ્રવ્ય-પરિણામ જેનું નિમિત્ત છે...**’ આહા..હા..! જુઓ, વિકારી ભાવ અને પુદ્‌ગલ પરિણામ જે જડના એ જે જ્ઞાનમાં નિમિત્ત છે. ઉપાદાન તો પોતાથી છે. આહા..હા..! એ જડની પર્યાય આ કાળે આવી બંધાય છે અને એના આવા પરિણામ બાંધવામાં નિમિત્ત હોય એનું અહીં જ્ઞાન થતાં. સમજાણું કાંઈ? એનું જ્ઞાન થતાં એ પુદ્‌ગલના પરિણામ, રાગાદિના પરિણામ નિમિત્ત છે આ જ્ઞાનમાં. જ્ઞાનીના જ્ઞાનમાં એ નિમિત્ત છે અને જ્ઞાનીનું જ્ઞાન પોતાથી ઉપજેલું છે એમ કહે છે. આહા..હા..! ભારે વાત! સમજાણું કાંઈ?

‘**પોતાથી...**’ એટલે? ધર્મીના ધર્મ પરિણામ જાણવાના-દેખવાના. એ કહે જ્ઞાન-જ્ઞાનમાં કાંઈ નહિ. પણ અહીં જ્ઞાન એટલે એમાં ઠરવું એનું નામ જ્ઞાન છે. આહા..હા..! ‘**પોતાથી (જોનારથી) વ્યાપ્ત થઈને...**’ એટલે? ધર્મી જીવનું જ્ઞાનીનું જ્ઞાન એ પોતાથી વ્યાપ્ત થઈને. રાગ અને કર્મની પર્યાયનું જ્ઞાન જેમાં નિમિત્ત છે.

**કારતક વદ-૧, મંગળવાર, તા. ૨૧-૧૧-૧૯૭૨**
**ગાથા-૧૦૧-૧૦૨, પ્રવચન-૨૨૯**

૧૦૧ ગાથાનો ભાવાર્થ છે. .. જ્ઞાન તે આખો આત્મા. આત્મા પૂરો અનંતગુણનો પિંડ છે. .. નિશ્ચય અને વ્યવહાર... દ્રવ્ય ઉપર જાય ત્યારે એને ગ્રહણ થાયને. સમજાણું કાંઈ? નિમિત્ત ઉપાદાન, નિશ્ચય, વ્યવહાર બધું જેમ છે તેમ એનું જ્ઞાન યથાર્થ એને કારણે છે અને વસ્તુસ્વરૂપ જાણે ત્યારે એને યથાર્થ જ્ઞાન થાયને? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નજીક .. એ પરલક્ષી જ્ઞાનમાં વિપરીતતા ન રહે. ચેતનજી! ... આહા..હા..! હજી તો પરલક્ષી જ્ઞાનમાં જ્યાં ભૂલ છે, વિપરીતતા છે બહુ ભાઈ! આહા..હા..! નિમિત્તથી કાર્ય થાય અને વ્યવહારથી નિશ્ચય થાય. ક્રમસર થતાં તેને નિયત છે. વસ્તુની સ્થિતિ જ એવી છે કે જે કાળે જે પર્યાય થવાની સ્વકાળની અપેક્ષાએ. એ તે કાળે થવાની. પહેલાના સમયનો તે તેનો કાળ, આના સમયનો તેનો કાળ. આહા..હા..! આ તો વસ્તુની સ્થિતિ છે. એને ક્રમબદ્ધ બેસવું મુશ્કેલ છે એટલે એને વર્તમાન દ્રવ્યમાં જે સમય સમયની પર્યાય થાય છે. એ પર્યાય સ્વતંત્ર તે પ્રકારે કર્તા અને પર્યાય કર્મ એ સ્વતંત્ર છે. .. એમ છે. એવો નિર્ણય થાય ત્યારે એનું લક્ષ દ્રવ્ય ઉપર જાય. સમજાણું કાંઈ? કેમકે જેના આશ્રયે પર્યાય પ્રગટે છે. '**भूदत्थमस्सिदो**' છેને? ભૂતાર્થ. તે-તે પર્યાય ભૂતની ત્રિકાળી ભગવાન. જાણવા આદિ અનંતગુણોનો પિંડ ચૈતન્યઘન. એવો પર્યાયનો આશ્રય તો એ છે. સમજાણું કાંઈ? એ આશ્રય કરવાથી જે એમાં શ્રુતજ્ઞાન અને આનંદ છે એવી પર્યાયમાં પરિણમન જ્ઞાન અને આનંદનું, શાંતિનું વગેરે પર્યાયમાં જે પરિણમન એ બધું આત્માનું પરિણમન હોય. એ જ્ઞાનનો ભાવ છે, એટલે આત્માનો એ ભાવ છે. સમજાણું કાંઈ? એ આત્માના ભાવનું પરિણમન એનો કર્તા ભલે કહેવાય. સમજાણું કાંઈ? પણ કર્મની પર્યાયને કરે, મોહાદિને કરે એમ છે નહિ. એ ભાવ થાય તે કાળે એ પોતે જાણતો જ્ઞાનરૂપે પરિણમે. અરેરે..! સમજાણું કાંઈ?

દ્વેષ થાય. .. દૃષ્ટિ છે, પણ જરી .. સ્થાપન કરવું છેને કે આમ ન હોય. એ વખતે પણ એ દ્વેષનો અંશ છે. સમજાય છે કાંઈ? એ દ્વેષ પણ જ્ઞાનીના જ્ઞાનમાં જણાવાલાયક છે. અથવા ધર્મીના સ્વપરપ્રકાશક જ્ઞાનના પ્રગટપણામાં એ દ્વેષનો અંશ નિમિત્ત છે. જ્ઞાનમાં નિમિત્ત છે. આહા..હા..! કારણ કે .. કર્યું છેને? સમજાણું કાંઈ? આમ નિમિત્ત નથી એટલે

આમ નિમિત્ત છે. અજ્ઞાનીનો રાગ અને ભોગ એનો કર્તા થાય છે. .. એની દૃષ્ટિ ત્યાં રાગ ઉપર છે. એથી તો એને જે રાગ-દ્વેષ થાય એનો એ કર્તા છે, પરિણમનાર છે. સમજાણું કાંઈ? છતાં એ પરદ્રવ્યનો કર્તા તો એ પણ નથી. અહીં તો એ સિદ્ધ કરવું છેને? સમજાણું? ધર્મી ત્યાં દૃષ્ટિ ચૈતન્ય ખજાને પડી છે દૃષ્ટિ. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ નિર્વિકલ્પ શાંતરસનો પિંડ છે. એવો જ્યાં આશ્રયમાં લીધો એટલે પર્યાયમાં વીતરાગની પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ પર્યાય પ્રગટી. એનો એ કર્તા છે. કર્તા એટલે પરિણમન કરનાર. એમ. પણ દ્વેષ .. પરિણામનાર દ્વેષનો છે એમ નથી. દૃષ્ટિમાંથી છૂટી જાય એવું છે ત્યાં એમાં વાદ-વિવાદને સ્થાન પણ ક્યાં છે? સમજાણું કાંઈ? આહા..હા..!

'**ક્રોધ,...**' ધર્મી જીવની દૃષ્ટિ તો જ્ઞાયક ચિદાનંદ ઉપર હોય છે. સમજાણું કાંઈ? કેમકે એને નિમિત્તો રાગ અને પર્યાયનો અંશ એના ઉપર દૃષ્ટિ હોતી નથી. વસ્તુ હોય છે. પણ દૃષ્ટિ ત્યાં ન હોય. દૃષ્ટિ તો જ્ઞાયક ચિદાનંદ પ્રભુ પૂર્ણ જ્ઞાનઘન (ઉપર છે). એવી ઝીણી વાત છે. તત્ત્વ એવું છે આ. એમાં સર્વજ્ઞ વીતરાગ માર્ગમાં આ વાત છે. બીજે તો ક્યાંય હોય નહિ. સમજાણું કાંઈ? કહે છે કે એને ક્રોધનો અંશ આવે. એને આવે એમ કહેવું એ વ્યવહાર છે. આવે છે. સમજાવાની રીત છે. ધર્મી જીવને અનંતાનુબંધીમાં ક્રોધ ન હોય. પણ ત્રણ કષાયનો ક્રોધ જરી હોય. જરી કેમ કીધો? કે અનંતાનુબંધી નથી એટલે જરી કહ્યો. આહા..હા..! છતાં ધર્મીની દૃષ્ટિ તો દ્રવ્યસ્વભાવ ઉપર હોવાથી એ એનો જ્ઞાતા-દૃષ્ટા છે. શરીરરૂપે પરિણમનાર નથી. ક્યાં લઈ ગયા! નવા કર્મ બંધાય એનો પરિણમનાર નથી, બાંધનાર નથી. પણ અહીં રાગાદિ આવે એનો પણ કરનાર નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

'**માન,...**' જરી માનનો અંશ આવે તો એને પણ ધર્મી તો પૃથક્ રહીને તટસ્થ એ જ્ઞાનમાં એ માર્ગ જણાય. નિમિત્તપણે એવો જ્ઞાતા હોય છે. ભારે કામ! '**માયા,...**' જરી કપટનો અંશ હોય એને ધર્મી જીવ અજ્ઞાની એ કપટના અંશનું મારું કર્તવ્ય માનીને ત્યાં ઉભો હોય છે. ધર્મી એ માયાના સ્થાનમાં ઉભો નથી. આહા..હા..! એ તો જ્ઞાનાનંદ સ્વભાવી પ્રભુ આત્મા. ચાહે તો લડાઈમાં ઉભો હોય જ્ઞાની. સમજાય છે કાંઈ? છતાં એ લડાઈની ક્રિયા અને એ વખતનો દ્વેષનો અંશ એ સમકિતીના જ્ઞાનમાં એ બધા નિમિત્ત થાય છે. જાણવામાં નિમિત્ત થાય છે. જાણેલું તો પોતાથી છે. ભારે! સમજાણું કાંઈ?

'**લોભ,...**' ઇચ્છા. ઇચ્છા થાય. અમે તો જ્ઞાની જ્ઞાતા છીએ. કેમકે વિકારના અંશ ઉપર તો જેની દૃષ્ટિ ઉઠી ગઈ છે. નિમિત્ત ઉપર, રાગ ઉપર અને પર્યાયના અંશ ઉપરથી બુદ્ધિ ઉઠી ગઈ છે. જેની બુદ્ધિ નિમિત્ત ઉપર છે, રાગ ઉપર, વિકલ્પ ઉપર છે કે પર્યાય ઉપર છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! વીતરાગમાર્ગ ભાઈ! સમજાણું કાંઈ? કહો, સુરેન્દ્રજી! આવો માર્ગ. ઇચ્છામાત્રનો જ્ઞાતા છે. કેમકે ધર્મીનો ભાવ પૂર્ણ આનંદના સ્વભાવને આશ્રયે

પડ્યો છે. એથી એને ઇચ્છાનો આશ્રય હોતો નથી. આવું ભારે ... '**નોકર્મ,...**' નિમિત્તો. આ નોકર્મ આવ્યા ભાઈ! .. કેટલા દેવ-ગુરુ-શાસ્ત્ર, આ પાના, પુસ્તક, ચેતન-અચેતન પર્યાય એ બધા નિમિત્તો છે.

મુમુક્ષુ :- મંદિર અને પ્રતિમા?

ઉત્તર :- મંદિર અને ભગવાનની પ્રતિમા .. છે. સાક્ષાત્ ત્રણ લોકના નાથ બિરાજતા હોય એ અને સમવસરણ. એ બધા જ્ઞાનમાં નોકર્મ છે. એ નોકર્મ અહીંયાં જ્ઞાન સ્વપરપ્રકાશકનું સ્વથી થતાં. તે મોહકર્મને નિમિત્ત કહેવામાં આવે છે. એથી થતું નથી. એથી થતું હોય તો એને નિમિત્ત કહેવાય નહિ. ભારે ઝીણી વાત છે.

'**નોકર્મ,...**' જેટલા નિમિત્તો ત્રણ લોકના નાથ સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર. સમવસરણમાં બિરાજમાન. એ પણ ધર્મી જીવને પોતાની દૃષ્ટિમાં એ નિમિત્ત નથી. નિમિત્તનો આશ્રય નથી, નિમિત્તનું અવલંબન નથી. જ્ઞાયક સ્વરૂપ ત્રિકાળી ધ્રુવ એનું અવલંબન છે. એ અવલંબનના કાળમાં જે સ્વપરપ્રકાશક જ્ઞાન પોતાથી પોતામાં થયું. એમાં એ ચીજોને નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્તથી થાય એ અહીં પ્રશ્ન નથી. સમજાણું કાંઈ? એમ '**મન,...**' અહીં મન છે. છાતીમાં ખીલ્યા કમળમાં આઠ પાંખડી આકારે મન છે. એ પણ જડ પરમાણુ છે. એ ધર્મીને એ જડનું જ્ઞાન હોય અને એ જ્ઞાન તે મન છે માટે થાય છે એમ નહિ. આહા..હા..! એ તો ચૈતન્ય સ્વરૂપ પૂર્ણ આનંદ.. જ્ઞાન છે. એવા જ્ઞાનને અવલંબે છે એવું જ્ઞાન એમાં મનને નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્તનો અર્થ? જ્ઞાનમાં સામેથી નિમિત્ત થયું એમ. જાણવામાં.

'**વચન,...**' વાણીની જડ પર્યાય છેને વાણીની? એ જડ પર્યાયનો જ્ઞાની કર્તા નથી, અજ્ઞાની પણ કર્તા નથી. અજ્ઞાની વાણીને કાળે થાય વિકલ્પ એનો કર્તા ત્યાં રાગરૂપે બુદ્ધિમાંથી થાય. ધર્મીને વાણી અને વાણી વખતનો વિકલ્પ બેયનો પોતામાં રહીને જ્ઞાતા તરીકે તેને જાણે છે. અરે..! ભારે! એ કરતા વ્રત કરવા, તપ કરવા અને ભક્તિ કરવી ભગવાનની. થઈ રહ્યું જાવ. આહા..હા..! એ તો અનંતવાર કર્યું, ભગવાન! સાંભળને. 'ભવે ભવે જિન પૂજ્યા' આવે છે પરમાત્મપ્રકાશમાં. ભવે-ભવે વીતરાગ તીર્થંકરની પૂજા કરી. સાક્ષાત્ સર્વજ્ઞદેવ સમવસરણમાં હોં. આ મણિરત્નના થાળ, હીરાના થાળ, મણિરત્નના દીવા, કલ્પવૃક્ષના ફૂલ અને સામી દિવાલે ભગવાન. જય હો. સમજાણું કાંઈ? એ બધો શુભરાગ છે. એનાથી ધર્મ નથી, એનાથી સમકિત નથી, એનાથી જ્ઞાન નથી.

મુમુક્ષુ :- પરંપરાએ મોક્ષ

ઉત્તર :- ધૂળેય પરંપરાએ ન થાય. પરંપરાનો અર્થ રાગનો અભાવ અશુભનો પહેલો કર્યો દૃષ્ટિ... પછી શુભનો કરીને થાશે એને પરંપરાનો આરોપ અપાય છે. કામ આકરું. અનંતકાળમાં એ વસ્તુની સ્થિતિ શું છે એ જ્ઞાનમાં આવી જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એ 'વચન,...' એનો ધર્મી તો જાણનાર છે. 'કાય,...' લ્યો આ કાયાની ક્રિયા થાય હાલવા-ચાલવાની. એ ક્રિયાના કાળે, જડના સ્વકાળે થાય એની. ધર્મી તો એને ભિન્ન રહીને જાણનાર છે. આહા..હા..! ભારે! કાયાની ચેષ્ટા વિષયની થતી હોય. અને એ વખતનો વિષયનો વિકલ્પ હોય. ધર્મી એ બેયનો જાણનાર-દેખનાર છે. એવું એનું સ્વરૂપ છે. અજ્ઞાની એનો કર્તા થઈને .. વિના રહે નહિ. એ કહેશે હવે. ૧૦૨માં. એમ 'શ્રોત્ર,...' .. સાંભળવામાં કાન હોય તો સંભળાય અને સંભળાય તો જ્ઞાન થાય. એનો જ્ઞાતા રહે છે. જ્ઞાન જે સમ્યક્ થાય એ તો ત્રિકાળી જ્ઞાયકભાવનું અવલંબન લે તો થાય. એવું જે જ્ઞાન થયું એમાં કાન નિમિત્ત કહેવાય. નિમિત્તનો અર્થ? છે એ ચીજ. બસ. એમ શ્રવણના શબ્દો પણ નિમિત્ત કહેવાય જ્ઞાનમાં. જ્ઞાન થયું છે પોતાથી. પરનું અને સ્વનું જ્ઞાન થયું છે પોતાથી. પણ એ પોતાથી સ્વપરપ્રકાશક પર્યાયમાં એ શબ્દો કે કાન જ્ઞાનમાં નિમિત્ત. જેમ કેવળજ્ઞાનમાં લોકાલોક નિમિત્ત છે. નિમિત્ત છે એનો અર્થ? લોકાલોક એ કેવળજ્ઞાનમાં નિમિત્ત છે અને લોકાલોક અને કેવળજ્ઞાનનું જ્ઞાન નિમિત્ત છે. એનો અર્થ? બે છે એ પૃથક્. બસ. આને લઈને આ અને આને લઈને આ. એમ છે નહિ. ભારે ઝીણું!

હજી તો વાસ્તવિક પરલક્ષી જ્ઞાનમાં જ્યાં ગોટાળા ઉઠ્યા. સમજાણું કાંઈ? એને સ્વલક્ષ થવાનો અવસર છે જ નહિ. આહા..હા..! એમ પોકાર છે વીતરાગનો. વીતરાગ એમ કહે છે કે અમારી સામું જોઈને તને જે રાગ થાય એને લઈને તને લાભ થાય એ વાત છે નહિ. આહા..હા..! તારા અંતરના સ્વરૂપની સામું જોઈને જે જ્ઞાન થાય એ જ્ઞાનમાં જ્ઞાન તો થયું છે અમારું અને તારું. એ બધું તારાથી તારામાં તારે લઈને થયું છે. સમજાણું કાંઈ? એને અહીં નિમિત્ત કહેવામાં આવે છે. કાન નિમિત્ત. આ રીતે નિમિત્ત હોં પણ પાછા. વળી કોઈ કહે કે પણ જ્ઞાન થવામાં આ તો નિમિત્ત કારણ છે કે નહિ? કારણ નહિ. નિમિત્ત જુદું અને નિમિત્ત કારણ જુદું. ભારે! સમજાણું કાંઈ? એ કાન કારણ છે માટે અહીં જ્ઞાન થાય છે તો નિમિત્તરૂપે કારણ છે. એમ નથી. અહીં તો જ્ઞાન તો પોતાના સ્વલક્ષે સ્વ અને પરની પોતાની અવસ્થામાં પોતાથી, પોતાના કર્તાકર્મપણે થયું એ વખતે શ્રોત્ર ઈન્દ્રિય લક્ષમાં આવી છે. એ શ્રોત્ર ઈન્દ્રિય જ્ઞાનમાં નિમિત્ત છે. આહા..હા..! આવું ક્યાં નવરાશ ન મળે! એક કલાક વખત મળે બિચારાને. બે કલાક. ચોવીસ કલાક જાય સંસાર ને દુકાનના પાપમાં. બે કલાક જાય એમાં ઓલો શ્રીમદ્ કહે છેને કે જ્યાં નવરો થોડો થાય ત્યાં કુગુરુ લૂંટી લે. એક તો જાણે વેપાર અને ભોગ આદિમાં નવરો ન થાય. એમાં માથે બેઠો હોય એ પ્રરૂપણા કરે બે કલાક મારે ઉંધું. આહા..હા..! વીતરાગ માર્ગ તો બહુ દોહ્યલો છે, ભાઈ! એ પરથી પામે તો એ વીતરાગ માર્ગ જ નથી. આહા..હા..! એ તો રાગીઓના, અજ્ઞાનીઓના માર્ગ છે. સમજાણું કાંઈ?

એમ 'ચક્ષુ,...' આંખે ભગવાન ભાળ્યા, તીર્થંકર ભાળ્યા માટે એટલો તો લાભ થયો કે નહિ? ભગવાન ત્રણ લોકના નાથ આંખે જણાય ત્યારે એને પરલક્ષી રાગ છે. સમજાણું કાંઈ? એ ચક્ષુનું લક્ષ છોડી દઈ અને ભગવાનનું રૂપ દેખવું કે ભગવાનની પ્રતિમા દેખવી કે સાક્ષાત્ દેખવા એ પણ દેખવું તે તરફનું ભૂલી જઈ અને સ્વરૂપની દૃષ્ટિમાં જે દેખાવું આવ્યું. એ દેખીને જે પર્યાય પ્રગટ થઈ. એમાં એ ચક્ષુ નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્તની વ્યાખ્યા આમ નહિ હોં! એક બીજી ચીજ છે અને એનું જ્ઞાન પોતામાં પોતાથી થયું છે એથી એને ઉપાદાન થયું પોતાનું. ત્યારે એ વસ્તુને નિમિત્ત કહેવામાં આવે છે.

એમ 'ઘ્રાણ,...' એમ 'રસન...' આહા..હા..! રસનનું જ્ઞાન હોં. જેમાં રસ જણાય એ ... એ નિમિત્તનું રસનું અને દૂધનું પોતાના આનંદના સ્વાદ આગળ પોતાના જ્ઞાયક સ્વભાવના જ્ઞાન આગળ એ બધા .. નિમિત્ત તરીકે બહાર ચીજ છે. એમ '**સ્પર્શનના સોળ સૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં;...**' લ્યો! સ્પર્શ-સ્પર્શ આ ભોગ લે. આહા..હા..! '**અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવાં.**' લ્યો! અજ્ઞાની પણ પરદ્રવ્યના ભાવનો કર્તા નથી એમ કહે છે. કહે છે કે મિથ્યાદૃષ્ટિ છે એ પણ શરીર, વાણી, કર્મ, એની પર્યાયનો એ કર્તા નથી.

## ગાથા-૧૦૨

अज्ञानी चापि परभावस्य न कर्ता स्यात् —

जं भावं सुहमसुहं करेदि आदा स तस्स खलु कत्ता।
तं तस्सहोदि कम्मं सोतस्स दु वेदगो अप्पा।।१०२।।
यं भावं शुभमशुभं करोत्यात्मा स तस्य खलु कर्ता।
तत्तस्य भवति कर्म स तस्य तु वेदक आत्मा।।१०२।।

इह खल्वनादेरज्ञानात्परात्मनोरेकत्वाध्यासेन पुद्गलकर्मविपाकदशाभ्यां मन्दतीव्रस्वादा-भ्यामचलितविज्ञानधनैकस्वादस्याप्यात्मनः स्वादं भिन्दानः शुभमशुभं वा यो यं भावमज्ञानरूपमात्मा करोति स आत्मा तदा तन्मयत्वेन तस्य भावस्य व्यापकत्वाद्भवति कर्ता, स भावोऽपि च तदा तन्मयत्वेन तस्यात्मनो व्याप्यत्वाद्भवति कर्म; स एव चात्मा तदा तन्मयत्वेन तस्य भावस्य भावकत्वाद्भवत्यनुभविता, स भावोऽपि

च तदा तन्मयत्वेन तस्यात्मनो भाव्यत्वाद्भवत्यनुभाव्यः। एवमज्ञानी चापि परभावस्य न कर्ता स्यात्।

વળી અજ્ઞાની પણ પરદ્રવ્યના ભાવનો કર્તા નથી એમ હવે કહે છે :-

જે ભાવ જીવ કરે શુભાશુભ તેહનો કર્તા ખરે,
તેનું બને તે કર્મ, આત્મા તેહનો વેદક બને. ૧૦૨.

ગાથાર્થ :- [आत्मा] આત્મા [यं] જે [शुभम् अशुभम्] શુભ કે અશુભ [भावं] (પોતાના) ભાવને [करोति] કરે છે [तस्य] તે ભાવનો [सः] તે [खलु] ખરેખર [कर्ता] કર્તા થાય છે, [तत्] તે (ભાવ) [तस्य] તેનું [कर्म] કર્મ [भवति] થાય છે [सः आत्म तु] અને તે આત્મા [तस्य] તેનો (તે ભાવરૂપ કર્મનો) [वेदकः] ભોક્તા થાય છે.

ટીકા :- પોતાનો અચલિત વિજ્ઞાનઘનરૂપ એક સ્વાદ હોવા છતાં પણ આ લોકમાં જે આ આત્મા અનાદિ કાળના અજ્ઞાનને લીધે પરના અને પોતાના એકપણાના અધ્યાસથી મંદ અને તીવ્ર સ્વાદવાળી પુદ્‌ગલકર્મના વિપાકની બે દશાઓ વડે પોતાના (વિજ્ઞાનઘનરૂપ) સ્વાદને ભેદતો થકો અજ્ઞાનરૂપ શુભ કે અશુભ ભાવને કરે છે, તે આત્મા તે વખતે તન્મયપણે તે ભાવનો વ્યાપક હોવાથી તેનો કર્તા થાય છે અને તે ભાવ પણ તે વખતે તન્મયપણે તે આત્માનું વ્યાપ્ય હોવાથી તેનું કર્મ થાય છે; વળી તે જ આત્મા તે વખતે તન્મયપણે તે ભાવનો ભાવક હોવાથી તેનો અનુભવનાર (અર્થાત્ ભોક્તા) થાય છે અને તે ભાવ પણ તે વખતે તન્મયપણે તે આત્માનું ભાવ્ય હોવાથી તેનું અનુભાવ્ય (અર્થાત્ ભોગ્ય) થાય છે. આ રીતે અજ્ઞાની પણ પરભાવનો કર્તા નથી.

ભાવાર્થ :- પુદ્‌ગલકર્મનો ઉદય થતાં, જ્ઞાની તેને જાણે જ છે અર્થાત્ જ્ઞાનનો જ કર્તા થાય છે અને અજ્ઞાની અજ્ઞાનને લીધે કર્મોદયના નિમિત્તે થતા પોતાના અજ્ઞાનરૂપ શુભાશુભ ભાવોનો કર્તા થાય છે. આ રીતે જ્ઞાની પોતાના જ્ઞાનરૂપ ભાવનો કર્તા છે અને અજ્ઞાની પોતાના અજ્ઞાનરૂપ ભાવનો કર્તા છે; પરભાવનો કર્તા તો જ્ઞાની કે અજ્ઞાની કોઈ નથી.

## ગાથા-૧૦૨ ઉપર પ્રવચન

जं भावं सुहमसुहं करेदि आदा स तस्स खलु कत्ता।
तं तस्सहोदि कम्मं सोतस्स दु वेदगो अप्पा।।१०२।।

**જે ભાવ જીવ કરે શુભાશુભ તેહનો કર્તા ખરે,**
**તેનું બને તે કર્મ, આત્મા તેહનો વેદક બને. ૧૦૨.**

શું કહેવું છે આમાં? અજ્ઞાની પણ જીભને હલાવી શકે, વાણી બોલી શકે, શાસ્ત્ર લખી શકે, ઉપદેશ કરી શકે એ અજ્ઞાનીપણે (એમ નથી) સમજાણું કાંઈ? ત્યારે થાય શું અજ્ઞાનીને? કે '**પોતાનો અચલિત વિજ્ઞાનઘનરૂપ એક સ્વાદ હોવા છતાં...**' ભગવાન આત્મા પોતાનો અચલિત-ચળે નહિ એવો વિજ્ઞાનઘન. જ્ઞાનનો ઘન જે આખો પિંડ. એવો '**એક સ્વાદ હોવા છતાં...**' એનો તો વિજ્ઞાનઘનનો આનંદરૂપી એક સ્વાદ છે. સમજાણું કાંઈ? વસ્તુ પોતે આ તત્ત્વ, એનો સ્વભાવ વિજ્ઞાનઘન. વિજ્ઞાનનો પિંડ. અને એ વિજ્ઞાનઘનનો એનો એક સ્વાદ. એટલે કે આનંદ અને જ્ઞાનનો એકરૂપ સ્વાદ ત્રિકાળ છે. સમજાણું કાંઈ?

'**પણ આ લોકમાં જે આ આત્મા અનાદિ કાળના અજ્ઞાનને લીધે...**' અરેરે..! જેવું એનું એકરૂપ આનંદનું સ્વાદ વિજ્ઞાન ઘનનો, અતીન્દ્રિય આનંદનો સ્વાદ એવો એકરૂપ હોવા છતાં જેની દૃષ્ટિ એના ઉપર નથી એને '**આ આત્મા અનાદિ કાળના અજ્ઞાનને લીધે...**' કર્મને લઈને લીધે એ કાંઈ નાખ્યું નથી. પોતાનો વિજ્ઞાનઘન આનંદસ્વભાવ એને નહિ જાણવાથી. એ વસ્તુ પોતે વિજ્ઞાન આનંદનો પિંડ છે અપૂર્વ. એ આનંદ તો ત્રિકાળી આનંદની અપેક્ષાએ તો અનંતનો આનંદ, અનંતમા ભાગનો આનંદ છે. કેવળજ્ઞાનીને જે આનંદ પ્રગટે એ પણ અનંતમા ભાગનો આનંદ. અને તે જ્ઞાનનો ગુણ છે એનાથી કેવળજ્ઞાન અનંતમા ભાગનો અંશ છે. કેવળજ્ઞાનનો અંશ પણ જ્ઞાનગુણથી અનંતમા ભાગનો કેવળજ્ઞાન છે. અને કેવળીને જે અનંત આનંદ છે એ પણ અનંત આત્માનો એ આનંદ છે એનાથી અનંતમા ભાગનો આનંદ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેનો સ્વભાવ છે એને હદ અને મર્યાદા શી? જેનું સ્વરૂપ ત્રિકાળી અતીન્દ્રિય આનંદમય છે. એના સ્વભાવની વિપરીતતા શું? એ સ્વભાવની અપૂર્ણતા શું? આહા..! એવો જે અચલિત વિજ્ઞાનઘન. '**વિજ્ઞાનઘનરૂપ એક સ્વાદ...**' એમ.

'**અનાદિ કાળના અજ્ઞાનને લીધે...**' એવો વિજ્ઞાન આનંદના ભાન વિના '**પરના અને પોતાના એકપણાના અધ્યાસથી...**' રાગ અને ભગવાન વિજ્ઞાનઘન આનંદ એ વિકલ્પ ઉઠે રાગ-રાગ. એ '**પરના અને પોતાના એકપણાના અધ્યાસથી...**' ટેવાઈ ગયેલો હોવાથી '**મંદ અને તીવ્ર સ્વાદવાળી પુદ્ગલકર્મના વિપાકની બે દશાઓ વડે...**' કહે છે કે શુભભાવ થયો. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, શ્રદ્ધા દયા, દાન, વ્રતના શુભભાવ એ મંદ મંદ છે. એ પુદ્ગલ કર્મનો વિપાક મંદ છે. એ ચૈતન્યનો વિપાક નથી. ભગવાન વિજ્ઞાનઘનરૂપી આનંદ એનો એ પાક નહિ. સમજાણું કાંઈ? એ '**મંદ અને તીવ્ર સ્વાદવાળી...**' અને અશુભભાવ. '**પુદ્ગલકર્મના વિપાકની બે દશાઓ વડે...**' આહા..હા..! એટલે કે પુદ્ગલ કર્મ તો જડ છે, પણ તેના

તરફના લક્ષમાં જે અશુદ્ધ અને શુભભાવ થાય એને અહીંયાં મંદ-તીવ્ર પુદ્ગલકર્મના વિપાકનો સ્વાદ છે એમ કહેવામાં આવે છે. એ ચૈતન્યનો સ્વાદ નથી. આહા..હા..! ચાહે તો તીર્થંકરગોત્રનો ભાવ હોય તો કહે છે કે એ પુદ્ગલ કર્મના વિપાકનું ફળ છે મંદ. આહા..હા..! સમજાણું કાંઈ? એ વડે શું કરે છે ત્યાં ફળ? શુભ અને અશુભભાવ જો '**મંદ અને તીવ્ર સ્વાદવાળી પુદ્ગલકર્મના વિપાકની બે દશાઓ વડે પોતાના (વિજ્ઞાનઘનરૂપ) સ્વાદને ભેદતો થકો...**' આહા..હા..! આનંદરૂપી પ્રભુ અતીન્દ્રિય આનંદ અને વિજ્ઞાનઘનરૂપ આનંદ. એને આ શુભાશુભ ભાવ વડે, ભેદતો, તોડતો. જેમ મોટા પુલમાં પાણી નીકળતા હોય, પાણી આવતા હોય. અને .. હોયને? શેવાળ. એકલું પાણી આવતું હોય ઓલા હોયને પુલ-પુલ.. પાણી રેલાઈ જાય. એવા પાણી.. એમ કહે છે કે ભગવાન આત્મા વિજ્ઞાનઘનરૂપ આનંદકંદ પ્રભુ છે. એ આ પુણ્ય અને પાપના ભાવ વડે વિજ્ઞાનઘનને ભેદતો, તોડતો. ..ના સ્વાદને તોડતો, વિભાવરૂપ સ્વાદને અજ્ઞાની લે છે. ભારે વાત!

'**બે દશાઓ વડે...**' એમ કહે છે જોયું! '**પોતાના (વિજ્ઞાનઘનરૂપ) સ્વાદને ભેદતો થકો...**' પરમાત્મા પોતે સાક્ષાત્ ઈશ્વરસ્વરૂપ. સમજાણું કાંઈ? એવા ઈશ્વર પ્રભુ પોતે એનો અતીન્દ્રિય આનંદ અને વિજ્ઞાનઘનરૂપ અતીન્દ્રિય સ્વાદ એવી અનાદિ-અનંત સત્તા અને સ્વભાવ હોવા છતાં કર્મ તરફના વિપાકથી ઉત્પન્ન થયેલી શુભ અને અશુભભાવની પરિણતિ. એ વડે કરીને ત્રિકાળી આનંદને .. આનંદને તોડી નાખે છે એ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ શુભાશુભ પરિણામ દ્વારા પોતે. શુભાશુભ પરિણામ પરિણતિ દ્વારા અજ્ઞાની પોતાના ત્રિકાળી જ્ઞાનઘન સ્વાદને તોડી નાખે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છેને અંદર. .. આઘું ગયું. એને ઠેકાણે તોડીને ભેદ પાડીને .. આવે છે. ઝેર આવે છે. સમજાણું કાંઈ? પરમ આનંદની પર્યાય બહાર આવી અને પછી ઝેર થયું એમ નથી. એમ કહે છે. એ તો વિજ્ઞાનઘન સ્વરૂપ છે. દળ. એ દળની ઉપર દૃષ્ટિ નહિ હોવાથી એકરૂપ જ્ઞાન અને આનંદનો સ્વાદ આવવો જોઈએ. એ અજ્ઞાનીને આવતો નથી. જ્ઞાનીને વિજ્ઞાનઘનરૂપ આનંદ છે એવી દૃષ્ટિ હોવાથી અતીન્દ્રિય આનંદનો એકરૂપ સ્વાદ આવે છે. આહા..હા..! એ અતીન્દ્રિય આનંદનો એકરૂપ સ્વાદ આવે એનું નામ ધર્મ કહેવાય છે. સમજાણું કાંઈ?

પણ અજ્ઞાની અનાદિનો વિજ્ઞાનઘનરૂપ આનંદના અનાદરથી અને શુભ અને અશુભ વિકલ્પો રાગ જે પરનો વિપાક છે એના જોડાવાથી. એકરૂપ ત્રિકાળી સ્વાદના પર્યાયમાં બે ભાગ કરી નાખ્યા. . અને શુભભાવ. તો શુભ અને અશુભ બે આનંદથી વિપરીત ઝેરની દશા

છે. સમજાણું કાંઈ? જેને લોકો શુભભાવને ધર્મ કહે. દયાના ભાવને ધર્મ કહે, હિંસાના ભાવને અધર્મ કહે, બેય ભાવ કર્મના વિપાકની પરિણતિ છે. પણ એમાં જોડાતો શુભ અને અશુભભાવ વડે ત્રિકાળી આનંદઘનને તોડતો એટલે એકરૂપ ન કરતો, ભેદ પાડીને શુભાશુભ પરિણમે છે. આહા..હા..! આવી વાતું જ ક્યાં થાય છે ત્યાં. ... એ સમજાતું નથી. .. કર્યો નથી. તારા ઘરમાં શું છે એની તને ખબર નથી. એ તો અનંત-અનંત બેહદ જેનું સ્વરૂપ અને જેનો ભાવ એની મર્યાદા શી? બેહદ જ્ઞાન અને બેહદ પરિમિત આનંદ. એવો ઘન પ્રભુ આત્મા પિંડ. એના ઉપર દૃષ્ટિ અજ્ઞાનીની નહિ હોવાથી. એની દૃષ્ટિ તો શુભ અને અશુભ પરિણામ ઉપર છે. એવા શુભ અને અશુભભાવના પરિણામ વડે. છેને બે દશાઓ વડે છેને?

**'પોતાના (વિજ્ઞાનઘનરૂપ) સ્વાદને ભેદતો થકો...'** પરમાનંદરૂપી પ્રભુ એનો સ્વાદ જે એકરૂપ છે એને એકરૂપ આવવો જોઈએ. એમ ન કરતાં **'ભેદતો થકો અજ્ઞાનરૂપ શુભ કે અશુભ ભાવને કરે છે,...'** ... પુણ્ય-પાપનું. પુણ્ય-પાપમાં આવે છેને અજ્ઞાન. શુભ અને અશુભ બેય ભાવ અજ્ઞાનરૂપ છે. એટલે? કે જ્ઞાનાનંદ ચૈતન્યના પ્રકાશમાંથી એકેય અંશ એ શુભ-અશુભમાં નથી. એ ભાવને કરે છે. એ અજ્ઞાની વિજ્ઞાનઘન આનંદ. એકરૂપ થવાને દૃષ્ટિમાં ન લેતા કર્મના પાકની દિશા શુભ અને અશુભ રાગ એ વડે એકરૂપતાને તોડતો, ભેદતો **'અજ્ઞાનરૂપ શુભ કે અશુભ ભાવને કરે છે,...'** એ કર્તા હોય તોપણ શુભ-અશુભ પરિણામનો છે. આત્માના આનંદના સ્વાદથી ઉલટો એવો શુભ-અશુભભાવ એને અજ્ઞાની કરે છે. પણ પરદ્રવ્યને તો એ કરતો નથી. એમ .. કહેવું છે. કર્મ બાંધે અને પરની ક્રિયા કરે એ તો છે નહિ.

**'તે આત્મા તે વખતે...'** તે કાળે **'તન્મયપણે તે ભાવનો વ્યાપક હોવાથી...'** શુભ અને અશુભભાવ વિકાર, એના ઉપર દૃષ્ટિ હોવાથી તે ભાવનો કર્તા થાય છે. કેમ? કે તે વખતે તન્મય છે એ વિકારી પરિણામમાં એકમેક થઈ ગયો છે. એ વિકારી પરિણામ તે જ હું. આહા..હા..! શરીર, વાણી, મનની અહીં વાત નથી કાંઈ. **'તન્યમપણે તે ભાવનો...'** એટલે શુભ-અશુભભાવનો એટલે કે વિજ્ઞાનઘનરૂપ એક સ્વાદને ... એનો વ્યાપક હોવાથી. આત્મા તેમાં વ્યાપક નામ પ્રસરતો હોવાથી પર્યાયમાં. એ પુણ્ય-પાપનો કર્તા છે. અને તે વખતે આત્માનું વ્યાપ્ય અને તે ભાવ પણ તે વખતે તન્મયપણે જોયું! એ વિકારી પર્યાય પણ આમ તન્મય થઈ ગઈ છે. **'તે આત્મા તે વખતે તન્મયપણે તે ભાવનો વ્યાપક હોવાથી તેનો કર્તા થાય છે...'** અજ્ઞાની શુભ-અશુભભાવનો કર્તા થાય. કેમકે એ રૂપે પરિણમે છે.

**'તે આત્મા તે વખતે તન્મયપણે તે ભાવનો વ્યાપક હોવાથી તેનો કર્તા થાય છે અને તે ભાવ પણ...'** ઓલો શુભાશુભભાવ. **'પણ તે વખતે...'** તે વખતે એટલે

એ સમય. '**તન્મયપણે તે આત્માનું વ્યાપ્ય હોવાથી...**' લ્યો! એ પુણ્ય અને પાપના ભાવ આત્માની અવસ્થા થઈ એ અજ્ઞાની છેને. '**વ્યાપ્ય હોવાથી તેનું કર્મ થાય છે;...**' કોનું? એ અજ્ઞાનીનું પુણ્ય-પાપ .. ભાવ તે તેનું કર્તવ્ય છે. વ્યવહારરત્નત્રયના દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ એ રાગ છે. અજ્ઞાની રાગનો કર્તા થાય છે. વિજ્ઞાનઘનરૂપ જે આનંદકંદ પ્રભુ એના એકરૂપના સ્વાદને ભેદતો, છોડતો રાગ મંદ અને તીવ્રપણે થતો આત્મા તેમાં વ્યાપક હોવાથી પુણ્ય-પાપનો એ કર્તા છે અને એ ભાવ આનું વ્યાપ્ય હોવાથી તે એનું કાર્ય છે. આહા..હા..! વ્યાપ્ય અને વ્યાપક ને વાત ક્યાં છે?

આ કર્તાકર્મની વ્યાખ્યા કરી. અજ્ઞાનીનો આત્મા અજ્ઞાનપણે કર્તા અને પુણ્ય-પાપ તેનું કાર્ય. આટલી વાત કરી. પણ એનું-પરનું કાંઈ કરે અને શરીરનું કરે અને કર્મને બાંધે. એ કાર્ય તો અજ્ઞાનીનું પણ છે નહિ. ... માનુને? એટલો તો મારો આશ્રય આવ્યોને કર્મ બંધાવામાં? એ અહીં ના પાડે છે. એમ નથી. એ વખતે કર્મના રજકણો કર્મરૂપે પરિણમ્યા એ તારા રાગની અપેક્ષા રાખ્યા વિના પરિણમ્યા છે. નિશ્ચયથી તો તારી અપેક્ષા રાખ્યા વિના પરિણમ્યા. આહા..હા..! સમજાણું? આવું પણ એને ... કર્મપણે થવું એવું શું પુદ્‌ગલને જરૂર હશે? આ જે કાંઈ રાગ કરે તેને એ કર્મપણે થાય. નહિ તો થાય? એ અહીં ખોટી વાત છે એમ કહે છે. એ પરમાણુઓમાં તે જ સમયે એરૂપે પર્યાય થવાની રાગની અપેક્ષા રાખ્યા વિના થવાની શક્તિ છે. એ પર્યાયનો કર્તા અજ્ઞાની પણ નથી એટલું અહીં સિદ્ધ કરવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ કર્તાકર્મની વ્યાખ્યા કરી અજ્ઞાનીની. હવે એની ભોક્તાની.

આ કહે છેને કર્મ બાંધે ત્યારે કર્મ ભોગવાય, કર્મનું ફળ આવે ત્યારે એને ભોગવાય. એમ નથી સાંભળને. કર્મને કોણ બાંધે અને કર્મને કોણ ભોગવે? એ તો જડ છે. અહીં તો જે વખતે આનંદસ્વરૂપ ભગવાનને ભેદતો, પુણ્ય-પાપના ભાવ વડે. આત્મા એમાં વ્યાપક થઈને કર્તા થાય અને પુણ્ય-પાપ ભાવ એનું વ્યાપ્ય થઈને અવસ્થા થાય. એ એનું કર્તાકર્મ. હવે ભોક્તા ભોગ્ય. એ જ વખતે ભોક્તા ભોગ્ય છે પાછું એમ. વળી કર્મ બંધાણું અને એનું ફળ આવે ત્યારે ભોગવે (એ વાત નથી).

'**વળી તે જ આત્મા તે વખતે તન્મયપણે તે ભાવનો ભાવક હોવાથી...**' લ્યો! એ શુભ અને અશુભભાવનો અનુભવનાર હોવાથી. આહા..હા..! '**તે જ આત્મા...**' એટલે અજ્ઞાની આત્મા. '**તે વખતે તન્મયપણે...**' એટલે એકાકારપણે એ શુભ-અશુભભાવનો કરનાર હોવાથી '**તેનો અનુભવનાર (અર્થાત્ ભોક્તા) થાય છે...**' ભાવક હોવાથી ભાવનો કરનાર હોવાથી તેનો અનુભવનાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ મિથ્યાદૃષ્ટિપણે ભાવને અનુભવે છે એમ કહે છે. એ શુભ-અશુભભાવને અનુભવવું એ મિથ્યાદૃષ્ટિપણું છે એમ કહે છે. આહા..હા..! ભારે આકરું કામ. સમજાણું કાંઈ? એટલે કેટલાક કહે છેને કે આ સોનગઢથી તો એકલી

નિશ્ચયની વાતું. અરે..! ભાઈ! નિશ્ચય એટલે સત્ય છે. સમજાય છે કાંઈ? એ સંપ્રદાયમાં સત્ય સંપ્રદાય નથી. ત્યાં તો સત્ય હોતું જ નથી. પણ સત્ય સંપ્રદાય છે ત્યાં પણ જો આ પ્રમાણે અજ્ઞાનપણે આનંદને, ભોગને, પુણ્ય-પાપને કરે તો એ અજ્ઞાની છે. સમજાણું કાંઈ? આવું તો બધું છોડીને બેસે, જંગલમાં જાય તો થાય. કહેતા હતાને નહિ આપણે એક? અમૃતલાલ. એ કહેતા હતા કે આવું બધું જંગલમાં જઈએ તો થાય. પણ જંગલમાં જ છો. ક્યાં છો તું? રાગમાં પણ નથી ત્યાં વળી પ્રશ્ન શું? આહા..હા..! ભાઈ! તું આત્મા છો. આત્મા રાગના આશ્રયમાં છે? તો આસ્રવમાં નથી તો કર્મમાં છે? કર્મમાં નથી તો જડમાં છે? ક્યાં છે એ? રાગમાં નથી. રાગ પુણ્ય-પાપનો ભાવ તો આસ્રવભાવ છે. આસ્રવભાવ .. જીવતત્ત્વ છે? તો જીવતત્ત્વ જુદું ક્યાં રહ્યું? જીવ તો જ્ઞાયકતત્ત્વ છે અને પુણ્ય-પાપ તો આસ્રવતત્ત્વ છે. આસ્રવતત્ત્વમાં જીવ તત્ત્વ રહે? તો બે એક થઈ જાય છે. એમ અજ્ઞાની માને છે કહે છે. શુભાશુભ પરિણામ દ્વારા વ્યાપક થઈને વ્યાપ્ય મારું કર્મ છે અને ભાવક થઈને અનુભવનાર એનો હું છું.

મુમુક્ષુ :- ભાવક

ઉત્તર :- ભાવનો ભાવ અનુભવનાર છે. ભાવ્યને કરનાર ભેગો અનુભવનાર. .. આવ્યું હતુંને એમ કહે છે. ભાવકનો કરનાર, ભાવનો કરનાર અને ભાવનો ભોગવનાર બે એક સમયે છે. આહા..હા..! વીતરાગી તત્ત્વ, નવ તત્ત્વ કેમ ભિન્ન છે એ પણ એને નક્કી કરવા વ્યવહારે પાણી ઉતરે. આહા..! એ બધા વ્યવહારે પર છે. નિશ્ચય એટલે કે નથી એવું જે જ્ઞાન એ પણ વાસ્તવિક જ્ઞાન નથી. એ પણ શાસ્ત્રને સાંભળીને ધારણાનું જ્ઞાન છે. કેમ? ..ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જ્ઞાન તો જ્યાં હોય ત્યાંથી આવે કે બહારથી આવતું હશે? જ્ઞેય જાણપણા પર્યાયમાં જે આ બધા જ્ઞેય કે આ શાસ્ત્ર તે જ્ઞાન નહિ, ..નહિ. સમજાણું? એ પણ નિર્ણયમાં પર્યાય યથાર્થ નિર્ણય નહિ. આહા..હા..! અરે..! જ્યાં આવા ..માં જ્યાં .. મોટા ત્યાં તો એને અંદરમાં ઉંડે ઉતરવાનો અવકાશ ક્યાંય નથી. બહારથી નીકળીને અંદરમાં જાવું. સમજાય છે કાંઈ? એમ એને .. નહિ આવે. આહા..હા..!

**'વળી તે જ આત્મા તે વખતે તન્મયપણે તે ભાવનો ભાવક હોવાથી તેનો અનુભવનાર (અર્થાત્ ભોકતા) થાય છે...'** આહા..હા..! એ શુભ-અશુભભાવનો જે સમયે કર્તા તે જ સમયે ભોક્તા. ... સમજાણું કાંઈ? વીતરાગ સ્વરૂપ વિજ્ઞાનઘન આનંદકંદ એને પુણ્ય-પાપના .. વડે એકને બે કરતો. બગડે બે. બે પરિણામને કરતો એકને બગાડ્યો. આનંદઘનનો આશ્રય લીધો નહિ. સમજાણું કાંઈ? આવી ધર્મ કથા કેવી? માંડ માંડ તો હજી પકડાય શું કહે છે એ. એય..! પ્રવિણભાઈ! પ્રેમચંદભાઈને... એમને પણ ક્યાં હજી બહુ પડી છે?

ગીરધરભાઈને ... એની સામુ જોતા હતા. એને ક્યાં હજી બહુ પડી છે? ... આવે કોક દિ'. એમાં શું પકડાય? આહા..હા..! હજી તો એની રીત શું છે એ પકડવી કઠણ. છતાં એ રીતનું જ્ઞાન છોડીને અંદરમાં જાય ત્યારે જ્ઞાન થાય. એય..! ચીમનભાઈ! આહા..હા..! આ રીત અને .. રીત આ તો એકલી નિશ્ચયની વાત છે. નિશ્ચયાભાસ થઈ જશે. અરે..! ભગવાન! સાંભળને. નિશ્ચયાભાસ તો જ્યાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ ન હોય એને એકલું વ્યવહારથી કાંઈ થતું નથી અને નિશ્ચયથી થાય છે. એવું કથન કરે એને નિશ્ચયાભાસી કહેવાય છે. એ માટે તો આ આનંદની વાત મૂકી હતી. સમજાણું કાંઈ?

**'અનુભવનાર (અર્થાત્ ભોક્તા) થાય છે અને તે ભાવ પણ...'** જોયું? ભોક્તા છે એ ભાવનો. **'અને તે ભાવ પણ તે વખતે તન્મયપણે તે આત્માનું ભાવ્ય હોવાથી...'** લ્યો! એ શુભ અને અશુભભાવ એનો જીવ અજ્ઞાનપણે ભોક્તા અને એ જ ભોક્તાનું ભાવ્ય એ. ભોગવવાને લાયક એ પરિણામ. ભોક્તા આત્મા અજ્ઞાનભાવે અને ભાવ્ય થવાને લાયક ભોગવવાને યોગ્ય એ પુણ્ય-પાપના ભાવ. આહા..હા..! પરને ભોગવે છે એ તો વાત છે નહિ. (કે) ખાઈ શકે છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ધૂળેય ખાય નહિ. કોણ ખાતું હતું? એ તો બોલાય એમ. બોલાયનો અર્થ કે એમ નથી. આહા..હા..! રજકણો જ્યાં આમ.. રજકણ અને પ્રભુ આત્મા તો અરૂપી છે. એ આ રજકણ તો રૂપી જાડા છે. એને શી રીતે ભોગવે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શેમાં? એને તો અડતો પણ નથી. ચૈતન્ય જડને અડતો નથી. જડ ચૈતન્યને અડતું નથી. જડને ભોગવે શી રીતે? પુણ્ય-પાપના ભાવ એને અડે છે. અજ્ઞાનભાવે. એ એને ભોગવે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અને તે ભાવ પણ...'** તે ભાવ એટલે? શુભ-અશુભભાવ. કર્મના વિપાકનું પરિણામ એવો પોતામાં થયેલો શુભ-અશુભભાવ. અહીં તો કર્મના પાકનું થવું શુભાશુભભાવ. આનંદનો પાક એ તો આત્માનો આનંદનો પાક છે. આત્મા તો આનંદનું ક્ષેત્ર છે. એમાં ઉગે છોડવા તો આનંદના ઉગે. કહો, સમજાણું કાંઈ? કળથીના ખેતરમાં કળથી પાકે અને ચોખાના ખેતરમાં ચોખા પાકે. એમ ભગવાન આત્મા આનંદનું ખેતર છે એની દૃષ્ટિ કરે તો એને આનંદ પાકે. અને આ પુણ્ય-પાપ પાકે એ કર્મનું ખેતર છે કહે છે. આહા..હા..! ભગવાન આત્માના સ્વભાવથી વિરુદ્ધ જડકર્મ. એનો એ પાક છે પુણ્ય અને પાપનો ભાવ. આહા..હા..! એ જડના ક્ષેત્રના પાકને અજ્ઞાની અનુભવે. અરૂપી પરિણામ હોં એ. કર્મના રજકણને નહિ.

**'તે ભાવ પણ તે વખતે તન્મયપણે...'** કોની સાથે? આત્માની સાથે. **'તે આત્માનું**

**ભાવ્ય હોવાથી...**' શુભ-અશુભભાવ થવાને લાયક આત્મા એટલે એને ભાવ્ય હોવાથી અજ્ઞાની શુભ-અશુભ થવાને લાયક છે. જ્ઞાની શુભ-અશુભ થવાને લાયક નથી. આહા..હા..! ગજબ વાત છેને. ધર્મી તો શુદ્ધપણે થવાને લાયક છે. સમજાણું કાંઈ? હજી તો આમાં પણ આવશે. આત્મા વિષયમાં ભોક્તા છે જ નહિ. સમજાણું કાંઈ? બારમો બોલ આવશે. છેને ૨૦ બોલ? ઇન્દ્રિયના વિષયનો ભોક્તા આત્મા છે જ નહિ. રાગને ભોગવે એ આત્મા નહિ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? શરીરને તો ન ભોગવે. આ તો માટી-જડ છે. સ્ત્રીનું શરીર અને પુરુષનું શરીર એ તો માંસ અને જડની દશા છે. એને તો અજ્ઞાની પણ ભોગવતો નથી. ફક્ત એ ઉપર લક્ષ કરીને જે અશુભભાવ ઉત્પન્ન કરે એને એ ભોગવે. આહા..હા..! અને શુભભાવ ઉત્પન્ન કરે મંદિરમાં ભગવાન પાસે જઈને. તો એને ભોગવે. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્ર પાસે જાય તો એ શુભભાવ કરે તો એને ભોગવે. બાયડી, છોકરા પાસે જાય તો રાગ કરે તો અશુભને ભોગવે. સમજાણું કાંઈ?

'**તે આત્માનું ભાવ્ય હોવાથી...**' કોનું? અજ્ઞાનીનું હોં આ ભાવ્ય. જ્ઞાનીનું એ ભાવ્ય નથી. જ્ઞાનીનું એનો ભાવક પણ નથી. આહા..હા..! ભારે વાત. સમયસાર તો કેવળીના પેટ છે. પેટમાં .. ... ... '**તે આત્માનું ભાવ્ય હોવાથી તેનું અનુભાવ્ય (અર્થાત્ ભોગ્ય) થાય છે.**' આત્મા એ પુણ્ય-પાપનો ભોક્તા અને પુણ્ય-પાપનું ભાવ તેનું ભોગ્ય. ભોગવવાને લાયક અજ્ઞાનીને હોય તે પુણ્ય-પાપનો ભાવ છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! એ દાળ-ભાતને ભોગવે, મોસંબીને ભોગવે, શીરાને ભોગવે. આહા..હા..! અને હાફુસની કેરી હોય એને ભોગવે. એને ભોગવે કે નહિ? આત્મા તો અરૂપી છે. એ રૂપીને અડતો પણ નથી. રૂપીના ધર્મને અડતો પણ નથી. આહા..હા..! ત્રિકાળી દ્રવ્ય તો પર્યાયને પણ અડતું નથી તો વળી પર્યાય રાગને-પરને અડે? વસ્તુ જે વિજ્ઞાનઘનરૂપ દ્રવ્ય છે એ તો એક સમયની પર્યાયને સ્પર્શતું નથી. કારણ કે .. બે એક થઈ જાય. તો આ અજ્ઞાની આત્મા જડને સ્પર્શે તો જડ થઈ જાય. એ તો પહેલા આવી ગયું. તન્મય થઈ જાય. પરને કરે તો એમાં એકરૂપ થઈ જાય. તો એ જડપણું થઈ જાય. એમાં ચેતનપણું રહે નહિ. આહા..હા..! નિયમો એવા બધા સત્યના કે જરી જગતને ... આ તો કહે નિશ્ચયની વાતું છે. આ તો હજી સમ્યગ્દર્શન પામવા પહેલા એને અજ્ઞાનની કેવી દશા હોય એનું વર્ણન છે. અનાદિથી એની દશા કેવી છે એનું વર્ણન છે.

'**તેનું અનુભાવ્ય (અર્થાત્ ભોગ્ય) થાય છે. આ રીતે અજ્ઞાની પણ પરભાવનો કર્તા નથી.**' અહીં પરભાવ શબ્દે રાગ-દ્વેષ ન લેવા. પરભાવ શબ્દે પરપદાર્થ. સમજાણું કાંઈ? નહિતર તો પુણ્ય-પાપના ભાવ પણ સ્વભાવની અપેક્ષાએ પરભાવ છે. અહીંયાં જે લેવું છે એ તો પરભાવ એટલે દ્રવ્ય જડ. જડ કે બીજા આત્મા હોય એનો તો કર્તા નથી. આહા..હા..!

પોતાના વિજ્ઞાનઘન સ્વરૂપ આનંદ પ્રભુ એને પુણ્ય-પાપના ભાવ વડે ભેદતો થકો. આત્મા તેમાં વ્યાપક હોવાથી તેનો કર્તા અને એ પુણ્ય અને પાપ તેનું વ્યાપ્ય હોવાથી તેનો કરનાર. અને આત્મા પોતે તે ભાવકનો કર્તા હોવાથી, એનો અનુભાગ હોવાથી તે ભોક્તા, અનુભવનારો હોવાથી તેનો ભોક્તા, અનુભવવાયોગ્ય એ પરિણામ હોવાથી તેનું ભોગ્ય. ભોક્તા-ભોગ્ય એને વિકારમાં લાગુ પડે છે. પરની સાથે ભોક્તા-ભોગ્ય હોઈ શકે નહિ. આહા..હા..!

'**આ રીતે અજ્ઞાની પણ...**' એમ. પોતાના શુભ-અશુભભાવને ભાવકપણે કરે અને ભાવ્યપણે ભોગવે. તો એ કર્મ થાય એનું. પણ અજ્ઞાની પણ પરભાવનો કર્તા તો નથી. .. પરભાવને ભેદવાળો ભોક્તાવાળો જીવ વિભાવભાવને કરે અને ભોગવે પણ જડને કરે, કર્મને બાંધે, શરીરની ક્રિયા કરે અને કર્મના જડના ઉદયના જડને ભોગવે એમ છે નહિ. આવું સમજે એની દૃષ્ટિ પરના તરફથી ઉઠી ગઈ અને વિકારના કર્તાપણાથી ..દ્રવ્યસ્વભાવ ઉપર જાય. એના માટે આ તાત્પર્ય છે. સમજાણું કાંઈ? આ કહેવાનું તાત્પર્ય ફળ શું? સ્વભાવ વિભાવનો કર્તા થાય છે એ પર્યાયબુદ્ધિવાળો છે. એનું .. સ્વભાવની બુદ્ધિ કર, આનંદનો ભોક્તા થા. આનંદ તારું ભોગ્ય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક વદ-૨, બુધવાર, તા. ૨૨-૧૧-૧૯૭૨
## ગાથા-૧૦૨-103, પ્રવચન-230

સમયસાર. કર્તાકર્મ અધિકાર ૧૦૨ ગાથા. તેનો ભાવાર્થ છે. પુદ્‌ગલ કર્મ એ જડ છે જડ. એનો '**ઉદય થતાં, જ્ઞાની તેને જાણે જ છે...**' એટલે કે એમાં કાંઈ શુભ-અશુભભાવ થાય એને જ્ઞાનસ્વભાવમાં રહીને એને જાણે. પણ એ શુભાશુભભાવનો કર્તા નથી. જ્ઞાનસ્વભાવ વસ્તુ એક કર્મના પાકથી થયેલી મંદ-તીવ્ર ભાવની દશા શુભ અને અશુભભાવ. એને એ

જાણે. કેમકે રાગથી ભિન્ન પડેલું તત્ત્વ દૃષ્ટિમાં આવ્યું છે. સમજાણું કાંઈ? રાગનો વિકલ્પની જે ચીજમાં નાસ્તિ છે. એવી દૃષ્ટિ આત્માની હોવાથી ધર્મીને એ શુભ-અશુભભાવ એનું કર્મ કર્તૃત્વ કે પરિણમન નિશ્ચયથી છે નહિ. પર્યાયમાં વ્યવહારથી છે એનો એ જાણનાર છે. આહા..હા..! આવું ઝીણું ભારે! **'અર્થાત્ જ્ઞાનનો જ કર્તા થાય છે...'** પોતાની જાત જાણવું એવો જે સ્વભાવ એવો જે અનુભવ અને દૃષ્ટિ હોવાથી એ જાણવાની પર્યાયનો જ કર્તા છે. ધર્મીની જાણવાની પર્યાયરૂપ કર્મ એનો કર્તા છે. ભારે!

**'અને અજ્ઞાની અજ્ઞાનને લીધે કર્મોદયના નિમિત્તે થતા પોતાના અજ્ઞાનરૂપ શુભાશુભ ભાવોનો કર્તા થાય છે.'** પોતાના એટલે કે પોતાની પર્યાયમાં શુભ-અશુભભાવનું થવું થતાં એ મારું કર્તવ્ય છે એટલે કે એના ઉપર દૃષ્ટિ છે ચૈતન્ય દ્રવ્ય જે જ્ઞાયક ભિન્ન છે એની ખબર નથી. એથી જે દૃષ્ટિમાં આવે તેનો તે કર્તા થાય છે. આહા..હા..! ભારે આકરું! **'આ રીતે જ્ઞાની પોતાના જ્ઞાનરૂપ ભાવનો કર્તા છે...'** જ્ઞાનરૂપ. **'અને અજ્ઞાની પોતાના અજ્ઞાનરૂપ ભાવનો કર્તા છે; પરભાવનો કર્તા તો જ્ઞાની કે અજ્ઞાની કોઈ નથી.'** આહા..! એક દ્રવ્યની બીજા દ્રવ્ય ઉપર કંઈ અસર થતી નથી એમ કહે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અસર થતી નથી એનો અર્થ થયોને કર્તા નથી. અસર થાય તો તો એનો કર્તા થાય. તન્મય થાય તો તો કર્તા થાય. એ કર્તા છે નહિ. તન્મય થતો નથી.

મુમુક્ષુ :- સહકારી કારણ તો થાયને.

ઉત્તર :- સહકારનો અર્થ શું? કેવળજ્ઞાનમાં લોકાલોક છે નિમિત્ત. એથી શું? એથી લોકાલોકનો કર્તા છે આત્મા? એમ પુણ્ય અને પાપના ભાવ વિકલ્પ હોવા છતાં તેનો કર્તા પરિણમવું, આ મારી ચીજ છે એમ ધર્મીને નથી. આહા..હા..! ભારે વાત! પુસ્તક ખુલ્લું રાખો.

મુમુક્ષુ :- બરાબર એનો ઉપયોગ જોવે તો ખ્યાલ આવે.

ઉત્તર :- આહા..હા..!

## ગાથા-૧૦૩

न च परभावः केनापि कर्तुं पार्येत —

जो जम्हि गुणे दव्वे सो अण्णम्हि दु ण संकमदि दव्वे।
सो अण्णमसंकंतो कह तं परिणामए दव्वं।।१०३।।
यो यस्मिन् गुणे द्रव्ये सोऽन्यस्मिंस्तु न सङ्क्रामति द्रव्ये।
सोऽन्यदसङ्क्रान्तः कथं तत्परिणामयति द्रव्यम्।।१०३।।

इह किल यो यावान् कश्चिद्वस्तुविशेषो यस्मिन् यावति कस्मिंश्चिच्चिदात्मन्यचिदात्मनि वा द्रव्ये गुणे च स्वरसत एवानादित एव वृत्तः, स खल्वचलितस्य वस्तुस्थितिसीम्नो भेत्तुमशक्यत्वात्तस्मिन्नेव वर्तेत, न पुनः द्रव्यान्तरं गुणान्तरं वा सङ्क्रामेत। द्रव्यान्तरं गुणान्तरं वाऽसङ्क्रामंश्च कथं त्वन्यं वस्तुविशेषं परिणामयेत् ? अतः परभावः केनापि न कर्तुं पार्येत।

---

પરભાવને કોઈ (દ્રવ્ય) કરી શકે નહિ એમ હવે કહે છે :-

જે દ્રવ્ય જે ગુણ-દ્રવ્યમાં, નહિ અન્ય દ્રવ્યે સંક્રમે;
અણસંક્રમ્યું તે કેમ અન્ય પરિણમાવે દ્રવ્યને? ૧૦૩.

ગાથાર્થ :- [यः] જે વસ્તુ (અર્થાત્ દ્રવ્ય) [यस्मिन् द्रव्ये] જે દ્રવ્યમાં અને [गुणे] ગુણમાં વર્તે છે [सः] તે [अन्यस्मिन् तु] અન્ય [द्रव्ये] દ્રવ્યમાં તથા ગુણમાં [न संक्रामति) સંક્રમણ પામતી નથી (અર્થાત્ બદલાઈને અન્યમાં ભળી જતી નથી); [अन्यत् असंक्रान्तः] અન્યરૂપે સંક્રમણ નહિ પામી થકી [सः] તે [वस्तु], [तत् दव्यम्] અન્ય વસ્તુને [कथं] કેમ [परिणामयति] પરિણમાવી શકે?

ટીકા :- જગતમાં જે કોઈ જેવડી વસ્તુ જે કોઈ જેવડા ચૈતન્યસ્વરૂપ કે અચૈતન્યસ્વરૂપ દ્રવ્યમાં અને ગુણમાં નિજ રસથી જ અનાદિથી જ વર્તે છે તે, ખરેખર અચલિત વસ્તુસ્થિતિની મર્યાદાને તોડવી અશકય હોવાથી તેમાં જ (પોતાના તેવડા દ્રવ્ય-ગુણમાં જ) વર્તે છે પરંતુ દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે સંક્રમણ પામતી નથી; અને દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે નહિ સંક્રમતી તે, અન્ય વસ્તુને કેમ પરિણમાવી શકે? (કદી ન પરિણમાવી શકે.) માટે પરભાવ કોઈથી કરી શકાય નહિ.

ભાવાર્થ :- જે દ્રવ્યસ્વભાવ છે તેને કોઈ પણ પલટાવી શકતું નથી, એ વસ્તુની મર્યાદા છે.

## ગાથા-૧૦૩ ઉપર પ્રવચન

હવે આપણે ૧૦૩ ગાથા લઈએ. **'પરભાવને કોઈ (દ્રવ્ય) કરી શકે નહિ...'** છે ભાઈ નીચે? એટલે શું? કે આ આત્મા છે વસ્તુ એ ચૈતન્ય સ્વરૂપે છે. તો એ પોતાના અસ્તિત્વમાં ચૈતન્યસ્વરૂપ છે એનું. એ આત્મા શરીરનું, વાણીનું, દેશનું, કુટુંબનું, પરનું કાંઈ કરી શકે નહિ.

મુમુક્ષુ :- બોલી તો શકેને.

ઉત્તર :- બોલી શકે નહિ. એ તો જડ છે ભાષા. ઝીણી વાત છે, ભાઈ! એના અસ્તિત્વમાં, એની હયાતીમાં જે હોય તેને કરે. એની હયાતીમાં જ્ઞાન, દર્શન અને આનંદ આદિ છે. ભલે અજ્ઞાનભાવે રાગાદિને કરે, પણ આત્મા આ શરીરની ક્રિયા કરે, વાણી બોલે એ તો જડની અવસ્થા છે.

મુમુક્ષુ :- તો રોટલા જમવા કે ન જમવા?

ઉત્તર :- રોટલા જમે કોણ? ધૂળ. એ વખતે રાગ થાય તેને ખાય છે એ. રોટલી તો જડ છે, અજીવ છે, અજીવ તત્ત્વ છે. અજીવ તત્ત્વની પર્યાયને આ જીવ તત્ત્વ કાંઈ કરે નહિ. અને અજીવ તત્ત્વની પર્યાય જીવ તત્ત્વને કાંઈ કરે નહિ. મોટા વાંધા ઉઠ્યા છે. આહા..હા..! જગતને અભિમાન. હું કરું. હું કરું. એમ છેને જ્યાં-ત્યાં? મેં કર્યું... મેં કર્યું... ધૂળેય નથી કર્યું સાંભળતો ખરો. તારી ચીજ શું છે? ઈ અહીં કહે છે જુઓ.

**'પરભાવને...'** પરમભાવ એટલે જડદ્રવ્ય આદિ પરાત્મા. એની **'કોઈ (દ્રવ્ય) કરી શકે નહિ એમ હવે કહે છે :-'** ૧૦૩ ગાથા.

**जो जम्हि गुणे दव्वे सो अण्णम्हि दु ण संकमदि दव्वे।**
**सो अण्णमसंकंतो कह तं परिणामए दव्वं।।१०३।।**

નીચે હરિગીત.

**જે દ્રવ્ય જે ગુણ-દ્રવ્યમાં, નહિ અન્ય દ્રવ્યે સંક્રમે;**
**અણસંક્રમ્યું તે કેમ અન્ય પરિણમાવે દ્રવ્યને? ૧૦૩.**

બદલાવે કેમ દ્રવ્યને એમ કહે છે. ઝીણી વાત છે, ભાઈ!

મુમુક્ષુ :- ચોખ્ખી વાત છેને?

ઉત્તર :- ચોખ્ખી સ્પષ્ટ છે. સત્ય જેમ એક ને એક બે. એમ વસ્તુ છે. પણ કોઈ દિ' અનંતકાળમાં કોઈ દિ' સાંભળી નહિ, વિચારી નહિ. એમ ને એમ આંધળી દોડે અજ્ઞાનપણે જગતમાં રખડતા હું કરું છું, પરથી મારામાં કાંઈક થાય છે એમ માનીને ચાર ગતિમાં રખડે

છે. દુઃખી છે એ ચોર્યાસીના અવતારમાં.

મુમુક્ષુ :- નિમિત્ત તો થાય.

ઉત્તર :- ધૂળેય નહિ. નિમિત્ત એટલે શું પણ? નિમિત્તની વ્યાખ્યા શું? નિમિત્ત એટલે .. ચીજ. એને કરવું તો તો બે એક થઈ ગયા. સમજાય છે કાંઈ? ટીકા એની. ૧૦૩ની ટીકા.

'**જગતમાં...**' આ દુનિયામાં. '**જે કોઈ જેવડી વસ્તુ...**' જે કોઈ જેટલી વસ્તુ. '**જે કોઈ જેવડા ચૈતન્યસ્વરૂપ...**' આત્મા ચૈતન્યસ્વરૂપ. આ શરીર, વાણી, મન આ જડસ્વરૂપ, અચેતનસ્વરૂપ. '**ચૈતન્યસ્વરૂપ કે અચૈતન્યસ્વરૂપ દ્રવ્યમાં અને ગુણમાં...**' દરેક જીવ પોતાની ચીજમાં અને એનો ગુણ એટલે વિશેષ દશા. સમજાય છે કાંઈ? કેવી ચીજ છે એ દુનિયાને ખબર જ નથી. આંધળે આંધળું ચાલે છે અનાદિથી. કહે છે કે દરેક વસ્તુ, પ્રત્યેક વસ્તુ પોતાના એટલે પોતાના દ્રવ્ય એટલે વસ્તુમાં અને એની વર્તમાન અવસ્થાનું થવું પરિણમન. એમાં એ રહે છે. '**ગુણમાં નિજ રસથી જ...**' પોતાની શક્તિથી, પોતાના સ્વભાવથી, પોતાના સામર્થ્યથી પ્રત્યેક પદાર્થ પોતાના દ્રવ્ય એટલે વસ્તુમાં અને ગુણ એટલે એની વિશેષ દશામાં. સામાન્ય અને વિશેષ બેમાં એ ચીજ રહેલી છે. છે?

'**અનાદિથી જ વર્તે છે તે,...**' આ રજકણ છેને પરમાણુ માટી? પોઈન્ટ. એ રજકણ આ તો ઘણા રજકણનું બનેલું જડ છે. આ કાંઈ એક ચીજ નથી, તેમ આત્મા નથી આ. આ તો માટી છે અજીવ. એ અજીવનો એક રજકણ પોઈન્ટ. છેલ્લો ટૂકડો કરતાં છેલ્લો રહે તો એક ચીજ. એ રજકણ પોતાની ચીજમાં છે અને એની વર્તમાન વિશેષ અવસ્થામાં એ છે. પર્યાયમાં વિશેષદશામાં. એ પોતાની સામાન્ય અને વિશેષ છોડીને પરદ્રવ્યનું કાંઈ કરે એમ છે નહિ. ભારે વાત ભાઈ આ. બધા કારખાના ચલવે છે આમાં. .. કારખાનાનો .. છે લ્યો. આજે આવ્યા હતાને ઓલા ઈન્દોરથી નહિ ચોટીલાવાળા? એ ઈન્દોરવાળાનું છેને કારખાનું ભાઈ બહાર? ... લોઢાનું બને છે એટલું-એટલું. એ આજે આવ્યા છે. એક કલાકનું ૬૦ એક મિનિટમાં એક શું કહેવાય એ મોટા.. એ. એ ચોટીલાવાળા. એ તો બિચારા કહે કે આપના પગલા થયા મારું કામ થઈ ગયું. આઠ વર્ષથી પડ્યું હતું. એ બહાર ઈન્દોરની બહાર. અમે ગયા હતા ત્યાં. .. મકાનમાં? .. કહે એક કલાકની ૬૦ .. નીકળે છે અને એટલા પાછા લેતા પણ જાય છે. ખપી જાય છે. એ આત્મા કરી શકે?

મુમુક્ષુ :- તમે પધાર્યા અને થયું દેખીતી વાત છે.

ઉત્તર :- વાત જ બધી સમજવા જેવી છે. એ તો બિચારા એમ કહેતા હતા. પહેલા આઠ વર્ષમાં નહોતું. આઠ વર્ષમાં નહોતું આવ્યું. પણ આમ થયું. એકદમ કામ ચાલે છે અને ખપે છે એકદમ. કોને કારણે? આહા..હા..! એકપણ રજકણ જગતનું તત્ત્વ અસ્તિ એ પોતાને

કારણે ટકેલું છે. પરને કારણે કાંઈ નથી. આહા..હા..! છે એ આ વસ્તુ મહાસિદ્ધાંત છે વીતરાગનો. સર્વજ્ઞ વીતરાગ તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્મા. એમણે જે છ દ્રવ્ય જોયા એમાં તો કહે જેવડી વસ્તુ છે. કોઈપણ જેવડા એના ભાવ થાય છે. એનો ભાવ. દ્રવ્ય એટલે વસ્તુ અને પછી જેવડા ચૈતન્યસ્વરૂપ એનો ભાવ કે અચેતનસ્વરૂપ પોતાના દ્રવ્યમાં કે ગુણમાં એટલે પર્યાયમાં. '**નિજ રસથી જ અનાદિથી જ વર્તે છે...**' આત્મા પોતાના સામાન્યસ્વરૂપ ત્રિકાળ વસ્તુ છેને અસ્તિ? આત્મા અસ્તિ છે. તો એ વસ્તુ તરીકે છે અને પર્યાય એટલે વર્તમાન પલટવાની અવસ્થા તરીકે છે. તો એ પલટવાની અવસ્થા અને કાયમ એમાં એ વર્તી રહી છે. એ પોતાની ચીજ છોડીને બીજામાં જાય એમ ત્રણ કાળમાં બનતું નથી. ભારે જગતથી ઉંધું છે ભાઈ આ. એમાં બધા... આહા..હા..!

અમે આ કરીએ, અમે કારખાના કરીએ અને અમે આ કરીએ અને આ કરીએ. મિથ્યા અભિમાન અજ્ઞાન છે એમ કહે છે. અધર્મભાવ છે. આહા..હા..! જે કોઈ જેવડી વસ્તુ અને જેવડા ચૈતન્ય સ્વભાવમાં કે અચેતનસ્વભાવમાં દ્રવ્ય કે પર્યાયમાં નિજ શક્તિથી જ અનાદિથી વર્તે છે. આહા..હા..! કહો, આત્મા પોતાના દ્રવ્ય અને પર્યાયમાં વર્તનારી ચીજ એ શરીરમાં, શરીરનું કાંઈ હલાવે કે ચલાવે એ ત્રણ કાળમાં બનતું નથી. એ હલવા-ચલવાની જે ક્રિયા એનું અસ્તિત્વ જે પરનું એ સામાન્ય અને આમ હલવું એનું વિશેષ એ પરમાણુનું સામાન્ય અને વિશેષ(માં) .. વર્તનારા એને બીજા કોઈ કરી શકે નહિ. અરે..! ભારે વાતું ભાઈ!

અનાદિથી છે. આહા..હા..! દરેક આત્મા પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં છે. અને પરની વસ્તુમાં એ નથી અથવા પરવસ્તુથી એ નથી. ભારે આકરું કામ. એમાં અત્યારના આ બધા વહીવટ બધા વધી ગયા. વેપારના. મુંબઈમાં જુઓ તો કારખાનાના પાર ન મળે. પચાસ હજારની મૂડી હોય તો કારખાનું કરે એક. ધંધામાં શું કહે કરવું ન પડે અને એકદમ ઉતરે એમાંથી માલ. અને એ જાણે અમે આ કરીએ છીએ.

મુમુક્ષુ :- ...માં ઝાઝો માલ નીકળે નહિ

ઉત્તર :- નીકળે નહિને. હાથથી કેટલોક નીકળે? સંચાથી ઘણો નીકળે માલ. આહા..હા..! એ આત્મા કરી શકે?

મુમુક્ષુ :- સંચાએ તો કર્યુંને બધું?

ઉત્તર :- સંચાએ કર્યું નથી. સંચે સંચાની પર્યાયને કરી છે. સંચાના રજકણો પોતાની અસ્તિત્વ ત્રિકાળી જે છે તેમાં રહ્યું છે અને એની વર્તમાન હાલતમાં એ અસ્તિત્વ રહ્યું છે. એક રજકણ બીજા રજકણના અસ્તિત્વને અડતું નથી. અડતું નથી સમજ્યા? છુતે નહીં. આ તો ગુજરાતી ભાષા છેને? આહા..હા..! સમજાય છે કાંઈ? ભારે પણ આવું શરીર એનું તો કાંઈ કરી શકે કે નહિ? સરખું રાખી શકે, ખાઈ-પીને નિરોગ રાખી શકે. આરોગ્ય. આ

ભણશાલી ડોક્ટર ઘણું .. કરતો લ્યો ત્યાં મુંબઈ. અહીં મરી ગયા. આહા..હા..! એમાં શું ડોક્ટર હોય કે મોટો.. જે દેહની સ્થિતિ, જે અવસ્થાનું સ્વરૂપ જે સમયે જે રીતે થવાનું તે થવાનું, થવાનું ને થવાનું. એમ કોઈ એને રોકે, મોટો ડોક્ટર હતો એ તો મોટો લ્યો! એના દવાખાને ગયા તો મોટું દવાખાનું બહાર. .. તેરની સાલમાં ગયા હતા. તેરમાં પહેલા ગયાને. ક્યારે ગયા હતા? આપણે આ ૧૫માં કર્યું. તે દિ' રાતે ભાઈના મકાનમાં અને તેરમાં મારવાડીના મકાનમાં હતા. પંદરમાં ત્યાં રાતે. પંદરમાં ત્યાં . તેરની સાલ. રાતે જતા હતા બહાર. ઓલા માણેકલાલ નહિ? મિનિસ્ટર માણેકલાલ. એનું બહાર મકાન હતુંને બહાર? દરિયાને કાંઠે. રાતે ત્યાં હતા. આહા..હા..! ભારે ઝીણું આ તો બાપા! આ તો દુનિયાથી ઉંધી વાત છે બધી. સંસારથી ઉંધી છે.

એક પણ સત્ હોય પોતાથી જે રહેલું, ટકેલું છે એ તત્ત્વ બીજા તત્ત્વને કાંઈ કરે એમ ત્રણ કાળમાં બની શકતું નથી. અજ્ઞાની માને તેને મિથ્યાત્વનું મહાપાપ, અધર્મનું પાપ લાગે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? શું હશે આમાં? આ બધા ઝવેરાત-બવેરાતના નથી કરતા? એની અહીં ક્યાં વાત છે? આ તો તત્ત્વની વાત છે. જે તત્ત્વ છે વસ્તુ. એ પોતાનું દ્રવ્ય એટલે વસ્તુ. ગુણ-પર્યાયમાં ભિન્ન, ક્ષેત્ર એટલે પહોળાઈ અને ભાવ એટલે એની શક્તિ ગુણ અને કાળ એટલે એની અવસ્થા એમાં છે. એમાં વર્તતી વસ્તુ બીજાના દ્રવ્ય-ક્ષેત્રમાં જઈને કરે એનું કાંઈ એમ ત્રણ કાળમાં બનતું નથી. મૂઢ અજ્ઞાની માને છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, આ બરાબર હશે કે નહિ આ? સુજાનમલજી!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- વાત સાચી છે. વાત સાચી. આહા..હા..!

આ આત્મતત્ત્વ આ તો જડતત્ત્વ છે. અજીવતત્ત્વ. અંદર જે જાણવું-દેખવું એવું સ્વરૂપવાળું તે ચૈતન્યતત્ત્વ છે. જાણવું-દેખવું એવો સ્વભાવ એ ચૈતન્યતત્ત્વ છે. તો સ્વભાવભાવ અને ધરનારું દ્રવ્ય એ સ્વભાવનું એનું પરિણમન, એની પર્યાયમાં, અવસ્થાનું બદલવું એ એનામાં છે. એ પોતે બદલીને ભલે પોતે પર્યાય છે, પણ એ બદલતું બીજાની પર્યાયને બદલાવે. આહા..હા..! કુંભાર ઘડો કરી શકે ત્રણ કાળમાં નહિ એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? કારણ કે ઘડાના રજકણો અજીવ તત્ત્વ છે એ અજીવતત્ત્વનું અસ્તિત્વ પોતામાં છે. એના રજકણોની અવસ્થા પણ એની અવસ્થા એનામાં છે. એ ઘડાની અવસ્થાનું અસ્તિત્વ રજકણમાં છે. એનો બીજો કુંભારનો આત્મા એને બનાવે ત્રણ કાળમાં કરી શકે નહિ. આકરું ભારે ભાઈ! એને તત્ત્વની ખબર જ નથી. અનાદિનો મૂઢ થઈને આહા..હા..!

જુઓને ભાષા કેવી લીધી! **'જેવડી વસ્તુ જે કોઈ જેવડા ચૈતન્યસ્વરૂપ કે અચૈતન્યસ્વરૂપ...'** આહા..હા..!

મુમુક્ષુ :- ભાવ પણ બતાવ્યોને.

ઉત્તર :- એ પરદ્રવ્ય બતાવ્યું. તો દ્રવ્ય પછી લીધું. સ્વરૂપ દ્રવ્યમાં અને ગુણમાં. આત્મા દ્રવ્ય છે વસ્તુ, અસ્તિ, સત્તા. અને એનો ગુણ જે ચૈતન્યસ્વરૂપ જાણવું-દેખવું. એ જાણવા-દેખવાનું પરિણમન વર્તમાન અવસ્થા એમાં એ વર્તે. પણ એ પોતાનું વર્તન પોતાની સત્તામાં અસ્તિત્વને છોડી દઈને, બીજાનું કાંઈ કરે, ત્રણ કાળમાં કરી શકે નહિ. અજ્ઞાનીઓનું અભિમાન મિથ્યાદૃષ્ટિઓનું અભિમાન છે એ. સમજાણું કાંઈ? જે અસત્ય છે. બની શકતું નથી અને બની શકે છે એમ માને છે એ જૂઠાનો સેવનાર છે. સમજાણું કાંઈ? ભારે!

**'અનાદિથી જ વર્તે છે તે,...'** જુઓને અનાદિથી જ વર્તે છે તે. આહા..હા..! **'ખરેખર અચલિત વસ્તુસ્થિતિની મર્યાદાને તોડવી...'** ભારે વસ્તુ! રજકણ અને આત્મા પોતાની અનાદિની ચીજમાં પોતામાં પરિણમન કરે. પોતામાં એટલે અપનેમેં. પણ એ **'અચલિત વસ્તુસ્થિતિની મર્યાદાને તોડવી...'** કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરે એ મર્યાદા તોડવી અશક્ય છે. એ મર્યાદા કોઈ તોડી શકે નહિ. આહા..હા..! આહાર કરવા વખતે. આહાર કરે છેને આહાર? ... રોટલીનો ટૂકડો કરે. દાળ. કહે છે એ રજકણો જે છે સત્‌રૂપી આ રજકણો અસ્તિત્વ છે. એ એની વર્તમાન અવસ્થામાં એ વર્તી રહ્યા છે. એ આમ-આમ જે થાય એ એની અવસ્થામાં એ વર્તી રહ્યા છે. આત્માને લઈને નહિ.

મુમુક્ષુ :- હાથને લઈને તો બટકા થાયને

ઉત્તર :- હાથને લઈને નહિ. હાથ આના રજકણ આદિના છે અને રોટલાના રજકણનું અસ્તિત્વ જુદું. અનંત રજકણો છે. તો એક રજકણના પર્યાયે અવસ્થા બદલતી અને બીજા રજકણની અવસ્થા બદલાવે એવી અચલિત વસ્તુ ત્રણ કાળમાં ફરતી નથી. બદલાવી શકે જ નહિ. એ મર્યાદા એવી છે. એ મર્યાદા તોડવી અશક્ય છે. સમજાય છે કાંઈ? આહા..હા..! ભારે કામ ભાઈ! આ તો પરની દયા પાળી શકે નહિ એમ કહે છે.

મુમુક્ષુ :- પોતાની તો પાળી શકે કે નહિ?

ઉત્તર :- પોતાની એટલે? હું આનંદસ્વરૂપ છું એવું ભાન કરે તો પોતાની દયા પાળે. હું તો સચ્ચિદાનંદ સ્વરૂપ છું. જ્ઞાન અને આનંદની ખાણ છું. ખાણ-ખાણ-ખાણ સમજ્યા? નિધાન. આહા..હા..! ચૈતન્ય ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ સત્ છે. ચિદ્ જ્ઞાન અને આનંદ, અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનનો ભંડાર પ્રભુ છે. એની જ્ઞાનની અવસ્થા અને આનંદની અવસ્થાને કરી શકે છે. કારણ કે જે દ્રવ્ય અને ગુણ પોતાના છે. એ ગુણનું પરિણમન કરી શકે. આહા..હા..! પરિણમવું એટલે થવું, થવું એટલે અવસ્થાનું બદલવું, પણ એ જીવ, દેશની ક્રિયા કરે, કુટુંબની કરે, નાતની કરે. આ બધા પંચશીલ નથી કરતા આ લોકો બધા શું કહેવાય? નેતાઓ. સડકું બાંધે, ઉંડા કૂવા ખોદે. બિલકુલ જૂઠ વાત છે. એ તો એની

ક્રિયા તે કાળે જડની અવસ્થા જડપણે થવાને લાયક છે. એમાં એ જડ વર્તી રહ્યા છે. એને ઠેકાણે બીજો કહે કે અમે આ કર્યા. મૂઢ મોટા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'તે, ખરેખર...' આહા..હા..! આ ગાથા તો ઘણી જ ઉંચી છેને. આધાર આપ્યોને સર્વવિશુદ્ધની પાછળ. 'અચલિત વસ્તુસ્થિતિ...' શું કહે છે? વસ્તુ નામ આત્મા અને વસ્તુ નામ રજકણ. એનું જે પર્યાયનું, અવસ્થાનું થવું અને એ અવસ્થા બીજામાં જાય નહિ અને બીજાનું કરે નહિ એવી વસ્તુની સ્થિતિની અચલિત મર્યાદા છે. આહા..હા..! ભારે આ ફેરવવું પડે પણ હોં. એ બધા સામાયિક કરતા, પોષા કરે, ભગવાનના દર્શન કરતા હોય, પણ એમાં જડની ક્રિયા મારાથી થાય. હો..હા.. હો..હા.. સ્વાહા. ચોખા મૂકેને. આ ક્રિયા મારાથી થાય છે એમ માનનારો મૂઢ છે. સમજાય છે કાંઈ? કાંઈ સમજાય છે? એમ કહે છે આ. બધું સમજાય તો તો નિહાલ થઈ જાય. પણ આ શું કહેવા માગે છે એની વાત લક્ષમાં આવે છે?

કહે છે દરેક આત્મા અનંત આત્મા છે અને આ પોઈન્ટ રજકણો. આના ટૂકડા કરે. કરતા... કરતા... કરતા... છેલ્લો ટૂકડો બાકી રહે એને પરમ અણુ કહે છે. સૂક્ષ્મ અણુ. ઓલો અણુબોમ્બ નહિ હોં. એ તો મોટો છે. અનંત રજકણનો પિંડ છે. અણુબોમ્બ કહે છેને? આના તો ટૂકડા કરતા-કરતા. આ તો જડ વસ્તુ છે. એના ટૂકડા કરતા કટકા કરતા છેલ્લામાં છેલ્લો આખિર પોઈન્ટ રહે એને પરમ અણુ. પરમાણુ, પરમ અણુ, નાનામાં નાનું ઝીણું તત્ત્વ. એ એક-એક રજકણના અનંતા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ગુણ છે અને એ રજકણનું એક સમયમાં પોતાને કારણે પોતાની શક્તિથી ત્યાં બદલી રહ્યા છે. એને બીજો આત્મા માને કે હું આને બદલાવું છું. મિથ્યાત્વભાવ જૂઠા અસત્‌ને સેવનાર છે. સત્‌નું સત્ત્વ છોડીને અસત્‌ને માનનાર છે. શું હશે આમાં ભીખાભાઈ! પણ આ બંગડી-બંગડીનું શું કરતો હશે ત્યાં? આહા..હા..!

ગાથા પંડિતજી! આહા..હા..! 'તેમાં જ (પોતાના તેવડા દ્રવ્ય-ગુણમાં જ)...' છેને ઓલા જેવડા હતા, તેવડા તે ગુણમાં 'વર્તે છે...' આહા..હા..! આ આત્મા અને રજકણ બહુ આ તો શાંતિની વાત છે, બાપા! જેને આ જુઓને દુઃખી બિચારા અબજોપતિ અમેરિકામાં દુઃખીયા બિચારા થઈ ગયા છે. હવે અરે..! કાંઈ કરીએ. અધ્યાત્મ .. વિના ક્યાંય શાંતિ નથી એમ બિચારા રાડું પાડે છે હવે. અબજોપતિ દુઃખીયા દુઃખી છે બિચારા. કેમકે એ ચીજમાં પરમાં પોતાનું કાંઈ કર્તવ્ય નથી અને પરની સગવડતાએ પોતામાં સુખ નથી. છતાં અજ્ઞાની માને છે. મિથ્યા ભ્રમ અજ્ઞાનને સેવે છે. આહા..હા..! શાંતિ તો ભગવાન આત્મામાં છે. બધી ઉપાધિની ક્રિયાથી રહિત અને મારા અંદરમાં ઉલટા પુરુષાર્થથી થતી જરી રાગાદિની પણ ક્રિયા એ પણ મારા સ્વભાવથી ભિન્ન છે. સમજાણું કાંઈ? એવી દૃષ્ટિ કર્યા વિના ક્યાંય શાંતિ મળે એવું નથી. ધૂળમાંય નથી એના અબજ રૂપિયા અને ધૂળમાં. આહા..હા..! એના

બંગલા મોટા ૪૦-૪૦ લાખના. કહો, સમજાણું આમાં? સુખી છે એમ લોકો કહે હોં. મોટરું હોય ઘરે ૨૫-૫૦. ભુંગળા વાગતા હોય ભું... ભું... મોટા બંગલા હોય ઘરે. આહા..હા..!

છેને એક ભાઈ ઓલા આપણે. ગોવામાં છે એક. ગોવા શાંતિલાલ ખુશાલ. ઘણા પૈસા. બે અબજ ચાલીસ કરોડ. બે અબજ. સો કરોડનો અબજ. એ પૈસામાં દુઃખી બિચારા હોં. આમ કરો ને આ કરો. અરે..! પણ પરમાં ધૂળેય નથી. એ તો આપણે ભાઈ ક્યાં છે જયપુરમાં ઓલા દુર્લભજી ઝવેરીના દીકરા છે એ અબજપતિ. છેલશંકર છે છેલશંકર. જયપુર. જયપુરમાં છે. ઝવેરી અહીંના મોરબીના. જોયા છે. એને મેં જોયા છે. એના દીકરા છે. વનેચંદ મોટો મરી ગયો છે. નાનો છે એક. અબજ રૂપિયા. સો કરોડ. કોક તો બે અબજ કહેતું હતું. એના ઘરે ગયા હતા. મહારાજ! અમારી ઘરે પગલા કરો. ગયા હતા. હશે ૫૦-૬૦ કરોડ તો મોટા પાસે હશે એમ લાગે છે. છેલશંકર પાસે ૫૦-૬૦-૭૦ કરોડ. આની પાસે ૪૫ કરોડ હશે નાના પાસે એમ લાગે. ધૂળમાંય નથી કહે. આહા..હા..!

મુમુક્ષુ :- કેટલા રૂપિયા હોય તો સુખી થાય?

ઉત્તર :- પૈસાથી સુખ છે? સુખ તો આત્મામાં છે. અંદર અહીં સુખ છે અંદર. આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ પોતે છે. સત્ છે. ચિદ્, જ્ઞાન અને આનંદ. અતીન્દ્રિય સુખનો સાગર આત્મા છે. ભાન કે દિ' છે? સમજાણું કાંઈ? એ અતીન્દ્રિય આનંદનો નાથ બીજે આનંદ શોધે એ એની મૂર્ખાઈ છે. ભાષા સમજો છો ભાઈ! ક્યાંના છે ભાઈ! ઈન્દોર. થોડું-થોડું સમજે. ઘણા ગુજરાતીઓ આવે છેને. ઈન્દોર તો અમે આવ્યા હતા ચાર દિવસ. ગઈ સાલે. તમારે ઘરે હતાને. આહા..હા..! એ કાપડ બજારમાં વ્યાખ્યાન હતું સવારમાં. કાપડ બજારમાં ઘણું માણસ ઘણું માણસ. પાંચ-પાંચ, છ-છ, સાત-આઠ હજાર. સવારમાં ત્યાં વ્યાખ્યાન. બપોરે ધર્મશાળા છેને ઉપર બાંધેલી. એ વિદ્યાનંદજી વખતે ઉપર બાંધેલી ત્યાં વ્યાખ્યાન ચાલતું હતું. સાત વ્યાખ્યાન થયા. વૈશાખમાં હતું ગઈ સાલે. અરે..! ક્યાં માણસોને બિચારાને ખબર પણ ન મળે. શું કયું તત્ત્વ? હો..હા.. હો..હા.. આ કરો ને આ કરો. પૂજા કરો ને ભક્તિ કરો ને દાન કરો ને વ્રત કરો. અપવાસ કરો. કરો... કરો... પણ શું કરવું છે તારે સાંભળતો ખરો. એ ક્રિયા કરો-કરોમાં તારો રાગભાવ હોય તો પુણ્ય છે. અને એ પણ ક્રિયા પરની તો તું કરી શકતો નથી. આહા..હા..!

કહે છે એ '**(પોતાના તેવડા દ્રવ્ય-ગુણમાં જ) વર્તે છે...**' એટલે જે ચીજ જેવડી અને જેવડા ગુણમાં પરિણમી રહી છે તે ચીજ તેવડામાં વર્તીને પરિણમી રહી છે. આહા..હા..! બહુ સરસ વાત છે. પણ કઠણ માણસને. આ જગતના વેગમાં જાવું. આહા..હા..! કુટુંબ, પૈસા, બાયડી, છોકરા હોય તો સુખી છીએ અને જે પૈસા નથી નિર્ધન એ દુઃખી છે. મૂર્ખાઈ છે મોટી. સમજાય છે કાંઈ? એ મૂર્ખાઈનો કરનાર પોતે, પણ પરચીજનો કરનાર નહિ. સમજાય

છે કાંઈ? આહા..હા..!

'**પરંતુ દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે સંક્રમણ પામતી નથી;...**' આહા..હા..! પ્રત્યેક ચીજ પોતામાં, વસ્તુમાં અને તેના ગુણમાં અને તેના પરિણમનમાં રહેલી છે. જેવડી-જેવડી છે તેવડી તેમાં પરિણમી રહી છે. પણ તે પદાર્થ દ્રવ્યાંતર નામ બીજા વસ્તુમાં કે એના પરિણમનમાં જઈને એને સંક્રમણ પામતી નથી. બદલતી નથી. આત્મા આત્માના ગુણ-પર્યાયને બદલાવીને, (પણ) પરમાં બદલાવી જાય, પરમાં પરિણમી જાય એમ થતું નથી. આહા..હા..! ભારે વાતું ભાઈ આવી! પાગલ લાગે હોં માણસને. પાગલ હશે કે આખો દિ' આ બધું કરીએ છીએને. ભાઈ! તને એ ખબર નથી. સમજાણું કાંઈ? બહુ જ ગાથા ઉંચી. ઓહો..હો..! એ રજકણમાં, પરમાણુ કે આત્મા એટલા અનંતા છે. જે-જે પોતાની ચીજમાં એના ભાવમાં, શક્તિમાં અને એની વર્તમાન અવસ્થામાં અનાદિથી વર્તી રહી છે. જેટલામાં છે તેટલામાં જ એ વર્તી રહી છે. જેમાં એ નથી એ એમાં એ વર્તી રહી છે (એમ નથી), પણ કુટુંબનું કરી શકે કે નહિ આમાં? ... મા-બાપ ન કરે કાંઈ? છોકરા ન કરે? બાયડી કહેવાય એની એનું તો કરે કે નહિ? પતિ પત્નીનું? ધૂળેય નથી કાંઈ સાંભળને. એનો આત્મા જુદો, એના શરીરના રજકણ જુદા, જુદી ચીજ છે. એ તો એનામાં એને કારણે એ વર્તી રહી છે અને તું તારે કારણે તારામાં વર્તી રહ્યો છો. આહા..! કહો, સમજાણું કાંઈ? બહુ આકરું કામ. અનાદિ અભ્યાસ ઉંધો છેને. અનંતકાળ થયો, અનંત કાળ થયો. ઓહો..હો..! ડોક્ટરો કહે બીજાને જીવતા કરી દઈએ. તો પોતે કેમ મરી ગયો ડોક્ટર હાર્ટ ફેઈલ થઈને.

અહીં પણ ડોક્ટર આપણે હતોને ભાવનગર. સર-સર. હેંમતકુમાર. સર્જન. સર તો આ બધા કહે. સર્જન. સર્જન એટલે કરનાર. એ ત્યાં બીજાનું કાંઈક કરતા હતા ઓપરેશન. મને કાંઈક થાય છે. બસ ખુરશી પાસે ગયા ત્યાં ઉડી ગયા. સર્જન હતા. હેમંતકુમાર આપણે આવ્યા હતા બે-ત્રણ વાર. જે દેહની સ્થિતિની અવસ્થા પરમાણુની થવાની એને કોઈ બીજો રજકણ કે દવા કે કોઈ ઈંજેક્શન રાખી શકે ત્રણ કાળમાં નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પૈસાવાળા માને કે આપણે પૈસાવાળા છીએ તો બધી દવાઓ રાખે ઘરમાં આખો કબાટ. એક-એક. ફલાણા ઉપર આ દવા, ફલાણા ઉપર આ દવા અને આના ઉપર આ દવા. વીંછી કરડ્યો હોય તો એના ઉપર ફલાણી દવા આવે છેને આ .. કટકો. શું કહેવાય આ ..ના ઓલા કટકા કાળા-કાળા. અને કટકો રાખે .. બધું તૈયાર રાખ્યું હોય. ધૂળેય નહિ કામ આવે સાંભળને. આહા..હા..! બરાબર હશે આ લાલજીભાઈ! આ બધા જુવાનિયા નહિ કરતા હોય આ? ક્યાં ગયો તમારો? નથી ગયો? તમારો? ઠીક. નથી આવ્યો. એ રીતે ભાષા કરી હતી. કહો, સમજાણું કાંઈ? એ તો આવ્યો નથી એનો ઉત્તર આપ્યો કે આજે જ આવ્યો છે. એવી રીતે ઉત્તર આપ્યોને. આહા..હા..!

પ્રત્યેક રજકણને આવું જો સત્ય છે એમ જો શ્રદ્ધામાં લે તો એને પરનું કર્તાપણાનું અભિમાન ટળીને એટલી શાંતિ વળે. રાગની મંદતાની એટલી હોં. આહા..હા..! અંદરની શાંતિ તો વળી જુદી. પરનું કર્તાપણું જો ઉડી જાય તો ખરેખર તો એવું છે કે પરનું કરી શકતો નથી, પરથી મારામાં કાંઈ થતું નથી. તો એનું લક્ષ પરથી ઉઠીને સ્વમાં આવે છે. આહા..હા..! પોતાનું લક્ષ જ અહીં દ્રવ્ય ઉપર આવે વસ્તુ ઉપર. તો એમાં વસ્તુને લક્ષે એમાં શાંતિ આવે. એનું નામ ધર્મ છે. કહો, સમજાણું? ભાઈ આ બધા કારખાના કેવા-કેવા કરે છે લ્યો! ઉદ્યોગ... ઉદ્યોગ... ઉદ્યોગ... વળી એમ કહે છેને મોટા મોટા શેઠિયા હોયને. આ ઉદ્યોગપતિ. હમણા ઓલા ગુજરી ગયોને એને ઉદ્યોગપતિ કહે. પુનમચંદ કાનાણી. બે-ચાર-પાંચ કરોડ હશે. એ ૫૪ વર્ષે ગુજરી ગયો લ્યો. પુનમચંદ કાનાણી. એ કાનાણી છેને રામજી? રામજી .. મોટા એ હમણા ગુજરી ગયો. એમાં લખ્યું છે હોં આજે આવ્યું છે કાંઈક. સાંઈબાબાને માનતો.

મુમુક્ષુ :- એના તરફથી ચોપડી બહાર પડી છે.

ઉત્તર :- બહાર પડી છે પણ આમાં આવ્યું છે ભાઈએ લખ્યું છે. ચીમનલાલ ચકુ. વખાણ બહુ કર્યા છે. મેં એના જેવો કોઈ સજ્જન જોયો નથી. એવો સજ્જન માણસ હસમુખ. સાંઈબાબા પાસે જાવું છે ઓલા બેંગ્લોર છેને? બાવો છેને મોટા માથુ અંદર. મૂર્ખાઓ બધા ભેગા થઈને ત્યાં જાય. આહા..હા..! મૂર્ખાઈના કાંઈ ગામ જુદા હશે? ત્યાં ધૂળમાં ત્યાં છે? એ .. બિચારો .. અભિમાન કરે છે કે હું આખા જગતના ઉદ્ધાર માટે જન્મ્યો છું. જન્મ્યા. કોણ કોનો ઉદ્ધાર કરે? આ એના માટે તો આ વાત ચાલે છે. આહા..હા..! બીજાનો ઉદ્ધાર કરી દઈએ. બીજાને પૈસા દઈએ, રોગીના રોગ મટાડી દઈએ.

મુમુક્ષુ :- .. ના પાડો છો..

ઉત્તર :- ધૂળેય મટાડી શકે નહિ કહે છે. આહા..હા..! કહો, સાંઈબાબા પાસે જાય છેને. આ જૈનો પણ જાય છે મારા. મૂર્ખાઈના કાંઈ ગામ જુદા હોય છે? ગામદીઠ મૂર્ખ ભરેલા છે. આહા..હા..! એક તત્ત્વ બીજાનું કાંઈ કરી શકે એ ત્રણ કાળમાં બનતું નથી. એને ઠેકાણે ત્યાં જઈને મારા દુઃખીયા પ્રાણી. અહીં કાંઈક મંત્ર-બંત્ર આપે અને દુઃખ મટાડી દે. ધૂળેય નહિ મટે સાંભળને. જે જડની અને ચૈતન્યની જે અવસ્થામાં જે ચૈતન્ય-જડ વર્તી રહ્યું એને બીજો વર્તાવે શી રીતે? અને એ વર્તી રહેલું એ બીજાને કેમ વર્તાવે? આહા..હા..! અજ્ઞાનના મોટા પોટલા ભર્યા છે. આહા..હા..!

કહે છે આવી ચીજ જ જગતમાં અનાદિ સર્વજ્ઞ ભગવાન તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્માના હુકમમાં આવ્યું છે કે આ ચીજ આ રીતે છે. એનાથી ઉલટું માને એ અસત્‌ના જૂઠાણને સેવે એટલે એ જુઠાણના ફળમાં જૂઠી ગતિ ચારમાં રખડશે એ. આહા..હા..! પશુ ને નરક

ને કાગડા ને કૂતરાના અવતાર થાશે. આ કાંઈ સદાય રહેવાના નથી. ફરી જશે ફટ દઈને. આંખ મીંચાણી જાય ચોર્યાસીના અવતારે. સમજાણું કાંઈ? કહે છે કહો આ સ્ત્રીઓ આ બધા દાળ, ભાત, શાક બનાવે છેને સાંજ-સવાર?

મુમુક્ષુ :- હાથ જોડીને બેસે?

ઉત્તર :- હાથ જોડે કોણ અને છોડે કોણ? હાથ છે એ જડની ચીજ છે આ તો આ જડ છે, અજીવ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે. આ એનું જ્ઞેય છે આ તો. આને શું હલાવે આત્મા. આત્માને લઈને હલે છે આ? એ જ કહે છે બાપુ! એની અવસ્થામાં વર્તતું અને આ આત્મા પોતાની અવસ્થામાં વર્તતું એવી **'અચલિત વસ્તુસ્થિતિની મર્યાદાને તોડવી અશક્ય...'** છે કોઈ. સમજાણું કાંઈ? આહા..હા..! બસ રોગ મટાડી દે અને આ મટાડી દે. મંત્ર કરે તો આ મટી જાય. ધૂળેય નથી કાંઈ સાંભળને મારા. સમજાણું કાંઈ? એ દ્રવ્યાંતર એટલે એક ચીજ બીજી ચીજમાં જાય કે એ ચીજની અવસ્થા બીજી ચીજમાં જાય એવું સંક્રમણ પામતી નથી, એમ બદલતી નથી. આહા..હા..! બદલે તો પોતામાં બદલે, પણ પરને બદલાવામાં જાય (એમ નથી). ભારે!

**'અને દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે નહિ સંક્રમતી...'** હવે સિદ્ધાંત સિદ્ધ કરે છે. જ્યારે પ્રત્યેક ચીજ પોતાની વસ્તુ અને પોતાની વર્તમાન અવસ્થા એને છોડીને નહિ સંક્રમતી, પરમાં નહિ જતી **'તે, અન્ય વસ્તુને કેમ પરિણમાવી શકે?'** આહા..હા..! સૂક્ષ્મ બહુ પણ ઘણું ભાઈ! સૂક્ષ્મ તત્ત્વ. જેને સત્ય જોઈતું હોય એની વાત છે આ તો. અસત્ય સેવી જ રહ્યો છે અનાદિથી. આહા..હા..! એ **'અને દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે નહિ સંક્રમતી...'** એટલે પરમાં નહિ જતી. **'અન્ય વસ્તુને કેમ પરિણમાવી શકે? (કદી ન પરિણમાવી શકે.)'** આહા..હા..! માટે એ પરદ્રવ્ય કોઈથી કરી શકાય નહિ. **'પરભાવ કોઈથી કરી શકાય નહિ.'** આહા..હા..! પરની હિંસા કરી શકે કે પરની દયા પાળી શકે, પરની કરી શકે એ? એના ભાવમાં વર્તે પોતાના ભાવમાં. દયાનો રાગભાવ હોય એ વર્તે, પણ એ રાગથી પરની દયા પાળી શકે પરમાં? આત્મા અને શરીર જુદા પડવાના છે એ એને રાખી શકે? સમજાણું કાંઈ? ભારે કામ ભાઈ આમાં. આ બધા કાર્યકર્તાઓ તો જાણે મોટા-મોટા હશે. એય..! ગીરધરભાઈ! આવી ગયા. આ કાર્યકર્તાઓ તો બધા એવા હોય છે લ્યો! અમે આમ કરી દઈએ... અમે આમ કરી દઈએ...લ્યો!

મુમુક્ષુ :- રોજ ઠરાવ કરે છેને. આપણે આમ કરવું, આપણે આમ કરવું.

ઉત્તર :- ધૂળ કરી શકે નહિ. ભાવ વિકલ્પ કરે રાગ. રાગ..

મુમુક્ષુ :- છાપામાં બહુ આવે.

ઉત્તર :- છાપા એ જડ છે એમાં શું છે? ઘનશ્યામભાઈ છેને કાર્યકર્તા ત્યાં. અમે ત્યાં

હતા ત્યારે ત્યાં હતા. દહેગામ. એના .. પડ્યા છે. વડાપ્રધાન ગુજરાતના. ત્યાંના હતા. ત્યાં હતા. એનો એમાં મત આવ્યા હતા તો એને શું કહેવાય તમારા હિસાબે? પાસ થયા. (ચુંટાયા) પછી કાઢ્યો વરઘોડો મોટો. અમે ત્યાં હતા ગામમાં. આવ્યા હતા દર્શન કરવા આવ્યા હતા બિચારા છેવટે વ્યાખ્યાનમાં આવ્યા હતા. .. ઉમરાળા ગામના જન્મનો છું કહે. તમારા જન્મગામનો હું છું. મારો જન્મ ત્યાં થયો છે કહે. એટલું. બાકી કાંઈ ન મળે. આહા..હા..! આવી ગયા બિચારા બે મિનિટ. .. ગામ. અમે કરીએ છીએ... અમે કરીએ છીએ... આહા..હા..! એ કાર્યકર્તાઓ બીજાને રક્ષા કરે, સંભાળ કરે એમ બરાબર છે કે નહિ?

મુમુક્ષુ :- ગરીબી ટાળવી છે.

ઉત્તર :- ધૂળેય ટાળે નહિ. હિન્દુસ્તાનની ગરીબી ટાળવી છે. ગરીબી એટલે શું? ગરીબની વ્યાખ્યા શું? નિર્ધનતા અને પૈસા થોડા એ ગરીબી? એ તો સંયોગની ચીજ છે. ગરીબી તો એને કહીએ પરમાત્મા આનંદની મૂર્તિ પ્રભુ એને અલ્પ જ્ઞાન અને રાગવાળો માનવો એ ગરીબ છે.

મુમુક્ષુ :- શાસ્ત્ર તો એને ગરીબ કહે છે.

ઉત્તર :- એને ગરીબ કીધો છે. સાતમી નરકનો નારકી છેને નીચે. સમ્યગ્દર્શન પામેલ છે. એ ગરીબ નથી. બાદશાહ છે. એક ... મળતો નથી. નરકનો જીવ છે. નારકી નીચે છે. બધું કાંઈ લોજિકથી સિદ્ધ કરવા જાય તો... નીચે નારકી આ માંસ ખાય, દારૂ પીવે, .. સ્ત્રીના લંપટીઓ બધા. બધાની ત્યાં પાર્લામેન્ટ ભરાય છે નીચે. નરકમાં. બધાય ત્યાં ભેગા થાય છે. એમાંથી કોઈ જીવ ધર્મ પામી જાય ત્યાં. એક પાણીનો બિંદુ નહિ, આહારનો કણ નહિ, સૂવાને કપડું નહિ, રહેવાને ઓટલો નહિ. ઓટલો સમજ્યાને આ? તો એમાં અંદરમાં વસ્તુનું ભાન આમ કરે. પૂર્વે સાંભળ્યું હતું સંતો પાસે. ભૂલી ગયો. એમ હજી આવે ઓહો..! અમે તો જ્ઞાનાનંદ સ્વરૂપી આત્મા એમ અમને સંતોએ કહેલું. અમે નહિ નક્કી કર્યું, નહિ અનુભવ્યું. અને પાપ કર્યા એવા એથી અમારે નરકમાં આવવું પડ્યું. એમાં અંદરમાં વિચારમાં ઉતરતા ઉતરી જાય છે અંદર જેમ. વીજળી જેમ ઉપરથી પડે અને ત્રાંબાનો ઓલો હોય છેને? મોટા મકાનમાં? વીજળી ઉતરી જાય ત્રાંબે નીચે. ત્રાંબાનો સરિયો હોય મોટો. એમ ભગવાન આત્મા પરની ક્રિયા કરી શકું એ અભિમાન ટાળી અને અંદરમાં થતાં શુભ અને અશુભ વિકારના પરિણામનું લક્ષ તોડી, અંતર ભગવાન સચ્ચિદાનંદ પૂર્ણાનંદ પ્રભુ હું છું. એવી અંતર દૃષ્ટિ થતાં એ અંતરમાં ઉતરી જાય છે. ઉતરતા એને આત્માનું સમ્યગ્દર્શન અને શાંતિ થાય છે. ત્યારે એને ધર્મ કહેવાય છે. બાકી બધા હરામ છે.

મુમુક્ષુ :- ત્યારે ગરીબી મટે?

ઉત્તર :- ત્યારે ગરીબી મટે.

મુમુક્ષુ :- ત્યાં સુધી ગરીબ?

ઉત્તર :- રાંકો છે ભિખારી. જોવે છેને કાંઈક? આહા..હા..! ભાવનગરના દરબાર આવ્યા હતા ભાઈ! આ ભાવનગર દરબાર ગુજરી ગયા. કરોડનો તાલુકો. એક વર્ષના કરોડ રૂપિયા. કૃષ્ણકુમાર હતાને અહીં આવ્યા હતા. પછી વ્યાખ્યા કરતા આ કરી હતી. જુઓ, દરબાર! વર્ષના એક કરોડ પેદા થતા હતા. કીધું એક મહિનાના પાંચ હજાર માગે એ નાનો માગણ. માગણ માગે. ભિખારી. મહિને પાંચ લાખ માગે એ મોટો માગણ છે કીધું. ભિખારી છે એ.

મુમુક્ષુ :- એણે તો હા પાડી હતી.

ઉત્તર :- માણસ નરમ હતોને. નરમ માણસ હતો. કીધું ભાઈ! જે આત્માની લક્ષ્મીને છોડીને બહારની માગે, આ જોઈએ... આ જોઈએ... આ જોઈએ... એ મોટો ભિખારી-માગણ છે. આહા..હા..! સાચી વાત કહે મહારાજ! એને બિચારાને વાડામાં ખુંચી ગયા માન અને સન્માન જ્યાં હોય ત્યાં મળે. મોટરુંના ભુંગળા વાગતા હોય. એમ ને એમ જિંદગી ગુમાવે બિચારા. આહા..હા..! છેલ્લે પણ એ .. ગુજરી ગયા. .. વાત કરતા હતા. નાટક હતું. ઓલા તોરલ-તોરલ. ત્યાં સાંભળતા હતા તોરલરાણી. સાંભળતા અંદર જ્યાં જોવા ગયા રાણીના ઓલામાં. અહીં કાંઈક થાય છે. ત્યાં બેસી ગયા ગુજરી ગયા. એના આયુષ્યની સ્થિતિના જે પર્યાય જે સમયનો જે કાળ છે ત્યાં તે પ્રમાણે થવાનો જ હતો. એની જડની અવસ્થામાં આત્મા કાંઈ કરી શકે, રાખી શકે, રોકી શકે. આહા..હા..! એ ત્રણ કાળમાં બનતું નથી. આહા..હા..! કહો, શું હશે આમાં ભિખાભાઈ આ? આ રોટલીયું કરે, દાળ-ભાત-શાક કરે એ બાયું હુશિયાર હોય એ કરે કે નહિ?

મુમુક્ષુ :- ના, ના, પ્રભુ!

ઉત્તર :- ત્યારે શું કરે? બેસી રહે? એની મેળે થઈ જતી હશે? આહા..હા..! અરે..! ભગવાન ભાઈ! એ જગતના તત્ત્વો છે. અજીવ છેને આમ દેખાય છેને. અસ્તિ છે કે નહિ? છે કે નથી? આકાશના ફૂલ છે આ? છે કે નહિ આ? શરીર, વાણી, પૈસો, દાળ, ભાત વસ્તુ છે કે નહિ? તો એ વસ્તુનું વર્તવું. એની ચીજમાં વર્તી રહી છે અને બહુ તો પલટે તો એની પર્યાયમાં વર્તી રહ્યું છે. પણ એનું સંક્રમણ થઈને બીજામાં જઈને કાંઈ કરે એમ ત્રણ કાળમાં, ત્રણ લોકમાં બનતું નથી. અને જે માને કે હું પરને પરિણમાવું અને કરું છું. એનું મહામિથ્યા શ્રદ્ધાનું પાપ કસાઈખાના કરતા પણ મોટું પાપ છે એ. સત્યને અસત્ય માને છે. સમજાણું કાંઈ? **'માટે પરભાવ કોઈથી કરી શકાય નહિ.'** એ પરભાવ શબ્દે અત્યારે વિકારની વાત નથી અહીં. પરવસ્તુ. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું, એક તત્ત્વ બીજા તત્ત્વનું કાંઈ કરી શકતું નથી.

'**ભાવાર્થ :- જે દ્રવ્યસ્વભાવ છે તેને કોઈ પણ પલટાવી શકતું નથી,...**' જુઓ, એ પર્યાયનો .. એનો ઓહો..હો..! એક જ સિદ્ધાંત હોય. સ્વકાળે તેની પર્યાય તે-તે દ્રવ્યની થાય. એમ થયુંને આમાં જુઓને. '**એ વસ્તુની મર્યાદા છે.**' આહા..હા..! આમ આંખ મીંચવી અને આમ કરવું એ પણ જડની ક્રિયા છે કહે છે. આ બધી ... ભગવાન આત્મા તો જુદી ચીજ છે. એ જુદી ચીજ આને આમ પાંપણને આમ રાખે કે ફેરવે ત્રણ કાળમાં બને નહિ એમ કહે. મારે પણ આ કરે છેને? દેખાય છેને? શું દેખાય છે? એ તો એને કારણે આમ-આમ થાય એમ દેખાય છે. તારે કારણે, આત્માને કારણે થયું એ આત્માની દશામાં શું થયું એ તને ખબર છે? આત્માની દશામાં શું થયું? અને એથી આ પરમાં થાય એ તને ખબર છે? એણે બહુ તો વિકલ્પ કર્યો હોય. વૃત્તિ આમ કરી. પણ જે થાય છે એ તો પરમાં થાય છે. આહા..હા..! પાંપણનું ફરવું પણ જડને કારણે છે. ચૈતન્યને કારણે એમાં પાંપણનું ફરવું છે નહિ. એવી વસ્તુની મર્યાદા છે. એ વસ્તુની મર્યાદા તોડવી જગતની અશક્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ધંધા આખો દિ' કરે. પાપ કરે, ફલાણું કરે. કોઈ કરતો નથી ભાઈ! તને તું જાણનાર છો. બહુ તો તને અજ્ઞાન હોય તો આ કરું એવા રાગનો કર્તા થા. પરનું તો કાંઈ કરી શકે નહિ. શું હશે આમાં? માણેકલાલ! આ દવાઓ બવાઓ બધી કરે છેને ઘરે? દવા છેને તમારે શું છે? દવાનો ધંધો. બાટલા ને બાટલા મોટા ભર્યા હોય. લાખ, બે લાખ, પાંચ લાખ. આહા..હા..!

અહીં સિદ્ધાંત તો એક જ સિદ્ધ કરવો છે હોં ભગવાન પરમાત્માને, સંતોને કે પ્રત્યેક દ્રવ્ય એટલે પ્રત્યેક વસ્તુ અને પ્રત્યેક આત્મા અને રજકણ પોતાના હોવાપણામાં દ્રવ્યમાં, ગુણમાં અને પર્યાયમાં વર્તી રહ્યું છે. અનાદિથી વર્તી રહી છે. એ પોતે પલટીને બીજા દ્રવ્યમાં પલટાવે બીજાને એમ સંક્રમણ જેમાં બદલવું થતું નથી. એને બદલવું મારાથી થાય એમ માને તે સત્યનો સંહાર કરનાર છે. સત્યનો નાશ કરનાર હિંસક પ્રાણી છે. ભલે એ બીજા જીવને માર્યો ન હોય. આહા..હા..! સમજાણું કાંઈ? આ પુસ્તક-બુસ્તક તો બનાવી શકતા હશે કે નહિ? એય..! મગનભાઈ! ક્યાં ગયા? આવ્યા છેને. શું કહેવાય? છાપખાનું. આ છાપખાનું ચલાવે કે નહિ? અક્ષરો બરાબર ગોઠવવા. આ અક્ષર. અહીં ના પાડે છે મગનભાઈ! છાપખાનું છે. આહા..હા..! એ છાપખાનામાં બીબા ગોઠવવા એ ક્રિયા જડની છે કહે છે. એ આત્માથી થતી નથી. ભારે કામ! એ રજકણોની અવસ્થા છે. આત્મા એને આમ કરે અને આ કરે અને આમ છાપા થાય. એ અજ્ઞાનીની માન્યતા છે. એમ થતું નથી. આહા..હા..! દુનિયાથી નવરો થાય કે દિ' મારો. કોકનું કરી દઉં, કોકને સમજાવી દઉં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સમજાવી દઉં એનું જ અભિમાન છે. આહા..હા..! ત્યાં તારી પર્યાય ત્યાં

પલટાવા જાય છે ત્યાં? એમાં વર્તે આ અવસ્થા? આહા..હા..! એવો જ વસ્તુનો અનાદિ અનંત દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણ બોલ લીધા. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બસ હવે શું રહ્યું? રહ્યો એ પોતે પોતામાં. પોતે પલટીને બીજાને પલટાવા જાય એમ કોઈ દિ' બનતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ કરો લ્યો.. આમ નથી કરતા ઓલા? સવારમાં ઓલું શું લોઢામાં હોયને એ. માણસ જેવડો હોય મોટો લાંબો. એ બધી ક્રિયા કોણ કરે છે એમ કહે છે. તને ખબર નથી, બાપુ! એ તો જડની ક્રિયા છે. એ જડમાં થાય છે તારામાં નહિ, તારાથી નહિ. તારામાં નહિ, તારાથી નહિ. આહા..હા..! આવું પણ ગળે ઉતરવું. હા..હો..હા... જગતના હો..હા..ની વેગ. એ વેગને પાછો વાળવો અનંત પુરુષાર્થ છે એમાં. જ્યાં-જ્યાં જગતના કામ થતા હોય તેની ઉપસ્થિતિ દેખીને એમ માને કે આ મારે લઈને થાય છે. એ બધું પાછું વાળવું પડશે પ્રભુ તારે. જો સુખી થવું હોય...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક વદ-૩, ગુરુવાર, તા. ૨૩-૧૧-૧૯૭૨
## ગાથા-૧૦૩-૧૦૪, પ્રવચન-૨૩૧

૧૦૩. ભાવાર્થ આવ્યોને? 'ભાવાર્થ :- **જે દ્રવ્યસ્વભાવ છે તેને કોઈ પણ પલટાવી શકતું નથી,...**' તે સ્વભાવ એટલે શું? એનો હું અને પર્યાય વિકારી કે અવિકારી એ બધાને અહીં દ્રવ્યસ્વભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આત્મા, આત્માના દ્રવ્ય અને ગુણ અને એની પર્યાય એ ત્રણે એનો સ્વભાવ છે.

મુમુક્ષુ :- એ કેવો સ્વભાવ?

ઉત્તર :- સ્વભાવ-પોતાનો ભાવ. દ્રવ્યરૂપ ભાવ, ગુણરૂપભાવ અને પર્યાયરૂપભાવ. ભલે વિકાર હોય તોપણ એનો સ્વભાવ છે એ. અહીં તો પરદ્રવ્યથી ભિન્નની વાત છેને અત્યારે? સમજાણું કાંઈ? દરેક પદાર્થ પોતાના દ્રવ્ય-ગુણની પર્યાયમાં પોતાની શક્તિથી વર્તી રહ્યો છે. વિકાર કરવા ટાળે કે અવિકાર કાળે જીવ પોતાના પર્યાયના સત્ત્વથી જ, પુરુષાર્થી જ વર્તી

રહ્યો છે. તોપછી એક દ્રવ્ય જ્યારે પોતાના સ્વભાવરૂપ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વર્તે એ બીજામાં કેમ વર્તે? (કે તે ત્યાં) અસર કરે, અસર કરે એમ કહે છે. કેમકે જીવ કર્મ ન બાંધે તો પછી એને મુક્તિ ન હોય. કહો, એમ કહે છે. પરને બાંધવાની અહીં વાત જ ક્યાં છે? આહા..હા..!

અહીં તો એના પુણ્ય-પાપના વિકારભાવ એમાં એ બંધાયેલો છે. એ તો એનો સ્વભાવ છે પર્યાયધર્મનો. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહ્યું આમાં ચેતનજી? આ તો એનો સ્વભાવ કહ્યો. મિથ્યાત્વપણે થાય કે સમ્યક્પણે થાય એ તો એની પર્યાયનો સ્વભાવ છે. અહીં એ વાત સિદ્ધ કરવી છે. દરેક પદાર્થ આત્મા હો કે પરમાણુ હો. ચાર દ્રવ્ય તો અરૂપી છે એ સ્વતંત્ર પરિણમી રહ્યા છે. નિગોદના જીવ હોય કે સિદ્ધના જીવ હોય. એક શરીરમાં અનંતા જીવ અને એના અનંતા રજકણો કાર્મણના એ પ્રત્યેક દ્રવ્ય પોતપોતાની દ્રવ્ય, ગુણ અને પર્યાયની શક્તિથી ત્યાં રહેલા છે અને એ પોતાના સ્વભાવે જ પરિણમે છે. એ કર્મને લઈને પરિણમે છે એમ નહિ.

મુમુક્ષુ :- કર્મનો પ્રભાવ પડે ત્યારે

ઉત્તર :- પ્રભાવ કોનો? પ્રભાવની વ્યાખ્યા શું? પ્રભાવની વ્યાખ્યા શું? અને પર્યાય ત્યાં જાય છે એ માટે તો આ વાત છે.

કોઈ દ્રવ્ય-ગુણની પર્યાય, કોઈની પર્યાયમાં બીજામાં સંક્રમે છે, બદલે છે, જાય છે? એ જાય ક્યાંથી? પોતાનો દ્રવ્ય-ગુણ-પર્યાયનો સ્વભાવ છે એમાં તો અનાદિથી વર્તી રહ્યો છે દરેક દ્રવ્ય. આહા..હા..! સમજાણું? અહીં તો ઓલો સ્વભાવ જરી શબ્દ હતોને એનો વિસ્તાર નહોતો એટલે આવ્યું ભાવાર્થમાં.

'**જે દ્રવ્યસ્વભાવ છે...**' એટલે કોઈને એમ (ખબર) ન પડે કે દ્રવ્યસ્વભાવ એટલે શું આ? છએ દ્રવ્યની એમાં આત્માનો પણ દ્રવ્યસ્વભાવ. ગુણ અને વિકારી પર્યાયપણે થવું કે અવિકારીપણે થવું એ જીવદ્રવ્યનો પોતાનો નિજસ્વભાવ છે. અરેરે..! ભારે વાત! હવે કોઈ કહે કે રાગ અને વિકારને જીવ કરે તો એ અજ્ઞાન છે. એનો એ સ્વભાવ નથી. વિકાર. એ કઈ અપેક્ષાએ? એ તો વિભાવ અને ત્રિકાળી સ્વભાવ એની ભિન્નતાની દૃષ્ટિએ વિભાવનો કર્તા થાય તો એ અજ્ઞાન છે.

મુમુક્ષુ :- આ બેમાં સાચું કયું છે?

ઉત્તર :- બેય સાચું છે. સમજાણું કાંઈ? વસ્તુ તરીકે પરથી ભિન્ન પોતે જ અનાદિથી વર્તી રહી ચીજ. આત્મા કે.. આમાં પણ જે ભિન્ન-ભિન્ન એક રજકણ છે એ રજકણ પોતાની દ્રવ્ય, ગુણ અને ગુણની વિશેષ પર્યાય એની શક્તિથી વર્તી રહ્યું છે. આને કારણે, બીજા રજકણને કારણે નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આમાં કાર્યકર્તાનું કાંઈ રહેતું નથી.

આહા..હા..! પરદ્રવ્ય આત્મા સિવાય. પરદ્રવ્ય. અને રજકણ સિવાય એનાથી બીજા પરદ્રવ્ય. એનું કોઈપણ એની પર્યાય વર્તમાન આ જીવ કરે કે રજકણ કરે એમ છે નહિ. કેમકે દરેક પોતાની ચીજ દ્રવ્ય, એના ગુણ ત્રિકાળી અને વર્તમાન એની પર્યાયની સ્થિતિથી પરિણમી રહ્યું છે. એ અવિચલિત મર્યાદાને તોડવા જગતનું કોઈ તત્ત્વ સમર્થ નથી. સમજાણું કાંઈ? એવો એ ગઢ છે. વજ્રનો ગઢ છે એ.

પોતાની સ્થિતિ જે છે જીવદ્રવ્ય, ગુણપર્યાય એ મિથ્યાત્વપણે પરિણમો કે સમ્યક્પણે પરિણમો, કેવળજ્ઞાનપણે પરિણમો કે નિગોદના જીવની વિકારીદશાપણે થાવ. એ જીવની પોતાની જ પર્યાયનો સ્વભાવ અને સ્વભાવધર્મ છે. આહા..હા..! આ તો સવારે કાંઈક આવે બીજું, બપોરે વળી બીજું આવે. સવારે આવે કે નહિ આત્મા તો સચ્ચિદાનંદ, નિર્મળાનંદ સહજ જ્ઞાન અને આનંદની મૂર્તિ છે. એ વિકાર પણ કરતો નથી, એમાં વિકારનું ભોગવવું પણ છે નહિ. કર્તા પણ નથી અને ભોક્તા પણ નથી. એ તો ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિના સ્વભાવની અપેક્ષાએ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આ અપેક્ષા જાણે અને ઓલી ન જાણે તો?

ઉત્તર :- ન જાણે તો થઈ રહ્યું. મૂઢ રહે.

મુમુક્ષુ :- બેય જાણવી જોઈએ?

ઉત્તર :- બેય જાણવી જોશે એને. સમજાણું કાંઈ? વિકાર જે થાય એ કર્મની અસરને લઈને છે એમ નહિ. એ એમણે ખૂબ ઘૂંટ્યું. મુખ્ય તો બંધનું કારણ એમ કે હિંસા છે. મિથ્યાત્વ અને કષાય નહિ. કહો, ગજબ કરે છેને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ છે. છે. એમ કહે એ તો મોહને કારણે ઉદયભાવ થાય અને જોગ છે એ તો પુરુષાર્થથી થાય છે. પણ યોગમાં સાવદ્યયોગ એ પાપ છે, રાગ નથી? વિકાર નથી? અરે..! મૂળ ચીજ મળી નથી ને. મળી નથી. મૂળ ચીજ એનામાં છે નહિ. આહા..હા..! ઘણા ગોટા વાળ્યા છે પાને-પાને. શું થાય એને મળી ન હોય. બીજું શું થાય? ઓલો કવિ કહે છેને આવે છે એક કવિનું સાંભળ્યું છેને? 'ભાણો ભાળે એવું ભાખે.' ત્રણ ભ-ભા આવે છેને એ? એક ભાણો ગઢવી હતા. ભાણો નામનો ગઢવી. પછી કોક રાજને કાંઈક કારણ હતું તો બધું ભેગું એવું મારે કહી દીધું. એને એમ બોલતા ભાણો ભાળે એવું ભાખે. તમારે છે કે નહિ ગઢવી-બઢવી ઉમરાળામાં? ચારણ છે કોક અહીં આવ્યો હતો. એકફેરી લેવા આવ્યો હતો ચારણ. એ ત્યાં જોડે ગામ છે ત્યાંનો છે, પણ રહે છે ઉમરાળા. નાનું ગામ છેને અમારું. બોટાદથી આવેલા. રાજાને કાંઈક ચોપડીએ આપી, પણ એણે બરાબર વાત કરી એકદમ ખુલ્લી કરી નાખી રાજાએ કે ભાણો ભાળે એવું ભાખે. ભાણો તો ભાળે

છે એવું કહે છે, ભાઈ! એ તો કવિ ખરાને ગઢવી એટલે બધા ભભા જોડી દીધા. 'ભાણો ભાળે એવું ભાખે.' એમ અહીંયાં સર્વજ્ઞ પરમાત્માએ જેવું ભાળ્યું એવું ભાખ્યું. આહા..હા..! સમજાણું કાંઈ?

એક-એક રજકણની પર્યાય એના સ્વકાળે પોતાને કારણે પ્રવર્તે એવો જ દ્રવ્યનો સ્વભાવ છે. એમ આત્મા પણ અનાદિથી પોતાના દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં વર્તતો, પોતાના સ્વભાવમાં જ રહેલો છે. એ સ્વભાવ છોડીને કર્મના બંધનની પર્યાયને કરવા જાય તો એની પર્યાય ત્યાં જાય ત્યારે થાય. એ પર્યાય તો સંક્રમતી નથી. આહા..હા..! આ બધા શું કરે છે આ ખેડુતો આ કારીગરો? આખો દિ' મહેનત કરે છેને. .. જુઓને ઓલો કિરીટ ક્યાં જાય છે? દિલ્હી જાય છેને બધે નથી જાતો જોવા? તો એ બધું કરતો હશે કે નહિ? આહા..હા..! મારે ભારે .. ભાઈ! કહે છે કે ભાઈ! તારી સત્તાનો ગઢ દ્રવ્ય-ગુણ-પર્યાયનો ગઢ છે એ ગઢમાં બીજાનો પ્રવેશ નથી અને બીજાના દ્રવ્ય-ગુણ-પર્યાયના ગઢમાં તારો પ્રવેશ નથી. આહા..હા..! એવી જ અનાદિ વસ્તુની અચળ મર્યાદા છે. આહા..હા..! તો જીવ પરની દયા પાળવાનો ભાવ કરે ભલે, પણ એ ભાવ તો એની પર્યાયમાં ધર્મ વર્તે. પણ એથી જીવની દયા ત્યાં પાળી શકે એવું છે નહિ. કારણ કે આની પર્યાય ત્યાં જતી નથી અને એની પર્યાય એના પ્રમાણે પરિણમી જ રહી છે એનામાં. એની અચળ મર્યાદાને બીજો તોડવા કોણ સમર્થ છે? આહા..હા..! ભારે ભાઈ! આ તો મોટું. મોટા-મોટા માણસો કેટલું કરે છે લ્યો! આ પુસ્તક-બુસ્તક તો બનાવી શકે કે નહિ? તો આ શું કર્યું અત્યાર સુધી આ હિંમતભાઈએ કાંઈ બધું કર્યું નથી આ બધા ચાર પુસ્તકો? આહા..હા..! ભારે કામ ભાઈ આ તો!

કહે છે કે ભાઈ! સાંભળને. જે ચીજ છે, તત્ત્વ છે, વસ્તુ છે એના ત્રણ પ્રકાર—દ્રવ્ય, ગુણ અને પર્યાય. હવે એ સિવાય એ બીજે ક્યાં જાય તો કરે એને? સમજાણું કાંઈ? પરને માટે ત્રિકાળ પાંગળો છે. પોતાને માટે સર્વશક્તિમાન છે. આહા..હા..! અવળું પરિણમવું કે સવળું પરિણમવું એને માટે સ્વતંત્ર શક્તિમાન છે. સમજાણું કાંઈ? ત્યારે આમાં શું લખે છે? મિથ્યાત્વ અને કષાયપણે પરિણમવું એ તો મોહનો ઉદય એમાં પરાધીન છે. કહો, મારે એમાં પરાધીન છે. સમજાણું? અને યોગ અશુદ્ધ કરવો એ સ્વતંત્ર છે અને અશુદ્ધ ઓલું સાવદ્યયોગ ઉપર લક્ષ છેને એ લોકોનું? .. સાવદ્ય યોગ ટાળવો એ ધર્મ છે. શુભયોગમાં પ્રવર્તવું એ ધર્મ છે. કહો, શુભયોગમાં પ્રવર્તવું એ ધર્મ. અશુભથી આસ્રવ થયો છે એમ કહે. આહા..હા..!

મુમુક્ષુ :- સિદ્ધ ભગવાન શુભમાં પ્રવર્તે?

ઉત્તર :- એને આસ્રવ નથીને એ તો નથી ક્યાંથી પ્રવર્તે? અહીં અશુભયોગ છે એ પ્રવર્તે છે એમ કહે. પણ અશુભયોગ પોતે જ રાગ છે અને વિકાર છે. એ મોહના નિમિત્તથી

થાય છે એમ કહેવું જોઈએ ત્યાં એણે. એ યોગની ક્રિયા ભિન્ન વર્ણવે છે. કષાયની.. કાંઈ ખબર ન મળે એકેય વાતની. અને આ બધા એને માનનારાઓ. કાંઈ વિચાર પણ જરી મધ્યસ્થથી વિચારવું જોઈએ કે તત્ત્વ છે અનંત છે. અનંત તત્ત્વ છે એ અનંત તત્ત્વ સમય-સમયમાં પોતાના દ્રવ્ય-ગુણને કાયમ રાખીને પર્યાયરૂપે થાય. આ સિવાય ત્રીજું થાય શું? એ કર્મના રજકણને બાંધવામાં જાય? એને તોડવામાં જાય તો એ તો આ લોકોને કર્મ બાંધે નહિ અને કર્મ તોડે નહિ એટલે એનો મોક્ષ કોઈ દિ' થાય જ નહિ કહે.

મુમુક્ષુ :- એ તો મોક્ષસ્વરૂપ જ છેને.

ઉત્તર :- પણ કોણ તોડે? સાંભળને. આ રાગનો નાશ કરવો એ પણ વ્યવહાર પરમાર્થે એ ક્યાં છે? સ્વભાવ બધું એક-એક શબ્દનું વાંચ્યું છે બધું એણે અહીંનું. સામો પક્ષ આમ કહે છે, સામો પક્ષ આમ કહે છે. ઠીક ..બેઠું એને. એ આત્મા છેને. સુખી થવા માગે પણ સુખનો રસ્તો શું એની ખબર નથી. આખો સમેટીને પોતે પોતામાં પડ્યો છે. પરમાં જરીએ ગર્યો નથી. કર્મને એ બાંધે શું? અને કર્મને તોડે એ શું? જૈનદર્શનનો તો સિદ્ધાંત છે કર્મ કર્તા વિકર્તા. એ લોકો તો કર્તા તો માનતા નથી. તોડનાર માનતા નથી, કર્તા માનતા નથી.

અહીં તો કહે છે કે અજ્ઞાનભાવે વિકારને કરે છે અને વિકારને ટાળે છે એવું સ્વરૂપ છે એનું. સમજાણું કાંઈ? પણ સ્વભાવની દૃષ્ટિએ વિકારનું થવું એ વસ્તુના સ્વરૂપમાં નથી. એ તો ત્રિકાળી સ્વભાવ અને વર્તમાન વિકાર એની વચ્ચેની વહેંચણી છે. પણ આ તો પરદ્રવ્ય અને સ્વદ્રવ્યની વહેંચણીમાં એ આવતું નથી. આહા..હા..! એક પકડીને બેસે એટલે થઈ રહ્યું જાણે. બાપા! જૈનદર્શન કઠણ છે અને એ સત્ય છે. એ સિવાય બીજે ક્યાંય નથી. એ વાત પરમસત્યનો નીચોડ છે. એમાં ૧૦૩ ગાથા તો આખા જગતને વેંચીને ચીરી નાખ્યું છે. એક-એક સમયનો આત્મા અને અહીં રજકણ ભલે એક ક્ષેત્રે હોય, એક જગ્યાએ હોય, જ્યાં સિદ્ધ બિરાજે છે ત્યાં નિગોદ જીવ છે, એના ક્ષેત્રમાં, પેટમાં. સિદ્ધના.. સિદ્ધ છે આમ સાત હાથના. અરૂપી જ્ઞાનઘન. એની જગ્યા સિદ્ધની છે એની જગ્યામાં પેટમાં અનંતા નિગોદ છે. અને એક-એક નિગોદને એક-એક કાર્મણ શરીર અને અનંતા રજકણો છે. પણ કહે છે કે એ કાળે ત્યાં પણ સિદ્ધનો જીવ પોતાની પર્યાયમાં પરિણમે છે એ એની સત્તાનો અવિચળ મર્યાદા છે. એનો નિગોદનો જીવ પણ પ્રચુર કલંક મિથ્યાત્વનું. એનારૂપે પરિણમવું એ એનો એ કાળનો ભાવ એ અચળ મર્યાદિત છે. એને કર્મ મિથ્યાત્વપણે પરિણમાવે છે (એમ હોય) તો તો કર્મની પર્યાયનું અહીંયાં સંક્રમણ થાય તો થાય. એ તો થાય નહિ કોઈ દિ'. સમજાણું કાંઈ? આહા..હા..!

એક શરીરમાં અનંતા નિગોદના જીવ. એક જીવ ત્યાંથી નીકળી કેવળજ્ઞાન પામીને મોક્ષ .. જાય. અને એક જીવ એમ ને એમ અનાદિ-અનંત સંસારમાં રખડે. આહા..હા..! સમજાણું

કાંઈ? વીતરાગ માર્ગ બાપુ આ તો મહા.. આહા..હા..! કોઈ આલી-દુઆલી હોય, પાંચ, પચ્ચીસ, પચાસ, સો, બસ્સો, પાંચસો, હજાર માણસ માને એવો આ માર્ગ નથી. આ તો અનાદિ સનાતન માર્ગ છે. આહા..હા..! એને સામો પક્ષ અને મારો પક્ષ એમાં છે જ ક્યાં? આહા..હા..! કહે છે આવું નક્કી કર્યા પછી. પહેલું આ નક્કી છે. આ નક્કી કર્યા પછી, પણ એ નક્કી કરે ક્યાં? એનો પર તરફનો કર્તૃત્વનો ઉત્સાહ મંદ થઈ ગયો. એટલે એ દૃષ્ટિ અહીં વળી જાય. એ આમ વળી જાય. આહા..હા..!

વસ્તુ પોતે સત્તા ચૈતન્યમૂર્તિ આનંદનું ધામ આમ કર્તૃત્વ નથી એટલે આમ ફરીને આમ જાય ત્યાં સ્વભાવનો કર્તા થઈ જાય છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિ લક્ષ પરનું કર્તૃત્વ મારા અધિકારની વાત નથી અને મારા કર્તૃત્વમાં પરના અધિકારની જરીએ અસર નથી. આહા..હા..! પરદ્રવ્યને લઈને વિકાર થાય. સૂત્રમાં નથી કહ્યું જુઓ, પોતાની મેળે વિકાર ન થાય, પરને લઈને થાય. ૨૭૮માં કહ્યું છે. કઈ અપેક્ષાએ કહ્યું ભાઈ? પોતાનો વિકારભાવ સ્વતઃ અંદર સ્વભાવની દૃષ્ટિએ થાય એવું સ્વરૂપ નથી. એનો પરનો આશ્રય હોય ત્યારે વિકાર થાય એમ સિદ્ધ કરવું છે. પણ આશ્રય આપે છે .. તો આશ્રય એ કાંઈ છે નહિ. અહીંયાં આશ્રય નથી એટલે અહીં લક્ષ જાય છે એટલે આપે છે (એમ કહેવાય). આહા..હા..! ભારે ઝીણી વાતું ભાઈ! આ તો સમજે એ સમાઈ જવાની વાતું છે. કોઈ સાથે બથોડા (બાથ) ભેડવા વાદવિવાદના એ પાર પડે એવું નથી, ભાઈ! તારી એવી ગંભીરતા છે, તારા તત્ત્વની ઉંડી... ઉંડી... ઉંડી... ગંભીરતા. ઓહો..હો..!

કહે છે આવો જે મર્યાદાસ્વભાવ દ્રવ્યસ્વભાવ છે. એમ કીધું છેને? '**તેને કોઈપણ પલટાવી શકતું નથી,...**' આહા..હા..! નિગોદની પર્યાયને કર્મ પલટાવે નહિ, કર્મની પર્યાયને નિગોદનો જીવ બાંધે નહિ. આહા..હા..! ભાવબંધપણે પરિણમે, પણ દ્રવ્યબંધને એ ભાવબંધવાળું કાંઈક તત્ત્વ પલટાવી શકે, કર્મની વર્ગણા હતી એને કર્મરૂપે કરે એમ છે નહિ. એ વસ્તુની મર્યાદા છે. આહા..હા..! હવે એ પણ હજી બેસવું (કઠણ પડે). પરદ્રવ્યનો કર્તા નથી એ વાત બેસતી નથી. હવે આ વાત ન બેસે એને હજી રાગ, પુણ્યનો, પાપનો ભાવ જે વિકલ્પ ઉઠે એનું કર્તૃત્વ જ્યાં સુધી સ્વીકારે ત્યાં સુધી તો દૃષ્ટિ રાગ ઉપર છે. પર્યાયમાં બુદ્ધિ છે. ત્રિકાળી વસ્તુના સ્વભાવને જોતાં, જાણતાં વસ્તુની પ્રાપ્તિ પર્યાયમાં થતાં એ રાગનો એ કર્તા નથી, રાગનો જાણનાર છે. આહા..હા..! આખી દુનિયાનો મોટો આખા ડુંગરા ખોદી નાખે કે રેલ આખી ડુંગરામાંથી કાઢી છે જુઓ! મુંબઈ જતા એક આવે છે રસ્તામાં નહિ? .. કે નહિ? થયેલું છેને? તો કોનું કરેલું? એ રજકણની પર્યાયનું કરેલું. કર્તા વિના થતું નથી અને પર એનો કર્તા નથી. આહા..હા..! એમ છે. અહીં તો પરની દયા પાળવી એ ચારિત્ર અને પૂર્વે પાપ કર્યા એનું કર્મબંધન બંધાણું એનું પ્રાયશ્ચિત લેવું અંદર ઉપવાસ કરવા એ તપ. લ્યો! આ ચારિત્ર અને તપ એ મોક્ષનો માર્ગ. અરે..! ગજબ વાત છેને.

## ગાથા-૧૦૪

अतः स्थितः खल्वात्मा पुद्गलकर्मणामकर्ता —

दव्वगुणस्स य आदा ण कुणदि पोग्गलमयम्हि कम्मम्हि।
तं उभयमकुव्वंतो तम्हि कहं तस्स सो कत्ता।।१०४।।
द्रव्यगुणस्य चात्मा न करोति पुद्गलमये कर्मणि।
तदुभयमकुर्वंस्तस्मिन्कथं तस्य स कर्ता।।१०४।।

यथा खलु मृण्मये कलशे कर्मणि मृद्द्रव्यमृद्गुणयोः स्वरसत एव वर्तमाने द्रव्यगुणान्तरसङ्क्रमस्य वस्तुस्थित्यैव निषिद्धत्वादात्मानमात्मगुणं वा नाधत्ते स कलशकारः; द्रव्यान्तरसङ्क्रमस्य वस्तुस्थित्यैव निषिद्धत्वादात्मानमात्मगुणं वा नाधत्ते स कलशकारः; द्रव्यान्तरसङ्क्रममन्तरेणान्यस्य वस्तुनः परिणमयितुमशक्यत्वात् तदुभयं तु तस्मिन्ननादधानो न तत्त्वतस्तस्य कर्ता प्रतिभाति। तथा पुद्गलमये ज्ञानावरणादौ कर्मणि पुद्गलद्रव्यपुद्गलगुणयोः स्वरसत एव वर्तमाने द्रव्यगुणान्तरसङ्क्रमस्य विधातुमशक्यत्वादात्मद्रव्यमात्मगुणं वात्मा न खल्वाधत्ते; द्रव्यान्तरसङ्क्रममन्तरेणान्यस्य वस्तुनः परिणमयितुमशक्यत्वात्तदुभयं तु तस्मिन्ननादधानः कथं तु तत्त्वतस्तस्य कर्ता प्रतिभायात् ? ततः स्थितः खल्वात्मा पुद्गलकर्मणामकर्ता।

---

આ (ઉપર કહેલા) કારણે આત્મા ખરેખર પુદ્‌ગલકર્મોનો અકર્તા ઠર્યો એમ હવે કહે છે:-

આત્મા કરે નહિ દ્રવ્ય-ગુણ પુદ્‌ગલમયી કર્મો વિષે,
તે ઉભયને તેમાં ન કરતો કેમ તત્કર્તા બને? ૧૦૪.

ગાથાર્થઃ- [आत्मा] આત્મા [पुद्गलमये कर्मणि] પુદ્‌ગલમય કર્મમાં [द्रव्यगुणस्य च] દ્રવ્યને તથા ગુણને [न करोति] કરતો નથી; [तस्मिन्] તેમાં [तद् उभयम्] તે બન્નેને [अकुर्वन्] નહિ કરતો થકો [सः] તે [तस्य कर्ता] તેનો કર્તા [कथं] કેમ હોય?

ટીકાઃ- જેવી રીતે-માટીમય ઘડારૂપી કર્મ કે જે માટીરૂપી દ્રવ્યમાં અને માટીના ગુણમાં નિજ રસથી જ વર્તે છે તેમાં કુંભાર પોતાને કે પોતાના ગુણને નાખતો-મુકતો-ભેળવતો નથી કારણ કે (કોઈ વસ્તુનું) દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે સંક્રમણ થવાનો વસ્તુસ્થિતિથી જ નિષેધ

છે; દ્રવ્યાંતરરૂપે (અર્થાત્ અન્યદ્રવ્યરૂપે) સંક્રમણ પામ્યા વિના અન્ય વસ્તુને પરિણમાવવી અશક્ય હોવાથી, પોતાના દ્રવ્ય અને ગુણ-બન્નેને તે ઘડારૂપી કર્મમાં નહિ નાખતો એવો તે કુંભાર પરમાર્થે તેનો કર્તા પ્રતિભાસતો નથી; તેવી રીતે-પુદ્ગલમય જ્ઞાનાવરણાદિ કર્મ કે જે પુદ્ગલદ્રવ્યમાં અને પુદ્ગલના ગુણમાં નિજ રસથી જ વર્તે છે તેમાં આત્મા પોતાના દ્રવ્યને કે પોતાના ગુણને ખરેખર નાખતો-મૂકતો-ભેળવતો નથી કારણ કે (કોઈ વસ્તુનું) દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે સંક્રમણ થવું અશક્ય છે; દ્રવ્યાંતરરૂપે સંક્રમણ પામ્યા વિના અન્ય વસ્તુને પરિણમાવવી અશક્ય હોવાથી, પોતાનાં દ્રવ્ય અને ગુણ-બન્નેને તે જ્ઞાનાવરણાદિ કર્મમાં નહિ નાખતો એવો તે આત્મા પરમાર્થે તેનો કર્તા કેમ હોઈ શકે? (કદી ન હોઈ શકે.) માટે ખરેખર આત્મા પુદ્ગલકર્મોનો અકર્તા ઠર્યો.

## ગાથા-૧૦૪ ઉપર પ્રવચન

કહે છે એ 'આ (ઉપર કહેલા) કારણે આત્મા ખરેખર પુદ્ગલકર્મોનો...' અહીં તો આત્માની વાત સિદ્ધ કરવી છેને? 'પુદ્ગલકર્મોનો અકર્તા ઠર્યો...' એ જ્ઞાનાવરણીય... એમ નથી. આહા..હા..! એ દર્શનાવરણીય કર્મ બાંધે એમ નથી. ભાવના રાગમાં અટકીને બાંધે ભાવને એ એના સ્વભાવમાં છે. અનાદિસ્વભાવ. એ વાત સિદ્ધ કરે છે. ૧૦૪.

**दव्वगुणस्स य आदा ण कुणदि पोग्गलमयम्हि कम्मम्हि।**
**तं उभयमकुव्वंतो तम्हि कहं तस्स सो कत्ता।।१०४।।**
**આત્મા કરે નહિ દ્રવ્ય-ગુણ પુદ્ગલમયી કર્મો વિષે,**
**તે ઉભયને તેમાં ન કરતો કેમ તત્કર્તા બને? ૧૦૪.**

એ ગુણ શબ્દે વિશેષભાવ. ઓહો..હો..! આટલી કર્તાકર્મની વ્યાખ્યા! કેટલી સ્પષ્ટ કરી છે ઓહો..! સંતોએ જગતમાં રહેતા જંગલમાં રહેતા. વિકલ્પ ઉઠ્યો અને આ એક રચાઈ ગઈ ભાષા. ઓહો..હો..! આવો કર્તા. હજી તો ઓલો કહે કે બીજો ઈશ્વર કર્તા છે. અહીં તો કહે છે કે પરની પર્યાયનો કર્તા માને એ મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. અને આગળ જતાં એ રાગને, સ્વભાવને છોડી, રાગ ઉપર દૃષ્ટિ રાખીને, છે તો એનું પરિણમન, પણ એ પર્યાય ઉપર દૃષ્ટિ રાખીને જે રહે એ રાગનો કર્તા થાય છે. આહા..હા..! અને કર્તા થાય તે વિકારનો ભોક્તા થાય. થાય જ. તે સમયે છે ભોક્તા. આહા..હા..! ... આ તો શાંતિનું કામ છે, બાપા! આ કાંઈ હો..હા.. હો..હા.. કરીને. અપવાસ કર્યા, તપસ્યાઓ કરી, વરઘોડા કાઢ્યા

માટે ધર્મ થઈ ગયો. એમ નથી. આહા..હા..! કહે છે કે એ બન્નેનો અકર્તા છે એ કર્તા છે નહિ.

'ટીકા :- જેવી રીતે-માટીમય ઘડારૂપી કર્મ...' શું કીધું? '**માટીમય ઘડારૂપી કર્મ...**' એમ કીધું. જે ઘડો થાય છે એ માટીમય છે કે કુંભારમય છે? કે કુંભારના રાગમય છે એ ઘડો? '**માટીમય ઘડારૂપી કર્મ...**' ઓહો..હો..! ટીકા તે પણ જુઓ! માટીએ બનાવ્યું છે અને બન્યું એ પછી, પણ કહે છે કે એ ઘડો જ માટીમય છે. આહા..હા..! ઘડો જ માટીનું કાર્ય અને એ માટીમય છે. એ ઘડારૂપી કર્મ નામ કાર્ય. '**કે જે માટીરૂપી દ્રવ્યમાં અને માટીના ગુણમાં...**' માટીરૂપી શક્તિમાં અને એની પર્યાયમાં '**નિજ રસથી જ વર્તે છે...**' એ માટીમય ઘડારૂપી કાર્ય માટીરૂપી દ્રવ્યમાં અને માટીના ગુણમાં નિજશક્તિથી જ વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ વિકાર પરિણામરૂપી જીવમય વિકારરૂપી કાર્ય. શું કીધું? એ માટીરૂપી ઘડો કર્મ એમ જીવમય વિકારી પરિણામ મિથ્યાત્વ અને રાગ-દ્વેષના. હવે અહીં તો એ કહેવું છે.

એમ '**માટીરૂપી દ્રવ્યમાં...**' એ આત્મારૂપી દ્રવ્યમાં અને એના વિશેષમાં એ વર્તે છે. નિજરસથી જ વર્તે છે કહે છે. આહા..હા..! વિકારનો ભાવ, પુણ્ય-પાપનો ભાવ એની પર્યાયની શક્તિથી જ વર્તે છે જીવમાં. આહા..હા..! ભારે! એકકોર એમ કહેવું અને વળી કહે જીવ પારિણામિકભાવ. એમાં રાગ તો નથી, પણ નિર્મળ પર્યાય પણ એમાં નથી. અરે!

મુમુક્ષુ :- એ પ્રકાશ જુદો છે, આ પ્રકાશ જુદો છે.

ઉત્તર :- એ જુદી વાત છે. એ તો બે વચ્ચેની વહેંચણી કર્તાની વાત છે. અહીં તો પરથી વહેંચણી કરવાની પહેલી વાત છે. હજી પરથી વહેંચણી કરવામાં જ્યાં પરતંત્ર છે એને રાગથી વહેંચણી કરતા આવડે નહિ. આહા..હા..!

'**માટીમય ઘડારૂપી કર્મ...**' એમ .. પરમાણુ જડરૂપમય કર્મરૂપી પર્યાય. એમ જીવમય વિકારરૂપી પરિણામ. અરે..! આહા..હા..! .. પાછું કહે કે વિકાર અને ત્રિકાળી સ્વભાવ બે અડ્યા જ નથી. વિકારભાવ અને ત્રિકાળી સ્વભાવ બે અડ્યા જ નથી. એ તો ઠીક પણ એની એક સમયની પર્યાયને ત્રિકાળી સ્વભાવ બે અડ્યા નથી. અડે તો બે એક થઈ જાય છે. આહા..હા..! વીતરાગનું વચન, વીતરાગ સર્વજ્ઞનો માર્ગ કોઈ અલૌકિક અનેકાંત માર્ગ છે. આહા..હા..! વીતરાગપણું ઉભું કરે એવી વાત છે આ તો. આહા..! અહીં તો આપણે દાખલો છે એમાંથી બધા દ્રવ્યમય લેવું છે. જે દ્રવ્યનું જે કાર્ય તે તે દ્રવ્યમય છે. ભાઈ! એમ આવ્યુંને આમાં? જુઓ, આ પર્યાય છેને? એ લાકડામય છે. આ આમ થાય છે, આ આમ થાય છે. એ લાકડામય છે. આંગળીમય નથી. આ આંગળીની આમ-આમ પર્યાય થાય છે એ આંગળીમય છે. એ લાકડીમય નથી. સમજાણું કાંઈ?

**'માટીમય ઘડારૂપી કર્મ...'** જુઓ, પર્યાય છે અને એના દ્રવ્ય.. આહા..હા..! જુદું પરથી પાડવું છેને. અને છે એમ. **'જેવી રીતે...'** આ તો દાખલો આપ્યો. દૃષ્ટાંત છે આ તો. હવે દૃષ્ટાંત બેસવો કઠણ. અમારે પ્રેમચંદભાઈ કહેતા. ગીરધરભાઈ! પ્રેમચંદભાઈ કહેતા અહીં બેસતાને એ કહેતા કે આ તો દાખલા જ કઠણ પડે એવા છે. એમ કહેતા. અહીં બેસતાને. માટીનો ઘડો આ પણ દાખલો જ કઠણ પડે એવો છે એમ કહેતા. વાત સાચી. કહે છે કે ઘડો એ માટીમય છે કે જીવમય છે? એ તો પહેલું કીધું હતું એ ઓલા કે જેવડી જગતમાં વસ્તુ, જેવડા ચૈતન્યસ્વરૂપ, અચેતનસ્વરૂપ દ્રવ્યમાં ગુણ... જેવી વસ્તુ એનો જે ચૈતન્યસ્વભાવ જીવનો, અચૈતન્ય સ્વભાવ જડનો. દરેકનો એમાં એ વર્તી રહી છે. અનાદિથી એમાં જ વર્તે છે. એ પહેલા આવી ગયું. આહા..હા..! વર્તી રહી છે એ તો વર્તમાન પર્યાયમાં એમાં વર્તી રહી છે એમ કહે છે. .. રાગ ત્યાં જાતો નથી. આહા..હા..!

**'પોતાને કે પોતાના ગુણને નાખતો-મુકતો-ભેળવતો નથી કારણ કે (કોઈ વસ્તુનું) દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે સંક્રમણ થવાનો વસ્તુસ્થિતિથી જ નિષેધ છે;...'** આહા..હા..! એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે સંક્રમી જાય, પલટી જાય. દ્રવ્યાંતર એટલે અનેરા દ્રવ્યમાં જાય અને એની પર્યાય અનેરી પર્યાયમાં જાય એમ છે? દ્રવ્યાંતર અને ગુણાંતર. ગુણ એટલે પર્યાય. એક દ્રવ્યનું અંતર એટલે બીજા દ્રવ્યમાં જાય ગુણાંતર દ્રવ્યાંતર અને એક પર્યાય બીજા પર્યાયાંતર પર્યાય બીજામાં જાય એ સંક્રમણ થવાનો તો વસ્તુસ્થિતિ જ નિષેધ છે એ વસ્તુ પોતે જ પોકાર કરી રહી છે. આહા..હા..! કહો, છગનભાઈ! પણ આ બધા છોકરાઓ હુશિયાર બધું કામ કરે છે કે નહિ? મદ્રાસમાં નથી કરતા? કહો, ભાઈલાલભાઈ! શું છે તમારું? છપાવો શું કહેવાય એને? કેલેન્ડર. મોટો શું કરે છે ત્યાં? છોકરાનું કરતા હશે એમ નથી? તે દિ' ૯૯માં એમ થયું હતુંને? ગીરધરભાઈ ખબર છે? ભાઈલાલભાઈને. કે ત્યાં જાશું મારા કાનજી છે તો કાન પકડાવે છે. ભાઈલાલભાઈને કહે .. નથી કહે.

આ ભગવાન એમ પોકારે છે, ભગવાન કાન પકડાવે છે. આ ૯૯ની વાત છે ૯૯માં નહિ? ભાઈલાલભાઈ! આહા..હા..! .. જાગ્યો હતોને ગામોગામ તે દિ' તો. આહા..હા..! તમારે વળી છઠ્ઠી સાલમાં થઈ ગયું. તમારી છઠ્ઠી સાલમાં આવ્યા હતાને તમારે મોરબી. ત્યારે જ ઓલું થયુંને. છઠ્ઠીમાં પહેલા ગયા ત્યાં .. માથે ફેકતા. પાના હોં લખેલા. એ તો બનવાનું હોય બને બાપા એમાં કોણ રોકે એને? આહા..હા..! વિરોધ કરવા માટે.. ભાઈ! કોનો વિરોધ કરવો છે ભાઈ! વિરોધની પર્યાય તો તારામાં વર્તે છે. એ વર્તેલી પર્યાય પરમાં ક્યાં જાય તે પરનો વિરોધ કરે? આ માર્ગ એવો ઝીણો છેને. એ તો .. એને એવું લાગે અરર..! આ તો જૈનધર્મ, અહિંસા દયામય ધર્મ. એને ઉડાડીને ભુક્કો બોલાવે. પરની દયા પાળવી એવો જૈન ધર્મ. આ વૈરાગી માણસ કહેતા એણે નાખ્યું છે. .. સમજ્યાને? જ્ઞાનીનો એ

સાર છે. સુયગડાંગની ગાથા છે. ... કોઈ પ્રાણીને ન મારો. કોઈ પ્રાણીને ન મારવા એમાં તું ખરો કે નહિ એમાં? અહિંસા .. તેની આ ગાથા છે. બે પદ આ. અહિંસા એ સર્વ સિદ્ધાંતનો સાર છે. .. એ અહિંસા જાણી એણે બધું જાણ્યું. એનો કહેનારનો ભાવ તો શુભનો સાધારણ છે બહારનો. ઓલી અંદરની ક્યાં? સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- એ તો આમાં પણ આવે છે દિગંબરમાં પણ.

ઉત્તર :- એ તો હવે .. આ સૂયગડાંગમાં. ઓલા જૈન ચિઠ્ઠીનો .. અહિંસા સૂયગડાંગની ગાથા છે. મોઢે હતાને બધા? એમને પણ મોઢે હતા. એ બોલતા બિચારા વ્યાખ્યાનમાં હોં! ભગવાન આમ કહે છે, ભાઈ! અહિંસા એ સર્વ સિદ્ધાંતનો સાર છે. કોઈપણ પ્રાણીને દુઃખ ન દેવું એવો ભગવાનનો ધર્મ છે. પણ પ્રાણીમાં તું ખરો કે નહિ? તું વિપરીત માન્યતા કર એ આત્માને દુઃખ થાય છે. વાત એ. છ કાયની દયા... છ કાયની દયા... આહા..હા..! એની તકરાર નહોતી કીધી .. એ શબ્દ છે. છકાય જીવ... આ એક શબ્દ છે. એની તેરાપંથી અને ..ટોળા વચ્ચે એક મહિનો ચર્ચા. આ એક શબ્દની એક મહિનો ચર્ચા. લીલાધરજી કહેતા. .. રાખે. જ્યારે ઓલાની દલીલ આવે તેરાપંથીઓની ત્યારે અમને .. થાય અંદર. અમારી દલીલ જાય તો એને.. વહોરવા જાઈએ લોટ. તેરાપંથીમાં હતાને તે દિ'? એ તેરાપંથીમાં હતા. .. થાય ત્યાં. અરે..! હજી તો આ એક શબ્દ. .... છ કાય જીવની રક્ષા માટે ભગવાને પ્રવચન ભલા કર્યા. એમાં તેરાપંથી કહે કે રક્ષણ માટે નહિ. નહિ મારવા માટે. આ કહે કે ... ટોળા કહે કે રક્ષા માટે. બેય ખોટું છે. પરની રક્ષા કોણ કરે અને પરને કોણ મારે? આહા..હા..! અને પરને કોણ બચાવે?

ભગવાને તો વીતરાગભાવ માટે પ્રવચન.. કહ્યા છે. પંચાસ્તિકાયમાં આવે છેને એ. વીતરાગભાવ માટે પ્રવચન કર્યા છે. આહા..હા..! અહીંયાં પણ પરનો કર્તા મટતા એટલો અંદરની કર્તાબુદ્ધિ ટળે છે એટલો અંદરમાં રાગનું મંદપણું થાય છે. સમજાણું કાંઈ? અને પછી સ્વભાવની દૃષ્ટિ થતાં રાગનો પણ અભાવ દૃષ્ટિમાં થાય છે. આહા..હા..! આવું પરમસત્ય.

'**માટીરૂપી દ્રવ્યમાં અને માટીના ગુણમાં નિજ રસથી જ વર્તે છે તેમાં કુંભાર પોતાને કે પોતાના ગુણને નાખતો-મુકતો-ભેળવતો નથી કારણ કે (કોઈ વસ્તુનું) દ્રવ્યાંતર...**' દ્રવ્યાંતર એટલે દ્રવ્યથી અનેરા દ્રવ્યમાં જાવું કે ગુણાંતર-અનેરા ગુણમાં જાવું. '**સંક્રમણ થવાનો વસ્તુસ્થિતિથી...**' વસ્તુ પોતે મર્યાદામાં રહી છે એ પોકાર કરે છે કે પરમાં એ વસ્તુ સંક્રમતિ નથી. આહા..હા..! જુઓને. કેટલી વાત છે! આહા..હા..! યુક્તિ. પોતે કહે છે કે એ ગુણાંતર-દ્રવ્યાંતર. જે દ્રવ્ય છે તે બીજા દ્રવ્યમાં જાય, તે ગુણ છે તે બીજા ગુણમાં સંક્રમે એ વસ્તુસ્થિતિથી જ નિષેધ છે. આહા..હા..! તું વસ્તુ જ્યાં અનંત છે એમ સિદ્ધ કરવા જા, અનંત દ્રવ્ય છે. અનંત આત્મા છે. અનંત રજકણ છે. એમ જ્યાં

સાબિત કરવા જા તો એ વસ્તુસ્થિતિ જ પોકારે છે કે આ દ્રવ્ય અને ગુણ બદલીને બીજા દ્રવ્ય-ગુણમાં જતા નથી. આહા..હા..! કહો, સમજાણું આમાં? કહો, હેમંતભાઈ! શું હશે આ? લોઢાનો વેપાર પણ દુકાન ઉપર બેસો તો થાય. લ્યો! દુકાન છોડે તો સરખો થાય? છોકરાને આવડે?

મુમુક્ષુ :- હવે તો છોકરાઓ એમ કહે છે કે બાપા તમે આરામ કરો.

ઉત્તર :- આરામ દેવાનું બે રીતે કહે. તમે બહુ ડહાપણ ન કરશો એમ પણ કહે અને તમે આ ભાર ઉપાડશો નહિ એમ પણ કહે હવે. હવે તમે નિવૃત્ત થાવ ઘણું કર્યું છે.

મુમુક્ષુ :- એ તો હજી વાર છે.

ઉત્તર :- ના એમ કહું છું. છોકરાઓ હોય છેને. આ જુઓને ભાઈ છોકરાઓ છેને નિરંજન એ બધા ઓલા છોકરાઓ બિચારા એવા છે. ભાઈ વજુભાઈના છોકરા. નિરંજન કહેતો હોં હવે બાપાને નિવૃત્તિ લેવી છે કહે. એ તો ઓલા માટે હોં. એનું નામ.. પણ એ હવે ઘણું કર્યું એણે. ઓલા છોકરાઓ તો એમ વજુભાઈને કહે. બાપાએ એમની ફરજ બજાવી દીધી છે. હવે બસ છે. હવે અમારે.. આ તો મીઠાશની વાત છે. કરી શકે એનો પ્રશ્ન નથી. અને બીજા કેટલાક કહે કે બાપા! તમારું કામ નથી એટલે તમે દોઢ ડાહ્યા થાવ છો એ માટે પણ કહે. બે રીતે કહેતા હોય. .. જેવા એમ કહે અમે તમને .. બાપા તમારું હવે કામ નથી. તમે.. ... અને બીજા એમ કહે બાપા! હવે તમે ... હવે તમારું કામ નથી. અમે બધું કરી શકીશું. ... તમારા પ્રમાણમાં ક્યાંથી અમને આવડે?

પણ અહીં તો કહે છે કે પરનું-રજકણનું ફેરવવું. એ કોણ ફેરવે? કેમકે આ દ્રવ્ય અને ગુણની પર્યાય પરમાં સંક્રમ્યા વિના અનેરા દ્રવ્ય અને અનેરી પર્યાયમાં આ દ્રવ્ય ને પર્યાય ગયા વિના એને કેમ પલટાવે? પણ એ તો કોઈ દિ' થતું નથી કહે છે. દ્રવ્યાંતર અને ગુણાંતરે સંક્રમણ તો થતું નથી. આહા..હા..! કેવી વ્યાખ્યા પણ! માન ગળી જાય એવું છે જગતનું. વસ્તુની સ્થિતિ એવી છે. કહો, આ છોકરાને સમજાવી શકે કે નહિ પ્રોફેસરો? આહા..હા..!

**'દ્રવ્યાંતરરૂપે (અર્થાત્ અન્યદ્રવ્યરૂપે) સંક્રમણ પામ્યા વિના...'** દ્રવ્યાંતરરૂપે એટલે કે અનેરા દ્રવ્યરૂપે થયા વિના **'અન્ય વસ્તુને પરિણમાવવી અશક્ય હોવાથી,...'** અન્ય વસ્તુને બદલાવી અશક્ય હોવાથી. દુર્લભ હોવાથી એમ નથી કહ્યું. અશક્ય છે. એ રીતે કરી છે. આહા..હા..! જીભનું હલાવવું પણ આત્માના અધિકારની વાત નથી. કેમકે જીવ પોતે પોતાના દ્રવ્ય ને પર્યાયને પરમાં ગયા વિના કેમ પલટાવે? તો પરમાં તો જાતા નથી. તો આ જીભનો લવો વળે છે એનો કર્તા કોઈ પરમાણુ છે? પરમાણુ પોતાના દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં વર્તી રહ્યા છે. એ દ્રવ્ય જીવ પોતે ત્યાં કેમ એને વર્તાવે? આહા..હા..! કહો સમજાણું

કાંઈ? **'પોતાના દ્રવ્ય અને ગુણ-બન્નેને તે ઘડારૂપી કર્મમાં નહિ નાખતો...'** કોણ? ઓલો કુંભાર. પોતાનો આત્મા અને એની પર્યાય રાગની થઈ એ. એ બંનેને તે ઘડારૂપી કાર્યમાં નહિ નાખતો. ' **એવો તે કુંભાર પરમાર્થે તેનો કર્તા પ્રતિભાસતો નથી;...'** આહા..હા..! જ્યાં ભિન્ન દ્રવ્યની નજર પડતાં ભિન્ન દ્રવ્ય તેને કરે એમ તો દેખાતું નથી. કહો, સમજાણું કાંઈ? ઘડાની પર્યાય તો માટીમય થઈને માટીએ કરી છે. એમાં ઘડાનો કરનારો આ કુંભાર એમ કે મેં આ પર્યાયને કરી. તો તો એ પર્યાયમાં તું ગરી ગયો છો ત્યાં? આહા..હા..! ઘડાની પર્યાયને કરતો નથી, પટની પર્યાયને કરતો નથી, રથની પર્યાયને કરતો નથી. રોટલીની પર્યાયને એ સ્ત્રીનો જીવ કરતો નથી. શું રોટલીની પર્યાય જે છે એ તો લોટમય છે. લોટમય એવી રોટલીની પર્યાયમાં સ્ત્રીનો દ્રવ્ય અને એની ઈચ્છા એમાં પ્રવેશ કરે છે? કે રોટલીને કરે એ? ભારે વાત ભાઈ આ તો! સમજાણું કાંઈ?

કહે છે કે આ તો સામાન્ય દાખલો બધાને સમજાય એવો કુંભારનો આપ્યો છે. બાકી એ અપેક્ષાએ બધા લઈ લેવા. આહા..હા..! કે આ જગતમાં ચોખા છેને ચોખા એ પાણી વિના ચડે નહિ. એમ કોઈ કહે. તો કહે છે કે સાંભળને ભાઈ! પાણી છે એના રજકણો દ્રવ્ય અને પર્યાય એ ચોખાની પર્યાયમાં પેઠા? સંક્રમ્યા છે? સંક્રમ્યા વિના એને ચડાવવાનું કામ એ પાણીએ ક્યાં કર્યું?

મુમુક્ષુ :- તો પાણી નાખો આમાં.

ઉત્તર :- કોણ નાખે? આહા..હા..! કોણ નાખે અને કોણ કાઢે? આહા..હા..! આવો માર્ગ છે આ. 'એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન' ભગવાને ભાખ્યો એવો. આહા..હા..! અરેરે..! કહે છે કે વસ્તુની સ્થિતિ છૂટીને પરની પર્યાયમાં ક્યાં સંક્રમે છે કે જેથી કર્તા થાય? અમને તો કર્તા બે દ્રવ્યને આમ જોતા બે બે છે, અનેક છે એમ જોતાં અનેકપણાનું બીજું એનું કર્તા અમને ભાસતું નથી. આહા..હા..! કહો, સમજાણું આમાં? વ્યવહારે તો કરે કે નહિ? નિશ્ચયથી ન કરે. વ્યવહારે કરે એટલે શું? એ તો ભાષા બોલનાર. આહા..હા..! કહો, સારા ભરત ભરે બાયું હુશિયાર હોય એ નથી ભરતી લૂગડામાં? નાના-નાના હોયને ઓલા કાચના? આભલા. ચારેકોરથી ભરેને આભલું. દેખાય પણ ખરું અને ચારેકોરનો ભાગ આમ બંધાય જાય દોરામાં. લૂગડામાંથી દોરો નાખતા એની કોર પણ બંધાય અને ઓલું દેખાય. કહો, એ કરે છે કે નહિ? કોણ કરે પણ? એ રજકણો છે કે નહિ? એ રજકણો એના દ્રવ્ય અને પર્યાયમાં વર્તે છે કે નહિ? અને જીવ જે જોડે અટકે છે એ એના દ્રવ્ય-પર્યાયમાં વર્તે છે કે નહિ? કે એની પર્યાય ત્યાં વર્તે છે? આહા..હા..! ભારે કામ! ઓહો..!

કુંભાર પરમાં પેસતો નથી. **'તેવી રીતે...'** આ તો હજી દૃષ્ટાંત થયો હોં. **'પુદ્‌ગલમય જ્ઞાનાવરણાદિ કર્મ...'** ભાષા દેખો હવે. જેવું ઓલું હતુંને માટીમય ઘડારૂપી કાર્ય. એમ

આ '**પુદ્‌ગલમય જ્ઞાનાવરણાદિ કર્મ...**' આહા..હા..! કર્મ બાંધે જીવ? અરે..! શું કહે છો તું આ? જડની પર્યાયમાં પ્રવેશ વિના એ જડની પર્યાય કરે કોણ? પુદ્‌ગલમય જ્ઞાનાવરણાદિ કાર્ય એ પુદ્‌ગમલય છે જ્ઞાનાવરણીની અવસ્થા આઠેય કર્મની. આઠેય કર્મની અવસ્થા પુદ્‌ગલ છે. '**કે જે પુદ્‌ગલદ્રવ્યમાં અને પુદ્‌ગલના ગુણમાં નિજ રસથી જ વર્તે છે...**' એ પરમાણુઓ પુદ્‌ગલમયમાં કર્મપર્યાય નિજરસથી વર્તે છે. આણે રાગ કર્યો માટે અહીં વર્તે છે એમ નથી. આહા..હા..! રાગ ન કર્યો હોત કાંઈ બંધાત? અરે..! ન (કર્યો) પ્રશ્ન જ ક્યાં છે? વળી એક એમ કહે ત્યારે જો નિમિત્તથી કાંઈ ન થાય તો પુદ્‌ગલ બંધાવાનો પર્યાય ત્યાં છે તો આને રાગ કરવો જ પડે. એય..! અરે..! સાંભળને ભાઈ! તને ખબર નથી, બાપુ! આહા..હા..! એ પ્રશ્ન આવ્યો હતો ત્યાં ૯૫માં. .. પ્રશ્ન છે. રાજકોટનો પ્રશ્ન. ૯૫.

અહીં કહે છે અરર..! ભારે જગતના તત્ત્વો! જેટલા છે તેટલા પોતપોતાના દ્રવ્ય અને પર્યાયમાં વર્તી રહ્યા છે. એમાં પોતાની પર્યાયમાં વર્તતા બીજામાં પોતાનું દ્રવ્ય અનેરા દ્રવ્યમાં જાય નહિ અને એનું પર્યાય પણ અનેરામાં જાય નહિ. તો એ શું કરે પરને? આહા..હા..! સમજાણું કાંઈ? '**પુદ્‌ગલમય જ્ઞાનાવરણાદિ...**' કાર્ય. એ કર્મ એટલે કાર્ય પુદ્‌ગલનું. '**કર્મ કે જે પુદ્‌ગલદ્રવ્યમાં અને પુદ્‌ગલના ગુણમાં...**' એટલે પર્યાયમાં. નિજ શક્તિથી જ વર્તે છે. કર્મપણે થવું એ નિજશક્તિથી જ કર્મપણે થાય છે. જીવે કોઈ રાગ કર્યો એવી અપેક્ષાથી ત્યાં થાય છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ વાત આમ કેટલી.. કે જીવે રાગ કર્યો એટલી અપેક્ષા રાખીને કર્મની પર્યાય કર્મપણે થઈ પુદ્‌ગલની એમ નથી. આહા..હા..! એ કાળે પુદ્‌ગલની પર્યાય કર્મરૂપે પુદ્‌ગલમય રહીને થઈ છે. પુદ્‌ગલમય થઈને થઈ છે. એને આ રાગનું કારણ છે માટે થઈ છે એમ છે નહિ. આહા..હા..! આવી તે વાત! સમજાણું કાંઈ?

અને જ્યારે રાગનો અભાવ કરે જીવ પોતાને આશ્રયે ત્યારે કર્મનો પર્યાય કર્મરૂપે બદલીને અકર્મરૂપ થાય. કહે છે કે એ પુદ્‌ગલમય પર્યાયનું બદલવું એને કારણે થયું છે. આણે રાગ ન કર્યો અને વીતરાગભાવ કર્યો માટે ત્યાં કર્મ તૂટ્યા એમ નથી. આ જૈનદર્શનનું તો કર્મ... કર્મ... કર્મ... હાલ્યું છે. કર્મ કરે તો થાય અને કર્મ ન કરે તો ન થાય. એ .. એ તો વ્યવહારની વાત છે. રાગ કરે તો તે સમયનો પર્યાય હોય તો કરે. અને રાગ કર્યો માટે ત્યાં કર્મની પર્યાય આની અપેક્ષા રાખીને થઈ છે. બિલકુલ ખોટી વાત છે. સમજાણું કાંઈ? કેમકે જ્યારે એ જ્ઞાનાવરણીયના પર્યાયો. પર્યાય એટલે એનું કર્મ કાર્ય થયું. એ તો પોતાના દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં વર્તતી થતી દશા થઈ છે. બીજા વર્તે છે, આત્મા રાગમાં વર્તે માટે અહીં વર્તન આવું થયું છે કહો, સમજાણું કાંઈ? એમ નથી. આત્મા પુદ્‌ગલમય કર્મની જે પર્યાય આઠ કર્મની. જુઓને. આ સ્થૂળપણાનો દૃષ્ટાંત આપીને સૂક્ષ્મનો દાખલો સિદ્ધ કરે છે. જગતને

નજરે પડે એવા કુંભાર અને ઘડો એનો દૃષ્ટાંત આપીને આ સૂક્ષ્મપણે એની વાત સિદ્ધ કરે છે.

**'તેમાં આત્મા પોતાના દ્રવ્યને...'** કહે છે કે જ્ઞાનાવરણીય બંધાણું એમાં જીવે એનો ભાવ જરી પર્યાયનો છ પ્રકારે જ્ઞાનાવરણીય બંધાય. એવા ભાવમાં વર્તતો જીવ. એ ભાવને ત્યાં નાખે છે-આપે છે? આહા..હા..! સમજાણું કાંઈ? છ પ્રકારે જ્ઞાનાવરણીય બંધાય જુઓ. પ્રદોષ... એ ભાવ તો જીવમાં વર્તે છે કહે છે અને કર્મની પર્યાય પુદ્‌ગલમય કર્મમાં વર્તે છે એને આ રાગ એને કેમ કરે? આહા..હા..! છ ભાવ એને-કર્મને કેમ બાંધે? આહા..હા..! ભારે! તત્ત્વાર્થસૂત્રમાં આવે એમ લ્યો! છ કારણે જ્ઞાનવરણીય બંધાય, છ કારણે દર્શનાવરણીય બંધાય, અમુક કારણે મોહનીય બંધાય, અમુક કારણે શાતા-અશાતા બંધાય. લ્યો! કહે છે કે એ તો નિમિત્તપણું હતું જ્ઞાન કરાવ્યું છે અને એ નિમિત્તથી ત્યાં થયું છે (એમ કહેવાય). આહા..હા..! જુઓને આટલું તો સ્પષ્ટ છે. કર્મબંધનની પર્યાયનું ઉપાદાન એનાથી થયું ત્યાં. રાગ-દ્વેષને નિમિત્ત કહો તો નિમિત્તે કર્યું શું કહે છે ત્યાં? નિમિત્ત પોતાની પર્યાય પલટીને તેમાં ગઈ છે? આહા..હા..! મોટા ઝઘડા ઉપાદાન-નિમિત્તના.

**'આત્મા પોતાના દ્રવ્યને કે પોતાના ગુણને ખરેખર નાખતો-મૂકતો-ભેળવતો નથી...'** લ્યો! કર્મની પર્યાયમાં જીવે કરેલો રાગ એ રાગ ત્યાં જાય છે? રાગ ત્યાં નાખે છે? રાગ ત્યાં મૂકે છે? આહા..હા..! ભેળવતો. રાગને ભેળવે ત્યાં કર્મની પર્યાયમાં? **'કારણ કે (કોઈ વસ્તુનું) દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે સંક્રમણ થવું અશકય છે;...'** આહા..હા..! હવે આવી વાત સ્પષ્ટ ચોખ્ખી બે ને બે ચાર જેવી. હવે એ વાતમાં પણ વાંધા અને ઝઘડા ઉઠાવવા છે. અને એ નામ પડે તો કહે એ સોનગઢનું છે. સોનગઢનું નામ પડે ત્યાં ભડકે. કાલે આવ્યું હતું કે સોનગઢને નામે ભડકે છે. સમુચ્ચય વાત કરે ત્યાં સુધી વાંધો નહિ આવે. પોતે સિદ્ધાંતની વાત કરે છે. સોનગઢના સોનગઢીયા આવ્યા હતા. અરે..! ભગવાન! શું કરે છે આ? અરે..! એ ભાષા. ભાઈએ કહ્યું છે મખનલાલે. તમારી ભાષાવર્ગણા ફરી ગઈ છે કહે. તમારું બોલવું જુદી જાતનું થઈ ગયું છે. વર્ગણા કોણ કરે? કોણ કરે? આત્માનો ભાવ સમ્યક્ છે એથી ભાષામાં પરિણમન સત્યનું સ્થાપન થાય એમ છે? આહા..હા..! ભાષાની પર્યાયનું પરિણમન એ તો એના પરમાણુમય થઈને, પુદ્‌ગલમય થઈને થઈ છે. કાંઈ જીવમય થઈ છે? એમાં જીવ ગયો છે અંદર? ત્યાં પુદ્‌ગલમયની ભાષાની પર્યાયમાં રાગ જીવમય છે અત્યારે. સમજાણું કાંઈ? એ પુદ્‌ગલમયમાં જીવમય રાગ ગયો છે? આહા..હા..!

આ બધા શું હશે તમારા ૨૨-૨૨ માળના મકાન કરેને. મુંબઈમાં મોટા હજીરા ઉભા કરે છેને. આહા..હા..! શું કરે? ભાઈ! તું તારામાં વર્તનારો બીજામાં વર્ત્યા વિના શું કરે? સંક્રમણ કહો કે વર્તવું કહો. બીજામાં તો વર્તતો નથી, જતો નથી, સંક્રમતો નથી, પલટતો

નથી. આહા..હા..! દૃષ્ટિને પરમાંથી કર્તાપણાને ફેરવી નાખ. આહા..હા..! સમજાણું કાંઈ? એ **'સંક્રમણ પામ્યા વિના અન્ય વસ્તુને પરિણમાવવી અશક્ય હોવાથી, પોતાનાં દ્રવ્ય અને ગુણ-બન્નેને તે જ્ઞાનાવરણાદિ કર્મમાં નહિ નાખતો એવો તે આત્મા પરમાર્થે તેનો કર્તા કેમ હોઈ શકે?'** વ્યવહારે હોઈ શકેને પરમાર્થે? વ્યવહારે તો બોલાય. થઈ શકે શું થઈ શકે? **'આત્મા પરમાર્થે તેનો કર્તા કેમ હોઈ શકે? (કદી ન હોઈ શકે.) માટે ખરેખર આત્મા પુદ્‌ગલકર્મોનો...'** કર્મ એટલે પર્યાય. એની પર્યાયનો **'અકર્તા ઠર્યો.'** આહા..હા..! કહો, આ બધા જગતના આખો દિ' કામ બધા કરે હુશિયારના. ભ્રમણા જગતની છે. એ ભ્રમણા છોડ એ માટે આ વાત છે હોં. .. સમજાવીને કહે કે છોડ એ ભ્રમણા અને આત્મા ઉપર આવી જા તો તારું કલ્યાણ થશે, બાકી કલ્યાણ થશે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૧૦૫

अतोऽन्यस्तूपचारः —

जीवम्हि हेदुभूदे बंधस्स दु पस्सिदूण परिणामं।<br>
जीवेण कदं कम्मं भण्णदि उवयारमेत्तेण।।१०५।।

जीवे हेतुभूते बन्धस्य तु दृष्ट्वा परिणामम्।<br>
जीवेन कृतं कर्म भण्यते उपचारमात्रेण।।१०५।।

इह खलु पौद्गलिककर्मणः स्वभावादनिमित्तभूतेऽप्यात्मन्यनादेरज्ञानात्तन्निमित्तभूतेनाज्ञानभावेन परिणमनान्निमित्तीभूते सति सम्पद्यमानत्वात् पौद्गलिकं कर्मात्मना कृतमिति निर्विकल्पविज्ञानघनभ्रष्टानां विकल्पपरायणानां परेषामस्ति विकल्पः। स तूपचार एव, न तु परमार्थः।

માટે આ સિવાય બીજો-એટલે કે આત્માને પુદ્‌ગલકર્મોનો કર્તા કહેવો તે-ઉપચાર છે, એમ હવે કહે છેઃ-

જીવ હેતુભૂત થતાં અરે! પરિણામ દેખી બંધનું,
ઉપચારમાત્ર કથાય કે આ કર્મ આત્માને કર્યું. ૧૦૫.

ગાથાર્થ :- [जीवे] જીવ [हेतुभूते] નિમિત્તભૂત બનતાં [बन्धस्य तु] કર્મબંધનું [परिणामम्] પરિણામ થતું [दृष्ट्वा] દેખીને, '[जीवेन] જીવે [कर्मकृतं] કર્મ કર્યું' એમ [उपचारमात्रेण] ઉપચારમાત્રથી [भण्यते] કહેવાય છે.

ટીકા :- આ લોકમાં ખરેખર આત્મા સ્વભાવથી પૌદ્‌ગલિક કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં પણ, અનાદિ અજ્ઞાનને લીધે પૌદ્‌ગલિક કર્મને નિમિત્તરૂપ થતાં એવા અજ્ઞાનભાવે પરિણમતો હોવાથી નિમિત્તભૂત થતાં, પૌદ્‌ગલિક કર્મ ઉત્પન્ન થાય છે, તેથી 'પૌદ્‌ગલિક કર્મ આત્માએ કર્યું' એવો નિર્વિકલ્પ વિજ્ઞાનઘનસ્વભાવથી, ભ્રષ્ટ વિકલ્પપરાયણ અજ્ઞાનીઓનો વિકલ્પ છે; તે વિકલ્પ ઉપચાર જ છે, પરમાર્થ નથી.

ભાવાર્થ :- કદાચિત્ થતા નિમિત્તનૈમિત્તિકભાવમાં કર્તાકર્મભાવ કહેવો તે ઉપચાર છે.

**કારતક વદ-૪, શુક્રવાર, તા. ૨૪-૧૧-૧૯૭૨**
**ગાથા-૧૦૫-૧૦૬, પ્રવચન-૨૩૨**

૧૦૪ ગાથા પૂરી થઈ. 'માટે આ સિવાય બીજો-એટલે કે આત્માને પુદ્‌ગલકર્મોનો કર્તા કહેવા તે-ઉપચાર છે,...' શું કહે છે? આત્મા આનંદસ્વરૂપ અને જ્ઞાન આનંદસ્વરૂપ હોવા છતાં એ અજ્ઞાનભાવે પોતાના સ્વભાવના અજાણભાવે રાગ-દ્વેષરૂપે પરિણમે. કર્મ બાંધવાની ક્રિયા એ ન કરે. એ જડની પર્યાય જડની. એને એ કરે નહિ. ત્યારે તે કહેવાય છેને. પુદ્‌ગલકર્મનો કર્તા કહેવો જડની પર્યાયનો. એ તો રાગનું કર્મમાં નિમિત્ત થાય અને તેથી કર્મ બંધાય એટલું દેખીને ઉપચારથી અજ્ઞાનીઓ માને છે.

મુમુક્ષુ :- એ તો અજ્ઞાનીઓ આમ માને છે?

ઉત્તર :- અજ્ઞાનીઓ આમ માને છે. .. એ તો આવે છે. જુઓ, ૧૦૫.

जीवम्हि हेदुभूदे बंधस्स दु पस्सिदूण परिणामं।
जीवेण कदं कम्मं भण्णदि उवयारमेत्तेण।।१०५।।
જીવ હેતુભૂત થતાં અરે! પરિણામ દેખી બંધનું,
ઉપચારમાત્ર કથાય કે આ કર્મ આત્માને કર્યું. ૧૦૫.

'ટીકા :- આ લોકમાં...' હિન્દી પુસ્તક આપજો એમને. ગુજરાતી થોડું સમજો છો? નથી સમજતા? આપણે હિન્દી લાવોને હિન્દી એય..! બે, પાંચ, દસ જણા છે. ... ગાથા છેને? મથાળું છે મથાળું. '**માટે આ સિવાય બીજો-એટલે કે આત્માને પુદ્‌ગલકર્મોનો કર્તા કહેવો તે-ઉપચાર છે,**' '**આ લોકમાં ખરેખર આત્મા...**' જે આત્મા છે એનો દ્રવ્યસ્વભાવ કેવો છે? કે '**સ્વભાવથી પૌદ્‌ગલિક કર્મને નિમિત્તભૂત નહિ...**' એનો સ્વભાવ એવો છે કે કર્મબંધનમાં નિમિત્તરૂપ થવું એ દ્રવ્યસ્વભાવમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ...સ્વભાવ ચૈતન્ય ભગવાન આત્માના સ્વભાવની દૃષ્ટિથી જુઓ તો એ પોતાના સ્વભાવથી '**પૌદ્‌ગલિક કર્મને નિમિત્તભૂત...**' પૌદ્‌ગલિક કર્મ તો એનાથી બંધાય-જડથી. પરમાણુ સ્વતંત્ર છેને પુદ્‌ગલ? તો એમાં નિમિત્ત થવું એ પણ સ્વભાવ દૃષ્ટિમાં છે નહિ. આહા..! સમજાણું કાંઈ? એનો અર્થ તો એ થયો કે આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપનું જેને ભાન છે એ જ્ઞાની પણ નવા કર્મબંધમાં નિમિત્ત છે. એટલે બંધ તો એને છે જ નહિ એમ કહે છે. સમજાણું કાંઈ?

ધર્મી જીવ પોતાનું જ્ઞાન અને આનંદસ્વરૂપ એવી અંતર દૃષ્ટિ હોવાથી જેમ દ્રવ્ય નવા કર્મમાં નિમિત્ત નથી એમ સમ્યગ્દૃષ્ટિ(ને) પણ નવા કર્મ બંધાતા જ નથી એમ કહે છે અહીંયાં તો. સમજાણું કાંઈ? જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યસ્વરૂપ, અબંધસ્વરૂપ. એવી અંતર દૃષ્ટિ થવાથી ધર્મી બંધનમાં તો કર્મના પરમાણુ છે, પણ એમાં નિમિત્ત વિકાર થવો એ પણ નથી. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ!

'**આ લોકમાં ખરેખર આત્મા સ્વભાવથી...**' એ તો ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટા આનંદકંદ પ્રભુ છે. એ આત્મા અને એ આત્મદૃષ્ટિવંત. નવા કર્મબંધનમાં નિમિત્ત નથી એટલે કે એને નવું કર્મ બંધાતું નથી એમ કહે છે. ઝીણી વાત છે, ભાઈ! સમજાય છે કાંઈ? '**નિમિત્તભૂત નહિ હોવા છતાં પણ, અનાદિ અજ્ઞાનને લીધે...**' અનાદિ અજ્ઞાનથી એમ. પોતાનું સ્વરૂપ નહિ જાણતા આનંદસ્વરૂપ જ્ઞાતા પૂર્ણાનંદસ્વરૂપ એવી દૃષ્ટિના અભાવથી. '**અનાદિ અજ્ઞાનને લીધે પૌદ્‌ગલિક કર્મને નિમિત્તરૂપ થતાં એવા...**' નવું બંધન એને થાય છે. એમાં અજ્ઞાનીનું પરિણામ રાગ-દ્વેષ એમાં નિમિત્ત છે. સમજાણું કાંઈ? '**અનાદિ અજ્ઞાનને લીધે પૌદ્‌ગલિક કર્મને નિમિત્તરૂપ થતાં એવા...**' અજ્ઞાનને કારણે પૌદ્‌ગલિક કર્મને નિમિત્ત થાય છે.

'**અજ્ઞાનભાવે પરિણમતો હોવાથી...**' હવે સિદ્ધાંત લીધો. અનાદિસ્વરૂપનું ભાન નહિ હોવાથી રાગ અને દ્વેષરૂપ, અજ્ઞાનરૂપ પરિણમન હોવાથી. '**અજ્ઞાનભાવે પરિણમતો હોવાથી નિમિત્તભૂત થતાં,...**' એ વિકારી પરિણામ નવું કર્મ બંધાય છે એમાં અજ્ઞાનીનો અજ્ઞાનભાવ નિમિત્ત છે. બહુ ઝીણું પણ. કર્તાકર્મ અધિકાર છે. જડની પર્યાય(નો) તો કર્તા છે જ નહિ

જ્ઞાની કે અજ્ઞાની. કર્મબંધન જે થાય છે એમાં જ્ઞાની કે અજ્ઞાની કર્તા તો છે નહિ, પણ કર્તા કેવો છે? કેમ કહેવામાં આવે છે? કે પોતાનું ચિદાનંદ સ્વરૂપ શુદ્ધ આનંદકંદની જેને ખબર નથી અને રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપરૂપે જેનું પરિણમન અજ્ઞાનરૂપ થાય છે એ નવા કર્મ તો એનાથી બંધાય છે. એમાં અજ્ઞાનીનું અજ્ઞાન નિમિત્ત છે. સમજાણું કાંઈ? પરનો કર્તા તો છે નહિ. શરીર, વાણી, જડની ક્રિયા, પરની દયા પાળવી, હિંસા કરવી એ તો જીવ કરી શકતો જ નથી અજ્ઞાની કે જ્ઞાની. પણ જ્ઞાની જે છે આત્માના સ્વભાવના ભાનવાળો. એને તો નવું કર્મ બંધાતું જ નથી. બંધાતું નથી તો નિમિત્ત થતું નથી. સમજાય છે કાંઈ? શું છે? સુજાનમલજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પોતામાં છેને. ત્યાં બહારથી લાવવી છે? આહા..હા..!

અહીંયાં તો કહે છે કે આત્મતત્ત્વ, સ્વતત્ત્વ પરદ્રવ્યની પર્યાય થાય છે એમાં આ કર્તા તો છે નહિ. અજ્ઞાની કે જ્ઞાની કોઈ કર્તા નથી. હવે નવું કર્મ બંધાય એમાં નિમિત્ત કોણ? તો જ્ઞાની પણ નવા કર્મ જ્ઞાનીને બંધાતા નથી. કેમ? કે નવા કર્મ બંધાવામાં જે વિકારના પરિણમનરૂપ છે એ વિકારનું પરિણામ દ્રવ્યદૃષ્ટિવંતને છે જ નહિ. આહા..હા..! કેમકે ચૈતન્યમૂર્તિ વસ્તુ જ્ઞાન અને આનંદનું સ્વરૂપ એનું જેને પરિણમન થયું એ તો નિર્મળ પરિણમન છે. તો નિર્મળ પરિણમનમાં બંધમાં નિમિત્ત થવું એવું ક્યાંથી બને? કહો, પંડિતજી! આ ભારે વાત ભાઈ!

અહીં તો દ્રવ્યસ્વભાવ ચૈતન્ય ભગવાન સ્વભાવ. ભગવાન નામ મહિમાવંત એનો સ્વભાવ એની જેને અંતરદૃષ્ટિ સમ્યગ્દર્શન થયું. તો જેમ દ્રવ્યસ્વભાવ નવા કર્મમાં નિમિત્ત નથી એમ ધર્મીજીવને પણ નવું કર્મ બંધાતું જ નથી. બંધાતું નથી તો નિમિત્ત પદાર્થમાં છે નહિ. એમ કહે છે. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે બહુ. ધર્મ એવો સૂક્ષ્મ છે. અંતર વસ્તુ શું છે અને અંતરનો અભાવ શું છે? તું ચાહે તો મુનિ થઈ જાય દ્રવ્યલિંગી, પંચ મહાવ્રતને પાળનાર. પણ જ્યાં સુધી એને રાગની ક્રિયા મારી છે અને આનંદસ્વભાવની ક્રિયા મારી નથી ત્યાં સુધી નવા કર્મો બંધાય છે અને એમાં એનો વિકારભાવ નિમિત્ત થાય છે. આહા..હા..! નવમી ગ્રૈવેયક 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' ત્યાં પણ આ થયું. નવા કર્મ એને બંધાતા હતા. કેમકે દૃષ્ટિ મિથ્યાત્વ હતી. સ્વભાવ જ્ઞાતા-દૃષ્ટા આનંદસ્વરૂપનું તો ભાન નહોતું. પરનો તો રાગ અને દ્વેષ વિકારીનું સ્વ (માનતો) હતો. તો વિકારીના-પંચ મહાવ્રત પરિણામ વિકાર છે. આહા..હા..! એનો એને સ્પર્શ હતો. એનું એને પરિણમન હતું. વિકારભાવનો જ (કર્તા) અજ્ઞાની મુનિ હોય દ્રવ્યલિંગી. આહા..હા..! પંચ મહાવ્રત અઠ્યાવીશ મૂળગુણ એવા પાળે, પણ એ તો રાગ છે, વિકલ્પ છે. વિકલ્પનું જેને પરિણમન છે એ તો અજ્ઞાન છે. એ વિકલ્પના

પરિણમનવાળાનો ભાવ નવું કર્મ બાંધતા નથી એ, પણ નવા કર્મ બંધાવામાં એ અજ્ઞાનભાવ નિમિત્ત થાય છે. ભારે માર્ગ! સમજાય છે કાંઈ?

**'અનાદિ અજ્ઞાનને લીધે પૌદ્‌ગલિક કર્મને નિમિત્તરૂપ...'** પુદ્‌ગલકર્મ તો એનાથી બંધાય છે. એ સમયે બંધની.. પરમાણુમાં કર્મની પર્યાય થવા લાયક હતી એ પર્યાય થઈ છે. તો ઉપાદાન તો એનું છે. અને અજ્ઞાનીનું પરિણામ નિમિત્ત થાય છે. કેમકે એને દ્રવ્યસ્વભાવનું ભાન નથી, તો રાગ અને દયા, દાન અને વ્રત પરિણામ મારા છે એવા અજ્ઞાનને લીધે એ પરિણામ નવા બંધનમાં નિમિત્ત કહેવાય છે. આહા..! સમજાણું કાંઈ? ભારે માર્ગ ભાઈ! એને તો હજી આ દુનિયાની આખી ઉથલપાથલ કરી નાખવી. ફેરફાર-ફેરફાર. ધૂળેય કરે નહિ. આહા..હા..! કેમ હશે મનોહર? આ બધા વાસણ-બાસણને ફેરવીને, ..ને ફેરવીને જુઓ. આહા..હા..! કાંઈ કરી શકે નહિ. વાસણ આમ છે એ આમ આત્મા કરી શકે જ નહિ. અજ્ઞાની પણ ન કરી શકે એમ કહે છે અહીં તો.

મુમુક્ષુ :- પરિણમન ન કરી શકે પણ અસત્..

ઉત્તર :- અસત્‌પણે એટલે? મિથ્યાત્વપણે માને. કરી શકે તો નહિ. પરનું. એમ અહીંયાં કહે છે. અહીંયાં તો અંતરની જ વાત લીધી. બહારની વાત તો આત્મા સ્વતંત્ર પદાર્થ એને કારણે, તે કાળે, તે સ્વકાળથી પરિણમન કરી રહ્યા છે. આહા..હા..! પણ અજ્ઞાનીનો સ્વકાળ તો રાગ અને દ્વેષના પરિણમનરૂપ છે. આહા..હા..! એને ભગવાન આત્મા ચિદાનંદ સ્વરૂપ પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પરમાત્મા હું છું. એવી અંતરદૃષ્ટિના અભાવથી, એક સમયની પર્યાય એ રાગ-દ્વેષને જ પોતાના માને છે. એ રાગ-દ્વેષ અને એક સમયની પર્યાયની બુદ્ધિ મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાત્વભાવ દર્શનમોહાદિ કર્મ તો એને કારણે બંધાય છે ત્યાં. તો એનો મિથ્યાત્વભાવ નિમિત્ત થાય છે. એને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

**'અજ્ઞાનભાવે પરિણમતો હોવાથી...'** આહા..હા..! એ ૬૦મી ગાથામાં ભાઈએ એમ લીધું છે. પ્રવચનસાર. કે ભાઈ આ કેવળજ્ઞાની પણ પરિણમે તો છેને? સર્વજ્ઞ પરમાત્મા સિદ્ધ ભગવાન આદિ. પરિણમે તો છે જ. કેવળજ્ઞાનપણે, પર્યાયપણે... પર્યાયપણે... પર્યાયપણે... એ પરિણમનનો કાંઈ ખેદ છે કે નહિ એને? સમજાય છે કાંઈ? ૬૦મી ગાથા છે પહેલી જ્ઞાનની. પરિણમન તો સહજ આનંદરૂપ પરિણતિ એ તો એનો સ્વભાવ છે. એમાં ખેદ ક્યાંથી લાવ્યો તું? ખેદ કેવો એમાં? એ તો આનંદની પરિણતિ પરમાત્મદશા અરિહંત સિદ્ધ પરમાત્મદશા. એ તો આનંદ અને જ્ઞાનની પૂર્ણતાનું પરિણમન આશ્રય પણ નહિ. આશ્રય ક્યાં છે? ત્યાં આશ્રય તો આમ ભેગો હોય, અધૂરો હોય, પૂરો હોય એનો આશ્રય છે. અહીં કોઈ આશ્રય-બાશ્રય છે નહિ. સમજાણું કાંઈ? એ તો દ્રવ્યનું પરિણમન જ એ રીતે પૂર્ણ જ્ઞાન અને આનંદનું થઈ ગયું છે બસ. એ પ્રવાહ એમ ચાલે છે. ત્યારે કહે આ વારંવાર

પરિણમવું... પરિણમવું... પરિણમવું... એ છે કે નહિ આ પરિણમવું એ? સમજાણું કાંઈ?

છેને ૬૦મી ગાથા છે આમાં. 'जं केवलं ति णाणं तं सोक्खं परिणमं च सो चेव।' જે કેવળજ્ઞાનની પર્યાય છે એ જ સુખ છે. એ જ પરિણમન છે. 'खेदो तस्स ण भणिदो' ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વરે એ પરિણમવું એને ખેદ કહ્યો નથી. પાઠ છે. 'खेदो तस्स ण भणिदो जम्हा' કારણ 'घादी खयं जादा' ચાર કર્મનો-ઘાતિનો નાશ થયો એથી એના નિમિત્તે જે રાગ થાય એ તો છે નહિ. સમજાય છે કાંઈ? રાગનું પરિણમન હોય તો તો દુઃખી છે. પણ જ્યાં અતીન્દ્રિય આનંદ અને કેવળજ્ઞાનનું પરિણમન છે એ તો પૂર્ણ આનંદનું જ પરિણમન છે. પાઠ લીધો છે જુઓને 'खेदो तस्स ण भणिदो' ભગવાન ત્રણ લોકના નાથે તો એને ખેદ નથી કહ્યો. કેમકે ત્યાં તો આનંદ છે. સમજાણું કાંઈ? પર્યાય પણ અતીન્દ્રિય આનંદ છે. આહા..હા..! ...

૨૦ બોલમાં તો એ લીધું છે ત્યાં. અલિંગગ્રહણમાં. કે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે દ્રવ્ય સામાન્ય ત્રિકાળ. આ... આ... આ... આ... આ... દ્રવ્યસામાન્ય. પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે સામાન્ય દ્રવ્ય. તેને નહિ આલિંગન કરતું. શુદ્ધ વીતરાગી કેવળજ્ઞાન આદિની પર્યાય એ દ્રવ્યને સ્પર્શતી નથી, દ્રવ્યને અડતી નથી. દ્રવ્યનું આલિંગન કરતી નથી. એ તો શુદ્ધ પર્યાયરૂપ થઈ અને એને આત્મા કહીએ કહે છે. આનંદરૂપી શુદ્ધ પર્યાય એને આત્મા કહીએ. ત્રિકાળી આત્માને એ પર્યાય અડતી નથી. એય..! આહા..હા..! હિંમતભાઈ! આ બધું સમજવું પડશે હોં! ... આહા..હા..!

મુમુક્ષુ :- એકલા ..

ઉત્તર :- એકલા એમ નહિ આ બધા લોઢામાં હુશિયાર છીએ અને વેપાર કરીએ છીએ. એમ નથી આ તો મારગડા જુદા પ્રભુ! આહા..હા..!

ભગવાન આત્મા ત્યાં તો એમ કહ્યું કે શુદ્ધ પર્યાય એ જ આત્મા. દ્રવ્ય નહિ. એય..! આ પર્યાયનું બહુ અતિરેક થઈ ગયું હોયને એને માટે વાત છે. પર્યાય (સાંભળતા) તો ઘૃણા આવી જા ઘૃણા. પર્યાય... પર્યાય... પર્યાય... શું છે સાંભળને પર્યાય આત્મા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આત્મા છે. દ્રવ્ય એ આત્મા નહિ. પર્યાયના અનુભવની દશાની અપેક્ષાએ દ્રવ્ય આત્મા નહિ. અનુભવ વિનાની પર્યાય કેવી? અને અનુભવ વિનાનો આત્મા કેવો? કાંઈ ધ્રુવનો અનુભવ હોતો નથી. કેવળજ્ઞાનાદિ તો પર્યાય છે, એ અનુભવની દશા છે. એ દશા દ્રવ્યને અડતી નથી. આહા..હા..! દ્રવ્યનો આશ્રય કરે, અડે એ છે જ નહિ એમાં કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અડતી નથી. પર્યાય દ્રવ્યને અડતી નથી.

મુમુક્ષુ :- તો કોનાથી થઈ?

ઉત્તર :- પર્યાય પર્યાયથી થઈ. ચીમનભાઈ! આ તો અલૌકિક જાદુગર છે આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ?

સામાન્ય જે પ્રત્યભિજ્ઞાનનું કારણ આ... આ... આ... આ... આવ્યો જે દ્રવ્ય સ્વભાવ સામાન્ય સ્વભાવ એને પર્યાય આલિંગન કરતી નથી. એ પર્યાય એને.. વ્યાખ્યા તો આવી ગઈ છે ઘણા વર્ષ પહેલા. અલિંગગ્રહણનું પુસ્તક પણ છપાઈ ગયું ભાઈ તરફથી. અમૃતલાલભાઈ. અમૃતલાલ વતી. એના તરફથી નથી આપણે ઓલું છાપતા શું કહે છે? દૈનિક. .. આહા..હા..! ભાઈ એ તો બહુ ... ... ઘણા વર્ષ થયા. ભાઈને ગુજરી ગયા એને ઘણા વર્ષ થયા. તેરમા. આ ચૌદ વર્ષ થઈ ગયા. અમૃતલાલભાઈને ગુજરી ગયા ૧૪ વર્ષ થયા. એના પહેલા આ ઘણા વર્ષ પહેલા લખાણું છે. માણસને વાંચન ન મળે અને વિચાર કરવાનો અવસર ન મળે. સત્ કઈ રીતે હોવું જોઈએ એમ .. હોવું જોઈએને. એમ હોવું જોઈએ. આ દ્રવ્ય કેમ? પર્યાય કેમ? ગુણ કેમ? ..થી હોવું જોઈએને. વાંચન ભલે .. ન હોય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- શાસ્ત્ર નહોતા તો અંદર ... કરતા. શાસ્ત્ર તો હમણા લખાણા. શાસ્ત્ર બે હજાર વર્ષ પહેલા લખાણા. અત્યારે શું કામ છે એમ કહે તો ન ચાલે. કેમકે સ્મૃતિ ઓછી, જ્ઞાન ઓછા, વિરાધક ઘણા થઈને આવેલા. એને પ્રવચન...

મુમુક્ષુ :- શાસ્ત્ર તો હજી હમણા થયા.

ઉત્તર :- હમણા તો .. મોઢે કંઠસ્થ નહોતા? .. કંઠસ્થ હતા કંઠસ્થ. આહા..હા..! આ જુઓને ધવલ ને જયધવલ, મહાધવલ. એક-એક પુસ્તક ૧૨-૧૨ રૂપિયાની કિંમતનું એવા ૪૦, ૩૫ આવ્યા છે બહાર. એની .. મુનિ, સંત છઠ્ઠે ગુણસ્થાને, સાતમે ગુણસ્થાને ઝૂલનારા.

મુમુક્ષુ :- એ તો સમ્યગ્દર્શન થયા પછીની વાત આપ કરો છો.

ઉત્તર :- પણ એ વાળા પણ આવું કરે છે તો બીજાને શું વાંધો? સમ્યગ્દૃષ્ટિ જીવ પણ આત્મવાંચન અને આત્મ શ્રવણ કરે છે તો બીજાને શું? એમ કહેવું છે એમાં તો. ઓહો..હો..! એ વાંચન એક પાનું મહિને પૂરું ન થાય એવું લખાણ છે. દરિયો ભર્યો છે એક-એક પાને. આહા..હા..! ..એક સમયની પરમાણુની પર્યાય એના અવિભાગ અનંતા અને એને અનુભાગનો પર્યાય હોય ત્યારે .. કેવી પર્યાય કેવા ભાવે બંધાય? કેમ થાય? ઓહો..હો..! ઢગલા ભર્યા છે. આપણે તો એ પાનું પણ પૂરું નહોતું થયું. નવરાશ ન મળે. અંદર આવી નવરાશ ક્યાં છે? એય..! આહા..હા..! એટલી-એટલી .. છઠ્ઠે-સાતમે જ્ઞાનીને પણ આટલો આધાર. સમજાણું

કાંઈ? પ્રવચનસારમાં કહ્યું નથી? જ્ઞાન અધિકાર પૂરો કરતાં. જ્ઞેય અધિકારનું જ્ઞાન કરવા. આ જ્ઞાન જેને થયું એણે તેના લક્ષે જ્ઞેયનો અભ્યાસ કરવો. શાસ્ત્ર અભ્યાસ કરવો. તો તારું કલ્યાણ થશે. એમ મોક્ષમાર્ગમાં નથી આવતું? એય..! ચેતનજી! મોક્ષમાર્ગનો શું આધાર? .. ઘણું કહ્યું છેને? ..

મુમુક્ષુ :- વીસપંથી ન માને.

ઉત્તર :- એ ન માનવાનું કાંઈ નહિ. કોઈ ન માને એટલે કાંઈ વસ્તુ ખોટી થઈ જાય? નહિ માનનારા તો અનાદિકાળના છે જ એમાં શું છે? મોક્ષમાર્ગ પણ યથાર્થ શાસ્ત્રનું લક્ષ દૃષ્ટિ રાખી અને સામાન્ય અને વિશેષ સ્પષ્ટ કર્યું છે. સમજાણું કાંઈ? પોતાની દૃષ્ટિને મેળ ન ખાય માટે ખોટું છે એમ કેમ કહેવાય? સમજાણું કાંઈ?

અહીં તો કહે છે. ત્યાં તો એ કહે છે. ભગવાન તારો સ્વભાવ તો એવો છે. જ્ઞાન અને આનંદ અને શાંતિ અને સ્વચ્છતાનો ભંડાર તારો સ્વભાવ છે. એવો સ્વભાવ નવા કર્મબંધનમાં નિમિત્ત નથી થતો. .. બંધતા નથી. એ પણ દ્રવ્યસ્વભાવનું પરિણમન હોવાથી, અબંધ પરિણમન હોવાથી. આહા..હા..! વસ્તુ પોતે ભગવાન અબંધસ્વરૂપી એની દૃષ્ટિ થતાં પરિણામ પણ અબંધ પરિણામ ઉત્પન્ન થવા, અબંધ પરિણામ કહો કે મોક્ષમાર્ગના પરિણામ કહો. એવા પરિણામ થયા એને નવા કર્મ એને બંધતા નથી. અબંધ પરિણામથી બંધાય? બંધ પરિણામ તો એના છે જ નહિ. રાગાદિ જે થાય છે એનું પરિણમન નથી સમકિતીને. એમ કહે છે અહીં તો. પંડિતજી! આહા..હા..!

ત્યારે કે અજ્ઞાની અને જ્ઞાની પોતાના દ્રવ્ય સિવાય, વસ્તુ સિવાય પરવસ્તુની પર્યાય સ્વકાળે એમાં થાય છે. એનો તો કર્તા અજ્ઞાની કે જ્ઞાની છે નહિ અને જ્ઞાની, અજ્ઞાની પોતાના સ્વભાવનું ભાન નથી અને રાગ અને દ્વેષરૂપ જેનું પરિણમન છે એવો અજ્ઞાનભાવ એ રાગ-દ્વેષનું પરિણમન એ જ અજ્ઞાનભાવ છે. એને નવું કર્મ બંધાય છે એ નવા રજકણ કર્મરૂપ થવા એ કર્મને કારણે છે. આત્માના રાગને કારણે નહિ. છતાં બંધમાં અજ્ઞાનીના રાગ-દ્વેષ અજ્ઞાનભાવ નિમિત્ત કહેવામાં આવે છે. આ નિમિત્ત જોઈને અજ્ઞાની કહે છે કે નિમિત્ત છેને? નિમિત્ત છેને? નિમિત્તથી તો હું કરું છું કે નહિ? એમ માનનારો નિર્વિકલ્પ સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**અજ્ઞાનને લીધે...**' '**અજ્ઞાનભાવે પરિણમતો હોવાથી...**' આ કારણ આપ્યું. ભગવાન આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ હોવા છતાં, એનું ભાન નહિ હોવાથી અજ્ઞાનથી '**અજ્ઞાનભાવે પરિણમતો હોવાથી...**' અજ્ઞાનથી '**અજ્ઞાનભાવે પરિણમતો હોવાથી...**' અહીં લેવું. સમજાણું કાંઈ? અજ્ઞાનથી અજ્ઞાનભાવ રાગ-દ્વેષાદિનું પરિણમન હોવાથી. આહા..હા..! '**નિમિત્તભૂત થતાં,...**' નવા કર્મ તો એની પર્યાય એને કાળે પોતાથી કર્મપર્યાય થાય છે.

અને '**નિમિત્તભૂત થતાં, પૌદ્‌ગલિક કર્મ ઉત્પન્ન થાય છે,...**' પુદ્‌ગલ કર્મ ત્યાં ઉત્પન્ન થાય છે. કર્મરૂપ. '**તેથી 'પૌદ્‌ગલિક કર્મ આત્માએ કર્યું'...**' આહા..હા..! નિમિત્ત દેખીને કર્મની પર્યાય તો કર્મથી થાય છે, પણ નિમિત્ત દેખીને આ પર્યાય મેં કરી '**એવો નિર્વિકલ્પ વિજ્ઞાનઘનસ્વભાવથી, ભ્રષ્ટ...**' આહા..હા..! પોતાનો આનંદસ્વરૂપ ભગવાન આત્મા જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ એના ભાન વિના નિર્વિકલ્પ સ્વભાવથી ભ્રષ્ટ. નિર્વિકલ્પ વિજ્ઞાનઘનસ્વભાવ. એ તો વિજ્ઞાનનો પુંજ છે આત્મા. વિજ્ઞાનનો ઘન છે. એવા સ્વભાવથી ભ્રષ્ટ જીવ અજ્ઞાની '**વિકલ્પપરાયણ...**' અહીંથી ભ્રષ્ટ, ત્યાંથી પરાયણ. સમજાણું કાંઈ? આ તો સમયસાર છે. જગતના ચક્ષુ છે. ભરતક્ષેત્રના કેવળજ્ઞાનીરૂપી ચક્ષુ એવા ચક્ષુ છે આ. સમજાણું કાંઈ?

કહે છે કે પોતાનું ચૈતન્યસ્વરૂપ એ આનંદઘન, વિજ્ઞાનઘન ત્રિકાળ નિર્વિકલ્પ એની જેને દૃષ્ટિ થઈ, ધર્મદશા થઈ એને તો અબંધ પરિણામ ઉત્પન્ન થાય છે. તો અબંધ પરિણામને નવું બંધન થતું નથી તો એને નિમિત્ત પણ હોતું નથી. અજ્ઞાની પોતાનો વિજ્ઞાનઘન સ્વભાવ નિર્વિકલ્પથી ભ્રષ્ટ થતાં, અજ્ઞાનભાવરૂપ રાગ-દ્વેષ અને પુણ્યભાવથી પરિણમતો એ વિકલ્પમાં પરાયણ છે. આહા..હા..! ધર્મી જીવ તો સ્વભાવમાં પરાયણ છે. સમજાણું કાંઈ? ભારે કામ ભાઈ! આટલી સ્પષ્ટતા અને આટલી ચોખવટ થોડા શબ્દોમાં એટલું બધું ભર્યું છે. આખા ચૌદ બ્રહ્માંડના નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કોને હોય છે? કર્મની સાથે. અજ્ઞાનીને હોય છે. એય..! જ્ઞાનીને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે જ નહિ.

મુમુક્ષુ :- ભાવપરિણતિમાં...

ઉત્તર :- રાગની પરિણતિને જ અજ્ઞાન કહ્યું. રાગભાવ એ વિકલ્પભાવ એ અજ્ઞાનભાવ છે. અજ્ઞાન શબ્દે એમાં જ્ઞાન નથી, આત્માનો સ્વભાવ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બે વાત કહી—એક તો નવું બંધન સમકિતી ધર્મીને હોતું નથી. બંધન નથી તો નિમિત્ત પરિણામ એની પાસે છે નહિ માટે બંધન થતું નથી. અજ્ઞાની સ્વરૂપનો અજાણ ચૈતન્યઘનથી ભ્રષ્ટ થઈને વિકારરૂપે પુણ્ય અને પાપમાં તત્પર. વિકલ્પ પરાયણ છેને? એ શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિનો શુભભાવ. એમાં અજ્ઞાની તત્પર. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**વિકલ્પપરાયણ અજ્ઞાનીઓનો વિકલ્પ છે;...**' અજ્ઞાનીઓનો એ વિકલ્પ છે, રાગ છે. '**તે વિકલ્પ ઉપચાર જ છે,...**' એ વ્યવહાર છે, ઉપચાર છે. સાચી વાત છે નહિ. આહા..હા..! ભારે વાત ભાઈ! અહીં તો કહે કર્મ જો ન બાંધે આત્મા તો એ છોડી શકે નહિ. મોક્ષ થાય નહિ. અરે..! ભગવાન! શું કહેવું છે તારે ભાઈ! બહુ .. કર્યું છેને? કર્મ રજકણ બાંધે. બાંધે અને એ પોતે પુરુષાર્થથી બાંધે અને પુરુષાર્થથી છોડે. જડનું બાંધવું હશે આત્મામાં? આહા..હા..! સમજાણું કાંઈ? અનંત-અનંત સર્વજ્ઞો અનંત કેવળીઓ એનો આ માર્ગ છે, ભાઈ! આ કાંઈ આલી-દુઆલી-કાયરના માર્ગ નથી. સમજાણું કાંઈ? કહે છે

કે જેને ભગવાન આત્મા સ્વરૂપનું ભાન કરીને અનુભવ થયો, દૃષ્ટિ સ્વરૂપની પ્રગટ થઈ એ દૃષ્ટિ અબંધ પરિણામ છે. એથી એને બંધન હોતું નથી. ચારિત્રનો રાગ હોવા છતાં એ રાગ એનો નથી એટલે એના પરિણામમાં એ છે નહિ. આહા..હા..! એના પરિણામમાં છે નહિ. સમજાણું કાંઈ?

'**અજ્ઞાનીઓનો વિકલ્પ છે;...**' નવા બંધનમાં હું નિમિત્ત છુંને? નિમિત્ત છું તો ત્યાં થયુંને? મેં રાગ-દ્વેષ કર્યા તો કર્મના પરમાણુની પર્યાય થઈને? એવા નિમિત્ત ઉપર જેની દૃષ્ટિ છે એવા અજ્ઞાનીઓનો વિકલ્પ છે કે મને નિમિત્ત થયું તો બંધાણો એ વિકલ્પ ઉપચાર છે, ખોટો છે. વ્યવહાર કહો, જૂઠો કહો. તારો વિકલ્પ જૂઠો છે. એ વસ્તુનું સ્વરૂપ એમ છે નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? બહુ ઝીણું ભાઈ! વીતરાગ માર્ગને... ..

'**ભાવાર્થ :- કદાચિત્ થતા...**' જુઓ, કહે છે કે અજ્ઞાનીઓનો રાગ-દ્વેષ નવા બંધનમાં નિમિત્ત એ તો કદાચિત્ થતા. સદાય તો હોય નહિ. આત્માનું ભાન થયું તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે નહિ. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એ વ્યવહાર છે. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાય છે કાંઈ? '**કદાચિત્ થતા...**' એટલે અજ્ઞાન છે ત્યાં સુધી થતા '**નિમિત્તનૈમિત્તિકભાવમાં...**' નવા કર્મ બંધાય એ નૈમિત્તિક અને અજ્ઞાનીનો રાગ-દ્વેષ નિમિત્ત. '**કર્તાકર્મભાવ કહેવો તે ઉપચાર છે.**' વ્યવહાર છે. યથાર્થ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ ઝીણો ભાઈ! અહીં તો હું આ કરી દઉં, આ કરી દઉં અને મંદિર બનાવી દઉં. પૈસા ખર્ચું. ખર્ચું શું કહે છે? વાપરું. એવા પૈસા. જડની પર્યાય કોણ કરી શકે? મંદિર બનાવવું તે કોણ બનાવે? એમ કહે છે. સમજાણું કાંઈ? એ તો જડની પર્યાયને કાળે એની અવસ્થા થાય છે. એમાં અજ્ઞાનીનું પરિણામ નિમિત્ત છે એમ પણ નથી. આહા..હા..! અજ્ઞાનીના પરિણામ નિમિત્ત એના બંધનમાં છે. ઉપાદાનપણે પરમાણુ પરિણમે છે એમાં નિમિત્ત છે. એનો કર્તા તો છે જ નહિ. આહા..હા..!

આ વાક્યરચના જડની બને. અમે બનાવી. અમે બનાવી. એ તો મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. એ વિકલ્પપરાયણ આવું માને એમ કહે છે. વિકલ્પપરાયણ તો એમ માને કે મેં આ કર્યું માટે આ થયુંને? એવો અજ્ઞાનીનો વિકલ્પ તે પણ જૂઠો છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેણે અનંત દ્રવ્ય કહ્યા અને છે. છે અનંત પદાર્થ છે કે નહિ? તો અનંત પદાર્થમાં એક પદાર્થ બીજાનું કરે એ ક્યાં રહ્યું? પણ અહીંયાં તો એક પદાર્થમાં જ્યારે અજ્ઞાનભાવ છે ચૈતન્ય ત્યારે અજ્ઞાનમાં રાગ-દ્વેષ ઉપર દૃષ્ટિ થવાથી પર્યાયબુદ્ધિ થવાથી, સ્વભાવબુદ્ધિ નહિ હોવાથી રાગના વિકલ્પનો કર્તા થઈને પરિણમે છે. એ તો પરિણમે છે કહે છે. અને તે કાળે કર્મબંધન જે કર્મથી થાય છે. એમાં અજ્ઞાનીના રાગનું પરિણમન નિમિત્ત છે. એટલું દેખીને વિકલ્પથી પરાયણ નિર્વિકલ્પથી ભ્રષ્ટ એવો અજ્ઞાનીનો નિમિત્ત ઉપચાર છે. આહા..હા..!

ભારે વાત ભાઈ! આ બધું સમજવું પડે આ બધું?

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એની આ આજ્ઞા છે. ભાઈ! તું કોણ છો? હું આત્મા છું. તો તારો સ્વભાવ શું છે? કે રાગ. અરે..! રાગ સ્વભાવ જૂઠો છે. કહો, સમજાણું કાંઈ? તારો સ્વભાવ તો જ્ઞાન અને આનંદ છે. એવી દૃષ્ટિ થયા વિના અજ્ઞાની પોતાના સ્વભાવને ભૂલીને, સ્વભાવનો આદર છોડીને જે કાંઈ શુભ રાગાદિ પુણ્ય થાય છે એનો આદર કરીને પરિણમન કરે છે એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! એ મિથ્યાત્વભાવ એને નવું કર્મ બંધાય છે. એ એને કારણે બંધાય છે, પણ આ નિમિત્ત દેખીને મેં કર્યું. એ ઉપચાર છે. એ છે તો થયું. તું છો તો તારામાં અજ્ઞાન થયું. સમજાણું કાંઈ? જ્ઞાતા-દૃષ્ટા .. જ્ઞાતા-દૃષ્ટા તો અનાદિ છે. તો અનાદિનો ધર્મ થઈ ગયો. હવે સાંભળને ભાઈ! જેણે આત્મા જ્ઞાનસ્વરૂપ અને આનંદસ્વરૂપ છે એવું ભાન થયું એ જ પર્યાયમાં જ્ઞાતા-દૃષ્ટા પુરુષાર્થથી થયો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ જ્ઞાતા-દૃષ્ટા તો ત્રિકાળ છે. ત્રિકાળ છે એટલે ધર્મ થઈ ગયો? .. એમ કહે છે કે જ્ઞાતા-દૃષ્ટા ધર્મ. નહિ. અશુભયોગને ટાળીને, શુભયોગમાં આવે તો ધર્મ થાય (એમ લોકો કહે છે). લ્યો ઠીક! ...માં આવી જાય... એ બધા બોલ સારા નીકળ્યા છે. આ .. અહીં નાખ્યા છે ત્રણ બોલ તો. ... આહા..! શુભકર્મ ધર્મ નથી, મોક્ષમાર્ગ બીજો છે એમ અહીંનું લખાણ કરીને .. નામ આપ્યા છે. કાનજીભાઈ .. ત્રણ બોલ છે... આહા..હા..!

કહે છે કે તારી ચીજનું જેને ભાન નથી એ અજ્ઞાનીનું પરિણામ. અજ્ઞાનીના પરિણામનો અર્થ એ રાગનું પરિણમન થવું એ જ અજ્ઞાન પરિણમન છે. સમજાણું કાંઈ? અને એ પરિણમન ક્યારે છૂટે? કર્મ છૂટે તો છૂટે એમ નથી. પોતાના જ્ઞાયકભાવની દૃષ્ટિ કરવાથી એ રાગનું પરિણમન છૂટી જાય છે. અને એને કારણે નવા કર્મ બંધાય છે. એને કારણે નિમિત્ત થઈને બંધાય એટલું પણ એને નથી. નવા બંધનમાં ધર્મીનું પરિણામ નિમિત્ત નથી થતું. ભારે કામ! એટલે કે એને બંધન થતું નથી. એમ કહે છે. અને અજ્ઞાનીને જે બંધન થાય છે એ તો કર્મ તો કર્મને કારણે બંધાય છે, પણ અજ્ઞાની રાગ અને પુણ્યના પરિણામનો કર્તા થઈને એ પરિણમન જ રાગરૂપ અજ્ઞાનીનું તો છે. એ પરિણમન નિમિત્તપણે થઈને નવું કર્મ કર્મથી બંધાય છે એટલું નિમિત્ત દેખીને રાગમાં પરાયણ આત્માનું એ વિકલ્પ છે કે હું છું તો અંદર કર્મ બંધાણુ. એવો ઉપચાર અજ્ઞાનીનો કહેવામાં આવે છે. ભારે ઝીણું ભાઈ આવું. કહો, પૂજા ને ભક્તિ ને દાન ને દયાના પરિણામ તો વિકાર. એ વિકારપણે પરિણમે છે એને અજ્ઞાની કહે છે. અરે..! ગજબ વાત છે. સમજાણું કાંઈ? જ્ઞાનીને એ વખતે રાગ આવે છે ભક્તિ આદિ. એ આવે છે પણ નિશ્ચયથી એનું પરિણમન નથી. આહા..! એનું જ્ઞાન

કરે છે તો એનો ભાવ છે. રાગ વ્યવહાર આવ્યો એનું જ્ઞાન કરવું. કરવાનો અર્થ એ સહજ સ્વપરપ્રકાશક જ્ઞાન થાય છે. એ એનું કાર્ય છે. ભારે! આટલું બધું ...

'કદાચિત્ થતા...' શું કહે છે? જ્યાં સુધી અજ્ઞાનભાવ છે ત્યાં સુધી નવા કર્મ કર્મથી બંધાય છે. એનો અજ્ઞાનીનો રાગ-દ્વેષ અજ્ઞાન નિમિત્ત કહેવામાં આવે છે. એ અજ્ઞાન છે ત્યાં સુધી. એને '**નિમિત્તનૈમિત્તિકભાવમાં કર્તાકર્મભાવ કહેવો તે ઉપચાર છે.**' આહા..હા..!

---

## ગાથા-૧૦૬

कथमिति चेत् —

जोधेहिं कदे जुद्धे राएण कदं ति जंपदे लोगो।
ववहारेण तह कदं णाणावरणादि जीवेण।।१०६।।
योधैः कृते युद्धे राज्ञा कृतमिति जल्पते लोकः।
व्यवहारेण तथा कृतं ज्ञानावरणादि जीवेन।।१०६।।

यथा युद्धपरिणामेन स्वयं परिणममानैः योधैः कृते युद्धे युद्धपरिणामेन स्वयमपरिणममानस्य राज्ञो राज्ञा किल कृतं युद्धमित्युपचारो, न परमार्थः। तथा ज्ञानावरणादिकर्मपरिणामेन स्वयं परिणममानेन पुद्गलद्रव्येण कृते ज्ञानावरणादिकर्मणि ज्ञानावरणादिकर्मपरिणामेन स्वयमपरिणममानस्यात्मनः किलात्मना कृतं ज्ञानावरणादिकर्मेत्युपचारो, न परमार्थः।

---

હવે, એ ઉપચાર કઈ રીતે છે તે દૃષ્ટાંતથી કહે છે :-

યોદ્ધા કરે જ્યાં યુદ્ધ ત્યાં એ નૃપ કર્યું લોકો કહે,
એમ જ કર્યાં વ્યવહારથી જ્ઞાનાવરણ આદિ જીવે. ૧૦૬.

ગાથાર્થ :- [योधैः] યોદ્ધાઓ વડે [युद्धे कृते] યુદ્ધ કરવામાં આવતાં, '[राज्ञा कृतम्] રાજાએ યુદ્ધ કર્યું' [इति] એમ [लकः] લોક [जल्पते] (વ્યવહારથી) કહે છે [तथा] તેવી રીતે '[ज्ञानावरणादि] જ્ઞાનાવરણાદિ કર્મ [जीवेन कृतं] જીવે કર્યું' [व्यवहारेण] એમ વ્યવહારથી કહેવાય છે.

ટીકા :- જેમ યુદ્ધપરિણામે પોતે પરિણમતા એવા યોદ્ધાઓ વડે યુદ્ધ કરવામાં આવતાં, યુદ્ધપરિણામે પોતે નહિ પરિણમતા એવા રાજા વિષે 'રાજાએ યુદ્ધ કર્યું' એવો ઉપચાર છે, પરમાર્થ નથી; તેમ જ્ઞાનાવરણાદિકર્મપરિણામે પોતે પરિણમતા એવા પુદ્‌ગલદ્રવ્ય વડે જ્ઞાનાવરણાદિ કર્મ કરવામાં આવતાં, જ્ઞાનાવરણાદિકર્મપરિણામે પોતે નહિ પરિણમતા એવા આત્મા વિષે 'આત્માએ જ્ઞાનાવરણાદિ કર્મ કર્યું' એવો ઉપચાર છે, પરમાર્થ નથી.

ભાવાર્થ :- યોદ્ધાઓએ યુદ્ધ કર્યુ હોવા છતાં 'રાજાએ યુદ્ધ કર્યું' એમ ઉપચારથી કહેવાય છે તેમ પુદ્‌ગલદ્રવ્યે જ્ઞાનાવરણાદિ કર્મ કર્યું હોવા છતાં 'જીવે કર્મ કર્યું' એમ ઉપચારથી કહેવાય છે.

---

## ગાથા-૧૦૬ ઉપર પ્રવચન

'હવે, એ ઉપચાર કઈ રીતે છે તે દૃષ્ટાંતથી કહે છે :-' કહો સમજાણું કાંઈ? ભારે ઝીણું ભાઈ! ૧૦૬.

जोधेहिं कदे जुद्धे राएण कदं ति जंपदे लोगो।
ववहारेण तह कदं णाणावरणादि जीवेण।।१०६।।

યોદ્ધા કરે જ્યાં યુદ્ધ ત્યાં એ નૃપ કર્યું લોકો કહે,
એમ જ કર્યાં વ્યવહારથી જ્ઞાનાવરણ આદિ જીવે. ૧૦૬.

આહા..હા..! જો એમ કહો કે સંતોની કથની આ છે. તો થઈ ગયા ભાષાના કર્તા. જો વાણીની કથની આ છે. મુનિ આમ કહે છે એમ કેમ કહો છો તમે? વાણી આમ કહે છે એમ કહોને. સાંભળને હવે. એ તો નિમિત્તનું કથન છે. એવી કથનશૈલીમાં કથનના રજકણ તો પોતાથી પરિણમે છે. પણ નિમિત્ત કોણ હતું? એ નિમિત્ત છે, એને નિમિત્ત છે તો મિથ્યાદૃષ્ટિ એમ નહિ. માત્ર નિમિત્ત છે એનું જ્ઞાન કરે છે. અને પર બંધનમાં કે વિકાર પરિણામમાં રાગનો કર્તા થઈને નિમિત્ત જે થાય તો એ નિમિત્ત કર્તા છે એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? એ વાત થઈ ગઈ પહેલી. વાત થઈ હતીને ...? તે કાળે દરેક દ્રવ્યની પર્યાય થાય છે. એમાં પરનો સ્વકાળ નિમિત્ત કહો, નિમિત્ત કર્તા નહિ. સમજાણું કાંઈ? નિમિત્ત કર્તા તો અજ્ઞાની થાય છે એમ કહે છે.

જ્યારે રાગ અને દ્વેષના પરિણામનું પરિણમન મારું અને સ્વભાવની દૃષ્ટિનો જ્યાં અભાવ છે એનું એ પરિણામ પરની પર્યાય-ઘટપટાદિની પોતાથી થાય છે. એમાં નિમિત્ત કર્તા અજ્ઞાનીને

કહેવામાં આવે છે. આહા..હા..! ભારે ભાઈ આવું? જ્ઞાની નિમિત્ત કહો, એ અવસ્થાકાળે એનું નિમિત્ત છે. તો નિમિત્ત છે તો રાગ છે માટે નિમિત્ત છે એમ નથી. એનું જ્ઞાન છે. એ જ્ઞાન છે એ જડની પર્યાયમાં નિમિત્ત કહેવામાં આવે છે. અને જડની પર્યાય જે થાય છે એ જ્ઞાનમાં નિમિત્ત કહેવામાં આવે છે. એ નિમિત્ત જુદી ચીજ છે અને નિમિત્તકર્તા જુદી ચીજ છે. આહા..હા..! ફુલચંદજીએ તો એવું મૂક્યું છે નહિ કીધું હતુંને? એમ કે ઉપાદાનનું લક્ષણ આગમમાં છે, નિમિત્ત કર્તાનું લક્ષણ આગમમાં નથી. એમ નાખ્યું ખાણિયા ચર્ચામાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભાષાવર્ગણામાં કેવળી જ્ઞાનનું જ્ઞાન નિમિત્ત છે. નિમિત્તકર્તા નથી. એવું આ તો અલકમલકની વાતું છે. અલકમલકની નહિ પણ અગમનિગમની. આ દુનિયા અલકમલકની વાત કરે છેને. આ તો ભગવાન ત્રિલોકનાથ વીતરાગ અગમનિગમની વાત કરે છે. ભગવાનની વાણી નીકળે છે એ વાણીમાં જ્ઞાન નિમિત્ત કહો, પણ નિમિત્ત કર્તા નથી. અહીંયાં તો બંધનમાં નિમિત્ત છે. એ નિમિત્ત કર્તા તરીકે છે. એ વિકલ્પથી એમ કહે છે કે હું કરતો થકો. એમ છે નહિ એમાં. અને લોકાલોક જેવું જ્ઞાનમાં જાણે છે ભગવાન! એવી ભાષાને કાળે પહેલા જાણતા હતા એ તો કે આ સમયે ભાષા નીકળે એનું જ્ઞાન તો પહેલાથી થઈ ગયું. કેવળજ્ઞાની પરમાત્માને ભાષા જ્યારે થાય છે ત્યારે જ એને જાણે એમ તો છે નહિ. તો જ્યારે એ કેવળજ્ઞાન થાય છે ત્રણ કાળ, ત્રણ લોક જાણવાની પર્યાય. પરથી જાણે કે અત્યારે એ સમયે ભાષા નીકળશે. એ મારા જ્ઞાનમાં નિમિત્ત છે. હું નિમિત્ત તો પહેલેથી જાણે છે. નવું જાણવું છે નહિ. આહા..હા..! ભારે વાત! નિમિત્તનો-નિમિત્તનો ગોટાળો માર્યો છે. પંડિતજી! વાત તો એવી છે. આહા..હા..!

પ્રભુ! તું તો જ્ઞાન જગતની ચીજો તો જ્ઞેય છેને. અરે..! ભગવાન! તું તો જ્ઞાન અને રાગાદિ પણ તારું તો જ્ઞેય છે. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ જે ઉઠે છે એ પણ જ્ઞેય છે. આત્માનો નહિ. રાગ છે એ તો. આસ્રવ છે. આસ્રવ આત્માનો થઈ ગયો? તો એ આસ્રવ પોતાનો છે. એમ માનનારા અજ્ઞાની નવા બંધમાં એવા પરિણામને નિમિત્ત કહેવામાં આવે છે. ભારે! આ તો ઉપાદાન-નિમિત્તનો ગોટો ઉઠેને. કહે છે

'**ટીકા :- જેમ યુદ્ધપરિણામે પોતે પરિણમતા...**' દૃષ્ટાંત આપ્યું. યુદ્ધ પરિણમનને કાળે, '**જેમ યુદ્ધપરિણામે પોતે પરિણમતા...**' એ તો પોતાના પરિણામે યુદ્ધ પરિણમે છે. '**એવા યોદ્ધાઓ વડે યુદ્ધ કરવામાં આવતાં,...**' '**એવા યોદ્ધાઓ વડે યુદ્ધ કરવામાં આવતાં, યુદ્ધપરિણામે પોતે નહિ પરિણમતા એવા રાજા વિષે 'રાજાએ યુદ્ધ કર્યું' એવો ઉપચાર છે,...**' લ્યો! સમજાણું કાંઈ? .. એમ કહે છેને? પાકિસ્તાન અને હિન્દુસ્તાન લડે છે. પાકિસ્તાન અને હિન્દુસ્તાન લડે છે? એમાં રહેલો માણસ રાગ-દ્વેષ કરે છે અને

.. કહેવામાં આવે છે. કાઠિયાવાડી અને ફલાણા એની વચ્ચે વેર છે, આ રુસ અને અમેરિકા વચ્ચે વેર છે. રુસનો દેશ. જોડે વેર છે? આહા..હા..! એમ અહીંયાં કહે છે કે યોદ્ધાઓ જ્યારે યુદ્ધ કરે છે ત્યારે પોતાના પરિણામથી યોદ્ધા પરિણમે છે. અને રાજાએ હુકમ કર્યો, પણ રાજા એરૂપ પરિણમતો નથી. રાજા તો ભિન્નપણે ખાતો-પીતો હોય. કહો, સમજાય છે કાંઈ? એ તો જલેબીને ઉડાવતો હોય ત્યાં બહાર. અને યોદ્ધા તો લડતા હોય. એ ફક્ત હુકમ નિમિત્ત દેખીને

'**યુદ્ધપરિણામે પોતે નહિ પરિણમતા...**' રાજા પરિણમે છે? રાજા તો ક્યાંય મહેલમાં બેઠો હોય. રાજાએ (કર્યું) એવો વ્યવહાર કહેવામાં આવે છે. ''**રાજાએ યુદ્ધ કર્યું**'...' કહો, સમજાણું કાંઈ? અંગ્રેજ સરકાર લડે છે. તો અંગ્રેજ સરકાર આવે છે ત્યાં? માણસ છે ત્યાં તો. આહા..હા..! ભારે! '**પરમાર્થ નથી;...**' રાજાએ યુદ્ધ કર્યું એ પરમાર્થે નથી. રાજાને ક્યાં? રાજા તો ખાતો હોય, પીતો હોય ત્યાં સૂતો હોય નિરાંતે ઉંઘમાં. '**તેમ...**' આ તો દૃષ્ટાંત થયું. '**જ્ઞાનાવરણાદિકર્મ પરિણામે પોતે પરિણમતા એવા...**' ભાષા જુઓ, પોતે કર્મના પરમાણુઓ પોતે સ્વયં કર્મરૂપ થતા એવા '**પુદ્‌ગલદ્રવ્ય વડે જ્ઞાનાવરણાદિ કર્મ કરવામાં આવતાં,...**' એ પુદ્‌ગલ વડે કર્મની પર્યાય હોવા છતાં. '**જ્ઞાનાવરણાદિકર્મ પરિણામે પોતે નહિ પરિણમતા એવા...**' કર્મરૂપે પરિણમે છે આત્મા? આત્મા તો એના રાગરૂપ આદિ પરિણમે છે. આહા..હા..! જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, જુઓ, વેદનીય, મોહનીય, નામ, ગોત્ર, અંતરાય, આયુષ્ય. કહે છે ભગવાન આત્માએ આયુષ્ય બાંધ્યું એવું. આહા..હા..! એ તો નિમિત્તનું કથન છે. આયુષ્ય તો પુદ્‌ગલથી બંધાણું છે. રજકણ જડ છે. સમજાણું કાંઈ? યોદ્ધાઓ લડે છે એ તો પોતાના પરિણામથી. રાજાના પરિણામ ત્યાં આવ્યા છે? રાજારૂપે પરિણમે છે? એમ ભગવાન આત્મા પોતામાં રાગાદિરૂપ પરિણમન થતાં જ્ઞાનાવરણાદિકર્મરૂપ પરિણામ સ્વયં એના પરિણામથી પરિણમે છે કર્મ તો. આત્મા બાંધતો નથી, આત્મા પરિણમાવતો નથી. આહા..હા..! ભારે! જૈનનો આ સિદ્ધાંત મોટો કર્મનો ભારે બહુ.

આત્મામાં એવો ઉપચાર કરવામાં આવે છે કે '**આત્મા વિષે 'આત્માએ જ્ઞાનાવરણાદિ કર્મ કર્યું'...**' એ '**પરમાર્થ નથી.**' એ આત્મા કર્મ બાંધે છે અને કર્મ કર્યું એ સાચી વાત છે નહિ. આહા..હા..! ઉપચારથી કહેવામાં આવે છે. પરિણમે છે તો એની પર્યાયથી. થવાની લાયકાતવાળો પરમાણુ એ કર્મરૂપ થાય છે. અજ્ઞાનીનો અજ્ઞાનભાવ રાગ-દ્વેષમાં નિમિત્ત થાય છે. સમજાણું? એ પરિણમન અહીંયાં તો છે નહિ. કર્મનું પરિણમન અહીંયાં તો છે નહિ. જેમ યોદ્ધાના પરિણામ રાજા પાસે નથી. બરાબર છે? યોદ્ધાના પરિણામ રાજા પાસે નથી. એમ કર્મનું પરિણામ આત્મા પાસે નથી. ભારે ...! સિદ્ધાંત તો બહુ થોડા છે તત્ત્વના,

પણ એને સમજવામાં .. સમજતા નથી માટે. એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાય કરે નહિ એ સિદ્ધાંત. હવે જ્યારે પર્યાય થાય છે ત્યારે અજ્ઞાનીનો રાગ-દ્વેષ છે એ નિમિત્ત તે જોઈને. એ એણે કર્યું એ પરિણામ તો અહીંયાં નથી. યોદ્ધાના પરિણામ યોદ્ધા... એમ કર્મના પરિણામ ત્યાં આત્મા પાસે છે નહિ. સમજાણું કાંઈ?

આ તત્ત્વના યથાર્થ નિર્ણય વિના ગોટા ઉઠ્યા વિના રહે નહિ. અરે..! અમે કર્મ બાંધીએ અને અમારે ભોગવવા. કોને કરે? તું રાગ-દ્વેષ કર અને રાગ-દ્વેષ ભોગવ બસ અજ્ઞાનભાવે. રાગ-દ્વેષને કરે અને રાગ-દ્વેષને ભોગવવા એ અજ્ઞાનભાવ છે. જ્ઞાનભાવે તો રાગ-દ્વેષ કરવા અને રાગ-દ્વેષ ભોગવવા એ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓને કેવો સિદ્ધાંત મૂક્યો છે! યોદ્ધાના પરિણામપણે યોદ્ધા જ પરિણમે છે. તો રાજા? એમ કર્મરૂપે પરિણામ થયા તો કર્મ પુદ્‌ગલના છે. આત્માના છે એ પરિણામ? આહા..હા..! .. યોદ્ધાના પરિણામપણે પરિણમતા જીવો, તો એ શું રાજાના પરિણામ છે? કર્મના પરમાણુઓ એ ત્યાં આત્માના છે? આહા..હા..! આત્માના છે નહિ તો એ પરિણમ્યા કેમ? એ તો પરમાણુ પરિણમે છે. કર્મની જડ પર્યાય પરિણમે છે એ શું તારા પરિણામ છે? અજ્ઞાનીને પોતાના સ્વરૂપનું ભાન નથી. એ જ્ઞાનપણે ન થતાં, રાગપણે થાય છે. એ પરિણામમાં નિમિત્ત દેખીને આત્મા જ્ઞાનાવરણીય બાંધે એવું ઉપચારથી કહેવામાં આવે છે. ખરેખર તો એ પણ સત્ય છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક વદ-૫, શનિવાર, તા. ૨૫-૧૧-૧૯૭૨
## ગાથા-૧૦૬-૧૦૭, પ્રવચન-૨૩૩

૧૦૭ ગાથા. ભાવાર્થ આવી ગયો છેને? બાકી છે. ૧૦૬નો ભાવાર્થ. અહીંયાં એ સિદ્ધ કરવું છે કે આ આત્મા છે એ જડકર્મને બાંધવાની પર્યાય કરતો નથી. ભલે એ અજ્ઞાનભાવે રાગ-દ્વેષને કરે, પણ જડની પર્યાયને કરે એમ એનું હોઈ શકતું નથી. તો પરની દયા પાળી શકે એ પણ હોઈ શકતું નથી. સમજાણું કાંઈ? દયાનો ભાવ રાગ કરે અજ્ઞાનભાવે. એ અજ્ઞાનભાવ છે. દયાનો ભાવ એ રાગ એનું કરવું એ અજ્ઞાનભાવ છે. પણ રાગભાવ કરે છતાં એ કાળે કર્મના રજકણો કર્મરૂપે પરિણમે એમાં કાંઈ આત્મા કરે નહિ. આહા..હા..! કહો, સમજાણું

કાંઈ? એ કહે છે.

'**ભાવાર્થ :- યોદ્ધાઓએ યુદ્ધ કર્યું હોવા છતાં...**' યોદ્ધાઓ લડાઈમાં યુદ્ધ કર્યું હોવા છતાં "**રાજાએ યુદ્ધ કર્યું" એમ ઉપચારથી કહેવાય છે...**' એનો હુકમ અને આજ્ઞાનું નિમિત્ત હતું એટલે. પણ કાંઈ યોદ્ધાના પરિણામપણે રાજા પરિણમે છે કે રાજાના પરિણામપણે યોદ્ધા પરિણમે છે એમ છે નહિ. આહા..હા..! ભારે! '**તેમ પુદ્‌ગલદ્રવ્યે જ્ઞાનાવરણાદિ કર્મ કર્યું...**' એ પરમાણુએ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, આયુષ્ય આદિ પર્યાયપણે થયું. જડકર્મ એ પર્યાય થઈ. છતાં જીવે કર્યું એમ ઉપચારથી કહેવાય છે. આહા..હા..! આ બધા ધંધા પાણી કરે છેને મનસુખ! નથી? કહે છે કે આત્મા કર્મની પર્યાય જે પ્રકારે વિકાર કરે એ પ્રકારે જ કર્મના રજકણો, કર્મને કારણે, પોતાની પર્યાયના કાર્યકાળે એ પરિણમે જ્ઞાનાવરણીય આદિપણે. એમાં અજ્ઞાનીનો રાગ નિમિત્ત કહેવાય, પણ એનાથી એ પરિણમે છે એમ છે નહિ. એવું ઉપચારથી કહેવાય છે. ઓહો..હો..! જગતના બધા જેટલા કામ લ્યો બોલવાના, હાલવાના, વાંચવાના વિકલ્પ થયા. પુસ્તક આમ કરવાના, પાનું ફેરવવાના. આહા..હા..! સમજાણું કાંઈ? એ પર્યાય તો એનાથી થાય છે. પણ અજ્ઞાનીનો રાગ છે કે હું કરું એવો રાગનો કર્તા થાય છે અજ્ઞાની. તેથી એને નિમિત્ત કર્તા કહેવાય, પણ એના પરિણમન ઉપાદાનને કરે એમ છે નહિ.

---

## ગાથા-૧૦૭

अत एतत्स्थितम् —

उप्पादेदि करेदि य बंधदि परिणामएदि गिण्हदि य।
आदा पोग्गलदव्वं ववहारणयस्स वत्तव्वं।।१०७।।

उत्पादयति करोति च बध्नाति परिणामयति गृह्णाति च।
आत्मा पुद्गलद्रव्यं व्यवहारनयस्य वक्तव्यम्।।१०७।।

अयं खल्वात्मा न गृह्णाति, न परिणमयति, नोत्पादयति, न करोति, न बध्नाति, व्याप्यव्यापकभावाभावात्, प्राप्यं विकार्यं निर्वर्त्यं च पुद्गलद्रव्यात्मकं कर्म। यत्तु व्याप्यव्यापकभावाभावेऽपि प्राप्यं विकार्यं निर्वर्त्यं च पुद्गलद्रव्यात्मकं कर्म। यत्तु

व्याप्यव्यापकभावाभावेऽपि प्राप्यं विकार्यं निर्वर्त्यं च पुद्गलद्रव्यात्मकं कर्म गृह्णाति परिणमयति उत्पादयति करोति बध्नाति चात्मेति विकल्पः स किलोपचारः।

હવે કહે છે કે ઉપરના હેતુથી આમ ઠર્યું :—

ઉપજાવતો, પ્રણમાવતો, ગ્રહતો, અને બાંધે, કરે
પુદ્‌ગલદરવને આતમા-વ્યવહારનયવકતવ્ય છે. ૧૦૭.

ગાથાર્થ :- [आत्मा] આત્મા [पुदूलद्रव्यम] પુદ્‌ગલદ્રવ્યને [उत्पादयति] ઉપજાવે છે, [करोति च] કરે છે, [बध्नाति] બાંધે છે, [परिणामयति] પરિણમાવે છે [च] અને [गृह्णाति] ગ્રહણ કરે છે-એ [व्यवहारनयस्य] વ્યવહારનયનું [वक्तव्यम्] કથન છે.

ટીકા :- આ આત્મા ખરેખર, વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે, પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય-એવા પુદ્‌ગલદ્રવ્યાત્મક (-પુદ્‌ગલદ્રવ્યસ્વરૂપ) કર્મને ગ્રહતો નથી, પરિણમાવતો નથી, ઉપજાવતો નથી, કરતો નથી, બાંધતો નથી; અને વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવા છતાં પણ, ''પ્રાપ્ય, વિકાર્ય, અને નિર્વર્ત્ય-એવા પુદ્‌ગલદ્રવ્યાત્મક કર્મને આત્મા ગ્રહે છે, પરિણમાવે છે, ઉપજાવે છે, કરે છે અને બાંધે છે'' એવો જે વિકલ્પ તે ખરેખર ઉપચાર છે.

ભાવાર્થ :- વ્યાપ્યવ્યાપકભાવ વિના કર્તાકર્મપણું કહેવું તે ઉપચાર છે; માટે આત્મા પુદ્‌ગલદ્રવ્યને ગ્રહે છે, પરિણમાવે છે, ઉપજાવે છે, ઈત્યાદિ કહેવું તે ઉપચાર છે.

## ગાથા-૧૦૭ ઉપર પ્રવચન

હવે ૧૦૭. 'હવે કહે છે કે ઉપરના હેતુથી આમ ઠર્યું :—'

उप्पादेदि करेदि य बंधदि परिणामएदि गिण्हदि य।
आदा पोग्गलदव्वं ववहारणयस्स वत्तव्वं।।१०७।।

નીચે.

ઉપજાવતો, પ્રણમાવતો, ગ્રહતો, અને બાંધે, કરે
પુદ્‌ગલદરવને આતમા-વ્યવહારનયવકતવ્ય છે. ૧૦૭.

'**ટીકા :- આ આત્મા ખરેખર, વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે,...**' શું કહે છે? કે આઠ કર્મની પર્યાય જે થાય એ વ્યાપ્ય અને આત્મા વ્યાપક એવો એમાં અભાવ છે. સમજાણું કાંઈ? આ શરીરની અવસ્થા આમ થાય એ વ્યાપ્ય અને આત્મા એમાં વ્યાપક એનો કર્તા એવો અભાવ છે. સમજાણું કાંઈ? '**આ આત્મા ખરેખર, વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે,...**' જુઓ, નાખ્યું. '**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય-એવા પુદ્‌ગલદ્રવ્યાત્મક (-પુદ્‌ગલદ્રવ્યસ્વરૂપ) કર્મને ગ્રહતો નથી,...**' શું કહે છે? ઝીણી બહુ વાત. જ્યારે જ્ઞાનની અશાતના કરે જીવ, જ્ઞાનને ઓળવે, .. થાય સાચા જ્ઞાનનો, જ્ઞાનની અશાતના કરે ... છ બોલ. ક્યા? છ કારણ. સાચા જ્ઞાનને ઓળવે, સાચા જ્ઞાનનો વિરોધ કરે, સાચા જ્ઞાનથી વિપરીતભાવ કરે તો એ ભાવનો કર્તા અજ્ઞાની ભલે હોય, પણ એથી કર્મના પર્યાયને એ કરે એવા વ્યાપ્ય-વ્યાપકભાવનો અભાવ છે. અજ્ઞાની રાગના ભાવને વ્યાપ્યપણે કરે. વ્યાપક થઈને અજ્ઞાનપણે દયા, દાન આદિના ભાવને એ વ્યાપ્ય અને આત્મા વ્યાપક એટલે એ કાર્ય અને આત્મા કર્તા એમ ભલે હોય અજ્ઞાનભાવે. પણ જડકર્મને શરીર ને વાણીની ક્રિયામાં એ વ્યાપ્ય સામી અવસ્થા અને આત્મા વ્યાપક. એનો તો અભાવ છે. સમજાણું કાંઈ? શું હશે આ ભાઈ વજુભાઈ! બધા સંચા ચાલે છેને.

મુમુક્ષુ :- એની મેળે.

ઉત્તર :- એની મેળે. લ્યો! નથી આવ્યા અત્યારે? કહો, સમજાણું આમાં? આહા..હા..!

ખરેખર ભગવાન આત્મા '**વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે,...**' એટલે શું? કે આત્મા સિવાય કર્મ, વાણી, મન, શરીર, પરપદાર્થની અવસ્થા પ્રાપ્ય. તે કાળે એની અવસ્થા થવાની જડની એ એનું પ્રાપ્ય. આહા..હા..! એટલે શું કહ્યું? કે જ્ઞાનાવરણીયપણે કર્મ જે બંધાય એ જ્ઞાનાવરણીયપણે પરિણમવાની પર્યાય તે વખતે એનું પ્રાપ્ય જ હતું. તે વખતે જ તે અવસ્થા થવાની હતી. આહા..હા..! સમજાણું કાંઈ? એમ આ શરીર આમ થયું એ એની અવસ્થાનું એ પ્રાપ્ય છે. એ દ્રવ્યનું પ્રાપ્ય છે. દ્રવ્ય જ એને પહોંચી વળ્યું છે. એ જ પ્રાપ્યને આત્મા કરે એમ નહિ. સમજાણું કાંઈ? પ્રાપ્ય એટલે પરમાણુ કર્મની તે સમયની જે અવસ્થા. તે તે કાળે જ થવાની હતી એ એનું પ્રાપ્ય છે. સમજાણું કાંઈ? જીવે રાગ-દ્વેષ કર્યા માટે કર્મની પર્યાય થઈ એમ નથી. આહા..હા..! ભારે આકરું! સમજાય છે કાંઈ? એક પરમાણુ, દરેક પરમાણુ અને દરેક જડ. તે કાળની એની જે અવસ્થા છે તે એનું પ્રાપ્ય છે. એટલે તે અવસ્થા તે કાળે તેનાથી થયેલી છે. સમજાણું કાંઈ? ભારે ઝીણું!

'**વિકાર્ય,...**' તે જડ પદાર્થ કર્મની વર્ગણા જે હતી એ કર્મરૂપે થઈ એ વિકાર્ય. એ વખતે એની અવસ્થા પ્રાપ્યમાં વિકાર થઈને થવું એ જ એનો સ્વકાળ છે. આહા..હા..! જીવે જ્ઞાન કર્યું અને માટે ત્યાં કર્મની પર્યાયને થવું પડ્યું એમ નથી. આહા..હા..! સમજાણું

કાંઈ? રાગ થયો એક વિકલ્પ કે આને આ દસ રૂપિયાની નોટ લઈને અને પાંચ પાછા આપું. સમજાણું કાંઈ? ઓલાની પાસે પાંચ રૂપિયા નહોતા છુટા અને દસ રૂપિયાની નોટ હતી. માલ પાંચનો લીધો. લ્યો કહે. કહે છે કે એ પાંચની નોટ જવાનું પ્રાપ્ય જે પર્યાય જડને કારણે તે અવસ્થા જવાનું પ્રાપ્ય થયું છે. અને એ અવસ્થા પૂર્વે અમુક હતી અને પછી આમ થઈ એ એનું વિકાર્ય. પણ એ અવસ્થાનું એ વિકાર્ય છે. પલટીને આમ થયું. થયું, પ્રાપ્ય પલટીને એ વિકાર્ય છે. એવી એ પર્યાય. આહા..હા..!

અને '**નિર્વર્ત્ય...**' ઊપજ્યું. ઓલો તો ધ્રુવ તરીકે તે સમયે જ તે પર્યાય થવાની હતી. જડની, કર્મની, શરીરની, વાણીની. આ ચશ્મા છેને જુઓને આ ચશ્મા દેખો. એથી આ ચશ્મા અહીંથી નીચે હતા અહીં ચડાવ્યા કે નહિ? કહો ક્યાં ગયા નરેન્દ્ર! શું આમાં કહેવું આ ચડાવ્યું એ? ક્યાં ગયો ઓલો? રામજીભાઈ! શું હશે? એ આ છે આમ અવસ્થા થઈ એ એનું પ્રાપ્ય છે. એ પરમાણુનું પ્રાપ્ય છે. પરમાણુ તે સમયની અવસ્થાપણે થાય એવો જ એનો સ્વકાળ હતો. અરે..! સમજાણું કાંઈ? આહા..! રોટલી ભાણામાં પડી છે. ઘીની તપેલી છે. તપેલી ઉપાડી. કહે છે કે એ ઘીની પર્યાય આમ થઈ એ વખતે તે જ એનું પ્રાપ્ય છે. એ જ થવાની એની અવસ્થા હતી. જીવે એમાંથી કાંઈ કર્યું. આહા..હા..! એમ નથી. કહો, હવે આમાં માણસને...

મુમુક્ષુ :- ગળે ન ઉતરે. ગળે ઉતરી જાય ઝટ એવું છે.

ઉત્તર :- ઝટ ઉતરે એવું છે. છોકરો થોડુંક ઘી લેતો હોય તો એની બા એમ કહે જરી લેને થોડું લેને વધારે. થોડું-થોડું વધારે નાખ બહુ.. થોડું. હવે કહે છે કે ઈ વધારે ઘીની તપેલીમાં આમ પડવું એ તો તે પરમાણુનું એનું પર્યાયનું પ્રાપ્ય જ છે. આત્માથી નહિ. આહા..હા..! એય..! ગીરધરભાઈ! આ ગજબ વાત છે. અને એ પરમાણુ(ની અવસ્થા) પહેલી અમુક હતી અને આમ થયું જરી. વિકારી. એ પણ એ વખતનો જ સમયનો એનો વિકાર્ય છે અને એ સમયનું ઉપજ્યું. એને આત્મા વ્યાપ્ય એ અવસ્થા જીવની અને આત્મા એનો કર્તા વ્યાપક એમ તો છે નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? તો આ કાર્યકર્તાનું શું કરવું આમાં?

જગતના પદાર્થોમાં પોતા સિવાય તે-તે જડમાં અને તે-તે આત્મામાં, તે-તે જે અવસ્થાનો એનો સ્વકાળ છે તે વખતે થયો છે. એ એનું પ્રાપ્ય છે. અને એ બદલીને થયું એ અપેક્ષાએ વિકાર્ય છે. વસ્તુ તો એની એ છે. અને ઉત્પન્ન થયો એ અપેક્ષાએ નિર્વર્ત્ય. વસ્તુ એની એ. એ કહે છે જુઓ, '**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય...**' એના ચોપડામાં આવે નહિ, ક્યાંય શાસ્ત્રમાં આવે નહિ. આહા..હા..! કહે છે કે '**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય-એવા પુદ્ગલદ્રવ્યાત્મક (-પુદ્ગલદ્રવ્યસ્વરૂપ)...**' પુદ્ગલદ્રવ્યસ્વરૂપ જે કર્મની પર્યાય એને '**ગ્રહતો**

**નથી,...'** આત્મા એના પ્રદેશને પકડતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભાઈ! આત્મા જેવા ભાવ કરે એવા કર્મ બાંધે જીવ. એ વાત સાચી નથી. કહેવામાત્ર છે નિમિત્ત. ભારે વાત! ત્યાં અંદરમાં દશા આ, એમાં બહારમાં વળી કાંઈક કરે. એ તો અજ્ઞાનીની માનેલી વાત છે. મિથ્યાદષ્ટિની. પછી ભલે એ દયા પાળતો હોય અને વ્રત પાળતો હોય. પણ એના પરિણામ મિથ્યાત્વના છે. સમજાણું કાંઈ? કેમકે જે પરવસ્તુ એની જે કાળની પર્યાયરૂપી કર્મ એ કર્મને ઠગવું તેની અવસ્થા હતી. એને ભગવાન આત્મા એના પ્રદેશને ગ્રહતો નથી. સમજાણું કાંઈ? એ ઘી આમ પડ્યું એના પ્રદેશને જીવે પકડ્યા નથી. પકડ્યા નથી. એ તપેલી છે ઘીની એને પકડી નથી જીવે. એમ કહે છે. આંગળીએ પણ પકડી નથી એમ કહે છે અહીં તો. અરે..! ભારે કામ આકરું! સમજાણું કાંઈ?

વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવ એનું આ સ્વરૂપ સર્વજ્ઞે જોયું અને તે સાધારણ પ્રાણીને પણ બેસી શકે એવું છે. જ્યારે અનંત પદાર્થ જ્યારે ભિન્ન-ભિન્ન અનંત છે. તો ભિન્ન દ્રવ્યની જે અવસ્થાનો એનો કાળ એમાં એ થાય એને બીજું ભિન્ન દ્રવ્ય ગ્રહે શી રીતે? સમજાણું કાંઈ? કહો, મનહર! શું હશે આ બધું? તું તો ત્યાં બહુ કરે છે અંદર. બે દુકાનના ધંધા ને ફંધા. મકાન લે વેચ એમ વાતું કરે છે લોકો. એય..! શું કર્યું? આહા..હા..! કહે છે, ભાઈ! એકવાર સાંભળ. જગતના તત્ત્વોનો નિયમ. નિયમ. કે જે આ હોઠ હલે છે એ હલવાની અવસ્થા એ પરમાણુનું પ્રાપ્ય છે. એ પરમાણુની અવસ્થા છે. તે કાળે જ થવાની તે. સમજાણું કાંઈ? એ હોઠની પર્યાયનો કાળ એનો હતો આમ થવાનો. એ પરમાણુનું પ્રાપ્ય છે. એટલે પરમાણુ તે અવસ્થાપણે જ પરિણમતો પરિણમવાનો એનો કાળ હતો. આહા..હા..! ઈચ્છા બોલવાની કરી માટે હોઠ હલ્યો એમ નથી કહે છે. કહો, સુજાનમલજી!

મુમુક્ષુ :- આ તો કોલેજ તો જુદી જાતની.

ઉત્તર :- ભગવાન છેને આ તો. આહા..હા..! જુઓને આ .. આવ્યો તો કેવું મારા કરે છે. તે દિ' તો પ્રશ્ન આવ્યો હતોને? આ પ્રબોધ જૈન છેને. પ્રાણભાઈના ભાઈ ગુલાબભાઈ. એમાં લખ્યું છે. ... કેવળજ્ઞાનીએ એક સમયમાં કેવળજ્ઞાન થાય, ત્રણ કાળને જાણે એ વાતમાં તો .. વાત એમ કહે છે. પણ કેવળજ્ઞાનીને પોતાની અવસ્થા અને પરની અવસ્થા જે સમયે જે પ્રકારે થવાની તે જ પ્રકારે તે જ કાળે તે જ ક્ષેત્રમાં તે જ ભાવે એવું ભગવાને જોયું. હવે અમારે એમાં પુરુષાર્થ કરવો ક્યાં રહ્યો? પુસ્તક બનાવે છે એ તો. સાહિત્યકાર છે મોટા. બુદ્ધિવાળો છે સાહિત્યકાર. એણે મોટું ... હતોને.. શાસ્ત્ર.. જવાબ આપો. ભાઈ! પણ આ કેવળજ્ઞાનનો એનો સ્વકાળ છે જ્યારે એ કાળે કેવળજ્ઞાન એનું પ્રાપ્ય છે. એ કાંઈ તારાથી થયું નથી. એવા કેવળજ્ઞાનની પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્યની અવસ્થા જગતમાં છે એનો જ્યાં સ્વીકાર કરવા જાય છે ત્યાં એ સર્વજ્ઞ પર્યાય જેમાંથી નીકળી, સર્વજ્ઞ સ્વભાવમાંથી,

મૂળમાંથી નીકળી. એ સર્વજ્ઞ સ્વભાવની પ્રતીત કરે ત્યાં નિર્વિકલ્પ સમ્યગ્જ્ઞદર્શન થાય છે. અને તે જ કાળે એનો નિર્વિકલ્પ સમ્યગ્દર્શનનો તે દ્રવ્યનો પ્રાપ્ય છે. સમજાણું કાંઈ? અરે..! ભારે આ વસ્તુ જ આવી છે ત્યાં શું થાય? એમાં દુનિયા કુતર્ક કરે તો કાંઈ ચાલે એવું નથી આમાં. સમજાણું કાંઈ?

કેવળજ્ઞાની પરમાત્મા ઓહો..! એણે દીઠું એ તો પછી વાત. દીઠું એમ થાય એ તો પછી. પણ પહેલું કેવળજ્ઞાન છે જગતમાં. અસ્તિ એક સમયની પર્યાયનું હોવાપણું ત્રણ કાળ, ત્રણ લોક વ્યવસ્થિત છે તેને જાણે અને એથી અનંતગુણો કાળ અને ક્ષેત્ર હોય તો જાણે, આ તે પર્યાયની સત્તાની કબુલાત! પછી દીઠે એમ થાય એ પછી વાત.

મુમુક્ષુ :- એ કઈ રીતે થાય? એની કબુલાત કેવી રીતે થાય?

ઉત્તર :- આ રીતે થાય કીધુંને કે એ પર્યાય આ રીતે છે, એ પર્યાય જેમાંથી આવી એવો સર્વજ્ઞ સ્વભાવને ગ્રહે તો સમ્યગ્દર્શનની પર્યાય થાય. પ્રવચનસારમાં આવ્યું અસાધારણ કારણપણે ગ્રહીને જ્ઞાનને. એ ત્યાં ઈ કહે છે. ત્રિકાળી જ્ઞાન ભગવાન આત્મા જ્ઞસ્વભાવ, સર્વજ્ઞસ્વભાવ એના આશ્રયે જતાં તે સર્વજ્ઞની પર્યાયની પ્રતીતિ, સર્વજ્ઞ સ્વભાવની પ્રતીતિ કરે ત્યારે એ પર્યાયની પ્રતીતિ થઈ કહેવાય. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! ભગવાન આત્મા સર્વજ્ઞસ્વરૂપી જ છે પ્રભુ વસ્તુએ. અને એમાંથી સર્વજ્ઞની પર્યાય કેવળજ્ઞાન સર્વજ્ઞસ્વભાવમાંથી આવે છે. એવી-એવી કેવળજ્ઞાનની પર્યાયો સર્વજ્ઞ ગુણમાં અનંતી-અનંતી પડી છે આત્મામાં. એવી કેવળજ્ઞાનની પર્યાયની, સર્વજ્ઞની પર્યાયની હયાતીનો સ્વીકાર કરવા જ્યાં જાય છે ત્યાં એ પર્યાય જેમાંથી આવી. તો એની પર્યાય ત્યાંથી આવી. ત્યારે મારી પર્યાય આવી સર્વજ્ઞ પર્યાય તો અત્યારે છે નહિ. તો આવે ક્યાંથી હવે એ? સમજાણું કાંઈ? એ સર્વજ્ઞસ્વભાવી પ્રભુ એની દૃષ્ટિ કરતાં એને ભવનો અભાવ થઈ જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ વાત છે પણ હવે બેસવી એવી કઠણ છે. સમજાણું કાંઈ?

આ ચર્ચાઓ તો બહુ ચાલેલી ઘણી-ઘણી ઓલા સાથે. ઓલો ગાંધી ભાઈ કોણ એ? .. એ અને બધાય એ મોટી સભામાં વ્યાખ્યાન સાંભળવા આવ્યા અને એણે પ્રશ્ન કર્યો પછી. એય..! ક્યા? ૮૯. ૮૯ રાજકોટ. ૮૯ વંડે. ત્યારે તો તમારા પિતાશ્રીને .. થયો હતોને. .. ઓલીકોર બેસતા. મણિભાઈને વાંધો ઉઠ્યો હતો એને. આ મણિલાલ મુલાણી. એમાં આ એણે પ્રશ્ન કર્યો હતો કે ... તમને કેવળજ્ઞાન છે એનો વિશ્વાસ છે? એ વિશ્વાસ ક્યારે આવે? સર્વજ્ઞ સ્વભાવ વસ્તુ છે. સર્વજ્ઞની પર્યાયનો વિશ્વાસ સર્વજ્ઞ સ્વભાવના વિશ્વાસે જ વિશ્વાસ આવે છે. એ ભગવાનનું વચન તો પછી નીકળ્યું. તે દિ' તો ક્યાં ખબર હતી? આ '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं**।' અહીં આવીને પર્યાય? કેવળજ્ઞાનની પર્યાય જે જાણે એને સમ્યગ્દર્શન થાય. કારણ કે એ પર્યાય પૂર્ણ છે. મારી પર્યાય અધૂરી

છે. તો એ પૂર્ણ પર્યાયની સત્તાનો સ્વીકાર કરવા જતાં અલ્પજ્ઞની પર્યાય ઉપરથી દૃષ્ટિ ખસી જાય. આહા..હા..! આવી વસ્તુ પણ હવે શું થાય? એવું વીખાઈ ગયુંને માણસને.

સર્વજ્ઞ પ્રભુ આત્મા એને નિઃશંકતા ક્યારે આવે? ત્યારે શંકા અને બધું મિથ્યાત્વ-બિથ્યાત્વ ઉડી જાય. ભવ ઉડી જાય. ભવ ઉડી જાય. સમજાણું કાંઈ? પછી એને પ્રશ્ન એમ ન રહે કે ભાઈ ભગવાને અનંત ભવ દીઠા હશે? ભગવાનને ભવ નથી અને ભગવાનને જેણે અંદર માન્યા દ્રવ્ય-ગુણનો આશ્રય લઈને. એને ભવ કેવા? આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાતું બહુપણ ભાઈ! અત્યારે તો એ ચાલતી નથી એટલે ગડબડ કરો, આ કરો ને આ કરો ને આ કરો ને આ કરો. કરવાનું કહે છે કે સર્વજ્ઞ સ્વભાવ સન્મુખ થઈને અનુભવને, પર્યાયને પ્રગટ કરવી એ કરવાનું છે. આ છોડીને બીજી બધી વાતું એ નિષ્ફળ, નિરર્થક છે. સમજાણું કાંઈ?

કહે છે અહીં તો ગજબ કર્યો જુઓને ત્રણ મૂકીને એ પહેલા આપણે આવી ગયા છે. ૭૬-૭૭ આવ્યું છે. ૭૬-૭૭-૭૮ ત્રણ. અહીં પરમાત્મા સંત એમ કહે છે. કુંદકુંદાચાર્ય એની ટીકાકાર અમૃતચંદ્રાચાર્ય એ તો એકધારા પ્રવાહવાળા જીવો છે. સર્વજ્ઞ અનુસારણી જે પર્યાય પ્રગટી સર્વજ્ઞ સ્વભાવને અનુસારણી એ પર્યાય પ્રગટી એ પર્યાયથી આ વાત કરી રહ્યા છે. એટલે કે પર્યાય તો નિમિત્ત છે વિકલ્પને. અને વાણીને. પણ એ કરી રહ્યા છે એમ ઉપચારથી કહેવાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ સર્વજ્ઞ છે એ છે પર્યાય. લ્યો મગનભાઈ આવ્યા. અહીં આવો. સમજાણું કાંઈ? કહે છે સર્વજ્ઞ પર્યાય જે પ્રગટી એ એનું પ્રાપ્ય જ છે તે કાળનું. અને એ જ એનું વિકાર્ય અને એ જ એનું નિર્વર્ત્ય. એ કાર્યકાળ બદલે એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અહીંયાં તો એમ કહે છે ભગવાન! એ આઠ કર્મ બંધાય છેને કર્મ રજકણો? એને જ્ઞાનાવરણીયરૂપે પર્યાયનું પરિણમન જે થાય છે એ કાળનો એ પરમાણુ એ પ્રાપ્ય છે. એ પ્રાપ્યને આત્મા ગ્રહે ત્રણ કાળમાં બનતું નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ તો વારંવાર ફરી આવે છે. ... મગનભાઈ છે તો.. જોરાવર. ભીખાલાલભાઈનું લીંબડી એના સમાચાર .. કે આ કેવળજ્ઞાનીનો પ્રશ્ન છે મોટો. આજે આવ્યો છે. પ્રાણભાઈના ભાઈ છેને ગુલાબભાઈ? એનો પ્રશ્ન આવ્યો છે. કેવળજ્ઞાનીની વાત સાચી. આ પુરુષાર્થથી થાય. પણ કેવળજ્ઞાનીએ દીઠું એ પ્રમાણે થાય એમાં આપણે કરવાનું ક્યાં રહ્યું? આપણે તો .. મોટું લખાણ છે. ... ગુલાબરાય છે. છે ચોપડી બનાવનાર સાહિત્યકાર છે. પણ આ વાતની ઘડ બેસે નહિ.

અહીં તો કહે છે કેવળજ્ઞાનીના જ્ઞાનમાં એમ જોયું હતું કે આને આ કર્મની પર્યાય આ રીતે પરમાણુ પરિણમશે. સાંભળો. સમજાણું કાંઈ? એ એનું પ્રાપ્ય છે એમ કેવળજ્ઞાનીએ

જોયું છે. પણ કેવળજ્ઞાનીએ જોયું છે એથી કેવળજ્ઞાનીએ એ કર્યું છે એમ ક્યાં છે ત્યાં? સમજાણું કાંઈ? કર્યું છે તો પરમાણુએ તો જ્ઞાનાવરણીયની પર્યાયપણે દર્શનાવરણીયની અવસ્થાપણે, દર્શનમોહની અવસ્થાપણે અજ્ઞાની મિથ્યાત્વભાવ કરે, પુણ્યથી ધર્મ થાય, વ્યવહાર કરતા-કરતા ધર્મ થાય, પાપમાં મઝા છે. સમજાય છે? પરમાં પણ સુખની બુદ્ધિની પ્રસન્નતા વર્તે એવો ભાવ મિથ્યાત્વનો અજ્ઞાની કરે, પણ તે કાળે દર્શનમોહની પર્યાય જે બંધાય એના પ્રાપ્યને જીવ ગ્રહે એમ છે નહિ. ભારે!

મુમુક્ષુ :- આ વસ્તુ બેસવી જોઈએ.

ઉત્તર :- આ બેસવું જોઈએ. ભાઈ આ તો અંતરની વાત છે. કહે છે કેને કે બહુ ગજબ વાત છે. લ્યો એ વળી ત્યાં આવ્યું ત્યારે આ આવ્યું અહીં. આપણે અહીં પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્યનું આવ્યું.

મુમુક્ષુ :- અહીં કેવળજ્ઞાન આવ્યું.

ઉત્તર :- કેવળજ્ઞાન આવ્યું. આહા..હા..! શું કરે? સમજાણું કાંઈ?

કહે છે એ રોટલી છેને હાથમાં? એ રોટલીનું બટકું થાય છે. એ રોટલીનું પ્રાપ્ય છે. બટકું ટૂકડો એ એની અવસ્થાની અવસ્થા થવાની હતી અને એ જ અવસ્થાનો આ સ્વકાળ છે. એને આત્મા એને પકડે, રોટલીને પકડીને બે કટકા કરે એ વાતમાં કાંઈ માલ છે નહિ.

મુમુક્ષુ :- ભ્રમણા છે.

ઉત્તર :- ભ્રમણા માને છે તો છે ભલે. માને છે તેથી કાંઈ આ શબ્દો જે બધા છે. '**उप्पादेदि करेदि य बंधदि परिणामएदि गिण्हदि य।**' પદ છેને ભાઈ જયસેનાચાર્યનું. સમજાણું કાંઈ? આ તો હળવે-હળવે લઈએ છીએ ભાઈ ધીમે-ધીમે. સાથે દાખલા લે છે. આચાર્યોએ તો જ્ઞાનને મમળાવ્યું છેને. આહા..હા..! બાપુ! તું તો જ્ઞાનસ્વરૂપ જ છોને પ્રભુ! તારું સ્વરૂપ જ જ્ઞાનસ્વભાવ છે. એવું જ્યાં અંદર જ્ઞાનસ્વભાવ જેને સર્વજ્ઞ સ્વભાવી પ્રભુ એની સન્મુખ થઈને જ્યારે એ વાત બેઠી ત્યારે એ સમ્યગ્દર્શન એનું પ્રાપ્ય છે. એ પ્રાપ્યને કર્મનો ક્ષય થાય, એ પ્રાપ્યને પહોંચી વળે છે એમ નથી. સમજાણું કાંઈ? કેવળજ્ઞાનાવરણીય પર્યાયનો અકર્મરૂપ થયું માટે અહીં કેવળજ્ઞાનની પર્યાયને પ્રાપ્ત થયું. એ દર્શનમોહની પર્યાય જડની એ બદલીને અકર્મરૂપ પર્યાય થઈ માટે સમ્યગ્દર્શનનું પ્રાપ્ય થયું એમ નથી. આહા..હા..! કેટલું આમાં ધારવું આમાં? ધારવાનું કાંઈ નહિ. આહા..હા..!

કહે છે કે કર્મની દર્શનમોહની પર્યાય જે બંધાણી અંદર એ કર્મનું પ્રાપ્ય છે. એ વખતની જ એની અવસ્થા તે જ થવાની. ધ્રુવ નિશ્ચયથી.

મુમુક્ષુ :- બે ધ્રુવ લાગે છે—એક ત્રિકાળ ધ્રુવ અને એક આ ધ્રુવ.

ઉત્તર :- આ પર્યાય તરીકે ધ્રુવ. એ આપણે ૯૯માં નાખ્યું છે ભાઈ પહેલું ત્યાં રાજકોટ.

પ્રાપ્યનો અર્થ તે ધ્રુવ. ભલે તમારા શબ્દ છે .. શબ્દો છે. પણ અહીં તો અત્યારે... તે દિ' આવ્યું હતું. ત્રણે ઉચ્ચાર્યા હતા. ૯૯માં રાજકોટ. કે જે આત્મા પોતાની સમ્યગ્દર્શનની પર્યાય એ સ્વના આશ્રયે પ્રગટ કરે એ એનું પ્રાપ્ય છે. એ એનો સમ્યગ્દર્શનનો પ્રાપ્ય અવસ્થાનો કાળ છે. પણ તે કાળને દર્શનમોહની પર્યાય બદલી એથી એ પ્રાપ્ય થયું એમ નથી. આહા..હા..! અને એ દર્શનમોહનો અભાવ આને પકડે પ્રાપ્યને ઉત્પન્ન કરવા માટે એમ નથી. સમજાણું કાંઈ? અને જેને દર્શનમોહનીય કર્મની પર્યાય બંધાણી-થઈ તે વખતે એ કર્મની તે કાળે તે મિથ્યાપણે દર્શનપણે પર્યાયનો, તે પરમાણુનો, તે સ્વકાળ-કાર્યકાળ છે. એ એનું પ્રાપ્ય છે. એ પ્રાપ્યને જીવ મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વપણે ભલે એને નિમિત્ત થાવ, પણ મિથ્યાદૃષ્ટિ એને પકડે. રજકણની અવસ્થાના પ્રાપ્યને પકડે-ગ્રહે એમ નથી. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ?

'**વિકાર્ય,...**' એ કર્મના રજકણની અવસ્થા પહેલી કર્મ વર્ગણારૂપે હતી એ કર્મરૂપે થઈ એ વિકાર્ય. તો એ વિકારને આત્મા પણ પરિણમાવી શકે, એને બદલાવી શકે એમ નથી. કહો, ચેતનજી! અને '**નિર્વર્ત્ય...**' તે જ કર્મની વર્ગણાનો ઉપજવાનો કાળ પ્રાપ્ય છે એને પહોંચી વળ્યું એટલું. હવે ઉપજ્યું એને ને એને હોં. એને એ ઉપજ્યું. એ ઉપજવાનો એનો એ કાળ જ હતો પરમાણુનો. દર્શનમોહની પર્યાયપણે થવું તે પરમાણુનો એનો સ્વકાળ હતો. એને આત્મા હવે જુઓ, '**નિર્વર્ત્ય-એવા પુદ્ગલદ્રવ્યાત્મક (-પુદ્ગલદ્રવ્યસ્વરૂપ) કર્મને...**' એ જડની પર્યાયને. ઝીણું છે ભાઈ આ તો. હવે પણ અહીં ક્યાં સુધી ઝીણું .. ૩૮-૩૮ ચોમાસા થયા. કોક એમ કહે માટે ઝીણું. સમજાણું કાંઈ? ચીમનભાઈ! આહા..હા..! એ કર્મને ગ્રહતો નથી. એટલે આત્મા મિથ્યા શ્રદ્ધાને કરે છતાં એ મિથ્યા શ્રદ્ધાને આત્મા પહોંચી વળે પણ દર્શનમોહનીય પર્યાયને આત્મા પહોંચી વળે, બદલાવે કે ઉપજે, એને ગ્રહે એમ નથી. અરે..! ભારે આવું! આ ધર્મ પણ આવો કેવો? વસ્તુ એવી છે. વસ્તુ એવી છે. છ દ્રવ્યો, અનંત દ્રવ્ય અને એ દ્રવ્યની કાળક્રમે સમયે-સમયે જે ક્રમ છે એનો સ્વકાળે પર્યાયનો કાળ છે તે પ્રકારે થાય છે. એમાં એ બીજાની પર્યાય થવામાં, બીજો એને પકડે, બદલાવે, રૂપાંતર કરે કે ઉપજાવે એમ છે નહિ. આહા..હા..! બહુ આકરું ભાઈ આ તો. આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ! સર્વજ્ઞનો કહેલો છે. દુનિયાને જૈનધર્મમાં ઉપજ્યા છતાં બધું અજૈનપણું માનીને બેઠા છે. સમજાણું કાંઈ? એને જૈનપણું શું છે? આ પરની દયા પાળો, વ્રત કરો, પૂજા-ભક્તિ કરો એ બધા રાગની પર્યાયને કરવાનું કહે છે તે મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? એય..! શાંતિભાઈ! શું હશે આમાં આવું ભારે ભાઈ! ઓહો..હો..! ૭૬-૭૭-૭૮-૭૯માં નાખ્યું છે. એ પાછું અહીં નાખ્યું. અમૃતચંદ્રાચાર્યે પોતે નાખ્યું છેને હવે?

'**પરિણમાવતો નથી,...**' એ મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વભાવને કરે છતાં દર્શનમોહનીય પર્યાયને

તે પરિણમાવતો, પરમાણુને બદલાવતો નથી. પોતે બદલીને પર્યાય કરે પોતાની મિથ્યાત્વની. પણ દર્શનમોહનીય પર્યાયને કરતો નથી. આહા..હા..! અહીં તો અંદરની વાત કરી ત્યારે જેટલા પ્રમાણમાં એ વિકાર કરે એટલા જ પ્રમાણમાં કર્મની અવસ્થા એને ખબર વિના એ પર્યાયનો કાળ જ એવો હોય કહે છે. તો જ્યાં અંતરની આવી વાતું છે ત્યાં બહારની શું કહેવું ભાઈ! આ શરીરને હલાવવું. ઓહો..હો..! એ પ્રશ્ન થયો હતોને ઘણા વર્ષ પહેલાં. આ ચીમનભાઈને બધા હતાને. કનુભાઈને. ત્યાં ગયા હતા પાલિતાણા. આત્મા જડનું, શરીરનું કરી શકે? ત્યારે જવાબ સામે કે પરમાણુનું ન કરે, શરીરનું કરી શકે. અરે..! ભગવાન! શું તું કહે છે, ભાઈ! તને જૈનદર્શનની એટલે વિશ્વદર્શનના તત્ત્વો એની શું વ્યવસ્થા છે એની ખબર નથી. સમજાય છે કાંઈ?

એક રજકણ કે શરીર એની જે કાળે જે પર્યાય છે તેનું તે પ્રાપ્ય જડનું છે. કેવળી પણ ભાષા ગ્રહે, ભાષાની વર્ગણાને ગ્રહે પહેલે સમયે અને બીજે સમયે છોડે. એય..! ... આવી જૈનદર્શનમાં વાત. વીતરાગ માર્ગમાં આવી વાતું. આહા..હા..! ઈશ્વરકર્તા માનનારા જેની આ... હોં. ઈશ્વર જગતનો કર્તા છે એમ ના પાડે, વળી આ પુદ્‌ગલને ગ્રહે અને મૂકે એ કર્તા થાય. આ તે કાંઈ વાત! આહા..હા..! સમજાણું કાંઈ? પાછું કોઈ એમ કહે કે એ તો સોનગઢની વાત છે આ. પણ આ શું કહે છે? આ સોનગઢના છે આ શબ્દો? આહા..હા..! સમજાણું કાંઈ? અપવાસમાં રાગ એક મંદ થયો. અપવાસ કરનારને. ધર્મ તો છે નહિ કાંઈ દૃષ્ટિનું ભાન નથી એટલે ઉપવાસ થયો. આઠ અપવાસ કર્યા, દસ અપવાસ કર્યા.. એમાં કાંઈક રાગની મંદતાના પરિણામને એણે કર્યા. એટલે એ કર્તા થાય છે તે તો છે અજ્ઞાની. હવે એને દર્શનમોહ અને ચારિત્રમોહના પરમાણુઓ તે વખતે પર્યાયપણે પરિણમીને પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય થાય છે. એને એ આ મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વભાવને કરતો એ રજકણને પકડે ને કરે ને બદલાવે એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ તો ઝીણા છે તો ન પકડેને?

ઉત્તર :- એ તો વાત છે. ... જુઓ આ લાકડી છેને એની આ અવસ્થા ઉંચી રહેવાની એને સ્વકાળે એની પર્યાયનું પ્રાપ્ય છે એ. એને આ આંગળીએ ઉંચી કરી એમ ત્રણ કાળમાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો વીતરાગ માર્ગ છે. ઈ કાંઈ આલી-દુઆલીને સાંભળવા મળે એવો નથી એવો માર્ગ છે. વીતરાગના ઘટમાં જાવું. આહા..હા..! મોટા રાજા. આ ગામડામાં જાયને ભાઈ રાજાની પાસે, ગરાસણી પાસે. તો ઉઘાડે ઓલાએ ન જવાય એને. ધોતિયું બાંધે. આખું બાંધે. ઉઘાડે ખુલ્લે ન જવાય. આ લીંબડીમાં બધા ગરાસિયા છેને. એ જાય. ... ભાષા એવી બોલે. દલુભાઈ એમ ન બોલે. ભાઈદલુ! એમ બોલે. ભાષા જુદી જાત. એ લોકોની એવી છે. ભાઈલક્ષ્મીચંદ! ભાઈવનેચંદ! તમે હમણા નહોતા આવ્યા.

.. હતો. પણ એ ઉઘાડે આમ ને આમ ધોતિયું પહેરીને ન જવાય ત્યાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભેટ તો આદમી બાંધે, પણ એ ભેટ સિવાય આખું આમ બાંધે. આમ એકલું .. લટકતું બધું બાહ્ય દેખાય નહિ કાંઈ. પાછળનો ભાગ ન દેખાય, આ ભાગ ન દેખાય. એટલી સજ્જતાથી તો ત્યાં જવાય. હવે વીતરાગ માર્ગમાં જવા માટે સજ્જતા કેટલી જોઈએ ભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- અતિ... અતિ...

ઉત્તર :- અતિ હોય ભગવાન! તારા મતને બંધબેસતું ન થાય એટલે તું એમ કહે કે આ તે કાંઈ જુદી ચીજ છે. સમજાય છે કાંઈ? એથી કાંઈ જુદી થવાની નથી. આહા..હા..! આ પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્યથી તો દરેક પદાર્થની જે સમયે જે પ્રાપ્ય અવસ્થા તે તેનું કાર્ય. અહીં તો આની સંધિ કરીને જડનો કર્તા નથી એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? અને દરેક અવસ્થા તે કાળે તેની થાય એ પૂર્વની બદલીને થઈ એની અવસ્થાને વિકાર કહેવાય અને ઉપજી એ અપેક્ષાએ નિર્વર્ત્ય કહેવાય. આખા ત્રણ કાળ, ત્રણ લોકમાં આ સમયે-સમયે બની રહ્યું છે લ્યો! આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે કે એ બનતામાં આત્મા પણ પોતાની જે જે સમયની અવસ્થા પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય એને ભલે હો. અજ્ઞાનીને રાગ પ્રાપ્ય, રાગ વિકાર્ય.. અને નિર્વર્ત્ય છે. જ્ઞાનીનું સમ્યગ્દર્શન, જ્ઞાન ધર્મ એ પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? મગનભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પહેલી વાત થઈ ગઈ. શું કહે છે? ૭૭-૭૮ની વાત થઈ ગઈ પહેલી. ભાઈએ સંભાર્યું હતું પહેલું. ૭૭-૭૮-૭૯. કહો સમજાણું આમાં?

એને '**પરિણમાવતો નથી,...**' એ રજકણની અવસ્થાને આત્મા રાગનો કર્તા હો ભલે, પણ એ રાગના કર્તાપણે મિથ્યાદૃષ્ટિ એ રજકણને પરિણમાવતો નથી. પરિણમે છે અને આ પરિણમાવે એમ તો ખરુંને? ઈ. આહા..હા..! તેથી તો આવા શબ્દ મૂક્યા ચોખ્ખા. એ પરિણમાવતો નથી, ભગવાન! પરની એક સમયની પર્યાય જીવને રાગ થાય દયાનો. પણ એ રાગ જીવને બચાવવાની બીજી પરને આમ જીવ ઉભો રહે આયુષ્ય અને શરીરને જીવ સહિત આમ ટકી રહે. એ પર્યાયને આત્મા કરતો નથી. કારણ કે એ વખતે એ જીવને શરીરને રહેવાની એ પ્રાપ્ય દશા એને જડની આત્માની કીધી છે. આહા..હા..! કહો, આવો માર્ગ ભારે ભાઈ! આવો! આ વીતરાગનો કેવળી પણ્ણંતો ધમ્મો શરણં. એમ સાંજ-સવાર બોલે મંગળિકમાં. પણ કેવળી કોણ? કરેલું કોનું? કર્મ શું? ભગવાન જાણે. ભગવાન તો જાણે જ છેને. આહા..હા..! કેમ પંડિતજી!

મુમુક્ષુ :- બોલે છે

ઉત્તર :- બોલે છે.

'**ઉપજાવતો નથી,...**' એ રજકણોની અવસ્થાને જીવ મિથ્યાદષ્ટિ હો કે પરમાણુ થવામાં નિમિત્ત હોય, પણ પરને ઉપજાવે નહિ. સ્થિતિ '**કરતો નથી,...**' એ કર્મમાં મુદ્દત પડેને કર્મમાં મુદ્દત? એ સ્થિતિને જીવ કરતો નથી. આરે..! જોગથી પ્રકૃતિ બંધાય અને કષાયથી સ્થિતિ ને રસ બંધાય. જુઓ, અહીં તો એ ના પાડે છે. એય..! આહા..હા..! એ કર્મમાં જે મુદ્દત પડે ૭૦ ક્રોડાક્રોડીની, અંતઃક્રોડોક્રોડીની કે અંતર્મુહૂર્તની સ્થિતિ દસમે આદિ. સમજાય છે? એ બધી સ્થિતિને જીવ કરતો નથી. આહા..હા..! '**બાંધતો નથી;...**' એના અનુભાગને રચતો નથી. આહા..હા..! એમાં રસ પડેને રસ. કર્મમાં રસ. એને એ બાંધતો નથી, જીવ ન બાંધે. આ છે નરક લ્યો! જીવ ન બાંધે તો જીવ મુક્ત થઈ ગયો તો તો. વળી એમ કહે. આહા..હા..! એ રાગ ને દ્વેષનો વિકાર કરતા એ ભાવબંધ એણે કર્યો છે. તો ભાવબંધમાં એ કર્યો છે એણે. જડબંધનો એ કર્તા નથી. આહા..હા..! સમજાણું?

'**અને વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવા છતાં પણ,...**' જડની પર્યાયના કાળે તે થાય એ પર્યાયનું વ્યાપ્ય અને આત્મા વ્યાપક એનો તો જાણે અભાવ છે. કર્તા થઈને એ કાર્ય થાય એવું તો પરની સાથેનો અભાવ છે. તોપણ '''**પ્રાપ્ય, વિકાર્ય, અને નિર્વર્ત્ય-એવા પુદ્‌ગલદ્રવ્યાત્મક કર્મને આત્મા ગ્રહે છે,...**' હવે કહે છે કે બોલાય છેને આમ? આહા..હા..! પરિણમાવે છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! દાખલો તો આવી ગયો છે દૂધનો. દૂધમાંથી દહીં થાય છે એ ગોરસનો જોનાર જાણે છે. કે દૂધમાંથી દહીંની પર્યાય ગોરસનો દેખનારો કરે છે? પહેલા દોહવાના દૂધના હતાને મોટા દોણા. મોટા જોયા કાળા. એમાં .. રાખે જરી. એમાં માખી ન પડે અને મીંદડી ન ખાઈ જાય. વરાળ ઉડી જાય એટલું, માખી ન પડે અને રાતે મીંદડી ન આવે. થોડીવાર ઠરે પછી એમાં નાખે છાશ નાખે દહીં. કહે છે કે એ છાશ નાખી એ અવસ્થા કોણે કરી? છાશ નાખવાની અવસ્થા કરી કોણે?

મુમુક્ષુ :- ..નક્કી કર્યું તો પછી સમજી લેવું જોઈએ કે કોણે કર્યું એ.

ઉત્તર :- એ છાશના પરમાણુઓ તે સમયે ત્યાં જવાની પર્યાયના પ્રાપ્તના કાળે એ પરમાણુ પરિણમ્યા છે. આહા..હા..! એ હાથે કર્યા નથી અને આત્માએ કર્યા નથી અને આત્માની ઈચ્છાએ કર્યા નથી. આહા..હા..! આવું તે કાંઈ. આ હુશિયાર બાઈ હોય તો એના હાથ હળવા હોય લ્યો એમ નથી કહેતા? કોકની બાયુના હાથે શીરો સારો થાય. પુડલા સારા થાય લ્યો! વડીયું સારી વડીયું નથી? વડી-વડી. કોકની ફૂહડ જેવી હોય તો સરખી આવડે જ નહિ. અને ઓલી હુશિયાર હોય તો આમ. સેવ કરેને સેવ? આમ પાટીયું નાખેને ઓલામાં

ખાટલામાં. સુકવવા દે હુશિયાર કરે. એ જીવ કરતો હશે એ? એને ખબર ક્યાંથી પડી કે મારી સેવની પર્યાય જ અત્યારે થવી જોઈએ? કહો, છગનભાઈ! આ બધા કાર્યકર્તા જાય ત્યાં કાર્ય કરવા. આપણા નગરમાં ભાઈ ગીરધરભાઈ જેવા જરી કડક માણસ હોય તો જાય તો ... એ ..ની પર્યાય તમારે લઈને થઈ હતી? આહા..હા..!

મુમુક્ષુ :- કર્મને લઈને નહિ તો પછી...

ઉત્તર :- આ ગજબ વાત છેને. એ ભયના પરિણામનો કર્તા અજ્ઞાની એ ભય પ્રકૃતિના નિમિત્તે પણ થઈ નથી. અને ભયનો ભાવ થતા એ વખતે ભય પ્રકૃતિ બંધાણી એનો કર્તા એ ભય પ્રકૃતિ નથી, ભયભાવ નથી. આવો પણ વીતરાગ કેવો હશે? આ તે ક્યાંથી કાઢ્યો કહે. હવે ત્યાં સાંભળે કે અપવાસ કરવો, આવા કરો ઉજવવાનું. ધનબાગમાં બહુ ઉજવાણું. એય..! શાંતિભાઈ! એવું આજે છાપામાં આવ્યું હતું. છાપામાં આવ્યું હતું એવું. આમ અપવાસ થયા, આમ થયા ને ઢીંકણું થયું. ભારે વાતું ભાઈ! એય..! જયસુખ! એ ભળ્યા છોને તમે હવે મંડળમાં ભળ્યા છો ખબર છે. આહા..હા..! આવો માર્ગ .. ભગવાનનો છે બાપુ!

અનંત-અનંત પદાર્થ પ્રત્યે. આહા..! ગજબ વાત કરે છેને. તે તે આત્મા, તે તે રજકણ,, તે તે કાળે તેના પર્યાયનું પ્રાપ્ય, વિકાર્ય નિર્વર્ત્ય. એને એ દ્રવ્ય કરે. બીજો દ્રવ્ય એનો પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્યની અવસ્થા કરે (તો) ત્રણ કાળ, ત્રણ લોકના અનંત પદાર્થનો વિનાશ થઈ જાય છે. અનંતતાની અનંતતા રહેતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પુદ્ગલદ્રવ્યાત્મક કર્મને આત્મા ગ્રહે છે,...**' પ્રદેશોને પકડે છે. બદલાવે છે, ઉપજાવે છે, કરે છે સ્થિતિ આદિ અને બાંધે અનુભાગ આદિ. '**એવો જે વિકલ્પ તે ખરેખર...**' અજ્ઞાનીનો વિકલ્પ તે ઉપચાર છે. આહા..હા..! શ્વેતાંબરમાં કર્મનું બહુ આવે કર્મબંધ. કર્મની પ્રકૃતિ આમ થાય અને કર્મની પ્રકૃતિથી આમ થાય અને કર્મની પ્રકૃતિ આમ થાય. પર્યાયમાં...

મુમુક્ષુ :- કર્મે આડો

ઉત્તર :- આડો એ તો બહાર. શું કીધું પહેલું? 'કર્મે રાજા કર્મે રંક કર્મે વાળ્યો આડો અંક' આ આર્જિકા બોલે પહેલું. સ્તુતિ બોલેને પહેલી? વ્યાખ્યાન પહેલા. દસ મિનિટ સ્તુતિ કરે. અહીં કહે છે કે બધી વાતું ખોટી કહે. એય..! શાંતિભાઈ! શું છે આવું તે કેવું! જૈનધર્મનું તત્ત્વ. વીતરાગી તત્ત્વ તો આવું છે, ભાઈ!

મુમુક્ષુ :- ..તત્ત્વ છે એટલે સાંભળવા આવ્યા છીએ.

ઉત્તર :- કહો, સમજાણું? એવો જે વિકલ્પ અજ્ઞાનીનો. કે હું કરું છું, હું કરું છું, સ્થિતિ ઉપજાવું છું, રસને ગ્રહું છું. એ અજ્ઞાનીનો વિકલ્પ તે ઉપચાર છે, વ્યવહાર છે. આહા..હા..! આખી દુનિયાને.. આમ ઈશ્વર કર્તા ન માનવા અને પરની પર્યાયનો કર્તા માનવો તો ઈશ્વરનો બાપ થયો એ તો. ઈશ્વર જગતને કરે નહિ અને કહે કે હું છ કાયના જીવની દયા પાળું.

એનો એ કર્તા થયો. આહા..હા..! બરાબર છે કે નહિ? ચીમનભાઈ! છ કાયની દયાના પાળનાર. એમ આવે છે. છ કાયના રક્ષક, છ કાયના ગોવાળ. એય..! શાંતિભાઈ! એવું બધું ઘણીવાર લખ્યું હશે. સંવત્સરીમાં લખે છેને ઓલાને? ક્યાંક..

અહીં કહે છે કે છ કાયની પર્યાયનો રક્ષક જીવ ત્રણ કાળમાં નથી. એનો ગોવાળ પણ નથી અને... આહા..હા..! એ અજ્ઞાનીનો વિકલ્પ છે મિથ્યાદૃષ્ટિનો. કે મેં આને પાળ્યું અને મેં આને રાખ્યું. માટે દૃષ્ટિ પલટાવી નાખ કહે છે. પર ઉપરની દૃષ્ટિ મારાથી આ થાય અને હું એનો નિમિત્ત છું માટે કર્તા છું. ... ભાઈ! તારે હિત કરવું હોય તો એ દૃષ્ટિ છોડી દે અને ત્રિકાળી ભગવાન જ્ઞાનસ્વભાવી પ્રભુ એ ઉપર દૃષ્ટિ દે. તારું કલ્યાણ થાશે, નહિતર કલ્યાણ થશે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક વદ-૬, રવિવાર, તા. ૨૬-૧૧-૧૯૭૨
## ગાથા-૧૦૭ થી ૧૧૨, કળશ-૬૩, પ્રવચન-૨૩૪

આ સમયસાર કર્તાકર્મ અધિકાર છે. ૧૦૭ ગાથા. એનો ભાવાર્થ. જરી સૂક્ષ્મ વાત કરે પણ વસ્તુસ્થિતિ છે.

**'ભાવાર્થ :- વ્યાપ્યવ્યાપકભાવ વિના કર્તાકર્મપણું કહેવું તે ઉપચાર છે;...'** એટલે શું? કે પ્રત્યેક આત્મા અને આ રજકણ જે જગતની ચીજો છે એમાં જે અવસ્થા થાય એ વખતે અવસ્થા થાય. એમ કે ત્રિકાળી(ની) અવસ્થા પણ કોઈ કોઈ વખતે થાય છેને? એટલે? એ કાંઈ સ્વભાવિક અવસ્થા રહેતી નથી. કોઈ વખતે એમાં અવસ્થા થાય એને વ્યાપ્ય કહે અને આત્મા એમાં પ્રસરે છે, રજકણ એમાં પ્રસરે એને વ્યાપક કહીએ. **'વ્યાપ્યવ્યાપકભાવ વિના...'** એટલે જગતની દ્રવ્યની જે વસ્તુની પર્યાય છે અને દ્રવ્ય ભિન્ન છે. તો એ દ્રવ્ય પોતાની અવસ્થાને કરે એ એનું વ્યાપ્ય અને વ્યાપક એ વસ્તુ. પણ પરની અવસ્થાને કરે એ વ્યાપ્ય અને આત્મા એનો વ્યાપક એમ વસ્તુમાં છે નહિ. આહા..હા..! ભારે કામ ભાઈ! કહો, આ શરીરનું આમ હલાવવું એ આત્મા ન કરે એમ કહે છે. કેમકે શરીરની આ અવસ્થા

છે એ જો આત્માની અવસ્થા હોય તો તો વ્યાપક થઈને એમાં ગરી જાય. ભારે! સમજાણું કાંઈ? આ શરીર આ છે. આ શરીરની અવસ્થા છેને આ? એમાં આમ થાય... આમ થાય... આમ થાય... એ એની અવસ્થા એ રજકણોની વ્યાપ્ય. વ્યાપ્ય એટલે પર્યાય અને રજકણ કાયમી ચીજ એ એનું વ્યાપક. એટલે એ પર્યાયનો કર્તા. આમ વ્યાપ્યવ્યાપકનો સંબંધ જેમાં હોય એમાં એ કર્તા થાય, પણ પરદ્રવ્યની સાથે વ્યાપ્યવ્યાપકને સંબંધ છે નહિ. ભારે આ!

મુમુક્ષુ :- નિશ્ચયની વાત કરીને આપે.

ઉત્તર :- નિશ્ચયની એટલે સત્ય, વ્યવહારની એટલે ઉપચારથી કહેવામાત્ર એ આવે છે એના માટે. કહો, આત્મા એમ કહે છે અહીંયાં ભગવાન, કે આત્મા પરની દયાના પરિણામ ભલે કરે. એ પરિણામ એનું વ્યાપ્ય અને આત્મા એનો વ્યાપક કર્તા. પણ એ રાગ જગતના જીવની દયા પાળવાનું જે શરીર અને આયુષ્યની સ્થિતિ ત્યાં ટકાવે એવી વ્યાપ્ય અવસ્થા આત્મા કરે એમ છે નહિ. ભારે ઝીણું ભાઈ! સમજાણું કાંઈ?

'**વ્યાપ્યવ્યાપકભાવ વિના...**' એટલે કે અવસ્થા અને અવસ્થાયી. પર્યાય અને પર્યાયવાન. કાર્ય અને કર્તા. એવો સંબંધ વ્યાપ્યવ્યાપકભાવમાં હોય. એ '**વિના કર્તાકર્મપણું કહેવું તે ઉપચાર છે;...**' કુંભારે ઘડો કર્યો, સ્ત્રીએ રોટલી કરી. સમજાણું કાંઈ? આ કાપડનો વેપાર જીવ કરે, હીરાનો વેપાર આ જીવ કરે. એ એમાં વ્યાપ્ય અને વ્યાપક વિના કર્તાકર્મ કહેવું એ ઉપચારનું-વ્યવહારનું કથન છે. એ સાચું કથન છે નહિ. ભારે ભાઈ! આહા..હા..! કહો, મગનભાઈ! પરની દયા પાળવાનું નથી એમ કહે છે અહીંયાં તો.

મુમુક્ષુ :- પોતાની પર્યાયથી આગળ...

ઉત્તર :- એને કહે છેને ભાઈ! ધ્યાન રાખો. ... અમારે ભીખાભાઈ ત્યાં જાય છે એ ઠેકાણે. હીરાભાઈ હુશિયાર ગણાતા હોયને એ રીતે પાછા. .. એ કરી શકતો હશે? આત્મામાં કોઈપણ કારીગરીની ક્રિયાનું જ્ઞાન હોય. સમજાય છે? એ જ્ઞાનની પર્યાય જીવની વ્યાપ્ય એટલે અવસ્થા અને એનો વ્યાપક દ્રવ્ય. પણ એ જ્ઞાનની પર્યાય ક્રિયા કારીગરની જે ક્રિયા કુંભારની થાય, દાગીનાની થાય, ભરતની આ ચાકળામાં થાય એ ક્રિયાને જીવ કરે એ વાત તદ્દન જૂઠી છે. ફક્ત ઉપચારથી અજ્ઞાનીઓનું કથન એ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

'**માટે આત્મા પુદ્ગલદ્રવ્યને ગ્રહે છે,...**' આત્મા કર્મના રજકણને ગ્રહે છે. શ્રીમદ્‌માં નથી આવતું? 'ગ્રહણ કરે જડધૂત' એ તો ઉપચારના કથન છે ગ્રહણ શું કરે આત્મા? એમ કહે છે. અરે..! એના અર્થ પણ સમજવા જોઈએ પાછા. એમ ને એમ ..ના અર્થ કરી નાખે. જુઓ આમાં શ્રીમદ્‌માં પણ આવે છે કે આત્મા ગ્રહણ કરે જડધૂત. જડના રજકણો આત્મા ગ્રહણ કરે. એ તો વ્યવહારના કથન ઉપચારના છે. વાસ્તવિક ગ્રહણ કરી શકે નહિ. આહા..હા..! ભારે! '**માટે આત્મા પુદ્ગલદ્રવ્યને ગ્રહે છે,...**' આત્મા કષાય કરે એમાં એ વ્યાપ્ય એની

અવસ્થા ખરી અજ્ઞાનભાવમાં, પણ એ કષાયને લઈને કર્મમાં પરમાણુ યોગને લઈને આવે અને કષાયને લઈને એમાં સ્થિતિ અને રસ પડે એ વાત ઉપચારના કથન છે. આમાં પણ આવે છે જુઓને. દ્રવ્યસંગ્રહ. ... જુઓ, યોગને લઈને પ્રકૃતિ પ્રદેશ અને કષાયને લઈને કર્મમાં રજકણમાં મુદત અને રસ (પડે) એ તો ઉપચારના કથન છે. આહા..હા..! ભારે!

મુમુક્ષુ :- .. તો નક્કી કરવું પડે કે આ ઉપચારનું કથન છે કે...

ઉત્તર :- કઈ નયનું કથન એમ જાણવું પડે કે એણે? શાસ્ત્રમાં તો ભાઈ અનેક નયના કથન આવે. અસદ્ભૂત નયના આવે, સદ્ભૂતના આવે, અશુદ્ધ નિશ્ચયના આવે, શુદ્ધ નિશ્ચયના આવે.

મુમુક્ષુ :- એ તો બહુ લાંબુ ચાલ્યું.

ઉત્તર :- એથી તો કહ્યું કે દરેક ગાથામાં પાંચ અર્થે ગાથાનો અર્થ કરવો. એક તો એનો શબ્દાર્થ કરવો, પછી આગમનો અર્થ એમાં શું છે એ જાણવું, અન્યમતિનો આમાં વિરોધ શું છે એ જાણવું, શબ્દનો અર્થ જાણવા અને આ. અને તાત્પર્ય જાણવું. પછી કે તાત્પર્ય શું છે? કઈ નયનું આ વાક્ય છે? નિશ્ચયનયનું છે? આ વ્યવહારનું છે? આ ઉપચારિક છે કે અનુપચારિક છે? ભેદનું કથન છે કે અભેદનું છે એ એણે જાણવું જોઈએ. એ નયને જાણી લેશે.

મુમુક્ષુ :- .. પાંચ ભેદ પાડવા છે.

ઉત્તર :- એવું છે. શાસ્ત્રમાં એક-એક ગાથામાં પાંચ અર્થ કરવા. આહા..હા..! એમ ને એમ લખેલા વાંચે અને કહે કે આ પણ છે, આ પણ સાચું છે. એમ નથી. સમજાણું કાંઈ?

**'માટે આત્મા પુદ્ગલદ્રવ્યને ગ્રહે છે,...'** આહા..હા..! જેના વિકારના પ્રમાણમાં કર્મના રજકણો પોતાની અવસ્થાના કાળે એ રીતે સ્થિતિને, પ્રદેશને અનુભાગપણે પરિણમે. એમાં આત્મા એને ગ્રહે છે એમ કહેવું એ ઉપચાર છે. એ વાસ્તવિક છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? **'પરિણમાવે છે,...'** લ્યો! રજકણના કર્મની અવસ્થાને આત્મા પરિણમાવે. એમ કહેવું એ બધો ઉપચાર છે, વાસ્તવિક છે નહિ. **'ઉપજાવે છે, ઈત્યાદિ કહેવું...'** સ્થિતિ નાખે છે, .. કરે છે એ **'ઉપચાર છે.'** વાસ્તવિક છે નહિ.

## ગાથા-૧૦૮

कथमिति चेत् —

जह राया ववहारा दोसगुणुप्पादगो त्ति आलविदो।
तह जीवो ववहारा दव्वगुणुप्पादगो भणिदो।।१०८।।
यथा राजा व्यवहारात् दोषगुणोत्पादक इत्यालपितः।
तथा जीवो व्यवहारात् द्रव्यगुणोत्पादको भणितः।।१०८।।

यथा लोकस्य व्याप्यव्यापकभावेन स्वभावत एवोत्पद्यमानेषु गुणदोषेषु व्याप्यव्यापकभावाभावेऽपि तदुत्पादको राजेत्युपचारः, तथा पुद्गलद्रव्यस्य व्याप्यव्यापकभावेन स्वभावत एवोत्पद्यमानेषु गुणदोषेषु व्याप्यव्यापकभावाभावेऽपि तदुत्पादको जीव इत्युपचारः।

હવે પૂછે છે કે એ ઉપચાર કઈ રીતે છે? તેનો ઉત્તર દૃષ્ટાંતથી કહે છે :-

ગુણદોષઉત્પાદક કહ્યો જયમ ભૂપને વ્યવહારથી,
ત્યમ દ્રવ્યગુણઉત્પન્નકર્તા જીવ કહ્યો વ્યવહારથી. ૧૦૮.

ગાથાર્થ :- [यथा] જેમ [राजा] રાજાને [दोषगुणोत्पादक: इति] પ્રજાના દોષ અને ગુણનો ઉત્પન્ન કરનાર [व्यवहारात्] વ્યવહારથી [आलपित:] કહ્યો છે, [तथा] તેમ [जीव:] જીવને [द्रव्यगुणोत्पादक:] પુદ્‌ગલદ્રવ્યનાં દ્રવ્ય-ગુણનો ઉત્પન્ન કરનાર [व्यवहारात्] વ્યવહારથી કહ્યો છે.

ટીકા :- જેમ પ્રજાના ગુણદોષોને અને પ્રજાને વ્યાપ્યવ્યાપકભાવ હોવાને લીધે સ્વ-ભાવથી જ (પ્રજાના પોતાના ભાવથી જ) તે ગુણદોષોની ઉત્પત્તિ થતાં- જોકે તે ગુણદોષોને અને રાજાને વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ છે તોપણ-'તેમનો ઉત્પાદક રાજા છે' એવો ઉપચાર કરવામાં આવે છે; તેવી રીતે પુદ્‌ગલદ્રવ્યના ગુણદોષોને અને પુદ્‌ગલદ્રવ્યને વ્યાપ્યવ્યાપકભાવ હોવાને લીધે સ્વ-ભાવથી જ (પુદ્‌ગલદ્રવ્યના પોતાના ભાવથી જ) તે ગુણદોષોની ઉત્પત્તિ થતાં-જો કે તે ગુણદોષોને અને જીવને વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ છે તોપણ-'તેમનો ઉત્પાદક જીવ છે' એવો ઉપચાર કરવામાં આવે છે.

ભાવાર્થ :- જગતમાં કહેવાય છે કે જેવો રાજા તેવી પ્રજા. આમ કહીને પ્રજાના

ગુણદોષનો ઉત્પન્ન કરનાર રાજાને કહેવામાં આવે છે. એવી જ રીતે પુદ્ગલદ્રવ્યના ગુણદોષનો ઉત્પન્ન કરનાર જીવને કહેવામાં આવે છે. પરમાર્થદષ્ટિએ જોતાં એ સત્ય નથી, ઉપચાર છે.

## ગાથા-૧૦૮ ઉપર પ્રવચન

'હવે પૂછે છે કે એ ઉપચાર કઈ રીતે છે? તેનો ઉત્તર દષ્ટાંતથી કહે છે :- ' કેટલું સ્પષ્ટ કર્યું છે!

जह राया ववहारा दोसगुणुप्पादगो त्ति आलविदो।
तह जीवो ववहारा दव्वगुणुप्पादगो भणिदो।।१०८।।

**ગુણદોષઉત્પાદક કહ્યો જયમ ભૂપને વ્યવહારથી,**
**ત્યમ દ્રવ્યગુણઉત્પન્નકર્તા જીવ કહ્યો વ્યવહારથી. ૧૦૮.**

'**ટીકા :- જેમ પ્રજાના ગુણદોષોને...**' પ્રજા જે છે એ પોતાના અવગુણને, ગુણની પર્યાયને '**અને પ્રજાને વ્યાપ્યવ્યાપકભાવ હોવાને લીધે...**' પ્રજાના આત્માઓ એના જે અવગુણો એ પર્યાય છે અને ધર્મની પર્યાય એ ગુણની અવસ્થા એ પર્યાય છે. એ પ્રજાને પોતાના અવગુણ અને ગુણની પર્યાયને કરે. કેમકે એ ગુણ અને અવગુણની પર્યાય એની વ્યાપ્ય છે અને પ્રજાનો આત્મા એનો વ્યાપક છે. આહા..હા..! કર્તા છે. '**સ્વભાવથી જ (પ્રજાના પોતાના ભાવથી જ)...**' આહા..! પ્રજાની પોતાની પરિણતિના યોગને કારણે પોતાથી '**તે ગુણદોષોની ઉત્પત્તિ થતાં...**' કહો, સમજાણું કાંઈ?

'**જોકે તે ગુણદોષોને અને રાજાને વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ છે...**' પ્રજાની અવગુણ દશા અને પ્રજાની સમ્યક્ કેવળજ્ઞાનાદિની દશા એને ને રાજાને વ્યાપ્ય-વ્યાપકનો અભાવ છે. કારણ કે એ પર્યાય એની નથી તેથી એ વ્યાપક નથી એનો. એ પર્યાયનું વ્યાપ્ય નથી. '**ગુણદોષોને અને રાજાને વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ છે તોપણ-'તેમનો ઉત્પાદક રાજા છે' એવો ઉપચાર કરવામાં આવે છે;...**' જેવો રાજા એવી પ્રજા એમ નથી કહેતા? એ તો ઉપચાર છે. રાજાના દોષગુણો રાજાની પર્યાયમાં રહ્યા. પ્રજાની પર્યાયના દોષગુણ પ્રજાની પર્યાયમાં રહ્યા. એમ કહે છેને. આવે છેને બહારમાં વાત?

મુમુક્ષુ :- યથા રાજા તથા પ્રજા.

ઉત્તર :- યથા રાજા તથા પ્રજા. હા એ. એમ છે નહિ. રાજા સમ્યગ્દષ્ટિ હોય, જ્ઞાની

હોય. અજ્ઞાની પ્રજા મિથ્યાદૃષ્ટિ હોય અને પ્રજાના કેવળજ્ઞાન પામનાર જ હોય. તો પ્રજાની જે પર્યાય અવગુણ અને ગુણની દશા. ગુણની એટલે? સમ્યગ્દર્શન આદિ એ પર્યાયની વાત છે. ગુણ શબ્દે ઓલી ત્રિકાળની વાત નહિ. ..વાપર્યો છેને? ગુણ તે પર્યાય થઈ. ગુણનો અર્થ પણ પર્યાય છે અને દોષનો અર્થ પણ પર્યાય છે અહીં તો.

'**ગુણદોષોને અને રાજાને...**' પ્રજાની જે પર્યાય ગુણની એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની અને અવગુણની એટલે મિથ્યાદર્શન, અજ્ઞાન અને અચારિત્રની. એવી પ્રજાની પર્યાયને અને પ્રજાના આત્માને વ્યાપ્યવ્યાપક છે. રાજા સાથે એનો કાંઈ સંબંધ વ્યાપ્યવ્યાપક નથી એટલે કર્તાકર્મ નથી. એ રાજા કર્તા અને આ ગુણદોષની પ્રજાની પર્યાય કર્મ એમ છે નહિ. આહા..! ત્યારે '**એવો ઉપચાર કરવામાં આવે છે; તેવી રીતે...**' એ તો ઉપચાર, વ્યવહાર કથન. એને એમ જ માની લે કે પ્રજાના ગુણદોષ રાજાને લઈને થયા. તો એમ છે નહિ. રાજા મુક્તિને પામે, ક્ષાયિક સમકિતને પામે. અને પ્રજા મિથ્યાત્વી મિથ્યાત્વને પામીને રખડે. એય..! જેવો રાજા એવી પ્રજા એમ કહેવાય તો એ ઉપચારના કથન છે. .. કાંઈ છે નહિ. જુઓને કુંદકુંદાચાર્યે દાખલો આપીને આ વાત સિદ્ધ કરી છે.

'**તેવી રીતે પુદ્ગલદ્રવ્યના ગુણદોષોને...**' એટલે? પરમાણુઓમાં પર્યાયનું જે ઉત્પન્ન થવું. જે નિર્મળ પર્યાય એની પ્રમાણમાં. કે મલિન પર્યાય વિભાવની. એ પરમાણુમાં નિર્મળ પર્યાય થાય ભિન્ન પડીને અને સ્કંધમાં વિભાવ પર્યાય થાય. એ '**પુદ્ગલદ્રવ્યના ગુણદોષોને...**' એટલે કે એની સવળી પર્યાય અને અવળી પર્યાયને પોતાના '**પુદ્ગલદ્રવ્યને વ્યાપ્યવ્યાપકભાવ હોવાને લીધે...**' એ તો એને રજકણની સાથે સંબંધ છે. તીર્થંકર પ્રકૃતિ બંધાણી પર્યાયરૂપે. એને અને પુદ્ગલના પરમાણુનું વ્યાપકપણું છે એમાં. આહા..હા..! તીર્થંકરપ્રકૃતિ! લોકો તો આહા..હા..! ભારે ઝીણું. એ પ્રકૃતિની પર્યાય, એ તીર્થંકર પ્રકૃતિની જે પર્યાય થઈ એ પ્રકૃતિના રજકણોનું વ્યાપ્ય, અવસ્થા. એ રજકણોની અવસ્થા છે. રજકણ એનો કર્તા છે, આત્મા કર્તા એનો નથી. તીર્થંકર પ્રકૃતિને બાંધવાની પર્યાયનો આત્મા કર્તા નથી. અને નિગોદમાં નિગોદનું બાંધે કર્મ તો નરકનું, સાતમી નરકનું રવ-રવ નરક. જેને સંયોગી ચીજના ..નો પ્રેમ છે. એના પ્રેમનું મિથ્યાત્વ પર્યાયનું કર્તા તો એ જીવ છે. વિકાર જડની પર્યાયનો કર્તા એ નથી. નારકીનું આયુષ્ય બંધાય એ પર્યાય જીવની નથી. આયુષ્યની પર્યાય એ કર્મનું વ્યાપ્ય છે અને કર્મનો વ્યાપક છે.

જીવે આયુષ્ય બાંધ્યું એમ કહેવું એ ઉપચાર છે, આરોપિત કથન છે. આરોપે તો સાચું છે કે નહિ? પણ આરોપે સાચું ક્યાંથી આવ્યું? આહા..હા..! સારો કારીગર છે .. કરે. સારી કરી હોય તો શું કરવા .. કાર્યને સોંપે? સમજાણું? એ કારીગર સારો ગોતીને કાંઈક થાતું હશેને પરમાં સારું? એ તો કહેવામાત્રની વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ રોવડાવવામાં

બાપુ હુશિયાર હોય ખબર છે? કુટાવે કુટાવે બરાબર એવી ભાષા. એક ફેરી સાંભળ્યું હતું દડવામાં. એ ભાઈ .. મરી ગયો હતો તો.. ત્યાં ગયેલા. શું હાથ નથી ઉપડતો? શું લાકડું ભાંગ્યું છે? કહો, એનો જે વિકલ્પ છે એ હાથ ઉપાડવાની પર્યાયનો કર્તા છે?

મુમુક્ષુ :- એની અસર તો ખરીને.

ઉત્તર :- ... એનો હાથ આમ ઉપડે. એ માટે તો વાત કરે છે અહીંયાં. એના કહેવાની પરમાણુની પર્યાય વ્યાપ્ય અને પરમાણુનું વ્યાપક. અને કહેનારનો જે વિકલ્પ છે એ એનો વ્યાપ્ય અને એનો આત્મા વ્યાપક કર્તા. પણ એનો હાથ ઉપાડ્યો એમાં એ આત્મા પણ એનો કર્તા નથી એમ કહે છે. હાથની પર્યાય થવા માંડી એની. એ હાથની પર્યાય વ્યાપ્ય અને રજકણો એના એ. હાથના રજકણો વ્યાપક. આત્માને એ બીજાનું કથન માટે વ્યાપ્ય આ થયું. એમ નથી. આરે..! ભારે! ...માંથી પરનું કર્તા થવું.

મુમુક્ષુ :- ગામમાં જઈને કાંઈ આવું કહેવાય?

ઉત્તર :- દુનિયા તો પાગલ છે તો પાગલ કહે જને. માર્ગ તો આ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**પુદ્‌ગલદ્રવ્યના ગુણદોષો...**' એટલે પુદ્‌ગલ દ્રવ્યની તીર્થંકર આદિ પર્યાયનું થવું કે સાતમી નરકમાં જવાનું આયુષ્ય ઈત્યાદિ થવું '**અને પુદ્‌ગલદ્રવ્યને વ્યાપ્યવ્યાપકભાવ હોવાને લીધે...**' પરમાણુનો એમાં વ્યાપ્યવ્યાપક છે. '**સ્વ-ભાવથી જ (પુદ્‌ગલદ્રવ્યના પોતાના ભાવથી જ) તે ગુણદોષોની ઉત્પત્તિ થતાં...**' કર્મ રજકણ કે ઓહો..હો..! આ જીવે તીર્થંકર પ્રકૃતિ બાંધી. આ જીવે સર્વાર્થસિદ્ધનું આયુષ્ય બાંધ્યું. એ બધા ઉપચારના કથન છે. જુઓ, આ વાંધા આખા મોટા. આયુષ્ય તો જીવ બાંધેને જીવ પોતાના પરિણામથી. એ ના પાડે છે અહીં. એના પરિણામ જે છે એ એનું વ્યાપ્ય જીવનું ખરું, પણ આયુષ્ય બંધાણાની પર્યાયનો આત્મા વ્યાપક નહિ, એ આત્માનું વ્યાપ્ય નહિ. આયુષ્ય બંધાવાની પર્યાય આત્માનું વ્યાપ્ય નહિ, અવસ્થા નહિ. એ તો જડની અવસ્થા છે. આહા..! દિગંબરોમાં પણ ગોટા ઉઠે છે કે પરનો કર્તા ન માને એ દિગંબર જૈન નથી. સોનગઢનો વિરોધ કરવા. અરે..! સોનગઢનું નથી, બાપુ! એ તને ખબર નથી ભાઈ! આ તો સત્યના ઘરની વાતું છે. સમજાણું? એ નામ પડે ત્યાં ભડકે છે. સોનગઢ! એ સાધુને માને નહિ, અને કાંઈ કરી શકાય નહિ પરનું એમ માને. એય..! જેઠાભાઈ! ... ... એ તો બધા પાપના .. આકરું છે... આકરું છે... આ તો પણ ભારે જગતને. આહા..હા..! કાર્યકર્તાઓ માને... .. કહેતા હતા. આ ઢેબરભાઈ. કે કાંઈ (ન) કરે તો નિમિત્ત તો થવાયને કહે. કોને નિમિત્ત થાય? એની પર્યાયને કાળે આનું નિમિત્ત કહે એમાં નિમિત્ત કોનું થાવું તારે?

મુમુક્ષુ :- શરીરનો સદુપયોગ તો કરાયને?

ઉત્તર :- ધૂળેય કરાય નહિ. એ કહેતા હતા. અહીં બેઠા હતા ત્યારે. ખબર છેને. ... સાંભળવા આવ્યા હતા તો આવ્યા હતા. .. તે દિ' આવ્યા હતા નહિ? ..માં ..માં આવ્યા હતાને. આપણે પછી આમ તો થવાયને. કહો, સદુપયોગ દેહનો અને લક્ષ્મીનો કરાય નહિ? જુઓ, એવા હરામની કુમતિથી લક્ષ્મી આવી હોય તો એ સદુપયોગમાં વપરાય જ નહિ. સાચી વાત હશે? એય..! મગનભાઈ! .. કહે છે. જેના પૈસા હરામગીરીથી આવ્યા છે એ આ પૈસા સદુપયોગથી ટકે નહિ એને. તદ્દન ખોટી વાત છે. કહો, કલ્યાણજીભાઈ! પૈસા રજકણ છે એ રજકણની અવસ્થાનું રૂપાંતર થઈને ક્ષેત્રાંતર થવું. એની પર્યાયનું વ્યાપક છે એ પરમાણુ છે. આ અનીતિના આણે પરિણામ કર્યા માટે એ લક્ષ્મી આવી માટે એ લક્ષ્મી સારામાં ન વપરાય? એ ક્યાં .. એ ક્યાં સત્ય છે? સમજાણું કાંઈ? અને સારે માર્ગેથી લક્ષ્મી આવી હોય તો સારે માર્ગે વપરાય. ધૂળેય નહિ.

મુમુક્ષુ :- સારા માર્ગે આવવો એનો અર્થ શું?

ઉત્તર :- સારો માર્ગ એટલે આ નીતિથી, ન્યાયથી પેદા કર્યું. એ છળકપટ અને કપટ અને દંભને છેતર્યા આહા..હા..! કોકના હરામગીરીનું અનાજ આવ્યું હોય તો પરિણામ બગાડે એમ કહે છે. વાત ચાલે છે કે નહિ? ચીમનભાઈ! ત્યાં કોકનો કોળિયો આવી ગયો હોય હરામનો તો બુદ્ધિ બગાડે છે.

મુમુક્ષુ :- મંદિર...

ઉત્તર :- એ તો વળી શ્વેતાંબરમાં આવે છે. કોકનું મંદિર થાતું હોય એનાથી એનો વિરોધી હોયને એ માણસનો એ દેરાસરની એક ઈંટ ઓલાનું મકાન ચણે ત્યાંથી લઈને ઓલામાં મૂકી દે. જ્યારે મકાન થતું હોય એમાં ઓલું વેર લેવા માટે. ત્યાંથી લઈને ત્યાં મૂકી દે એટલે ઓલાનું સત્યનાશ જાય.

મુમુક્ષુ :- એવું માને છે.

ઉત્તર :- માને છેને? ખબર છે. એક ફેરી ચર્ચા ચાલી હતી ઘણા વર્ષ પહેલા હોં. ઓલા ખુશાલભાઈ કોક .. કોક. એક મોટો.. કે આવી વાતું શી રીતે આપણે? .. કહ્યું હોં. આમ આવો આમ. .. આ તો દુનિયા હલકી થાય છે, ભાઈ! હરામથી પૈસા આવ્યા હોય. એય..! જયંતિભાઈ! સારા ઠેકાણે નહિ વપરાય .. પૈસા. એ ખોટી વાત છે એમ કહે છે. પરિણામ એ તો એની પર્યાય એણે કરેલી. એ પર્યાયનો વ્યાપક તો એનો આત્મા છે. એમાં પરમાણુનું વ્યાપ્યવ્યાપક ત્યાં ક્યાં ગરી ગયું? સમજાણું કાંઈ? આહા..હા..! એ તો પરમાણુનો પોતાનો તે વખતનો ભાવરૂપી સ્વભાવનો પર્યાય તે થવાનો તે તેનું વ્યાપ્ય અને તેના એ પરમાણુ વ્યાપક. એ પર્યાય તે કર્મ અને કાર્ય અને આ પરમાણુ તેનો કર્તા. બીજો એનો કર્તા ને આ રીતે કર્યું માટે આમ થયું, આ કર્યું.. બધા ઉપચારિક વ્યવહારના કથન છે. સમજાણું

કાંઈ? તો પૈસાનો સદ્દુપયોગ કરવો કે દુરુપયોગ કરવો એ આત્માના અધિકારની વાત છે કે નહિ?

મુમુક્ષુ :- પૈસાનો સદ્દુપયોગ એટલે શું પણ?

ઉત્તર :- આ ધર્મમાં વાપરવો, દેરાસરમાં વાપરવો, દયામાં એમાં વાપરવો. ખોટી વાત છે, ભાઈ! એક રજકણ તો એને કારણે પરિણમી રહ્યો છે એ એનું વ્યાપ્ય અવસ્થા છે. એ રજકણોનું વ્યાપક. એને બીજાના ભાવ આવા હતા તેથી તો અહીં કહ્યું છે. પ્રજાના ગુણદોષ રાજાએ કર્યા, જેવો રાજા એવી પ્રજા એ તો કથનમાત્ર છે. એમ છે નહિ. એમ અવગુણીના પૈસા સરખે ન વપરાણા (તે) કથનમાત્ર છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ? એ પુણ્ય-બુણ્ય એ કાંઈ નહિ. એ તો પુણ્યાનુબંધીના ભાવ એના હોય સમ્યગ્દૃષ્ટિનો જે રાગ છે એ નિમિત્ત છે. અને રજકણો બંધાણા એ પુણ્યાનુબંધી તો એ રજકણનો રાગ હતો તે પુણ્યાનુબંધીના રજકણો બંધાણા એમ નથી. અરે..! આવી વાતું! વીતરાગ માર્ગ જગતથી નિરાળો છે. આ તો સર્વજ્ઞ ભગવાનના નિયમો છે. આહા..હા..! કેમ હશે? બાબુભાઈ! ઓલા ... હોયને ... બહુ .. પછી પરસેવો થઈ જાય હાથમાં. અરે..! પણ શું .. નથી ઉપડતું? એવી બધી વાતું કરે છે માણસ. આવા ને આવા ગપેગપ. એમ કે કંજુસીનો પૈસો સારે ઠેકાણે જાય. એ સાચી વાત હશે? એ ખોટી છે એમ સિદ્ધ કરી. પૈસો ક્યાં કંજુસીનો હતો. એ તો ભિન્ન જડનો છે. આહા..હા..! એય..! ભારે આકરું ભાઈ! કહો, હિંમતભાઈ! સમજાણું કે નહિ? ક્યાં ગયો મનસુખ? કહો, આ આવું છે આ. બોકડા કાપીને પૈસા પેદા કર્યા હોય. તો એને લઈને થયા હશે પૈસા? એ તો પૂર્વના પુણ્યનું એને નિમિત્ત છે. એ પૂર્વનું પુણ્ય પણ પૈસા લાવતું નથી એમ કહે છે. પૂર્વના પુણ્યની પર્યાયનું વ્યાપક તો એ પરમાણુ છે. ઓલા કર્મનું. શાતા-અશાતા. એની વ્યાપ્ય અવસ્થા તો એની પર્યાયમાં રહી. કહો, સમજાણું કાંઈ? કહો, એ બીજાને પૈસા આપી શકે? બીજા પાસેથી લઈ શકે આમ? આ નોટુંબોટું ગણીને નથી લેતા? એય..! ..ભાઈ! ધ્યાનવાળાને સોંપે. નહિતર એક સોની નીકળી જાય તો સોની નવ્વાણું થઈ જાય. એવું કાંઈક થયેલું .. નોટું હજાર-હજારની હતી અને એક હજારની નોટ ગણતરીમાં રહી ગઈ. નવ્વાણુને સો હજાર ગણી નાખ્યા. અરે..! .. ગણને આખો થોકડો? આહા..હા..! ... એ આવ્યો હતો મોટા... આહા..હા..! ભારે!

કોઈપણ જગતના રજકણની જે અવસ્થા ક્યાંક જરી ક્ષેત્રાંતર ક્યાં થવી? એ વ્યાપ્યનું કર્તા તો એ રજકણ છે. બીજો આત્મા તે નિમિત્ત છે માટે આમ થયું એમાં એ બધા ઉપચારના, વ્યવહારના કથન છે. આરોપિત, જૂઠાં કથન છે. આહા..હા..! સમજાણું કાંઈ? શાસ્ત્રમાં એવું

છે. વ્યભિચારી વ્યક્તિ હોય એનો આહાર નહિ લેવો લ્યો! શાસ્ત્રમાં આવે છે. સાધુએ આહાર ન લેવો એનો. એનો જગતમાં ભાવ ખોટો છે અને જગતમાં એની આબરૂ નથી. એ કારણે આવા કમજોરીથી ... સમજાણું કાંઈ? એવો પાઠ છે. આહા..! હવે બીજે કહે કે એને માટે આહાર બનાવેલો હોય એ ન લેવો. હવે એને બનાવેલો એમ ખબર પડી તો પર્યાય તો એણે બનાવી છે રજકણે. પણ એમાં એનું નિમિત્ત છે એવો રાગ દેવાનો ભાવ થાય છે તે રાગ છે. ભાવ છે. સમજાણું કાંઈ? દેવાનો ભાવ છે એ અનુમોદન છે એ દોષનું. દોષનું. આધાકર્મી જે દોષ છે પરપર્યાયનો એ. આધાકર્મી વસ્તુને આધાકર્મી કહેવી એ તો આને આરોપિતથી કહેવાય. ભારે! અરેરે..! ભાઈ! કહો, સમજાણું કાંઈ? એમ માંસ આત્માના પરિણામને બગડેલા ઉપજાવે એમ નથી અહીં કહે છે. આહા..હા..! ભારે ઝીણી વાત. પણ કહેવામાં એમ આવે કે ભાઈ માંસ ખાવામાં પરિણામ બગડશે માટે...

મુમુક્ષુ :- માંસ ખાવાના પરિણામ...

ઉત્તર :- માંસ ખવાના પરિણામ એ પોતે જ બગડેલા અજ્ઞાન છે. પરને લઈને બગડે છે એ? આહા..હા..! ભારે આકરી વાત ભાઈ! જૈનતત્ત્વનું સ્વરૂપ એમાં જ્યાં વિસ્તાર કરવા જાય ત્યાં એવું પોકળ નીકળે બધું. આહા..હા..! આધાકર્મીનો દોષ એ કાંઈ પરમાણુને લઈને છે? એને આધાકર્મી કહેવો એને માટે બનાવેલાને. એ તો અહીંયાં આધાકર્મી લેવાનો ભાવ એને આરોપથી એણે કથન કર્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? ૪૨, ૪૭, .. દોષ આવે છેને. .. રજકણમાં છે. .. પર્યાય જડની છે. આને ભાવ એવો છે એ ભાવનો આરોપ કરીને આ આધાકર્મી છે અને આ ઉદ્દેશિક છે. લ્યો! ભારે વાતું ભાઈ! એમ સાધુને ઉદ્દેશીને આહાર કર્યો હોય એ ઉદ્દેશિક કહેવાય લ્યો! આહાર ઉદ્દેશિક. આહાર તો રજકણ છે. પણ એના ભાવમાં આને માટે બનાવું એવો ભાવ હતો. સમજાણું? એ આરોપ ત્યાં ઉદ્દેશિક આહારમાં ગયો. અને એ ઉદ્દેશિક આહાર મુનિને, સંતોને ખપે નહિ. આહા..હા..! ભારે વીતરાગમાર્ગ ભાઈ! આહા..હા..! અમૃતનો સાગર છે ભગવાન.

આ કહે છે કે જેમ પ્રજાના અવગુણ અને ગુણની પર્યાયનો વ્યાપ્યવ્યાપક તો એના આત્મા સાથે છે. રાજા સાથે નહિ. એમ પરમાણુમાં તીર્થંકર પ્રકૃતિની પર્યાય બંધાય કે સાતમી નરકની પર્યાયનું આયુષ્ય બંધાય કોઈને એ પર્યાયનું વ્યાપ્યવ્યાપક પરમાણુ સાથે છે. એના જીવ સાથે નહિ. અરે..! ભારે! સમજાણું? આમ કાંટે તોળાય છેને. આ બાજુ પાંચ રૂપિયાભાર સોનું પડ્યું છે. લગડી હોય છેને પાંચ? અને પાંચ રૂપિયાભાર છે. જ્યાં સુધી ચાર રૂપિયાભાર ત્યાં મૂકશે ત્યાં સુધી આ લગડીનો તોલ આમ રહેશે. નીચે રહેશે, ઓલો ઉંચો રહેશે. હવે કહે છે કે એમાં વ્યાપ્યવ્યાપક શું? એ ચાર રૂપિયાભાર છે માટે ઓલી નીચે રહી. આની અવસ્થા વ્યાપ્ય અને એ વ્યાપક એમ છે? અરે..! ભારે! હિંમતભાઈ! બહુ આકરું પણ હોં.

આહા..હા..! લ્યો આ કહે છેને જડમાં કેટલી તાકાત છે જુઓ. આ બતાવે કાંટો બરાબર કે પાંચ રૂપિયાભાર ... .. નક્કી કરી શકે? પાંચ રૂપિયા, સાડા પાંચ રૂપિયા.. લ્યો ઠીક! સમજાણું કાંઈ? એ તો પરમાણુની પર્યાય એની કાંટાની એ સ્વતંત્ર વ્યાપ્યવ્યાપકથી થઈ છે. નીચે .. અહીં તાર મૂક્યા માટે સરખો કાંટો આવે એમ છે નહિ? એય..! જેઠાભાઈ! સમજાય છે આમાં? ઓલા બફમ જેવું લાગે. એય..! ચીમનભાઈ! કાંઈ અંદર દરકાર જ ન મળેને. .. છોકરા થયા પાંચ-પાંચ, છ અને સાત. એનું આમ કરવું ને આમ કરવું. ઘૂંચી ગયા મારા. કરી શકે નહિ. સારે ઠેકાણે સગપણ કરી શકે કે નહિ? હરામ હોય તો કહે છે કરે. આહા..હા..! સમજાણું કાંઈ? કે હુશિયાર માણસ સારું ઘર ગોતે. વળી ત્યાંથી કાંઈ સારી કન્યા હોય, ધણી મરી ગયો હોય ને એના મા-બાપ પાસે પૈસા હોય. અહીં આવશે ..ને આવશે. બીજો ભાઈ નથી એને કાંઈ. છતાં સગપણ કરે છે. ગીરધરભાઈ! આ તમારા સંસારના ખેલ છે. કોણ કરે ભાઈ! તને ખબર નથી. આહા..હા..!

દરેક દ્રવ્યની વર્તમાન બનતી તે કાળની કાર્યકાળની અવસ્થા તે તેનું કર્મ, કાર્ય, અવસ્થા વ્યાપ્ય એનો રજકણ અને તે આત્મા તેનો વ્યાપક. આહા..હા..! બાકી બીજા કોઈપણ આત્માને બીજાને સાથે કે એક આત્માને રજકણ સાથે કે એક રજકણને રજકણ સાથે કે રજકણને આત્મા સાથે વ્યાપ્યવ્યાપકપણું છે નહિ. આહા..હા..! અને આ છોકરો આ બધા પંડિતો સમજાવે અને ઓલો સમજે. કહો, એવો કાંઈક સંબંધ હશે કે નહિ? આ રહ્યા પ્રોફેસર. એ કહે છે કે ભાષા એની થઈ એ તો ભાષાની પર્યાયનું વ્યાપ્ય અને પરના રજકણ વ્યાપક. એમાં એને જે જ્ઞાનનો પર્યાય થયો એમાં તો એ જ્ઞાનની પર્યાય વ્યાપ્ય અને એનો આત્મા વ્યાપક. ભાષાની પર્યાય એમાં જ્ઞાનની પર્યાય ક્યાંથી કરે? કહો, આ સમયસારને સાંભળવાથી પર્યાય ત્યાં થાય? એમ કહે છે.

મુમુક્ષુ :- ... સાંભળવું નહોતું.

ઉત્તર :- વાત એ કહે છે... એય..! સમયસારના શબ્દો કે સમયસાર ગ્રંથ એની પર્યાય તો એનામાં, રજકણમાં રહી. એ પર્યાય બીજાને બનાવે? આ તો નિમિત્ત ઉડી જાય છે આખું. આહા..હા..! નિમિત્ત ભિન્ન છે એમ સાબિત થાય છે. ભિન્નની કોઈ અવસ્થાને કરે એને નિમિત્ત કહેવાય નહિ. એ તો ઉપાદાન થઈ ગયું પરનું. આહા..હા..! ભારે ભાઈ! આ સવારથી સાંજ સુધી પરના કામમાં મશગુલ રહેવું એય..! મનહરભાઈ! આ બે દુકાન છોકરા કરે, ત્રીજો એ કરે મકાન-બકાન બનાવે. બરાબર ધ્યાન રાખીને કરે તો ચાલીસ હજારનું મકાન સાંઈઠ હજારમાં વેચાય. મોંઘુ પડે. ધ્યાન રાખે ત્યારે થાતું હશે કે નહિ? આહા..હા..! ભારે ધર્મ ભાઈ જગતનો!

કહે છે કે એ જગતના રજકણોની અવસ્થામાં .. પૈસા પેદા થાય એ વાત ભ્રમ છે.

પૈસા પેદા થાય એટલે એની પાસે આવે એમ અને એની પાસે આવ્યા એટલે એ પર્યાય જીવની છે ને જીવ એનો વ્યાપ્યની પર્યાયનો કર્તા અને આત્મા એનો એ વ્યાપ્ય અવસ્થા અને એનો કર્તા આત્મા પૈસાને લાવ્યો એમ છે નહિ. ભાઈ! ભારે! ... હોં! જંગલમાં જાય, બાવો થઈને તો આ બેસે. એ જંગલમાં જ છે. તારામાં ક્યાં કાંઈ છે? તું તારામાં, તે તેનામાં. આહા..હા..! જેનામાં જે અવસ્થા થાય તેનું તે વ્યાપ્ય અને વ્યાપક. આત્મા અને બીજો દ્રવ્ય તેનું વ્યાપવ્યાપક થાય નહિ. માટે કર્તાકર્મ છે નહિ. આહા..હા..! ભારે ઝીણી વાત!

પાણીમાં માખી પડી છે. ... ભાવ આવ્યો એણે આંગળી નાખી આમ. અને પાણી નીતરી ગયું અને એની ઉપર વઈ ગઈ માખી. હવે કહે છે કે એ માખીની પર્યાય એની .. બચી એ પર્યાયનું વ્યાપ્ય તો એનું માખીનું શરીર છે. એનો આત્મા પણ નહિ. આહા..હા..! તો એ .. એ માખીની પર્યાયનું વ્યાપક. આમ કર્યું માટે એની પર્યાય થઈ (એમ નથી). ભારે વાત ભાઈ! કહો, ..ભાઈ! તો ખરેખર તો એને કરવું પડે ત્યારે. ... પોરબંદરમાં. અભેચંદભાઈ હતા. એ પર્યુષણમાં બહાર નીકળે. કોઈ એવા ખાડામાં મકોડા હોય. એ બહુ કરતા. પોષા કરે, પડિક્કમણા કરે, સામાયિક કરે. .. કહો એ કરી શકાતું હશે કે નહિ? આહા..હા..! એની એ પર્યાય ત્યાં થવાની એનું વ્યાપ્યપણું તો એમાં વ્યાપકનું છે. ભાઈ! સમજાણું કાંઈ? એનો કર્તા એ માને કે મને વિકલ્પ આવ્યો માટે આ મકોડો પાણીમાંથી નીકળીને બચ્યો. વિકલ્પ એનો કર્તા અને એ પર્યાય એનું કાર્ય. છે? .. ન હોત તો બચાવે?

અહીં પણ એક .. જુઓ, બાબુભાઈનું હતુંને ... કરે નહિ? બાબુભાઈ છેને? ... ગયા હતા બાબુભાઈ હતા. .. હવે એ અંદર ગયો નહાવા તો ગરી ગયો ઉંડો. હવે? છોકરો ગયો હમણા હોં. એમાં વળી વનમાળીભાઈ હતા ખત્રી. વનમાળી ગુજરી ગયાને જે? એને લઈને કે આ શું થયું? .. અંદર. કછોડો બાંધીને ગયા. .. નહિતર મરી જાત. આહા..હા..! ગજબ પણ છે હોં. એય..! એ શરીરની પર્યાય એનું બહાર નીકળવાનું જે વ્યાપ્ય છે એના વ્યાપકના રજકણો છે. એમાં આત્માનો વિકલ્પ પણ નહિ અને બીજાનો પણ વિકલ્પ નહિ. ભારે વાત! એ આપણે થયું હતું નહિ? એક છોકરો મરી ગયો હતો એક ફેરી આપણે નહિ? ખંભાત. ખંભાત.. ભેખડમાં હતાને. મરી ગયો છોકરો. ... ભાઈ! તને ખબર નથી ભાઈ! એ રજકણની અવસ્થાનો વ્યાપ્ય છેને આ. એને વ્યાપક પરમાણુ છે હોં. એ પાણી એને ખેંચે સમજાણું? કે અહીં જીવનો વિકલ્પ આવ્યો આને બચાવવાનો. માટે બચી ગયો છે. અરે..! પ્રભુ! આવો તે માર્ગ! વીતરાગનો માર્ગ! આહા..હા..! એને બચાવવાનો ભાવ એ જીવનું વ્યાપ્ય. એ જીવનું. પણ એ અવસ્થા થઈ એ આ જીવનું વ્યાપ્ય (એમ નથી). ભારે જગતને. અજ્ઞાની તો ક્ષણે અને પળે. એ મેં કર્યું... આ મેં કર્યું... આ મેં કર્યું... હું હતો તો આ થયું. હું હતો તો

આ થયું. કહે એ હતો તો એ થયું કે તું હતો તો એ થયું? ..ભાઈ! શું હશે આ? આહા..હા..! એ નાની ભૂલ નથી. કોઈને એમ લાગે કે આ નાની (ભૂલ પણ) એમ નથી. મોટી મિથ્યાત્વની ભૂલ છે. એ કર્તાબુદ્ધિ છે એને ખોટી. આ પર્યાય મેં આવીને બચાવી. બાપુ! ઝીણી વાત છે, ભાઈ!

મુમુક્ષુ :- અભિપ્રાયની ભૂલ?

ઉત્તર :- મોટી ભૂલ છે ભાઈ! તને ખબર નથી. તારો દયાનો ભાવ તો કાંઈ ન કહેવાય ત્યાં. પણ જ્યાં કર્તા કે હું છું તો આ થયું. કર્તાબુદ્ધિ વ્યાપ્યવ્યાપકમાં તું કરી રહ્યો છે. કરી શકે એ માટે ગયો તું (તો). જુદો રહ્યો નહિ. આહા..હા..! ભારે કામ. '(**પુદ્ગલદ્રવ્યના પોતાના ભાવથી જ) તે ગુણદોષોની ઉત્પત્તિ થતાં-જો કે તે ગુણદોષોને અને જીવને વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ છે તોપણ-'તેમનો ઉત્પાદક જીવ છે' એવો ઉપચાર...**' આહા..હા..! ગજબ વાત કરી છેને. આવા જે હજારો બોલોમાં એણે જ્યાં ત્યાં આણે કર્યું એમ કહેવું, વ્યવહારના કથનો છે બધા. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- જગતમાં કહેવાય છે કે જેવો રાજા તેવી પ્રજા.**' યથા રાજા તથા પ્રજા. બહારમાં પણ એમ કહેવાય છે લ્યો. મા-બાપ જેવા હોય ગુણવાળા એવા ગુણદોષના સંસ્કાર છોકરામાં આવે. સાચી વાત હશે આ? એય..! ચંદુભાઈ! નારણભાઈ તો .. સમકિત થયા. અને કેટલાક છોકરા એના નરકે ગયા. આહા..હા..! એથી શું થયું? એક ભાણામાં જમનારા પણ .. એક ભાણામાં બેઠા હોય બાપ, દીકરો, દીકરીયું. એક નરકમાં જાય, એક મોક્ષમાં જાય, એક ક્ષાયિક સમકિત થાય. આહા..હા..! સમજાણું કાંઈ? પણ ભગવાન ત્રિલોકનાથ તીર્થંકર જન્મે ત્યારે તો ધર્મની પર્યાયના કર્તા ભગવાનની વાણી ખરી કે નહિ? એ વિના ધર્મકર્તા કેમ કહેવું? ..સંબંધ છે. .. એમ નથી લીધું. એના પેટામાં પર્યાય... ... આહા..હા..! સમજાણું કાંઈ? આ તો મહાસિદ્ધાંત છે. ચાર પૈસે શેર તો મણના અઢી. એ કુંચી છે એ. એક કુંચીએ બધાનો ખુલાસો કરી નાખ્યો કે સાડી સાડત્રીસ શેર હોય તો શું? એ એમાં આવી ગયું. ચાર પૈસે શેર તો મણના સાડી સાડત્રીસ આના અને સાડી સાડત્રીસ આના. એમ જગતના જેટલા દૃષ્ટાંતો કહેવાય. પરની અવસ્થાના કાળે ઉભેલો મારાથી થયા-એ બધાને આ કુંચી લાગુ પડે. કહો, આ મંદિર સારું બનાવે લ્યો કારીગર. શેઠીયો નજર રાખીને ઉભો રહે ત્યાં. સવાર-સાંજ ધ્યાન રાખે. ટીફીન શું કરે છે તમારે? ટીફીન મંગાવે અહીં. ત્યાં જાય નહિ ઘરે. કારણ કે ઓલો કારીગર કાંઈક ફેરફાર કરે તો? એટલે ન જાય, ખાતો જાય ત્યારે સરખું કામ થાય. સમજાણું કાંઈ? આ તો કુંચી છે એનો દાખલો. બધે ઠેકાણે લાગુ પડે. તત્ત્વની પર્યાય પોતાથી થાય અને બીજાથી ન થાય. એવી આ કુંચી છે. આહા..હા..!

'**આમ કહીને પ્રજાના ગુણદોષનો ઉત્પન્ન કરનાર રાજાને કહેવામાં આવે છે.**

એવી જ રીતે પુદ્‌ગલદ્રવ્યના ગુણદોષનો ઉત્પન્ન કરનાર...' ગુણનો અર્થ? પ્રકૃતિ સારી બંધાય એમ. અશાતા ત્યાં નથી. ઓલામાં તો એમ આવી ગયું કે .. તો સુશીલ છે. એના પરિણામ જે છે એ કુશીલ છે. અશાતા કર્મ બંધાવામાં નિમિત્ત જે છે એ કુશીલ છે. અને પ્રકૃતિ એને કુશીલ કહેવામાં આવે છે. આહા..હા..! **'પરમાર્થદૃષ્ટિએ જોતાં એ સત્ય નથી,...'** જુઓ લ્યો! ઉપચાર .. શું થયું? સત્ય નથી. એ અસત્ય છે. આહા..હા..! આના વાંધા છે મોટા. ખાણિયા ચર્ચામાં બહુ આવ્યું ઉપચાર તો છેને. પણ ઉપચારનો અર્થ? આહા..હા..!

## શ્લોક-૬૩

(वसन्ततिलका)

जीवः करोति यदि पुद्गलकर्म नैव
कस्तर्हि तत्कुरुत इत्यभिशङ्कयैव।
एतर्हि तीव्ररयमोहनिवर्हणाय
सङ्कीर्त्यते शृणुत पुद्गलकर्मकर्तृ।।६३।।

હવે આગળની ગાથાની સૂચનિકારૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- '[यदी पुद्‌गलकर्म जीवः न एव करोति] જો પુદ્‌ગલકર્મને જીવ કરતો નથી [तर्हि] તો [तत् कः कुरुते] તેને કોણ કરે છે?' [इति अभिशङ्कया एव] એવી આશંકા કરીને, [एतर्हि) હવે [तीव्र-रय-मोह-निर्वहणाय ] તીવ્ર વેગવાળા મોહનો (કર્તાકર્મપણાના અજ્ઞાનનો) નાશ કરવા માટે, [पुद्गलकर्मकर्तृ सङ्कीर्त्यते] 'પુદ્‌ગલકર્મનો કર્તા કોણ છે' તે કહીએ છીએ; [शृणुत] તે (હે જ્ઞાનના ઇચ્છક પુરુષો!) તમે સાંભળો. ૬૩.

## કળશ-૬૩ ઉપર પ્રવચન

'હવે આગળની ગાથાની સૂચનિકારૂપ કાવ્ય કહે છે :-' લ્યો!

(वसन्ततिलका)

जीवः करोति यदि पुद्गलकर्म नैव

कस्तर्हि तत्कुरुत इत्यभिशङ्कयैव।
एतर्हि तीव्ररयमोहनिवर्हणाय
सङ्कीर्त्यते शृणुत पुद्गलकर्मकर्तृ।।६३।।

લ્યો અમૃતચંદ્રાચાર્ય જેવા કહે છે કે સાંભળ. વળી સાંભળવામાં તો વિકલ્પ છે. સમજાણું કાંઈ? નથી આવતું?

મુમુક્ષુ :- દર્શનપાહુડમાં પહેલી ગાથામાં.

ઉત્તર :- દર્શનપાહુડમાં આવે છે. ... કે કહેનારને વિકલ્પ છે અને સાંભળનારને વિકલ્પ છે આહા..હા..! કઈ અપેક્ષાની વાત છે ભાઈ! અહીં તો કહે સાંભળ. આચાર્ય પોતાના .. કરાવવા માટે કહે છે એને સાંભળ. એનામાં ભૂલ છે એ સંભળાવે છે. છે પાઠમાં છેને? **'सङ्कीर्त्यते शृणुत पुद्गलकर्मकर्तृ।' 'જો પુદ્ગલકર્મને જીવ કરતો નથી...'** આઠ કર્મની પર્યાયને જીવ કરતો નથી. કે શરીરાદિની પર્યાયને જીવ કરતો નથી. **'તો તેને કોણ કરે છે?'** કોઈ ભગવાન કરવા આવે છે ત્યાં? **'इति अभिशङ्कया एव' 'એવી આશંકા કરીને,...'** જોયું! આશંકા હોં. શંકા નથી કે આમ તમારું ખોટું છે (એમ નહિ) પણ સમજાતું નથી. એવી આ શંકા જેને હોય. **'હવે...' 'तीव्र-रय-मोह-निर्वहणाय' 'તીવ્ર વેગવાળા મોહનો (કર્તાકર્મપણાના અજ્ઞાનનો) નાશ કરવા માટે,...' '[पुद्गलकर्मकर्तृ सङ्कीर्त्यते ]' ''પુદ્ગલકર્મનો કર્તા કોણ છે' તે કહીએ છીએ; તે (હે જ્ઞાનના ઈચ્છક પુરુષો!)...'** હે જ્ઞાનના ઈચ્છક, સમજવાના ઈચ્છ પુરુષો! **'તમે સાંભળો.'** સમજાણું કાંઈ? ભારે જગતમાં આવા ... બેસવી વાત અંદર. ઓઘે-ઓઘે વાત કરે એ જુદી વાત છે. અંદર વાસ્તવિક તત્ત્વને અંદર ઉઠાવીને દૃષ્ટિ કર પરનું થાય એમાં મારો અધિકાર નથી અને મારી પર્યાય થાય એમાં પરનો અધિકાર બિલકુલ નથી. એવી જ પર્યાયનું સ્વતંત્રપણું દરેક દ્રવ્યને વ્યાપ્ય છે. લ્યો!

## ગાથા-૧૦૯ થી ૧૧૨

सामण्णपच्चया खलु चउरो भण्णंति बंधकत्तारो।
मिच्छत्तं अविरमणं कसायजोगा य बोद्धव्वा।।१०९।।
तेसिं पुणो वि य इमो भणिदो भेदो दु तेरसवियप्पो।
मिच्छादिट्ठीआदी जाव सजोगिस्स चरमंतं।।११०।।
एदे अचेदणा खलु पोग्गलकम्मुदयसंभवा जम्हा।
ते जदि करेंति कम्मं ण वि तेसिं वेदगो आदा।।१११।।

गुणसण्णिदा दु एदे कम्मं कुव्वंति पच्चया जम्हा।
तम्हा जीवोऽकत्ता गुणा य कुव्वंति कम्माणि।।११२।।
सामान्यप्रत्ययाः खलु चत्वारो भण्यन्ते बन्धकर्तारः।
मिथ्यात्वमविरमणं कषाययोगौ च बोद्धव्याः।।१०९।।
तेषां पुनरपि चायं भणितो भेदस्तु त्रयोदशविकल्पः।
मिथ्यादृष्टयादिः यावत् सयोगिनश्चरमान्तः।।११०।।
एते अचेतनाः खलु पुद्गलकर्मोदयसम्भवा यस्मात्।
ते यदि कुर्वन्ति कर्म नापि तेषां वेदक आत्मा।।१११।।
गुणसंज्ञातास्तु एते कर्म कुर्वन्ति प्रत्यया यस्मात्।
तस्माज्जीवोऽकर्ता गुणाश्च कुर्वन्ति कर्माणि।।११२।।

पुद्गलकर्मणः किल पुद्गलद्रव्यमेवैकं कर्तृ; तद्विशेषाः मिथ्यात्वाविरतिकषाययोगा बन्धस्य सामान्यहेतुतया चत्वारः कर्तारः। ते एव विकल्प्यमाना मिथ्यादृष्टयादि-सयोगकेवल्यन्तास्त्रयोदश कर्तारः। अथैते पुद्गलकर्मविपाकविकल्पत्वादत्यन्तमचेतनाः सन्तस्त्रयोदश कर्तारः केवला एव यदि व्याप्यव्यापकभावेन किञ्चनापि पुद्गलकर्म कुर्युस्तदा कुर्युरेव; किं जीवस्यात्रापतितम्? अथायं तर्कः — पुद्गलमयमिथ्यात्वादीन् वेदयमानो जीवः स्वयमेव मिथ्यादृष्टिर्भूत्वा पुद्गलकर्म करोति। स किलाविवेकः, यतो न खल्वात्मा भाव्यभावकभावाभावात् पुद्गलद्रव्यमयमिथ्यात्वादिवेदकोऽपि, कथं पुनः पुद्गलकर्मणः कर्ता नाम? अथैतदायातम् — यतः पुद्गलद्रव्यमयानां चतुर्णां सामान्यप्रत्ययानां विकल्पास्त्रयोदश विशेषप्रत्यया गुणशब्दवाच्याः केवला एव कुर्वन्ति कर्माणि, ततः पुद्गलकर्मणामकर्ता जीवो, गुणा एव तत्कर्तारः। ते तु पुद्गलद्रव्यमेव। ततः स्थितं पुद्गलकर्मणः पुद्गलद्रव्यमेवैकं कर्तृ।

---

પુદ્ગલકર્મનો કર્તા કોણ છે તે હવે કહે છેઃ-

સામાન્ય પ્રત્યય ચાર નિશ્ચય બંધના કર્તા કહ્યાં,
-મિથ્યાત્વ ને અવિરમણ તેમ કષાયયોગો જાણવા. ૧૦૯.
વળી તેમનો પણ વર્ણવ્યો આ ભેદ તેર પ્રકારનો,
-મિથ્યાત્વથી આદિ કરીને ચરમ ભેદ સયોગીનો. ૧૧૦.
પુદ્ગલકરમના ઉદયથી ઉત્પન્ન તેથી અજીવ આ,
તે જો કરે કર્મો ભલે, ભોકતાય તેનો જીવ ના. ૧૧૧.

જેથી ખરે 'ગુણ' નામના આ પ્રત્યયો કર્મો કરે,
તેથી અકર્તા જીવ છે, 'ગુણો' કરે છે કર્મને. ૧૧૨.

ગાથાર્થ :- [चत्वारः] ચાર [सामान्यप्रत्याः] સામાન્ય પ્રત્યયો [खलु] નિશ્ચયથી [बन्धकर्तारः] બંધના કર્તા [भण्यन्ते] કહેવામાં આવે છે-[मिथ्यात्वम्] મિથ્યાત્વ, [अविरमणं] અવિરમણ [च] તથા [कषाययोगी] કષાય અને યોગ (એ ચાર) [बोद्धव्याः] જાણવા. [पुनः अपि च] અને વળી [तेषां] તેમનો, [अयं] આ [त्रयोदशविकल्पः] તેર પ્રકારનો [भेदः तु] ભેદ [भणितः] કહેવામાં આવ્યો છે-[मिथ्यादृष्टयादिः] મિથ્યાદષ્ટિ(ગુણસ્થાન)થી માંડીને [सयोगिनः चरमान्तः यावत् ] સયોગકેવળી(ગુણસ્થાન)ના ચરમ સમય સુધીનો. [एते] આ (પ્રત્યયો અથવા ગુણસ્થાનો) [खलु] કે જેઓ નિશ્ચયથી [अचेतनाः] અચેતન છે [यस्मात्] કારણ કે [पुद्गलकर्मोदयसम्भवाः] પુદ્ગલકર્મના ઉદયથી ઉત્પન્ન થાય છે [ते] તેઓ [यदि] જો [कर्म] કર્મ [कुर्वन्ति] કરે તો ભલે કરે; [तेषां] તેમનો (કર્મોનો) [वेदकः अपि] ભોક્તા પણ [आत्मा न] આત્મા નથી. [यस्मात्] જેથી [एते] આ [गुणसञ्ज्ञिताः तु] 'ગુણ' નામના [प्रत्ययाः] પ્રત્યયો [कर्म] કર્મ [कुर्वन्ति] કરે છે [तस्मात्] તેથી [जीवः] જીવ તો [अकर्ता] કર્મનો અકર્તા છે [च] અને [गणाः] 'ગુણો' જ [कर्माणि] કર્મોને [कुर्वन्ति] કરે છે.

ટીકા :- ખરેખર પુદ્ગલકર્મનો, પુદ્ગલદ્રવ્ય જ એક કર્તા છે; તેના વિશેષો-મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ બંધના સામાન્ય હેતુઓ હોવાથી ચાર કર્તા છે; તેઓ જ ભેદરૂપ કરવામાં આવતાં (અર્થાત્ તેમના જ ભેદ પાડવામાં આવતાં), મિથ્યાદષ્ટિથી માંડીને સયોગકેવળી સુધીના તેર કર્તા છે. હવે, જેઓ પુદ્ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી અત્યંત અચેતન છે એવા આ તેર કર્તાઓ જ કેવળ વ્યાપ્યવ્યાપકભાવે કાંઈ પણ પુદ્ગલકર્મને જો કરે તો ભલે કરે; તેમાં જીવને શું આવ્યું (કાંઈ જ નહિ.) અહીં આ તર્ક છે કે 'પુદ્ગલમય મિથ્યાત્વાદિને વેદતો (ભોગવતો) જીવ પોતે જ મિથ્યાદષ્ટિ થઈને પુદ્ગલકર્મને કરે છે.' (તેનું સમાધાન :- ) આ તર્ક ખરેખર અવિવેક છે, કારણ કે ભાવ્યભાવકભાવનો અભાવ હોવાથી આત્મા નિશ્ચયથી પુદ્ગલદ્રવ્યમય મિથ્યાત્વાદિનો ભોક્તા પણ નથી, તો પછી પુદ્ગલકર્મનો કર્તા કેમ હોય? માટે એમ ફલિત થયું કે-જેથી પુદ્ગલદ્રવ્યમય ચાર સામાન્યપ્રત્યયોના ભેદરૂપ તેર વિશેષપ્રત્યયો કે જેઓ 'ગુણ' શબ્દથી કહેવામાં આવે છે (અર્થાત્ જેમનું નામ ગુણસ્થાન છે) તેઓ જ કેવળ કર્મોને કરે છે, તેથી જીવ પુદ્ગલકર્મોનો અકર્તા છે, 'ગુણો' જ તેમના કર્તા છે; અને તે 'ગુણો' તો પુદ્ગલદ્રવ્ય જ છે; તેથી એમ ઠર્યું કે પુદ્ગલકર્મનો પુદ્ગલદ્રવ્ય જ એક કર્તા છે.

ભાવાર્થ :- શાસ્ત્રમાં પ્રત્યયોને બંધના કર્તા કહેવામાં આવ્યા છે. ગુણસ્થાનો પણ

વિશેષ પ્રત્યયો જ છે તેથી એ ગુણસ્થાનો બંધના કર્તા છે અર્થાત્ પુદ્ગલકર્મના કર્તા છે. વળી મિથ્યાત્વાદિ સામાન્ય પ્રત્યયો કે ગુણસ્થાનરૂપ વિશેષ પ્રત્યયો અચેતન પુદ્ગલદ્રવ્યમય જ છે, તેથી એમ સિદ્ધ થયું કે પુદ્ગલદ્રવ્ય જ પુદ્ગલકર્મનું કર્તા (-કરનારું) છે; જીવ કર્તા નથી. જીવને પુદ્ગલકર્મનો કર્તા માનવો તે અજ્ઞાન છે.

## ગાથા-૧૦૯ થી ૧૧૨ ઉપર પ્રવચન

सामण्णपच्चया खलु चउरो भण्णंति बंधकत्तारो।
मिच्छत्तं अविरमणं कसायजोगा य बोद्धव्वा।।१०९।।
तेसिं पुणो वि य इमो भणिदो भेदो दु तेरसवियप्पो।
मिच्छादिट्ठीआदी जाव सजोगिस्स चरमंतं।।११०।।
एदे अचेदणा खलु पोग्गलकम्मुदयसंभवा जम्हा।
ते जदि करेंति कम्मं ण वि तेसिं वेदगो आदा।।१११।।
गुणसण्णिदा दु एदे कम्मं कुव्वंति पच्चया जम्हा।
तम्हा जीवोडकत्ता गुणा य कुव्वंति कम्माणि।।११२।।

ઘણી વાત લઈ ગયા.

સામાન્ય પ્રત્યય ચાર નિશ્ચય બંધના કર્તા કહ્યાં,
-મિથ્યાત્વ ને અવિરમણ તેમ કષાયયોગો જાણવા. ૧૦૯.

'बोद्धव्वा' છેને? એ 'बोद्धव्वा' જાણવા એમ છે લ્યો!

વળી તેમનો પણ વર્ણવ્યો આ ભેદ તેર પ્રકારનો,
-મિથ્યાત્વથી આદિ કરીને ચરમ ભેદ સયોગીનો. ૧૧૦.
પુદ્ગલકરમના ઉદયથી ઉત્પન્ન તેથી અજીવ આ,
તે જો કરે કર્મો ભલે, ભોકતાય તેનો જીવ ના. ૧૧૧.
જેથી ખરે 'ગુણ' નામના આ પ્રત્યયો કર્મો કરે,
તેથી અકર્તા જીવ છે, 'ગુણો' કરે છે કર્મને. ૧૧૨.

આહા..હા..! 'ટીકા :- ખરેખર પુદ્ગલકર્મનો, પુદ્ગલદ્રવ્ય જ એક કર્તા છે;...'

એનો બીજો કોઈ કર્તા નથી. હવે અહીં વિશેષ વાત એ છે '**તેના વિશેષો-મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ બંધના સામાન્ય હેતુઓ હોવાથી ચાર કર્તા છે;...**' એ મિથ્યાત્વ પરિણામ એને પુદ્ગલ કહ્યા. આહા..હા..! સમજાણું કાંઈ? એ .. એ વાત થઈ ગઈ છે. દ્વેષ અજ્ઞાન ને... આમાં યાદ આવ્યું. ... શું કહે છે આ? એ મિથ્યાત્વભાવ એ પુદ્ગલના પરિણામ છે એમ કહે છે. એ મિથ્યાત્વભાવ કર્મને કરે છે. વિકારીભાવ. '**અવિરતિ, કષાય અને યોગ બંધના સામાન્ય હેતુઓ હોવાથી ચાર કર્તા છે; તેઓ જ ભેદરૂપ કરવામાં આવતાં (અર્થાત્ તેમના જ ભેદ પાડવામાં આવતાં), મિથ્યાદષ્ટિથી માંડીને સયોગકેવળી સુધીના તેર કર્તા છે.**' એ ગુણસ્થાન કર્તા. આત્મા નહિ. આહા..હા..! એ ગુણસ્થાનનો ભાવ એ પુદ્ગલનો. એ વિભાવભાવ ગુણસ્થાનનો ઈ જડના. આહા..હા..! એ ઝીણી વાત કાલે આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક વદ-૭, સોમવાર, તા. ૨૭-૧૧-૧૯૭૨
## ગાથા-૧૦૯ થી ૧૧૨, પ્રવચન-૨૩૫

ટીકા. ગાથા બોલાઈ ગઈ છે. '**ખરેખર પુદ્ગલકર્મનો, પુદ્ગલદ્રવ્ય જ એક કર્તા છે;...**' પહેલા આવી ગયું હતું કે જીવમય રાગ-દ્વેષાદિ પરિણામ અથવા સમ્યગ્દર્શન આદિ પરિણામ એનો કર્તા જીવ છે. એ તો એની પર્યાયમાં પોતાના ..થી થાય છે એ સિદ્ધ કરવા એટલું ત્યાં કહ્યું. પરથી જુદું પાડવા. આવ્યું હતુંને માટીમય ઘડાનું તે કર્મ. એટલે? જીવમય રાગાદિ કાર્ય. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના ભાવ એ જીવનું કાર્ય છે. એ જીવમય છે. કારણ કે એ જીવ પોતાના વિકારી પરિણામ કે અવિકારી પરિણામને કરો. પણ પરને કર્મબંધનના રજકણની પર્યાયને તો એ કરતો નથી. એટલું સિદ્ધ કરીને હવે વિભાવને, સ્વભાવને ભિન્ન પાડે છે. સમજાણું કાંઈ? મોહનભાઈ! આહા..! પહેલી વાત એ કરી, પાછી બીજી પાછી આ આવી.

જે આત્મામાં તેર ગુણસ્થાન છેને તેર ગુણસ્થાન? મિથ્યાત્વ, સાસાદન, મિશ્ર, અવિરતિ આદિ એ સયોગી છે. એ બધા ભેદના, રાગના ભેદને પુદ્ગલ કર્મ કહેવામાં આવ્યા છે. એ '**પુદ્ગલકર્મનો, પુદ્ગલદ્રવ્ય જ એક કર્તા છે;...**' એ વિભાવભાવ એ એક સમયનું વિપરીત પરિણમન એ પુદ્ગલના ભાવ છે. સયોગી તેરમું ગુણસ્થાન પણ સયોગી એ પુદ્ગલના પરિણામ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચૈતન્ય જ્ઞાયકભાવ દ્રવ્યસ્વભાવ એ એવા વિકારીભાવનો કર્તા નથી અરે..! આહા..હા..! સમજાણું કાંઈ? એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા અને કામ-ક્રોધ આદિ ભાવ. એ બધાને અહીંયાં પુદ્ગલના પરિણામ કહેવામાં આવ્યા છે. સમજાણું કાંઈ? ખરેખર વસ્તુનો સ્વભાવ જોતાં ભગવાન આત્મા તો જ્ઞાન અને આનંદનો પુંજ છે. એ દ્રવ્યસ્વભાવ એ વિભાવને કેમ કરે? એક સમયની વિપરીત પરિણતિ તીર્થંકરગોત્ર જે ભાવે બંધાય એને સ્વભાવ કેમ કરે કહે છે. ભારે!

'**ખરેખર પુદ્ગલકર્મનો,...**' એટલે વિભાવભાવનો. એ વિભાવભાવ પુદ્ગલનું કાર્ય છે. પહેલે ગુણસ્થાનથી તેર. '**પુદ્ગલદ્રવ્ય જ એક કર્તા છે;...**' થોડો ભાગ આત્માનો અને થોડો ભાગ વિકારનો પુદ્ગલનો એમ નહિ. સમજાણું કાંઈ? '**તેના વિશેષો...**' પુદ્ગલકર્મના વિશેષો. '**મિથ્યાત્વ,...**' વિપરીત માન્યતા એ પણ કર્મના જ, પુદ્ગલ છે. કર્મનો જ પાક છે. એ આત્માનો પાક નથી. આહા..હા..! '**અવિરતિ,...**' રાગની આસક્તિ. રાગનો અત્યાગભાવ એ પણ પુદ્ગલના જ પરિણામ છે. સમજાય છે કાંઈ? એમ '**કષાય...**' શુભભાવ કે અશુભભાવરૂપી કષાય. એ પુદ્ગલ કર્મ અને પુદ્ગલ કર્મ જ એનો કર્તા છે. આહા..હા..! સમજાણું કાંઈ? કઈ નયનું કથન છે એ સમજવું જોઈએને?

પહેલા તો એમ આવ્યું હતું કે માટીમય ઘડારૂપી કર્મ એ માટી કરે છે. કુંભાર કરતો નથી. એમ જીવમાં થતાં પર્યાય રાગ-દ્વેષ વિકલ્પ અને નિર્વિકલ્પ પર્યાય સમકિતમાં. એનો કર્તા તો જીવ જ છે. એ જીવ પરને કરતો નથી એવું સિદ્ધ કરવા. સમજાણું કાંઈ? અહીંયાં તો ભગવાન આત્મા જેનો ત્રિકાળી સ્વભાવ જ્ઞાન અને આનંદ અને શાંતિનો સાગર પ્રભુ, એવો ત્રિકાળી સ્વભાવ એવા વિભાવ તે ગુણસ્થાનના ભાવને એ કેમ કરે? સમજાણું કાંઈ? એમ '**કષાય અને યોગ બંધના સામાન્ય હેતુઓ હોવાથી...**' એ બંધના ચાર હેતુ સામાન્ય સંક્ષેપમાં. '**ચાર કર્તા છે;...**' પુદ્ગલ નવા બંધનમાં. પુદ્ગલના આ પરિણામ એ કર્તા છે. સમજાણું કાંઈ? ભારે અટપટુ! આ બધો અભ્યાસ કરવો પડે, ચંદુભાઈ! આ એમ ને એમ તમે અહીંયાં .. લ્યો એમ ન ચાલે. એમ અહીં અભ્યાસ કરવો પડે. વાત તો એમ જ છે. આહા..હા..!

જેની પર્યાયમાં એ તેર ગુણસ્થાન એ પર્યાય છે એની. જીવની. એ અહીં કહે છે કે ના, ના એ તો કર્મની પર્યાય છે. સમજાણું કાંઈ? પહેલા વિકારી પર્યાય જીવમય એ તો

પરથી જુદું પાડવા માટે બતાવ્યું. અથવા એ પોતાની પર્યાયને અવળી-સવળી કરે, પણ પરને કરે નહિ એટલું બતાવવા એ સિદ્ધ કર્યું. હવે તો અહીંયાં સ્વભાવી વસ્તુ ત્રિકાળ જ્ઞાનનો પુંજ એકલો, જ્ઞાનનો રસ. એ જ્ઞાનસ્વભાવ એ તેર ગુણસ્થાનના ભાવને કેમ કરે? એ તો પુદ્ગલ છે. આહા..હા..! અચેતન છે. તેર ગુણસ્થાન એ અચેતન છે. મોહના નિમિત્ત અને જોગના નિમિત્તથી ઉત્પન્ન થયેલ છે. મોહ અને કર્મજોગ એ જડ તો એનાથી ઉત્પન્ન થયેલા એ પણ પુદ્ગલ અને જડ. આહા..હા..! ભારે કામ ભાઈ! સમજાણું કાંઈ? હવે એકવાર આમ આવે અને એકવાર આમ આવે. અમારે ફાવાભાઈ કહેતા બિચારા. બુદ્ધિ સાધારણ. ધંધામાં મશગુલ એમ ને એમ ગાડા હાંકે જાય ઘાંચીની જેમ. પછી સવારે આમ અને બપોરે આમ તો અમારે નિર્ણય શું કરવો કહે. કઈ અપેક્ષાથી આવે છે એ વાત જાણ્યા વિના એના ભાવને સમજવામાં આવે નહિ.

પરનું કરતો નથી આત્મા સિવાય. આત્મા પરનું કાંઈ કરતો નથી. એક રજકણ કે આંખની પાંપણ ફેરવી શકતો નથી. એવું પરદ્રવ્યનું પરિણમન પરદ્રવ્યથી થાય એ આત્મા એનો કર્તા નથી. એ તો આત્મા એનો અકર્તા છે એમ બે ગાથામાં કહ્યું. તો અહીંયાં તો કહે છે કે તેર ગુણસ્થાન. બંધના કારણ કહેવા છેને? ચૌદમું તો બંધનું કારણ નથી. સમજાણું કાંઈ? એ બંધના ચાર હેતુઓ છે. '**તેઓ જ ભેદરૂપ કરવામાં આવતાં...**' એ ચારને ભેદરૂપ કરીએ, વિશેષરૂપ કરીએ તો '**મિથ્યાદૃષ્ટિથી માંડીને સયોગકેવળી સુધીના તેર કર્તા છે.**' આહા..હા..! એ વિપરીત માન્યતાભાવ એ પુદ્ગલનું કર્મ છે. એ પુદ્ગલ એને કરે કહે છે. સમજાણું કાંઈ? નિમિત્તથી ભેદ પડ્યો એ નિમિત્ત જ એના કર્તા છે. અથવા નવા બંધના કર્તા એ તેર ભેદ પડ્યા એ પુદ્ગલ કર્મ છે એ જ એનો કર્તા છે. આહા..હા..! કહો નવરંગભાઈ! આહા..હા..!

અહીં તો હજી કહે પુણ્ય આમ છે ને પુણ્ય આમ છે ને પુણ્ય શુભ છે. મોક્ષમાં મદદગાર છે. પુણ્યાનુંબંધી પુણ્ય મદદગાર છે અને પાપાનુબંધી પુણ્ય પણ બીજા કરતા પાપ કર ત્યારે ભલું છે એમ કહે છે. ભાઈ! તારે પહોંચવું કઠણ પડશે ભાઈ! સમજાણું કાંઈ? ભગવાન આત્મા, એ તેર ગુણસ્થાનના ભેદના ભાવને સામાન્ય પુદ્ગલ કહ્યું એને. એના ભેદો ચાર કહ્યા, એના ભેદો તેર કહ્યા. એકના તેર. સમજાણું કાંઈ? મિથ્યાત્વભાવ, અવ્રતભાવ, પ્રમાદભાવ, કષાયભાવ, યોગભાવ. એના ભેદ તેર. સામાન્યપણે પુદ્ગલભાવ એ બધા. એ પુદ્ગલભાવને એ પુદ્ગલ કરે. વિશેષપણે એના ચાર ભેદ—મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ અને યોગ. એના વિશેષ પ્રકારે તેર. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**સયોગકેવળી સુધીના તેર કર્તા છે.**' આહા..હા..! કહો, પોપટભાઈ! આમાં તો શું તમારા આ લાદીબાદીના કાંઈ કરી શકે નહિ? વાત જ નથી. એ તો આઘું રહી ગયું.

આ તો જે લાદીનો વિકલ્પ ઉઠે એ પણ પુદ્ગલ. આહા..હા..! એય..! ભીખાભાઈ! આ બંગડીની દુકાને બે કલાક બેસે એનો એ ભાવ થાયને? જોવાનો, આ કરવાનો, હીરાભાઈ કેમ કરે છે? વાણિયો શું કરે છે? એનું ધ્યાન રાખવાનો વિકલ્પ એ પુદ્ગલ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓ, એક વીતરાગ સ્વભાવ જીવનો. જીવ તો વીતરાગસ્વભાવી છે. એ રાગને કેમ કરે? એ વ્યવહારરત્નત્રયના રાગને એ જીવ કેમ કરે એમ કહે છે અહીં. આહા..હા..! દેવ, ગુરુ, ધર્મની શ્રદ્ધાનો રાગ અને પંચ મહાવ્રતના પરિણામરૂપ રાગ, પરિણામરૂપ પોતે રાગ છે. અને અગિયાર અંગના શાસ્ત્રના, નવપૂર્વના ભણતર પરલક્ષી એ વિકલ્પ એ બધો પુદ્ગલભાવ છે કહે છે. એ ભગવાનનો ભાવ નહિ. મહિમાવંત એવો પ્રભુ ચૈતન્ય ચમત્કાર. એ ચૈતન્ય ચમત્કારનો ભાવ એ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

મિથ્યાદષ્ટિથી માંડીને અવ્રતના ભાવ પણ પુદ્ગલ કરે, જીવ ન કરે કહે છે. પુણ્યભાવ તીર્થંકરગોત્ર જે ભાવે બંધાય તે ભાવ પુદ્ગલ કરે, આત્મા નહિ. આહા..હા..! અહીં તો એને એમ કહે તીર્થંકરગોત્ર બાંધે એ તો અલ્પકાળમાં મોક્ષ જાય. ઓલા ભાવ છે તીર્થંકરગોત્રના એટલે બાંધી અને એક ભવે મોક્ષ થાય બીજે. એને લઈને થાય? પુદ્ગલને લઈને મુક્તિ સમીપ થાય? કે સ્વભાવના સમીપમાં જાય તો મુક્તિ સમીપ થાય? સમજાણું કાંઈ? કહો, શાંતિભાઈ! આવું બધું વાંચ્યું છે કે નહિ ત્યાં? શું કહેવું આમાં? એટલું સમજાવ્યું નથી? ઘડીકમાં કાંઈ આવે, ઘડીકમાં કાંઈ આવે. આહા..હા..! એય..! રસીકભાઈ! આ ઓલો રસીક આવ્યો હતોને શું થયું પાછું? વયો ગયો ઈ? નાગરભાઈનો. ક્યાં ગયો? એક દિ' જોયો હતો વ્યાખ્યાનમાં. હવે એ પરણ્યો નથી ૪૨ વર્ષ થવા આવ્યા. બાળ બ્રહ્મચારી તોપણ એને ઓલો શું કહેવાય અંદર એ પંપ. પંપનો રસ એને વધારે રહ્યો. બાળબ્રહ્મચારી રહ્યો. પરણ્યો નથી. ઘણા લાખોપતિ છે. એક ભાઈ તો મરી ગયાને? વજુભાઈ. બે ભાઈ છે ..ના. પાંચ-પાંચ લાખ રૂપિયા છે એને પંપ છે મોટો. પણ કોણ જાણે શું મારાને નવું નહિ ગોઠતું હોય.

મુમુક્ષુ :- એવા ઉદય લઈને આવ્યા છે.

ઉત્તર :- ઉદય લઈને હોય? એવો ઉંધો ભાવ કરે છે. એને પુદ્ગલનો ભાવ કહેવો કે જીવ એમાં ભૂલ્યો છે. સમજાણું કાંઈ? જીવની ભૂલ પુદ્ગલમાં નાખવી છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**મિથ્યાદષ્ટિથી માંડીને...**' એ પાંચમા ગુણસ્થાન એ પાંચમા ગુણસ્થાનમાં બાર વ્રતના વિકલ્પ આવેને? કહે છે કે એ તો પુદ્ગલ કર્મ છે. એનો કર્તા પુદ્ગલ છે. છઠ્ઠે ગુણસ્થાને પંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણ હોયને? તે પુદ્ગલ છે. એ પુદ્ગલ એનો કર્તા છે. આહા..હા..! એ પુદ્ગલની પર્યાય છે તેનું કર્મ પુદ્ગલનું છે. એનો કર્તા પુદ્ગલ જડ છે.

આહા..હા..! આવો માર્ગ વીતરાગી સંતો સિવાય ક્યાંય સ્પષ્ટ કહી શકાય નહિ. ક્યાંક-ક્યાંક એને ખટક રહી જાય કે સમાજમાં હું કેમ કહું? સમાજમાં કેમ બેસે? સમાજ અમને.. એ વાત જેને વઈ ગઈ છે. અંતરમાં ભાવ જેને વીતરાગી બેઠો છે. એ પોકારે છે કે ભાઈ! એ ગુણસ્થાનના ભેદ એણે પુદ્ગલ કરે. પુદ્ગલ કર્મનો કીધો છેને? પુદ્ગલ કર્મનો એટલે? એ પર્યાય જે વિકારી તે ભેદ. એને પુદ્ગલ કરે એટલે જડકર્મ એનું કાર્ય છે કર્મનું એ કાર્ય છે.

પહેલા કહ્યુંને? **'પુદ્ગલકર્મનો, પુદ્ગલદ્રવ્ય જ એક કર્તા છે;...'** એ વિભાવભાવ એ પુદ્ગલકર્મ છે. પુદ્ગલનું કાર્ય છે. એને પુદ્ગલ જડ કર્મનો ઉદય એ એને કરે. આહા..હા..! કહો, પંડિતજી! એકબાજુ કહે કે વિકલ્પનો કર્તા જીવ છે. જો કર્મ કર્તા હોય તો જીવની પર્યાયનો ત્યાં નાશ થઈ જાય છે. પર્યાયનો નાશ થતાં જીવદ્રવ્ય રહેતું નથી. અહીં કહે છે કે જીવદ્રવ્ય એ રીતે રહે છે કે એના વિકારના પરિણામનો પુદ્ગલ જડ જે ઉદય એ એનો કર્તા છે. ત્યારે જીવદ્રવ્ય રહે છે. સમજાણું કાંઈ? પહેલા એમ કહી ગયા કે માટીમય ઘડો ઘડાનું કર્મ. એમ પુણ્ય-પાપના ભાવ જીવમય જીવનું કર્મ.

મુમુક્ષુ :- અહીં કહે છે કે પુદ્ગલનું કર્મ.

ઉત્તર :- એય..! મગનભાઈ!

મુમુક્ષુ :- જીવનું નહિ.

ઉત્તર :- નહિ. ભાઈ! એ આત્મા એટલે શું? આત્મા એ વિભાવ છે. ..આત્મા તો ચૈતન્યસ્વભાવ એકલો જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવ સ્વરૂપ, આનંદસ્વરૂપ, વીતરાગસ્વરૂપ, અકષાયરસ સ્વરૂપ, પૂર્ણ જ્ઞાનના પુંજરૂપ એવો ભગવાન આત્મા એ વિભાવને કેમ કરે? કે જેમાં વિકાર નથી, જેમાં નથી એ વિકારને કેમ કરે? આહા..હા..! ભારે! સમયસાર એક જ સમયસારમાં એના એ કર્તાકર્મમાં એકકોર આ અધિકાર અને બીજો આ અધિકાર. હવે ૭૯ના (ગાથામાં) અધિકારમાં કાંઈક અને પાછું ૮૦માં કાંઈક. આમાં ને આમાં. કે આત્મામાં ધર્મીને પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એ તો સમ્યગ્દર્શન-જ્ઞાન શાંતિની પર્યાયથી એને પ્રાપ્ય છે ધર્મીને. એ પૂર્વે પલટીને થઈ એ વિકાર એનું સમ્યગ્દૃષ્ટિનું કર્તવ્ય છે. સમજાણું કાંઈ? ૭૯માં. એ રાગનો ભાવ, વ્યવહારરત્નત્રયનો ભાવ એ જીવનું પ્રાપ્ય છે એમ નહિ. આહા..હા..! ૭૯માં એમ કહ્યું.

૮૦માં કહ્યું કે જે કાંઈ રાગ-દ્વેષ થાય તેમાં કર્મ નિમિત્ત છે અને તારું કાર્ય એ છે. એય..! પોપટભાઈ! એ બધું વાંચવા-વાંચવામાં ફેર છે. ઓલા ચોપડા જે હોંશથી વાંચે ફટ-ફટ ઉકેલ કરે. પરથી ભિન્ન અને પરનો કર્તા નહિ તેમ પર આની પર્યાયનો કર્તા નહિ. એવું જ્યારે દ્રવ્યને સિદ્ધ કરવું હોય ત્યારે તો વિકારી કે અવિકારી પર્યાયનો કર્તા જીવમય એ

પર્યાય છે. રૌદ્રધ્યાનની પર્યાય પણ જીવમય છે. આહા..હા..! દોષ એનું સ્વરૂપ પોતે પર્યાય થઈ છે. એનો દોષ એની પર્યાયનો છે. પરનો નથી. હવે અહીં દોષસ્વરૂપ એનું સ્વરૂપ જ નથી. સમજાણું કાંઈ? તેર ગુણસ્થાનમાં રાગ, વ્રત, પ્રમાદ એ તો બધો કષાયભાવ છે, આસ્રવભાવ છે. તે આત્મભાવ છે? એ તો જુદું છે. એની પર્યાયમાં થાય એમ સિદ્ધ કરવા પરનો અકર્તા બનાવવા એનું આ કર્તવ્ય છે એમ કહ્યું, પણ હવે જીવનો સ્વભાવ ત્રિકાળીને દૃષ્ટિમાં જે આવ્યો, ત્યારે શું છે હવે? અહીં તો હજી દૃષ્ટિમાં નથી આવ્યો એને પણ. આહા..હા..! એય..!

મુમુક્ષુ :- મિથ્યાત્વની વાત.

ઉત્તર :- મિથ્યાત્વની વાત છે કે નહિ? સમજાણું કાંઈ? જીવનું સ્વરૂપ જ એવું છે. ચૈતન્યબિંબ, જ્ઞાનનું મૂળ, પૂર છે. એમાં આ વિકલ્પનો વૈભવ ક્યાંથી આવે? સમજાણું કાંઈ? અહીં તો મિથ્યાદૃષ્ટિનો મિથ્યાત્વ ભાવ પણ પુદ્ગલ કર્તા .. છે. જીવ નહિ. આહા..હા..! .. સ્પષ્ટ ન આવે તો ઓઘે-ઓઘે ચાલ્યો જાય. આઠેય કર્તા નથી. પણ કઈ રીતે નથી? આહા..હા..! વસ્તુ જ એવી ચૈતન્ય પ્રભુ છે કે એનો મિથ્યાત્વભાવ હોં અને રૌદ્રધ્યાનનો ભાવ, આર્તધ્યાનનો ભાવ. અરે..! કસાઈને બોકડા કાપવાનો ભાવ કઈ અપેક્ષાએ? ત્રિકાળી જ્ઞાન પ્રભુ દ્રવ્ય વસ્તુ છે. એ વસ્તુ તે મિથ્યાત્વ ને ભ્રમને ભૂલને કેમ કરે? ગુણનો પિંડ એકલો પવિત્રનો પિંડ પ્રભુ આત્મા. એ પવિત્રનો પિંડ અપવિત્રતાને કેમ કરે? એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું પરમસત્યનો પ્રવાહ એ દિગંબર સંતો સિવાય ક્યાંય છે નહિ. વીતરાગી મુનિએ વીતરાગી ભાવ બધા ખુલ્લા કરી મૂક્યા છે. દુનિયાને બેસે, ન બેસે. દુનિયાને સમતોલ રાખવી, ન રાખવી એને ઘરે રહ્યા. માર્ગ આ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**હવે, જેઓ પુદ્ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી...**' શું કીધું? એ મિથ્યાત્વભાવ. ભાવ હોં! અવ્રતભાવ, પ્રમાદભાવ, કષાયભાવ, યોગભાવ એ તો '**પુદ્ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી...**' એ પુદ્ગલકર્મ જે જડ છે એના ભેદો એ છે. ભગવાન આત્મા અભેદસ્વરૂપમાં એ ભેદ ક્યાંથી હોય? સમજાણું કાંઈ? ક્યાં સુધી લઈ ગયા? હવે મિથ્યાત્વભાવ પુદ્ગલનો હોય તો પુદ્ગલ કરાવ્યા કરશે. અમારે શું? એમ નથી અહીં. આહા..હા..! પહેલા તો કહી ગયા ૮૫માં એ મિથ્યાત્વના બે ભાવ. એક વિપરીતભાવ તારો અને એક દર્શનનો ઉદય. દર્શનનો ઉદય જડ, તારો મિથ્યાત્વભાવ ચૈતન્ય. સમજાણું કાંઈ? અહીં કહે કે મિથ્યાત્વભાવ પુદ્ગલ કર્મનું કાર્ય. ભગવાન આત્માનું નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ તો વારંવાર સમજાવે છે.

ઉત્તર :- હા, ઘણા .. બે-ત્રણ દાખલા આપ્યા. ૭૯નો. આ પહેલા કહી ગયા. પુદ્ગલ

માટીમય ઘડો એ જીવમય ગુણસ્થાન. જીવમયનું ગુણસ્થાન. આહા..હા..! અહીં કહે કે પુદ્‌ગલમય ગુણસ્થાન. એય..! મગનભાઈ! જે એને 'જ્યાં જ્યાં જેમ જેમ યોગ્ય છે તે સમજવું.' ખેંચાતાણ કરે તો એ વસ્તુ એમ નહિ પકડાય. સમજાણું કાંઈ? એને કાંઈ ખબર પણ ન હોય કે શું છે. આહા..હા..! એ અંતરમાં રાગથી ભિન્ન થઈને નહિ જઈ શકે. એટલે? આ રાગ છે એક એમ જ માને કે મારું જ કર્તવ્ય છે. એ અંદર નહિ જઈ શકે. અને રાગ જડનું જ કાર્ય છે, મારું નહિ એ પણ અંદરમાં નહિ જઈ શકે. અહીં તો બે અપેક્ષાઓ લઈને પર્યાયની સિદ્ધિ કર્મને આશ્રયે કરી. અહીંયાં. તો ઓલી પર્યાય સ્વને આશ્રયે સિદ્ધ કરી. વિભાવની હોં. આહા..હા..! પરાશ્રયનો ભાવ, પરઆશ્રિતભાવ એ નિમિત્ત એનો કર્તા છે. કર્મ જડ જે છે એ એના ઉદય જે છે એ પુદ્‌ગલદ્રવ્ય એના તેર ગુણસ્થાન એ પુદ્‌ગલદ્રવ્યનું કર્મ. કર્મ નામ કાર્ય. એય..! છગનભાઈ! કહો આ તો બધા જૂના માણસને કઠણ પડે એવું છે. આહા..હા..! આ તો ૧૭મી વાર ચાલે છે આ સમયસાર. પહેલેથી તે છેલ્લે સુધી. આહા..હા..! રત્નનો પટારો છે આ. અરે..! રત્નનો પટારો એવો ભગવાન એ કાંકરાને કેમ ભેગા કરે? સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે એ '**પુદ્‌ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી અત્યંત અચેતન છે...**' ભાષા એકલા ચેતન અને એકલા અત્યંત અચેતન. ભગવાન ચૈતન્યનું નૂર એનું પૂર તો જ્ઞાન અને આનંદનું છે. આ રાગાદિના વિકલ્પો એ બધા અચેતન છે. તેર ગુણસ્થાન અચેતન છે. આહા..હા..! સમજાણું કાંઈ? સામું છેને પુસ્તક? '**પુદ્‌ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી...**' એ તો જડકર્મ જે માટી, ધૂળ છે. એનો એ પાક તેર ગુણસ્થાન છે. ભગવાન આત્માનો પાક નહિ. ભગવાન આત્મામાં આનંદસ્વરૂપી પ્રભુ એનો પાક તો એના ખેતરમાં આનંદ પાકે. સમજાણું કાંઈ? વિભાવ પાકે? એ એનું ખેતર છે? એ એના ભાવનો કરનારો છે? આહા..હા..!

એ '**પુદ્‌ગલકર્મના વિપાક...**' પુદ્‌ગલકર્મ એટલે જડ. જૂનું કર્મ. એનો પાક હોવાથી. છેને? '**પ્રકારો હોવાથી અત્યંત અચેતન છે...**' આહા..હા..! એ મિથ્યાત્વભાવમાં, અવ્રતભાવમાં, પ્રમાદ-કષાય ભાવમાં ચૈતન્ય જ્ઞાયકભાવનો અંશ પણ અડતો નથી એને. આહા..હા..! ઓહો..હો..! જુઓ, વીતરાગી માર્ગ! એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર લઈ જાવા આ વાત કરી છે. તારા ચૈતન્યસ્વભાવનું તને માહાત્મ્ય આવે તો આ બધી વાત ઉડી જશે આમાંથી. સમજાણું કાંઈ? ઓલું તો વ્રત કરો, તપસ્યા કરો લ્યો! લોકોને સમજવું સહેલું પડે. હવે આ વાતું ક્યાંય ગજગોટા ખાય. ત્યાં ગાડરના શા ગજા. ગાડર સમજો છો? ભેડીયા. ગજ ગોથા ખાય. હાથી જ્યાં ગળકા ખાય પાણીમાં. ત્યાં ભેડીયાનું શું ગજું? મોટા પંડિતો ગોથા ખાય કે આ શું આ આવું કેમ? એ કહેશે. તર્ક કરશે હજી.

'**પુદ્‌ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી અત્યંત અચેતન છે...**' આહા..હા..! '**એવા**

**આ તેર કર્તાઓ જ...'** જે પુદ્‌ગલ કર્મના કાર્યરૂપ જે તેર ગુણસ્થાન. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. એવા જે એના તેર પ્રકાર. એ **'પુદ્‌ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી અત્યંત અચેતન છે એવા આ તેર કર્તાઓ જ...'** એવા આ તેર કર્તાઓ જ. લ્યો! 'કેવળ વ્યાપ્યવ્યાપકભાવે...' શું કહે છે? એ મિથ્યાત્વ આદિ પરિણામ એ પુદ્‌ગલ છે. એ વ્યાપક થઈને નવા કર્મની પર્યાયરૂપ વ્યાપ્યને ભલે કરો. એમ કહે છે. નવા કર્મ એ વ્યાપ્ય અને આ તેર ભાવ પુદ્‌ગલ એનું વ્યાપક. એ વ્યાપક થઈને એનું વ્યાપ કરો તો કરો. આત્માને શું વળી? આહા..હા..! સમજાણું કાંઈ?

**'એવા આ તેર કર્તાઓ જ કેવળ વ્યાપ્યવ્યાપકભાવે કાંઈ પણ પુદ્‌ગલકર્મને જો કરે તો ભલે કરે;...'** તેર ભાવો જો કર્મના બંધનને કરે તો ભલે કરે. એ તેર ભાવો પોતે પુદ્‌ગલ છે. તે વ્યાપક થઈને નવા કર્મની પર્યાય વ્યાપ્ય કરો તો કરો. એય..! મગનભાઈ!

મુમુક્ષુ :- પાછું વ્યાપ્યવ્યાપક છે.

ઉત્તર :- હા, તો વ્યાપ્યવ્યાપક કોની સાથે? નવા સાથે. નવા પુદ્‌ગલો થાય એનું વ્યાપ્ય અને આ વ્યાપક. એ પુદ્‌ગલના પરિણામ ચાર મિથ્યાત્વ, અવ્રત, તેર ગુણસ્થાન એ પુદ્‌ગલના પરિણામ નવા કર્મની પર્યાયને કરે તો કરો. એ તો વ્યાપ્યવ્યાપક એની સાથે સંબંધ છે. આત્મા સાથે વ્યાપ્યવ્યાપક સંબંધ છે નહિ. આહા..હા..! એક બાજુ એમ કહ્યું હતું ૭૫માં કે વ્યાપ્યવ્યાપક જીવને પર સાથે છે નહિ. એ રાગ સાથે પણ વ્યાપ્યવ્યાપક નથી એમ પણ કહ્યું ત્યાં તો. એ વાત અહીં પાછી લીધી. વ્યાપ્યવ્યાપક એને કહીએ કે વ્યાપક જે કાયમ રહે અને વ્યાપ્ય કોઈ વખતે થાય. કોઈ વખતે એટલે? પર્યાય તો સદાય છે, પણ એ એક-એક પર્યાયની અપેક્ષાએ કોઈ વખતે થાય એનું નામ વ્યાપ્ય. તો નિશ્ચયથી, અશુદ્ધ નિશ્ચયથી તો દ્રવ્યસ્વભાવ તે કર્તા વ્યાપક અને વિકારી પર્યાય તેનું વ્યાપ્ય. એ અશુદ્ધ નિશ્ચયથી. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, મગનભાઈ! અને શુદ્ધ નિશ્ચયથી એ કર્મ જડ એના ફળ આ ચાર બોલ કે તેર બોલ. એ તેર બોલ નવા કર્મને બાંધે વ્યાપ્ય થઈને, વ્યાપક થઈને વ્યાપ્ય હોય તો હોય. આત્માને શું છે? આહા..હા..! દ્રવ્ય વસ્તુ કેવી છે એમ કહે છે. સમજાણું કાંઈ? ભલે અજ્ઞાનીએ મિથ્યાત્વ બાંધ્યું પણ કર્યું, પણ વસ્તુ તો વસ્તુ છે. વસ્તુ એ મિથ્યાત્વને કરતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ સરસ વાત છે. આહા..હા..!

એક સમયનો વિભાવ, એક સમયનો નિમિત્ત સંબંધ એ નિમિત્ત સંબંધ એ કરે તો કરો અને એ વિભાવભાવ પણ જે નવા કર્મ વ્યાપ્ય થઈને આવે એને એ વ્યાપક થઈને કરે તો કરો. પ્રભુને શું છે? આહા..હા..! સમજાણું કાંઈ? પ્રભુ ચૈતન્યમૂર્તિમાં એ તેર ગુણસ્થાનના ભેદનો પ્રવેશ નથી. બંધનું કારણ કહેવું છેને અહીંયાં? એટલે તેર લીધા છે. સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ બહુ.. ગણધરોએ રચ્યો, સંત, મુનિઓએ કહ્યો કેવળીઓએ. સંતોએ જ્યાં અંતરમાં

આદર્યો, ઈન્દ્રોએ જેનું બહુમાન કરીને સમ્યગ્દર્શન પામ્યા. એ ચીજ ભગવાન આત્મા. સમજાણું કાંઈ?

કહે છે શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ. એ પુદ્ગલ કર્મનું કાર્ય જડકર્મ જે જડ પૂર્વના હતા એ કર્તા (અને) વિકારી કાર્ય. અને વિકારી કર્તા અને નવા કર્મની પર્યાય થાય તે તેનું કર્મ. સમજાણું કાંઈ? ભારે! એય..! શાંતિભાઈ! આવી રીતે વાંચ્યું નહિ હોય ત્યાં. સમયસાર પડ્યું હોય તો નવરા થાય તો વાંચશું. પણ એ તો નવરા છેને ગૃહસ્થ માણસ છે પૈસાવાળા ત્યાં. નવરા ઘણા હોય છે. કહો, એય..! આહા..હા..! બાપુ! સમયસાર એટલે તો કેવળીનું અજોડ રત્ન છે.

મુમુક્ષુ :- ત્રીજી આંખ છે.

ઉત્તર :- અદ્વૈત ચક્ષુ, અદ્વૈત ચક્ષુ. મહાસિદ્ધાંત. ભગવાનની વાણી. આહા..હા..! પવિત્ર એવો ભગવાન એના મુખથી નીકળેલી આ વાણી છે. આહા..હા..! મુખથી જ કહેવાયને? પંચાસ્તિકાયમાં આવે છેને ..કંઠ. ભાષા એ તો લોકો સમજે એ અપેક્ષાએ. બાકી આખા પ્રદેશ. ૐ ધ્વનિ નીકળી. એ ૐ ધ્વનિની રચના સંતો, ગણધરોએ કરી. એ માયલું એક આ સમયસાર એક અંગ છે. શબ્દબ્રહ્મનું એક આ અંગ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? અરેરે..! આમ ને આમ મજુરી કરી કરી આખો દિ' ગાળી અને જાવું પાછું નરક અને નિગોદ. આહા..હા..! અરે..! ભાઈ! પરમાત્મા તો એમ કહે કે એક વસ્ત્રનો કટકો રાખીને મુનિપણું માને તો મિથ્યાદૃષ્ટિ છે. નિગોદ જશે. વળી અહીં કહે કે એ મિથ્યાત્વભાવ પુદ્ગલ કરે છે. એ તો જુદો પાડીને વાત કરી છે. સમજાણું કાંઈ? જે હજી પોતાની વસ્તુ શું છે એની ખબર નથી. ત્યાં તો મિથ્યાત્વ, અવ્રત આદિના પરિણામ. જૂના કર્મ નિમિત્ત છે માટે એનું એ કાર્ય. અને નવા કર્મ બાંધે એમાં આ વિકારી પરિણામ વ્યાપક, કર્મ વ્યાપ્ય, પરદ્રવ્ય વ્યાપ્ય. આ વ્યાપક વિકારીભાવ નવા બંધન જડ પર્યાય એ એનું વ્યાપ્ય છે. આહા..હા..! પૂર્વનું કર્મ વ્યાપક થઈને તેર ગુણસ્થાનના ભાવને વ્યાપ્યપણે કરે. અને આ તેર ગુણસ્થાના ભાવ વ્યાપક થઈને પુદ્ગલ છે એ. નવા કર્મની પર્યાયના વ્યાપ્યને કરે. આહા..હા..! કહો, ભીખાભાઈ! કહો, આ વાંચ્યું છે કે નહિ તમે? ત્યાં તો તમે નવરા છો. શું કહેવું?

મુમુક્ષુ :- આ વાંચીને આવ્યા છે.

ઉત્તર :- વાંચીને આવ્યા લ્યો! તો આ પ્રમાણે વાંચ્યું હતું? છોકરાની ઓથ લીધી હવે. આહા..હા..! આ તો આહા..હા..! અહીં સમયસાર પધરાવ્યુંને. કુંદકુંદાચાર્યની વાણી નીકળી નહિ ક્યાંયથી. એમના અક્ષરો. નહિતર તો અહીં સોનાના ઘડવામાં હતા. અહીં રહે નહિ. આ તાડપત્રમાં એ તાડપત્ર રહ્યા નહિ. ફેરવી નાખ્યા... સમજાણું કાંઈ? સંસ્થાનો એ વિચાર હતો. મળ્યા નહિ. આ તે શું ચીજ છે! આહા..હા..! પર્યાયની સિદ્ધિ કરવી હોય તો અલૌકિક

રીતે અને વસ્તુના માહાત્મ્ય બતાવતા પણ એની અલૌકિક રીત એની. અરે..! મહાપ્રભુ એવો ચૈતન્ય એ મિથ્યાત્વભાવને કેમ કરે? પ્રભુ! આહા..હા..! તો સદાય વિકારી જ થઈ જાય એ તો. જે જેનો કર્તા એ સદાય વિકારી જ હોય તો કર્તા થાય. વસ્તુ તો વિકારી નથી. નિર્દોષ આનંદનો પિંડ પ્રભુ ચૈતન્ય આનંદનો કંદ છે. એવો ચૈતન્યનો આનંદકંદ એ આ તેર ગુણસ્થાનને કેમ કરે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો પૂર્વના જડકર્મનો ઉદયનું ફળ એ છે તેર ગુણસ્થાન. '**मोहजोगभवा**' ગોમ્મટસારમાં છે. આહા..હા..! ભાઈ! ભગવાનને ઘરે જાવું હોય તો એની તૈયારી કેટલી જોઈએ? એક લગનમાં જાય તો લૂગડાબુગડા કરી સવારમાં સાફ મોઢું હજામત કરી. પછી ઓલું સવારમાં ચોપડે છે. પાવડર. સારું લાગે આમ. હવે કાળુંમશ શરીર હોય કરવું શું? અરેરે..!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક વદ-૮, મંગળવાર, તા. ૨૮-૧૧-૧૯૭૨
## ગાથા-૧૦૯ થી ૧૧૨, પ્રવચન-૨૩૬

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

સમયસાર. કર્તાકર્મ અધિકાર. ૧૦૯, ૧૦, ૧૧ અને ૧૨. ટીકા. સૂક્ષ્મ અધિકાર છે. અહીં પ્રશ્ન શું છે? કે જે કર્મબંધ થાય છે કર્મબંધ જડ. જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મનો બંધ પડે છેને? તો એનો કર્તા કોણ? એ પ્રશ્ન છે. જ્ઞાનવરણીય આદિ આઠ કર્મનો બંધ પડે છેને? તો એનો રચનારો કોણ? એ પ્રશ્ન છે. એના ઉત્તરમાં આ વાત છે. '**ખરેખર પુદ્‌ગલકર્મનો,...**' આઠ કર્મ જે જડ બંધાય છે એનો '**પુદ્‌ગલદ્રવ્ય જ એક કર્તા છે;...**' '**પુદ્‌ગલદ્રવ્ય જ એક કર્તા છે;...**' આહા..! જડબંધન જે થાય છે એનો જડ કર્તા છે. મગનભાઈ!

મુમુક્ષુ :- આ ચેતન

ઉત્તર :- ચેતન ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ આત્મા તો આનંદ અને જ્ઞાનસ્વરૂપી છે. એ બંધનમાં કારણ કેમ થાય? સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ!

ખરેખર નવા કર્મ જે બંધાય છે એમાં પુદ્‌ગલદ્રવ્ય જ એક કર્તા છે. જુઓ કર્મનું કારણ પુદ્‌ગલદ્રવ્ય કહ્યું. હવે પુદ્‌ગલ કોને કહે છે? '**તેના વિશેષો-મિથ્યાત્વ,...**' મિથ્યાત્વ-વિપરીત માન્યતા. પુણ્યમાં ધર્મ છે, પાપમાં મઝા છે. પરનું હું ભલુ-ભુંડું કરી શકું છું. પરથી મારામાં ભલું થાય છે. એવી જે વિપરીત માન્યતા એ શું ચીજ છે? કે એ તો પુદ્‌ગલદ્રવ્ય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ જ સમજવું કઠણ છે.

ઉત્તર :- અચેતન છેને અચેતન? મિથ્યાત્વ અચેતન છે. ચૈતન્ય જ્ઞાનસ્વરૂપી પ્રભુ, જ્ઞાનનો પુંજ આત્મા, આનંદનો ગંજ છે એ. એ રાગનું અને મિથ્યાત્વનું કારણ કેમ થાય એમ કહે છે. હસમુખભાઈ! આ બધું ઝીણું છે હોં ત્યાં ઓલામાં...

મુમુક્ષુ : રાગને ઉડાવી દો છો..

ઉત્તર :- કોણ ઉડાવે છે?

મુમુક્ષુ :- ગુરુ બીજું કોણ?

ઉત્તર :- ભગવાન કુંદકુંદાચાર્ય દિગંબર મુનિ બે હજાર વર્ષ પહેલા ભરતક્ષેત્રમાં થયા. સંવત્ ૪૯માં અહીંથી ભગવાન પાસે ગયા. સીમંધર ભગવાન ત્રિલોકનાથ બિરાજે છે ત્યાં ગયા હતા. મહાવિદેહમાં. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યું. દિગંબર મુનિ હતા. સમજાણું કાંઈ? તો એ કહે છે કે ભગવાન આમ કહેતા હતા. જ્યારે પ્રશ્ન એવો આવ્યો કે જડકર્મ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય, નામ, ગોત્ર, આયુષ્ય એ સ્કંધ છેને જડ વસ્તુ? તો એ જડકર્મના બંધનમાં કર્તા કોણ? એને રચનારો કોણ? તો કહે છે કે ખરેખર તો પુદ્‌ગલ દ્રવ્ય અને રચનારો છે. જડકર્મની રચનામાં પુદ્‌ગલદ્રવ્ય રચના કરનાર છે. એ પુદ્‌ગલ દ્રવ્ય એટલે શું? કે પુદ્‌ગલદ્રવ્યના ચાર ભેદ. મિથ્યાત્વભાવ, વિભાવ મિથ્યાત્વભાવ, અવ્રતભાવ, પ્રમાદ, કષાય અને યોગ. એ બંધના સામાન્ય હેતુ. સામાન્ય એક દ્રવ્ય કહ્યું. એ દ્રવ્યના ચાર ભેદ પાડીને મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ પુદ્‌ગલદ્રવ્ય છે. એ પુદ્‌ગલદ્રવ્યનું જ ભેદ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ક્યાં આવી વાત નવરા વિના. એય..! મગનભાઈ!

મુમુક્ષુ :- મગનભાઈ પણ ક્યાં નવરા થાય છે?

ઉત્તર :- નવરા થાય પણ થોડું-થોડું દુકાને જાય વળી કોકવાર. જાતા હશો કે નહિ? જાય કે નહિ?

મુમુક્ષુ :- દુકાને જ જુદી ગાદી રાખે.

ઉત્તર :- ત્યાં બેસે ઠીક. એ તો બધે એમ. અમારે આ ભીખાભાઈ થોડીવાર જાય. ત્યાં બે કલાક. નવરા થઈને જાય તો ખરાને.

મુમુક્ષુ :- ઘરે આખો દિ' બેસવું પોસાય?

ઉત્તર :- ઘરમાં અંદર ઘર નથી અહીં અંદર? અંદરમાં ચિદાનંદ આત્મા નિજાનંદ ઘર છે. એમાં રહી શકે એવો અનાદિ-અનંત આત્મા છે. ચિદાનંદ આનંદનો કંદ આનંદધામ એવો તો પોતાનો આત્મા જ નિજઘર છે. એ ભજનમાં નથી આવતું? 'અબ હમ કબહુ ન નિજઘર આયે, પરઘર ભ્રમત ફિરત અનેક નામ ધરાયે, અબ હમ કબહુ ન નિજઘર આયે.' પોપટભાઈ! આ પથરા અને ફથરામાં જ્યાં-ત્યાં ભટક્યા ભટક કરે છે મારો, પણ અંદર જ જાતો નથી. એય..! અને વિકલ્પ ઉઠાવે એ અહીં તો વિકલ્પને પુદ્‌ગલ દ્રવ્ય જ કહ્યા છે અહીં. પર્યાય પણ નહિ. કહે છે કે પુદ્‌ગલ કર્મનો પાક એ છે. સમજાણું કાંઈ? સમજાણું? આહા..હા..!

કહે છે કે જડકર્મમાં પોતાનો અધિકાર ચૈતન્યના બંધમાં છે જ નહિ. એ તો જ્ઞાયકમૂર્તિ પ્રભુ છેને. જ્ઞાનનો પુંજ છે. આનંદની ડલ્લી છે. એવો ભગવાન આત્મા એ કહે છે કે મિથ્યાત્વભાવને કેમ કરે અને કર્મને કેમ બાંધે? એમ કહે છે. સમજાણું કાંઈ? ઝીણો વિષય છે. પંડિતજી! આહા..હા..! ભગવાન! અહીંયાં તો પ્રભુ એક બાજુ ચૈતન્યમૂર્તિ જ્ઞાયકભાવથી ભરેલો પરિપૂર્ણ પ્રભુ એ જ્ઞાન અને દર્શન અને આનંદનો પિંડ પ્રભુ આત્મા. એ મિથ્યાત્વ વિપરીત માન્યતાને કેમ કરે? અને વિપરીત માન્યતાને કરે નહિ તો કર્મબંધનમાં એ નિમિત્ત કેમ થાય? મગનભાઈ! જરી ઝીણી વાત છે. એ પુદ્‌ગલદ્રવ્યના જ ચાર ભેદ છે—મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ. આહા..હા..! એ '**બંધના સામાન્ય હેતુઓ હોવાથી ચાર કર્તા છે;...**' પહેલા કહ્યું કે આઠ કર્મનો કર્તા પુદ્‌ગલદ્રવ્ય. પછી કહ્યું કે પુદ્‌ગલદ્રવ્યના ચાર ભેદ. ભાવ છે જીવનો હોં વિભાવ. એને અહીંયાં પુદ્‌ગલદ્રવ્ય કહ્યું છે.

ચૈતન્યદ્રવ્ય ભગવાન જ્ઞાનની મૂર્તિ પ્રભુ એ ચૈતન્ય કેમ રાગમાં આવે તો રાગને કરે? સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! અધિકાર જ ઝીણો છે. આહા..હા..! કદી એણે સાંભળ્યું જ નથી. મનુષ્યપણું પામીને વીતરાગ જિનેન્દ્રદેવ શું કહે છે, દિગંબર મુનિઓ શું કહે છે. વીતરાગ કહે કે દિગંબર મુનિઓ કહે એક જ વાત છે. આહા..હા..! એ વાત અહીંયાં સંતો સિવાય બીજે ક્યાંય છે નહિ. કહે છે કે નવા કર્મબંધનમાં એ '**પુદ્‌ગલદ્રવ્ય જ એક કર્તા છે;...**' એક કર્તા. પાછો 'જ' એય..! ભાઈ અનેકાંત કરોને. અહીં તો ... ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપી પ્રભુ એ મિથ્યાત્વભાવમાં કેમ આવે? એ તો અચેતનભાવ છે. મિથ્યાત્વ અચેતન છે. એ પુદ્‌ગલનો જ પેટાભેદ છે. આહા..હા..! કહો, જેઠાભાઈ! અરે..! આવું કર્મ!

'**તેઓ જ ભેદરૂપ કરવામાં આવતાં...**' ચાર પ્રકાર. એક પુદ્‌ગલ દ્રવ્ય એક, એના ચાર પ્રકાર. મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ. એ વિભાવભાવ એ જડના પ્રકાર છે. સુજાનમલજી! આહા..હા..! કહે છે, પ્રભુ! કુંદકુંદાચાર્ય મુનિ. એના શ્લોકની ટીકા અમૃતચંદ્રાચાર્ય ૯૦૦ વર્ષ પહેલા દિગંબર સંત વનવાસી નગ્નમુનિ હતા. એ કુંદકુંદાચાર્યની ટીકા કરે છે. જે

એમાં સામાન્યપણે છે એનું સ્પષ્ટીકરણ કરે છે. તો સ્પષ્ટીકરણમાં એ આવ્યું, ભગવાન! તું તો જ્ઞાયકસ્વરૂપ છોને નાથ! તારા સ્વરૂપની તું રક્ષા કર, સ્વરૂપની રચના કર, સ્વરૂપમાં આનંદનો ભોગ કર એ તો તારી ચીજ છે. સમજાણું કાંઈ? એય..! લાદી તો કરે નહિ અને છોકરાને કરવાનું કહે નહિ અને વિકલ્પ ઉઠે એનો કર્તા પણ નહિ એમ કહે છે. આહા..હા..! વસ્તુ અંદર દ્રવ્યમાં તો છે નહિ. આખું દ્રવ્ય આ બાજુ રાખ્યું છે. મિથ્યાત્વ, અવ્રત, કષાય, યોગ એ દ્રવ્ય પુદ્ગલ જડ દ્રવ્ય છે. જડ દ્રવ્ય જ છે. પર્યાય એમ નહિ. જડ પોતે દ્રવ્ય છે એ. આહા..હા..!

મુમુક્ષુ :- એ તો દ્રવ્ય જ છે.

ઉત્તર :- દ્રવ્ય કીધું છેને? ઝીણી વાત છે, ભાઈ! દિગંબર ધર્મ સમજવો મહા અલૌકિક વાત છે. એવી વાત કોઈ બીજે સ્થાને છે નહિ. એવી ચીજ છે. સંપ્રદાયમાં પડ્યા એને પણ ખબર નથી હજી શું માર્ગ છે.

કહે છે. '**તેઓ જ ભેદરૂપ કરવામાં આવતાં (અર્થાત્ તેમના જ ભેદ પાડવામાં આવતાં), મિથ્યાદષ્ટિથી માંડીને સયોગકેવળી સુધીના તેર કર્તા છે.**' આહા..હા..! નવા કર્મબંધનમાં પુદ્ગલદ્રવ્ય જ કર્તા છે. એ પુદ્ગલદ્રવ્યના ચાર ભેદ છે. ચારના તેર ભેદ છે. એ તેરેય જડ પુદ્ગલદ્રવ્ય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? અરે..! આ વાત કેવી! આ સમયસાર છે આ તો. વીતરાગની વાણી છે. ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્મા જિનેન્દ્રદેવ એની વાણીમાં આવ્યું એ કુંદકુંદાચાર્ય જગત પાસે પ્રસિદ્ધ કરે છે આડતિયા તરીકે. માલ ભગવાન પાસેથી આવ્યો. સમજાણું કાંઈ? એય..! કાંતિભાઈ! આહા..હા..! કઈ અપેક્ષાએ? ચૈતન્યદ્રવ્ય જે છે એ તો જ્ઞાન અને આનંદ, શાંતિ, સ્વચ્છતા, પરિપૂર્ણ રસથી ભરેલો આનંદનો રસ છે એ તો. 'કહે વિચિક્ષણ પુરુષ સદા હું એક હું, અપને રસ સુ ભર્યો અનાદિ તે એક હું.' પોતાના આનંદ અને જ્ઞાનસ્વભાવના સામર્થ્યથી, રસથી હું ભરેલો છું. 'મોહ કર્મ મમ નાહીં, નાહીં ભ્રમકૂપ હૈ, શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ.' આહા..હા..! અરેરે..! કહો, છગનભાઈ! ભારે આવું? મગનભાઈ! સમજાય છે આ? ૯, ૧૦, ૧૧, ૧૨ ગાથા વાંચી તો હશે. કહે છે..

મુમુક્ષુ :- વાંચી તો હશે.

ઉત્તર :- વાંચી તો હશે કે દિ'. એ આ રીતે આનો અર્થ સમજાણો છે કે નહિ એમ હું પુછું. આહા..હા..! ભગવાનની ગહન ગતિ છેને પ્રભુ! એની વાણી, સંતોની વાણી ગહન છે. ગહન છે. સમજાણું કાંઈ? એ દિગંબર મુનિઓ જંગલમાં વસતા હતા. આત્મધ્યાન આનંદમાં. નગ્નપણું એક વસ્ત્રનો કટકો પણ નહિ. અંતરમાં રાગનો કણ પણ નહિ. એવી ચીજમાં રહીને આ ખુલાસો કરે છે. ભાઈ! પ્રભુ! તું સાંભળતો ખરો. આવી ગયુંને માથે ભાઈ શું? શું

આવ્યું હતું ઉપર કળશમાં? શું? સાંભળ. પહેલા એના ઉપર જ કર્યું. એનો જ આ અર્થ છે. સાંભળ. કે સાંભળો!

મુમુક્ષુ :- 'તે કહીએ છીએ; તે (હે જ્ઞાનના ઇચ્છક પુરુષો!) તમે સાંભળો.'

ઉત્તર :- સાંભળો. અરે..! મુનિઓ થઈને આવા વીતરાગી સંતો કહે એ સાંભળો. મહારાજ સાંભળવામાં તો વિકલ્પ છે રાગ. સાંભળવામાં તો લક્ષ જાય છે રાગનું અને તમે સાંભળવાનું કહો છો?

મુમુક્ષુ :- .. વિકલ્પ કરે છે.

ઉત્તર :- એને પણ વિકલ્પ છે. એ વખતે વિકલ્પ છે, પણ વિકલ્પ એનો નહિ. આ વિકલ્પ દ્રવ્યનો, જડનો છે. આહા..હા..! ગજબ વાત છે. એય..! આહા..હા..! એ એકના ચાર અને ચારના તેર. પણ એ પુદ્ગલદ્રવ્યના ભેદ બધા.

'**હવે, જેઓ પુદ્ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી...**' હવે ખુલાસો કરે છે. પુદ્ગલકર્મ છેને જૂના, જૂના કર્મ. પુદ્ગલકર્મ જૂના જે બંધ છે એનો પાક આવ્યો અને આ તેર બોલ થયા. એમ કહે છે. '**જેઓ પુદ્ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી અત્યંત અચેતન છે...**' એને પુદ્ગલદ્રવ્ય કેમ કહ્યું? એ અત્યંત અચેતન છે. કેમ અત્યંત અચેતન છે? કે જડકર્મનો પાક એ ભાવ તેર છે. ભગવાન આનંદના ધામનો એ પાક નથી. પોતાનો પાક એ નથી. ભગવાન આત્માનો પાક તો અતીન્દ્રિય આનંદ, શાંતિ એ એનો પાક છે. સમજાણું કાંઈ? આહા..હા..! પોપટભાઈ! કોઈ દિ' આવી રીતે વાંચ્યું પણ નહિ હોય ત્યાં ચોપડા ફેરવે તો ક્યાં બેસે પણ ત્યાં? પૈસા આવે એમાં છ છોકરા રળતા હોયને આહા..હા..! ૪૦-૫૦ લાખ રૂપિયા. પાંચ-પાંચ લાખની પેદાશ દેખે તો આમ આહા..હા..! ફાટી જાય પ્યાલા મારા. એય..! ...

મુમુક્ષુ :- આપે પ્યાલા અમારા ...

ઉત્તર :- અહીં કીધું આ શરીરની નબળાઈ છોકરો તો કરોડોપતિ છે. શરીરમાં શક્તિ નહિ આપતા હોય એ પૈસા? માણસ કહે છેને હૂંફ આવે પૈસાની. આહા..હા..!

મુમુક્ષુ :- એ તો એ પણ કબુલ કરે છે કે હૂંફ આવે.

ઉત્તર :- ધૂળમાંય હૂંફ નથી. અહીં તો આનંદની હૂંફ જ્યાં આવે છે અંદરમાંથી કહે છે. ચૈતન્ય પ્રભુ જ્ઞાનાનંદ સ્વભાવ જ્ઞાતા-દૃષ્ટા. જ્યાં અંદરમાંથી આનંદની લહેર ઉઠે છે. એવો આત્મા ચાર ભાવ મિથ્યાત્વ આદિને કેમ કરે? એમ કહે છે? અને એના તેર ભેદ એને પણ કેમ કરે? એ તો જડ છે. જુદી વસ્તુ છે. ઓહો..હો..! સયોગી ગુણસ્થાન પુદ્ગલદ્રવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ જગતમાં અલૌકિક છે. એ ક્યાંય એ સિવાય બીજે ક્યાંય છે નહિ. ક્યાંય નથી ત્રણ કાળ, ત્રણ લોકમાં. બધા ગપ્પા માર્યા છે. સમજાણું

કાંઈ? આહા..હા..! જુઓ તો એક ચીજ!

'**જેઓ પુદ્‌ગલકર્મના વિપાકના...**' હવે ખુલાસો કર્યો. એને પુદ્‌ગલદ્રવ્ય કેમ કહ્યું? એને પુદ્‌ગલદ્રવ્ય કેમ કહ્યું? નવા કર્મબંધનમાં પુદ્‌ગલ દ્રવ્ય બાંધે છે. તો પુદ્‌ગલ દ્રવ્ય એમ કેમ કહ્યું? કે '**પુદ્‌ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી...**' એ તો પુદ્‌ગલ જડકર્મ છેને એનો પાક આવ્યો. તો એના પાકમાં તેર ભાવ થયા. તો પુદ્‌ગલ કર્મ અચેતન છે તો એનો પાક પણ અચેતન છે. ભારે ઝીણું ભાઈ! આમાં ક્યાં નવરા એ ધંધા આડે. સંસારના, પાપના ધંધા. કનુભાઈ! આખો દિ'. એ ૮૧માં વાત હતી, ભાઈ! એ ..ના હતાને ડોસાભાઈ હતા. ..ભાઈને? પ્રેમચંદભાઈ. પ્રેમચંદ ડોસા એ ૭૦ વર્ષની ઉંમર થઈ ગયેલી. બ્રહ્મચારી. પરણેલા નહિ પહેલેથી. સાધારણ માણસ. માણસ બહુ ઓલો હોં. બ્રહ્મચારી એટલે પાક્કો બ્રહ્મચારી. પછી તો ૭૦ વર્ષ થઈ ગયા. ૧૧ હજારની મૂડી. તે દિ' ૮૧ની વાત છે. પૂછયું પ્રેમચંદભાઈ તમે નવરા હોય તો નિવૃત્તિ લઈને. હવે .. પૈસા છે ૧૧ હજાર. તે દિ' તો છ રૂપિયા, સાત રૂપિયાનો ખર્ચ હતોને. માસિક સાત રૂપિયાનો ખર્ચ. ૧૧ હજાર રોકડ. ૭૦ની ઉંમર. કે નિવૃત્તિ હું ન લઈ શકું. કેમ? કે કંઈક પણ કામ તો જોઈએ. કીધું કામ કરવું હોય તો આમ કરવું. એક લાંબો પગ કરી, એક છરો લેવો. કાપવો. કીધું નિવૃત્તિ તમારાથી ન થાય તો. શું? ૭૦ વર્ષની ઉંમર ૧૧ હજાર રોકડ તે દિ' હોં! કેટલા વર્ષ થયા? ૮૧. ૪૭ વર્ષ થયા. તે દિ' છ-સાત રૂપિયા જોઈએ મહિને. અત્યારે તો સો, પોણો સો સાધારણ માણસને. .. કેટલું વધી ગયું અત્યારે! અહીંયાં ઘડિયાળ જોવે, અહીં ચશ્મા જોવે, ઓલાને શું કહેવાય એને કરવાનું આમ-આમ. દાંતિયો જોવે. એક અહીં પટ્ટો જોવે. વધી ગયા તે કેટલા.

મુમુક્ષુ :- એ તો સાધારણમાં

ઉત્તર :- એ તો સાધારણની વાત કરું છું. ઓલા મોટા તો. આહા..હા..! એક-એક ખાવાના થાળમાં સો-સો રૂપિયા જોઈએ. આહા..હા..!

કહે છે, પ્રભુ એકવાર સાંભળતો ખરો. તું ક્યાં છો? શેમાં છો? તું તો જ્ઞાન અને આનંદમાં છો અને ત્યાં તું છો. અને વિકારના પરિણામમાં પણ તું નથી. આહા..હા..! એય..! આહા..હા..! કહે છે કે એ '**પુદ્‌ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી...**' કોણ? એ મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ અને એના ભેદ તેર. એ પુદ્‌ગલના કર્મના પાક છે. જૂના કર્મ જે છે જડ એનો પાક છે. ભગવાન આત્માનો નહિ. એ સમજાણું કાંઈ? આહા..હા..! '**પ્રકારો હોવાથી અત્યંત અચેતન છે એવા આ તેર કર્તાઓ જ...**' એ તેર કર્તા જ મિથ્યાત્વ, સાસાદન, મિશ્ર, અવિરતિ, દેશવિરતિ, સર્વવિરતિ, અપ્રમત્ત આદિ તેર ગુણસ્થાન. આહા..હા..! ગજબ વાત કરે છેને! એ '**વ્યાપ્યવ્યાપકભાવે કાંઈ પણ...**' એ તેર કર્તાઓ જ '**કેવળ વ્યાપ્યવ્યાપક...**' સામે લીધું પહેલા. પહેલા કર્મનો પાક લીધો. એ તેર ભેદ. હવે એ નવા

કર્મના વ્યાપ્યવ્યાપક થઈને કરે છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, હિંમતભાઈ! આ બધા નવા આવે એને સમજાય છે તમારા ભાઈને? રખડતા હોય મદ્રાસ અને જ્યાં-ત્યાં. આહા..! એને સમજવું પડશે જો આ જન્મ-મરણના દુઃખને ટાળવા હોય તો હોં. નહિતર તો જન્મ-મરણમાં દુઃખી છે બિચારા હોં ભિખારા બધાય. દુઃખના ડુંગરામાં માથા ફોડે છે અંદર. ભાન નથી. પાગલ છે. આહા..હા..!

કહે છે એકવાર સાંભળતો ખરો. સુણો કીધું હતુંને? સંતોએ કહ્યું સુનો વીતરાગી મુનિ. વીતરાગી મુનિ અંતરમાં આનંદની લહેર ઉઠે છે. વીતરાગભાવમાં મશગુલ છે. વિકલ્પ ઉઠ્યો તો કહે છે કે એ પણ પુદ્ગલદ્રવ્ય છે હોં. સમજાણું કાંઈ? આહા..હા..! પહેલા કહ્યું કે જીવમય રાગ-દ્વેષાદિ થાય છે. અહીં કહે કે પુદ્ગલદ્રવ્યમય એ ચીજ છે. સમજાણું કાંઈ? એ પહેલા પરથી ભિન્ન કરવા કહ્યું હતું કે તારામાં જે મિથ્યાત્વ રાગ-દ્વેષાદિ પરિણામ છે એ જીવમય છે. જીવમય છે. જીવમય. જીવ એમાં લીન છે. મિથ્યાત્વ દોષ આદિ છે એ તો જીવમય છે. એ પર્યાય વિકારી જીવમય છે. જડમાં એ નથી. આહા..હા..! એ પરથી ભિન્ન પાડવાની વાત કરી. હવે અહીંયાં તો વિભાવથી સ્વભાવ ભિન્ન પાડવાની વાત છે. આહા..હા..!

તો કહે છે કે જેટલા મિથ્યાત્વ, અવ્રત, કષાય, વિકલ્પ દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા એ ભાવ જે ઉઠે છે એ ભાવ પુદ્ગલકર્મ જડનો પાક છે. તારો નહિ. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? સમજાય છે કાંઈ કહ્યું છેને? બધું ક્યાં સમજાય છે આ? આહા..હા..!

મુમુક્ષુ :- બધું સમજવા જેવું તો છે.

ઉત્તર :- સમજવા જેવું છે પણ દરકાર ક્યાં છે હજી એને કેટલાકને તો. એમ ને એમ આયુષ્યે ગાંડા હાંકે. આ બીજા કરતા કાંઈક અધિકપણે જીવીએ, પૈસાથી, આબરૂથી, કીર્તિથી. મરીએ પછી જાય નરકમાં. ચાર ગતિમાં રખડવા. એય..! હિંમતભાઈ! એમ હશે કે નહિ આ? અહીં બધા પાંચ-પચાસ લાખ મૂડી કહેવાતી હોય પૈસા, પુંજી. મરીને ઢોરમાં જાય પશુમાં.

મુમુક્ષુ :- છોકરા માટે તો મૂકી જાયને.

ઉત્તર :- છોકરા માટે ક્યાં એના છોકરા હતા? છોકરાનો આત્મા જુદો, રજકણ જુદા. અહીં તો ભાવ વિકારી પણ એના નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? માત્ર પુદ્ગલ તેર પ્રકાર એ માત્ર કર્તા છે અને એ '**કેવળ વ્યાપ્યવ્યાપકભાવે કાંઈ પણ પુદ્ગલકર્મને જો કરે...**' આહા..હા..! બેય વાત લઈ લીધી. બે વાત કઈ? જૂના કર્મ જડ છે એનો પાક તેર ભેદ એ પુદ્ગલદ્રવ્ય અચેતન-અચેતન. અને એ નવા કર્મમાં વ્યાપ્યવ્યાપક. નવા કર્મ વ્યાપ્ય અને આ દ્રવ્ય તેર વ્યાપક. '**તેર કર્તાઓ જ...**' ત્યાં પણ એ લીધું જોયું!

'**કેવળ વ્યાપ્યવ્યાપકભાવે કાંઈ પણ પુદ્ગલકર્મને જો કરે તો ભલે કરે; તેમાં**

જીવને શું આવ્યું...' ભગવાન જ્ઞાનની મૂર્તિ એમાં શું આવ્યું? એમ કહે છે. આહા..! ત્યારે હવે શિષ્યનો પ્રશ્ન. અહીંયાં સુધી તો કાલે આવ્યું હતું. આ તો આધાર. ઓલા નવા છેને .. એ પ્રકાર આવે કાંઈ? આહા..હા..! કહો, જેઠાભાઈ! એ તમારે કહે છે કર્મને લઈને થાય અને અહીં પણ કર્મને લઈને થાય કીધું. તો એમાં ફેર ક્યાં આવ્યો? જુદું છે. અજ્ઞાનીને દ્રવ્યસ્વભાવના ભાન વિના દ્રવ્યનો સ્વભાવ ભલે ભાન ન હોય, પણ દ્રવ્યનો સ્વભાવ આવો નથી એમ માનીને એ માને કે ના, ના એ તો કર્મ જ કરાવે વિકાર... કર્મ જ કરાવે વિકાર... એ દ્રવ્યના સ્વભાવની એને ખબર નથી. આ તો દ્રવ્યના સ્વભાવની સ્થિતિ વર્ણવતા, ભલે ભાન નથી. મિથ્યાત્વ છેને હજી? આહા..હા..! ચૈતન્ય ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ. જ્ઞાન અને આનંદનું નૂરનું પૂર પ્રભુ છે. આહા..હા..! ખબર નથી કે હું કોણ છું ખબર નથી. સમજાણું કાંઈ? એ જ્ઞાનનું નૂર, તેજ જ્ઞાનનું તેજ છે. એવામાં આ મિથ્યાત્વ આદિ તેર ભેદ અંધકાર ક્યાંથી આવ્યા? એનું શું છે? આહા..હા..! એ તો પૂર્વના પુદ્ગલકર્મના પાક થઈને થયું. અને એ જ તેર ભેદ જ્યારે પુદ્ગલ અત્યંત અચેતન છે, નવા કર્મમાં વ્યાપ્યવ્યાપક થઈને કરો તો કરો. જીવમાં શું આવ્યું? આહા..હા..! કહો, બાબુભાઈ! સમજાય છે આ? ઝીણું ભારે ભાઈ! આહા..હા..! ત્યારે શિષ્યને પ્રશ્ન ઉઠ્યો. મહારાજ! આટલું બધું તમે કહો છો. તો અમને તો એમ થાય છે. (આશંકા) એમ કહે છે. **'અહીં આ તર્ક છે કે 'પુદ્ગલમય મિથ્યાત્વાદિને...'** જોયું! ભાષા પાછી વાપરી છે. પુદ્ગલમય.

મુમુક્ષુ :- કબુલ રાખે છે.

ઉત્તર :- હા,

**'મિથ્યાત્વાદિને વેદતો (ભોગવતો)...'** પ્રભુ! અમને તો એમ લાગે છે કે રાગ-દ્વેષ તો આત્મા ભોગવે છે. વેદન આત્મામાં જે રાગનું, મિથ્યાત્વનું, કષાયનું થાય છે એ આત્મા ભોગવે છે. તો વેદે છે તો કર્તા એ છે. અહીં કર્તા કાઢી નાખ્યું સમજાણું કાંઈ? આહા..હા..! શિષ્યનો પ્રશ્ન છે. ઓલામાં આવ્યું હતું. જીવ માટીમય ઘડારૂપી કર્મ. એમ આ પુદ્ગલમય એમ કહ્યું. **''પુદ્ગલમય મિથ્યાત્વાદિને વેદતો (ભોગવતો)...'** મહારાજ! તમે આ કહો તો અમને તો એમ લાગે છે કે રાગ, દ્વેષ, વિપરીત માન્યતા એ કષાયભાવ છે. એને અનુભવે છે તો જીવ. એનો ભોક્તા તો જીવ છે. તો જે ભોક્તા એ જ કર્તા થાય છે. અને તું તો કર્તા ના પાડે છો. ઝીણું છે દિલીપ! એ તારા કાકાને સમજાય છે કે નહિ હજી? સહિયારું ભાગ રાખે.

અહીં કહે છે. આહા..હા..! એ તર્ક કરે મારા. એના તરફથી કરે છે. **''પુદ્ગલમય મિથ્યાત્વાદિને વેદતો (ભોગવતો)...'** મહારાજ! મિથ્યાત્વ વિપરીત માન્યતા એનું વેદન તો જીવને છે. એનું વેદન જડને છે? આ પ્રશ્ન કર્યો. મગનભાઈ! આ ૯, ૧૦, ૧૧ અને

૧૨ ચાર ગાથા. '**મિથ્યાત્વાદિને વેદતો (ભોગવતો)...**' શિષ્યે એટલું તો નક્કી કર્યું. કે તમે પુદ્‌ગલમય એને કહો, પણ પુદ્‌ગલમયને ભોગવે છે તો જીવ. શુભ-અશુભરાગ કહો વિપરીત માન્યતા, આસક્તિભાવ, કષાયભાવ, યોગનો કંપનભાવ એનું વેદન તો જીવને છે. પંડિતજી! '**જીવ પોતે જ મિથ્યાદષ્ટિ થઈને પુદ્‌ગલકર્મને કરે છે.**'' જીવ પોતે જ મિથ્યાદષ્ટિ થઈને પુદ્‌ગલકર્મને કરે છે. નવા કર્મને એ જીવ કરે છે. એવો શિષ્યનો પ્રશ્ન છે. અરે..! ભારે! જુઓ, શિષ્યને આટલું લાગ્યું તો નક્કી કર્યું એણે. કે તમે પુદ્‌ગલમય કહો છો તો અમે પણ પુદ્‌ગલમય એને માનીએ, પણ પુદ્‌ગલમયને ભોગવે છે તો જીવ.

મુમુક્ષુ :- ભોક્તાપણું તો

ઉત્તર :- ભોક્તાપણું જીવને છે. તો ભોક્તાપણું જીવને છે તો કર્તાપણું કેમ નહિ? ભોક્તા એ કર્તા થાય છે. પરસેવો ઉતરે એવી વાત છે અંદર. આહા..હા..! ત્રિલોકનાથ તીર્થંકરના દરબારમાં એ વાત આમ ચાલે છે. આહા..હા..! ભાઈ! પ્રભુ! તારી ખબર નથી તને. તું કોણ છો? ક્યાં છો? કેમ છો? અને તું કોનો કર્તા થા છો એની તને ખબર જ નથી. આહા..હા..! પ્રભુ! તું તો જ્ઞાન અને આનંદનો પૂર છોને. તો જ્ઞાન-આનંદના પૂરમાં એવો વિકાર ક્યાંથી આવ્યો? વિકાર આવ્યો એ તો કર્મના પાકથી આવ્યો છે. કાંઈ તારાથી નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- ભગવાન આત્મામાં વિકાર છે જ નહિ.

ઉત્તર :- વિકારી પણ વસ્તુ વિકારનો કર્તા ન હોઈ શકે એમ કહે છે. કર્તા હોય તો વિકારમય થઈ જાય આત્મચીજ. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ? થોડું ગુજરાતી પણ આવેને સાથે.

શિષ્યનો પ્રશ્ન છે, પ્રભુ! પુદ્‌ગલ તમે કહો છો. વિપરીત માન્યતા છે પર્યાય આ. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. એ જીવની પર્યાય છે. પણ અહીંયાં વિકાર તો પુદ્‌ગલદ્રવ્ય કહીને જીવ દ્રવ્યનો એ ભાવ નથી એમ કાઢી નાખ્યો, ભિન્ન કરી નાખ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? તો પ્રશ્નકર્તા એમ કહે છે કે, મહારાજ! જીવને વેદન દેખાય છે. રાગનું, મિથ્યાત્વનું, કષાયનું તો વેદન, અનુભવ, અનુભૂતિ અજ્ઞાનની તો જીવમાં દેખાય છે. તો એ જીવ પોતે મિથ્યાદષ્ટિ થઈને. તો એ વેદન કરે છે એ જ મિથ્યાદષ્ટિ કર્તા થઈને પુદ્‌ગલ કર્મને કરે છે. નવા કર્મને એ કરે છે. કોનો પ્રશ્ન છે? શિષ્યનો.

'**(તેનું સમાધાન :-) આ તર્ક ખરેખર અવિવેક છે,...**' તારો તર્ક વિવેક વિનાનો છે. કેમ? '**કારણ કે ભાવ્યભાવકભાવનો અભાવ હોવાથી...**' આહા..હા..! કેટલી ગંભીરતા! ભાવ્યભાવક એટલે? આત્મા ભાવક અને વિકારી પરિણામ ભાવ્ય. ભોગવવા લાયક એનો અભાવ છે. ભગવાન આનંદમૂર્તિ પ્રભુ એ ભાવક થઈને મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદનું વેદન

કરે અને ભાવ્ય એનું વેદન કરે એનો અભાવ છે. આત્મા વિકારને વેદે એ આત્મા જ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! અલિંગગ્રહણમાં આવે છેને ભાઈ! અલિંગગ્રહણમાં. અલિંગગ્રહણ નહિ? બારમો બોલ. બારમો બોલ આવે છે વીસ બોલમાં. કે આત્મા ઇન્દ્રિયના વિષયનો ભોક્તા છે જ નહિ. ઇન્દ્રિયના વિષયનો ભોક્તા તો રાગ છે, રાગનો ભોક્તા આત્મદ્રવ્ય છે? આહા..હા..! આત્મા તો અતીન્દ્રિય આનંદનો ભોક્તા છે. અતીન્દ્રિય આનંદનો ભાવક અને એ અતીન્દ્રિય આનંદ એનું ભાવ્ય ભોગવનારી ચીજ છે. આહા..હા..! રાગનો ભોક્તા એ આત્મા નથી. ઇન્દ્રિયનો વિષય ભોગવે એ આત્મા નથી. એમ કહે છે. અલિંગગ્રહણમાં છે. સમજાણું કાંઈ? ભાવ ઇન્દ્રિય અને દ્રવ્ય ઇન્દ્રિય બેય જડ છે. આહા..હા..! ભારે આકરું!

**'આ તર્ક ખરેખર અવિવેક છે, કારણ કે ભાવ્યભાવકભાવનો અભાવ... '** ભાવ્યભાવકભાવનો અભાવ. હવે આમાં દરેક શબ્દનો અર્થ. ભાવ્ય એટલે વિકારી પર્યાય ભોગવવી એ ભાવ્ય અને ભાવક આત્મા એવો જે ભાવ એનો જીવમાં અભાવ છે. વિકારી ભાવને ભોગવે આત્મા, ભાવક થઈને વિકારી પર્યાય ભાવ્ય થઈને ભાવને ભોગવવો એનો જીવમાં અભાવ છે. વિકારી ભાવને ભોગવવું આત્મામાં છે નહિ. આહા..હા..! ગજબ વાત છેને. કહો, સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ! કહો, .. રાગ થાય...

મુમુક્ષુ :- વિકાર કરતો નથી, રાગ કરતો નથી, પછી એ પ્રશ્ન ક્યાં છે?

ઉત્તર :- પણ ત્યાં જઈને બેસે છે હીરાભાઈ પાસે જોડે ત્યાં. આહા..હા..! આ તો વાત ભીખાભાઈની હોં. બધાની, ઘણાની વાત છેને? એય..! હિંમતભાઈ! ઓલાની દુકાને બેસે પ્રવિણભાઈને બે જણા એ આમ છે ને તેમ છે. ..ભાઈ આવ્યા નથી. પરમ દિ' આવ્યા હતા પરમ દિ'. કહો, સમજાણું કાંઈ? પહેલા શું ચીજ છે કેમ થાય છે? એ સમજવું તો પડશે કે નહિ? સમજ્યા વિના આંધળી દોડે ધર્મ થાય છે? ભાન છે નહિ અને ધર્મ થાય છે. સામાયિક કરી, પડિક્કમણા કરી, પોષા કરી, જાત્રા કરી. ધૂળેય ધર્મ નથી એમાં. સમજાણું કાંઈ? એ તો રાગ છે, વિકલ્પ છે. તો એ રાગનો ભોક્તા આત્મા નથી તો કર્તા ક્યાંથી થયો? એમ કહે છે અહીંયાં તો. સમજાણું કાંઈ? આહા..હા..!

**'આ તર્ક ખરેખર અવિવેક છે, કારણ કે ભાવ્યભાવકભાવ...'** વિકારી પર્યાય ભાવ્ય, આત્મા ભાવક કરનારો વિકારીનો એવા ભાવનો તો અભાવ હોવાથી. **'આત્મા નિશ્ચયથી પુદ્‌ગલદ્રવ્યમય...'** જુઓ, પાછું **'પુદ્‌ગલદ્રવ્યમય મિથ્યાત્વાદિનો ભોક્તા પણ નથી,...'** આહા..હા..! એ રાગ અને મિથ્યાત્વને ભોગવે એ આત્મા નથી. એ તો જડ છે એમ કહે છે અહીં તો. આહા..હા..! ગજબ વાત છે. સમજાણું કાંઈ? લોજિકથી પણ સમજાય એવી ચીજ છે. આ એવી નથી કાંઈ. ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનની મૂર્તિ પ્રભુ આત્મા તો છે. અરે..! એને રાગનો ભોક્તા કેમ કહ્યો તે? એ રાગ તો અચેતન, કર્મ અચેતન પુદ્‌ગલ

તો કહ્યું હતું અમે. એ ચૈતન્ય ભગવાન રાગ પુદ્ગલનો ભોક્તા? છે જ નહિ તો પુદ્ગલનો કર્તા પણ નથી. આહા..હા..! એય..! હીરાભાઈ! આવો વીતરાગમાર્ગ લોકોએ વીંખી નાખ્યો, પીંખી નાખ્યો. બહારથી આ ક્રિયા અને આ વ્રત પાળવા આ કરવું, આ ન ખાવું, ન પીવું. નગ્ન થવું, વસ્ત્ર ન રાખવા એ ધર્મ. ધૂળેય ધર્મ નથી. સમજાણું કાંઈ? પંચ મહાવ્રતના વિકલ્પ પાળવા એ ધર્મ. અહીં તો કહે છે કે પંચ મહાવ્રતનો વિકલ્પ એ તો રાગ છે, આસ્રવ છે, પુદ્ગલ છે, જડ છે, અચેતન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ અચેતન, પંચ મહાવ્રતનો રાગ એ અચેતનનો ભોક્તા ક્યાંથી હોય? ચૈતન્ય સ્વરૂપ અચેતનનો ભોક્તા કેમ થાય? તો અચેતન ભોક્તા નથી તો અચેતનનો કર્તા પણ નથી. એય..! સુજાનમલજી! પંડિતના પાણી ઉતરી જાય એવું છે. આહા..હા..! શિષ્યે પ્રશ્ન એવો કર્યો કે અમને દુઃખ જે થાય છે એ વેદન તો અમારું છે. એ દુઃખનું વેદન તો અમારું છે. અમે દુઃખના ભોક્તા છીએ. પણ સાંભળતો ખરો. એ દુઃખનો ભોક્તા આત્મા છે જ નહિ. દુઃખને ભોગવે એ આત્મા જ નથી. એય..! આહા..હા..! પ્રતિકૂળતાનું પરને જોઈને જે દ્વેષ આવે છે અને અનુકૂળ ઇન્દ્રિયના વિષયો જોઈને જે રાગ થાય છે કહે છે કે રાગ અને દ્વેષનો કર્તા અને ભોક્તા જીવ છે જ નહિ. અજ્ઞાનભાવે કર્તાભોક્તા હતા એ બીજી વાત હતી. આ તો વસ્તુની સ્થિતિ બતાવે છે. આહા..હા..! ચૈતન્ય સ્વભાવ ભગવાન આત્મા એકલા જ્ઞાન અને આનંદનું નૂર પ્રભુ આત્મા. એ આ અંધકારને કેમ કરે અને અંધકારને કેમ ભોગવે? આહા..હા..! એ ચૈતન્યસૂર્ય પાસે અંધકાર કેવું?

ફરિયાદ કરવા આવ્યું હતું એકવાર અંધારું. મહારાજ! તમે કાંઈક ન્યાય કરો. સૂરજ એની પાસે અમને આવવા દેતો જ નથી. સૂરજ આવવા નથી દેતો. તો એણે કહ્યું કે .. બેય સાથે હોય તમારું કાર્ય કરી દે. પણ ક્યાંથી આવે? સૂર્ય હોય ત્યાં અંધારું નહિ અને અંધારામાં સૂર્ય હોય નહિ. બે ક્યાંથી આવે? સમજાણું કાંઈ? આહા..હા..! એમ ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા જિનેન્દ્રદેવ અને સંતો, વીતરાગી મુનિઓ એમ કહે છે કે ભગવાન! તું તો આનંદ અને જ્ઞાનનો ધણી છો, પ્રભુ! એ તારામાં આ રાગનો અનુભવ ક્યાંથી આવ્યો? અનુભવ હોય તો રાગનો કર્તા છે તો અનુભવ છે જ નહિ એને. એ તો અજ્ઞાની જડનો અનુભવ કરે છે એ આત્મા નથી. આહા..હા..! એય..! ગીરધરભાઈ!

**'ખરેખર અવિવેક છે, કારણ કે ભાવ્યભાવકભાવનો અભાવ હોવાથી...'** એટલે સમજાણું? આત્મામાં વિકારી પરિણામ ભાવ્ય નામ ભોગવનારો અને આત્મા ભોક્તા એનો અભાવ છે. એય..! મગનભાઈ! કોઈ ચીજ દેખીને રાજીપો થયો, રાગ થયો રાગી ખુશ અને કોઈ ચીજ દેખીને ઉં..હું..હું.. અણગમો-દ્વેષ થયો તો કહે છે કે એ રાગ અને દ્વેષનો ભોક્તા આત્મા છે જ નહિ. ભોગવે એ આત્મા નહિ અને ન ભોગવે એ આત્મા. આહા..હા..!

છે કે નહિ પંડિતજી એમાં? તમે તો પ્રોફેસર હતા. એવું કીધું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... એવી વાત છે. આહા..હા..! તારો સ્વભાવ ભગવાન તું કોણ છો? ભગવાન હોય એ કાંઈ વિષ્ટા ખાય? દુકાળ પડેલો દુકાળ. પછી કોઈ રાજા પાસે ગયા. મહારાજ! અનાજ નથી. અરે..! સાટા ખાવ. નીચે સાટા છેને ખરે? સાટા સમજો છો? સાટા શું કહે છે? ખાજા. પણ સાટા ક્યાં? રોટલી નથી ત્યાં સાટા ક્યાંથી લાવે? તારે ઘરે સાટા હશે. એક ઓલા ઈન્દિરાનું સાંભળ્યું. ત્યાં કહે સમજ્યાને? ત્યાં ટોપલા આવેને દ્રાક્ષના? દ્રાક્ષ-દ્રાક્ષ. અંગુર. દ્રાક્ષના ટોપલા આવે તો કહે આ દ્રાક્ષ ખા. ક્યાં દ્રાક્ષ ખાય? રોટલી નથી ત્યાં દ્રાક્ષ ક્યાંથી હોય? તમારે દ્રાક્ષ હોય. સમજાણું કાંઈ? અહીં તો પરમાત્મા ચૈતન્ય પ્રભુ. દેહદેવળમાં રાગથી ભિન્ન ભગવાન એ રાગનું વેદન નથી, તો રાગનો કર્તા ક્યાંથી થાય? રાગનું વેદન નથી તો રાગનો કર્તા થઈને જડમાં કર્મ બાંધે એવો આત્મા છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આત્મા નિશ્ચયથી પુદ્‌ગલદ્રવ્યમય મિથ્યાત્વાદિનો ભોકતા પણ નથી,...'** આ અપેક્ષાએ અમે તો કહીએ છીએ કે ભોક્તા પણ નથી ભાઈ! આત્મામાં શું રાગ અને દ્વેષ ભર્યો છે અંદરમાં? તે ભોક્તા થાય? અંદરમાં તો આનંદ અને જ્ઞાન પડ્યું છે શાંતિ. આહા..હા..! અરે..! ધર્મી જીવનું ભોગ્ય તો વિકારીભાવ નથી. એનું ભોગ્ય તો નિર્વિકારી પરિણામ ધર્મીનું ભોગ્ય છે. એનો એ ભોક્તા છે. આહા..હા..!

મુમુક્ષુ :- સ્વભાવ પર્યાયનો કર્તા છે.

ઉત્તર :- સ્વભાવ પર્યાયનો કર્તા અને સ્વભાવ પર્યાયનો ભોક્તા. કર્તા છે એનો. એમ કહે છે. અરેરે..! ઝીણું છે હોં, પોપટભાઈ!

પુદ્‌ગલમય, પુદ્‌ગલદ્રવ્યમય. પુદ્‌ગલદ્રવ્યમય. ભાષા જુઓને. **'મિથ્યાત્વાદિનો ભોક્તા પણ નથી,...'** સંયોગીભાવ પુદ્‌ગલદ્રવ્યમય. મિથ્યાત્વ પુદ્‌ગલદ્રવ્યમય, અવ્રત પુદ્‌ગલદ્રવ્યમય, દયાભાવ એ પુદ્‌ગલદ્રવ્યમય. પરજીવની દયાનો ભાવ પુદ્‌ગલદ્રવ્યમય. પંચ મહાવ્રતના પરિણામ પુદ્‌ગલદ્રવ્યમય. આહા..હા..! તેર બોલ લીધાને? પુદ્‌ગલદ્રવ્યમય અવ્રતનો ભાવ, ભગવાનની ભક્તિનો ભાવ એ પુદ્‌ગલદ્રવ્યમય છે. ઓહો..હો..! વીતરાગી માર્ગ સિવાય આવી વાત બીજે હોઈ શકે નહિ. રાગમાં ઘેરાયેલા, રાગથી ધર્મ મનાવેલા ભગવાન પોકાર કરે છે. મારા પ્રત્યેની ભક્તિનો તારો રાગ એ રાગ તારી ચીજ નથી. આહા..હા..! એ તો અત્યંત અચેતન ચીજ છેને. અમે કહીએ છીએને. એમ કહે છે. સમજાણું કાંઈ? આ તો સંસારના મૂળિયા ઉખેડીને જેને સંસારરહિત થવું હોય એની વાત છે. આહા..હા..!

બે-પાંચ લાખની પેદાશ દેખાય. પેદાશ કહે છેને શું? કમાઈ. પછી એને હરખ થયો.

એ હરખનું વેદન કર્યું તો તું આત્મા રહ્યો નહિ. એય..! પોપટભાઈ! આવું છે. તે દિ' કહેવું હતું તમારે ..માં છેને? ..સપના આવે છેને ફલાણું આવે છે. ના આ તો તે દિ' વાત કરી હતી. અહીં તો કહે છે કે પુણ્યના વિકલ્પ આવે એ માઠા સપના છે. ગજબ વાત છે. તીર્થંકરદેવનો માર્ગ વીતરાગમાર્ગ છે. વીતરાગમાર્ગમાં રાગ, ચાહે તો ભગવાનની ભક્તિ હોય, ચાહે તો વ્રતનો રાગ હોય કે ચાહે તો અપવાસનો રાગ હોય. એ બધો રાગ પુદ્‌ગલમય છે એમ કહે છે. .. આ લખ્યું છે એ સમજતા જ નથી મારા. એય..! સોનગઢનું નિશ્ચય એકલું છે. સોનગઢવાળા તો .. હવે સોનગઢની ક્યાં વાત છે? ભગવાન શું કહે છે સાંભળતો ખરો. શાસ્ત્રની ભાષા સોનગઢની છે? આહા..હા..! ભાઈ! તને ખબર નથી. ચૈતન્ય ભગવાન એક સમયમાં વિભાવરૂપ પરિણમે તો કહે એ આત્મા નહિ એમ કહે છે અહીં તો. આહા..હા..! ...સમજાણું કાંઈ? એ વિભાવનું પરિણમન જ જીવનું નથી, તો એનું વેદન જીવનું નથી. તો વેદન નથી તો કર્તા નથી એમ કહે છે. જાઓ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ સ્વરૂપ તારી ચીજ જ આ છે. એક સમયમાત્ર કર્મના પાકથી થયેલી વિકારી, વિભાવી દશા એ અત્યંત અચેતન છે. એ અચેતનનો કર્તા જીવ નથી અને એ અચેતન જડનો કર્તા અને આત્મા કર્તા નથી. આહા..હા..! ભારે વાત ભાઈ!

**'મિથ્યાત્વાદિનો ભોકતા પણ નથી, તો પછી પુદ્‌ગલકર્મનો કર્તા કેમ હોય?'** પ્રશ્ન કર્યો છે સામે. ભગવાન! જ્યારે એ મિથ્યાત્વભાવ, રાગભાવ, કષાયભાવ ઓહો..હો..! વ્યવહારરત્નત્રયનો ભાવ. આહા..હા..! ઓલા કહે યોગનો વિરોધ કરવો અશુભનો, બસ એ ધર્મ. શુભયોગ એ સંવર. આહા..! ગજબ કરે છેને. જ્ઞાતા-દૃષ્ટા રહેવું એ પુરુષાર્થ જ નથી (અજ્ઞાનીને લાગતો નથી). પુરુષાર્થ તો યોગને ઘટાડવો, અશુભમાંથી શુભ, શુભમાંથી અશુભ એ પુરુષાર્થ. ક્યાં લખ્યું છે? આહા..હા..! આવું કોણ મારા .. મારે છેને. સાંભળનારા મળે છેને.

મુમુક્ષુ :- ભૂતને પીપળા મળે.

ઉત્તર :- ભૂતડો હોય એને પીપળો મળે એમ કહે છે. આહા..હા..! ભાઈ! તારા દયા, દાન, વ્રતના પરિણામ એ શુભ. એ શુભને તો અહીંયાં અચેતન, પુદ્‌ગલમય કહ્યા. એ જીવમય નથી. જીવમય હોય તો જીવ આખો વિકારમય થઈ જાય. સ્વરૂપ એવું નથી. એ તો પવિત્રનો પિંડ છે પ્રભુ. સમજાણું કાંઈ? આહા..હા..!

**'તો પછી પુદ્‌ગલકર્મનો કર્તા કેમ હોય?'** જ્યારે વેદન નથી. જેનું વેદન નથી એનો કર્તા ક્યાંથી થાય? **'માટે એમ ફલિત થયું કે-જેથી પુદ્‌ગલદ્રવ્યમય ચાર સામાન્યપ્રત્યયોના ભેદરૂપ તેર વિશેષપ્રત્યયો...'** પુદ્‌ગલદ્રવ્યમય. આહા..હા..! અહીં તો પર્યાય નહિ.

પુદ્‌ગલદ્રવ્યમય. **'ચાર સામાન્યપ્રત્યયો...'** કોણ? મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ. એના ભેદ તેર. મિથ્યાત્વ, અવ્રત આદિ તેર ભેદ છેને ... **'કે જેઓ 'ગુણ' શબ્દથી કહેવામાં આવે છે...'** ગુણ એટલે ગુણસ્થાન. એ ..ગુણસ્થાન કહે છે. ચૌદમું ગુણસ્થાન તો અબંધ છે. એ તેર ગુણસ્થાન બંધનું કારણ છે. આહા..હા..! એ ગુણ બંધનું કારણ. સાંભળે તો ભડકે. નવા કર્મના બંધનું કારણ ગુણ છે. ગુણ અથવા ગુણસ્થાન. ગુણસ્થાન એટલે તેર ભેદ. એ પુદ્‌ગલ છે એ નવા કર્મના બંધમાં કારણ છે. આહા..હા..!

એકબાજુ કહે કે એક દ્રવ્યની પર્યાયનું વ્યાપક દ્રવ્ય અને વ્યાપ્ય એની પર્યાય. અહીંયાં બીજી રીતે સ્વભાવ વ્યાપક અને સ્વભાવિક પર્યાય એની વ્યાપ્ય, પણ (અહીં) રાગ વ્યાપક અને કર્મની નવી પર્યાય એ વ્યાપ્ય. એવી અહીં ચીજ છે. વિકારી જે ભાવ છે એ વ્યાપક એ દ્રવ્ય. પુદ્‌ગલદ્રવ્ય. એ નવા કર્મની પર્યાય વ્યાપ્ય એનો વ્યાપ્યવ્યાપક સંબંધ એની સાથે છે. આત્માની સાથે નહિ. આહા..હા..! કહો, સમજાણું? એક સુણે, એક જ કથા, એક જ ગાથા. આહા..હા..! કથા અને ગાથા.

**''ગુણ' શબ્દથી કહેવામાં આવે છે (અર્થાત્ જેમનું નામ ગુણસ્થાન છે) તેઓ જ કેવળ કર્મોને કરે છે,...'** નવા કર્મ કરો તો રાગાદિ તેર ભેદ કરો. ભગવાન ચૈતન્યસ્વભાવમાં એ ક્યાંથી આવ્યું? રાગનો કર્તા તો સ્વભાવ નથી, તો પુદ્‌ગલ કર્મનો કર્તા આત્મા ક્યાંથી આવ્યો? એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રિકાળી ચૈતન્ય જ્ઞાનપુંજ પ્રભુ એક સમયના વિભાવમાં ક્યાં આવ્યો? વિભાવ તો અધર્મ છે. સ્વભાવ તો પોતાની ત્રિકાળી ચીજ છે. એ સ્વભાવિક ચીજ અધર્મને કેમ કરે? આહા..હા..! ભારે .. આકરું પણ. **'કેવળ કર્મોને કરે છે, તેથી જીવ પુદ્‌ગલકર્મોનો અકર્તા છે,...'** આહા..હા..! ભગવાન આત્મા એ તો રાગ અને પુદ્‌ગલ કર્મનો તો અકર્તા છે. એ રાગ જ પુદ્‌ગલ છે. આહા..હા..! તેને તો દ્રવ્ય કહ્યું. પહેલું કીધુંને પુદ્‌ગલકર્મનો પુદ્‌ગલ દ્રવ્ય જ કર્તા છે. નવા પુદ્‌ગલ કર્મ એનું પુદ્‌ગલ દ્રવ્ય તે ભાવ એક પુદ્‌ગલદ્રવ્ય છે. આવી વાત સાંભળવા મળતી નથી. ગડબડ... ગડબડ... ગડબડ... મોટા પંડિતો નામ ધરાવે. સાધુ નામ ધરાવે અને ભાન ન મળે કાંઈ. આહા..હા..! આ તો સર્વજ્ઞ વીતરાગ જિનેન્દ્રદેવનો કહેલો માર્ગ છે. કોઈ કલ્પિત અંદર નાખે અને કરે તો કરી શકે નહિ. એવો માર્ગ છે. આહા..હા..! ભગવાને જેવો જોયો આત્મા. આનંદ અને જ્ઞાનની મુક્તિ, અનંતગુણની પવિત્રતાની મૂર્તિ એ તો પ્રભુ છે. એ અપવિત્ર એનો વિકાર તો અચેતન છે. તો પવિત્ર અચેતન નવા કર્મને તો કેમ કરે? પણ અચેતન પર્યાયને પણ કેમ કરે? સમજાણું કાંઈ?

**'પુદ્‌ગલકર્મોનો અકર્તા છે, 'ગુણો' જ તેમના કર્તા છે; અને તે 'ગુણો' તો પુદ્‌ગલદ્રવ્ય જ છે;...'** જુઓ, એ ગુણસ્થાન પુદ્‌ગલ પર્યાય નથી, પુદ્‌ગલદ્રવ્ય જ છે.

ઉડાવી દીધી. પર્યાય અભેદ થઈ ગઈ. આહા..હા..! જડની પર્યાય જડમય છે. આહા..હા..! જીવની પર્યાય જીવમય છે. જીવ ભગવાન આત્મા જ્ઞાતા-દૃષ્ટા થઈને શુદ્ધ ચૈતન્ય નિર્મળ વીતરાગી પર્યાય એ વીતરાગી પર્યાયનો વ્યાપક આત્મા છે અને વ્યાપ્ય એની વીતરાગી પર્યાય છે. પોતાની પર્યાયમાં દ્રવ્ય વ્યાપે છે. પોતાની ધર્મની નિર્દોષ પર્યાયમાં જીવ વ્યાપે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પુદ્ગલ કર્મના વિપાકનું ફળ જે ચાર. એક, એક, ચાર, તેર. એ કરો તો કરો. નવા કર્મને બાંધો તો બાંધો. અમારે શું આવ્યું? આહા..હા..! એય..! પુદ્ગલ કર્મનો પુદ્ગલદ્રવ્ય જ એક કર્તા છે લ્યો! સમજાણું કાંઈ? વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક વદ-૯, બુધવાર, તા. ૨૯-૧૧-૧૯૭૨
## ગાથા-૧૦૯ થી ૧૧૫, પ્રવચન-૨૩૭

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

આ કર્તાકર્મ અધિકાર. ૧૦૯, ૧૦, ૧૧નો ભાવાર્થ છે. સૂક્ષ્મ વિષય જગતના પ્રાણીને અનાદિથી અણભ્યાસ. વાસ્તવિક ભગવાન તીર્થંકરદેવ કોને આત્મા કહે છે? કોને આસ્રવ કહે છે અને કોને જડ કહે છે. અહીં તો આસ્રવને પણ જડમાં નાખી દીધો છે. છેને? **'શાસ્ત્રમાં પ્રત્યયોને...'** પ્રત્યયો એટલે આસ્રવો. મિથ્યાત્વભાવ મિથ્યાશ્રદ્ધા, અવ્રતભાવ, કષાયભાવ, પ્રમાદ અને યોગ કંપન એ બધાને આસ્રવભાવ કહેવામાં આવે છે. નવા આવરણમાં કારણ. તો જે આસ્રવભાવ છે એ જડના નિમિત્તે ઉત્પન્ન થયું અને જડનું કારણ છે એ કારણે એ અચેતન અને જડ છે. સમજાણું કાંઈ?

**'શાસ્ત્રમાં પ્રત્યયોને...'** પ્રત્યય નામ આસ્રવ. જીવ **'બંધના કર્તા કહેવામાં આવ્યા છે.'** નવા કર્મમાં બંધનું કારણ આસ્રવ છે. **'ગુણસ્થાનો પણ વિશેષ પ્રત્યયો જ છે...'** તેર ગુણસ્થાન. એ પણ વિશેષ આસ્રવ જ છે. **'તેથી એ ગુણસ્થાનો બંધના કર્તા છે...'**

આહા..હા..! વસ્તુ ભગવાન આત્મા એ તો જ્ઞાનાનંદ સ્વભાવી વસ્તુ. એ બંધનું કારણ નથી અને એ આસ્રવનું પણ કારણ નથી. નવા બંધનું કારણ આસ્રવ, આસ્રવનું કારણ પણ આત્મા નથી. વિપરીત શ્રદ્ધા, અવ્રતભાવ, રાગભાવ, દયા, દાન, વિકલ્પ આદિ ભાવ એમાં જ્ઞાતા-દૃષ્ટાના ચૈતન્યના સ્વભાવનો અભાવ. આહા..હા..! એ કારણે અચેતન દ્રવ્ય પુદ્ગલ કહ્યું અને નિમિત્ત છે એ જડ છે. એનાથી ઉત્પન્ન થયું એ પણ પુદ્ગલ છે. અને એ પુદ્ગલ નવા પુદ્ગલનું કારણ છે. ત્રણે પુદ્ગલ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

પુદ્ગલકર્મનો કર્તા, નવા બંધનમાં રચનારો એ આસ્રવ તેર ગુણસ્થાનના ભાવ એ નવા કર્મની રચના કરનાર એ છે. આહા..હા..! આત્મા બંધની રચના કરે એવું આત્મામાં છે નહિ. આત્મા દયા, દાન, વ્રતાદિના પરિણામ ઉત્પન્ન કરે, રચના કરે એવું પણ આત્મામાં નથી. આહા..હા..! માર્ગ વીતરાગનો દુનિયાથી નિરાળો છે. શાંતિભાઈ! ત્યાં ક્યાં શું કહેવાય તમારું? ધનબાગ. ધનની આબાદી એમ? જડની. આહા..હા..! આ તો ચૈતન્યઘન. જ્ઞાન અને આનંદનું જેમાં ધન પડ્યું છે. એવી આત્મ ચીજ. ભગવાન એમ કહે છે કે એમાં જે પરિણામ મિથ્યાત્વના, અવ્રતના, પુણ્યના, પાપના જે ભાવ ઉત્પન્ન થાય છે એ આત્માને કારણે નહિ. એ તો જડકર્મ છે પુદ્ગલકર્મ. એનાથી ઉત્પન્ન થયું પુદ્ગલદ્રવ્ય છે. અને એ પુદ્ગલદ્રવ્યથી ઉત્પન્ન થયું નવું કર્મ છે. આહા..હા..! કોને નવરાશ આ નક્કી કરવું? હોળી આખો દિ' પાપમાં. રળવું, ખાવું, ભોગ ને વિષય ને આબરૂ. ધર્મને નામે જાય તો પરની દયા પાળવી એ ધર્મ. અહીં તો કહે છે કે પરની દયા આત્મા પાળી શકતો જ નથી. પણ પરની દયાનો ભાવ છે એ પણ આત્માનું કર્તવ્ય નથી. ગજબ વાત છે. ઉંચી ભૂમિકા નહિ, પહેલેથી એ છે. સમજાણું કાંઈ? અહિંસા પરમો ધર્મ એને કહે છે કે રાગની ઉત્પત્તિ થાય, દયા, દાનની વૃત્તિ આદિ થાય એ હિંસા છે, રાગ છે.

મુમુક્ષુ :- ભગવાનની પૂજા?

ઉત્તર :- પૂજાનો ભાવ પણ રાગ છે. એ તો સવારમાં ઘણું આવ્યું. હોય છે વ્યવહાર. જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન થાય ત્યાં સુધી એવો શુભભાવ આવે છે, પણ એ શુભભાવ પુણ્યબંધનું કારણ છે. જેમાં જડ બંધ પડે એવું કારણ છે. જેમાં આત્માની એકતા થાય એવું કારણ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'વળી મિથ્યાત્વાદિ સામાન્ય પ્રત્યયો કે ગુણસ્થાનરૂપ વિશેષ પ્રત્યયો અચેતન પુદ્ગલદ્રવ્યમય જ છે,...'** આહા..હા..! ભારે કામ ભાઈ! સવારમાં કહ્યું કે સિદ્ધ ભગવાનની ભક્તિ, પરમભક્તિ.. કરવી એવું આવ્યું. એ તો વ્યવહારનયથી એમાં રાગ થાય છે તો પરિણમન એમાં છે તો .. પરમભક્તિ એમ છે એનો સ્વીકાર કરવો બસ એટલું. સમજાણું કાંઈ? પોપટભાઈ! આવું બધું ક્યાંય સાંભળ્યું નહિ હોય ત્યાં. દરિયાપર જાતા હતા? ક્યાં જાતા હતા?

મુમુક્ષુ :- ઉમરાળા હતા ત્યારે જાતા નજીક...

ઉત્તર :- એટલે આ તમારા. ઠીક. નહિતર સુંદરવોરાનું છે. આહા..હા..! માર્ગ વીતરાગનો એટલે કે આત્માનો. એ માર્ગ જગતથી નિરાળો છે. ભગવાન આત્મા વસ્તુ છેને વસ્તુ? તો વસ્તુ છે એ તો સ્વભાવવાન છે. તો એનો કોઈ સ્વભાવ છે કે નહિ? તો એનો સ્વભાવ તો જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એ અવિનાશી ત્રિકાળી સ્વભાવ છે. એ સ્વભાવવાન અથવા સ્વભાવ વ્યવહારત્નત્રય જેને કહીએ, સવારમાં ભક્તિ જેને કહી એવા ભાવની રચના સ્વભાવ કેમ કરે? એમ કહે છે. આહા..હા..! મગનભાઈ! એ મગનભાઈ ક્યાંક જઈને પાછું વખાણી આવે કે તમે સમજો છો આવું. ઠેકાણા વિનાનો હોય ત્યાં જઈને. કહો, સમજાણું આમાં? એય..! મગનભાઈ! ઓલા હવે વેશધારી ઘડીક વાત કરે એને સમજે નહિ અને કહે તમે સમજ્યા લાગો છો. એને બિરૂદ આપે એટલે ઓલો ખુશી-ખુશી થઈ જાય. હવે ગૃહીત મિથ્યાદષ્ટિ.

મુમુક્ષુ :- એ તો જૂની વાત છે.

ઉત્તર :- જૂની ક્યાં? હજી થોડા મહિના પહેલાની વાત છે. થોડા મહિના. ઘણું કરીને એક વર્ષ થઈ ગયું. કાંઈ ખબર નથી. અહીં કોક વાત કરે. અહીં ક્યાં સાંભળવી હોય?

મુમુક્ષુ :- એની વાત તો સાચી હોય એ જ આવેને. ખોટી..

ઉત્તર :- સાચી જ વાત. ખોટી નહિ. અરે..! હજી તો એને દ્રવ્ય ક્રિયા કોને કહેવી? અહિંસા કોને કહેવી અને અહિંસાધર્મ. વેશ અને વાડા કર્યા એ ધર્મ. એવી જ્યાં દૃષ્ટિ છે ત્યાં તત્ત્વની દૃષ્ટિનો તો નાશ છે ત્યાં. ગૃહીત મિથ્યાત્વ છે. એય..! મગનભાઈ!

મુમુક્ષુ :- એમ જ.

ઉત્તર :- .. ક્યાં ગયો હતો ક્યાં..

મુમુક્ષુ :- આપની પાસે વાત આવી...

ઉત્તર :- વાત આવી પણ એ ત્યાં ગયા હતા કે નહિ? બસ, એટલી વાત છે. એ પ્રયોજન કાંઈ નથી. પણ ત્યાં શું પ્રયોજન હતું? ખોટા પાસેથી લેવું નહિ અને ખોટાને સમજાવું જોઈએ નહિ. એ બધી વાતું સમજવા જેવી છે.

મુમુક્ષુ :- હવે એનો બચાવ કરવા જેવો નથી.

ઉત્તર :- નથી. એ ઠીક કહે છે.

અહીંયાં તો કહે છે. '**પ્રત્યયો અચેતન પુદ્ગલદ્રવ્યમય જ છે,...**' એ પંચ મહાવ્રતના પરિણામ વ્યવહારરત્નત્રય સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા. ત્યાં તો સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર છે જ ક્યાં? સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની સત્ શ્રદ્ધા, રાગ અચેતન પુદ્ગલદ્રવ્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભીખાભાઈ! અહીં તો ભાઈ એવી વાત છે અહીં કાંઈ... આહા..હા..! ચૈતન્ય

હીરો ભગવાન અંદર બિરાજે છે. બિરાજે એ તો આનંદનો પુંજ પ્રભુ આત્મા છે. એને આત્મા કહીએ. એમાં જેટલા પરિણામ પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ જે કાંઈ ઉત્પન્ન થાય છે એ બધા અચેતન પુદ્‌ગલદ્રવ્ય છે. ધ્રુજી ઉઠે. કાયરના તો કાળજા કંપી ઉઠે એવું છે.

કહે છે કે એ '**અચેતન પુદ્‌ગલદ્રવ્યમય જ છે,...**' આહા..હા..! ચોથે ગુણસ્થાને, પાંચમે, છઠ્ઠે સમકિતીને જે શુભરાગ થાય છે. દયાનો, દાનનો, ભક્તિનો, શ્રવણનો, કહેવાનો એવો જે વિકલ્પ રાગ છે. આહા..હા..! ભગવાન એ ચૈતન્યસ્વરૂપ એની એ રચના ક્યાંથી આવી? વ્યવહારરત્નત્રયની રચના આત્મા કેમ કરે? આહા..હા..! એ રચના રાગની જડથી રચના થઈ એમ કહે છે અહીંયાં. આહા..હા..! સમજાણું કાંઈ? પુદ્‌ગલદ્રવ્ય જે કર્મ જડ છે એની રચના એ છે. ભગવાન આનંદકંદ બાદશાહ આનંદ પ્રભુ એ ચૈતન્યની રચના નથી. માટે એને અજીવ અને અચેતન કહેવામાં આવે છે. જેમ શરીર અજીવ છે, જેમ કર્મ અજીવ છે એવા તેર ગુણસ્થાનભાવ, રાગભાવ અચેતન છે એની અપેક્ષાએ બધું અચેતન છે. એક જાતનું છે એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ઉદયભાવ

ઉત્તર :- ઉદયભાવ અચેતન છે. તીર્થંકરગોત્ર જે ભાવથી બંધાય એ અચેતન છે. આહા..હા..! ભારે કામ! કેમકે એ કર્મના નિમિત્તે થયું છે અને તીર્થંકર પ્રકૃતિ બંધાણી જડ, જડનું કારણ છે. એ ચેતનજી! ખબર નથી વીતરાગ માર્ગ શું છે. સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ જેને ત્રિકાળ જ્ઞાન છે એની વાણીમાં શું માર્ગ આવ્યો એની ખબર નથી અને અમે જૈન છે... જૈન છે... જૈન છે... અજૈનને જૈન માને. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે '**અચેતન પુદ્‌ગલદ્રવ્યમય જ છે,...**' જ છે. અરે..! કથંચિત્ અચેતન, કથંચિત્ ચેતન. એમ તો કહો.

મુમુક્ષુ :- જે નયે કીધું એ નયે એમ જ છે.

ઉત્તર :- એ નયે બરાબર એમ છે. એમ ન હોય તો પછી વાત સાબિત શી રીતે થાય? આત્મા દ્રવ્યે નિત્ય જ છે. તો દ્રવ્યે કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય એમ છે? પર્યાય એ અનિત્ય જ છે. વળી પર્યાય પણ કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય એમ છે? સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભગવાન! તારી વાત જ ઝીણી છે, સૂક્ષ્મ છે. તું તો આનંદ અને શાંતિની પર્યાયથી પકડાય એવી ચીજ છો. એ વિકલ્પ ને દયા, દાન અને વ્યવહારરત્નત્રયથી પકડાય એ તો જડ છે. જડથી ચૈતન્ય પકડાય? આહા..હા..! હસમુખજી! આ વાત સમજવા જેવી હોં એવી. ધૂળમાંય કાંઈ નથી હોં. હેરાન થવાના રસ્તા છે ત્યાં. પથરા.. વખાણે બાપા ત્યાં .. થાય એટલે. બહુ સારું કર્યું અને ઠીક કર્યું. મારી નાખ્યા.

ઓલા કાંઈક કહે છેને વખાણની ખીચડી દાંતે વળગી એમ નથી કહેતા? કાંઈક કહે છે. વખાણ કરે ત્યાં ચોંટે મારો.

મુમુક્ષુ :- વખાણ ગમે બહુને.

ઉત્તર :- પણ કોના વખાણ? આનંદનો નાથ ચૈતન્ય એના વખાણ કોણ કરે? એ તો પોતે એના વખાણ કરે અંદરથી. આહા..હા..! આનંદની અનુભૂતિ દ્વારા એ વખાણ. આહા..! આ આત્મા! અતીન્દ્રિય આનંદના અનુભવ વડે આત્મા વખાણ કરે. બાકી કોઈ બીજી ચીજ છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો ઠીક પણ અહીં તો જેમ... આગળ કહેશે. જેમ આ શરીર છે નોકર્મ. વાણી છે. જેમ કર્મ જડ છે એવો જ પ્રત્યય આસ્રવ જડ છે. આહા..હા..! એ તો અજીવમાં આવી ગયું છે. .. એ બધું તો આવી ગયું. પણ અહીં તો કર્તાકર્મમાં આત્મા એની રચના કરનારો નહિ. એટલું કહેવું છે. આહા..હા..! અહીં તો હજી દુનિયાના કામ કરી શકું છું દુકાને બેસીને બરાબર. આમ ને તેમ ને ફલાણું. આહા..હા..! ભાઈ! કહે છે કે તારો ભગવાન એ જડની... ચૈતન્યમાંથી જડ કેમ થાય? આહા..હા..! અને જડમાંથી ચૈતન્ય કેમ થાય? એ બહારથી કહે છે કે ચૈતન્યનો અજીવ.. આ તો અંદરમાં. શુભ અને અશુભરાગ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ આદિ ભાવ. ભગવાનનું સ્મરણ ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... એ બધો ભાવ રાગ. પુદ્‌ગલદ્રવ્ય છે, અચેતન છે, અજીવ છે. જેવું શરીર જડ એવા ભાવ જડ છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... ધારણા-ધારણા.

ઉત્તર :- ધારણા ધારે પહેલી ધારણા તો એની છેને? પહેલા વિકલ્પથી નિર્ણય કર્યા વિના નિર્વિકલ્પ થતો નથી. પણ એ વિકલ્પથી નિર્ણય કર્યો એ કારણ એમ પણ નથી. શું કહ્યું એ? પહેલા વિકલ્પથી નિર્ણય કરે છે એ તો પહેલા આવ્યા વિના રહે નહિ કે હું રાગથી ભિન્ન છું, પુણ્યથી ભિન્ન છું. પોતાના સ્વભાવથી અભિન્ન છું. એ જેવી ચીજ છે એવો વિકલ્પથી નિર્ણય કરો. પણ વિકલ્પથી નિર્ણય કર્યો એ કારણ થઈને નિર્વિકલ્પદશા થાય એમ છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! એને તો કોઈ રાગની અપેક્ષા વ્યવહારની છે જ નહિ. ચૈતન્યમાં જવામાં જડની અપેક્ષા? ભગવાન આનંદમૂર્તિમાં જવામાં જડને સાથે લઈને જાવું? હીરાભાઈ! ભાઈ આ તો ખુલ્લું હોય ત્યારે. આહા..હા..! આ તો વ્રત પાળો, દયા પાળો પરની, સમજાય છે? આ ઓલા કહે પરની દયા એ જ ધર્મ છે. આહા..હા..! એને તો એમ માને છે કે અમારી વાત સાચી છે. સામો પક્ષ આમ કહે છે. દયાના ભાવને સામો પક્ષ રાગ કહે છે એમ કરીને લખ્યું છે. આહા..હા..! રાગ શું? ઝેર છે. એય..! વાત

તો એવી છે. ચૈતન્ય ભગવાન આનંદનો નાથ એ પરિણમે તો આનંદ અને જ્ઞાનરૂપી દશાથી પરિણમે. શું રાગરૂપે પરિણમે? ચૈતન્ય એમાં છે તો પરિણમે? કાયમની ચીજ હોય એ જાતનું પરિણમન હોય. સમજાણું કાંઈ?

**'તેથી એમ સિદ્ધ થયું કે પુદ્‌ગલદ્રવ્ય જ પુદ્‌ગલકર્મનું કર્તા (-કરનારું) છે;...'** શું કહ્યું? એ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, પુણ્ય-પાપના ભાવ અને તેર ગુણસ્થાન એ પુદ્‌ગલદ્રવ્ય. એ નવા કર્મબંધનમાં એ પુદ્‌ગલદ્રવ્ય કારણ છે. જીવદ્રવ્ય કારણ નથી. સમજાણું કાંઈ? જીવ નથી. **'પુદ્‌ગલદ્રવ્ય જ પુદ્‌ગલકર્મનું કર્તા (-કરનારું) છે;...'** આહા..હા..! ગજબ કર્યો છેને? વસ્તુસ્થિતિ એવી છે. વિભાવભાવમાત્ર પુદ્‌ગલદ્રવ્ય અને અચેતન છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પુદ્‌ગલ છે, અધર્મ છે, જડ છે, અચેતન છે. કાયરને તો બિચારાએ સાંભળ્યું ન હોય. મજુરીમાં આખી જિંદગી ગાળી હોય. મજુરી-મજુરી આ મજુર. લાલજીભાઈ! આ રળવું ને કરવું ને ખાવા ને પીવા ને સાચવવાને. મજુર મોટા. પોપટભાઈ! આ તમને મોટા મજુર કહે છે અહીંયાં. લાદીના આ કર્યા, .. કર્યા અને ફલાણા કર્યા. છોકરા કહે વ્યવસાય કરાવી દીધા. બધી મજુરી છે કહે છે. મજુરી. આહા..હા..!

**'જીવને પુદ્‌ગલકર્મનો કર્તા માનવો તે અજ્ઞાન છે.'** પ્રભુ ચૈતન્ય નાથ આનંદનો પ્રભુ એને રાગ અને પુદ્‌ગલનો કર્તા કહેવો અજ્ઞાન છે. આહા..હા..! એને ઠેકાણે આ બહારના કામ કરીએ. પરની દયાઓ પાળી દઈએ. હજી તો પરની દયા પાળે, એને હજી પરની દયા પાળી શકું છું એ માન્યતા જ મિથ્યાત્વ અને અજ્ઞાન છે. અને પછી રાગનો ભાવ થયો દયા(નો). એ વિભાવ અને અધર્મ છે. પુદ્‌ગલદ્રવ્ય છે. એય..! કાંતિભાઈ! આવું ભારે આકરું લ્યો માણસને. બાપુ! તારી ચીજની મહિમા એવી હોય કે રાગને રચે? એ તારી મહિમા છે. પુણ્ય પરિણામની રચના કરે એ તારી મહિમા છે? એમાં તારી મોટાઈ છે? હીણપ છે. આહા..હા..! સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમેશ્વરે ઇન્દ્રો અને ગણધરોની વચ્ચે એવી વાત કરી છે. એ અહીંયાં કુંદકુંદાચાર્ય અને અમૃતચંદ્રાચાર્ય કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

જીવને, ભગવાન આત્માને. આત્મા એને કહીએ કે જે જ્ઞાન, દર્શન, આનંદનો પિંડ. પુણ્ય-પાપનો ભાવ તો આસ્રવતત્ત્વ છે. આસ્રવતત્ત્વ જીવતત્ત્વ થઈ જાય છે? એ આસ્રવને તો અહીંયાં અચેતન કહી દીધું. દ્રવ્યને પુદ્‌ગલદ્રવ્ય કહ્યું. સમજાણું કાંઈ? હોય એ જુદી વાત છે. એ તો સવારમાં કહ્યુંને ત્યાં તો કુંદકુંદાચાર્યે પોતે કહ્યું સિદ્ધની ભક્તિ .. આહા..હા..!

મુમુક્ષુ :- અને છે એ પુદ્‌ગલદ્રવ્ય.

ઉત્તર :- પણ આવે છે એની દશામાં એવો ભાવ એ પુદ્‌ગલદ્રવ્ય નિશ્ચયથી તો છે. વ્યવહારથી એની પર્યાય એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- થાય છે પણ..

ઉત્તર :- થાય એ બીજી વાત. એ તો છએ દ્રવ્ય છે. જગતમાં છએ દ્રવ્ય છે. છે એને જાણવું એ બરાબર છે, પણ છે એને આદરવો એ બરાબર નથી. અને છે એને નહિ એ પણ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? ધર્મીને શુભભાવ થતો જ નથી. .. શુભભાવ એનો છે જ નહિ. એ અપેક્ષાએ થતું નથી, પણ થયું એ વ્યવહાર અંદરમાં છે જ નહિ. એમ માનવું એ પણ મિથ્યાત્વ છે. ભારે વાત ભાઈ!

## ગાથા-૧૧૩ થી ૧૧૫

न च जीवप्रत्यययोरेकत्वम्

जह जीवस्स अणण्णुवओगो कोहो वि तह जदि अणण्णो।
जीवस्साजीवस्स य एवमणण्णत्तमावण्णं।।११३।।
एवमिह जो दु जीवो सो चेव दु णियमदो तहाडजीवो।
अयमेयत्ते दोसो पच्चयणोकम्मकम्माणं।।११४।।
अह दे अण्णो कोहो अण्णुवओगप्गो हवदि चेदा।
जह कोहो तह पच्चय कम्मं णोकम्ममवि अण्णं।।११५।।
यथा जीवस्यानन्य उपयोगः क्रोधोऽपि तथा यद्यनन्यः।
जीवस्याजीवस्य चैवमनन्यत्वमापन्नम्।।११३।।
एवमिह यस्तु जीवः स चैव तु नियमतस्तथाऽजीवः।
अयमेकत्वे दोषः प्रत्ययनोकर्मकर्मणाम्।।११४।।
अथ ते अन्यः क्रोधोऽन्य : उपयोगात्मको भवति चेतयिता।
यथा क्रोधस्तथा प्रत्ययाः कर्म नोकर्माप्यन्यत्।।११५।।

यदि यथा जीवस्य तन्मयत्वाज्जीवादनन्य उपयोगस्तथा जडः क्रोधोऽप्यनन्य एवेति प्रतिपत्तिस्तदा चिद्रूपजडयोरनन्यत्वाज्जीवस्योपयोगमयत्ववज्जडक्रोधमयत्वापत्तिः। तथा सति तु य एव जीवः स एवाजीव इति द्रव्यान्तरलुप्तिः। एवं प्रत्ययनोकर्मकर्मणामपि जीवादनन्यत्वप्रतिपत्तावयमेव दोषः। अथैतद्दोषभयादन्य एवोपयोगात्मा जीवोऽन्य एव जडस्वभावः क्रोधः इत्यभ्युपगमः, तर्हि यथोपयोगात्मनो जीवादन्यो जडस्वभावः

क्रोधः तथा प्रत्ययनोकर्मकर्माण्यप्यन्यान्येव, जडस्वभावत्वाविशेषात्। नास्ति जीवप्रत्यययोरेकत्वम्।

વળી જીવને અને તે પ્રત્યયોને એકપણું નથી એમ હવે કહે છેઃ-

ઉપયોગ જેમ અનન્ય જીવનો, ક્રોધ તેમ અનન્ય જો,
તો દોષ આવે જીવ તેમ અજીવના એકત્વનો. ૧૧૩.
તો જગતમાં જે જીવ તે જ અજીવ પણ નિશ્ચય ઠરે;
નોકર્મ, પ્રત્યય, કર્મના એકત્વમાં પણ દોષ એ. ૧૧૪.
જો ક્રોધ એ રીત અન્ય, જીવ ઉપયોગઆત્મક અન્ય છે,
તો ક્રોધવત્ નોકર્મ, પ્રત્યય, કર્મ તે પણ અન્ય છે. ૧૧૫.

ગાથાર્થ :- [यथा] જેમ [जीवस्य] જીવને [उपयोग:] ઉપયોગ [अनन्य:] અનન્ય અર્થાત્ એકરૂપ છે [तथा] તેમ [यदि] જો [क्रोधः अपि] ક્રોધ પણ [अनन्य:] અનન્ય હોય તો [एवम्] એ રીતે [जीवस्य] જીવને [च] અને [अजीवस्य] અજીવને [अनन्यत्वम्] અનન્યપણું [आपन्नम्] આવી પડ્યું. [एवम् च] એમ થતાં, [इह] આ જગતમાં [यः तु] જે [जीव:] જીવ છે [सः एव तु] તે જ [नियमत:] નિયમથી [तथा] તેવી જ રીતે [अजीव:] અજીવ ઠર્યો; (બન્નેનું અનન્યપણું હોવામાં આ દોષ આવ્યો;) [प्रत्ययनोकर्मकर्मणाम्] પ્રત્યય, નોકર્મ અને કર્મના [एकत्वे] એકપણામાં અર્થાત્ અનન્યપણામાં પણ [अयम् दोषः] આ જ દોષ આવે છે, [अथ] હવે જો (આ દોષના ભયથી) [ते] તારા મતમાં [क्रोधः] ક્રોધ [अन्य:] અન્ય છે અને [उपयोगात्मक:] ઉપયોગસ્વરૂપ [चेतयिता] આત્મા [अन्य:] અન્ય [भवति] છે, તો [यथा क्रोधः] જેમ ક્રોધ [तथा] તેમ [प्रत्यया:] પ્રત્યયો [कर्म] કર્મ અને [नोकर्मअपि] નોકર્મ પણ [अन्यत्] આત્માથી અન્ય જ છે.

ટીકા :- જેમ જીવના ઉપયોગમયપણાને લીધે જીવથી ઉપયોગ અનન્ય છે તેમ જડ ક્રોધ પણ અનન્ય જ છે એવી જો [1]પ્રતિપત્તિ કરવામાં આવે, તો [2]ચિદ્રૂપના અને જડના અનન્યપણાને લીધે જીવને ઉપયોગમયપણાની માફક જડ ક્રોધમયપણું પણ આવી પડે. એમ થતાં તો જે જીવ તે જ અજીવ ઠરે,- એ રીતે અન્ય દ્રવ્યનો લોપ થાય. આ પ્રમાણે પ્રત્યય, નોકર્મ અને કર્મ પણ જીવથી અનન્ય છે એવી પ્રતિપત્તિમાં પણ આ જ દોષ આવે છે. હવે જો આ દોષના ભયથી એમ સ્વીકારવામાં આવે કે ઉપયોગાત્મક જીવ અન્ય જ છે અને જડસ્વભાવ ક્રોધ અન્ય જ છે, તો જેમ ઉપયોગાત્મક જીવથી જડસ્વભાવ કોધ અન્ય જ છે તેમ પ્રત્યય, નોકર્મ

૧. પ્રતિપત્તિ = પ્રતીતિ; પ્રતિપાદન.
૨. ચિદ્રૂપ = જીવ

અને કર્મ પણ અન્ય જ છે કારણ કે તેમના જડસ્વભાવપણામાં તફાવત નથી (અર્થાત્ જેમ ક્રોધ જડ છે તેમ પ્રત્યય, નોકર્મ અને કર્મ પણ જડ છે). આ રીતે જીવને અને પ્રત્યયને એકપણું નથી.

ભાવાર્થ :- મિથ્યાત્વાદિ આસ્રવ તો જડસ્વભાવ છે અને જીવ ચેતનસ્વભાવ છે. જો જડ અને ચેતન એક થઈ જાય તો ભિન્ન દ્રવ્યનો લોપ થઈ જાય એ મોટો દોષ આવે. માટે આસ્રવને અને આત્માને એકપણું નથી એ નિશ્ચયનયનો સિદ્ધાંત છે.

---

## ગાથા-૧૧૩ થી ૧૧૫ ઉપર પ્રવચન

હવે ત્રણ ગાથા બીજી. ૧૧૩, ૧૪ અને ૧૫.

जह जीवस्स अणण्णुवओगो कोहो वि तह जदि अणण्णो।
जीवस्साजीवस्स य एवमणण्णत्तमावण्णं।।११३।।
एवमिह जो दु जीवो सो चेव दु णियमदो तहाडजीवो।
अयमेयत्ते दोसो पच्चयणोकम्मकम्माणं।।११४।।
अह दे अण्णो कोहो अण्णुवओगप्पो हवदि चेदा।
जह कोहो तह पच्चय कम्मं णोकम्ममवि अण्णं।।११५।।

નીચે હરિગીત.

ઉપયોગ જેમ અનન્ય જીવનો, ક્રોધ તેમ અનન્ય જો,
તો દોષ આવે જીવ તેમ અજીવના એકત્વનો. ૧૧૩.
તો જગતમાં જે જીવ તે જ અજીવ પણ નિશ્ચય ઠરે;
નોકર્મ, પ્રત્યય, કર્મના એકત્વમાં પણ દોષ એ. ૧૧૪.
જો ક્રોધ એ રીત અન્ય, જીવ ઉપયોગઆત્મક અન્ય છે,
તો ક્રોધવત્ નોકર્મ, પ્રત્યય, કર્મ તે પણ અન્ય છે. ૧૧૫.

દિલીપ! આ તો અલૌકિક વાત છે. જુઓ, છોકરાને આ ચૌદ વર્ષનો છોકરો છે.

મુમુક્ષુ :- અંદરનો પોકાર છે.

ઉત્તર :- પોકાર કર્યો છે. ત્રણ વર્ષથી આવે છે હોં. એ (ઉંમર) ક્યાં આત્માની ક્યાં? આત્માની ચીજ એને ક્યાં આત્મા .. છે? આહા..હા..!

કહે છે 'ટીકા :- **જેમ જીવના ઉપયોગમયપણાને લીધે જીવથી ઉપયોગ અનન્ય છે...**' શું કહે છે? જેમ ભગવાન આત્મા ઉપયોગ નામ જાણન-દેખન જેનો સ્વભાવ. એ સ્વભાવથી અનન્ય છે. અનેરો નથી. જાણવું-દેખવું અન્ય અને આત્મા અન્ય એમ છે નહિ. આહા..હા..! '**જેમ જીવના ઉપયોગમયપણાને લીધે...**' જુઓ, ઉપયોગમયપણાને લીધે. જાણવા-દેખવામય આત્મા છે. એ '**જીવથી ઉપયોગ અનન્ય છે...**' અભિન્ન છે. આત્મા અને જાણન-દેખન ભાવ બેય અનેરા, જાણન-દેખનભાવ અનેરા અને જીવ અનેરો એમ છે નહિ. અનન્ય છે, એકત્વ છે, બે અભિન્ન છે. આહા..હા..!

'**જેમ જીવના ઉપયોગમયપણાને લીધે...**' એ તો ઉપયોગ જીવ. '**उपयोगो जीव**' જાણન-દેખન ભાવ, સ્વભાવ એ જીવ. એ જાણન-દેખન સ્વભાવ અને સ્વભાવવાન, સ્વભાવ અન્ય છે અને સ્વભાવવાન અન્ય છે એમ છે નહિ. એ બેય અનન્ય છે, એકત્વ છે. જાણન-દેખન સ્વભાવ અને ભગવાન આત્મા એકત્વ છે, અભિન્ન છે. '**તેમ જડ ક્રોધ પણ અનન્ય જ છે...**' જડ શબ્દે રાગ વિકારી પરિણામ. જડ એટલે અજીવ કર્મની વાત અહીંયાં નથી. ક્રોધ. કેમ ક્રોધ કહ્યું? પોતાનો શાંત વીતરાગસ્વરૂપી પ્રભુ આત્મા જાણન-દેખન સ્વભાવ આત્મા એનાથી વિરુદ્ધ રાગ હોય એને અહીંયાં ક્રોધ કહેવામાં આવ્યો છે. પોતાની ચીજથી વિપરીતભાવને ક્રોધ કહે છે. આહા..હા..! ભારે વાત ભાઈ! વ્યવહારરત્નત્રયભાવને ક્રોધ કહે છે. ઉત્તમ ક્ષમા અંતરમાં જ્ઞાતા-દૃષ્ટાની ક્ષમા એ તો સ્વભાવ છે. અને રાગભાવ ઉત્પન્ન થાય શુભ કે અશુભ. એ સ્વભાવથી પોતાની નિજિ ચીજથી વિરુદ્ધભાવ છે એ કારણે એને ક્રોધ કહેવામાં આવે છે. આહા..હા..! શુભરાગને ક્રોધ કહે છે.

ચૈતન્ય સ્વભાવ છેને? જાણન-દેખન સ્વભાવમય વસ્તુ. એનાથી વિરુદ્ધ વિકલ્પ જે છે. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ભગવાન સ્મરણ. હું સામાયિક કરું, હું પ્રૌષધ કરું, હું અપવાસ કરું એવો જે વિકલ્પ વૃત્તિ એ રાગ એને અહીંયાં ક્રોધ કહ્યો છે. જીવના અરૂપી પરિણામ એ જીવના નથી એમ કહે છે અહીંયાં. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! એ આ શાસ્ત્રમાં એમ છે. આવી વાત બીજા શાસ્ત્રમાં છે જ નહિ. વિચારે નહિ, સમજે નહિ અને.. આ તો સંતો તીર્થંકરોના કેડાયત છે. દિગંબર મુનિઓ સર્વજ્ઞના કેડાયત-કેડે ચાલનારા. આહા..હા..! જુઓ, કથની તો જુઓ એની પાછળ શું ભાવ છે એ. સમજાણું કાંઈ?

કહે છે ભગવાન! તું એક આત્મા છો. તો તારો સ્વભાવ જાણન-દેખન મુખ્યપણે લીધું છેને? અનંત સ્વભાવ શાસ્ત્રમાં છે, પણ ઉપયોગ જ આત્મા અહીં તો કહેવામાં આવ્યો છે. આહા..! ઉપયોગ એ આત્મા. એ તો આખો આત્મા ઉપયોગમાં જ આખો આત્મા આવી ગયો. ઉપયોગની સાથે જેટલી પર્યાય છે એ ઉપયોગની સાથે આવી ગઈ. જાણવું-દેખવું એ મુખ્ય ચીજ છેને? આહા..હા..! એની તો સપ્તભંગી ચાલે છે. ઉપયોગ એ આત્મા અને

સમ્યગ્દર્શન-જ્ઞાન એ આત્મા નહિ. એની સપ્તભંગી એમાંથી લીધી છે. એમાં છેને એમાં? એય..! કેમકે જાણવું-દેખવું મુખ્ય ચીજ છે. ઉપયોગ અને બીજા ગુણની સાથે સપ્તભંગી ચાલી છે.

મુમુક્ષુ :- એ નહિ. બે જુદા છેને.

ઉત્તર :- જુદા છે. એ ચીજ, એ બીજી ચીજ પોતાની સત્તા રાખે છે, પણ બીજી ચીજ પોતાથી હું છું એમ જાણતો નથી. સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર એ પોતાની શક્તિ ગુણરૂપ રાખે છે. પણ હું છું એવું એને જ્ઞાન નથી. એ અપેક્ષાએ એને જડ કહ્યું છે. આહા..હા..! ગજબ વાત છેને. અંતરમાં ને અંતરમાં બે પ્રકાર પાછા. સમજાણું કાંઈ? આ શ્રીમદ્‌ને પણ પ્રશ્ન ઉઠ્યો છેને ઓલામાં? શું કહેવાય પાછળ? નોંધ. કે જ્યારે જ્ઞાન ઉપયોગ એ આત્મા તો પછી આ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર અને આનંદ અને વીર્યને શું જડ કહેવા? એવો પ્રશ્ન ઉઠ્યો છે. હાથનોંધમાં. શ્રીમદ્‌ની તો ક્ષયોપમશક્તિ બહુ હતી. ઘણી. એક આ શ્વેતાંબર-દિગંબરની ભિન્નતા વિશેષ સ્પષ્ટ ન આવી. બાકી એને ક્ષયોપશમ તો જબ્બર. વગર સંગે પોતે અંદરથી કાઢી લીધું. કે આ શું છે આ વીર્ય આદિ? વીર્ય ગુણ જે છે એ તો ઉપયોગ નથી અને વીર્ય પોતાને જાણતા નથી. બળ પોતાનું અનંતબળ વીર્ય હોં અનંતગુણ જે ત્રિકાળ. એ પોતાને જાણતો નથી. તો જાણનસ્વભાવ તો જાણન ઉપયોગમાં જ છે. તો એ અપેક્ષાએ વીર્યને શું કહેવું?

અહીં તો બીજી વાત છે. અહીંયાં તો જાણન-દેખન જે પોતાનો સ્વભાવ, એ સ્વભાવથી સ્વભાવવાન એક... એક... એક જ છે. અનન્ય છે. એમ ક્રોધ. જડ ક્રોધ. જડ ક્રોધ શબ્દે વિકારીભાવ. ચાહે તો દયાનો ભાવ હોય, ભક્તિનો હોય, પૂજાનો હોય, સત્ય બોલવાનો હોય, બ્રહ્મચર્ય પાળવાનો રાગ હોય શુભરાગ. આહા..હા..! એ પંચ મહાવ્રતના પરિણામને અહીંયાં ક્રોધ કહ્યો છે. સમજાણું કાંઈ? કહે છે જેમ જીવનો જાણન-દેખન ભાવ, એનો સ્વભાવ એ સ્વભાવથી સ્વભાવવાન અન્ય નથી, અનન્ય છે, એકરૂપ છે. એમ જાણન-દેખન ભગવાન આત્મા એનો સ્વભાવ અને જડ ક્રોધ, વિભાવભાવનો અંશ. આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવને અહીંયાં ક્રોધ કહ્યો. એને જડ કહ્યો. રાડ નાખી જાયને માણસ. અરર..! તીર્થંકરગોત્ર બાંધે એ તીર્થંકર થાય છે. એનાથી તીર્થંકર થાય છે? કેવળજ્ઞાન એના કારણે થાય છે? સમજાણું કાંઈ? ષોડશકારણભાવના.

મુમુક્ષુ :- એ તો રાગ છે.

ઉત્તર :- એ રાગ છે. સ્વભાવ નથી. સ્વભાવથી અન્ય છે. જેમ સ્વભાવ જ્ઞાનોપયોગ, દર્શનોપયોગથી આત્મા અનન્ય છે એમ જડ ક્રોધથી અનન્ય થઈ જાય તો અજીવ થઈ જાય.

**'તેમ જડ ક્રોધ પણ અનન્ય જ છે એવી જો [1]પ્રતિપત્તિ કરવામાં આવે,...'**

'**પ્રતીતિ; પ્રતિપાદન.**' પ્રતીતિ .. કથન. '**તો [૨]ચિદ્રૂપના અને જડના અનન્યપણાને લીધે...**' ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ અને વિકાર જડત્વસ્વભાવ એના અનન્યપણાને લીધે. અનન્યત્વ. અનેરો નહિ પણ એકમેક છે. '**અનન્યપણાને લીધે...**' આહા..હા..! સમજાણું કાંઈ? '**જીવને ઉપયોગમયપણાની માફક જડ ક્રોધમયપણું પણ આવી પડે.**' તો જીવમાં જાણન-દેખન ઉપયોગમયની પેઠે વિકાર જે ક્રોધ છે એ પણ જડ આવી જશે. ચૈતન્યમાં જડ આવી જશે. એય..! જેઠાભાઈ! કહો, આવું કોઈ દિ' સાંભળ્યું છે કાંઈ? રાડ નાખી જાય. પરની દયાનો ભાવ, સત્ય બોલવાનો ભાવ, ચોરી નહિ કરવાનો ભાવ એ રાગ છે. વૃત્તિ ઉઠે છે. તો કહે છે, ભગવાન! એ વૃત્તિ છે એ રાગ છે, રાગ છે એ સ્વભાવથી વિરુદ્ધને કારણે ક્રોધ છે. તો જેમ ભગવાન આત્મા જાણન-દેખનથી અન્ય નથી, અનન્ય છે. એમ આત્મા ક્રોધથી પણ અનન્યત્વ છે. સમજાણું કાંઈ? અનન્યત્વ છે. અનેરો નથી, એકમેક છે. તો '**ઉપયોગમયપણાની માફક જડ ક્રોધમયપણું પણ આવી પડે.**' જાણનસ્વભાવની સાથે જડ ક્રોધ એકમેક થઈ જશે. એમ કદી બનતું નથી.

મુમુક્ષુ :- કમાલ ચીજ છે.

ઉત્તર :- કમાલ. સંતોએ કમાલ કરી દીધો કહે. આહા..હા..! વીતરાગ. આ તો વીતરાગનો માર્ગ છે. આ કોઈ આલીદુઆલી સાધારણ પ્રાણી કહે એનો આ માર્ગ નથી. ત્રણ લોકના નાથ જેણે કેવળની પર્યાયમાં ત્રણ કાળ, ત્રણ લોક પર્યાયમાં જણાઈ ગયા. આહા..! એવું જેનું સામર્થ્ય. એના મુખમાંથી વાણી. એવી ચીજ છે એમ આવ્યું કે ભગવાન! તું તો આનંદ, જ્ઞાન અને દર્શન ઉપયોગમય છોને. તો ઉપયોગ અને આત્મા તો અનન્ય છે. અનન્ય નામ એકમેક છે. અન્ય-અન્ય નથી. એમ આત્મા ઉપયોગમયપણાને લીધે જો ક્રોધમય થઈ જાય તો જડ થઈ જશે. આહા..હા..! કહો, હીરાભાઈ! એય..! શાંતિભાઈ! ત્યાં ધનબાગમાં કાંઈ ધૂળેય નથી સાંભળવામાં. બધી ગડબડ ગડબડમાં જાય ત્યાં મોટા શેઠીયા થઈને.

મુમુક્ષુ :- ધૂળ છે એમ ક્યા કહે છે. એને રૂપિયા કહે છે.

ઉત્તર :- એ ધૂળ અને રૂપિયા બધા એક છે. એ તો એ પણ જાણે છેને. ધૂળ છે. કહો, સમજાણું કાંઈ? પણ જેવી ધૂળ પૈસો એવો રાગ એમ કહે છે અહીંયાં તો. જેમ ધૂળ અચેતન છે એમ રાગ પણ અચેતન જડ છે. એક લીટીમાં બધું નાખી દીધું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ઉપયોગમયપણાની માફક જડ ક્રોધમયપણું...**' ક્રોધમય, જડમય, અચેતનમય આત્મા થઈ જાય? '**એમ થતાં તો જે જીવ તે જ અજીવ ઠરે,...**' એમ થતાં તો જીવ છે એ રાગરૂપ થયો તો અજીવ થયો. આહા..હા..! સમયસાર. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સારસ્વરૂપ કોને કહ્યું?

ઉત્તર :- સાર આ. આનંદરૂપ મૂર્તિ પ્રભુ આત્મા એ સાર છે. રાગરૂપ એ સાર નથી એ અસાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન સમયસાર, આત્મસાર, દ્રવ્યકર્મ, જડકર્મ અને ભાવકર્મથી રહિત. તો આ ભાવકર્મની તો વાત ચાલે છે. ભાવકર્મ તે જડ છે. આહા..હા..! કષાય આત્મા આવે છેને? યોગ આત્મા, કષાય આત્મા, આઠ આત્મા છે. એ બધી ચાલતી હતી ચર્ચા આમાં. જુઓ આમાં કષાય આત્મા કહે છે. તો શું છે કષાય આત્મા કહે છે તો?

મુમુક્ષુ :- ...ઉપયોગ આવે છે?

ઉત્તર :- હા, કહ્યો. પણ એ ઉપયોગ અને બે સરખા નાખ્યા. એ માટે તો ઉપયોગ તો કીધો છેને. એ તો વાત થઈ હતી ત્યાં. પણ ભેગો ઉપયોગ આત્મા? તો કહે નહિ આ પણ આત્મા છેને? કષાય આત્મા, આઠ આત્મા. ભાઈ એ આત્મા નથી. નથી એને આત્મા કહ્યો એ તો ઉપચારથી, વ્યવહારથી કહ્યો. એવી વસ્તુ છે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઉપયોગ આત્મા બીજો અને કષાય આત્મા બીજો. ભગવતીમાં આવે છેને. એ ચર્ચા તો અમારે ૮૩ની સાલમાં ઘણી થતી હતી. ૮૩. કેટલા વર્ષ થયા? ૪૫. ૪૦ અને ૫. બહુ ચર્ચા ચાલતી હતી ત્યાં અમારે. એ બહુ રાગના પક્ષી અને જડના પક્ષી હતા. સમકિતમાં પુરુષાર્થ નથી. આ જોગમાં રાગ ઘટાડવો એમાં પુરુષાર્થ છે. એમ કહે છે. સમકિત તો એને કારણે લબ્ધિ હોય તો કાળ પાકી જાય કહે. એમ આ કહે છે. સમજાણું કાંઈ?

ઓહો..હો..! ભેદજ્ઞાન કરાવે છે કે જેમ શરીર એ જડ છે અને ભગવાન આત્મા ચેતન છે. ભિન્ન છે. એમ કર્મ જડ છે અને ભગવાન ચૈતન્ય આત્મા જ્ઞાન છે. એમ પુણ્ય-પાપના ભાવમાં ચૈતન્યના અંશનો અભાવ છે તો એ પણ અચેતન પરની પંક્તિમાં જાય છે. સ્વની પંક્તિમાં આવતો નથી. ભારે! નવું સાંભળનારને ખબર પણ ન પડે કે આ શું કહે છે? હવે આમાં કોને ભેગા કરવા? સર્વ ધર્મ એક થઈ જાવ. એય..! બધા ધર્મો એક થઈ જાવ. કયો ધર્મ પણ કોને કહેવો? શું છે એ? આહા..હા..! એમ જો હોય, એમ હોવાથી જે જીવ છે એ રાગરૂપ થયો અને રાગમાં તન્મય છે તો જીવ છે એ અજીવ સિદ્ધ થશે. જીવ છે એ અજીવ સિદ્ધ થશે. તો રાગ અજીવ છે. અજીવ કહ્યો, અચેતન કહ્યો, પુદ્ગલદ્રવ્ય કહ્યો. કહો, પંડિતજી! આ પ્રોફેસરમાં કેટલું કર્યું તમે સંસ્કૃતમાં?

મુમુક્ષુ :- બધા ડૂબવાના ભાવ

ઉત્તર :- ડૂબવાના. પણ એટલા ભાગ્યશાળી પાછા આવી ગયાને. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

હવે અહીંયાં કહે છે વ્યવહારરત્નત્રયથી નિશ્ચયરત્નત્રય થશે. વ્યવહારરત્નત્રયને તો અહીંયાં

જડ કહે છે. જડથી નિશ્ચયરત્નત્રય થાય છે? આ તો પરમપવિત્રની વાત છે, ભગવાન! પરમ સત્યની વાત છે. તો પરમ સત્ય દૃષ્ટિમાં જ્યાં સુધી ન આવે અને બધું આ આવ્યું, આ કર્યું ને આ કર્યું. મિથ્યાત્વભાવ છે. ચાર ગતિમાં રખડવાનો ભાવ. નરક અને નિગોદ, એકેન્દ્રિય ભવ. આહા..હા..! કાપ્યા બોકડાને. આહા..હા..! એ શરીરનું દુઃખ નથી એને. શરીર કપાય છે એનું એને દુઃખ નથી એને. પણ એ મારું છે એવી માન્યતાનું મિથ્યાત્વનું એને દુઃખ છે. એ ખરેખર અચેતન હોવાથી પોતાનું માન્યું એ દુઃખ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, કાંતિભાઈ! આહા..હા..! એ બ્રહ્મચારી છે. પંદરસોનો પગાર હતો એને. છોડી દીધો. પાછળ બેઠા એ. ભાઈને .. એ બેઠા છેને. એને પંદરસોનો પગાર હતો માસિક પંદરસો. એરોપ્લેનમાં. બે વર્ષથી નોકરી છોડી દીધી. પંદરસોનો માસિક પગાર. બાળબ્રહ્મચારી છે. છોડી દીધી નોકરી નહિ. હવે આ કરવું, એમાં ધૂળમાં શું છે? એય..!

મુમુક્ષુ :- ધૂળમાં ધૂળ છે બીજું શું હોય?

ઉત્તર :- ધૂળમાં ધૂળ આ રાગમાં પણ ધૂળ છે અહીં તો કહે છે. જેવી ધૂળ, જેવું શરીર, જેવી લક્ષ્મી એવો રાગ. એ કાંઈ ગજબ વાત છે! એય..! કાંતિભાઈ! આહા..હા..! ટીકા વખતે સંતોનું હૃદય શું કામ કરે છે! ટીકા વખતે પણ વિકલ્પ જડ છે. હું તો આનંદમય છું. આહા..હા..! હું છું એમ મને જુઓ. હું છું નહિ એવો મને જોશો તો તમને અજ્ઞાન થશે. આહા..હા..! એ શાસ્ત્રને કરનાર હું એમ જોશો તમે. અને શાસ્ત્રમાં રાગ થયો. રાગમય હું છું. તો તારી દૃષ્ટિ વિપરીત છે. મગનભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- પોતે પણ એમ કહે.

ઉત્તર :- પોતે હું આ નહિ. હું તો આનંદ અને જ્ઞાનમય છું. એ વિકલ્પ તો જડ છે. મારા જ્ઞાનનું પરજ્ઞેય છે. પરજ્ઞેય. સ્વ નહિ. આહા..હા..! આ મુનિ. સમજાણું કાંઈ? ભગવાન કુંદકુંદાચાર્ય સંવત્ ૪૯. ભગવાન પાસે ગયા હતા. સીમંધર પરમાત્મા બિરાજે છે મહાવિદેહમાં ગયા હતા. આઠ દિવસ રહીને આ બનાવ્યું છે. આઠ દિવસ રહીને પછી આ શાસ્ત્ર બનાવ્યું છે. ભગવાનનો આ સંદેશ છે. આહા..હા..! જૈનમાં જન્મ્યા છતાં આ વાત સાંભળવા ન મળે, તો જૈનપણું ક્યાંથી આવે? આહા..હા..!

કહે છે '**જડના અનન્યપણાને લીધે જીવને ઉપયોગમયપણાની માફક જડ ક્રોધમયપણું પણ આવી પડે. એમ થતાં તો જે જીવ તે જ અજીવ ઠરે,...**' તો તો જીવ છે એ અજીવ જ છે. ખલાસ થઈ ગયું. જીવપણું રહ્યું નહિ. આહા..હા..! ધન્ય રે ધન્ય વાણી છેને. ભાવ કેવો છે અંદર! જાણન-દેખન ભાવ એ તો પોતાનો સ્વભાવ અને વિકલ્પ જે ઉઠે છે પંચ મહાવ્રતનો, અવ્રતનો એ તો અચેતનભાવ. ઉપયોગમયથી આત્મા જેવો છે એવો રાગથી આત્મા થાય તો જડ થઈ જશે. જીવની સત્તા ભિન્ન રહેશે નહિ. આહા..હા..! તને

અજીવ જ દેખાશે. રાગ છું... રાગ છું... રાગ છું... જયંતિભાઈ! આવું બધું ઝીણું છે બહુ.

મુમુક્ષુ :- વસ્તુનું સ્વરૂપ જ આવું છે.

ઉત્તર :- વસ્તુની સ્થિતિ એવી છે. ભગવાને છે એવું કહ્યું છેને? સાંભળવા ન મળે અને સમજવા ન મળે એટલે કાંઈ બીજી ચીજ થઈ જશે? આહા..હા..! જેમ ઉપયોગમય ભગવાન આત્મા જાણન-દેખન સ્વભાવમય આત્મા એવા રાગ, પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામમય જો થઈ જાય. આહા..હા..! એ વ્યવહારરત્નત્રયના વિકલ્પમય થઈ જાય તો જીવ અજીવ થઈ જશે.

**'એ રીતે અન્ય દ્રવ્યનો લોપ થાય.'** અન્યદ્રવ્યનો અર્થ પોતાનો આત્મા. સમજાણું કાંઈ? રાગને જ આત્મા માને છે એના આત્મદ્રવ્યનો નાશ થઈ જાય છે. આહા..હા..!

મુમુક્ષુ :- જાણન-દેખન તો પર્યાય છે.

ઉત્તર :- પર્યાય જાણન-દેખન, પર્યાય પણ પોતાનો સ્વભાવ છેને? એ પર્યાયે ક્યા સ્વભાવને પકડ્યો છે? ત્રિકાળીને.

મુમુક્ષુ :- ત્યારે તો પર્યાય થઈ.

ઉત્તર :- ત્યારે તો પર્યાય કહેવામાં આવી. આહા..હા..! ભારે ઝીણું ભાઈ! અંતર તત્ત્વ જીવતત્ત્વ કોને કહીએ? અને અજીવ કોને કહે એની વાત તો આવી ગઈ છે પહેલી. અહીંયાં કર્તાકર્મમાં લઈ લીધું છે કે રચના કરનાર આત્મા રાગનો નહિ. રચના કરનાર રાગ હોય રાગનો તો એ આત્મા જડ થઈ જાય. આહા..હા..! સમજાણું કાંઈ?

**'એ રીતે અન્ય દ્રવ્યનો લોપ થાય.'** અન્ય દ્રવ્યનો અર્થ આત્મા જ નાશ પામશે. જડ જ એની દૃષ્ટિમાં રહેશે. રાગ અને આત્માને એક માનનારને રાગ જ દૃષ્ટિમાં આવ્યો. ચૈતન્યની સત્તા ઉડી ગઈ. આહા..હા..! અહીં તો હજી છોકરા મારા, બાયડી મારી અને પૈસા મારા. આહા..હા..! કેટલા મારા ઉભા કર્યા છે! મકાન મારું. વેવાઈ મારા. છ છોકરાના વેવાઈ પણ સારા મળ્યા હોયને. એ મારા વેવાઈ. ઓલો બરવાળાવાળો છેને એક તમારે? ભાઈલાલભાઈ. બધા આવે તો સૌને રાજી રાખવા જોઈએ. .. થઈને જાય તો ઠીક ન પડે. આવો આવો ભાઈ! અને અપમાન કરે તો થઈ રહ્યું. આદર ન કરે તો થઈ રહ્યું. 'આવ નહિ આદર નહિ...' આવે છેને? 'નહિ નયનમેં નેહ ઉસ ઘર ક્યોં જઈએ ભલે કંચન વરસે મેહ.' આ દુનિયાની જુઓ. 'આવ નહિ આદર નહિ નહિ નૈનોમેં નેહ. ઉસ ઘર ક્યોં જાઈએ જહાં સોને વરસે મેહ.' પણ આવ છે આદર છે ત્યાં જઈએ તો ભલે લોઢું વરસે. દુનિયાની પણ કહેવતું કેવી છે જુઓને! ગાંડી છેને પાગલ? આહા..હા..!

**'એ રીતે અન્ય દ્રવ્યનો લોપ થાય.'** કેમ એમ કહ્યું? કે જે વિકલ્પ છે, આસ્રવ છે, ચેતનનો એમાં અભાવ છે એ જ પોતાનો થઈ જાય તો ચૈતન્ય સ્વરૂપનો જ અભાવ થઈ

જાય. જડ જ એકલું રહી જાય. આહા..હા..! બીજી રીતે એમ કહે છે કે વ્યવહાર દયા, દાન, વ્રત, પૂજાના ભાવ હોય, પણ એના ઉપર દૃષ્ટિ રાખવાથી એ ચીજ જ હું છું તો આખા ચૈતન્યનો અભાવ થઈ જાય છે. આહા..હા..! ક્યાં છે બાપુ આ? એ દિગંબર મુનિઓ સિવાય એવી વાત અમૃતની ધારા ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? એ પરમેશ્વરના કેડાયત છે એ. કેવળજ્ઞાનીના સ્તંભ, કેવળજ્ઞાનીના થાંભલા છે એ. ઓહો..! ન્યાયથી જરી વિચાર કરે તો બેસી જાય એવી વાત છે. મધ્યસ્થથી. કેમ સુજાનમલજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આહા..હા..! યોગ્યતા હોય, આત્માની યોગ્યતા છે એ તો તીર્થંકર પાસે જવાની છે. આહા..! સમજાણું કાંઈ? અહીં તો પોતાની યોગ્યતા હોય તો તીર્થંકર બની જાય. થોડી વિશેષ યોગ્યતા હોય, જ્ઞાન હોય તો ભગવાન હોય ત્યાં જન્મે છે. અહીં તો બધી વસ્તુ છે. એમાં શું છે? એ કોઈ વિશેષ નથી. આહા..હા..! ચૈતન્ય ભગવાન એ તો ઉપયોગમય છેને. ઉપયોગમયતાને જેમ અનન્ય છે અને આત્મા છે એમ વિકલ્પને અનન્યમય કહેવાથી આત્મા થાય તો તો આત્મા જડ થઈ ગયો. આત્મા રહ્યો જ નહિ. આહા..હા..! તારા અસ્તિત્વમાં રાગ જ ભાસે અને અસ્તિત્વમાં રાગથી ભિન્ન ચૈતન્ય ન ભાસે તો તો ચૈતન્યનો અનાદર થઈ ગયો, નાશ થઈ ગયો એમ કહે છે. આહા..હા..!

'**આ પ્રમાણે પ્રત્યય,...**' ક્રોધની વાત કરીને સાધારણ પહેલી? હવે એ પ્રકારે પ્રત્યય મિથ્યાત્વ, અવ્રત, કષાય બધું. મિથ્યાત્વ અભિપ્રાય. મિથ્યા અભિપ્રાય સાથે આત્મા એક થઈ જાય તો ચૈતન્ય રહેતું નથી. આહા..હા..! '**અન્ય દ્રવ્યનો લોપ થાય. આ પ્રમાણે પ્રત્યય,...**' એટલે આસ્રવ. એટલું સ્પષ્ટ કર્યુંને પહેલા? તો દરેક આસ્રવ એમ. મિથ્યા અભિપ્રાય, અવ્રત, કષાય અને યોગ. હવે યોગનું તો કહે કે નહિ યોગ જ વસ્તુ છે બંધ અને મોક્ષમાં. લ્યો! એ વળી યોગ ઉપર નાખે આખું. આહા..હા..!

મુમુક્ષુ :- એ તો પંચાસ્તિકાયમાં આવ્યું છે કે યોગની સાથે કાંઈ સંબંધ નથી.

ઉત્તર :- કાંઈ સંબંધ નથી. કષાય અને યોગને પર ગણ્યા છે ત્યાં. બાહ્ય ગણ્યા છે અને કષાયને અભ્યંતર ગણ્યું બંધનું કારણમાં. પણ ક્યાંય વાંચન એવું મળ્યું નથીને અને ... જેમ પુણ્ય-પાપનો ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિને ક્રોધ કહીને, સ્વભાવથી વિરુદ્ધ કહીને એ અનન્ય થઈ જાય, આત્મા એમાં એકમેક થઈ જાય તો તો રાગ જ બાકી રહ્યો, ચૈતન્ય તો આખો ઉડી ગયો. એમ અવ્રતના પરિણામ, પ્રમાદનું પરિણામ, યોગનું પરિણામ એ આસ્રવ એ આત્મા આસ્રવમાં એકમેક થઈ જાય તો આત્માનો લોપ થઈ જાય છે. સમજાણું કાંઈ?

એમ '**નોકર્મ...**' શરીર '**અને કર્મ...**' જડ. એક લીટીમાં બધું નાખ્યું છે. આહા..હા..!

ગજબ છે. આહા..હા..! **'જીવથી અનન્ય છે એવી પ્રતિપત્તિ...'** જીવથી કર્મ અને શરીર અને પ્રત્યય પાંચેય અનન્ય છે **'અનન્ય છે એવી પ્રતિપત્તિમાં પણ આ જ દોષ આવે છે.'** એ જ દોષ આવે છે. જીવ ઉડી જાય છે. આહા..હા..! માટે ભગવાન આત્મા જાણન સ્વભાવ, દેખન સ્વભાવમય છે. રાગમય છે નહિ. એવી અંદર દૃષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ-૧૦, ગુરુવાર, તા. 30-૧૧-૧૯૭૨**
**ગાથા-૧૧૩ થી ૧૨૦, પ્રવચન-૨૩૮**

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

સમયસાર. કર્તાકર્મ અધિકાર. ૧૩, ૧૪ અને ૧૫ એનો ભાવાર્થ છેને? જુઓ શું કહે છે? ઝીણી વાત છે. અભ્યાસ નથીને એટલે. .. મેં કલાક સાંભળ્યું પણ કાંઈ સમજાણું નહિ. કાંઈ અભ્યાસ નહિ. આ પરમસત્ય વાત.

**'ભાવાર્થ :- મિથ્યાત્વાદિ આસ્રવ તો જડસ્વભાવ છે...'** શું કહે છે? આત્મા છે એ તો જ્ઞાનાનંદ સ્વભાવ છે. જેને આત્મા માનવો હોય એણે શું કરવું? એની વાત ચાલે છે. જેને આત્મા માનવો છે, આત્માનું ભાન કરવું છે, શ્રદ્ધા કરવી હોય તો કેમ કરે? એ વાત ચાલે છે અહીં. કે ભગવાન આત્મામાં જે મિથ્યાશ્રદ્ધા, રાગ-દ્વેષનો ભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધનો વિકલ્પ જે ઉઠે છે એ બધા જડ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા એ નથી. એ તો આસ્રવતત્ત્વ છે. અને આસ્રવ છે એ તો જડ છે. કેમકે એમાં ચૈતન્યનો અભાવ છે. અને એ મિથ્યાત્વ શ્રદ્ધા પહેલા તો આવી ગયું કે જીવમાં મિથ્યાત્વ

આદિ અજીવ છે. અહીં તો કર્તાકર્મમાં લેવું છેને?

એ મિથ્યાત્વાદિ ભાવ અને રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો રાગ એ આત્માનું કર્મ નથી, આત્મા કર્તા નથી અને એનું એ કર્મ નથી એમ સિદ્ધ કરવું છે. આ કર્તાકર્મ છેને? આહા..હા..! મગનભાઈ! પહેલા આવી ગયું છે એ. ૯૫. ત્યાં તો અજીવ અધિકાર. તો આત્મામાં મિથ્યાશ્રદ્ધા જે ઉત્પન્ન થાય છે એ અજીવ છે. જીવપણું એમાં નથી. આહા..હા..! જેમ આ શરીર અજીવ છે જડ. તેમ કર્મ અજીવ છે જડ, એમ મિથ્યાશ્રદ્ધા અને પુણ્ય-પાપના દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધનો ભાવ એ પણ જડના સંગે ઉત્પન્ન થનારા જડ અને જડના બંધનમાં નિમિત્ત. તો એ તો જડ જ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! વીતરાગ માર્ગ સમજવો અનંતકાળમાં યથાર્થ શું છે એ દૃષ્ટિમાં લીધું નથી.

**'મિથ્યાત્વાદિ આસ્રવ તો જડસ્વભાવ છે...'** કહો, આહા..હા..! જેણે આત્મા માનવો હોય અને ચૈતન્યસ્વરૂપી ભગવાન કોણ છે અને એમાં શું નથી? એનો નિર્ણય કરનારને તો શુભ-અશુભ જેટલા વિકલ્પો ઉઠે છે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, રાગ એ બધો આસ્રવ છે, એ અજીવ છે. એમાંથી દૃષ્ટિ ઉઠાવવી જોઈએ. સમજાણું કાંઈ? જેણે સમ્યગ્દર્શન કરવું હોય, સમ્યગ્દર્શન, સમ્યક્ પ્રતીતિ ચોથા ગુણસ્થાનની. તો એને આ આસ્રવ છે, પુણ્ય-પાપના ભાવ છે એ અજીવ છે. એવી દૃષ્ટિ ઉઠાવવી જોઈએ. સમજાણું કાંઈ? અને જ્ઞાયક ચૈતન્યમૂર્તિ આત્મા એના ઉપર દૃષ્ટિ લગાવવી જોઈએ. તો એને સમ્યગ્દર્શન. ધર્મની પહેલું પગથિયું, ધર્મની પહેલી શ્રેણી ત્યારે ઉત્પન્ન થાય છે. આહા..હા..! ઝીણું ભારે ભાઈ! જેણે સાંભળ્યું ન હોય તો કહે આ શું કહે છે? આ તો જૈનદર્શનનો એકડો છે. વીતરાગ માર્ગનો તો એકડો. શું કહે છે? એક કહે છેને? આ તો એકડો છે. એની પણ ખબર નથી. ક્યાંથી ધર્મ થશે? ધૂળમાં? સમજાણું કાંઈ? ધર્મ કરનારો ધર્મી કોણ છે? જેને ધર્મ કરવો છે. ધર્મ તો વીતરાગી દશા છે. તો વીતરાગી દશા કરનાર છે કોણ? સમજાણું કાંઈ? એ પુણ્ય અને પાપના વિકલ્પ અને મિથ્યા આદિ આસ્રવ, મિથ્યા શ્રદ્ધા. અવ્રત, પ્રમાદ, કષાય, યોગ બધા જડ છે. જડસ્વભાવ છે એમ કહ્યું.

અને **'અને જીવ ચેતનસ્વભાવ છે.'** આત્મા તો જાણન-દેખન એવો સ્વભાવ છે એ જીવ છે. તો જડ અને ચૈતન્યની ભિન્નતા કર્યા વિના ચૈતન્યની અંતરમાં પ્રતીતિ, અનુભૂતિ થતી નથી. આહા..હા..! શું ચીજ છે એની ખબર નથી અને ધર્મ કરે છે. શું ધર્મ છે? ધર્મ બહારમાં લટકે છે ક્યાંય? ધર્મ બહારથી થાય છે? દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિથી ધર્મ થાય? એ તો રાગ છે. એ તો પરના લક્ષે ઉત્પન્ન થનાર આસ્રવ છે. એ આસ્રવ જડ છે. કેમકે જડકર્મના પાકનું એ ફળ છે અને એ જડના બંધનમાં કારણ છે. આહા..હા..! ભારે

ઝીણી વાત કહે આ. અરે..! આવા જીવન .. ક્યાં મળે છે? ક્યા મળે? ભાઈ! સમજાય છે કાંઈ? અરે..! એમાં જે કરવાનું છે એ તો કર્યું નથી અને નથી કરવાનું (કર્યું) એમાં ધર્મ કરે છે એમ માન્યું છે અનાદિથી. આહા..હા..!

કહે છે કે '**મિથ્યાત્વાદિ...**' વિપરીત માન્યતા કે પુણ્યમાં ધર્મ છે, પાપમાં સુખ છે, નિમિત્તમાં સ્ત્રી આદિમાં, લક્ષ્મી આદિમાં મને પ્રસન્નતા છે, મને સુખ છે. એવી માન્યતાને મિથ્યાદૃષ્ટિ વિપરીત અભિપ્રાય કહે છે. એ વિપરીત અભિપ્રાય જડ છે. આહા..હા..! અને અવ્રતભાવ. રાગનો ત્યાગ નથી એવી રાગની પરિણતિ એ પણ જડ છે. સમજાણું કાંઈ? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ જડ છે, રાગ છે. આહા..હા..! ભારે કઠણ! એય..! હસમુખભાઈ! આવ્યા છે કે નહિ? ત્યાં રહ્યા છે? ત્યાં રહ્યા? ઠીક. એ તો એમ ને એમ ઠેકાણે પાડવું જેમ છે એમ. કહો, સમજાણું કાંઈ? એ તો રામજીભાઈ આમ કહે.. હવે શું કરવું કે આમાં? કે જેમ ચાલે છે એમ ચાલવા દેવું. અમારે પંડિતજીને પૂછયું હું કે ભાઈ આ મોટા ઘર થાય તો .. વધશે. મોટા ઘર થશે.. હવે એ જેમ છે એમ બરાબર. કહો, સમજાણું કાંઈ? ટૂંકમાં જેમ છે એમ આત્માને જાણવો પડશે એમ કહે છે. કહો, પોપટભાઈ! આહા..હા..!

ભાઈ! તારી ચીજમાં શું રાગ, પુણ્ય, દયા, દાનભાવ પડ્યો છે અંદરમાં? અને એ ચીજ શું તારી છે? એ તો જડ છે. આહા..હા..! ગજબ વાત છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય. ષોડશકારણ ભાવના એ વિકલ્પ છે, રાગ છે અને રાગ એ જડ છે એમ અહીંયાં ભગવાન કહે છે. એ ચૈતન્યનો અંશ નથી, ચૈતન્યનો ગુણ નથી, ચૈતન્યનું દ્રવ્ય નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે માર્ગ ભાઈ ઈ! આજે આવ્યા? ..ભાઈને ઈ? હરિભાઈ. હરિભાઈ નહિ? હરિભાઈ છે? આપણા હરિભાઈ નહિ? આહા..હા..!

ભગવાન આત્મામાં જે ચીજ વસ્તુ છે સ્વભાવમાં એ તો જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પરમેશ્વરતા, પ્રભુતા એમાં શક્તિ પડી છે. એમાં આ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધનો ભાવ અને હિંસા, જૂઠું, ચોરી, વિષયનો ભાવ એ અંદર દ્રવ્યમાં નથી, વસ્તુમાં નથી. એ તો નવું ઉત્પન્ન થયું એમાં ચૈતન્યનો અભાવ છે તો એ અપેક્ષાએ ભગવાન એને જડ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહ્યુંને? કે જે કોઈ મિથ્યાત્વભાવ, શુભ-અશુભભાવ. એ કર્મ જડ છે જડ, ધૂળ, માટી. એના પાકનું એ ફળ છે. કે આત્માના આનંદનો પાક છે એ? આહા..હા..! ભારે આકરું કામ! ક્યાં ક્યાં લોકો બિચારા સંપ્રદાયને નામે, ધર્મમાં ચડી ગયા. ધર્મ છે નહિ ત્યાં. જ્યાં છે એની ખબર નથી.

કહે છે કે એ રાગભાવ જ વિકલ્પ ઉઠે ચાહે તો સર્વાર્થસિદ્ધનું આયુષ્ય બંધાય જે ભાવથી. સમજાણું કાંઈ? અને જે ભાવમાં પંચ મહાવ્રતના પરિણામ, પંચ મહાવ્રતના પરિણામ એ

રાગ એ આસ્રવ છે. એ જડ છે એમ કહે છે અહીંયાં તો. આહા..હા..! રાડ નાખે માણસ. અરે..! પંચ મહાવ્રત તો ચારિત્ર છે અને એ ચારિત્ર તો ધર્મ છે. એમ છે નહિ. તને ખબર નથી. ચારિત્ર તો આત્માના આનંદમાં રમવું. નિર્વિકલ્પ આનંદની લહેજતમાં આનંદનો સ્વાદ લેવો એનું નામ ચારિત્ર પરમાત્મા કહે છે. એ પંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણ જે સાધુના કહે છેને? એ તો જડ છે. જેમ આ શરીર જડ છે. એ રજકણ છે. એ (રાગ) રજકણ નથી. પણ એમાં ચૈતન્યનો અભાવ અને જડનો પાક અને જડના બંધનનું કારણ માટે એને જડ કહેવામાં આવે છે. આહા..હા..! કહો, સુજાનમલજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો આત્માની જગ્યામાં આ વાત છે. આહા..હા..! પણ ન્યાયથી તુલના તો કરો, પ્રભુ! કે તું શું છો અને તારામાંથી શું નીકળી જાય છે? એ શુભ-અશુભભાવ જો તારો હોય તો નીકળે ક્યાંથી? નીકળી જાય એ તમારી ચીજ છે? નહિ. આહા..હા..! સિદ્ધમાં રહે છે શુભ-અશુભભાવ? પરમાત્મા સિદ્ધ થયા એમાં રહે છે?

મુમુક્ષુ :- કેવળીમાં પણ ક્યાં રહે?

ઉત્તર :- કેવળીમાં પણ ક્યાં રહે છે? યોગ છે એ પણ એનો નથી. જડ છે એમ અહીં કહે છે. આહા..હા..! કેવળીને જે શાતાવેદનીય બંધાય છે અને યોગ જે છે એ કહે છે કે નામ કર્મના ફળરૂપ યોગ છે અને યોગથી શાતાવેદનીય એક સમયની આવે છે જડ. આહા..હા..! આવી વાતું છે ભાઈ આ. આહા..હા..! અરે..! અવલદોમ વાત આખી દુનિયાથી હોં. સર્વજ્ઞ પરમાત્મા જિનેન્દ્રદેવ એના હુકમમાં તો આ આવ્યું. એની તો ખબર નથી. ભગવાન સાચા છે. ત્વમે સચ્ચં. ક્યાંથી સાચું આવ્યું? કહે છે એની તો ખબર નથી. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે '**મિથ્યાત્વાદિ આસ્રવ તો જડસ્વભાવ છે અને જીવ ચેતનસ્વભાવ છે.**' ભગવાન આત્મા અંદરમાં જ્ઞાનનો પુંજ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો સરોવર સાગર છે. જેણે અતીન્દ્રિય આનંદ પીવો હોય તો એણે સરોવરમાં જાવું, અંદરમાં જાવું. રાગની ક્રિયાથી આનંદનું પીણું આવતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આઠ વર્ષની બાળિકા હોય અને એને સમ્યગ્દર્શન થાય છે. તો આ રીતે થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? કે વિકલ્પ જે રાગ દયા, દાન, વ્રત, ભક્તિ આદિ એવા શુભભાવ એ તો જડ છે. મારામાં નથી. મારાથી ઉત્પન્ન થયા જ નથી. અને એ મારું કાર્ય નથી. કર્તાકર્મ છેને? આહા..હા..! સમજાણું કાંઈ? મારું કાર્ય તો એ જડભાવ રાગ હોય એને પોતાના આશ્રયે પોતાને જાણવામાં પરને જાણવું સાથે થાય છે તો હું તો જાણનાર છું. આહા..હા..! આવો માર્ગ છે.

મુમુક્ષુ :- બઢીયા

ઉત્તર :- બઢીયા છે.

**'જો જડ અને ચેતન એક થઈ જાય...'** એવી આ કાંઈ કથા નથી કે એક શબ્દમાં... આ તો ભગવાનની વાણી છે. તો કહે છે કે ભગવાન આત્મા ચૈતન્યબિંબ પ્રભુ, ચૈતન્યનો સૂર્ય છે. અંદરમાં આત્મા કોને કહે છે? એ ચૈતન્ય જ્ઞાનાનંદનો સૂર્ય છે અને પુણ્ય અને પાપનો ભાવ એ તો જડ અંધકાર છે. આહા..હા..! બેય ચીજ ભિન્ન છે. આહા..હા..! જો બે એક થઈ જાય, એ પુણ્ય અને પાપના ભાવ જો આત્મા થઈ જાય તો જડ અને ચૈતન્ય એક થવાથી ચૈતન્યનો નાશ થાય છે. આહા..હા..! કહો, જેઠાભાઈ! આ બધો વ્યવહાર આવો? વ્યવહાર કરવો કે નહિ ત્યારે હવે જડ હોય તો? કરવાની વાત જ નથી. એ આવે છે. સવારમાં કહ્યું નહિ સવારમાં? સિદ્ધ ભગવાનની સ્તુતિ, વંદન, પૂજાનો ભાવ સમ્યગ્દૃષ્ટિને પણ પોતાના સ્વભાવમાં એ નથી એમ જાણવા છતાં એ મારી ચીજ નથી એવું અનુભવમાં આવવા છતાં પણ રાગ આવ્યા વિના રહેતો નથી. સમજાણું કાંઈ? એ ધર્મી એને પુણ્યબંધનું કારણ માને છે. મારી ચીજ અને મારાથી થઈ એમ માનતા નથી. આહા..હા..! ભારે માર્ગ ભાઈ!

કહે છે **'જો જડ અને ચેતન એક થઈ જાય તો ભિન્ન દ્રવ્યનો લોપ થઈ જાય એ મોટો દોષ આવે....'** આહા..હા..! શુભ અને અશુભભાવ જે અચેતન રાગ આસ્રવ છે એ જો આત્મા થઈ જાય. તો આત્માનો નાશ થઈ જાય. ચૈતન્યમૂર્તિ જ્ઞાતા-દૃષ્ટા તો છે નહિ. **'માટે...'** આ કારણે **'એ નિશ્ચયનયનો સિદ્ધાંત છે.'** સાચી દૃષ્ટિનો એ નિર્ણય છે. આહા..હા..! સાચી દૃષ્ટિનો એ નિર્ણય છે કે **'આસ્રવને અને આત્માને એકપણું નથી.'** એ પુણ્ય અને પાપના ભાવ અને ચૈતન્ય ભગવાન બે એક નથી. બે ભિન્ન છે. સમજાણું કાંઈ? કહો, શાંતિભાઈ! આ શું ત્યારે તમારે ઓલા વ્રતમાં, અપવાસમાં ધર્મ છે એમ મનાવે છેને?

મુમુક્ષુ :- ના પડાય એને?

ઉત્તર :- એ તો કહે અમારો ભાઈ ત્યાં ભગવાન થઈ ગયો છે ત્યાં. મકાન એણે અહીં કરાવ્યું. આણે તો આ જમીન લીધી હતી. મકાન તો એણે કરાવ્યું છે આ. આહા..હા..! મહા મિથ્યાત્વના પોષકભાવ એની પુષ્ટિ કરવી એ મહાસંસાર વધારવાનું કારણ છે. સમજાણું કાંઈ? ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞના જ્ઞાનમાં એવું ભાસ્યું અને એમ છે. કે આસ્રવ અને આત્મામાં એકત્વ નથી. એ પુણ્ય અને પાપના, રાગની ઉત્પત્તિ થાય છે એ અચેતનસ્વભાવ છે. ચૈતન્યની પર્યાયમાં થાય માટે ચેતન છે. (પણ) એ એની પર્યાયમાં છે જ નહિ એમ કહે છે અહીંયાં તો. આહા..હા..! ભારે આકરું લાગે માણસને. એય..! ચેતનજી! તો આ પૂજા, ભક્તિ, જાત્રા કરવામાં ધર્મ છે કે નહિ? શું કીધું?

મુમુક્ષુ :- આત્માની સત્તા એમાં મળતી નથી. આત્મા ભુલાઈ જવાય છે.

ઉત્તર :- આત્મા ચૈતન્ય સત્તા છે. એ હોય, પણ હોય તો શું એ ધર્મ છે અને ચૈતન્યના

જાતની એ ચીજ છે એમ નથી. વીતરાગમાર્ગમાં એમ નથી. બીજામાં તો છે જ નહિ તો બીજાને તો ભાન પણ ક્યાં છે. અજ્ઞાનીએ પોતાની કલ્પનાથી ઈશ્વર કર્તા છે, આમ છે ને તેમ છે. અહીંયાં તો ભગવાને છ દ્રવ્ય જોયા. ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ છ દ્રવ્ય. અનંત આત્મા, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને એક આકાશ. છ. તો છમાં રજકણો જેમ અજીવ છે એમ અહીંયાં પુણ્ય-પાપના ભાવને પણ વિકારીદશા, ચૈતન્ય ભગવાનનું કિરણ એમાં નથી. સૂર્યનું કિરણ કોલસા જેવું છે? સૂર્યનું કિરણ તો સફેદ છે. એમ ભગવાન ચૈતન્ય સ્વરૂપ ભગવાન એની પર્યાય નામ કિરણ જ્ઞાન અને આનંદની પર્યાય એનું કિરણ છે. કોલસાની છે સૂર્યમાં? એમ પુણ્ય અને પાપ કોલસા જેવો મેલ છે. આહા..હા..! ભારે વાત ભાઈ! સાધારણ માણસને તો શું કરવું? આત્મા જ ક્યાં સાધારણ છે? એ તો અપ્પા પરમઅપ્પા છે. પરમાત્મસ્વરૂપ આત્મા છે. સ્વભાવે પરમાણુ આવે છે કે નહિ એમાં? 'ચેતનરૂપ અનુપ અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરો.' આવે છે? ભાઈ! બનારસીદાસમાં આવે છે. 'ચેતનરૂપ અનુપ અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરો.' સિદ્ધ ભગવાન જેવું મારું સ્વરૂપ છે. 'મોહ મહાતમ આતમ અંગ કિયો પરસંગ મહાતમ ઘેરો.' પણ મારી ચીજ ભૂલીને હું મોહ નામ પર તરફની સાવધાનીમાં મારી ચીજ ભૂલાઈ ગઈ. 'મોહ મહાતમ અંગ...' એ આત્માની સાથે અંગ મળ્યું એવો સંબંધ કરી લીધો. 'યહ પરસંગ મહાતમ ઘેરો. જ્ઞાનકલા ઉપજી અબ મોકું.' બનારસીદાસ સમયસાર નાટક. 'જ્ઞાનકલા ઉપજી અબ મોકું કહું ગુણ નાટક આગમ કેરો. તાસુ પ્રસાદ સધે શિવમારગ વેગે મિટે ઘટ વાસવસેરો.' આ ઘર માંસના હાડકામાં વસનાર જડ. એ ચૈતન્યના રાગથી ભિન્ન ભાન કરીને હું તો જ્ઞાનાનંદ સ્વરૂપ છે. એ વિકલ્પ ઉઠે છે દયા, દાન, વ્રતાદિ એ મારી ચીજ નથી. સમજાણું કાંઈ? એવી દૃષ્ટિ કરવાથી મોહનું માહાત્મ્ય નાશ પામે છે અને પોતાના સ્વભાવની સામર્થ્ય સ્વભાવની પ્રતીત સમ્યગ્દર્શનમાં ઉત્પન્ન થાય છે. ક્રમે-ક્રમે શરીરથી રહિત થઈને કેવળજ્ઞાન થઈ જાય છે. સમજાણું કાંઈ? લ્યો! કેટલા બોલ થયા એમાં? ઓહો..! ત્રણમાં તો ઘણું નાખી દીધું. **'આસ્રવને અને આત્માને એકપણું નથી.'**

હવે વિષય ફેરવે છે. 'હવે...' શું કહ્યું? કાંઈ બાકી રહ્યું? ના, ના, બધી આવી ગયું. ના એ આવી ગયું છે બધું નહિ? **'ઉપયોગાત્મક જીવથી જડસ્વભાવ ક્રોધ અન્ય જ છે તેમ પ્રત્યય, નોકર્મ અને કર્મ પણ અન્ય જ છે...'** એ આવી ગયું છે ત્યાં. આવી ગયું છે બધું. **'કારણ કે તેમના જડસ્વભાવપણામાં તફાવત નથી...'** બસ. **'(અર્થાત્ જેમ ક્રોધ જડ છે...'** એ તો બધું આવી ગયું છે. સમજાણું કાંઈ? ક્રોધ શબ્દે પુણ્ય અને પાપનો ભાવ જે છેને એને ભગવાને અહીં ક્રોધ કહ્યો છે. કેમકે ચૈતન્ય સ્વભાવ ભગવાન આત્મા એ શુદ્ધ ચૈતન્ય પવિત્રનો પિંડ છે. એનાથી વિરુદ્ધ પુણ્ય અને પાપનો ભાવ રાગ

એને સ્વભાવથી વિરુદ્ધ ક્રોધ કહ્યો છે. એનો પ્રેમ કરનાર ચૈતન્ય પ્રત્યે એને ક્રોધ વર્તે છે. શું કહ્યું સમજાણું કાંઈ?

જેને પુણ્ય અને પાપના રાગનો પ્રેમ છે એને ચૈતન્યસ્વભાવ પ્રત્યે દ્વેષ છે. આહા..હા..! ભારે આકરું કામ! સમજાણું કાંઈ? એ ક્રોધ માટે લીધું છે. મુનિ છેને તો ઉત્તમક્ષમાથી વિરુદ્ધ લીધું છે. ભગવાન આત્મા જ્ઞાન આનંદનો જાગૃત શાંતિનો સાગર. જાગૃત શક્તિ અને શાંતિનો પિંડ પ્રભુ આત્મા. એમાં રાગાદિ જે ભાવ છે એ રાગનો પ્રેમ કરનાર ચૈતન્યનો પ્રેમ છોડીને ચૈતન્ય પ્રત્યે દ્વેષ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એનો અલૌકિક માર્ગ જગતને અંદરમાં સાંભળવા મળ્યો નથી, અભ્યાસ નથી. માની લીધું કે અમે વીતરાગનો માર્ગ કરીએ છીએ, કરે છે અજ્ઞાનભાવ અને માને છે કે વીતરાગભાવ કરીએ છીએ. આહા..હા..!

કહે છે એ ક્રોધ કેમ કહ્યો? સમજાણું કાંઈ? અને ક્રોધને જડ સ્વભાવ કહ્યોને? આસ્રવ કહો કે જડસ્વભાવ કહો. તો જેને અંતરમાં શુભ-અશુભભાવ પ્રત્યે પ્રેમ છે એને શરીર પ્રત્યે પણ પ્રેમ છે અને એને કર્મ પ્રત્યે પણ પ્રેમ છે અને એને કર્મ અને નોકર્મ પ્રત્યે જેવો પ્રેમ છે એવો વિકાર પ્રત્યે પ્રેમ છે. ત્રણેના પ્રેમવાળો આત્મા પ્રત્યે દ્વેષી, ક્રોધી છે. તું નહિ... તું નહિ... તું નહિ... એય..! ભાઈ! આવે ત્યારે આવેને! આહા..હા..! જ્ઞાન અને દર્શન પ્રભુ, ચૈતન્ય આનંદકંદ પ્રભુ આત્મા તું નહિ... તું નહિ... આ. આહા..હા..! એની નાસ્તિ કરી અને વિકારીની અસ્તિમાં પોતાનું સર્વસ્વ અર્પણ કરી દીધું. તું એ હું છું. પોતાનો નાશ કરી નાખ્યો. આહા..હા..! કહો, કાંતિભાઈ! આવો માર્ગ હશે? આ તો બધો નિશ્ચયનો માર્ગ છે. તો વ્યવહારનો? વ્યવહારનો આવી ગયો સવારમાં. કે વચ્ચે જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન હોય અને સમ્યગ્દર્શન ચૈતન્યસ્વરૂપ હું પુણ્ય અને પાપના આસ્રવથી રહિત અને એનું ભાન થયું એમાં આસ્રવ નથી. એવા આસ્રવનું પણ જ્ઞાન ચૈતન્યના સ્વભાવનું ભાન થતાં ચૈતન્યની અસ્તિત્વનું ભાન થયું. એમ આસ્રવ, બંધ અને કર્મ અજીવ એમાં નથી એવું પણ જ્ઞાન એમાં આવી ગયું. આહા..હા..! પછી અંદર વચ્ચે રાગ આવે છે જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી. તો એને વ્યવહાર કહેવામાં આવે છે. એ વ્યવહારભાવ એ જડ છે. આહા..હા..! ગજબ વાત છે. વ્યવહારરત્નત્રય જડ છે. એય..! મગનભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- આત્મામાં .. નથી.

ઉત્તર :- નથી? શુભ-અશુભભાવ થાય છે. હોય તો છ દ્રવ્ય પણ જગતમાં નથી? તો એમાં શું? એમાં આત્મા છે? અને આત્મામાં એ છે? એવી અંતરમાં જ્યાં સુધી શુભાશુભ રાગની રુચિ છોડીને પોતાના ચૈતન્યની અનુભવ દૃષ્ટિ ન થાય ત્યાં સુધી સમ્યગ્દર્શનની પર્યાય ધર્મની શરૂઆત પણ થતી નથી. આહા..હા..! કહો, એ પૂરું થયું.

## ગાથા-૧૧૬ થી ૧૨૦

अथ पुद्गलद्रव्यस्य परिणामस्वभावत्वं साधयति सांख्यमतानुयायिशिष्यं प्रति--

जीवे ण सयं बद्धं ण सयं परिणमीद कम्मभावेण।
जदि पोग्गलदव्वमिणं अप्परिणामी तदा होदि।।११६।।
कम्मइयवग्गणासु य अपरिणमंतीसु कम्मभावेण।
संसारस्स अभावो पसज्जदे संखसमओ वा।।११७।।
जीवो परिणामयदे पोग्गलदव्वाणि कम्मभावेण।
ते सयमपरिणमंते कहं णु परिणामयदि चेदा।।११८।।
अह सयमेव हि परिणमदि कम्मभावेण पोग्गलं दव्वं।
जीवो परिणामयदे कम्मं कम्मत्तमिदि मिच्छा।।११९।।
णियमा कम्मपरिणदं कम्मं चिय होदि पोग्गलं दव्वं।
तह तं णाणावरणाइपरिणदं मुणसु तच्चेव।।१२०।।

जीवेन न स्वयं बद्धं न स्वयं परिणमते कर्मभावेन।
यदि पुद्गलद्रव्यमिदमपरिणामि तदा भवति।।११६।।
कार्मणवर्गणासु चापरिणममानासु कर्मभावेन।
संसारस्याभावः प्रसजति सांख्यसमयो वा।।११७।।
जीवः परिणामयति पुद्गलद्रव्याणि कर्मभावेन।
तानि स्वयमपरिणममानानि कथं नु परिणामयति चेतयिता।।११८।।
अथ स्वयमेव हि परिणमते कर्मभावेन पुद्गलं द्रव्यम्।
जीवः परिणामयति कर्म कर्मत्वमिति मिथ्या।।११९।।
नियमात्कर्मपरिणतं कर्म चैव भवति पुद्गलं द्रव्यम्।
तथा तद्ज्ञानावरणादिपरिणतं जानीत तच्चैव।।१२०।।

यदि पुद्गलद्रव्यं जीवे स्वयमबद्धं सत्कर्मभावेन स्वयमेव न परिणमेत, तदा तदपरिणाम्येव स्यात्। तथा सति संसाराभावः। अथ जीवः पुद्गलद्रव्यं कर्मभावेन परिणामयति ततो न संसाराभावः इति तर्कः। किं स्वयमपरिणममानं परिणममानं

वा जीवः पुद्गलद्रव्यं कर्मभावेन परिणामयेत् ? न तावत्तत्स्वयमपरिणममानं परेण परिणमयितुं पार्येत; न हि स्वतोऽसती शक्तिः कर्तुमन्येन पार्यते। स्वयं परिणममानं तु न परं परिणमयितारमपेक्षेत; न हि वस्तुशक्तयः परमपेक्षन्ते। ततः पुद्गलद्रव्यं परिणामस्वभावं स्वमेवास्तु। तथा सति कलशपरिणता मृत्तिका स्वयं कलश इव जडस्वभाव-ज्ञानावरणादिकर्मपरिणतं तदेव स्वयं ज्ञानावरणादिकर्म स्यात्। इति सिद्धं पुद्गलद्रव्यस्य परिणामस्वभावत्वम्।

હવે સાંખ્યમતના અનુયાયી શિષ્ય પ્રતિ પુદ્‌ગલદ્રવ્યનું પરિણામસ્વભાવપણું સિદ્ધ કરે છે (અર્થાત્ સાંખ્યમતી પ્રકૃતિ-પુરુષને અપરિણામી માને છે તેને સમજાવે છે):-

જીવમાં સ્વયં નહિ બદ્ધ, ન સ્વયં કર્મભાવે પરિણમે,
તો એવું પુદ્‌ગલદ્રવ્ય આ પરિણમનહીન બને અરે! ૧૧૬.
જો વર્ગણા કાર્મણ તણી નહિ કર્મભાવે પરિણમે,
સંસારનો જ અભાવ અથવા સમય સાંખ્ય તણો ઠરે! ૧૧૭.
જો કર્મભાવે પરિણમાવે જીવ પુદ્‌ગલદ્રવ્યને,
કયમ જીવ તેને પરિણમાવે જે સ્વયં નહિ પરિણમે? ૧૧૮.
સ્વયમેવ પુદ્‌ગલદ્રવ્ય વળી જો કર્મભાવે પરિણમે,
જીવ પરિણમાવે કર્મને કર્મત્વમાં-મિથ્યા બને. ૧૧૯.
પુદ્‌ગલદરવ જે કર્મપરિણત, નિશ્ચયે કર્મ જ બને;
જ્ઞાનાવરણઈત્યાદિપરિણત, તે જ જાણો તેહને. ૧૨૦.

ગાથાર્થ :- [इदम् पुद्गलद्रव्यम्] આ પુદ્‌ગલદ્રવ્ય [जीवे] જીવમાં [स्वयं] સ્વયં [बद्धं न] બંધાયું નથી અને [कर्मभावेन] કર્મભાવે [स्वयं] સ્વયં [न परिणमते] પરિણમતું નથી [यदि] એમ જો માનવામાં આવે [तदा] તો તે [अपरिणामी] અપરિણામી [भवति] ઠરે છે; [च] અને [कार्मणवर्गणासु] કાર્મણવર્ગણાઓ [कर्मभावेन] કર્મભાવે [अपरीणममानासु] નહિ પરિણમતાં, [संसारस्य] સંસારનો [अभावः] અભાવ [प्रसजति] ઠરે છે [वा] અથવા [सांख्यसमयः] સાંખ્યમતનો પ્રસંગ આવે છે.

વળી [जीवः] જીવ [पुद्गलद्रव्याणि] પુદ્‌ગલદ્રવ્યોને [कर्मभावेन] કર્મભાવે [परिणामयति] પરિણમાવે છે એમ માનવામાં આવે તો એ પ્રશ્ન થાય છે કે [स्वयम् अपरिणममानानि] સ્વયં નહિ પરિણમતી એવી [तानि] તે વર્ગણાઓને [चेतयिता] ચેતન આત્મા [कथं नु] કેમ [परिणामयति] પરિણમાવી શકે? [अथ] અથવા જો [पुद्गलम् द्रव्यम्] પુદ્‌ગલદ્રવ્ય [स्वयमेव

हि] પોતાની મેળે જ [कर्मभावेन] કર્મભાવે [परिणमते] પરિણમે છે એમ માનવામાં આવે, તો [जीवः] જીવ [कर्म] કર્મને અર્થાત્ પુદ્‌ગલદ્રવ્યને [कर्मत्वम्] કર્મપણે [परिणामयति] પરિણમાવે છે [इति] એમ કહેવું [मिथ्या) મિથ્યા ઠરે છે.

[नियमात्] માટે જેમ નિયમથી [कर्मपरिणतं] કર્મરૂપે પરિણમેલું [पुद्गलम दव्यम] પુદ્‌ગલદ્રવ્ય [कर्म चैव] કર્મ જ [भवति] છે [तथा] તેવી રીતે [ज्ञानावरणादिपरिणतं] જ્ઞાનાવરણાદિ-રૂપે પરિણમેલું [तत्] પુદ્‌ગલદ્રવ્ય [तत् च एव] જ્ઞાનાવરણાદિ જ [जानीत] જાણો.

ટીકા :- જો પુદ્‌ગલદ્રવ્ય જીવમાં સ્વયં નહિ બંધાયું થકું કર્મભાવે સ્વયમેવ ન પરિણમે, તો તે અપરિણામી જ ઠરે. એમ થતાં, સંસારનો અભાવ થાય. (કારણ કે પુદ્‌ગલદ્રવ્ય કર્મરૂપે ન પરિણમે તો જીવ કર્મરહિત ઠરે; તો પછી સંસાર કોનો?) અહીં જો એમ તર્ક કરવામાં આવે કે ''જીવ પુદ્‌ગલદ્રવ્યને કર્મભાવે પરિણમાવે છે તેથી સંસારનો અભાવ થતો નથી'', તો તેનું નિરાકરણ બે પક્ષ લઈને કરવામાં આવે છેઃ- શું જીવ સ્વયં અપરિણમતા પુદ્‌ગલદ્રવ્યને કર્મભાવે પરિણમાવે કે સ્વયં પરિણમતાને? પ્રથમ, સ્વયં અપરિણમતાને પર વડે પરિણમાવી શકાય નહિ; કારણ કે (વસ્તુમાં) જે શક્તિ સ્વતઃ (પોતાથી જ) ન હોય તેને અન્ય કોઈ કરી શકે નહિ. (માટે પ્રથમ પક્ષ અસત્ય છે.) અને સ્વયં પરિણમતાને તો પર (અન્ય) પરિણમાવનારની અપેક્ષા ન હોય; કારણ કે વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી. (માટે બીજો પક્ષ પણ અસત્ય છે.) તેથી પુદ્‌ગલદ્રવ્ય પરિણમનસ્વભાવવાળું સ્વયમેવ હો. એમ હોતાં (હોવાથી), જેમ ઘડારૂપે પરિણમેલી માટી જ પોતે ઘડો છે તેમ, જડ સ્વભાવવાળા જ્ઞાનાવરણાદિકર્મરૂપે પરિણમેલુ પુદ્‌ગલદ્રવ્ય જ પોતે જ્ઞાનાવરણાદિકર્મ છે. આ રીતે પુદ્‌ગલદ્રવ્યનું પરિણામસ્વભાવપણું સિદ્ધ થયું.

---

## ગાથા-૧૧૬ થી ૧૨૦ ઉપર પ્રવચન

હવે ઝીણી વાત થોડી આવે છે. 'હવે સાંખ્યમતના અનુયાયી શિષ્ય પ્રતિ પુદ્‌ગલદ્રવ્યનું પરિણામસ્વભાવપણું સિદ્ધ કરે છે...' હવે શું કહે છે? કે એક જડકર્મ છેને કર્મ? તો કહે છે કે કર્મનું બંધન કર્મરૂપ થાય છે એમાં શું આત્માનો કોઈ અધિકાર છે? શું આત્મા જડકર્મની પર્યાયને બાંધે છે? અને શું આત્મામાં વિકારની પર્યાય ઉત્પન્ન થાય છે એ શું જડકર્મ કરાવે છે? લ્યો પહેલા જડનો વિપાક આવ્યો ભાઈ! પહેલા તો એમ કહ્યું કે શુભ-અશુભભાવ એ જડકર્મનો વિપાક છે. આવ્યું એ. હવે ફરીને કહે છે. એ તો વિભાવથી અને

સ્વભાવથી ભિન્ન કર્યું. હવે એ વિભાવની ઉત્પત્તિ જીવમાં થાય છે એ શું કર્મથી ઉત્પન્ન થાય છે? પહેલા તો કહ્યું હતુંને કે કર્મનો વિપાક એ તો કઈ અપેક્ષાએ કહ્યું હતું? વિભાવ અને કર્મ જડ બેયને એક ગણીને ભિન્ન કરી દીધા. સ્વભાવની દૃષ્ટિ કરવા. પણ એવી દૃષ્ટિ કરતાં કોઈ એમ માની લે કે મારામાં રાગ અને દ્વેષ અને પુણ્ય-પાપ જે જડ આસ્રવ કહ્યા એ કર્મના ઉદયથી થાય છે. કર્મને કારણે મારામાં વિકાર થયો તો એની દૃષ્ટિ મૂઢ-ખોટી છે. આહા..હા..

મુમુક્ષુ :- ચાવી ફરી

ઉત્તર :- ફરી? શું કીધું?

મુમુક્ષુ :- અનેકાંત એમ જ હોય.

ઉત્તર :- વીતરાગનો માર્ગને અનેકાંત કેમ કહે? કે જ્યાં ચૈતન્યસ્વભાવ મહાસિદ્ધ સમાન સ્વરૂપ એમાં પુણ્ય-પાપ ક્યાંથી આવ્યા? પુણ્ય-પાપ ઉત્પન્ન તો થાય છે. તો ત્યાં નિશ્ચયદૃષ્ટિ સમજાવવા અને સ્વભાવમાં દૃષ્ટિ કરાવવા વિભાવને જડ કરીને પૃથક્ કરી દીધા છે. પણ એવું સાંભળીને કોઈ એમ માને કે મારામાં વિકાર ઉત્પન્ન થાય છે એ કર્મને કારણે ઉત્પન્ન થાય છે. એ જૂઠું છે. સમજાણું કાંઈ? પહેલી આ વાત કરી. બીજી આ વાત કરે છે. ત્યાં તો બે વાત લઈ લીધી. ભગવાન! તારી ચીજ તો આનંદઘન છેને. એમાં જે પુણ્ય-પાપનો ભાવ રાગાદિ ઉત્પન્ન થાય છે એ તો કર્મનો પાક છે. તારો પાક તો આનંદ હોવો જોઈએ અને એ તો આકુળતા છે. એ આકુળતા પુણ્ય-પાપનો ભાવ આકુળતા એ તો કર્મનો પાક છે. તારો નહિ. એ વિકારથી ભિન્ન બતાવવા માટે એ વાત કરી. હવે કર્મથી ભિન્ન બતાવવા. તારી રાગની પર્યાય તારાથી થાય છે. કર્મ ઉદય આવ્યો અને તારે રાગ કરવો પડ્યો એમ છે નહિ. અને તને રાગ થયો તો કર્મબંધનની પર્યાય કર્મને કરવી પડી એમ છે નહિ.

મુમુક્ષુ :- દોષ કરવો...

ઉત્તર :- બેય ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? કાંતિભાઈ! ઘડીકમાં ફરી ગયું? એ એમ કહ્યું તો એમાં કોઈ એકાંત લઈ લે કે નહિ કર્મને કારણે મારામાં વિકાર થાય છે મને શું? એમ માને તો એ પણ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. કહો, સુજાનમલજી! આહા..હા..!

મુમુક્ષુ :- લાઈનસર આવી ગયા.

ઉત્તર :- લાઈનસર ઓલામાં પણ લાઈનસર હતી. આત્મામાં જે પુણ્ય અને પાપના ભાવ કે મિથ્યાત્વભાવ તો કોઈ કહે કે દર્શનમોહનીયનો ઉદય થયો તો મિથ્યાત્વભાવ થાય છે. પુદ્ગલના પરિણામ એ તો તે જડ કર્યા તે. જેવું કર્મ જડ એવા નોકર્મ જડ એવો આસ્રવ જડ. એનો એ તો તો ત્રણે ઉત્પન્ન થયા. એમ નથી. સાંભળતો ખરો. સમજાણું કાંઈ? અજ્ઞાનીને તો એક પકડે ત્યાં બીજી છૂટી જાય. આહા..હા..! હજી અહીંયાં પા કલાક

પહેલા એ કહેતા હતા ત્યાં બીજી વાત આવી. ઓલી તો સવારે કાંઈક અને બપોરે કાંઈક તો વળી કાંઈક ઠીક હજી. પોપટભાઈ! આહા..હા..! બાપુ! તારી પર્યાયમાં વિકારનું થવું એ તારા ઉલટા પુરુષાર્થથી તારાથી થાય છે. એ પહેલા જ્યાં નક્કી નથી. એ વિકારથી હું ભિન્ન છું એમ કરવાનો પુરુષાર્થ એને કદી થતો જ નથી. પર્યાયની વિકારની સ્વતંત્રતા પ્રગટ વિકારની સ્વતંત્રતાની સિદ્ધિ પોતાથી છે, પરથી નહિ એટલી પણ જેને પ્રતીતિ નથી. એને વિકારથી રહિત મારો આત્મા છે એવી પ્રતીતિ એને થતી નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

'**સાંખ્યમતના અનુયાયી શિષ્ય પ્રતિ...**' એટલે? કે જડની પરિણતિ જડમાં જડને કારણે. કર્મબંધન થાય છે એ આત્માના વિકારને કારણે કર્મબંધનમાં પરમાણુની પર્યાય થાય છે. એમ સાંખ્યમતીના શિષ્યનું માનવું છે. એમ જૈનમાં (એવું) માને તો પણ સાંખ્યમતિ શિષ્ય છે એ. જૈનની એને ખબર નથી. આહા..હા..! ભારે વાત ભાઈ આ તો! શુભ-અશુભભાવ થયો જીવમાં. તો શું શુભ-અશુભભાવ કર્મે કરાવ્યો તને? તારી કરવાની યોગ્યતા નહોતી અને કરાવ્યો? અને શુભાશુભભાવ થયો તો કર્મબંધન થયું તો કર્મને કારણે થયું? તારા કારણે કર્મબંધન થયું? તારા રાગને કારણે કર્મની પર્યાય બંધાય છે? એ તો જડની પર્યાય. આહા..હા..! આ બધું સમજવું પડશે હોં એય..! અનિલભાઈ! આ એમ ને એમ નહિ ચાલે અંદર માથે કે અમારે દલીલ સમજો. નાખ દલીલ ઉપર.

મુમુક્ષુ :- ઘરમાં એક થાય તો બીજાને તારે

ઉત્તર :- કોઈ બીજો તારે એવું નથી ત્યાં. ઓલા બોલ્યા હતાને અનિલ? .. દિલીપના .. લખો. એનો બાપ અને તેનો બાપો છેને કાકો. ઓલામાં નહિ? લખ્યા હતાને ત્યાં. ઠીક લખ્યા. આહા..હા..! જુઓ, અહીં એમ ચાલે એવું નથી. કોઈ કરે અને પોતાને લાભ થાય એમ છે નહિ. આહા..હા..!

'**અર્થાત્ સાંખ્યમતી પ્રકૃતિ-પુરુષને અપરિણામી માને છે...**' શું કહે છે? અજ્ઞાની કર્મનું પરિણમન કર્મથી થાય છે એમ માનતા નથી અને અજ્ઞાની આત્મામાં વિકારનું પરિણમન પોતાથી થાય એમ માનતા નથી. એ તો ચાલે છે જૈનમાં ઘણું એ જ ચાલે છેને? ભાઈ જેવો કર્મનો ઉદય એવો પોતાને વિકાર થાય છે. કર્મ તો જડ છે. જડ તારામાં પ્રવેશ કરે છે? એ તને વિકાર ઉપજાવે? જડના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જડમાં છે અને તારા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ તારામાં છે. તારો કાળ નામ વિકારની પરિણતિ જેટલી થાય છે એ તારાથી, પોતાથી થાય છે અને કર્મનું બંધન જે થાય છે એ કર્મને કારણે બંધન થાય છે. તારા કારણે કર્મની પર્યાય થાય છે એમ છે નહિ. આહા..હા..! પોપટભાઈ! બહુ ભારે વાતું આવી! હજી નવરા નથી થવા દેતા એને ત્રણ-ચાર જણા? કહો, સમજાણું આમાં કાંઈ?

મુમુક્ષુ :- નવ મહિનાથી આ કામ સોંપ્યું હતું.

ઉત્તર :- તો એમાં શું સારું છેને એમાં. આહા..હા..!

ગાથા. આ તો શબ્દાર્થ કર્યો પહેલા લખાણ. '**પુદ્ગલદ્રવ્યનું પરિણામસ્વભાવપણું સિદ્ધ કરે છે...**' શું કહે છે? કે તે રાગ કર્યો. એટલે કર્મબંધન થવું પડ્યું એમ નથી. એ કર્મની પર્યાય થવામાં પુદ્ગલ જ સ્વતંત્ર છે. એ અહીંયાં થઈ તો એમાં કર્મની પર્યાય થઈ એમ છે નહિ. એક દ્રવ્યની પર્યાય, બીજા દ્રવ્યની પર્યાય કરી શકતા નથી.

મુમુક્ષુ :- મારા કારણથી થઈ જતી હતી.

ઉત્તર :- કોઈથી નથી થતી. તારું કારણ તો તારામાં વિકાર રહ્યો. નવા જ્ઞાનાવરણીય બંધાય. છ કારણે જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. જ્ઞાનની અશાતાના, જ્ઞાનને ઓળવવું, યથાર્થ જ્ઞાનનો વિરોધ કરવો. એવા છ ભાવ. તો એ છ ભાવ જીવની પર્યાયમાં વિકારીભાવ થયો. એ છભાવ તો પોતાની પર્યાયમાં પોતાથી જીવની પર્યાયમાં થયું. એનાથી જ્ઞાનાવરણીય બંધાય જાય એમ નથી એમ કહે છે. કર્મગ્રંથમાં એમ આવે છે. તત્ત્વાર્થસૂત્રમાં એમ આવે છે. પ્રદોષ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લ્યો! છ કારણે જ્ઞાનાવરણીય બંધાય. તત્ત્વાર્થસૂત્રમાં ઉમાસ્વામીનું શાસ્ત્ર. જે સંત-મુનિની યથાર્થ વાત. એમાં આવે છે કે છ બોલે જ્ઞાનાવરણીય બંધાય, છ બોલે દર્શનાવરણીય બંધાય. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. અહીંયાં કહે છે કે તે વિકારી છ બોલ કર્યા એમાં કર્મનો કાંઈ અધિકાર નથી અને કર્મબંધન થયું એમાં તારા પરિણામનો કોઈ અધિકાર એમાં નથી. ઓહો..હો..! પહેલી ત્રણ ગાથામાં આ તો બધું સમજવું પડશે હોં એમ ને એમ નથી ચાલે એવું આ.

એકવાર કહ્યું કે જેમ આ શરીર છે માટી. એમ કર્મ જડ છે. એમ પુણ્ય-પાપભાવ આસ્રવ જડ છે. આહા..હા..! ભગવાન ચૈતન્યસ્વભાવ એનાથી ભિન્ન છે. એ તો વિભાવ અને સ્વભાવથી ભિન્ન કરવા માટે વાત કરી, પણ એમ સમજીને કોઈ એમ માને કે મારામાં વિકારી વિભાવ થાય છે એ મારાથી નહિ. કર્મથી થાય છે. આહા..હા..! જેવું કર્મ ઉદયમાં આવે એવો અમારે વિકાર કરવો પડે. એ મૂઢ જીવ છે. એમ છે નહિ. સમજાણું કાંઈ? તારો શુભ-અશુભભાવ તારી પરિણતિમાં થાય છે એ તારાથી થાય છે. કર્મથી નથી. શું પરિણમનની યોગ્યતા તારી નથી તો કર્મ તને પરિણમાવે છે વિકારરૂપ? અને કર્મમાં કર્મરૂપ થવાની પર્યાય નથી? તો તારો રાગ એને કર્મરૂપ પર્યાય બનાવે?

'**સાંખ્યમતી પ્રકૃતિ-પુરુષને...**' પલટતા નથી માનતા એ સમજાવે છે. સમયસાર(ના) તો ગૂઢ અર્થ છે ભાઈ! આ સમયસાર તો વીતરાગની વાણી સર્વજ્ઞ પરમેશ્વર. એના મુખથી વાણી નીકળી એ કુંદકુંદાચાર્ય કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- સમકિત તો કહે છે ...

ઉત્તર :- હા એને ખબર છે. અહીં તો બેને અપરિણામી માને છે. પ્રકૃતિને પણ અપરિણામી માને છે એની વાત છે. આત્મા તો અપરિણામી ઠીક. આહા..હા..!

जीवे ण सयं बद्धं ण सयं परिणमीद कम्मभावेण।
जदि पोग्गलदव्वमिणं अप्परिणामी तदा होदि।।११६।।
कम्मइयवग्गणासु य अपरिणमंतीसु कम्मभावेण।
संसारस्स अभावो पसज्जदे संखसमओ वा।।११७।।
जीवो परिणामयदे पोग्गलदव्वाणि कम्मभावेण।
ते सयमपरिणमंते कहं णु परिणामयदि चेदा।।११८।।
अह सयमेव हि परिणमदि कम्मभावेण पोग्गलं दव्वं।
जीवो परिणामयदे कम्मं कम्मत्तमिदि मिच्छा।।११९।।
णियमा कम्मपरिणदं कम्मं चिय होदि पोग्गलं दव्वं।
तह तं णाणावरणाइपरिणदं मुणसु तच्चेव।।१२०।।

નીચે હરિગીત.

જીવમાં સ્વયં નહિ બદ્ધ, ન સ્વયં કર્મભાવે પરિણમે,
તો એવું પુદ્‌ગલદ્રવ્ય આ પરિણમનહીન બને અરે! ૧૧૬.
જો વર્ગણા કાર્મણ તણી નહિ કર્મભાવે પરિણમે,
સંસારનો જ અભાવ અથવા સમય સાંખ્ય તણો ઠરે! ૧૧૭.
જો કર્મભાવે પરિણમાવે જીવ પુદ્‌ગલદ્રવ્યને,
કયમ જીવ તેને પરિણમાવે જે સ્વયં નહિ પરિણમે? ૧૧૮.
સ્વયમેવ પુદ્‌ગલદ્રવ્ય વળી જો કર્મભાવે પરિણમે,
જીવ પરિણમાવે કર્મને કર્મત્વમાં-મિથ્યા બને. ૧૧૯.
પુદ્‌ગલદરવ જે કર્મપરિણત, નિશ્ચયે કર્મ જ બને;
જ્ઞાનાવરણઈત્યાદિપરિણત, તે જ જાણો તેહને. ૧૨૦.

જીવો પરિણામાવે છે એને. કર્મભાવો? જુઓ એમાં પણ આવ્યું. આહા..હા..!

એની ટીકા. શું બતાવે છે? અહીં પહેલા પુદ્‌ગલની વાત લીધી. જીવની પછી લેશે. કે આત્મા જ્યારે દોષ કરે છે મિથ્યાશ્રદ્ધા, અવ્રતભાવ, પુણ્ય-પાપનો ભાવ જે આત્મા કરે છે પર્યાયમાં. ત્યારે જે કર્મ બંધાય છે એ કર્મબંધનની પર્યાય શું કર્મ કરે છે? કે આત્માના રાગરૂપ પર્યાય કરે છે. આહા..હા..! ભારે વાતું! સમજાણું કાંઈ? જ્ઞાનાવરણીય આદિ કર્મ બંધાય

છેને? તો બંધને કાળે એ કર્મ પોતાની વર્ગણા જે રજકણ છે એ પોતાના કર્મરૂપ પર્યાયરૂપ પરિણમે છે કે આત્મા રાગ છે (તે) એને પરિણમાવે છે? સમજાણું કાંઈ? આત્માએ રાગ કર્યો, દ્વેષ કર્યો એ કારણે આત્માએ મિથ્યાદર્શન કર્યું વિપરીત માન્યતા. તો એ વખતે દર્શનમોહનીય કર્મ બંધાય છે. તો દર્શનમોહનીય બંધાવામાં શું મિથ્યાશ્રદ્ધા એ કારણ છે? એનાથી દર્શનમોહનીય બંધાય છે? ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ?

એમ સત્સ્વરૂપની અશાતના કરી. એવો ભાવ અજ્ઞાનીએ કર્યો. તો એ ભાવ દર્શનમોહ કર્મની પર્યાય એ ભાવ કરે છે? કે કર્મની પર્યાય પોતાથી થાય છે? આહા..હા..! કુંદકુંદાચાર્ય જેવા દિગંબર મુનિ. મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમોગણી, મંગલં કુંદકુંદાર્યો. ત્રીજે નંબરે આ આવ્યા ભગવાન. પહેલા તીર્થંકર ભગવાન, બીજે ગણધર, ત્રીજે કુંદકુંદાચાર્ય. જૈન ધર્મોસ્તુ મંગલં. કુંદકુંદાચાર્ય ત્રીજે નંબરે તીર્થંકર, ગણધર અને કુંદકુંદાચાર્ય. એ ફરમાવે છે. આહા..હા..! કે '**પુદ્ગલદ્રવ્ય જીવમાં સ્વયં નહિ બંધાયું થકું...**' એ કર્મના રજકણો પોતાથી પર્યાયરૂપ ન થયા અને બંધરૂપ ન થાય તો '**કર્મભાવે સ્વયમેવ ન પરિણમે,...**' આહા..હા..! બે વખત શબ્દ નાખ્યા છે. આમાં વાંધો છેને ઓલાને ભાઈને. રતનચંદજી. સ્વયં એટલે પોતે બસ. પોતાથી થાય અને એનાથી. આહા..હા..! પંડિતો પણ ક્યાં અટક્યા છે.

પુદ્ગલદ્રવ્ય એ કર્મનું રજકણ છે. ઝીણી ધૂળ માટી છે. જેમ આ શરીર છેને માટી. સ્થૂળ છે આ. એમ કર્મની વર્ગણા સૂક્ષ્મ છે જડ. તો એ વર્ગણા જ્યારે જ્ઞાનાવરણીરૂપ થાય છે પોતે. જો સ્વયં ન હોય તો સ્વયમેવ ન પરિણમે '**તો તે અપરિણામી જ ઠરે.**' તો કર્મ બદલતા નથી પુદ્ગલ એમ સિદ્ધ થશે. તો કર્મમાં બદલવું એનો સ્વભાવ છે એ નાશ પામશે. સમજાણું કાંઈ? આઠ કર્મની વર્ગણા છે આઠ. એક જ્ઞાનાવરણીય થવાને લાયક, દર્શનાવરણીય થવાને લાયક વગેરે. તો કહે છે કે એ કર્મ જે છે એ જ્ઞાનાવરણીય આદિરૂપ થાય છે એ પોતાથી ન થાય તો સ્વયં અપરિણામી થશે. બદલવાની અવસ્થા વિનાનો થશે. ઝીણી વાત છે. અભ્યાસ લોકોને તત્ત્વનો અભ્યાસ નથી. વાસ્તવિક જીવ અને અજીવ શું ચીજ છે? જીવની પર્યાય અજીવને બનાવતી નથી અને અજીવની પર્યાય જીવને બનાવતી નથી. તો લાદી-બાદી કરી શકે છે કે નહિ? આહા..હા..!

અહીં તો પરમાત્મા દિગંબર મુનિ કુંદકુંદાચાર્ય એમ કહે છે. સાંભળતો ખરો પ્રભુ એકવાર. કે જે કર્મની પર્યાય થનારી પુદ્ગલ સ્વયં પોતાથી બદલીને કર્મની પર્યાય ન થઈ હોય તો બદલવાપણું જ નથી. નિમિત્તરૂપ બંધ પણ ન થયો. એને કારણે ન બંધાય તો નિમિત્તરૂપ બંધ પણ સિદ્ધ થતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- એ ન પરિણમાવે તો કોણ?

ઉત્તર :- તો શું આત્મા પરિણમાવે એને? જેમાં શક્તિ નથી પરિણમવાની એને બીજો

કોણ પરિણમાવી શકે? અને પોતાની શક્તિ છે તો બીજાનું કામ શું છે ત્યાં? આહા..હા..! સમજાણું કાંઈ? ગાથાદીઠ ઝીણું છે. એકદમ લીધું કે કર્તા.. જેમ જ્ઞાનસ્વભાવ, ચૈતન્યસ્વભાવ વિકારનો કર્તા નથી એ સમ્યગ્દર્શન કહ્યું. પણ કહે છે કે રાગનો કર્તા આત્મા જ છે પર્યાયમાં. અજ્ઞાનીને રાગ-દ્વેષ થાય છે એ પોતાથી થાય છે.

મુમુક્ષુ :- પોતાનો દોષ ન જોવે ...

ઉત્તર :- હા, રાગ કર્મથી થયો શું કરીએ? કર્મનું જોર આવ્યું તો અમારે કરવું પડ્યું. મૂઢ છો? કર્મ શું કરાવે તારામાં? અને કર્મબંધન થાય એમાં તારો અધિકાર કાંઈ છે? સ્વયં ન બંધાય. કર્મ પોતાની પર્યાયથી ન થાય તો શું રાગાદિથી પર્યાય આવે? આહા..હા..! સમજાણું કાંઈ? આમાં બહુ નાખ્યું છે એ. એ તો કર્મ આત્મા જ ગ્રહે અને આત્મા જ છોડે. જેઠાભાઈ! જેઠાભાઈ એ છે કે નહિ વાત તમારે? છઠ્ઠી સાલમાં ગયા હતા તો એ વાત ચાલી હતી. ત્રિલોકનાથ તીર્થંકર કહે છે કે કર્મની વર્ગણાથી આત્મા રખડે છે. આઠ કર્મથી આત્મા ચોર્યાસીમાં રખડે છે. અહીં ભગવાન ના પાડે છે. તારી અપરાધ દૃષ્ટિથી તું રખડે છો. અને કર્મબંધન થાય છે એ એની પર્યાયને કારણે થાય છે. તારો વિકાર અને અપરાધ તે કર્યો એ અપરાધ કર્મને પરિણમાવે છે? શું પરિણમવાની શક્તિ એનામાં નહોતી? તો તે દીધી? અને છે તો પછી બીજાની અપેક્ષાની જરૂર શું છે? સમજાણું કાંઈ?

'**સ્વયં નહિ બંધાયું થકું...**' શું કહે છે? જરી ઝીણું છે હોં. રજકણો જ્ઞાનાવરણીયરૂપ પર્યાય થવામાં '**સ્વયં નહિ બંધાયું થકું કર્મભાવે સ્વયમેવ ન પરિણમે, તો તે અપરિણામી જ ઠરે. એમ થતાં, સંસારનો અભાવ થાય.**' કર્મનું જડનું નિમિત્ત જ નથી. સમજાણું કાંઈ? પરિણમનનું નિમિત્ત નથી તો અહીં વિકાર પણ નથી પોતાથી. સંસારનો અભાવ થઈ જશે. આહા..હા..! સમજાણું કાંઈ? વિકારી પરિણામ જીવમાં છે એ પોતાથી છે. અને કર્મની પર્યાય બંધાય છે એ એનાથી છે. આત્મા કર્મ બાંધે. આવે છે કે નહિ '**जोगा पयडिदेसा**' દ્રવ્યસંગ્રહમાં. .. હા. એમ મોઢે તો બહુ કર્યું હતું. '**जोगा पयडिदेसा**' આત્માનું કંપન જેવું છે એવું પ્રકૃતિ અને પ્રદેશ રજકણ આવે છે. અહીં એ ના પાડે છે.

મુમુક્ષુ :- એ તો એને કારણે આવે છે.

ઉત્તર :- એને કારણે આવે છે. આ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું. પણ સ્થિતિ, કષાય અને રસ. જેની સ્થિતિ અને રસ કષાયથી બંધાય છે. કષાય થયો પોતાની પર્યાયમાં અને કર્મની સ્થિતિ અનુભાગ પડ્યો કર્મમાં. તો કષાયથી એમાં સ્થિતિરસ પડ્યો છે? આહા..હા..! બેય સ્વતંત્ર .. છે. કાંતિભાઈ! બહુ ઝીણું છે આ. આ તો અમારે શાંતિભાઈને કહું ધનબાદ. એના ભાઈ ક્યાંક જાય અને આને ક્યાંક રહેવું. કહો, સમજાણું કાંઈ? મોટાભાઈ નાનાભાઈને સમજાવે નહિ જરી? પણ અહીં તો ના પાડે છે કે કોણ સમજાવી શકે? એમ કહે છે.

મુમુક્ષુ :- સમજાવાનો ભાવ કરે.

ઉત્તર :- ભાવ કરે પણ ઓલો કાંઈ ભાવને લઈને સમજી જાય? એની પરિણતિ એની પાસે છે. આહા..હા..!

કહે છે કે **'એમ થતાં, સંસારનો અભાવ થાય. (કારણ કે પુદ્‌ગલદ્રવ્ય કર્મરૂપે ન પરિણમે તો જીવ કર્મરહિત ઠરે;...'** કર્મરહિત સિદ્ધ થયો. વિકારમાં નિમિત્ત છે અને નિમિત્ત સ્વતંત્ર છે એ તો સિદ્ધ થયું નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! **'તો પછી સંસાર કોનો?) અહીં જો એમ તર્ક કરવામાં આવે કે ''જીવ પુદ્‌ગલદ્રવ્યને કર્મભાવે પરિણમાવે છે...'** હવે અહીંથી પ્રશ્ન ઉઠાવ્યો. કે કર્મ પોતાની જડપર્યાય જડ શું કરે જડને? જડને ક્યાં ખબર પડી કે એણે આ રાગ કર્યો માટે અમારે કર્મે પરિણમવું પડ્યું? ખબરની શું જરૂર છે? ખબરની જરૂર હોય તો એકેય દ્રવ્ય સિદ્ધ નહિ થાય તો જડ સાબિત જ નહિ થાય. જડમાં એવી તાકાત છે કે સ્વયમેવ કર્મરૂપ પરિણમને કર્મ થાય છે. આત્માનો રાગ અને વિકારની અપેક્ષા કર્યા વિના. આહા..હા..! એ અજીવની કર્મની પર્યાય સ્વતંત્ર છે એમ સિદ્ધ કરે છે. કર્મ એને કારણે બંધાણા. તારાથી નહિ. તે બાંધ્યા નથી અને અને કારણે બંધાણા તો સ્વતંત્ર દશા વિકારની તે કરી. નિમિત્ત ન હોય તો વિકાર પણ નથી આત્મામાં. વિકાર નથી તો સંસારનો અભાવ થઈ જશે. સંસારનો અભાવ થતાં મોક્ષનો પણ અભાવ થઈ જશે. એટલે કર્મ કર્મરૂપ થાય છે, તું તારા વિકારરૂપ થાય છે. એવો નિર્ણય કરવો એ વસ્તુનું સત્‌સ્વરૂપ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક વદ-૧૧, શુક્રવાર, તા. ૦૧-૧૨-૧૯૭૨
## ગાથા-૧૧૬ થી ૧૨૫, કળશ-૬૪, પ્રવચન-૨૩૯

અહીં સુધી ચાલ્યું છેને? ટીકા છેને? અહીંયાં તો એમ સિદ્ધ કરે છે કે આત્મા અને પરમાણુ કર્મ બે ભિન્ન ચીજ છે. બે દ્રવ્ય છેને? એક જીવતત્ત્વ અને એક અજીવતત્ત્વ. એક જ જીવતત્ત્વ છે એમ નથી. એક અજીવતત્ત્વ છે. ત્યારે કહે છે કે એ કર્મરૂપે જે અજીવ

થાય એ કોણ એ કર્મરૂપે પરિણમાવે છે એને? જડકર્મરૂપે થાય એને પરિણમાવે કોણ? બદલાવે કોણ?

**'જો પુદ્‌ગલદ્રવ્ય જીવમાં સ્વયં નહિ બંધાયું થકું...'** એ પુદ્‌ગલદ્રવ્ય પોતાથી પરિણમીને જો રજકણપણે, કર્મપણે ન થાય તો **'કર્મભાવે સ્વયમેવ ન પરિણમે, તો તે અપરિણામી જ ઠરે.'** તો પરમાણુઓ બદલતા ન હોય એમ અપરિણામી ઠરે. **'એમ થતાં, સંસારનો અભાવ થાય.'** જ્યાં કર્મ જ નિમિત્ત નથી ત્યાં સંસાર હોઈ શકે નહિ. સંસાર કોનો? **'અહીં જો એમ તર્ક કરવામાં આવે કે ''જીવ પુદ્‌ગલદ્રવ્યને કર્મભાવે પરિણમાવે છે...'** જીવ પોતે રાગ-દ્વેષ કરે એથી કર્મને જીવ પોતે કર્મપણે પરિણમાવે. કર્મની વર્ગણા હોય. જેમ લોટ હોય પણ એને લોટની રોટલી બાંધે છે. એ તો જીવ સ્ત્રી બાંધેને આમ કેળવણી કરીને? કહો, સમજાણું કાંઈ? લોટને બાંધીને કેળવે છે કે નહિ. કેળવે? એ કેળવે છે તો બાઈને? કહો કુંભાર ઘડો કરે નહિ ભલે, માટીથી થાય, પણ એનો આકાર તો કુંભાર લાવેને ઘડાનો? તો એની મેળાએ આવી જાય આકાર કહે છે? કે એનામાં પરિણમવાનો સ્વભાવ છે તો એની મેળાએ આવે એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- આ બેસી જવું જોઈએ.

ઉત્તર :- આ બેસી જાવું જોઈએ. આહા..હા..!

**'''જીવ પુદ્‌ગલદ્રવ્યને કર્મભાવે પરિણમાવે છે તેથી સંસારનો અભાવ થતો નથી'',...'** એમ શિષ્યનો પ્રશ્ન છે. રાગ-દ્વેષ કરે તેવો જીવને પણ પરિણમાવે કર્મને બાંધવામાં. **'તો તેનું નિરાકરણ બે પક્ષ લઈને કરવામાં આવે છેઃ- શું જીવ સ્વયં અપરિણમતા પુદ્‌ગલદ્રવ્યને કર્મભાવે પરિણમાવે...'**

મુમુક્ષુ :- .. વસ્તુ ન કરે.

ઉત્તર :- કરે છેને ખબર છેને. આહા..હા..! અહીંયાં તો આત્મા વસ્તુ જે આત્મા છે એ તો સચ્ચિદાનંદ શુદ્ધ આનંદસ્વરૂપ. એને ભૂલીને અનાદિથી પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષના વિકલ્પો કરે એ અધર્મ ઉભું કરે છે. એ અધર્મ થાય ત્યારે સામે કર્મ બંધાય છે. તો એ કર્મ જે બંધાય એ આત્મા એને બાંધે કે કર્મ પોતાની મેળાએ બંધાય? એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- .. શું ખબર પડે તો કર્મરૂપે થાય?

ઉત્તર :- પર્યાય ધર્મ નથી એનો? ઘણા રજકણોમાંથી જેને કર્મરૂપે થવાનું હોય એ પોતાની મેળાએ પરિણમે કર્મરૂપે. ઝીણી વાત છે. તત્ત્વજ્ઞાન ઝીણું છે. સમજાણું કાંઈ? એક કાગળ આવ્યો છે એવો કોક રાજકોટનો. ભાઈનો કોક હશે અજાણ્યા. આપણે તો ઓળખતા નથી. કે તમારી વાત મેં પૂછી મારા ભાઈને. જયંતિલાલ વજુભાઈ કોકે લખ્યું છે કોઠારીએ રાજકોટ.

જયંતિલાલ વજુભાઈ. એમ છે એનું નામ. રાજકોટ. એમ કે તમારી વાત મેં મારા ભાઈને પૂછી કે ભાઈ કાનજીમુનિનું શું? ભાઈ એ તમે ન સમજો એમ કહે. અમારા ભાઈ એમ કહે. પછી સગાવહાલા બધા તમારા પ્રેમી છે. એને પૂછયું એ કહે તમને ન સમજાય. હું બે દિ' સાંભળવા ગયો ત્યાં. કાંઈ ન મળે તત્ત્વજ્ઞાનની વાતું. મને તત્ત્વજ્ઞાનમાં રસ નથી. મારે તો પરમાત્મા શું કહે છે એ પરમાત્મા થાવું છે. આહા..હા..! હજી વસ્તુની ખબર નથી એને પરમાત્મા થાવું છે. વળી પાછું એવું લખ્યું છે કે તમે મને લખો. હું ત્યાં આવું. તમે દિવસે ન મળે રાતે. અરે..! દિવસે બાયુને બેસવાના ઠેકાણા નથી ત્યાં રાતે કોણ? આવા ને આવા બધા ઠેકાણા વિનાના. સમજાણું કાંઈ? તમારા તત્ત્વજ્ઞાનમાં મને રસ નથી. લ્યો! તત્ત્વજ્ઞાનનો રસ નથી ત્યાં હવે તત્ત્વનું સમજાય શી રીતે? હું કોણ છું આમાં?

મુમુક્ષુ :- કોણ બાઈનો પ્રશ્ન હતો?

ઉત્તર :- બાઈ છે કોક. ..ની છે. આવો પ્રશ્ન હતો. આપણે કાંઈ .. નથી. આવે મફતમાં. તું કોણ છો અને કઈ રીતે તારામાં થઈ રહ્યું છે? કે હું તો એક આત્મા છું. તો આત્મા છું તો શું એમાં ધર્મ અને આનંદરૂપે થાય છે જીવ? આનંદરૂપે હોય તો તેને સુખ હોવું જોઈએ આત્માનું. ત્યાં તો દુઃખ છે એને. રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપ વિકલ્પો કરે છે. એ તો દુઃખ છે. એ કાંઈ આત્માનો સ્વભાવ નથી. જો સ્વભાવથી વિરુદ્ધ ન હોય તો તને દુઃખ ન હોવું જોઈએ.

મુમુક્ષુ :- એ તત્ત્વજ્ઞાન આપણને..

ઉત્તર :- એને ... આવા ને આવા. ભાઈ અહીં તો આત્માની વાત છે. જેને જોતી હોય એ સાંભળે. એકાંતમાં નથી અને એકાંતમાં છે કાંઈ? એકાંત કોઈની સાથે કરતા નથી કાંઈ. આહા..હા..! અરે..! ભગવાન!

કહે છે, ભાઈ તું આત્મા છો? છો તો એનું સ્વરૂપ શું? એનો ત્રિકાળી સ્વભાવ શું? તો ત્રિકાળી સ્વભાવ સચ્ચિદાનંદ. સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદ આદિ સ્વભાવ એનો શાશ્વત છે. હવે એ તને જો ભાનમાં આવ્યા હોય તો તને આનંદ હોવો જોઈએ. અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન આત્મા છે. એ આનંદ હોવો જોઈએ. તો આનંદ તો નથી. આ તો ઈચ્છાથી આ કરું, બાયડીથી આ કરું, આમ રળું, વિકારના ચોચલા છે બધા. સમજાય છે કાંઈ? જો એ વિકાર ન હોય તો તને આનંદ હોવો જોઈએ. આત્મા આનંદની મૂર્તિ છે પ્રભુ. સચ્ચિદાનંદ અતીન્દ્રિય આનંદની કાતળી છે એ તો. આહા..હા..! સમજાય છે કાંઈ? જો એ આનંદની અનુભવ દશા નથી તો તને વિકાર છે એમ નક્કી થાય છે. આહા..હા..! ઈચ્છા થાય છે કે આ હોય તો ઠીક... આ હોય તો ઠીક... આ હોય તો ઠીક... એ દુઃખ છે. ઈચ્છા માત્ર દુઃખ છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

ત્યારે હવે અહીંયાં કહે છે કે એ ભૂલેલો જીવ, પોતાની જાતને ભૂલ્યો છે. ભૂલ્યો ન હોય તો આ પરિભ્રમણ હોઈ શકે નહિ. એ ભૂલેલાના ભાવને જીવ કરે ત્યારે કર્મબંધન થાય છે કે નહિ? આત્મા રાગમાં અટક્યો ત્યારે કાંઈક પરમાણુ જડ બંધાય છે કે નહિ ત્યાં? ઝીણી વાત છે. બીજી ચીજ છે. જુઓને બુદ્ધિ વિનાના માણસ હોય સાધારણ. સાધારણ એટલે બુદ્ધિના બારદાન જેવા. કોથળા જેવા. પણ છતાં મહિને લાખ-બબ્બે લાખ પેદા કરે. તો એ શું સૂચવે છે? કે એની પાસે પૂર્વનું બાંધેલું કોઈ કર્મ છે. સમજાય છે કાંઈ? કે એના પાકકાળે બધી સોગઠી ગોઠવાઈ જાય. એના ડહાપણથી ગોઠવાય એમ નહિ. આહા..હા..! અને બુદ્ધિના ખાં હોય મોટા. મહિને બે હજાર પેદા કરવા હોય તો પરસેવા ઉતરતા હોય. તો એ કાંઈ પૈસા મળવા એનું કારણ કોઈ ચીજ છે કે નહિ કોઈ? એકને રોગ થાય, એક નિરોગી રહે, એક નિર્ધન છે, એક સધન છે. તો એના કોઈ કારણ છે કે નહિ? શું આત્માનો ગુણ કારણ એમાં હોય? આત્મા તો પવિત્ર છે. એની ભૂલમાં એણે ભૂલ કરી છે. એ ભૂલનું નિમિત્ત બાંધીને રજકણો કર્મરૂપે ત્યાં થાય છે. સમજાણું કાંઈ? એ આત્મા એને કરતો નથી. એ ભૂલ કરે, પણ ભૂલનો ફોટો પડે સામે એને એ ન કરે. સમજાણું કાંઈ? ઝીણી વાતું બહુ ભાઈ!

કહે છે કે એ '''**જીવ પુદ્ગલદ્રવ્યને કર્મભાવે પરિણમાવે છે...**' '**શું જીવ સ્વયં અપરિણમતા...**' એ રજકણો કર્મરૂપે થવાને લાયક નથી એને આત્મા કર્મરૂપે કરે? તો કહે છે ... કે પોતે પરિણમતો નથી એને પરિણમાવે કે સ્વયં પરિણમતાને પરિણમાવે? '**પ્રથમ, સ્વયં અપરિણમતાને પર વડે પરિણમાવી શકાય નહિ;...**' જે કર્મના રજકણો કર્મરૂપે થવાને લાયક ન હોય એને આત્મા એને કર્મરૂપે કરાવે એમ બની શકે નહિ. જે માટીમાં ઘડો થવાની શક્તિ નથી એ કુંભાર ઘડાની શક્તિને કરે એમ બની શકે નહિ. આહા..હા..! ભારે તત્ત્વ સૂક્ષ્મ ઘણું. '**સ્વયં અપરિણમતાને પર વડે પરિણમાવી શકાય નહિ;...**' સ્વયં જે રજકણો કર્મરૂપે થવાને લાયક નથી એને જીવ લાયક કરે એમ બની શકે નહિ. સમજાણું કાંઈ? પોપટ આદિને ગમે તેવું શીખવો તો એની શક્તિ પ્રમાણે શીખશે. બગલાને શીખવો તો? બગલો પણ જીવ છેને અંદર? બગલાને પરિણમાવી શકાય છે? એની યોગ્યતા ક્યાં છે? એની પોતાની યોગ્યતા જોઈએને. એમ જીવ અનાદિથી પોતાને ભૂલી અને રાગ અને દ્વેષના વિકલ્પો, પુણ્ય અને પાપના વિકાર કરે છે એ દુઃખ છે, ભૂલ છે. એ ભૂલને કરે અજ્ઞાનભાવે. પણ એ વખતે કર્મ બંધાય ભૂલનું નિમિત્ત પામીને. એ કર્મબંધનની પર્યાય ન પરિણમતિ હોય એને પરિણમાવે? અને પરિણમતિ હોય એને પરિણમાવે એની તો અહીં જરૂર રહેતી નથી. જે કર્મરૂપે થાય એને બીજી શક્તિની કાંઈ જરૂર છે નહિ. કહો, હીરાલાલભાઈ! આહા..હા..! કહો, આ લાદીના પથરા થાય છેને તમારે ત્યાં. એ પથરા થાય છે કે એની

મેળાએ થાય છે કે ત્યાં ઓલો કારીગર કરે છે કહે છે? આહા..હા..! તત્ત્વની વાતું એવી ઝીણી છે.

મુમુક્ષુ :- પરમાણુ સ્વતંત્ર...

ઉત્તર :- એક-એક રજકણ કર્મનો પરમાણુ તે કાળે તેરૂપે થવાને સ્વતંત્ર છે. અને આત્મા એને એ રીતે કર્મરૂપે પરિણમાવે બિલકુલ જૂઠી, સો ટકા જૂઠી વાત છે. તો હજી તત્ત્વની ખબર ન મળે એને ધર્મ થઈ જાય (એમ નથી). અનાદિથી ચોર્યાસીના અવતારમાં અનંત-અનંત ભવ કરતો કરતો રઝળતો આવે છે. આહા..હા..! આદિ વિનાની કાળ અનાદિ આત્મા. આત્મા નવો થાય છે? અનાદિનો છે. ગયો ક્યાં? રહે છે ક્યાં? આ ચોર્યાસીના અવતારમાં ઝોલા ખાય જ્યાં-ત્યાં. માણસ ને ઢોર ને કીડી ને કાગડા ને કૂતરાને. એ ભૂલને લઈને એ રખડે છે કહે છે. કર્મને લઈને નહિ. અને ભૂલ કરે માટે કર્મપણે એ જીવ કરે એમ પણ નથી. સમજાણું?

**'સ્વયં અપરિણમતાને પર વડે પરિણમાવી શકાય નહિ; કારણ કે (વસ્તુમાં) જે શક્તિ સ્વતઃ (પોતાથી જ) ન હોય તેને અન્ય કોઈ કરી શકે નહિ.'** જેને બદલવાની શક્તિ જ પોતામાં નથી એને આત્મા બદલાવે એમ કોઈ દિ' ત્રણ કાળમાં હોઈ શકે નહિ. **'(માટે પ્રથમ પક્ષ અસત્ય છે.)'** નહિ પલટતાને પલટાવે, કર્મરૂપે નહિ થવાને કર્મરૂપે કરે જીવ એમ બની શકે નહિ. **'અને સ્વયં પરિણમતાને તો પર (અન્ય) પરિણમાવનારની અપેક્ષા ન હોય;...'** પરની. જ્યારે રજકણો આ જેમ જાડી ધૂળ છે આ. એમ અંદર ઝીણી કર્મની રજકણની ઝીણી ધૂળ છે. આહા..હા..! આવું તે! એને કર્મરૂપે થવાની લાયકાતથી જો થાય તો પરની અપેક્ષાની જરૂર છે નહિ. પંડિતજી! ન્યાયથી, લોજિકથી ન સમજે તત્ત્વને અને એમ ને એમ ઉંધેકાંધ આખો જન્મારો ગયો અને અનંતકાળ ગયો એનો. સમજાણું કાંઈ? કોઈ તો એમ જ કહે કે પણ આત્મા તો આત્મા છે એ ભૂલ હોય? પણ આ ભૂલ ન હોય તો આ રખડે છે કોણ? આત્મા તો જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ છે. આનંદસ્વરૂપ છે એ તો એનો ત્રિકાળી સ્વભાવ છે. પણ આ ભૂલ ન કરે તો આ રખડે કોણ આ ચાર ગતિમાં દુઃખી થઈને રખડે છે. એ ભૂલ છે. એકલો આત્મા શુદ્ધ છે એમ છે નહિ. સ્વભાવે શુદ્ધ છે, પણ વર્તમાનદશાએ અશુદ્ધ મલિનભાવ કરે છે તે કાળે કર્મના રજકણો કર્મરૂપે થાય. થનારને આ કરી શકે એમ નહિ, નહિ થનારને કરી શકે એમ નહિ એમ કહે છે. અરે..! કહો, સમજાણું કાંઈ?

પરની જરૂર નથી. જુઓને આમાં તો ચોખ્ખી વાત છે. **'સ્વયં પરિણમતાને તો પર (અન્ય) પરિણમાવનારની અપેક્ષા ન હોય; કારણ કે વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી.'** આહા..હા..! ભારે! ઉડી ગયું બધું. ઝીણી વાતું, ભાઈ! લોટમાંથી રોટલી

થાય એ રોટલી થવાની એની શક્તિથી થાય છે. એ વેરણું અને સ્ત્રી કરી દે. આકાશમાંથી ઉતારેને આકાશની બનાવેને રોટલી. સમજાણું કાંઈ? એ રજકણો જે લોટના છે એ જ બદલીને રોટલી થાય છે. એ બદલવાના જીવનો અધિકાર નથી. ન બદલતી હોય તો અધિકાર નથી. બદલતી હોય તો પરની અપેક્ષા નથી. આહા..હા..! બે દ્રવ્ય માને જડ અને ચૈતન્ય જુદા. તો બે વચ્ચે ભૂલ થાય એને કર્મ બંધાય અને કર્મ બંધાય એ સ્વતંત્ર પોતાને કારણે બંધાય. આવી જ્યાં સુધી સત્ય અને અસત્યના નિર્ણયના જ્યાં ઠેકાણા નથી. એને ધર્મ થઈને જન્મ-મરણ મટે (નહિ) સમજાણું કાંઈ? આહા..હા..!

આ પૈસા મળવામાં પણ આટલી મહેનત પડતી નથી હોં. એ તો ઓલા પૂર્વના પુણ્ય હોયને તો વધશે તો ત્યાં લઈ ગયા મુંબઈ. આહા..! અંદર ચૈતન્યઘન સ્વયં પ્રભુ. સચ્ચિદાનંદ સ્વરૂપ છે અનાદિ. આદિ વિનાનું તત્ત્વ છે. નવું થાય છે એ? એની શરૂઆત હોય છે આત્માની? નાશ હોય છે એનો? ભવિષ્યમાં નાશ થશે? અવિનાશીનો નાશ કેવો? એની દશામાં અનાદિથી આનંદમૂર્તિ પ્રભુ હું છું એવું ન ભાનને લઈને, પરમાં સુખ છે એવી બુદ્ધિથી ત્યાં ભ્રમણાથી રખડી રહ્યો છે. એ પોતામાં સુખ છે તેનો એ અનાદર કરી રહ્યો છે. આહા..હા..! આ સારા દીકરા થાય સોભાગને. પુત્રનો અર્થ એવો લખે છે લ્યો કેટલાક. પુત્ર કોને કહેવાય? કે બાપને પવિત્ર કરે તો પુત્ર કહેવાય. એમ લખે છે. કરી શકતો હશે? પણ આ બધા મરી જાય છે. છોકરા શ્રાદ્ધ નાખે છે. મરી ગયા એ બધા કાગડા થતા હશે? નાખે છેને ઓલા ભાદરવા વદમાં શું કહેવાય એ? એ બધા મરી ગયેલા કાગડા થતા હશે? છેક ત્યાં ખાવા આવતા હશે! આ અજ્ઞાનીઓની ભ્રમણા તે કાંઈ ભ્રમણા. બ્રાહ્મણો ઓલા લોટ લેવા માટે, સીધા લેવા માટે આવા લાકડા શોધી કાઢ્યા. એને સીધું મળે અને આને સમાધાન થાય કે અમારા મા-બાપ...

મુમુક્ષુ :- એનું નામ વાસ નાખી કહેવાય વાસ.

ઉત્તર :- કોને પણ કાગડાને?

મુમુક્ષુ :- કાગડાને નહિ, એ કાગડો ખાઈને એના બાપાને દઈ આવે.

ઉત્તર :- ત્યાં દઈ આવતા હશે? આહા..હા..! હવે અહીં સામો ઉભો હોય અને પાણી આમ નાખે મોઢમાં પચતું નથી. તો ત્યાં દેવા જાતા હશે? મૂર્ખના ગામ તે કાંઈ જુદા હશે? મૂર્ખના ગામ કાંઈ જુદા હોય નહિ. ગામદીઠ મૂર્ખ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે. આહા..હા..! ભાઈ! તું પ્રભુ છોને, પણ તારી પ્રભુતાની તને ખબર નથી. એને લઈને અજ્ઞાનમાં રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપના ભાવ કરી મિથ્યાભ્રમથી તું રખડી રહ્યો છો. એ રખડવામાં કર્મનું નિમિત્ત છે. એ કર્મ એની મેળાએ બંધાય છે તારે કારણે નહિ. એમ અહીં સિદ્ધ કરવું છે. આહા..હા..! હવે જ્યાં જેવા રાગ-દ્વેષ કરે એવા જ કર્મ

બંધાય, એનો પણ જ્યાં કર્તા નથી એ આ દુનિયાના કામ કરતો હશે આ બધા. દુકાનના ધંધાને. નહિ? ૨૨-૨૨ માળના મકાન ચણે કોણ? પૂનમચંદ મલૂપચંદ. આનો દીકરો. આ મુંબઈમાં જોબાળિયા પૂનમચંદ મોટા-મોટા.

મુમુક્ષુ :- જોબાળિયા નહિ શાહ-શાહ.

ઉત્તર :- શાહ કરી નાખી એમ? છે તો જોબાળિયા બધા. આ એનો બાપ છે. શાહ પણ નથી અને જોબાળિયો પણ નથી. આહા..હા..! એ તો આત્મા પ્રભુ જ્ઞાનાનંદની મૂર્તિ છે. અને અતીન્દ્રિય આનંદનો કંદ આત્મા છે. એની ખબર વિના શરીર મારા, પુણ્ય મારા, પૈસા મારા, ધૂળધમાહા, પાંચ, પચાસ, સો, લાખ કરોડ, બે કરોડ, પાંચ-દસ કરોડ થાય. અમે સુખી છીએ. ધૂળમાંય નથી સાંભળને. એય..! પાડા જેવા કહે છે એને અહીં તો. પાડાને જેમ ભાન નથી. આહા..હા..! કાંતિભાઈ! ભાઈ ભગવાનના તો ઘર જુદા હોયને.. ભાઈ! તને ખબર નથી હોં! તારામાં આનંદ ભર્યો છે. આહા..હા..! એ મૃગલાની નાભીમાં કસ્તુરી. એ મૃગલાની કિંમત એને છે નહિ. જેની નાભીમાં કસ્તુરી. મૃગને ખબર નથી કે આ કસ્તુરી મારી પાસે છે. બહારમાં ગોતવા જાય મૂઢ. એમ અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ એના સુખને માટે બહાર ગોથા ખાવા જાય. બાયડીથી સુખ થાશે, વિષય લઈએ તો રમત કરીએ એમાં આનંદ આવશે. મૂર્ખના તે કાંઈ ગામ જુદા છે આ? પૈસા કાંઈ ઢગલા ધૂળ થાય કરોડ, બે કરોડ. આખો દિ' ઘૂંચાઈને નવરો ન થાય. એમાં વળી કાંઈક દાન દેતો હોય પાંચ-પચ્ચીસ હજારનું. જુઓ તમારે મોઢા આગળ બેસાડે તો ફુલીને ડોડો ત્યાં. આવો... આવો... આવો... કરે. પૈસા લેવા હોય તો મોઢા આગળ બેસાડી ખુરશીએ. એય..! પોપટભાઈ! આ જુઓને બિચારા રામજીભાઈ કહી ગયા હતા હોં એકફેરી. રામજી હંસરાજ. ત્રણ-ચાર-પાંચ કરોડ રૂપિયા છે. આ મરી ગયોને એનો છોકરો છે આ પૂનમચંદ. એ કહી ગયા હતા એકફેરી મારે હવે છેલ્લું તો અહીં રહેવું છે હોં. પણ મારી નાખે આ જગત. જગત મારતું હશે? જ્યાં-ત્યાં હુંફ ચડે બેસાડે મોઢા આગળ. લ્યો શેઠસાહેબ! આમાં આ કરવું છે, આ દયા મંડળીમાં આમ છે, ઢીંકણામાં આમ છે. આપણે કાંઈક પહેલો. શું કહેવાય એ ભાષા? આપણને બહુ આવડે નહિ. પહેલું તમારે માંડવું પડશે. કે જેથી બીજા ભરી શકે. સમજાણું કાંઈ? ખરડો-ખરડો. આહા..હા..! ફાળો-ફાળો.

મુમુક્ષુ :- એની શરૂઆત આપનાથી જ થાય.

ઉત્તર :- આપનાથી થાય. આપનું નામ મોટું એટલે પાછળથી ખરડો અમારે ઠીક ભરાય. શેના? ધૂળમાં સાંભળને હવે મારા. મરી ગયો આમ ને આમ. એ તો પૈસા તો જડ છે. જડ મારા માનીને આપે એ તો જડને જીવ માન્યો. અજીવને જીવ માન્યો એમાં મિથ્યાત્વ આવે છે. આહા..હા..! પોતે સ્વરૂપને ભૂલીને જે ભાન વિનાની દશા પ્રગટ કરે એ વખતે

કર્મ બંધાય તો અહીંયાં આચાર્ય મહારાજ કહે છે કે કર્મના રજકણો કર્મરૂપે પરિણમવાને લાયકવાળા પરિણમ્યા? કે નહિ લાયકવાળા પરિણમ્યા? જો ન લાયકવાળા હોય તો બીજો લાયકાત આપી શકે નહિ અને એના લાયકાતથી થયા હોય તો બીજા લાયકાતની જરૂર નથી. સમજાણું કાંઈ? કહો, ગીરધરભાઈ! નહિ? આ બધા તમે કાર્યકર્તા હતાને? એ તો વળી .. ઓલા શું કહેવાય તમારા પક્ષકાર? કોણ પક્ષ શું મોરાર. મોરારજીના પક્ષના કહે. એવું સાંભળ્યું હતું. કોક એમ કહેતું હતું. આપણને કાંઈ ઓઘે-ઓઘે કોક કહે તો સાંભળીએ. મોરારજીના પક્ષના હતા એમાં હારી ગયા મોરારજી એટલે આ બધા પણ હારી ગયા. કોણ હારે અને કોણ જીતે? આહા..હા..! ત્યાં અમે હતાને દહેગામમાં નહિ? તે ઘનશ્યામભાઈ કાંપમાં છેને મોટા?

મુમુક્ષુ :- મોટા ભાઈના દીકરા.

ઉત્તર :- ઘનશ્યામભાઈ અમારા ગામના. ઉમરાળામાં જન્મ છે એનો. એ આવ્યા હતા દર્શન કરવા. તે દિ' એનું હતું કાંઈક એ તમારે શું કહેવાય? ચુંટણીનું. છેલ્લો દિ' હતો. વ્યાખ્યાનમાં આવ્યા હતા. છેલ્લે વ્યાખ્યાન પૂરું થયું ત્યારે. ઉમરાળાના છે જન્મગામ. પછી હવે અમે રહીએ છીએ બહાર. ત્યારે તેની જીત હતી શું કહેવાય એ? ચુંટણીની. એય..! મોટો વરઘોડો નીકળ્યો. દહેગામની વાત છે આ. દહેગામમાં હતા તે દિ'. હો..હા... હો..હા.. આમ ને આમ બિચારા ફુલીને ડોડા થઈ જાય. અરે..! તું તો આનંદનો નાથ પ્રભુ તને પરને લઈને પ્રસન્નતા કેમ આવી તને? એ પરને લઈને પ્રસન્નતા એ ભ્રમણા અજ્ઞાન છે. એ વખતે કર્મ જે બંધાય એને બાંધનારો તું નહિ. તારા અજ્ઞાનના ભાવને કરનારો તું. આવી સ્વતંત્રતા સત્‌ની છે. એવી જ્યાં સુધી એને ખબર ન પડે ત્યાં સુધી સત્‌ના શરણમાં આવી શકે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

**'તેને અન્ય કોઈ કરી શકે નહિ.'** જુઓ આ શું કહે છે? માટીમાં ઘડો થવાની શક્તિથી ઘડો થાય તો એને કુંભારની જરૂર નથી એમ કહે છે. જગતને તો ભ્રમણા લાગે. આ કુંભાર વિના ઘડા થતા હશે? સાંભળને હવે. એ માટી પોતે જ પલટીને ઘડારૂપે થાય છે. કુંભાર પલટીને ઘડારૂપે થાય છે? સમજાણું કાંઈ? કહો, તમારે લાદીમાં નાખેને ઓલા શું કહેવાય? દાણા. છાંટે દાણા. કોણ નાખે? નાખે કોણ? એની લાયકાતથી એ રજકણો ત્યાં પડે છે. એનો પરમાણુ બદલવાનો એવો સ્વભાવને બીજો બદલાવી શકે નહિ. અને બદલતા હોય એને બદલાવાની જરૂર નથી. આહા..હા..! આવું સત્ છે, પણ જગતની આંધળી દોડે. મુઠીયું વાળીને આંધળી દોડે દોડ્યા છે માળા. જાવું છે ઉગમણે અને દોડ્યો છે આથમણે. આહા..હા..! અરે..! આવો મનુષ્યનો દેહ એ જો હારી ગયો તો શાસ્ત્ર તો કહે છે કે જેની બે હજાર વર્ષની ત્રસની સ્થિતિ રહેશે. ત્રસમાં રહેવાનો કાળ જ બે હજાર છે. ત્રસ એટલે માણસ, દેવ, ઢોર, પશુ થાય પંચેન્દ્રિય બે હજાર સાગર વર્ષ રહે. પછી મરીને એકેન્દ્રિય નિગોદ

આદિ આ વનસ્પતિમાં જશે. એ મોટું થાવું છે ત્યાં. આહા..હા..! અરે..! એને ક્યાં વિચાર છે અંદર? સમજાણું કાંઈ? આવો ખુલાસો અહીં છે છતાં મારા તકરાર કરે. નિમિત્તને લઈને થાય.

મુમુક્ષુ :- એનો અર્થ એમ કે જુદો કરે છે.

ઉત્તર :- કહો, અર્થ જ .. કરે છેને એ. સ્વયં નહિ. આહા..હા..!

'કારણ કે **વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી.**' જે પોતાથી પરિણમે એને બીજો પરિણમાવે, પોતાથી થાય એને બીજો કરે એ ત્રણ કાળમાં બનતું નથી. અજ્ઞાનીની મૂઢતાનો પાર નથી. એને લઈને એ બીજાને કરું એવું એ માને છે. '**તેથી પુદ્‌ગલદ્રવ્ય પરિણમનસ્વભાવવાળું સ્વયમેવ હો.**' એ રજકણો જ કર્મરૂપે થવાને લાયક છે તો હો. કહો, સમજાણું કાંઈ? '**એમ હોતાં (હોવાથી), જેમ ઘડારૂપે પરિણમેલી માટી...**' જુઓ, દાખલો આપ્યો છે. ઘડારૂપે થયેલી માટી '**જ પોતે ઘડો છે...**' કે કુંભાર ઘડો છે? કહેવાય તો કુંભાર-કુંભાર. કુંભકાર-ઘડાનો કરનાર જુઓ ભાષા તો એવી છે. આકરું કામ છે ભાઈ! એક આ જડ-માટી છે. એને કેમ થવું, રહેવું એ તો એને કારણે છે. આત્માને કારણે હોય તો રોગ આવવા કોણ દે? આહા..હા..!

એક બાઈને થયું હતું ઘણા વર્ષની વાત. આ લાઠીવાળા મોટા ગૃહસ્થ નહિ ઘણા લાખોપતિ. ... નાનચંદભાઈને હતાને મોટા? પૈસાવાળા છે એ તો ઘણા. દસ-દસ, વીસ-વીસ લાખ, પચ્ચીસ-પચ્ચીસ લાખ મોટા. એ નાનચંદભાઈની વહુ એવી મહાસતી એવી મહા શાંત નરમ લૌકિક તરીકે. એને આ બધું ખવાઈ ગયું. અહીં પૈસા જુઓ તો દસ-દસ લાખ રૂપિયા. એમાં હું એકફેરી વહોરવા ગયેલો. આ બધા કટકા થઈ ગયેલા. માંસ દેખાય. એને એમ કે ઉઘાડી બિચારી આવી મહારાજને બતાવું. આહા..હા..! અરર..! માંસના છૂટા કટકા જ થઈ ગયેલા. એટલી સેવા, એટલી દવા, એટલા ડોક્ટર. શું થાય? ભાઈ! તને ખબર નથી. એ રજકણો જડ છે એની જે અવસ્થા થાય, એને બીજો કોઈ કરે નહિ. આહા..હા..! આડો પછેડો કરે અને નાખીને ખાઈ બિચારી. બહુ સુંવાળી બાઈ હતી. દામનગર ગયા. આહા..હા..! બોલવાની શક્તિ નહિ. હોઠ જ ન મળે. આ બધું ખલાસ થઈ ગયેલું. આ બધું ટૂટી ગયું હતું. એની એવી શરીરની અવસ્થા થવાની હોય તો થયા વિના રહે નહિ. એ આત્મા એને રોકી શકે કે આત્મા એને રાખી શકે (એમ બને નહિ). જગતને ભાન નથી. મારું તત્ત્વ શું છે અને પરતત્ત્વ શું છે? પરમાં મારો કોઈ અધિકાર નથી. આહા..હા..! બીજા બધા કરતા ઠીક પણ છોકરો તો પોતાના સરખા રંગવાળો થાય કે નહિ? જેવા એના બાપનું શરીર હોય એવા આકારે થાય તો એનો ખરો કે નહિ એ?

મુમુક્ષુ :- એ દ્રવ્ય પણ જુદું અને આ દ્રવ્ય પણ જુદું.

ઉત્તર :- જુદું? આહા..હા..!

**'જેમ ઘડારૂપે પરિણમેલી માટી...'** ઘડારૂપે કોણ થાય છે કહે છે? માટી થાય છે કે કુંભાર? અરેરે..! ભારે આકરી વાતું આ. આ બધા ડાહ્યા અને હુશિયાર કહેવાયને ડાહ્યાડમરા. બધા ટંકાળમાં હુશિયાર નહિ? ત્યારે શું માનતા હતા અત્યાર સુધી તમે? આહા..હા..! **'જેમ ઘડારૂપે પરિણમેલી માટી જ પોતે ઘડો છે...'** બરાબર છે? રોટલીરૂપે થતો લોટ જ પોતે રોટલી છે. કાંઈ સ્ત્રીએ રોટલી કરી નથી. તત્ત્વની આવી સ્થિતિ એની ભાન ન મળે એને. જ્યાં ત્યાં 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' આવે છેને? નરસિંહ મહેતામાં આવે છે એ. મેં કર્યું. મેં કર્યું. બગડે તો? કે ભાઈ! તો આપણે તો.. અહીં નાખી દે. સુધરે તો કહે હું ત્યાં હતોને ત્યાં વ્યવસ્થાપૂર્વક કામ લેતો હોઉં. બહુ ચાલ્યું.

મુમુક્ષુ :- ઘણી મહેનત કરી પણ તમારા પુણ્ય નથી માટે

ઉત્તર :- તમારા પુણ્ય નથી માટે સારું ન થયું વળી એમ કહે. તો એમ કહે કે મને નથી આવડ્યું માટે? પહેલા તો કહે આવડ્યું માટે આ બધું થાય છે. એય..! આહા..હા..! એના મામાનો ભાણિયો છે આ. લગન અહીં વાણિયાને ઘરે. ત્યાં નહિ તમારે લીંબડી. લીંબડી. લલ્લુભાઈના લગન હતા. ખબર છેને. ગયા હતા. ભાણેજ કહે સમજ્યાને? મામો કહે આમ કરવું. દૂધપાક રહેવા દો મામો કહો. કારણ કે આ તો સંઘવી કુટુંબ મોટું સારું. ઝાઝા ૨૫-૫૦ માણસ આવ્યા હોય તો દૂધપાક ક્યાંથી લાવવો એવો? ઓલો કહે કે દૂધપાક જ કરવો છે. મામો આવ્યો ઓલા શું કહેવાય તમારે? માંડવે. મોસાળું લઈને. ભાઈ એને લઈને ઓલાએ કીધું રાતે ઝેર પીને મરી ગયો. જરી મામાનું ધાર્યું ન થયું. .. કહો, એય..! સંઘવી. લીંબડીમાં સંઘવી. આહા..! મારા આ જગતને.. મારું ધાર્યા પ્રમાણે થાવું જોઈએ. હવે ઓલો કહેતો તો કે ભાઈ આ શીરોબીરો કરે તો હલાવી નખાય ઝટ. અધમણ કરવો હોય તો પાછો. લાડવા કે બરફી ખુટી હોય તો વળી કંદોઈની દુકાનેથી લઈ અવાય. ત્યાં ક્યાં દૂધપાક પડ્યો હોય તૈયાર? એટલે ઓલો કહે ભાઈ દૂધપાક રહેવા ધો. આ કહે કે દૂધપાક જ કરવો. આહા..હા..! કોણ કરે? ઝેર ખાઈને. આમ સવારે જુઓ તો આહા..હા..! આ લગન અને આ ઝેર આ મૃત્યુ. .. કરીને કાઢવા જુઓને. પણ બાપુ એ જડની અવસ્થા જે પ્રકારે ત્યાં થવાની હોય એમ થાય. દૂધપાક થવાનો હોય તો દૂધપાક જ થાય ત્યાં શીરો થાય નહિ. કેમ મનાય પણ આ? કેમ બેસે જગતને? મેં આમ કર્યું... મેં આમ કર્યું... જાનૈયાને એવા સાચવ્યા તે ખુશી થઈ ગયા બધા. ઘરે-ઘરે બીડીયું મોકલી, પાણી ઉના મોકલ્યા, હજામ એક મોકલ્યો. હજામ પણ મોકલે છેને. અરે..! ભગવાન! શું તું કરે છે આ?

મુમુક્ષુ :- બુટપાલીશ કરનારા

ઉત્તર :- એને તો એક-બે દિ' રહેવું હતું. ઓલાને તો મહિનો-મહિનો રહે. આ શ્રીમાળી બ્રાહ્મણ છે કે નહિ? ઉમરાળામાં શ્રીમાળી બ્રાહ્મણ. જાન આવે તો એક મહિનો રહે. એક

મહિનો હોં. આપણે વાણિયામાં પણ સાત દિ' તો હતાને? સાત ટંક હતા સાત. હવે તો બધા સાંજે ત્યાં ને ત્યાં ખાઈને ચાલ્યા આવે રાતે પણ એ બધી ક્રિયાઓ પરની આત્મા કરી શકે નહિ એમ કહે છે. એ તો ભગવાન તો જ્ઞાનસ્વરૂપી પ્રભુ જ્ઞાતા છે. જગતનો સાક્ષી દૃષ્ટા છે. એ ચીજો તો થાય એનાથી એને આત્મા બનાવી શકે નહિ. કેમ ગળે ઉતરે? હુશિયાર થઈને મોટા કામ કર્યા હોય. આહા..હા..! કહો, ચીમનભાઈ! શું હશે આ? ત્યાં તો તમે કર્તાહર્તા ગણાતા હતા બધા લ્યો! હા હજી કોકને પૂછીએ તો કહે, મેં કીધું અમારે ભૂપેન્દ્ર છે. હા ઓલા પૂનમભાઈ છે એને કહે? હજી કહે છે હોં. કે ચુનીભાઈ તો અમારે ભાણેજ થાય. એના મામા ત્યાં હતા એના દીકરા છે પુનમચંદભાઈના. એ ભુપેન્દ્રના દીકરા છે. પણ એ વખતે બહુ કરતા લ્યો ચીમનભાઈ લ્યો બધુ કરતા. લ્યો સાચી વાત છે એ? મોટી પેદાશ. એય..! કરી શકતો હતો આત્મા પરનું? ઓલા કપડા પહેરે શું કહેવાય આ? પ્રીન્ટીંગ ભુપેન્દ્ર પ્રીન્ટીંગ વર્કસ ખેતવાડી-ખેતવાડી. મોહનભાઈ તમારા ભાઈ જ કરતા હતા. મોહનભાઈ પણ ત્યાં કરતા હતા. ૩૦ વર્ષ કેટલા થયા? ૩૬ લ્યો. એ જ કર્તાહર્તા. ઓલા છોકરાઓ તો પછી થયા. એને ઓળખતું હતું કોણ? આનું જ નામ હતું. પેદાશ મોટી. એમાં કાંઈ ધૂળધાણી. કોણ કરતું હતું? રાગ કરતા હતા ચીમનભાઈ! આહા..હા..! પણ જાણે કે આ બધું મેં વ્યવસ્થિત કામ સરેડે ચડાવી દીધું અમે હોં! મૂઢ છો કહે છે. આહા..હા..! પરની અવસ્થાને એની થવાની હતી એને તે કરી? કે નહોતી થવાની તે કરી? જો થવાને કાળે એનાથી થઈ તો તે શું કર્યું? અને નહોતી થવાની તો પરની અપેક્ષા રાખીને થાય એવું હોઈ શકે નહિ. આહા..હા..! આ બધે સિદ્ધાંત લાગુ પડે છે આ. આહા..હા..! કહો, બરાબર હશે? ભીખાભાઈ! બંગડીનો ધંધો સરખો ચલાવે.

મુમુક્ષુ :- એ તો અહીં રહે તોપણ ચાલે છેને.

ઉત્તર :- એનો ભાણેજ કરે છે.

'**જેમ ઘડારૂપે પરિણમેલી માટી જ પોતે ઘડો છે...**' આહા..હા..! ઘડો એ માટીમય છે કે કુંભારમય છે? તો કુંભારમય નથી તો માટીમય ઘડો તો માટીએ કર્યો છે. આહા..હા..! શું કહે છે? આહા..હા..! '**તેમ, જડ સ્વભાવવાળા જ્ઞાનાવરણાદિકર્મરૂપે પરિણમેલું પુદ્‌ગલદ્રવ્ય જ પોતે જ્ઞાનાવરણાદિકર્મ છે.**' આહા..હા..! એ કર્મના રજકણો બંધાય એમાં તારો અધિકાર નથી. તું તો ભાવ કર, બાકી ભાવને કરે પણ ભેગા કર્મને પણ બાંધે. એક ગાયનો ગોવાળ એમાં બે ગાયનો પણ ભેગો ગોવાળ એમ હશે? આપણે વાતું કરે લોકો એમ. કે એક ગાયને ચારે તો ભાઈ બીજીને લઈ જા. એમ જીવ અજ્ઞાનભાવે ભાવ પણ કરે અને કર્મને પણ કરે. એક ગોવાળ બે ગાયુંને પાળે એમ હશે? જેઠાભાઈ! આહા..હા..!

'**આ રીતે પુદ્‌ગલદ્રવ્યનું પરિણામસ્વભાવપણું સિદ્ધ થયું.**' આમાં શું કહે છે લોકો

કે એ પરિણામી સિદ્ધ કર્યું. વર્તમાન પર્યાય થવી એ તો બીજાને લઈને. આવા ને આવા. એ તો પરિણામીપણું સિદ્ધ કર્યું. પણ પરિણામનો અર્થ તે સમયની પર્યાય તેનાથી થઈ એમ સિદ્ધ કર્યું. સમજાણું કાંઈ?

## શ્લોક-૬૪

(उपजाति)

स्थितेत्यविघ्ना खलु पुद्गलस्य
स्वभावभूता परिणामशक्तिः।
तस्यां स्थितायां स करोति भावं
यमात्मनस्तस्य स एव कर्ता।।६४।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [इति] આ રીતે [पुद्गलस्य] પુદ્ગલદ્રવ્યની [स्वभावभूता परिणामशक्तिः] સ્વભાવભુત પરિણમનશક્તિ [खलु अविघ्ना स्थिता] નિર્વિધ્ન સિદ્ધ થઈ. [तस्यां स्थितायां] એ સિદ્ધ થતાં, [सः आत्मनः भावं करोति] પુદ્ગલદ્રવ્ય પોતાના જે ભાવને કરે છે [तस्य सः एव कर्ता] તેનો તે પુદ્ગલદ્રવ્ય જ કર્તા છે.

ભાવાર્થ :- સર્વ દ્રવ્યો પરિણમનસ્વભાવવાળાં છે તેથી પોતપોતાના ભાવના પોતે જ કર્તા છે. પુદ્ગલદ્રવ્ય પણ પોતાના જે ભાવને કરે છે તેનો પોતે જ કર્તા છે. ૬૪.

## કળશ-૬૪ ઉપર પ્રવચન

હવે કળશ કહે છે લ્યો.

(उपजाति)

स्थितेत्यविघ्ना खलु पुद्गलस्य
स्वभावभूता परिणामशक्तिः।
तस्यां स्थितायां स करोति भावं
यमात्मनस्तस्य स एव कर्ता।।६४।।

**'શ્લોકાર્થ :- આ રીતે પુદ્ગલદ્રવ્ય...'** જડ દ્રવ્ય છે. કાંઈ એકલો આત્મા છે એમ છે નહિ. એકલો આત્મા હોય તો ભૂલ કોની? ભૂલ કેમ કરે એ? સમજાય છે કાંઈ? દોરડીમાં સર્પ માને તો બે ચીજ છે. ત્યારે દોરડીમાં સર્પ માન્યો. કારણ કે બીજે ઠેકાણે છે. એમ જડમાં ચૈતન્ય કલ્પ્યો કે જડને લઈને હું. એ બીજી ચીજ છે આત્મા એનાથી ભિન્ન. એ આત્મા ભિન્ન છે એ ભિન્ન ચીજને મારી માને છે. તો એ ભૂલ એની પોતાની છે. એ ભૂલમાં પર ચીજ તો નિમિત્ત કહેવામાં આવે છે. ભૂલ કાંઈ પોતાના આત્માને લક્ષે થાય? ભૂલ તો પરલક્ષે થાય. બીજી ચીજ છે જગતમાં. એક જ છે એમ હોય તો ભૂલ હોઈ શકે નહિ. એ તો ખૂબ ચર્ચા થઈ હતી આપણે નહિ ભાઈ સાથે. મોતીલાલ. મોતીલાલજી હતાને. દશાશ્રીમાળી વાણિયા હતા. પછી અહીં આવ્યા હતા. પરમહંસ છે. પરમહંસ શું બાવો છે એ. મોતીલાલ. ત્યાં આવતા. વ્યાખ્યાનમાં આવતા કાયમ. પછી એમાં કાંઈ ઠીક ન પડ્યું તો દીક્ષા લઈ લીધી. બાવાની. ભાઈ અહીં છે નહિ જગ્યા. અહીં આવ્યા હતા.

મુમુક્ષુ :- ત્યાં પણ આવ્યા હતા અમદાવાદ પણ આવ્યા હતા.

ઉત્તર :- રાજકોટ પણ આવ્યા હતા. અમદાવાદ આવ્યા હતા. વ્યાખ્યાનમાં આવ્યા હતા. અમારે તો જૂના અને જાણીતા ખરાને? પણ લૂગડા બાવાના પહેરી લીધા એટલે વસ્તુની કાંઈ ખબર ન મળે. દશાશ્રીમાળી વાણિયા છે. પછી અહીં ચર્ચા થઈ હતી કે ભૂલ છે કે નહિ જીવમાં કે આત્મામાં? જો ભૂલ ન હોય તો આ દુઃખ શું? આ શરીર શું? એનું પરિણામ શું આ બધું? ભૂલ તો છે કાંઈક. કબુલ તો કરવું પડે હોં. તો ભૂલ છે તો અદ્વૈત ન રહ્યું. વસ્તુનો સ્વભાવ અને ભૂલ બે થઈ ગયા. અદ્વૈત ન રહ્યું. અહીં ચર્ચા થઈ હતી. અહીં આવ્યા હતા. ગુજરી ગયા બિચારા. પહેલા રેલના ઓલા હતા. ૮૦૦નો પગાર હતો. પહેલા જૂના જમાનામાં હોં. ૯૫માં આવતા, ૮૯માં આવતા, ૯૦માં આવતા. પછી ૯૫માં પછી કાંઈક દીક્ષા લઈ લીધી. .. પણ તત્ત્વની કાંઈ ખબર ન મળે.

જડ બીજી ચીજ છે. તારા ભૂલમાં લક્ષ કરવાલાયક એક બીજી ચીજ છે. લક્ષ કરવાલાયક હોં. **'આ રીતે પુદ્ગલદ્રવ્યની સ્વભાવભુત પરિણમનશક્તિ નિર્વિઘ્ન સિદ્ધ થઈ. એ સિદ્ધ થતાં, પુદ્ગલદ્રવ્ય પોતાના જે ભાવને કરે છે તેનો તે પુદ્ગલદ્રવ્ય જ કર્તા છે.'** આહા..હા..! કર્મની પર્યાયપણે કર્મ પુદ્ગલ કરે છે. તો જડ એનો કર્તાકર્મનો છે. એનો કર્તા તું નથી. જેવા દયાના ભાવ કરે તો એટલું પુણ્ય બંધાય ત્યાં. હિંસાના ભાવ કરે એ પ્રમાણે પાપ બંધાય. છતાં એ પાપના બંધનનો કર્તા એ આત્મા નથી. અરે..!

મુમુક્ષુ :- ..પર્યાય..

ઉત્તર :- એ તો અહીં અત્યારે વર્તમાનની વાત છે. અત્યારે પણ એને કારણે પરમાણુ પરિણમે છે અને તારે કારણે તું તારી ભૂલને કરે છો. એક જ વાત છે. આહા..હા..! ભૂલ

કર્મને કરાવે અને કર્મને તું કર (એમ નથી). અમારા .. કર્મ જેવા બાંધ્યા એવા કરે એ વાત પણ જૂઠી. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ,' જડ કોણ કરે? માટીને ભાન છે? ભૂલ તો તું કર. ભણ્યો ભૂલે કે જડ ભૂલે? આહા..હા..! સિદ્ધ થયું કે તેનો જડકર્તા જડનો છે. એમ નક્કી કરે તો પર ઉપરથી દૃષ્ટિ ઉઠી જાય. સમજાણું કાંઈ? અહીંયાં ગામનું કરવું ને નાતનું કરવું ને દેશનું કરું, કુટુંબનું કરુંને. કરતાં... કરતાં... કરતાં... કેટલા કર્તા પણ? કેટલાનો કર્તા? જ્ઞાતા-દૃષ્ટા ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપી આંખ જેની જ્ઞાન અને આનંદ છે. એની ખબર વિના જ્યાં-ત્યાં કર્તા થાય એ એના ફળ ભોગવવા ચોર્યાસીમાં રખડવા જાય. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો.

**'ભાવાર્થ :- સર્વ દ્રવ્યો પરિણમનસ્વભાવવાળાં છે તેથી પોતપોતાના ભાવના પોતે જ કર્તા છે. પુદ્‌ગલદ્રવ્ય પણ પોતાના જે ભાવને કરે છે...'** એનો ભાવ છેને એ પરિણામ છે. **'તેનો પોતે જ કર્તા છે.'** લ્યો.

---

## ગાથા-૧૨૧ થી ૧૨૫

जीवस्य परिणामित्वं साधयति —

ण सयं बद्धो कम्मे ण सयं परिणमदि कोहमादीहिं।
जदि एस तुज्झ जीवो अप्परिणामी तदा होदी।।१२१।।
अपरिणमंतम्हि सयं जीवे कोहादिएहिं भावेहि।
संसारस्स अभावो पसज्जदे संखसमओ वा।।१२२।।
पोग्गलकम्मं कोहो जीवं परिणामएदि कोहत्तं।
तं सयमपरिणमंतं कहं णु परिणामयदि कोहो।।१२३।।
अह सयमप्पा परिणमदि कोहभावेण एस दे बुद्धी।
कोहो परिणामयदे जीवं कोहत्तमिदि मिच्छा।।१२४।।
कोहुवजुत्तो कोहो माणुवजुत्तो य माणमेवादा।
माउवजुत्ते माया लोहुवजुत्त हवदि लोहो।।१२५।।

न स्वयं बद्धऋ कर्मणि न स्वयं परिणमतो क्रोधादिभिः।
यद्येषः तव जीवोऽपरिणामी तदा भवति।।१२१।।
अपरिणममाने स्वयं जीवे क्रोधादिभिः भावैः।
संसारस्याभावः प्रसजति सांख्यसमयो वा।।१२२।।
पुद्गलकर्म क्रोधो जीवं परिणामयति क्रोधत्वम्।
तं स्वयमपरिणममानं कथं नु परिणामयति क्रोधः।।१२३।।
अथ स्वयमात्मा परिणमते क्रोधभावेन एषा ते बुद्धिः।
क्रोधः परिणामयति जीवं क्रोधत्वमिति मिथ्या।।१२४।।
क्रोधोपयुक्तः क्रोधो मानोपयुक्तश्च मान एवात्मा।
मायोपयुक्तो माया लोभोपयुक्तो भवति लोभः।।१२५।।

यदि कर्मणि स्वयमबद्धः सन् जीवः क्रोधादिभावेन स्वयमेव न परिणमेत तदा स किलापरिणाम्येव स्यात्। तथा सति संसाराभावः। अथ पुद्गलकर्म क्रोधादि जीवं क्रोधादिभावेन परिणामयति ततो न संसाराभाव इति तर्कः। किं स्वयमपरिणममानं परिणममानं वा पुद्गलकर्म क्रोधादि जीवं क्रोधादिभावेन परिणामयेत् ? न तावत्स्वयमपरिणममानः परेण परिणमयितुं पार्येत; न हि स्वतोऽसती शक्तिः कर्तुमन्येन पार्यते। स्वयं परिणममानस्तु न परं परिणमयितारमपेक्षेत; न हि वस्तुशक्तयः परमपेक्षन्ते। ततो जीवः परिणामस्वभावः स्वयमेवास्तु। तथा सति गरुडध्यानपरिणतः साधकः स्वयं गरुड इवाज्ञानस्वभावक्रोधादिपरिणतोपयोगः स एव स्वयं क्रोधादिः स्यात्। इति सिद्धं जीवस्य परिणामस्वभावत्वम्।

---

હવે જીવનું પરિણામીપણું સિદ્ધ કરે છેઃ-

કર્મે સ્વયં નહિ બદ્ધ, ન સ્વયં ક્રોધભાવે પરિણમે,
તો જીવ આ તુજ મત વિષે પરિણમનહીન બને અરે! ૧૨૧.
ક્રોધાદિભાવે જો સ્વયં નહિ જીવ પોતે પરિણમે,
સંસારનો જ અભાવ અથવા સમય સાંખ્ય તણો ઠરે! ૧૨૨.
જો ક્રોધ-પુદ્‌ગલકર્મ-જીવને પરિણમાવે ક્રોધમાં,
કયમ ક્રોધ તેને પરિણમાવે જે સ્વયં નહિ પરિણમે? ૧૨૩.
અથવા સ્વયં જીવ ક્રોધભાવે પરિણમે-તુજ બુદ્ધિ છે,
તો ક્રોધ જીવને પરિણમાવે ક્રોધમાં-મિથ્યા બને. ૧૨૪.

ક્રોધોપયોગી ક્રોધ, જીવ માનોપયોગી માન છે,
માયોપયુત માયા અને લોભોપયુત લોભ જ બને. ૧૨૫.

ગાથાર્થ :- સાંખ્યમતના અનુયાયી શિષ્ય પ્રતિ આચાર્ય કહે છે કે હે ભાઈ! [एषः] આ [जीवः] જીવ [कर्मणि] કર્મમાં [स्वयं] સ્વયં [बद्धः न] બંધાયો નથી અને [क्रोधादिभिः] ક્રોધદિભાવે [स्वयं] સ્વયં [न परिणमते] પરિણમતો નથી [यदि तव] એમ જો તારો મત હોય [तदा] તો તે [જીવ] [अपरणिामी] અપરિણામી [भवति] ઠરે છે; અને [जीवे] જીવ [स्वयं] પોતે [क्रोधादिभिः भावैः] ક્રોધાદિભાવે [अपरिणममाने] નહિ પરિણમતાં, [संसारस्य] સંસારનો [अभावः] અભાવ [पृसजति] ઠરે છે [अथवा] અથવા [सांख्यसमयः] સાંખ્યમતનો પ્રસંગ આવે છે.

[पुद्गलकर्म क्रोधः] વળી પુદ્ગલકર્મ જે ક્રોધ તે [जीवं] જીવને [क्रोधत्वम्] ક્રોધપણે [परिणामयति] પરિણમાવે છે એમ તું માને તો એ પ્રશ્ન થાય છે કે [स्वयम् अपरिणममानं] સ્વયં નહિ પરિણમતા એવા [तं] તે જીવને [क्रोधः] ક્રોધ [कथं नु] કેમ [परिणामयति] પરિણમાવી શકે? [अथ] અથવા જો [आत्मा] આત્મા [स्वयम्] પોતાની મેળે [क्रोधभावेन] ક્રોધભાવે [परिणमते] પરિણમે છે [एषा ते बुद्धिः] એમ તારી બુદ્ધિ હોય, તો [क्रोधः] ક્રોધ [जीवं] જીવને [क्रोधत्वम्] ક્રોધપણે [परिणामयति] પરિણમાવે છે [इति] એમ કહેવું [मिथ्या] મિથ્યા ઠરે છે.

માટે એ સિદ્ધાંત છે કે [क्रोधोपयुक्तः] ક્રોધમાં ઉપયુકત (અર્થાત્ જેનો ઉપયોગ ક્રોધાકારે પરિણમ્યો છે એવો) [आत्मा] આત્મા [क्रोधः] ક્રોધ જ છે, [मानोपयुक्तः] માનમાં ઉપયુકત આત્મા [मानः एव] માન જ છે, [मायोपयुक्तः] માયામાં ઉપયુકત આત્મા [माया] માયા છે [च] અને [लोभोपयुक्तः] લોભમાં ઉપયુકત આત્મા [लोभः] લોભ [भवति] છે.

ટીકા :- જો જીવ કર્મમાં સ્વયં નહિ બંધાયો થકો ક્રોધાદિભાવે સ્વયમેવ ન પરિણમે તો તે ખરેખર અપરિણામી જ ઠરે. એમ થતાં સંસારનો અભાવ થાય. અહીં જો એમ તર્ક કરવામાં આવે કે ''પુદ્ગલકર્મ જે ક્રોધાદિક તે જીવને ક્રોધાદિભાવે પરિણમાવે છે તેથી સંસારનો અભાવ થતો નથી'', તો તેનું નિરાકરણ બે પક્ષ લઈને કરવામાં આવે છે :- પુદ્ગલકર્મ ક્રોધાદિક છે તે સ્વયં અપરિણમતા જીવને ક્રોધાદિભાવે પરિણમાવે કે સ્વયં પરિણમતાને? પ્રથમ, સ્વયં અપરિણમતાને પર વડે પરિણમાવી શકાય નહિ; કારણ કે (વસ્તુમાં) જે શક્તિ સ્વતઃ ન હોય તેને અન્ય કોઈ કરી શકે નહિ. અને સ્વયં પરિણમતાને તો પર (અન્ય) પરિણમાવનારની અપેક્ષા ન હોય; કારણ કે વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી.(આ રીતે બન્ને પક્ષ અસત્ય છે.) તેથી જીવ પરિણમનસ્વભાવવાળો સ્વયમેવ હો. એમ

હોતાં (હોવાથી), જેમ ગરુડના ધ્યાનરૂપે પરિણમેલો મંત્રસાધક પોતે ગરુડ છે તેમ, અજ્ઞાનસ્વભાવવાળા ક્રોધાદિરૂપે જેનો ઉપયોગ પરિણમ્યો છે એવો જીવ જ પોતે ક્રોધાદિ છે. આ રીતે જીવનું પરિણામસ્વભાવપણું સિદ્ધ થયું.

ભાવાર્થ :- જીવ પરિણામસ્વભાવ છે. જ્યારે પોતાનો ઉપયોગ ક્રોધાદિરૂપે પરિણમે છે ત્યારે પોતે ક્રોધાદિરૂપ જ થાય છે એમ જાણવું.

## ગાથા-૧૨૧ થી ૧૨૫ ઉપર પ્રવચન

'હવે જીવનું પરિણામીપણું સિદ્ધ કરે છે :—'

ण सयं बद्धो कम्मे ण सयं परिणमदि कोहमादीहिं।
जदि एस तुज्झ जीवो अप्परिणामी तदा होदी।।१२१।।
अपरिणमंतम्हि सयं जीवे कोहादिएहिं भावेहि।
संसारस्स अभावो पसज्जदे संखसमओ वा।।१२२।।
पोग्गलकम्मं कोहो जीवं परिणामएदि कोहत्तं।
तं सयमपरिणमंतं कहं णु परिणामयदि कोहो।।१२३।।
अह सयमप्पा परिणमदि कोहभावेण एस दे बुद्धी।
कोहो परिणामयदे जीवं कोहत्तमिदि मिच्छा।।१२४।।
कोहुवजुत्तो कोहो माणुवजुत्तो य माणमेवादा।
माउवजुत्ते माया लोहुवजुत्त हवदि लोहो।।१२५।।

કર્મે સ્વયં નહિ બદ્ધ, ન સ્વયં ક્રોધભાવે પરિણમે,
તો જીવ આ તુજ મત વિષે પરિણમનહીન બને અરે! ૧૨૧.
ક્રોધાદિભાવે જો સ્વયં નહિ જીવ પોતે પરિણમે,
સંસારનો જ અભાવ અથવા સમય સાંખ્ય તણો ઠરે! ૧૨૨.
જો ક્રોધ-પુદ્‌ગલકર્મ-જીવને પરિણમાવે ક્રોધમાં,
ક્યમ ક્રોધ તેને પરિણમાવે જે સ્વયં નહિ પરિણમે? ૧૨૩.
અથવા સ્વયં જીવ ક્રોધભાવે પરિણમે-તુજ બુદ્ધિ છે,
તો ક્રોધ જીવને પરિણમાવે ક્રોધમાં-મિથ્યા બને. ૧૨૪.

**ક્રોધોપયોગી ક્રોધ, જીવ માનોપયોગી માન છે,**
**માયોપયુત માયા અને લોભોપયુત લોભ જ બને. ૧૨૫.**

શું હવે સિદ્ધ કરવું છે અહીં. એ તો કર્મની વાત સિદ્ધ કરી. હવે જીવમાં ભૂલ કરે છે એ પોતે કરે છે કે બીજો કરાવે છે? સમજાય છે કાંઈ? '**ટીકા :- જો જીવ કર્મમાં સ્વયં નહિ બંધાયો થકો...**' જીવ પોતાની ભૂલ કરીને, રાગ અને અજ્ઞાન કરીને કર્મમાં નિમિત્ત ન થાય. સમજાય છે કાંઈ? પોતાને કારણે. '**ક્રોધાદિભાવે સ્વયમેવ ન પરિણમે...**' એટલે શું કહ્યું? ભગવાન આત્મા તો અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનની મૂર્તિ. એનાથી જેટલા શુભ અને અશુભ રાગ થાય એ બધા સ્વભાવથી વિરુદ્ધભાવવાળા છે. એને ક્રોધ કહેવામાં આવે છે. પૂર્ણાનંદ પ્રભુ પૂર્ણ જ્ઞાનનો કંદ આત્મા એ જો વસ્તુ ક્રોધપણે એટલે કે પુણ્ય અને પાપના રાગપણે થાય તો એ રાગના પ્રેમને લઈને એને સ્વભાવ પ્રત્યે ક્રોધ છે એમ કહ્યું. સમજાય છે કાંઈ? પોતાનો આનંદસ્વભાવ ભગવાન ત્રિકાળી, એનો અનાદર કરીને જે રાગના પ્રેમમાં પડ્યો. શુભ અને અશુભના-રાગના પ્રેમમાં પડ્યો એને આત્મા પ્રત્યે ક્રોધ છે. કહો, સમજાણું કાંઈ?

જુઓ, એ કહે છે. ક્રોધ, માન, માયા, લોભ, એ રાગ-દ્વેષ, વિષય-વાસના એ ભાવે સ્વયમેવ ન પરિણમે. જીવની પોતાની ભૂલથી ભૂલમાં ન આવે અને બીજો એને ભૂલ કરાવે એમ ત્રણ કાળમાં બનતું નથી. '**તો તે ખરેખર અપરિણામી જ ઠરે.**' એટલે? કે બદલવાની દશા વિનાનો ઠરે. કૂટસ્થ. કૂટસ્થ હોય એને પરિણામ ન હોય. અને આ તો પરિણામ જડ. કહો, સમજાણું કાંઈ? પરિણામ એટલે અવસ્થા હોં. પરિણામ એટલે આ નિશાળમાં માસ્તર પરિણામ આવે છે એ પરિણામ નહિ અહીંયાં. પરીક્ષામાં પરિણામ આવેને. એ પરિણામ એટલે એની અવસ્થા. ત્રિકાળી ભગવાન આનંદનો નાથ પ્રભુ, એની વર્તમાનદશામાં પુણ્ય અને પાપ ને કામ ને ક્રોધ ને દયા ને દાન અને વિષયની વાસના. એ રૂપે જો પોતે પોતાની દશામાં ન થાય તો તે બદલતા જ્ઞાન કૂટસ્થ સિદ્ધ થઈ ગયું. સમજાણું કાંઈ? એ કહે છેને આ બધા પંડિતોને એ. કર્મને લઈને વિકાર થાય, કર્મને લઈને દોષ થાય. કોઈને દોષ કરવાનો ભાવ છે? પણ ભાઈ એવા બાંધેલા કર્મ આકરા આવે તો દોષ થાય. ખોટી વાત છે તારી.

મુમુક્ષુ :- ગોમ્મટસારને આધાર તરીકે.

ઉત્તર :- આધાર તરીકે આવે છે એ તો નિમિત્તની વાતું છે ત્યાં. આહા..હા..!

'**એમ થતાં સંસારનો અભાવ થાય.**' શું કીધું? કે આત્માને રાગ-દ્વેષ અને પુણ્ય-પાપના વિકારપણે ન થતો હોય તો આત્મામાં સંસાર જ નથી. તો તો મોક્ષ ઠર્યો. આ શેની તો ઉપાધિ અંદર છે? ઈચ્છા ને રાગ ને વૃત્તિઓને ઘુંટે છે. કહો, બરાબર છે આ? આ તો જડ છે, માટી છે આ તો. પણ અંદર પુણ્ય અને પાપના ભાવ થાય. દયાના, દાનના,

ભક્તિના, પૂજાના એ પુણ્યભાવ. અને હિંસાના, જૂઠાના, રળવાના, ભોગની વાસનાના, પૈસાના વ્યાજ ઉપજાવાના. એ બધા ભાવ પાપ છે. તો એ ભાવનો કરનાર કોણ? સમજાણું કાંઈ? જો એ ભાવનો કરનાર ન હોય તો આ જીવને સંસાર છે જ નહિ એમ એનો અર્થ થયો. પ્રત્યક્ષ દેખાય છે કે વિકારભાવ એનામાં છે. સંસાર નથી ક્યાં? સંસરણ ઈતિ સંસાર. ભગવાન આત્માના નિજસ્વરૂપમાંથી સંસરી ગયો છે, ખસી ગયો છે. સમજાણું કાંઈ? સંસરી ગયો, ખસી ગયો છે. અને પુણ્ય અને પાપના વિકારપણે થયો છે. માટે રખડીને દુઃખી થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ક્રોધ, માન, માયા, લોભ, વિકારભાવે પોતાની મેળાએ આત્મા, આત્મા પોતાથી જો વિકારપણે ન થાય તો તો તે ખરેખર વિકારની દશા વિનાનો કૂટસ્થ થઈ ગયો.

'**એમ થતાં સંસારનો અભાવ થાય. અહીં જો એમ તર્ક કરવામાં આવે કે ''પુદ્‌ગલકર્મ જે ક્રોધાદિક તે જીવને ક્રોધાદિભાવે પરિણમાવે છે...**' આ બહુ મુદ્દાની રકમ છે. ભાઈ! વિકાર તો છે, પણ એ કર્મ વિકાર કરાવે છે. તો એ વાત પણ તારી જૂઠી. સમજાણું કાંઈ? જેવા કર્મ હોય એમ આવે ભાઈ. એવા ભાવ થાય. ખોટી વાત છે. પુદ્‌ગલકર્મ ક્રોધાદિ. જડકર્મ એ આત્માને વિકારીપણે કરાવે છે. '**તે જીવને ક્રોધાદિભાવે પરિણમાવે છે તેથી સંસારનો અભાવ થતો નથી'',...**' વિકાર છે ખરો જીવમાં. પણ એ કર્મને લઈને વિકાર છે. માટે સંસારનો અભાવ નથી. એમ સિદ્ધ કરે છે હોં. ભાઈ! ખોટી વાત છે. કોઈ ભૂલ કરાવે? તું કર અને કોઈ કરાવે? એની ખબર ન મળે ભૂલ શું છે અને ક્યાં થાય છે? એવા આંધળી દોડે જિંદગી પૂરી કરીને જાય રખડવા ચોર્યાસીમાં. આહા..હા..! આ તો થોડું છે પાંચ-પચ્ચીસ વર્ષનું મનુષ્યપણું. પછી આત્મા તો અવિનાશી અનાદિ છે. રહેશે ક્યાં પછી? આ ભૂલમાં માની છે પોતાની ભૂલ કોકે કરાવી માની, રખડશે ચાર ગતિમાં. પણ ભૂલ મેં કરી એમ જો જાણે તો ભૂલને ટાળવાનો ઉપાય સ્વભાવનો આશ્રય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ક્રોધ શબ્દે માન આદિ. આ મુનિ છેને એટલે ઉત્તમ ક્ષમાની સામે ક્રોધ, માન, માયા, લોભ લીધું. પણ એનો અર્થ જ એ છે. ચૈતન્ય ભગવાન જ્ઞાતા-દૃષ્ટા જગતનો ચક્ષુ એ તો આત્મા છે. જગતની ચીજ એનાથી જુદી છે. એવો જે ભગવાન આત્મા પોતાને ભૂલીને એ વિષયની વાસનાપણે થાય કે રાગપણે થાય કે દ્વેષપણે થાય કે શુભભાવપણે થાય કે અશુભભાવપણે થાય. એ પોતે પોતાથી થાય છે. ત્યારે શિષ્ય કહે છે કે જો એનાથી.. અમે તો કહીએ છીએ કે એમાં છે જ નહિ. ત્યારે કર્મ એને પરિણમાવે છે.

મુમુક્ષુ :- નિકાચિત

ઉત્તર :- હા. નિકાચિત એને ક્યાં બંધાય. કંઈ પણ ભૂલ થાય એ બધી કર્મ જ કરે

છે બસ. તું તો ધોયેલ મૂળા જેવો થયો.

મુમુક્ષુ :- મારો ક્યાં દોષ છે?

ઉત્તર :- મારો કાંઈ દોષ નથી. એ તો કર્મનો દોષ છે. થઈ રહ્યું. આહા..હા..! પાગલ છે કે નહિ? શું કરીએ ભાઈ એવો કર્મનો ઉદય આવ્યોને આકરો. જૂઠ વાત છે. કર્મ જડ છે એ તને વિકાર કરાવે એવું ત્રણ કાળમાં બને નહિ. પણ એ શું છે વિકાર ને જડ ને કાંઈ ખબર ન મળે. આહા..હા..! એ આ છોડી લખે છે કોક. તમારું હું સાંભળવા ગઈ બે દિ' રાજકોટ. એક આ છોડી કોકનું લખાણ છે. જયંતિલાલ વૃજલાલ છે કોક. આપણને કાંઈ બહુ ખ્યાલ નથી. જયંતિલાલ વૃજલાલ. કાંઈક એના ભાઈ ..

મુમુક્ષુ :- જયંતિલાલ વૃજલાલ કોઠારી.

ઉત્તર :- કોઠારી. કોણ? એમ? લખ્યું છે.

મુમુક્ષુ :- બહેનનું નામ છે આપણને ખબર નહિ. એ તો એની બહેન હશે.

ઉત્તર :- હશે કોક. ખબર નહિ. મલેશિયા કયું ગામ કીધું? દેશ-દેશ. મલેશિયા. ત્યાં રહું છું. મારા મા-બાપ, ભાઈ પણ તમારું માનનારો છે, મારા સગાવ્હાલા પણ તમારા માનનારા છે. મને કાંઈ કહેતા નથી કે તું નહિ સમજે. તો હું ગઈ સાંભળવા. મને કાંઈ સમજાણું નહિ કહે. રાજકોટ દરરોજ વ્યાખ્યાન ચાલેને.

મુમુક્ષુ :- મલેશિયા દેશ.

ઉત્તર :- હા, એનું લખ્યું છે. આપણને કાંઈ ખબર નથી. આહા..હા..! તમારું તત્ત્વજ્ઞાન મને કાંઈ સમજાણું નહિ. ઓલો પણ એમ કહેતો હતોને તમારો? એય..! ગીરધરભાઈ! છનાલાલ કેવો? છનાલાલભાઈ. એ તે દિ'. આ ફેરે વ્યાખ્યાનમાં નહોતો. તે દિ' પહેલા આવ્યો ત્યારે બેઠો હતો હસમુખની સાથે. એકલું રળવું... રળવું... રળવું... રળવું... રળવું... આ માણસ શું કહે છે કાંઈ આપણને સમજ નથી પડતી. બહુ ધ્યાન રાખ્યું મેં બહુ કહે. તું પણ કોઈ દિ' એકડે ચડ્યો નથી પગથિયે. તત્ત્વની વાત સમજાય શી રીતે? એ કહે હું કાંઈ સમજ્યો નહિ હોં. કાલે એક પુસ્તક આપ્યું એને. આત્મધર્મ. કાંઈ નહિ. કેટલા પુસ્તક મારી પાસે છે એકલા .. વીસ હજારના પુસ્તક કહે છે. આ તમે આપ્યું એ રાખીશ કહે. અરે..! આવા ને આવા જગતના મજુર મોટા. પોતાની શું ચીજ છે એની ખબર નહિ અને શું કરવું છે એની પણ ખબર ન મળે. મજુરમાં ને મજુરમાં જિંદગી ગાળે. બરાબર હશે આમ. એ તો કહે હું પંદર વર્ષથી તો અપાસરે ગયો નથી. .. ક્યાં ને ક્યાં .. થઈ મને ખબર નથી. ભારે ભાઈ આ તો!

મુમુક્ષુ :- સાચું બોલનારો કેવો!

ઉત્તર :- ના એમ તો બિચારો...

અહીં કહે છે કે એ ભૂલ પોતે કરે છે. કોઈ કરાવતું નથી. એમ જો ભૂલને પોતાથી થાય એમ માને તો ભૂલ ટાળવાનો ઉપાય અંદર ભગવાન ચિદાનંદ સ્વરૂપ છે. એનો આશ્રય લે તો ભૂલ ટળે. બીજો ભૂલ કરાવે અને બીજો ભૂલ ટાળે એવું કાંઈ છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક વદ-૧૨, શનિવાર, તા. ૦૨-૧૨-૧૯૭૨
## ગાથા-૧૨૧ થી ૧૨૬, કળશ-૬૫, પ્રવચન-૨૪૦

ગાથા છેને ૧૨૫ સુધી? ૧૨૧ થી ૧૨૫. એની ટીકા. '**જો જીવ કર્મમાં સ્વયં નહિ બંધાયો થકો...**' પહેલી કર્મની વાત થઈ ગઈ હતી. પહેલી પાંચ ગાથા કર્મની. કર્મના રજકણો કર્મરૂપે પરિણતા ન હોય તો જીવ વિકાર દ્વારા પણ તેને પરિણમાવી શકે નહિ. અને એની મેળાએ પરિણમતા હોય તો બીજાની કાંઈ એને જરૂર રહેતી નથી. લ્યો! એમાં તો બધી આખી દુનિયાની વાત થઈ ગઈ કે જગતની જે પણ આત્મા અને પરમાણુ છે એની વર્તમાન પર્યાયમાં પરિણમવાને લાયક છે તો એ પરિણમે છે. એ કાંઈ નિમિત્ત આવીને એને પરિણમાવી દે અને નિમિત્ત ન હોય તો ન પરિણમે એમ છે નહિ. અને જેની પરિણમવાની યોગ્યતા છે એને પરની અપેક્ષા શું છે? કહો. આ શરીર ચાલે છે જુઓ આમ. કહે છે આ અવસ્થા છે એ એનાથી થાય છે જડથી કે આત્માથી? એનાથી આ ચાલે છે. જો એનાથી આ પરિણમન ન હોય તો બીજો પણ એને પરિણમન કરાવી શકે નહિ. અને પરિણમન એનાથી છે તો બીજાની અપેક્ષા એને છે નહિ. આત્માની ઈચ્છા હોય તો આમ ચાલે એવું કાંઈ છે?

મુમુક્ષુ :- ઈચ્છા હોય અને ચાલતું નથી.

ઉત્તર :- ચાલતું નથી. ઈચ્છા હોયને એં..એં.. થઈ જાય. ઓલી થઈ જાય કહેવાય તમારે? ખાલી. ખાલી લ્યોને. ખાલી ચડી જાય. પ્રભુભાઈને એમ થઈ ગયું હતુંને જુઓને આમ બધા વાત કરતા-કરતા ઉઠવા ગયા તો પક્ષઘાત. શું કરે? રૂપિયા શું કરે? ધૂળ શું કરે? આહા..હા..! દરેક ચીજની, ઘડો થવાને લાયક માટીની પર્યાય છે તો પરિણમે છે ઘડો. માટીથી થાય

છે. જો એ પરિણમન કુંભારથી થાય તો એમાં પરિણમવાની લાયકાત નહોતી? અને લાયકાત પોતાથી ઘડાની છે તો પછી કુંભારની અપેક્ષા એને છે ક્યાં? ઘડા થવામાં કુંભારની અપેક્ષા બિલકુલ નથી. આહા..હા..! એય..! આ લાદી થાય છેને તમારે ત્યાં આમ દાણા નાખીને. દાણા કહે છે? શું કહે છે એ? કાળા, લીલા, ઢીંકણા ને ફીંકણા. એ બહુ એકફેરી જોઈ હતી અમે ત્યાં આપણે વઢવાળો છે રાજકોટ. રાજકોટમાં. જામનગર-જામનગર. જામનગર બહાર. બધી લાદીયું આમ જુદી જુદી જાતની. અમે આમ કરવું હોય તો આમ કરીએ, આમ કરવું હોય તો આમ કરીએ. ધૂળેય કરે નહિ કાંઈ. કોણ કરતું હતું? આહા..હા..! એ લાદી થવામાં એની પોતાની પર્યાયનું પરિણમન લાયકાતથી થાય છે કે બીજાથી થાય છે. કે જો પરિણમનની લાયકાત પોતાની ન હોય તો બીજો પરિણમાવી શકે નહિ અને પોતાથી પરિણમવાને નિમિત્તની એને અપેક્ષા છે નહિ. આહા..હા..! સીધી વાત ઉપાદાન-નિમિત્તની. પણ એ મોટી ગડબડ એની. ભૈયા ભગવતીદાસનું નિમિત્તનું કથન બરાબર છે. ઉપાદાન ઉટપટાંગ છે. લ્યો! એય..! પંડિતજી!

અહીંયાં હવે જીવની વાત છે. એ કર્મની હતી. જેવો જીવે દર્શન મિથ્યાભાવ કર્યો એવો જ ત્યાં દર્શનમોહના પરમાણુઓ બંધાય ત્યાં. હવે એ બંધાવામાં કહે છે કે એના પરિણમનથી એ થયું છે? કે આના મિથ્યાત્વના ભાવથી થયું છે? કે પરિણમનનો સ્વકાળ છે માટે થયું છે પરથી થયું નથી. અને જો થવાને લાયક પોતાથી થાય તો એને મિથ્યાત્વ ભાવના નિમિત્તની અપેક્ષા છે નહિ. આહા..હા..! કહો, પોપટભાઈ!

મુમુક્ષુ :- બહુ સારી વાત છે.

ઉત્તર :- બહુ સારી વાત. આ અક્ષરોમાં પણ એમ છે હોં. અક્ષરોમાં પણ ધ્યાન રાખે માટે પડે છે એમ (નથી) કહે છે.

મુમુક્ષુ :- તો ધ્યાન રાખવું કે ન રાખવું?

ઉત્તર :- ધ્યાન ક્યાં રાખે? અહીં ધ્યાન રાખે, ત્યાં ધ્યાન રાખે તો અંદર ગરી જાય છે કાંઈ ધ્યાન? એવી વાત છે, પ્રભુ!

કહે છે આહા..હા..! આખી દુનિયાને વહેંચી નાખી. સમય સમયમાં જે જે દ્રવ્યના જે સ્વકાળમાં તે કાળે તેના પરિણામ થાય એ પોતાથી થાય છે. ત્રણે કાળના પરિણામ સમજાણું કાંઈ? જ્યાં જ્યાં આત્માની પર્યાય થવાની હોય, જ્યાં જ્યાં રજકણની થવાની હોય, તે કાળે, તેના કાર્યકાળે તે થાય. એને પરની અપેક્ષા છે નહિ. એ તો નિશ્ચયથી પરની અપેક્ષા નથી. પણ વ્યવહારનો અર્થ શું? વ્યવહારથી કહે એમ છે નહિ. એ બધું લખાણ આવ્યું છે આમાં. એ બધા અહીંના શબ્દો છે. એમાં લખાણ આવ્યું છે સન્મતિ. સન્મતિ સંદેશ આવ્યું છે. વાત તો અહીંની બધી એક-એક અક્ષરે લખી છે બધી. આહા..હા..!

હવે અહીં કહે છે જીવ જે છે એ '**કર્મમાં સ્વયં નહિ બંધાયો...**' કર્મના રજકણમાં પોતાની બંધનની પર્યાય રાગની થઈને જો એમાં ન આવ્યો હોય '**નહિ બંધાયો થકો ક્રોધાદિભાવે સ્વયમેવ ન પરિણમે...**' ક્રોધ, માન, વિકારપણે જીવ પોતાથી ન થાય '**તો તે ખરેખર અપરિણામી જ ઠરે.**' તો પરિણમનની પર્યાય વિનાનો ઠરે. એમ તો હોઈ શકે નહિ. આ મોટો ગોટો છેને. કર્મનું નિમિત્ત હોય તો અહીં વિકાર થાય. એ અહીં ના પાડે છે. આહા..હા..! '**એમ થતાં સંસારનો અભાવ થાય.**' જીવ પોતે પોતાના દોષથી પરિણમે નહિ તો દોષ વિનાનો ઠર્યો. તો સંસાર રહ્યો નહિ. સંસારનો અભાવ થયો. વિકારદશા એ સંસાર છે. આહા..હા..!

'**અહીં જો એમ તર્ક કરવામાં આવે કે ''પુદ્ગલકર્મ જે ક્રોધાદિક તે જીવને ક્રોધાદિભાવે પરિણમાવે છે...**' જે ચારિત્રમોહનો ઉદય છે જડનો એ જીવને ક્રોધપણે પરિણમાવે છે. સમજાણું કાંઈ? ક્રોધ, માન, માયા, લોભ, વિષય, વાસના એ કર્મના ઉદય પ્રમાણે અહીં પરિણમે છે એમ જો તું કહે તો કહે છે '**તેથી સંસારનો અભાવ થતો નથી'',...**' એમ સામા તરફથી દલીલ. '**તો તેનું નિરાકરણ બે પક્ષ લઈને કરવામાં આવે છે :- પુદ્ગલકર્મ ક્રોધાદિક છે...**' જીવમાં જે ક્રોધ, માન, માયા, લોભ જે છે એ પુદ્ગલકર્મ '**તે સ્વયં અપરિણમતા જીવને ક્રોધાદિભાવે પરિણમાવે...**' જડના ક્રોધાદિ જે પર્યાય છે. એ જીવને ક્રોધરૂપે નહિ પરિણમતાને પરિણમાવે? '**પુદ્ગલકર્મ ક્રોધાદિક છે તે સ્વયં અપરિણમતા જીવને ક્રોધાદિભાવે પરિણમાવે...**' ચારિત્રમોહનો ઉદય છે ક્રોધનો. એ અહીં જીવ વિકારપણે ન પરિણમે એને પરિણમાવે? '**કે સ્વયં પરિણમતાને?**' કે જીવ પોતે એ વિકારપણે પરિણમે છે એને પરિણમાવે? આહા..હા..!

'**પ્રથમ, સ્વયં અપરિણમતાને પર વડે પરિણમાવી શકાય નહિ;...**' જીવ પોતે જ વિકારપણે થાય નહિ તો બીજા વડે એને વિકારપણે થાય એમ કોઈ દિ' બની શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**સ્વયં અપરિણમતાને પર વડે પરિણમાવી શકાય નહિ; કારણ કે (વસ્તુમાં) જે શક્તિ સ્વતઃ ન હોય તેને અન્ય કોઈ કરી શકે નહિ...**' જે પરમાણુ અને આત્મામાં તે તે સમયની અવસ્થા થવાની શક્તિ ન હોય અને બીજો એ શક્તિ આપીને થાય એમ બની શકે નહિ. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! આ ચશ્મા છે જુઓ. એ કહે છે કે એ ઉંચા થવાના પરિણમનને લઈને એ થયું? કે આંગળીને લઈને થયું?

મુમુક્ષુ :- જીવના ભાવને લીધે થયું.

ઉત્તર :- જીવના ભાવને લઈને થયું તો પૂછીએ છીએ કહે છે. એ નહોતા પરિણમવાના એને જીવે પરિણમાવી દીધા? અને પરિણમતા હોય એને કારણે તો એને કોઈ જીવ અને

આંગળીની કાંઈ જરૂર એને નથી. આહા..હા..!

હવે અહીંયાં જ્ઞાનની પર્યાય જે છે. આ ચશ્મા આવ્યા એટલે જ્ઞાનની પર્યાયમાં જાણવાનું થયું અને ન હોત તો ન થાત. એમ જે કોઈ કહે તો કહે છે કે જાણવાની પર્યાયમાં પરિણમન ન થયું એ પોતાથી છે કે પરને લઈને છે? પોતાથી છે તો પછી ચશ્મા નહોતા એણે કર્યું શું? અને ચડ્યા તો એણે કર્યું શું? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એવી વાત! આ લાકડી છે જુઓને આમ. આ ઉંચી થઈ. એક જણો કહેતો હતો મોરપીંછી એની મેળે ઉઠે? અહીં કહે છે કે ઉઠવાની લાયકાત એની ન હોય તો બીજો ઉઠાવી કેમ શકે? એને ઉઠવાની એની લાયકાત હોય તો બીજાની અપેક્ષાની એને જરૂર શું છે? સમજાણું કાંઈ? કહો, બરાબર હશે આમાં ભીખાભાઈ! આ પૈસા આવે એ કહે છે કે હીરાભાઈની આ હુશીયારી થઈ માટે આવ્યા કે નહિ? તમારી પાસે ક્યાં હતા એટલા? તમારી પાસે હતા? ૩૦ રૂપિયાનો પગાર હતો અને .. કહેવાતા. હવે એ કહે છે કે એ પૈસા ત્યાં આવવાના નહોતા અને આ લાવ્યો? એ બીજાને પરિણમાવી શકે? અને એની મેળાએ આવવાની લાયકાત છે તો બીજાની અપેક્ષા તો છે ક્યાં એને? આહા..હા..! પૂર્વના શાતાના ઉદયની પણ અપેક્ષા નથી એમ કહે છે. આહા..હા..! એય..! પૈસા આવે છે આમ. કહે છે કે એ આવવાની પર્યાયની દશા પૈસાની પોતાથી થઈ છે કે પરથી થઈ છે? જો પોતાથી થઈ છે તો પરની અપેક્ષા છે નહિ અને ન હોય થવાની લાયકાત તો બીજો એને આપે શક્તિ? રાગ કર્યો માટે પૈસા આમ આવ્યા એમ છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! સામો જીવ અને શરીર બચવાની પર્યાયપણે પરિણમે છે. હવે એ પરિણમનને, પરિણમતાને પરિણમાવે છે કે નહિ પરિણમતાને બીજો પરિણમાવે છે એને? દયાના ભાવવાળાએ એને બચાવવાની પર્યાય કરી? એની મેળાએ તે પ્રકારે શરીર અને આત્મા આમ ભેગા રહેવાના છે અમુક કાળ સુધી. ઈ એને કારણે એનું પરિણમન છે. બીજો એને બચાવી શકે કે બીજો એને મારી શકે એવી અપેક્ષા પરિણમનમાં છે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- આવો જૈન ધર્મ છે?

ઉત્તર :- આવો જૈનધર્મ.

મુમુક્ષુ :- પરને બચાવી શકે નહિ એવો?

ઉત્તર :- કોણ બચાવે ધૂળ પરને? તને તું બચાવ. વિકારથી. બાકી બધા થોથા છે. આહા..હા..! કહો, ગીરધરભાઈ! અભિમાન તો લઈ શકે કે નહિ? કરે છેને. એ તો કરે છે. એ વખતે પોતે કરે છે. કાંઈ પરને લઈને નથી. આહા..હા..! આ બે-પાંચ ગાથાઓ જડ અને ચૈતન્યની ભિન્નતા સમય-સમયનું પરિણમન. વિકારપણે થાવ કે અવિકારપણે જીવનો પર્યાય થાવ. એને નિમિત્તની શક્તિની અપેક્ષા એને નથી. સમજાણું કાંઈ? ચોરનો ભાવ થયો

પૈસા લેવાનો આમ અંદર ગરીને ઘરમાં. હવે એ પૈસામાં પરમાણુની પર્યાય ત્યાં આમ જવાની હતી. એને ચોરના ભાવે કરી? એણે ઉપાડી લીધું છે? અને એને કારણે આમ થવાનું છે તો ચોરે કર્યું શું એમાં? અને એમ થવાનું નહોતું અને બીજો એને કરાવે એમ તો બની શકે નહિ. આહા..હા..!

'**સ્વયં અપરિણમતાને પર વડે પરિણમાવી શકાય નહિ;...**' આહા..હા..! જીવ પોતે જ વિકાર કે અવિકારપણે ન પરિણમતો હોય અને બીજો તેને વિકાર કે અવિકારપણે પરિણમાવે (એમ નથી). આહા..હા..! પર્યાયની સ્વતંત્રતાના ઢંઢેરા છે. એટલી સ્વતંત્રતાનો નિર્ણય જેને નથી. એને અવ્યક્ત એવું ત્રિકાળી આનંદકંદ પ્રભુ પ્રતીતમાં આવતું નથી. વ્યક્તની સ્વતંત્રતાની ખબર નથી એને અવ્યક્ત મહાપ્રભુ ચૈતન્ય જેને બેસવું કઠણ કે આવડો હું! ભગવાન સાક્ષાત પોતે પ્રભુ છે અંદર. આહા..હા..! એ ભગવાન છે એનું એન્લાર્જ પર્યાયમાં થાય છે. અંદરમાં છે એ બહાર આવે છે. એ બહાર આવવામાં કોઈ પરની અપેક્ષા છે નહિ. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! કર્મના ક્ષયે સિદ્ધપદ મળ્યું એમ આવે છેને શાસ્ત્રમાં? જ્ઞાનાવરણીય આદિ કર્મના નાશ.

મુમુક્ષુ :- મોહક્ષયાત્.

ઉત્તર :- આવે છેને મોહક્ષયાત્. એમાં તો મોટો વાંધો ઉઠાવે લ્યો. જ્ઞાનાવરણીય કર્મનો નાશ થાય તો કેવળજ્ઞાન થાય. તો કહે છે કે કેવળજ્ઞાનની પર્યાય થવાને કારણે પરિણમે છે. કે આવરણનો અભાવ થયો માટે પરિણમી છે? એય..! આહા..હા..!

મુમુક્ષુ :- પોતાથી પરિણમતું હોય તો એમાં મારું શું કામ છે?

ઉત્તર :- કામ, પણ પરનું અહીં કામ શું છે? પોતે જ પોતાની જાતે કેવળજ્ઞાનની પર્યાયપણે, અરે..! સમ્યગ્દર્શનની પર્યાયપણે પૂર્ણાનંદની પ્રતીતિનું ભાન અનુભવમાં એ પર્યાયના પરિણમનનો સ્વકાળ પોતાથી છે કે પરથી છે? જો પોતાથી ન હોય તો પર એને કરી શકે નહિ. દેવ અને ગુરુ અને કર્મનો અભાવ એને પરિણમાવી ન શકે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓ તો અસ્તિત્વ! આહા..હા..! કેવા કેવા વૈરાગ્યના પ્રસંગ બને જુઓને. બિચારા એને તો ઘરે અત્યારે એની મા બેઠા છેને એટલે દુઃખ થાય. જેઠાલાલ સંઘવીનો દીકરો મરી ગયો. છાપામાં આવ્યું છે. નૌતમ આવતો. કહો, હવે એને એકનો એક હતો. હાય.. હાય... પણ કોનો હતો બાપા! એ તો એનો હતો. આહા..હા..! એ અવસ્થાને કાળે, એ અવસ્થાને કારણે પોતે થઈ છે. બીજા કારણે કાંઈ .. ઢીંકણું હતું એમ પણ નહિ એમ કહે છે. આહા..હા..! તાવ આવ્યો માટે દેહ છૂટી ગયો એમ પણ નહિ એમ કહે છે. એમ પણ નહિ. એ આયુષ્ય પૂરું થયું માટે દેહ છૂટ્યો એમ પણ નહિ. કહો, નવરંગભાઈ! એ વખતે દેહ અને આત્માને જુદા પડવાનો સમય હતો તો પરિણમ્યો છે. આહા..હા..! હવે કોના આમાં ઓરતા કરવા

અને કોને આમાં મદદ કરવી કોને? આહા..હા..!

ઓલી ઉપાદાનની છેને ૪૭ દોહરા. ત્યારે ઓલો અજીત પ્રસાદ.. નિમિત્તની દલીલ બરાબર છે એમની. ઉપાદાનની દલીલ ઉટપટાંગ એના માટે કર્યું હશે અહીં. આ તે. આવા પંડિત તમારી નાતના. પંડિત નામ તો ધરાવે. આહા..હા..! પંડ્યા... પંડ્યા... પંડ્યા ફોતરા ખંડ્યા. આવે છેને? મોક્ષમાર્ગમાં આવે છે. ફોતરા ખંડ્યા તને ખબર નથી. માળા પંડિત કોને કહેવો? સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ કરે પરની અપેક્ષા વિના અને પરની અપેક્ષા પરમાં થાય તેને મારી અપેક્ષા વિના એમાં થાય એવું ભાન કરે એને અહીં પંડિત કહેવામાં આવે છે. આહા..હા..! એય..! પોપટભાઈ! આ તો લક્ષ્મી આવે છે એ કહે છે પુણ્યથી નહિ એમ કહે છે. તમારા પ્રયત્નથી તો નહિ, પણ પુણ્યથી નહિ, પૂર્વની શાતા (છે) માટે (થઈ એમ) નહિ. એમ કહે છે. એય..! કેમકે શાતાના રજકણો જુદા અને લક્ષ્મી આવવાના રજકણો જુદા. એ આવવાનો એનો ક્ષેત્રાંતર થઈને આમ આવવાનો છે પર્યાય. એ પોતાથી થાય છે કે પરની અપેક્ષા રાખે છે? જો પોતાથી ન થાય તો પરની અપેક્ષા રાખે નહિ. તો પરને લઈને થાય નહિ એમ. અપેક્ષા એટલે. પોતાથી ન થાય તો પરને લઈને થાય એમ હોય નહિ અને પોતાથી થાય તો પરની અપેક્ષા એને છે નહિ. આહા..હા..! ગજબ વાત છે કે નહિ? હસુભાઈ! આહા..હા..! આવો માર્ગ વીતરાગનો છે. ત્રિલોકનાથ સર્વજ્ઞ.. ન્યાય-લોજિકથી બેસી શકે છે. એમ નહિ કે.. પરમાત્મા તીર્થંકરદેવ અનંત જ્ઞાની એક સમયમાં જેણે ત્રણ કાળ, ત્રણ લોક જોયા. એની વાણીમાં આવ્યું કે વાણીની પર્યાયમાં મારી અપેક્ષા નથી એમ કહે છે એ. એય..! આ વાણી જે નીકળે છે એમાં આ ભગવાન કહે છે મારી અપેક્ષા બિલકુલ એને નથી.

મુમુક્ષુ :- યોગના કંપનની...

ઉત્તર :- એ બિલકુલ અપેક્ષા નથી. સમજાણું કાંઈ? અને મારા જ્ઞાનની પર્યાય પરિણમે છે કેવળજ્ઞાનમાં. એને સંહનન હતું તે આમ થયું, સંહનન ન હોત તો ન થાય એવી કોઈ અપેક્ષા છે જ નહિ. મનુષ્યદેહ હતો, સંહનન મજબુત હતું તો કેવળજ્ઞાન થયું, એવી અપેક્ષા કેવળજ્ઞાનની પર્યાયને ત્રણ કાળ, ત્રણ લોકમાં નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**જે શક્તિ સ્વતઃ ન હોય તેને અન્ય કોઈ કરી શકે નહિ.**' કેટલો સિદ્ધાંત છે! આહા..હા..! સમજાણું કાંઈ? '**અને સ્વયં પરિણમતાને...**' જો પોતાની મેળાએ જ આત્મા રાગરૂપે કે સમકિતરૂપે કે કેવળજ્ઞાનરૂપે થાય '**તો પર (અન્ય) પરિણમાવનારની અપેક્ષા ન હોય;...**' એને બીજા બદલાવનારની અપેક્ષા ન હોય. લ્યો! ઓલામાં આવે છેને ભાઈ! ગોમ્મટસારમાં પ્રસ્તાવનામાં કે જીવ કરાવે છે એમ લ્યો કહે. કર્મ કરાવે છે. જીવ કરે, ઓલો કરાવે. કઈ રીતે કરાવે પણ? એ તો એને સમજાવવું છે કે નિમિત્તરૂપ આવું એક કર્મ છે.

પણ એ નિમિત્તે એને પરિણમાવ્યો છે (એમ નથી). આહા..હા..! સમજાય છે કાંઈ? કહે છે કે શિષ્ય પોતાના સમજવાના કાળે સમજવાની પર્યાયપણે પરિણમે છે. એને પરની અપેક્ષા છે નહિ. જે પોતાની સમજપણે પરિણમે એને અપેક્ષા શી? ન પરિણમે તો એ શક્તિ બીજો આપી દે એવું છે નહિ. શું કીધું?

મુમુક્ષુ :- એકેય વાત રહેવા ન દીધી.

ઉત્તર :- બધી વાત રહેવા દીધી સમય સમયની સ્વતંત્ર. આહા..હા..!

મુમુક્ષુ :- ખોટી વાત ન રહેવા દીધી.

ઉત્તર :- ખોટી છે. એવું છે ભાઈ! વસ્તુ એવી. આહા..હા..!

કહે છે એ આત્મા સંસારના વિકારભાવે ન પરિણમે તો પર એને પરિણમાવી શકે? બીજાની અપેક્ષા છે? અને પરિણમતો હોય, વિકારપણે કે ધર્મની પર્યાયપણે, તો એને કર્મના અભાવની અપેક્ષા કે ગુરુની અપેક્ષાથી પરિણમે છે? સમજાણું કાંઈ? છતાં ગુરુ નિમિત્ત હોય છે, પણ એને લઈને પરિણમે છે એમ છે નહિ. અરે..! અરે..! ભારે વાત! સમજાણું કાંઈ? કહો, અશોકભાઈ! આ બધા પૈસાબૈસામાં કાંઈ નથી. તમારામાં વિકલ્પની અપેક્ષા છે નહિ એમ કહે છે.

મુમુક્ષુ :- હોય એમ જ કહેને ગુરુ તો.

ઉત્તર :- જે રજકણો, જે કાળે, જે ક્ષેત્રે એના પોતાના રૂપાંતર થવાની પર્યાયથી આવે છે. એને નથી જરૂર તારા રાગની, એને નથી જરૂર પૂર્વના શાતાના ઉદયની. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તેને અન્ય કોઈ કરી શકે નહિ. અને સ્વયં પરિણમતાને તો પર (અન્ય) પરિણમાવનારની અપેક્ષા ન હોય; કારણ કે વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી.**' જુઓ હવે લ્યો ઠીક! વસ્તુની શક્તિઓ વિકારપણે પરિણમવાની લાયકાત એને પરની અપેક્ષા રાખતી નથી કે કર્મનો ઉદય આવો છે માટે આમ થાય. એમ છે નહિ. અને કર્મનો અભાવ થાય તો આમ સમકિત આદિ થાય એમ છે નહિ. પૈસા હોય, .. પરિણમ્યા હોય, સાજેમાંદે સેવા કરનાર બાયડી હોય અને ટાણે ટાણે રોગ ઉપર દવાના કપાટ ભર્યા હોય જોડે. તો એટલી અનુકૂળતાએ કાંઈક નિવૃત્તિ મળે કે નહિ? એય..! પોપટભાઈ! આહા..હા..! ભાઈ! તને ખબર નથી. પરથી નિવર્તવાનો પર્યાયનો પરિણમન એને પરની અપેક્ષા છે નહિ. કે આટલું સાધન છે માટે હવે ધર્મ કરી શકે. આહા..હા..! અને નિર્ધન છે એ ધર્મ ન કરી શકે એમ અપેક્ષા કોઈ છે જ નહિ. આહા..હા..! સાતમી નરકનો નારકી... આહા..હા..! રાગના રસિયા છૂટીને આતમરામ થઈ ગયા. સમજાય છે કાંઈ? અને માંધાતા નવમી ગ્રૈવેયક મોટો સાધુ દિગંબર ગયો એ આતમ રસિયા છોડીને રાગના રસિયા હતા. એ પણ પોતાને કારણે

હતા. પરની અપેક્ષા હતી નહિ. આહા..હા..!

આટલો કાળ એને રખડવું છે એટલી તો અપેક્ષા હોય કે નહિ? ભાઈ! હવે આ કાળલબ્ધિ આવી. ના. એ બધા વ્યવહારની વાતું છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા ભૂલીને ભ્રમમાં આવે તો એને પરની અપેક્ષા નથી અને ભ્રમને ટાળીને ભગવાન થવાની દશા થાય તો એને પરની અપેક્ષા નથી. આહા..હા..! આ જ્ઞાનની પર્યાય પોતાની કેવળની થાય એમાં લોકાલોકની અપેક્ષા છે ખરી કે નહિ? એની અપેક્ષા બિલકુલ નથી. આહા..હા..! અરે..! આવો તત્ત્વનો સ્વભાવ જ એવો છેને. લોકોને કાંઈ ખબર વિના એમ ને એમ હાંકે રાખે. આમ ધર્મ થયો અને આમ ધર્મ થયો. કહો, સમજાણું? ... લ્યો! આમ શરીરને આમ કર્યું. એ જીવથી થયું બિલકુલ નહિ. એય..! તાવકાયં આવે છે કે નહિ? તાવકાયં ઠાણેણં માણેણં જાણેણં. એટલે ત્રણેય યોગ થઈ ગયા. ઠાણેણં કાયાને રોકી. માણેણં વચનને. જાણેણં મનને. એય..!

મુમુક્ષુ :- રોક્યા છે ત્રણેને

ઉત્તર :- રોક્યાનો અર્થ એ. આહા..હા..! પાઠ તો એવો આવે છે. 'ઠાણેણં માણેણં જાણેણં અપ્પાણં વોસરે.' આખો આત્મા વોસરાવી દીધો. આહા..હા..! ભાઈ! તારો સ્વભાવ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ વોસરાવું છે ક્યાં? અહીં ઠરે એટલે વોસરાઈ જાય. એય..! કહેવાય શું એને? વ્યવહારે તો એમ જ બોલેને. આહા..હા..! એ બધા કાયોત્સર્ગ કરે એને ખબર હશે. ગાડા હાંકે જાય છે. ભાન ક્યાં છે? નમો અરિહંતાણં .. ઈચ્છામી ..તસ્સઉતરી અને લોગસ્સ કમ્મેભણ્ણંતી અને નમોત્થુણં જાવ. બેયની થઈ ગઈ સામાયિક. ધૂળેય નથી સામાયિક સાંભળને હવે. તને વસ્તુની તો ખબર નથી હજી. આ ક્રિયા બહારથી થાય એ એનાથી થાય છે. વિકલ્પ ઉઠે એ રાગ છે. હું રાગરહિત છું. એવી અંતરની દૃષ્ટિ વિના સમતા અને સમતાનો લાભ થાય નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! અરેરે..! જિંદગીયું એમ ને એમ મજુરની પેઠે જગતની મજુરી કરીને ચાલ્યા જાય છે. આહા..હા..! આ છોકરો ભાઈ અમારે ચોમાસામાં જન્મ્યો હતો લ્યો ૮૦ની સાલમાં. બોટાદ ચોમાસું હતુંને. વનેચંદશેઠ ત્યાં હતા. વાંકાનેરવાળા. એના મકાનમાં મેડી ઉપર. તે દિ' .. ૮૦માં પછી મરી ગયા. ગણવા જ છેને ગણતરી ત્યાં ક્યાં એની પાસે હતા? એની પાસે તો મમતા હતી. આહા..હા..! તે દિ' ચોમાસામાં એણે કરેલું ભાઈ. ચાર પાંચ મહિના, આઠમ, બીજ, પાંચમ, આઠમ, અગિયારસ .. જેટલા પોષા કરે એ બધાને સવારમાં પારણું લાડવા અને ગાંઠીયા. જેઠાભાઈને ત્યાંથી. ૮૦ની વાત છે. છોકરો નહોતો અને એમાં છોકરો થયો તે વરસે. આહા..હા..! આ એનો અંત આવી ગયો આજ. આહા..હા..! .. ભાઈ જાણો છોને જેઠાભાઈ? બોટાદવાળા નહિ જેઠાલાલ..

સોનાના વેપારી મોટા. સોનાના હતા. ..૬૦ લાખ હતા. એનો છોકરો ગુજરી ગયોને હમણા. એક જ હતો. ભાઈ આવતો હતો. નૌતમ. ઓલો કોઢવાળો છોકરો. હા એ. આહા..હા..! જુઓને આ એક પડતા પડ્યા છે. આહા..હા..!

મુમુક્ષુ :- એક પડદો ખલાસ.

ઉત્તર :- એક અંત આવ્યો. બીજે પડદે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદા. એ સ્વતંત્ર છે કહે છે. અહીંથી સ્વર્ગમાં જવાને માટે પર્યાય થાય. એમાં એને કર્મના નિમિત્તની જરૂર નથી એમ કહે છે આમાં. સમજાણું કાંઈ? એ આત્મા જ જ્યારે એ રીતે ગતિ કરનાર પરિણમનને કાળે પરિણમે છે આમ. એ પરિણમનારને બીજો શું પરિણમાવે? અને ન પરિણમતો હોય તો બીજો શું આપે? આહા..હા..! કહે છેને ઓલા ભાઈ! કે શ્રેણિક રાજાને નરકમાં નહોતું જાવું. ક્ષાયિક સમકિતિ છે. છતાં એ નરકમાં ગયા એ કર્મને લઈને. બિલકુલ જૂઠી વાત છે. એ રીતે જ ગતિની પર્યાયનો કાળ એનો આમ થઈ જવાનો. પહેલી નરકમાં. ભવિષ્યમાં તીર્થંકર થવાના. આવતી ચોવીસીમાં તીર્થંકર. મહાવીર ભગવાનના જેવા એ ચોવીસમાં અને આ પહેલા આવતી ચોવીસમાં. આહા..હા..! પહેલી નરકમાં ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિએ છે. કહે છે કે એ તો એની પોતાની પર્યાયમાં છે હોં. તો નરકમાં છે એમ કહેવું એ સંયોગની વાત છે. આહા..હા..! અને ધર્મી જીવ રાગમાં છે એમ કહેવું એ વ્યવહારની વાત છે. એ તો પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયમાં છે. સમજાણું કાંઈ? આહા..હા..! ત્યાંથી નીકળશે ત્યારે રાણીના કોખમાં આવશે ત્યારે ઇન્દ્રો આવશે. છ મહિના પહેલા તો રત્નની વૃષ્ટિઓ કરશે. આહા..હા..! છ મહિના હોં! માતાના પેટમાં આવવા પહેલા. હજી તો ત્યાં નરકમાં હોય. એ પહેલા. જુઓને એક પર્યાયની સ્વતંત્રતા! આહા..હા..! કોણ કરે એને? શાસ્ત્ર તો ત્યાં સુધી કહે છે કે એવા મહાપુરુષ હોય છેને આવે એટલે પરમાણુ આવ્યો એ રતનરૂપે થઈને પરિણમે. નીચે પડે. અહીંયાં રજકણો ભર્યા હોય એને રતનપણે પરિણમવાનો એનો કાળ હોય છે. આહા..હા..!

મુમુક્ષુ :- પંદર મહિના સુધી?

ઉત્તર :- ... એય..! છ ઈ અને નવ ઈ. એ દરેકની એ સમયની પર્યાયમાં સ્વતંત્ર એ પર્યાય છે. એ તીર્થંકરના આત્માના પુણ્ય છે માટે ત્યાં રત્ન વરસે છે એમ પણ નહિ કહે છે. આહા..હા..!

કહે છે પોતે ન પરિણમનારને પરની અપેક્ષા હોય નહિ, પરથી પરિણમાવી શકાય નહિ અને પરિણમનારને પરની અપેક્ષા હોય નહિ. '**વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી.**' આહા..હા..! જીવને કેવળજ્ઞાન અને ચાર જ્ઞાનપણે પરિણમવું હોય છે ત્યારે એને વજ્રનારાચસંહનની અપેક્ષા નથી એમ કહે છે. કે મજબુત સંહનન છે માટે... એમ લખાણમાં

એમ જ આવે છે હમણા આવ્યું હતું. સંહનન મજબુત હોય તો આમ ધ્યાન બરાબર કરી શકાય. સાંભળને હવે આવા ને આવા. સંહનન શું કરે? પહેલા સંહનનવાળો મત્સ્ય અંગુળનો અસંખ્યમો ભાગ છે. મત્સ્ય-મત્સ્ય. અંગુળનો અસંખ્યમો ભાગ શરીર. વજ્રનારાચસંહનન સાતમી નરકમાં જાય.

મુમુક્ષુ :- લઈ ગયાને એને.

ઉત્તર :- એ પોતાને લઈને જાય છે એ પરને લઈને નહિ. આનુપૂર્વીય છેને એક લ્યો નામકર્મની પ્રકૃતિ. આનુપૂર્વીય. એ નહિ. એમ કહે છે. અહીંથી ગતિ થવાને લાયકાતથી જાય છે? કે લાયકાત નહોતી અને બીજાએ લાયકાત આપી? આહા..હા..! વીતરાગ માર્ગમાં આ વાત છે. બીજે ક્યાંય નથી. સમય સમયની સ્વતંત્રતા. વસ્તુની સ્થિતિનો પોકાર છે. વસ્તુ પોતે પોકારી રહી છે. મારા પરિણમનમાં પરની અપેક્ષા છે નહિ અને હું પરિણમવાને લાયક ન હોય અને બીજા પરિણમાવી શકે એવું છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? લાડવાના કટકામાં કણી આવી ગઈ કાચની. આવી જાયને કોકકોકવાર? આમ થાય. અંદર જે દ્વેષના પરિણામ થયા એને આ કાચની કટકી આવી એની કાંઈ અપેક્ષા ખરી? દિલીપ!

મુમુક્ષુ :- બિલકુલ નહિ, સાહેબ! ...

ઉત્તર :- એમ. બંને?

મુમુક્ષુ :- બંને સાથે આપ્યા છે.

ઉત્તર :- બેય આપ્યા છે. બેય તર્ક આપ્યા છે. આહા..હા..!

'**(આ રીતે બન્ને પક્ષ અસત્ય છે.)**' નહિ પરિણમનાર બીજો પરિણમાવી શકે એ શક્તિ આપી શકે નહિ. પરિણમતો હોય એને બીજાની અપેક્ષા હોઈ શકે નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? પાંગળો લાકડીને ટેકે ચાલે છે એને અહીં ના પાડે છે. એ પાંગળાની પર્યાય એ રીતે જ ત્યાં પોતાને કારણે થવાની હતી. લાકડીને મદદે ત્યાં એ રીતે આમ ચાલે છે (એમ નથી). ગજબ વાત છે! વીતરાગના માર્ગની ખબર ન મળે અને હાંકે રાખે કે આમ થાય ને આમ થાય. ભાઈ! આપણે તો કર્મ જેવા બાંધ્યા એવા આપણે ભોગવવા. શું કહે છે એનું ભાન નથી. કર્મ તો જડ છે. જડને બાંધ તું? એ તો પહેલા આવી ગયું. પોતાની મેળાએ બંધાય એને જીવ શું કરે? એને બંધાવાની લાયકાત ન હોય તો બીજો જીવ આપી શકે એમાં? આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગ માર્ગની સ્વતંત્રતાની જેને ખબર નથી. એને સ્વતંત્ર ભગવાન પૂર્ણાનંદનો નાથ અંદર. જે ચૈતન્ય ચમત્કારથી ભરેલો જે ચમત્કાર પ્રગટ થવામાં પણ પરની અપેક્ષા છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તેથી જીવ પરિણમનસ્વભાવવાળો સ્વયમેવ હો.**' જીવ જ વિકારપણે પરિણમવું કે ધર્મપણે થવું એ સ્વયમેવ હો. સ્વયમેવ હો. પોતાથી છે, પરથી કોઈ છે નહિ. આવા લખાણ

ચોખ્ખા પણ ક્યાંય ગોટા વાળે મારા. આહા..હા..! ઓલાને સાંભળનારને ભાન ન મળે બિચારાને. '**તેથી જીવ પરિણમનસ્વભાવવાળો સ્વયમેવ હો. એમ હોતાં** (હોવાથી), **જેમ ગરુડના ધ્યાનરૂપે પરિણમેલો...**' છે? ઓલામાં માટીનો દાખલો આપ્યો હતો. કર્મમાં. અહીં '**ગરુડના ધ્યાનરૂપે પરિણમેલો મંત્રસાધક પોતે ગરુડ છે...**' ગરુડની પર્યાયમાં પરિણમ્યો છેને ભાવમાં? આહા..હા..! '**ગરુડના ધ્યાનરૂપે પરિણમેલો મંત્રસાધક...**' એને ગરુડ પર્યાયમાં ... '**તેમ, અજ્ઞાનસ્વભાવવાળા ક્રોધાદિરૂપે...**' અજ્ઞાનસ્વભાવવાળા. ભાષા જુઓ. પુણ્ય અને પાપ, દયા અને દાન, કામ અને ક્રોધ. એ પરિણામ અજ્ઞાનસ્વભાવવાળા. '**ક્રોધાદિરૂપે જેનો ઉપયોગ પરિણમ્યો છે...**' આહા..હા..! પુણ્ય અને પાપ, શુભ અને અશુભ એવા રાગ એ અજ્ઞાનભાવ છે. એ અજ્ઞાનસ્વભાવ છે. '**અજ્ઞાનસ્વભાવવાળા ક્રોધાદિરૂપે...**' જોયું? '**અજ્ઞાનસ્વભાવવાળા ક્રોધાદિ...**' ક્રોધ, માન, માયા, લોભ, રાગ, વિષય, વાસના બધા અજ્ઞાનભાવ છે. એ જ્ઞાનભાવ સ્વભાવભાવ નથી.

'**અજ્ઞાનસ્વભાવવાળા ક્રોધાદિરૂપે જેનો ઉપયોગ પરિણમ્યો છે એવો જીવ જ પોતે ક્રોધાદિ છે.**' આવ્યું હતુંને હમણા એ? '**कोहुवजुत्तो कोहो माणुवजुत्तो य माणमेवादा। माउवजुत्ते माया लोहुवजुत्त हवदि लोहो।**' ક્રોધરૂપે પરિણમે તે પોતે જ થયેલો છે ક્રોધ. માનરૂપે થાય. આહા..હા..! '**એવો જીવ જ પોતે ક્રોધાદિ છે.**' એ જીવ પોતે જ વિકારી છે એમ કહે છે. આહા..હા..! હવે આમાં બેસવું ભારે એને તો. હવે જીવમાં વિકાર કેવો? આત્મા છે પવિત્ર એને વિકાર કેવો? હવે સાંભળતો ખરો. એ વિકારપણે પરિણમે છે એ પોતે જીવ પરિણમે છે. આહા..હા..! જેનો ઉપયોગ પરિણમ્યો છે વિકારપણે એ જીવ જ છે. એ પરથી થયું નથી. આહા..હા..! '**એવો જીવ જ પોતે ક્રોધાદિ છે.**' પોતે આત્મા જ ક્રોધસ્વરૂપ થઈ ગયો. પર્યાયમાં હોં! વળી કોઈ એમ કહે કે અરે..! આત્મા જ ક્રોધરૂપ થયો ત્યારે હવે તો આખો દ્રવ્ય જ પોતે મલિન થઈ ગયું. એ પણ જૂઠું છે. અહીં તો એના પર્યાયમાં ક્રોધરૂપ થયો એ જીવ. સમજાણું કાંઈ? અને સમ્યગ્દર્શનની પર્યાયપણે થયો જીવ. એ તો પર્યાયપણે છે. જીવ તો ધ્રુવ તો ત્રિકાળી જેમ છે એમ છે. હવે એ વળી એમ કહે છે. મારા બેયમાં લાકડા ઉંધા. કર્મને લઈને વિકાર થાય, કર્મ કરે તો ધર્મ થાય. સમજાણું કાંઈ? બીજું શું કીધું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ કીધું. વિકારી પર્યાય થાય તો દ્રવ્ય આખું વિકારી થઈ ગયું. એમ કહે છે. એ પણ જૂઠો છે. આવા ભારે ભાઈ! વસ્તુ તો નિર્મળાનંદ પવિત્ર પિંડ પ્રભુ છે ધ્રુવ તરીકે, પણ પર્યાય તરીકે એનો જ્યાં સંસાર છે ત્યાં એ મિથ્યાત્વપણે, રાગપણે, દ્વેષપણે એ પોતે થાય છે. એ પરથી થાય છે અને પરને લઈને થાય છે એમ છે નહિ.

'**આ રીતે જીવનું પરિણામસ્વભાવપણું સિદ્ધ થયું.**' લ્યો! જીવ વિકારપણે પરિણમે છે એવો એનો ભાવ સાબિત કર્યો. સમજાણું કાંઈ? આહા..હા..! એક બાજુ કહે કે ભગવાન વિકારપણે થાય જ નહિ. એ તો દ્રવ્ય. સમજાણું કાંઈ? સાચી વાત છે. '**ण वि होदि अप्पमत्तो**' પ્રમત્ત-અપ્રમત્ત પર્યાય કેવી એને? એ તો દ્રવ્યની અપેક્ષાની વાત છે. પર્યાયમાં વિકાર ન હોય તો પછી આ સંસાર કોનો? જડનો સંસાર છે? આહા..હા..! સમજાણું કાંઈ? જીવનું પરિણામસ્વભાવપણું. ઓલો શું કહે છે કે એ તો જીવ પરિણામી છે એમ સાબિત કર્યું. તો પરિણામી છે એ પર્યાયમાં પરિણામી છે એમ સાબિત કર્યું. અહીં વાત કરી છે. આહા..હા..! ભારે ભાઈ! આવી તકરાર તો અમારે ૭૧થી ચાલે છે. એય..! સ્થાનકવાસીમાં પણ પહેલી તકરાર ઉઠી પહેલી ૭૧માં. કીધું વિકાર પોતાથી થાય છે, પરને લઈને નહિ. અરે..! આવું ક્યાંથી લાવ્યા? જૈનમાં તો કર્મને લઈને થાય. ત્યાંથી જ્યાં શ્વેતાંબરનું.. જ્યાં શ્વેતાંબરે સાંભળ્યું તો એને થઈ ગયું લ્યો! કર્મને લઈને નહિ કાંઈ? ત્રણ લોકના ઉપકારી તો એમ કહે છે કે કર્મને લઈને રખડ્યો. અહીં કહે છે કે ભૂલને લઈને રખડ્યો. સમજાણું કાંઈ? આહા..હા..!

અને આ વિકાર છે જ નહિ પર્યાયમાં એ જૂઠો અને વિકાર પર્યાયમાં છે તો દ્રવ્ય વિકારી થઈ ગયું. એ પણ જૂઠું છે. સમજાણું કાંઈ? બહુ આમાં તો જાણપણું બહુ માગે નહિ? પ્રવિણભાઈ! સમજાય એવું છે. આહા..હા..! હા પણ ઓલા પૈસા ભેગા થયા એમાં કાંઈ આટલી બધી મહેનત નહિ પડી હોય લ્યો. એ તો એની મેળાએ થઈ ગયું બધું ઉકરડા.

મુમુક્ષુ :- આમાં મોટો પુરુષાર્થ માગે છે.

ઉત્તર :- પુરુષાર્થ માગે છે. હા. આહા..હા..!

'**ભાવાર્થ :- જીવ પરિણામસ્વભાવ છે.**' જીવની પર્યાયમાં પરિણમવું છે. એકકોર પરિણામ પારિણામિકભાવને કહે છે. પારિણામિકભાવ ત્રિકાળ છેને? એને પરિણામ કહે છે. પરિણામ કહે. પરિણામ શું? સહજ.. છે એમ અને એકકોર વિકારી પર્યાયને પરિણામસ્વરૂપ કહે છે અને એકકોર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ધર્મની પર્યાયને પણ પરિણામ કહે છે. આહા..હા..! અને આ લાકડીની આ પર્યાય છે એને પણ પરિણામ કહે છે. આ પરિણામ છે. સમજાણું કાંઈ? કહો, ઓલો સંચા ચાલેને. ..ભાઈ શીખીને ત્યાંથી આવ્યા છેને એ? કહો, સમજાણું કાંઈ? મારે હવે નજરે દેખાય કે આમ આમ ચાલે ત્યારે કાણું પડે. કોનાથી પડે પણ સાંભળને. બે સામે છે કે નહિ બે? આ અને ઓલો બે છે. તો ત્યાં જે થાય છે એ તો એનાથી થાય છે. આનાથી થાય છે ત્યાં? આવી ચીજ છે. આહા..હા..!

## શ્લોક-૬૫

(उपजाति)

स्थितेति जीवस्य निरन्तराया
स्वभावभूता परिणामशक्तिः।
तस्यां स्थितायां स करोति भावं
यं स्वस्य तस्यैव भवेत्स कर्ता।।६५।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [इति] આ રીતે [जीवस्य] જીવની [स्वभावभूता परिणामशक्तिः] સ્વભાવભૂત પરિણમનશક્તિ [निरन्तराया स्थिता] નિર્વિઘ્ન સિદ્ધ થઈ. [तस्यां स्थितायां] એ સિદ્ધ થતાં, [सः स्वस्य यं भावं करोति] જીવ પોતાના જે ભાવને કરે છે [तस्य एव सः कर्ता भवेत्] તેનો તે કર્તા થાય છે.

ભાવાર્થ :- જીવ પણ પરિણામી છે; તેથી પોતે જે ભાવરૂપે પરિણમે છે તેનો કર્તા થાય છે. ૬૫.

## કળશ-૬૫ ઉપર પ્રવચન

એનો કળશ કહે છે. 'આ રીતે જીવની સ્વભાવભૂત પરિણમનશક્તિ...' 'निरन्तराया स्थिता' 'નિર્વિઘ્ન સિદ્ધ થઈ.' આહા..હા..! ભગવાન આત્મા પર્યાયમાં પરિણમે છે. વેદાંતના નિશ્ચયવાળાને તો આ એવું લાગે કે આ શું કહે છે આ બધું? એમ. બદલે? જીવ બદલે? જીવ પર્યાયે બદલે ધ્રુવે નહિ. બેની ચીજ છે કે નહિ? એકફેરી ૯૯ની સાલમાં ચર્ચા ચાલતી હતી આત્માની ત્યાં રાજકોટ. એમાં એક બાવાએ સાંભળ્યું કે એક મહારાજ અધ્યાત્મની વાત કરે છે. બાવો આવ્યો બાવો વેદાંતી. સાંભળતા... સાંભળતા... વાત એવી નીકળી કે જીવ વિકારપણે... વિકારપણે આત્મા થાય? ચાલો ભાગો અહીંથી. એ જાણે કે જૈનના સાધુ છેને આવી આત્માની વાત કરે છે તો અમારા જેવી હશે એમ કહે. આવા ને આવા. સાધુ હોં બાવો. ચર્ચામાં આવ્યું અને આ વાત થઈ કે નિત્યાનંદ પ્રભુ શુદ્ધ ધ્રુવ છે. પણ

પર્યાયમાં વિકારી પોતાને કારણે પરની અપેક્ષા વિના થાય છે. અરે..! અનિત્યપણું? જીવને અનિત્યપણું હોય? ભાગો કહે. જીવ તો નિત્ય છે. અરે..! કઈ અપેક્ષાએ નિત્ય છે સાંભળને. એ તો ધ્રુવની અપેક્ષાએ નિત્ય છે. ઉત્પાદ-વ્યયની અપેક્ષાએ તો અનિત્ય છે. નિત્યાનિત્ય એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? એવું છે. નિશ્ચયની વાત આવેને એટલે વેદાંતવાળા જાણે કે અમારા જેવી આવી છે. વેદાંત જેવી વાત છે એમ વળી ઘણા આવે સાંભળવા. વેદાંતને અને આને ક્યાં લાગેવળગે? આહા..હા..!

'**જીવની સ્વભાવભૂત...**' પર્યાયનું તે રીતે સ્વભાવથી પરિણમવું એવી દશા સિદ્ધ થઈ. '**એ સિદ્ધ થતાં, જીવ પોતાના જે ભાવને કરે છે...**' જીવ જે ભાવને પુણ્ય ને પાપ ને દયા ને દાન ને વ્રતના વિકલ્પને કરે '**તેનો તે કર્તા થાય છે.**' લ્યો! સમજાણું કાંઈ? પરનો કર્તા થતો નથી. કર્મ જીવ બાંધે નહિ, કર્મ જીવ તોડે નહિ, કર્મ જીવને રાગ થાય માટે બંધાય એમ નહિ. મારે..! આહા..હા..! ગુમ થઈ ગયો ગુમ. સત્ય સ્વતંત્ર હતું એને મારાએ ગુમ કરી નાખ્યું, ગોપવી નાખ્યું, પરાધીન... પરાધીન... પરાધીન... એ પરાધીનતાની પર્યાય પણ સ્વતંત્ર પોતાથી છે. પર એને પરાધીન કરે એમ છે નહિ. ઈશ્વર અને અનીશ્વર આવે છેને? ઈશ્વર શક્તિ અને અનીશ્વર નય. ૪૭.

પોતે સ્વયં નિમિત્તને આધીન થવાની શક્તિથી આધીન થાય છે. નિમિત્ત એને આધીન કરાવે ત્રણ કાળમાં એમ નથી. આહા..હા..! આવું વસ્તુનું સ્વરૂપ અને ઓલા કરોને સામાયિક. ધર્મ થઈ જશે. કરો પોષા અને પડિક્કમણા. શેના પડિક્કમણા? તારે ક્યાં આવ્યા? હજી ચીજ કોણ છે? કરનારનું શું સ્વરૂપ છે? કરનારની પર્યાય કોને કહેવી? અને એનું દ્રવ્ય ધ્રુવ શું છે? એ પરિણમે ત્યારે પરની અપેક્ષા છે કે નહિ? બદલવામાં પરને કારણે બદલે છે કે નહિ? ખબર ન મળે. થઈ ગઈ સામાયિક લ્યો! મિથ્યા છે ત્યાં. સમજાણું કાંઈ? '**તેનો તે કર્તા થાય છે.**' જીવ તો વિકારપણે પરિણમે તો વિકારનો કર્તા થાય. અને ભગવાન આત્મા ધર્મની પર્યાયપણે અંતર્મુખ થઈને સમ્યગ્દર્શન-જ્ઞાનરૂપે પરિણમે તો એ એનો કર્તા થાય. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- જીવ પણ પરિણામી છે; તેથી પોતે જે ભાવરૂપે પરિણમે છે...**' પોતે જે ભાવરૂપે પરિણમે છે. '**તેનો તે કર્તા થાય છે.**'

## ગાથા-૧૨૬

तथाहि —

जं कुणदि भावमादा कत्ता सो होदि तस्स कम्मस्स।
णाणिस्स स णाणमओ अण्णाणमओ अणाणिस्स।।१२६।।
यं करोति भावमात्मा कर्ता स भवति तस्य कर्मणः।
ज्ञानिनः स ज्ञानमयोऽज्ञानमयोऽज्ञानिनः।।१२६।।

एवमयमात्मा स्वयमेव परिणामस्वभावोऽपि यमेव भावमात्मनः करोति तस्यैव कर्मतामापद्यमानस्य कर्तृत्वमापद्येत। स तु ज्ञानिनः सम्यक्स्वपरविवेकेनात्यन्तोदितविविक्तात्म-ख्यातित्वात् ज्ञानमय एव स्यात्। अज्ञानिनः तु सम्यक्स्वपरविवेकाभावेनात्यन्तप्रत्यस्तमित-विविक्तात्मख्यातित्वादज्ञानमय एव स्यात्।

---

જ્ઞાની જ્ઞાનમય ભાવનો અને અજ્ઞાની અજ્ઞાનમય ભાવનો કર્તા છે એમ હવે કહે છે :-

જે ભાવને આત્મા કરે, કર્તા બને તે કર્મનો;
તે જ્ઞાનમય છે જ્ઞાનીનો, અજ્ઞાનમય અજ્ઞાનીનો. ૧૨૬.

ગાથાર્થ :- [आत्मा] આત્મા [यं भावम्] જે ભાવને [करोति] કરે છે [तस्य कर्मणः] તે ભાવરૂપ કર્મનો [सः] તે [कर्ता] કર્તા [भवति] થાય છે; [ज्ञानिनः] જ્ઞાનીને તો [सः] તે ભાવ [ज्ञानमयः] જ્ઞાનમય છે અને [अज्ञानिनः] અજ્ઞાનીને [अज्ञानमयः] અજ્ઞાનમય છે.

ટીકા :- આ રીતે આત્મા સ્વયમેવ પરિણામસ્વભાવવાળો છે તોપણ પોતાના જે ભાવને કરે છે તે ભાવનો જ-કર્મપણાને પામેલાનો-કર્તા તે થાય છે (અર્થાત્ તે ભાવ આત્માનું કર્મ છે અને આત્મા તેનો કર્તા છે). તે ભાવ જ્ઞાનીને જ્ઞાનમય જ છે કારણ કે તેને સમ્યક્ પ્રકારે સ્વપરના વિવેક વડે (સર્વ પરદ્રવ્યભાવોથી) ભિન્ન આત્માની ખ્યાતિ અત્યંત ઉદય પામી છે. અને તે ભાવ અજ્ઞાનીને તો અજ્ઞાનમય જ છે કારણ કે તેને સમ્યક્ પ્રકારે સ્વપરનો વિવેક નહિ હોવાને લીધે ભિન્ન આત્માની ખ્યાતિ અત્યંત અસ્ત થઈ ગઈ છે.

ભાવાર્થ :- જ્ઞાનીને તો સ્વપરનું ભેદજ્ઞાન થયું છે તેથી તેને પોતાના જ્ઞાનમય ભાવનું જ કર્તાપણું છે; અને અજ્ઞાનીને સ્વપરનું ભેદજ્ઞાન નથી તેથી તેને અજ્ઞાનમય ભાવનું જ કર્તાપણું છે.

## ગાથા-૧૨૬ ઉપર પ્રવચન

હવે બેય લીધા. '**જ્ઞાની જ્ઞાનમય ભાવનો અને અજ્ઞાની અજ્ઞાનમય ભાવનો કર્તા** છે...'

**जं कुणदि भावमादा कत्ता सो होदि तस्स कम्मस्स।**
**णाणिस्स स णाणमओ अण्णाणमओ अणाणिस्स।।१२६।।**
**જે ભાવને આત્મા કરે, કર્તા બને તે કર્મનો;**
**તે જ્ઞાનમય છે જ્ઞાનીનો, અજ્ઞાનમય અજ્ઞાનીનો. ૧૨૬.**

કર્મ એટલે કાર્ય. આહા..હા..!

એની '**ટીકા :- આ રીતે આત્મા સ્વયમેવ...**' પોતાની મેળાએ '**પરિણામસ્વભાવવાળો છે...**' બદલવાના સ્વભાવવાળો છે, પલટવાના સ્વભાવવાળો જીવ છે. જીવ કહો કે આત્મા કહો. '**તોપણ પોતાના જે ભાવને કરે છે તે ભાવનો જ-કર્મપણાને પામેલાનો-કર્તા તે થાય છે...**' પોતાના જે ભાવને કરે. તે સમયે રાગને કરે તો રાગનો કર્તા અને અંતર્મુખ દૃષ્ટિ કરીને સમ્યગ્દર્શનને કરે તો ધર્મનો કર્તા. આહા..હા..! સમજાણું કાંઈ? '**પરિણામસ્વભાવવાળો છે તોપણ પોતાના જે ભાવને કરે છે...**' એમ તે પર્યાયકાળે જે પર્યાયને તે કરે '**તે ભાવનો જ-કર્મપણાને પામેલાનો...**' એ એનું કાર્ય પામેલાનો '**કર્તા તે થાય છે...**' સમજાણું કાંઈ? પુણ્ય અને પાપ, શુભ-અશુભભાવ એપણે પરિણમે તો એ વિકારનો કર્તા થાય અજ્ઞાની. અને ધર્મપણે આત્મા પૂર્ણાનંદ પ્રભુ એને વર્તમાન નિર્મળ પર્યાયમાં સ્થાપીને શુદ્ધરૂપે પરિણમે તો એ ધર્મની પર્યાયનો એ કર્તા. સમજાણું કાંઈ? આહા..હા..! હવે આ પર્યાય અને એનો કર્તા. આ માથાકૂટ કેટલી? સમજ્યા વિના માંડોને કરવા. રાતે અંધારે હોય તો ગોળ ખાય તો ગળ્યો લાગે. તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્મા એમ કહે છે કે આત્મા પોતે વિકારને કરે તો વિકારનો કર્તા થાય. (અજ્ઞાની) એ વિકાર સિવાય બીજું કરે એમ બની શકે નહિ.

મુમુક્ષુ :- બીજું એટલે?

ઉત્તર :- બીજું આ શરીરનું, વાણીનું, દેશનું, કુટુંબનું, નાતનું. કહો, આ બધા કાર્યકર્તાઓ કરે છેને એય..! આહા..હા..! શું કરે કહે છે. જીવ ભગવાન આત્મા વસ્તુ છે. પવિત્રતાનો પિંડ છે અને એની પર્યાય છે. હવે એ પર્યાયમાં જે ભાવ રાગનો કરે તો રાગનો કર્તા અને ધર્મની પર્યાય કરે તો ધર્મની પર્યાયનો કર્તા. એને પરની કોઈ અપેક્ષા છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પોતાના ભાવને. આહા..હા..! '**તે ભાવનો જ...**' એમ પાછી ભાષા એમ છેને? પણ ભાઈ જીવ રાગને પણ કરે અને જગતના શરીર આદિના કામ પણ કરે, દેશના

પણ કામ કરે. આ બધા પંચશીલ નથી કરતા? એય..!

મુમુક્ષુ :- પંચશીલનો રાગ કરે, પરનું શું કરે?

ઉત્તર :- ધૂળેય કરતા નથી મારા. એ બધા અભિમાનીઓ અમે આ કરી દઈએ આ કૂવા ઉંડા ખોદાવી દઈએ, સડકું સરખી બાંધી દઈએ. પાણીના પરબ શું કહેવાય ઓલા? બાંધ-બાંધ. બંધ બરાબર કરી દઈએ. અહીં કહે છે કે હરામ હોય કરે તો. હવે એ તો પરચીજ છે. પરચીજને કોણ કરે? પોતે પરપણે પરિણમે છે? તે કરે? પરિણમે તે કરે. તો રાગપણે પરિણમે તો રાગને કરે, પરપણે પરિણમે તો પરનો કર્તા થાય આહા..હા..! અભિમાન ગાળી નાખે એવું છે આ બધું. જ્યાં હું કર્યું... હું કર્યું... અભિમાન કર્યા જ્યાં હોય ત્યાં. આહા..હા..! અમે આમ કરીએ, અમે આમ કરીએ. નિમિત્ત તો થાઈ એને? વળી એમ શેઠ કહેતા હતા. એય..! ઢેબરભાઈ અહીં આવેને. પણ કોના નિમિત્ત થાવ? ધૂળના? એની પરિણતિની ક્રિયા એનાથી થાય એમાં તમારું નિમિત્ત કરે શું એને? આહા..હા..! બેસે નહિ આ. રખડવાના ભાવ છેને. સમજાણું કાંઈ? આહા..હા..! એક આંખની પાંપણ ફરે એને અપેક્ષા આત્માની નથી એમ કહે છે. આમ થાય, આ રજકણો છે આ તો. અજીવતત્ત્વ છે આ માટી. એ માટીનું આમ ફરવું થાય. એ પર્યાયમાં આત્માની અપેક્ષા બિલકુલ છે નહિ એમ કહે છે. અને એ ફરે છે માટે આત્માને રાગ થાય છે ઈચ્છા એમ નથી.

મુમુક્ષુ :- ઈચ્છા થાય તો તો આંગળી ઉંચી થાયને.

ઉત્તર :- ઈ ઈચ્છા થાય તો આંગળી ઉંચી થાય એમ ત્રણ કાળમાં નથી એમ કહે છે. આ તો જડ છે. એની પર્યાયનું આમ થવું એ તો એને કારણે છે. આહા..હા..! ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- એ કોક કહે છે જુઓ આ અમે કરીએ છીએ.

ઉત્તર :- જડ કરે છે એ બધા અભિમાન કરે છે. અભિમાન કરે છે બધા. એય..! લાદી ત્યાં શું કર્યું તમારે લાદી છે. લાદી છે. ઓલા ભગવાનજીભાઈને ઓલાનું પ્લાસ્ટિકનું છે. થાણામાં છેને મોટા પંદર-પંદર લાખના બે સંચા. સંચા એટલે બધો પથારો. ધૂળમાંય નથી સાંભળને. આહા..હા..! કોના પથારા! આત્મા એટલો બધો વિસ્તાર ગરી ગયો ત્યાં કે ઈ તારો પથારો છે? તારો પથારો રાગ-દ્વેષ કર એ તારો પથારો. અને રાગ-દ્વેષને આત્માના ભાન દ્વારા ચિદાનંદ મૂર્તિ એમ અંતર અનુભવ કરીને ટાળે એ એની દશા. એ સિવાય બીજું કાંઈ કરી શકતો નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ-૧૩, રવિવાર, તા. ૦૩-૧૨-૧૯૭૨**
**ગાથા- ૧૨૬, પ્રવચન-૨૪૧**

૧૨૬. કર્તાકર્મ સમયસાર. એની 'ટીકા :- **આ રીતે આત્મા સ્વયમેવ પરિણામસ્વભાવવાળો છે...**' શું કહે છે? વસ્તુ પોતે ધ્રુવ છે આત્મા. છતાં પર્યાયમાં પરિણામસ્વભાવવાળો છે. બદલવાના સ્વભાવવાળો છે, પલટવાનું એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? '**આત્મા સ્વયમેવ પરિણામસ્વભાવવાળો...**' પાછો. પોતાથી જ બદલવાના સ્વભાવવાળો. જ્યાં કાળદ્રવ્યની સિદ્ધિ કરવી હોય ત્યારે એમ કહે કે કાળ વિના પરિણમે નહિ. એ તો નિમિત્ત સાબિત કરવું હોય નિમિત્તને ત્યારે એ જાતનું સમજાવાની રીત હોય છે. અહીં તો કહે છે કે આત્મા સ્વયમેવ-સ્વયં-પોતે પરિણામસ્વભાવવાળો, બદલવાના સ્વભાવવાળો, પલટવાના સ્વભાવવાળો, અનિત્ય સ્વભાવવાળો છે.

મુમુક્ષુ :- ઘણા સ્વભાવ આવ્યા.

ઉત્તર :- એ એકનો એક જ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? હવે સિદ્ધિ શું કરવું છે? કે એ આત્મા સ્વયં પોતાની મેળાએ પલટવાનો. કોઈને કારણે નહિ. કર્મને કારણે, બહારના અનુકૂળ-પ્રતિકૂળ સાધનને કારણે પલટે એમ નહિ. એનો સ્વભાવ જ પલટવાનો છે. કાયમ રહી, ધ્રુવ રહીને બદલવાનો સ્વભાવ છે. અનિત્ય સ્વભાવ સિદ્ધ કરે છે. એવો જે છે '**તોપણ પોતાના જે ભાવને કરે છે...**' પોતાનો ભાવ એટલે પર્યાય અહીં લેવી છે. પોતાના જે પર્યાયને કરે છે. સમજાય છે કાંઈ? પર્યાય એટલે અવસ્થા. બદલવાની દશા. એ આત્મા એવી બદલવાના સ્વભાવવાળો હોવાથી જે વખતે જે પર્યાયને કરે છે. પોતાના જે ભાવને એમ શબ્દ પડ્યો છે.

ભગવાન આત્મા એની પર્યાય એટલે અવસ્થા. એ પોતાની અવસ્થા છે એ અવસ્થાની પોતાની જે અવસ્થાને કરે છે તે ભાવનો, તે પર્યાયનો જ, તે અવસ્થાનો જ '**કર્મપણાને પામેલાનો...**' એ અવસ્થા કાર્યપણાને પામેલી છે. આહા..હા..! ત્રણ બોલ લીધા. એક તો પદાર્થ વસ્તુ પોતે ભગવાન નિત્યાનંદ ધ્રુવ. એ પલટવાનો સ્વભાવ એક. બીજો જે પર્યાયને કરે બે. એ પર્યાય કર્મપણાને પામેલી હોય છે. એ પર્યાય કાર્યપણાને પામેલી છે. કાર્યપણાને પામેલાનો, કાર્યપણાની પામેલાની અવસ્થાનો તે કર્તા થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**(અર્થાત્ તે ભાવ આત્માનું કર્મ છે...**' કર્મ એટલે કાર્ય. કર્તાકર્મ છેને? વસ્તુ ધ્રુવ રહીને

પરિણામ બદલવાના સ્વભાવવાળી હોવા છતાં જે સમયે જે ભાવની અવસ્થારૂપે થાય તે ભાવનું કર્મ કાર્યપણાને પામેલું તેનો તે કર્તા થાય. આહા..હા..! સમજાણું કાંઈ?

તે અવસ્થા આત્માનું કાર્ય છે અને આત્મા તેનો કર્તા છે. આહા..હા..! ક્યાં ગયા ચેતનજી? આ તો પર્યાયનું આવ્યું એટલે. આત્મા પરિણામસ્વભાવવાળો છે એમ કીધું પહેલું. બદલવાના પર્યાય સ્વભાવવાળો એ આત્મા છે. એય..! કહ્યું હતુંને એક ફેરી નહિ આપણે ત્યાં બે હજારની સાલમાં. એક સાધુ આવ્યો હતો બાવો. કે આ મહારાજ એક જૈનના સાધુ અધ્યાત્મની વાત કરે છે. કારણ કે એ જૈનમાં તો જાણે અધ્યાત્મ નથી. ત્યાં તો ક્રિયાકાંડની જ વાત છે. એવી છાપ પડી ગઈ છેને. દયા પળો, વ્રત પાળો.

મુમુક્ષુ :- જયચંદ્રપંડિતે લખ્યું છેને.

ઉત્તર :- હા છેને. તેથી એ આવ્યું. આવ્યો અને ચર્ચા ચાલી કે આ આત્મા બદલે છે. બદલે છે? ટુટી ગયું. પલટે એ? હું તો કાંઈ સાંભળીને આવેલો કે અહીં તો જાણે નિત્ય આત્માની તે... પણ એલા નિત્ય આત્માની જાણવાની પર્યાય એ તો બદલતી છે. તે નિર્ણય શેમાં કર્યો? કે આ નિત્ય છે, ત્રિકાળી છે. એ નિર્ણય નિત્યમાં આવે છે? ... ૯૯માં ચોમાસામાં. પાછળના ભાગમાં હોય છે ...

કહે છે. કેવી એક વાત મંત્રના એકલા બીબાં છે મંત્રના. આહા..હા..! ભગવાન આત્મા .. છોડી દે બીજાની વાતને. એનો પરિણામસ્વભાવવાળો સ્વયમેવ બદલવું, પોતાથી પલટવું, પોતાથી બદલવું, પોતાથી પર્યાયરૂપે થવું એવો જ એનો સ્વભાવ છે. એવો હોવા છતાં જે સમયે, જે પર્યાયને કરે. જે સમયે જે ભાવને કહો કે પર્યાયને કહો. તે પર્યાયનો જ, તે અવસ્થાનો જ. આ તો બધી તમારી ..માં ક્યાંય આવ્યું ન હોય. બાપ-દાદા.. ત્યાં આવી છે આ વાત? તમારે આવે ત્યાં પથરામાં?

મુમુક્ષુ :- કારખાનામાં શું આવે?

ઉત્તર :- કારખાનામાં આવે પાપ. આહા..હા..! એ કારખાનાને લઈને નહિ હોં! એની માન્યતાને લઈને. આહા..હા..!

કહે છે એ પર્યાયનો એટલે કાર્યનો અવસ્થા થઈ નવી-નવી. ક્ષણે-ક્ષણે પલટતી અવસ્થા છે. નિત્ય પરિણામી આત્મા છે. નિત્યરૂપ જ છે એમ નથી. જો નિત્યરૂપ હોય તો ખોટો નિર્ણયને સાચો કરવો અને ખોટો ટાળવો એ કાંઈ રહેતું નથી. જો પર્યાય ન હોય તો એને બદલવાનું રહેતું નથી એટલે આત્યંતિક દુઃખથી મુક્ત થાવ એવો જે સિદ્ધાંતનો ઉપદેશ હોય તો એનો અર્થ શું થયો? કે દુઃખથી મુક્ત થાવ. દુઃખ તો એની દશામાં છે. એનાથી મુક્ત થાવ એ તો પલટવું થયું એ તો પાછું. સમજાણું કાંઈ? મગનભાઈ! લ્યો આ તો વળી યાદ આવ્યું. એક ફેરી ઠપકો આપ્યો હતોને. કીધું આ મોઢા આગળ ટ્રસ્ટ થઈને આવા ગપ્પા

આડાઅવળા ચાલે છે? કહ્યું હતું એકફેરી? પણ એ તો એને લાભદાયક થઈ ગયો. આ તો સત્ય માટે છેને બાપા! આ કાંઈ કોઈ જીવને માટે છે? કોઈનો અનાદર, તિરસ્કાર એ તો અહીં છે જ નહિ. આહા..હા..! વસ્તુસ્થિતિ જ આવી છેને. ભગવાન! આ ભૂલી જા બધું. પરવસ્તુ તારામાં છે જ નહિ. પરમાં તું નથી અને પર તારામાં નથી. હવે તું છો એ બદલવાના સ્વભાવ એનો અર્થ થયો કે ટકીને બદલવું એવો એનો સ્વભાવ છે. જો બદલવાનો સ્વભાવ ન હોય તો ગુરુ કાંઈ કહે અને સંભળાવે એમાં વિચારવું, પલટવું કાંઈ રહેતું નથી. પણ પલટવાનો સ્વભાવ હોવા છતાં તે કાળે જે પર્યાયને કરે એમ કહેવું ભાઈ! આહા..હા..! પોતાને જે પર્યાયને કરે તે પર્યાયનો એટલે કે કાર્યપણાને પામેલાનો. આહા..હા..! કેટલું સ્પષ્ટ કરે છે! ભગવાન આત્મા જે અવસ્થા દશાને પામેલાનો તે આત્મા કર્તા છે. તે પર્યાય જે થઈ એ કાર્યરૂપે થઈ, કર્મપણાને પામેલી થઈ એનો એ આત્મા કર્તા છે. સમજાણું કાંઈ?

હવે આવ્યું. **'તે ભાવ જ્ઞાનીને જ્ઞાનમય જ છે...'** આહા..! કેમ? કે ધર્મીની દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર પરિણમેલી હોવાથી. ધર્મીની દૃષ્ટિ વસ્તુ આખી પૂર્ણ એ ઉપર દૃષ્ટિનું પરિણમન હોવાથી જ્ઞાનીને જ્ઞાનનો જ ભાવ થાય છે. આહા..હા..! **'જ્ઞાનમય જ છે...'** **'તે ભાવ...'** એટલે પર્યાય. તે ભાવ એટલે પર્યાય. જ્ઞાનીને જ્ઞાનમય જ પર્યાય છે. આહા..હા..! એટલે? ચાહે તો શરીરની ક્રિયા હોય, પુણ્ય-પાપના વિકલ્પ પણ ઉઠે, પણ એમાં ગયો નથી અને દૃષ્ટિ પડી છે દ્રવ્ય ઉપર. આહા..હા..! એથી એને ભોગની વાસનાનો વિકલ્પ આવ્યો, લડાઈનો વિકલ્પ આવ્યો, પણ જ્ઞાનીને એ વિકલ્પનું જ્ઞાન થાય છે. આહા..હા..! એ જ્યાં છે. એ જ્યાં છે પોતે. એ જ્ઞાનમાં છે. એ રાગમાં નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આ .. જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ આમાંથી જ કાઢ્યું. આમાં જ છે સમયસાર નાટકમાં. સમજાણું કાંઈ? ભાઈ ઝીણી વાત છે, ભગવાન! આહા..હા..! જ્ઞાની એટલે? જેને આત્મા પૂર્ણ આનંદમય એવી જ્યાં દૃષ્ટિ થઈને અનુભવ થયો. એથી જ્ઞાનીને જે કાંઈ સમય-સમયમાં પરિણમનમાં પર્યાયરૂપ પરિણમન એ બધું જ્ઞાન અને આનંદમય પર્યાય હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચાહે તો એ લડાઈમાં ઉભો દેખાય જ્ઞાની કે ભોગની વાસનાની પર્યાયમાં સ્થાનમાં ઉભો દેખાય, પણ ધર્મીને તો સ્વભાવ સન્મુખની પરિણતિ થવાથી, અવસ્થા થવાથી એ રાગનું પણ જ્ઞાન થઈ જાય છે. સમજાણું કાંઈ? જે પ્રકારનો રાગ, જે પ્રકારનો દ્વેષ, જે પ્રકારનો ક્રોધ, તે જ પ્રકારનું સ્વ તરફના અનુભવની દૃષ્ટિને લઈને તેને તે જ પ્રકારનો પરપ્રકાશક જે પર્યાય એ પરને દેખ્યા વિના, જોયા વિના પોતાથી પરિણત થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવું કામ.

કહે છે. આહા..હા..! સિદ્ધાંત તો પણ જુઓ. એક સંતોના રામબાણ શબ્દના છે. ભગવાન!

તું કાયમ રહીને બદલવાવાળો તો છો હોં! છતાં જે સમયે જે બદલવાની પર્યાય થાય તે કાર્યપણાને પામેલો એ જીવ એ કાર્યનો કર્તા છે. ત્યારે અજ્ઞાનીને? ધર્મીને અરે..! હું તો ચૈતન્ય છું. છું આ તો સમજાવાય. ચૈતન્ય છું એવો ત્યાં વિકલ્પ નથી. આહા..હા..! એ વિકલ્પ થયો તો એ વિકલ્પનો ભાવ એની પર્યાયમાં પરિણમનરૂપે નથી એમ કહે છે. આહા..હા..! એ સ્વ અને પરપ્રકાશક એનો સ્વતઃ સ્વભાવ હોવાથી. પહેલું તો કહ્યું સ્વતઃ પરિણામ સ્વભાવ હોવાથી, પછી સ્વપરપ્રકાશક, પણ એ સ્વતઃ સ્વભાવ હોવાથી એ રાગ અને પુણ્યનો ભાવ અને ભાવ વાસના આદિ હો. છ દ્રવ્ય અસ્તિત્વપણે છે પોતાથી ભિન્ન. પણ જ્ઞાની તો પરનો પ્રકાશક (તે) પર રાગ આવ્યો માટે નહિ, પણ એ સમયની પર્યાય જ સ્વપરપ્રકાશકરૂપે પરિણમે છે. આહા..હા..! ભારે કામ ભાઈ! સમજાણું કાંઈ? વાત દૃષ્ટિફેરે વાત છે. જેની દૃષ્ટિ ભગવાન જ્ઞાનસ્વભાવી પરિણમનવાળું તત્ત્વ એ જ્ઞાનસ્વભાવે પરિણમે, એ રાગભાવે પરિણમે એ સ્વરૂપ જ નથી એનું. આહા..હા..! જેનું દ્રવ્ય શુદ્ધપણે પરિણમે છે. વસ્તુ પોતે નિત્યાનંદ ભગવાન શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... પવિત્રનો પિંડ પ્રભુ આત્મા. એ દૃષ્ટિ અંતરમાં થતાં શુદ્ધપણાનું જ પરિણમન એને-જ્ઞાનીને હોય છે. આહા..હા..! અરે..! રૌદ્ર ધ્યાન થાયને એને. ના. એ રૌદ્ર ધ્યાન સંબંધી પોતાનું પરપ્રકાશક જ્ઞાન ત્યાં થાય છે. બહુ આકરી વાત. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- રૌદ્ર ધ્યાન થાય છતાં તેનો કર્તા

ઉત્તર :- એનો કર્તા નહિ, કર્તા નહિ, પણ એનું પરિણમન જ એનું નથી. એ શુદ્ધપણે જ પરિણમે છે. આહા..હા..!

ભરતચક્રવર્તી ભગવાન જ્યારે મોક્ષ પધાર્યા ઋષભદેવ ભગવાન અષ્ટાપદ પર્વત ઉપર. ખબર પડી ગઈ. પહેલેથી ગયા હતા. પણ દેહ જ્યાં છૂટ્યો. આંખમાંથી આંસુની ધારા. ત્રણ જ્ઞાન, ક્ષાયિક સમકિતી, ચરમશરીરી એ ભવે મોક્ષ જાવું છે. મોક્ષ જાવું એટલે? મોક્ષ સ્વરૂપ થઈ જવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેને છ ખંડ, છન્નું હજાર તો પદમણી જેવી ઘરે સ્ત્રીઓ. જેને સોળ-સોળ હજાર દેવ તો તહેનાતમાં ઉભા હોય. હું ક્યાંય નથી. હું ક્યાંય નથી. હું જ્યાં છું ત્યાં તે નથી. અને તે જ્યાં છે ત્યાં હું નથી. મનસુખભાઈ! આવો માર્ગ છે આ. ઝીણો માર્ગ છે બહુ. એમ ને એમ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ..માર્ગ છે. એ તો ભાઈને મેં કહ્યું હતું. ..ભાઈને ઓળખો તમે? કહે ઘણાને ઓળખીએ છીએ. આહા..હા..! પ્રભુ! તું તો ચૈતન્યનો પૂંજ છોને. અને ચૈતન્યનો પૂંજ જ્યાં એવો અનુભવમાં આવ્યો એને હવે કહે છે રાગનો અનુભવ હોતો નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનીનો ભોગ. એ જ્ઞાનીનો ભોગ કહેવું શું પણ, કથન કરવું શું? જ્ઞાની

તો જ્ઞાનનો ધણી છે, ભોગનો ક્યાં ધણી છે? આહા..હા..! આ દૃષ્ટિ જ્યાં પલટી, તો સૃષ્ટિ, સૃષ્ટિના પર્યાયની ઉત્પત્તિ શુદ્ધ જ રહે છે. સમજાણું કાંઈ? મારે આવો ધર્મ ભારે ભાઈ! દૃષ્ટિ પલટે સૃષ્ટિ પલટતી જાય છે વસ્તુ અખંડ આનંદમૂર્તિ પ્રભુ. સચ્ચિદાનંદ આત્મા એવું જ્યાં દૃષ્ટિમાં ભાન થયું. અરે..! પર્યાયે જ્ઞેય કરીને જ્ઞાન કર્યું. જ્ઞેય કરીને. એને જ્ઞેય કરીને જ્ઞાન કર્યું. એ જ્ઞાનનો પરિણમનસ્વભાવ તો છે કહે છે. જે સમયે જે પર્યાય થાય તે કાર્યપણાને પામે અને તેનો તે કર્તા. તો જ્ઞાનીનું જ્ઞાનપણે પ્રાપ્ય કાર્ય છે. સમજાણું કાંઈ? સાતમી નરકના નારકી હોય, નપુંસક મનુષ્ય હોય. નપુંસક હોય તોપણ સમ્યગ્દર્શન પામી શકે છે. નહિતર તો નારકીના અસંખ્ય નારકીઓ બધા નપુંસક છે. આહા..હા..! સ્ત્રી અને પુરુષવેદી જ સમકિત પામે એવું કાંઈ નથી. આહા..હા..! ભલે આગળ દશા ન પામે વિશેષ, પણ એ આત્માનું જ્ઞાન કરી શકે છે. આહા..હા..! એને અસંખ્ય નારકીઓ બધા નપુંસક જ છે. સ્ત્રી-પુરુષવેદ ત્યાં નથી. અરે..! એ તો બહારનો ભેખ છે કહે છે ભગવાન! એને સમ્યક્ ભાન થતાં એ વેદની વાસનાની વૃત્તિ થઈ એનું એ પરિણમન એનું નહિ. આહા..હા..! એ પરિણમન સ્વભાવવાળો હોવા છતાં તે સમયે જ્ઞાનીની જે પર્યાય કાર્યરૂપે થઈ એને રાગનું પણ જ્ઞાન કહેવું એ પણ વ્યવહાર છે. એ તો જ્ઞાનનું જ્ઞાન કર્યું છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ આવું! ઓલું તો એકેન્દ્રિયની દયા પાળવી. જાવ. વ્રત પાળો, કરો. અરે..! ધૂળેય નથી ધર્મ સાંભળને. કોણ પાળતું હતું દયા? આહા..હા..!

કહે છે કે ધર્મીને કોઈ દયાનો ભાવ આવ્યો. એથી ત્યાં દયા થઈ એમ પણ નહિ અને દયાનો ભાવ આવ્યો માટે અહીંયાં અશુદ્ધ પરિણમન થયું એમ પણ નથી. એ રાગના ભાવનું શુદ્ધપણું જે જ્ઞાન થયું એ એનું પરિણમન છે. સમજાણું કાંઈ? જે સત્તાનો સ્વીકાર શુદ્ધ પૂર્ણાનંદ પ્રભુનો થયો સ્વીકાર. ત્યાં એની પર્યાયનું કાર્યપણું તો નિર્મળનું રહ્યું. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પોતે આ રીતે થાય છે માટે સ્વરૂપ છે એમ વસ્તુનું. એનો જ્ઞાનસ્વભાવ છું, રાગભાવ હું નહિ, આ નહિ તો આમ પર્યાય પાછળ, પરથી પાછી ફરી ગઈ છે. પર્યાય પરથી પાછી ફરી ગઈ છે અને અંદર દ્રવ્યમાં સ્થપાઈ ગઈ છે. આહા..હા..!

કહે છે '**જ્ઞાનીને...**' '**તે ભાવ...**' એટલે તે પર્યાય. જેને પરિણમન સ્વભાવ છતાં તે પર્યાયને કરે, તે પર્યાય કાર્યપણાને પામેલી માટે તે પર્યાયનો તે કર્તા. હવે અહીંયાં જ્ઞાનીની કઈ પર્યાય એની વાત. ઓલી સામાન્ય વ્યાખ્યા કરી હતી. તે પર્યાય, પર્યાય .. ચાલે છે. જ્ઞાનીની જે પર્યાય તે '**જ્ઞાનમય જ છે...**' આહા..હા..! એ રાગાદિને એની જ્ઞાનપર્યાય અડતી નથી. છતાં તેમાં જે પ્રકારનો રાગ થાય તે પ્રકારનું જ અહીં જ્ઞાન થાય. સમજાણું

કાંઈ? જેમ રાગ-દ્વેષના પરિણામ જેવા હોય, તેવું જ ત્યાં કર્મ બંધાય. તે જ પ્રમાણે બંધાય. છતાં એ રાગ-દ્વેષના પરિણામ એવા જ કર્મને બાંધે એમ નથી. સમજાણું કાંઈ? એમ આમ જ્યારે એવું બંધન એવું જ થાય છતાં એ બંધનનો એ કર્તા રાગ નથી. એમ જે પ્રકારનો રાગ થયો એનું અહીંયાં જ્ઞાન કર્યું, છતાં રાગ છે માટે જ્ઞાન થયું છે એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એ મારગડા નિરાલંબી તત્ત્વ પ્રભુ! આહા..હા..!

જે દૃષ્ટિમાં ભગવાન દૃષ્ટિની અંદરમાં દોલત દેખાડી દે. સમજાણું કાંઈ? પરમાનંદનો નાથ પ્રભુ. સર્વજ્ઞે કહ્યો પરમેશ્વરે વીતરાગદેવે. એવો જે આત્મા 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા, સૌ નિજ સત્તાએ શુદ્ધ અમને પેખતા.' અમે તો નિજસત્તા આત્મા એને આપ દેખો છો કે આ આત્મા. રાગ અને પુણ્ય એ આત્મા એમ ભગવાન તમે દેખતા નથી. એમ ધર્મી એમ દેખતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એ આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ અસ્તિ, સત્તા જેનું શુદ્ધ સત્તાનો સાગર એવી જ્યાં અંતરમાં દૃષ્ટિ થતાં એ દૃષ્ટિ એવી સૃષ્ટિ. એટલે દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોવાથી શુદ્ધ છે વસ્તુ તેથી એની પર્યાય પણ શુદ્ધ જ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! લડાઈમાં ઉભો હોય સમકિતી દેખાય પણ ઉભો છે એ જ્ઞાનમાં. આ તે કાંઈ વાત છે? કેમકે જ્યાં દૃષ્ટિએ જ્યાં દોલત-નિધાન જોયું. આ એકલો જ્ઞાયકભાવ અને આનંદભાવનો પિંડ આત્મા. શુદ્ધ આવ્યું છેને છઠ્ઠી ગાથામાં? પરદ્રવ્યથી લક્ષ છૂટી અને અહીં જ્યાં લક્ષ ગયું ત્યાં એની સેવા થઈ. આહા..હા..! સમજાણું કાંઈ? સેવા થઈ એ પર્યાય થઈ. અરે..! આવું ક્યાં ધ્યાન? ભાઈ! મારગડા તારા સ્વતંત્ર છે, પ્રભુ! આહા..હા..! કોઈની અપેક્ષા નથી.

અહીં કહે છે જ્ઞાનીને જ્ઞાનીનું જ્ઞાનમય જ છે એનો અર્થ શું કીધો? કે એ વખતનો રાગ છે માટે તે પર્યાય જ્ઞાનરૂપે પરિણમી છે એમ નથી. સમજાણું કાંઈ? એ વખતે જરીક ક્રોધ જે આવ્યો-થયો. સમજાણું કાંઈ? નેમિનાથ ભગવાનની વાત કરીને? નેમિનાથ ભગવાન સ્નાન કરતા હતા. સ્નાન કરીને કપડું કાઢી નાખ્યું આમ. કૃષ્ણની રાણીઓ હતી જોડે ઉભી. ધોઈ નાખો. ભગવાન કહે છે. રાણી કહે છે અરે..! જે નાગની શૈયામાં સૂતેલા એવા કૃષ્ણ પણ અમને આમ હુકમ ન કરે, તમે આમ હુકમ કરો. શું છે? એ નાગની શૈયામાં સૂતા એવા કૃષ્ણ પણ આમ ન કહે અમને. અમે રાણીએ છીએ. હવે કૃષ્ણ એટલે શું? ઉઠ્યા એકદમ. જ્યાં નાગની શૈયા હતી. જુઓ, આ ત્રણ જ્ઞાનના ધણી ક્ષાયિક સમકિતી એને જ્ઞાન છે ત્યાં. જ્ઞાન હોય છે. જેમ આ સુતરની પાટી હોય છેને સુતરની પાટી. એને ઠેકાણે નાગ. આમ ફણવાળા પાટીને ઠેકાણે એના પૂંછડામાં આખું શરીર સુંવાળું. એમાં શ્રી કૃષ્ણ સૂતા હોય છે. ભગવાન જ્યાં જઈને ઉભા રહ્યા અંદર નાગની શૈયામાં. એક શંખ ફૂક્યો. બાર યોજનની નગરી ધ્રુજી ઉઠી. શ્રી કૃષ્ણને ખબર પડી કે છે કોણ? આમ જ્યાં જોવે

ત્યાં ભગવાન. સમજાણું કાંઈ? આહા..હા..! એ વખતે ઓલો વિકલ્પ જરી આવ્યો છે. આહા..હા..! એ વિકલ્પનું પરિણમન (એનું) નથી. આહા..હા..! એને જાણવાની પર્યાય શુદ્ધપણે પરિણમેલી તે એની પરિણમનની પર્યાય છે, એ એનું કર્મ નામ કાર્ય છે. આહા..હા..! પછી રાણીઓ ભેગી થઈને શ્રીકૃષ્ણે કહ્યું કે આ તો ભગવંત છે. આ તો .. પરણાવો એને. આમ અંદર ગઈ રાણીઓ બધી. પછી કરતા-કરતા. હા પાડી નહિ પણ ૐ એમ કીધું. સ્વીકાર કર્યો એટલો પરણવાનું છે. કે ૐ. એ વખતે ૐ અને ૐનો વિકલ્પ. બેય સંબંધીનું સ્વતઃ એ છે માટે થયું એમ પણ નહિ. સમજાણું કાંઈ? આવી વાતું બાપા! તારી બલિહારી છે, ભાઈ! તું કોણ છો તને ખબર નથી.

એ ભરતને આમ આંસુ આવે છે હોં. ભગવાન પાસે. ઈન્દ્ર આવે છે ઉપરથી. એ એકાવતારી છે. શક્રેન્દ્ર એક ભવ કરીને મોક્ષ જનાર છે. બોલે છે આમ. અરે..! ભરત! શું છે? અરેરે..! ભરતનો સૂર્ય આજ અસ્ત થયો. એમ કહે છે. ભાઈ! તારે તો આ ભવે મોક્ષ છે. અમારે તો હજી મનુષ્યદેહ ધારણ કરવો પડશે. ઈન્દ્ર કહે છે. તારે તો આ ભવમાં મોક્ષ. બધું જાણું છું, ખબર છે મને. આ છેલ્લો દેહ છે. આ ભવે જ કેવળજ્ઞાન પામવાનો છું. પણ પરમાત્માના વિરહે આ એક વિકલ્પ આવ્યો છે. એને જાણે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ જ્ઞાનીઓના હૃદયને પરખવા કઠણ છે ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે તે પર્યાય ધર્મીની. આહા..હા..! '**જ્ઞાનીને જ્ઞાનમય જ છે...**' એમ ભાષા જુઓ. રાગમય નહિ. જ્ઞાનમય જ છે. તે પોતાને કારણે જ જ્ઞાનમય છે. રાગ આવ્યો માટે તેનું જ્ઞાન થઈને જ્ઞાન થયું એમ પણ નહિ. એ તો પોતાનું સ્વપરપ્રકાશક જ્ઞાન છે. સમજાણું કાંઈ? '**કારણ કે તેને સમ્યક્ પ્રકારે...**' હવે કારણ આપે છે. તે પર્યાય ધર્મીને જ્ઞાનમય જ છે. આહા..હા..! '**કારણ કે તેને સમ્યક્ પ્રકારે સ્વપરના વિવેક વડે...**' જુઓ, ધર્મીને સમ્યક્-સાચા પ્રકારે એટલે કે સ્વપર છે અને એવું ધારી રાખ્યું છે એમ નહિ કહે છે. સ્વપર જુદા પડી ગયા છે. સમજાણું કાંઈ? હવે આવો માર્ગ સાંભળવા મળે નહિ અને એ કે દિ' વિચારે અને અનુભવ કરે? હેરાન-હેરાન થઈને દુઃખી છે બિચારો. આ વ્રત ને તપના કરનારા ક્લેશને કરે છે બિચારા. ત્યારે વ્રત અને વિકલ્પની આ વૃત્તિ આવે મુનિ સમકિતીને. તો કહે છે કે એનું પરિણમન એ નહિ.

એ તો '**સ્વપરના વિવેક વડે (સર્વ પરદ્રવ્યભાવોથી) ભિન્ન આત્માની ખ્યાતિ...**' રાગથી, શરીરથી, પરથી જેણે આત્માને જુદો, રાગથી ભિન્ન જાણી જાણ્યો એને તો પર રાગથી ભિન્ન, શરીરથી ભિન્ન. આહા..હા..! અરેરે..! જ્ઞાની છન્નું હજાર સ્ત્રીના ભોગમાં દેખાય. રાણીયું જાણે કે આ અમારા પ્રત્યે પ્રેમ કરે છે. એ જાણે છે કે હું તો એ રાગ આવ્યો એનું જ્ઞાન, રાગને લઈને નહિ પણ મારે લઈને જ્ઞાન કરું છું. નવીનભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- રાગને લઈને નહિ?

ઉત્તર :- નહિ. રાગનું જ્ઞાન ક્યાં છે? જ્ઞાનનું જ્ઞાન છે. આહા..હા..! કહો, સમજાણું આમાં? કહો, આવો ઝીણો માર્ગ, ભાઈ!

મુમુક્ષુ :- સહેલું કરીને સમજાવો તો ખરા.

ઉત્તર :- આ તો સાદી ભાષામાં તો આવે છે. આવે છે સાદી ભાષામાં. આહા..હા..!

ધર્મીને સ્વપરનું સમ્યક્ પ્રકારે વિવેક અને ભેદજ્ઞાન હોવાથી આ સ્વપરની ભિન્નતાના ભાનમાં રહેલો હોવાથી... કોણ?

મુમુક્ષુ :- કાંતિભાઈ.

ઉત્તર :- આવો-આવો. ઓહો..! આવો કાંતિભાઈ! ત્યાં બેસાય? અહીં આવો અહીં. આ બધા રાજકોટથી આવ્યા છે ભાઈ કાંતિભાઈ! આ રાજકોટથી આવ્યા છે બધા. સો માણસ આવ્યું છે. તાકળે વળી તમે તે દિ'. એ માર્ગ આપજો માર્ગ ત્યાં એય..!

કહે છે કે આ આત્મા વસ્તુ છે પદાર્થ. તો એ કાયમ રહીને એને બદલવાનો, પલટવાનો, પરિણમવાનો, પર્યાય થવાનો સ્વભાવ છે. એનો સ્વભાવ જ છે એ. આહા..હા..! હવે પલટવાનો સ્વભાવ હોવા છતાં જે સમયે જે પ્રકારની પર્યાયનું પરિણમન થાય તે તેના કાર્યપણે થયેલું હોવાથી તે પર્યાયનો તે આત્મા કર્તા છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે આકરું કામ! તત્ત્વને સમજવું અને એને પામવું એ તો બાપુ! અનંતકાળમાં એણે કર્યું જ નથી. અને પરનું તો એ કરી શકતો નથી. આહા..હા..! અહીંયાં તો કહે છે કે એ ધર્મી જીવને, એને ધર્મી કહીએ કે આત્મા આનંદની મૂર્તિ પ્રભુ જ્ઞાનનો સાગર છે. એવો જેને શ્રદ્ધા, જ્ઞાનમાં સ્વીકાર-સત્તાનો સ્વીકાર થયો છે. આહા..હા..! હું તો જાણનાર-દેખનાર છું. એવો જેની સત્તામાં સ્વીકાર થયો છે. એવી સત્તાનો સત્તામાં સ્વીકાર થયો છે. આહા..હા..! ભારે વાતું ભાઈ!

કહે છે એવા ધર્મી જીવને. જ્ઞાનભાવ '**સમ્યક્ પ્રકારે સ્વપરના વિવેક વડે...**' ધર્મી જીવને શરીર, વાણી, મન જડ આ બધું એ પર છે. એ મારું છે નહિ અને એની ક્રિયા મારી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**સમ્યક્ પ્રકારે સ્વપરના વિવેક વડે (સર્વ પરદ્રવ્યભાવોથી)...**' ભગવાન આત્માનો ચિદાનંદ સ્વરૂપ એ સિવાય જેટલા પરવસ્તુ છે એ મારી નહિ. મારાથી રહી નથી, મારાથી થઈ નથી, મારાથી એ પલટતી નથી. એમ ધર્મી માને છે. સમજાણું કાંઈ? બાપુ! સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર સો ઈન્દ્રના પૂજનિકો એનું કહેલું તત્ત્વ સૂક્ષ્મ છે. સમજાણું કાંઈ? આહા..! એણે દરકાર કરી જ નથી અનંતકાળમાં. કહે છે ધર્મી એને કહીએ કે જેને સ્વપરની ભિન્નતા, વિવેકતા ઉગી છે અંદરથી. ઉગી એટલે? પરિણમન થયું છે. ઉત્પન્ન થઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**સ્વપરના વિવેક વડે (સર્વ પરદ્રવ્યભાવોથી) ભિન્ન આત્માની ખ્યાતિ અત્યંત**

**ઉદય પામી છે.'** આ શબ્દમાં છે બધું. આહા..હા..! આત્મા આનંદ અને જ્ઞાનની મૂર્તિ પ્રભુ છે. એવું જેને ભાન થતાં એને વિકલ્પો રાગ-દ્વેષ આદિની વૃત્તિ ઉઠે એનાથી પણ હું તો ભિન્ન છું. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યાં બે દિ' રહે એમાં આવું વ્યાખ્યાન ન આવે. રમણિકભાઈ! ત્યાં આવું આવે? ત્યાં તો .. આપ્યું હતું ત્યાં ભાઈના ઓલામાં ગયા હતાને. ત્રણ વ્યાખ્યાન થયા હતા. બે. બેને? ત્રણ. આહા..હા..! એક-બે થયા હતા. સવારમાં ઓલું થયું હતું પ્રતિષ્ઠા હતી. પ્રતિષ્ઠા હતી. આહા..હા..! પ્રભુ! તારી વાત એવી છે ભાઈ! ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ જેને ઇન્દ્રો લોકના સ્વામી જેને ગલુડિયાની પેઠે આમ નમે. પ્રભુ! આહા..હા..! માતા પાસે-કૂતરીની પાસે એના બચ્ચા જેમ ગેલ કરે. એમ ઇન્દ્રો ભગવાન પાસે ગેલ કરે. એવા જે પરમાત્મા સર્વજ્ઞ તીર્થંકરદેવ એમ કહે છે અને એમ છે. કે જેને આત્મામાં બદલવાનો સ્વભાવ, પરિણમવાનો હોવા છતાં જ્યારે એની ધર્મદૃષ્ટિ થાય છે. હું તો જ્ઞાન અને આનંદનો કંદ છું. અરે..! હું પર તો નહિ, રાગ પણ નહિ. આહા..હા..! એક સમયની વર્તમાન પ્રગટ અવસ્થા જેટલો પણ નહિ. આ શું હશે? અરે..! એને કોઈ દિ' સ્વની-તત્ત્વના હિતની વાતું સાંભળી નથી એણે. સમજાણું કાંઈ? એ તો કહે છે કે સ્વપરનો વિવેક. મેં પરનું કાંઈ કરી દીધું એ જ્ઞાની માનતો નથી. અધર્મી માને એ અહંકાર કરે છે રાગમાં. એ કહેશે હવે પછી. આહા..હા..! પછીના અર્થમાં જ આવે છે આમાં ને આમાં.

મુમુક્ષુ :- કળશમાં આવે છે.

ઉત્તર :- ના, આમાં ને આમાં જ આવે છે. એમાં ટીકામાં આવે છે. તરત જ તે. આ એક ભાગ આવ્યો અને બીજો ભાગ આવે છે હવે એમાંથી ટીકામાં. આહા..હા..! સમજાય છે કાંઈ? કેમકે ધર્મી જીવ એને કહીએ કે જેને આનંદ અને જ્ઞાનસ્વભાવી પ્રભુ એનો જેને અંદરમાં વેદન થઈને અનુભવ થયો છે. એવા ધર્મીને **'સમ્યક્ પ્રકારે સ્વપરના વિવેક વડે (સર્વ પરદ્રવ્યભાવોથી) ભિન્ન આત્માની ખ્યાતિ...'** એટલે કે એ વખતે જે રાગ અને બાહ્ય ક્રિયા થઈ એનું અહીંયાં જ્ઞાન એટલે કે પોતાનું જ્ઞાન એને આત્મ ખ્યાતિ પ્રગટી છે. આત્માની પ્રસિદ્ધિ થઈ છે. ત્યાં રાગની પ્રસિદ્ધિ અને સંયોગની પ્રસિદ્ધિ નહિ એમ કહે છે. ભાઈ! આહા..હા..! માર્ગ એવો ભાઈ!

**'ભિન્ન આત્માની...'** રાગ હો, શરીરાદિની ક્રિયા જડ એ તો એને કારણે હો, પણ ધર્મીની દૃષ્ટિમાં એ નથી. ધર્મીની દૃષ્ટિ તો પોતાનો પૂર્ણાનંદનો નાથ એવો આત્મા, એવો જેણે અંતરમાં ભેટા ભગવાનના કર્યા છે એને તો પર અને સ્વના અંદર વિવેક વડે રાગ અને શરીરની ક્રિયા એવી થવા છતાં એનાથી ભિન્ન આત્મખ્યાતિ પ્રસિદ્ધ થાય છે. ચંદુભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? **'ભિન્ન આત્માની ખ્યાતિ...'** પ્રસિદ્ધિ. હું આનંદ અને જ્ઞાન

છું એમ પ્રસિદ્ધિ થાય છે કહે છે. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! એમ કહે. અરે..! એણે કોઈ દિ' દરકાર કરી જ નથી હોં. અને જ્યાં ત્યાં 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે. શકટનો ભાર જેમ...' કૂતરા તાણે જેમ ગાડાનો ભાર. એમ જગતના પદાર્થોની વ્યવસ્થા થાય એને મારું કાર્ય છે, મેં કર્યું છે. એ પછી લેશે. એ અજ્ઞાનીને અજ્ઞાનભાવ ઉત્પન્ન થાય કહે છે. કહો, પોપટભાઈ! ત્યાં બધા કરતા નહિ હોય? જુઓને એ આવ્યો છે. અમદાવાદ આવ્યો છે તો કાંઈક હશેને? આહા..હા..! અમથા અમદાવાદ શું કરવા આવ્યા હશે? મફત આવ્યા હશે? કાંઈક કામ તો હશે કે નહિ? અરેરે..! ભાઈ!

કહે છે પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ એનો હુકમ આવ્યો છે. એના કહેણ આવ્યા છે. સમજાણું કાંઈ? કે ધર્મીની દૃષ્ટિમાં તો ભગવાન આત્મા તરવરે છે. એથી એને રાગ હો, વિષય-વાસના હોય, .. હોય એ સંબંધીનું પોતાનું જ્ઞાન પ્રસિદ્ધ થાય છે. રાગ પ્રસિદ્ધ થાય છે એમ નહિ. આહા..હા..! ટીકા તે પણ ટીકા અમૃત સાગર રેડ્યા છેને એણે. સમજાણું કાંઈ? શું કહે છે? ધર્મીને સ્વભાવનું ભાન હું તો ચૈતન્યબિંબ પ્રભુ. એ વખતના પ્રસંગમાં રાગાદિનો વિકલ્પ ક્રોધાદિનો હોવા છતાં તે કાળે આત્માની ખ્યાતિ પ્રસિદ્ધ પામે છે. આત્માની ખ્યાતિ પ્રસિદ્ધ પામે છે. રાગ નહિ. આહા..હા..! કહો, ચંદુભાઈ! આહા..હા..! પરપણે જાણ્યું છે બધું. રાગ હોય તોપણ પર છે, શરીર હોય તોપણ પર છે. ત્રણ લોકના નાથ તીર્થંકર હોય તોપણ જ્ઞાનીને તો એ બધા પર છે. સમજાણું કાંઈ? આહા..હા..! એવો જે સમ્યક્ પ્રકારે સ્વપરના ભાનથી ભિન્ન આત્માની ખ્યાતિ. આહા..હા..! રાગ ને પુણ્ય ને શરીરની ક્રિયાથી ભિન્ન ભગવાનની ખ્યાતિ પ્રસિદ્ધ પામે છે. એને જાણવા-દેખવાનો ભાવ ત્યાં પ્રસિદ્ધ પામે છે. કહો, રતિભાઈ! ભારે કામ! કહો, ચેતનજી! આ ખ્યાતિ પ્રસિદ્ધ પામે છે એમ કહે છે. ખ્યાતિ એટલે પર્યાય હોં એ. આહા..હા..! ગાથા ઠીક આવી પણ અહીં તમે આવ્યા છોને. આહા..હા..!

મુમુક્ષુ :- અમારું કામ સફળ થઈ ગયું.

ઉત્તર :- આ કરવાનું છે ત્યાં સફળ આવે ન આવે શું કામ છે ત્યાં? આહા..હા..! જુઓને આ ચાલ્યા જાય બિચારા વયા ગયા. નૌતમભાઈ ગુજરી ગયાને ત્યાં? ઓલા જેઠાલાલ સંઘવીના ભાઈ નહિ? જેઠાલાલ સંઘવી નહિ સોનાના વેપારી? એનો દીકરો નૌતમ. ઓલા શરીરે કોઢ હતોને? પરમ દિ' સાંજે ગુજરી ગયા. આજ તાર આવી ગયો ભાઈ અહીં સમિતિમાં. આવ્યો હતો અહીં. આહા..હા..! ૮૦માં જન્મ. હજી ૪૮ વર્ષ થયા. એકદમ કહે પેશાબમાં રસી આવી. આ જડ છે એને તારે શું છે સંબંધ? આ તો માટી બધી. આહા..હા..! એમાં રાગ થાય એ પણ વિકારભાવ. એ કાંઈ તારી ચીજ નથી. મારામાં થાય છે ત્યાં સુધી મિથ્યાબુદ્ધિ છે એ. અને મારામાં રાગનું જ્ઞાન થતાં આત્મખ્યાતિ થાય છે એ સમ્યગ્જ્ઞાન છે.

જેને રાગ મારામાં થાય છે (એમ માને) એ અજ્ઞાની છે. ત્યાં રાગની પ્રસિદ્ધિ થઈ, પણ રાગનું જ્ઞાન જે સ્વતઃ પોતાથી થાય છે. ત્યાં આત્માના જ્ઞાનની પ્રસિદ્ધિ થાય છે, રાગની નહિ. આહા..હા..! એય..! દિલીપ! લ્યો! આ છોકરો જુઓ આ છોકરો રમેશભાઈ! ચૌદ વર્ષનો છે. પણ એવો સંસ્કારી છેને મોટો જબ્બર. ક્યાં ગયા લાલજીભાઈ નથી આવ્યા? ગયા છે? ઠીક. આ આવ્યા બેઠા. આહા..હા..! અરે..! પ્રભુ! એ તારી આ વાતું ચાલે છે નાથ! તું કોણ છો અને ક્યાં છો અને કઈ રીતે છો એની વાત ચાલે છે. સમજાણું કાંઈ?

કહે છે એ ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ પ્રભુ, ચૈતન્યબિંબ જેની દૃષ્ટિમાં આવ્યું એને સમકિતી અને ધર્મી કહીએ. આહા..હા..! એ ધર્મી જીવને રાગની વૃત્તિ, પુણ્ય-પાપની વૃત્તિઓ ઉત્પન્ન હોવા છતાં તેની પ્રસિદ્ધિ નથી. તેમાં પોતાપણું નથી. પોતે તેનાથી ભિન્ન પરિણમતો થકો, જ્ઞાનની પ્રસિદ્ધિ આત્મખ્યાતિ. આહા..હા..! આખો આત્મા એની પ્રસિદ્ધિ પર્યાયમાં થાય છે કહે છે. આહા..હા..! અરે..! ભગવાન! તે તારી વાત પણ સાંભળી નહિ કોઈ દિ'. મારું શું સ્વરૂપ છે? અને મારામાં શું સામર્થ્ય છે? સમજાણું કાંઈ? બહાર કેમ ઉભા છે ભાઈ આવો આવો કે અંદર. એય..! જગ્યા કરી દ્યો જગ્યા. બેસવા દ્યોને કોક ગમે તે હોય એને. કોક આવે છેને બિચારા. સાંભળવા તો આવેને. કહો, સમજાણું કાંઈ?

કહે છે કે જેવો આત્મા પરવસ્તુથી અને રાગથી નિરાળો જાણ્યો એવું પોતે રાગને કાળે પણ આત્માના જ્ઞાનની પ્રસિદ્ધિ થાય છે. સમજાણું કાંઈ? ત્યાં મુખ્યપણે રાગ દેખાય છે એમ નહિ કહે છે. મુખ્યપણે રાગનું જ્ઞાન જે પોતાનું થયું તેની પ્રસિદ્ધિ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણું તો છેને ભાઈ! એનો માર્ગ જ ઝીણો છે. કોઈ દિ' કર્યો નથી, સાંભળ્યો નથી. એમ ને એમ જિંદગી ગાળી હેરાન થઈ થઈને મરી ગયો ચોર્યાસીના અવતારમાં. આહા..હા..! હમણા તો જુઓને એ ભાઈ પણ ગુજરી ગયાને પૂનમચંદ? ..ભાઈના દીકરા. કેટલા ચાર-પાંચ કરોડ. ધૂળમાંય શું છે ત્યાં હવે સાંભળને. એક મિનિટમાં ફૂ. બાપુ! તારું તત્ત્વ તો અવિનાશી છે. એ જ્યાં ગયો છે ત્યાં એ આત્મા છે. અને એ રીતે દેહમાં રહેવાં છતાં એનું નિત્યપણું ટળતું નથી. આહા..હા..! એવો ભગવાન આત્મા આહા..! બહુ જ ઉંડી વાતું. ઘણી જ પરમસત્ય.

ધર્મી જીવને ક્ષણે અને પળે તે તે પર્યાયના કાળમાં તેને રાગાદિ, વિકારાદિ, શરીરાદિની પ્રવૃત્તિ આમ દેખાય છતાં તેના જ્ઞાનમાં એની પ્રસિદ્ધિ નથી. ચંદુભાઈ! આહા..હા..! ધર્મીના જ્ઞાનમાં આત્માની પ્રસિદ્ધિ પ્રગટ થાય છે કહે છે. આત્માની, ભિન્ન આત્માની. એ રાગ ને પુણ્યના પરિણામથી અને દેહથી પણ ભિન્ન આત્માની ખ્યાતિ નામ પ્રસિદ્ધિ અત્યંત ઉદય પામી છે એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ઉદય તો આવ્યું નહિ.

ઉત્તર :- ઉદય એટલે પરિણમવું, પ્રગટવું. ... જ્યાં હોય ત્યાં ચારિત્રનો ઉદય થાય છે સમકિતને ઉદય શબ્દે પ્રગટવું. આહા..હા..!

'**અત્યંત ઉદય પામી છે.**' ઓહો..હો..! એ રાગના ભાવથી ભગવાનનો સ્વભાવ અત્યંત ભિન્ન, અત્યંત ભિન્ન છે. આત્મા આનંદનો નાથ અંદર સરોવર પ્રભુ એ પુણ્ય અને પાપના રાગથી અત્યંત ભિન્ન છે, અત્યંત જેમાં અભાવ છે. વિકારનો, સ્વભાવમાં અત્યંત અભાવ છે. એથી એમ કહે છે કે અત્યંત ઉદય પામી છે. એમ કહે છે. આહા..હા..! શું શૈલી પણ! ભગવાન આત્મા જેનું જેને ભાન થયું, તેનું તેને સમય સમયમાં એની આત્મખ્યાતિ નામ એની પ્રસિદ્ધિ જ પ્રગટ થાય છે. એ અત્યંતપણે પ્રગટ થાય છે, અત્યંતપણે એ ઉદય પામે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**અને તે ભાવ...**' લ્યો! ઉદય પામે છે. અને હવે બીજી વાત અજ્ઞાનીની હવે લે છે. '**અને તે ભાવ...**' ભાવ એટલે પર્યાય. જે રાગ થયો દયા, દાનના વિકલ્પ થયા એ પર્યાય થઈ '**તે ભાવ અજ્ઞાનીને તો અજ્ઞાનમય જ છે...**' કારણ કે એની દૃષ્ટિમાં રાગનું જ અસ્તિત્વ ભાસે છે. રાગથી ભિન્ન અસ્તિત્વનું ભાન થયું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ ભાવ એટલે જે રાગાદિ થયો તે ભાવ ધર્મીને આત્મખ્યાતિ તરીકે પ્રસિદ્ધ પામે છે. અજ્ઞાનીને તે રાગ થયો એ પ્રતિભાસે છે. રાગ થયો, પુણ્ય થયું, પાપ થયું, આ કર્યું અને આ ભાવ થયો. સમજાણું કાંઈ? ભિન્ન આત્માની ખ્યાતિ જ્ઞાનીને પ્રસિદ્ધ થાય ત્યારે આને શું થાય? '**અજ્ઞાનીને તો અજ્ઞાનમય જ છે...**' રાગનો વિકલ્પ છે તે મય હું છું. એવું જેને વિવેકપણું પરથી જુદાપણાનું ભાન નથી. '**અજ્ઞાનીને તો અજ્ઞાનમય જ છે...**' એટલે? એ રાગનો વિકલ્પ પુણ્ય-પાપ, દયા, દાન, વ્રતનો વિકલ્પ ઉઠ્યો રાગ એ અજ્ઞાનમય જ છે. અજ્ઞાનીની દૃષ્ટિ ત્યાં જ છે. સ્વસત્તાનું સામર્થ્ય શું છે એની ખબર નથી. આહા..હા..! કહો, હસમુખભાઈ! આ બધા ઓલા પૈસામાં ધૂળધાણીમાં રોકાય છેને.

મુમુક્ષુ :- એને ...

ઉત્તર :- હવે અહીં જમીન તો લીધી છે એણે હવે. કરે ત્યારે ખરું. ૩૬ હજારની જમીન લીધી.

મુમુક્ષુ :- ... ન કરે તો મકાન તો છેને

ઉત્તર :- હા મકાન તો છે પણ ઓલા છ વચ્ચે વારાફરતી ત્રણ-ત્રણ આવે. ત્રણ..થવાની વાત છે. આહા..હા..!

કહે છે અજ્ઞાની એટલે જેને આત્મા શું ચીજ છે? એનું હોવાપણું શેમાં છે? અને શેમાં એનું હોવાપણું નથી? રાગાદિનું હોવાપણું એમાં નથી અને એનામાં આનંદ અને જ્ઞાન હોવાપણું છે. એવું જેને ભાન નથી. આહા..હા..! એ રાગની દયા, દાન અને વ્રતની પરિણતિનો રાગ

જે થયો. તે અજ્ઞાનમય જ છે. એ રાગ અજ્ઞાન છે. એમાં જ્ઞાનનો અંશ છે નહિ. આહા..હા..! એને રાગની પર્યાયની પ્રસિદ્ધિ છે. આહા..હા..!

'**કારણ કે તેને સમ્યક્ પ્રકારે સ્વપરનો વિવેક નહિ હોવાને લીધે...**' આહા..હા..! ધારણામાં કદાચિત્ લઈ લીધું હોય એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આનંદસ્વરૂપ છે અને આ રાગાદિનો વિકલ્પ મલિન છે એવું સ્વપરનો વિવેક નહિ હોવાને લીધે '**ભિન્ન આત્માની ખ્યાતિ...**' રાગથી ભિન્ન પ્રભુની પ્રસિદ્ધિ '**અત્યંત અસ્ત થઈ ગઈ છે.**' આથમી ગઈ છે. રાગનો ઉદય થઈને એ પણે હું છું એમ માનીને ભિન્નપણાની ખ્યાતિ અસ્ત થઈ ગઈ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભાઈ આમાં જ આવી ગઈ બેય વાત જ્ઞાન અને અજ્ઞાનની. આહા..હા..! વિશેષ ભાવાર્થમાં છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક વદ-૧૪, સોમવાર, તા. ૦૪-૧૨-૧૯૭૨
## ગાથા- ૧૨૬-૧૨૭, પ્રવચન-૨૪૨

કર્તાકર્મ અધિકાર. ૧૨૬ ગાથાનો ભાવાર્થ છેને? ઝીણી વાત છે ભાઈ! અંતરની અપૂર્વ એવી વાત છેને.

'**ભાવાર્થ :- જ્ઞાનીને તો...**' એટલે જેણે આત્મા પવિત્ર શુદ્ધ છે એવું જ્યાં અંતરમાં ભાન થયું છે. જ્ઞાની એટલે જે આત્મા વસ્તુ છે જ્ઞાન અને આનંદસ્વરૂપે. એનું જેને રાગથી ભિન્ન પડીને જેવી વસ્તુ છે તેવો અંદર આનંદસહિતનો અનુભવ થયો છે. એને અહીંયાં જ્ઞાની કહેવામાં આવે છે. એ '**જ્ઞાનીને તો સ્વપરનું ભેદજ્ઞાન થયું છે...**' હું એક આત્મા આનંદ અને જ્ઞાનસ્વભાવી વસ્તુ છું. અને આ દયા, દાન, વ્રતાદિના વિકલ્પ ઉઠે એ રાગ છે. એ બે ચીજ ભિન્ન છે. એવું ભેદજ્ઞાન થયું છે. '**તેથી તેને પોતાના જ્ઞાનમય ભાવનું જ કર્તાપણું છે;...**' તેથી તેને જાણવાના ભાવનું પરિણમન જે છે શ્રદ્ધાનું, શાંતિનું વગેરે. એ જ્ઞાનમયભાવ છે. એવા જ્ઞાનની અવસ્થારૂપી ભાવ એનું એને કર્તાપણું છે. સમજાણું કાંઈ?

'**અજ્ઞાનીને સ્વપરનું ભેદજ્ઞાન નથી...**' હું કોણ છું અને રાગ અને શરીરાદિ ભિન્ન

છે એમ એનું ભાન નથી. પોતાને ભૂલેલો છે એ. સ્વભાવથી ભ્રષ્ટ છે અને પરમાં જેનો અહંભાવ વર્તે છે. સમજાણું કાંઈ? આવે છે ટીકામાં. વસ્તુસ્થિતિ આમ છેને. આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એવું રાગથી ભિન્ન ભાન થયું ત્યાં પોતે રાગથી ભ્રષ્ટ છે અને સ્વભાવથી એકાકાર છે. અજ્ઞાની જ્ઞાનસ્વભાવ એવો હું આત્મા છું એનાથી ભ્રષ્ટ છે અને પરમાં જેનો અહંભાવ વર્તે છે. ત્યારે ક્યાંક હોવાપણું તો માનેને એ? આહા..હા..! '**તેથી તેને અજ્ઞાનમય ભાવનું જ કર્તાપણું છે.**' અજ્ઞાનમય એટલે પુણ્ય અને પાપના ભાવ જે વિકલ્પ રાગ થાય એ અજ્ઞાન છે, એ સ્વરૂપનું એમાં કાંઈ અંશ પણ નથી. એવા પુણ્ય-પાપના રાગનું અજ્ઞાનપણું એનો એ કર્તા છે. કહો, સમજાણું આમાં?

## ગાથા-૧૨૭

किं ज्ञानमयभावात्किमज्ञानमयाद्भवतीत्याह --

अण्णाणमओ भावोअणाणिणो कुणदि तेण कम्माणि।
णाणमओ णाणिस्स दु ण कुणदि तम्हा दु कम्माणि।।१२७।।
अज्ञानमयो भावोऽज्ञानिनः करोति तेन कर्माणि।
ज्ञानमयो ज्ञानिनस्तु न करोति तस्मात्तु कर्माणि।।१२७।।

अज्ञानिनो हि सम्यक्स्वपरविवेकाभावेनात्यन्तप्रत्यस्तमितविविक्तात्मख्यातित्वाद्यस्मादज्ञानमय एव भावः स्यात्, तस्मिंस्तु सति स्वपरयोरेकत्वाध्यासेन ज्ञानमात्रात्स्वस्मात्प्रभ्रष्टः पराभ्यां रागद्वेषाभ्यां सममेकीभूय प्रवर्तिताहङ्कारः स्वयं किलैषोऽहं रज्ये रुष्यामीति रज्यते रुष्यति च; तस्मादज्ञानमयभावादज्ञानी परौ रागद्वेषावात्मानं कुर्वन् करोति कर्माणि।

ज्ञानिनस्तु सम्यक्स्वपरविवेकेनात्यन्तोदितविविक्तात्मख्यातित्वाद्यस्मात् ज्ञानमय एव भावः स्यात्, तस्मिंस्तु सति स्वपरयोर्नानात्वविज्ञानेन ज्ञानमात्रे स्वस्मिन्सुनिविष्टः पराभ्यां रागद्वेषाभ्यां पृथग्भूततया स्वरसत एव निवृत्ताहङ्कारः स्वयं किल केवलं जानात्येव, न रज्यते, न च रुष्यति; तस्मात् ज्ञानमयभावात् ज्ञानी परौ रागद्वेषावात्मानमकुर्वन्न करोति कर्माणि।

જ્ઞાનમય ભાવથી શું થાય છે અને અજ્ઞાનમય ભાવથી શું થાય છે તે હવે કહે છે :-

અજ્ઞાનમય અજ્ઞાનીનો, તેથી કરે તે કર્મને;
પણ જ્ઞાનમય છે જ્ઞાનીનો, તેથી કરે નહિ કર્મને. ૧૨૭.

ગાથાર્થ :- [अज्ञानिनः] અજ્ઞાનીને [अज्ञानमयः] અજ્ઞાનમય [भावः] ભાવ છે [तेन] તેથી અજ્ઞાની [कर्माणि] કર્મોને [करोति] કરે છે, [ज्ञानिनः तु] અને જ્ઞાનીને તો [ज्ञानमयः] જ્ઞાનમય(ભાવ) છે [तस्मात् तु] તેથી જ્ઞાની [कर्माणि] કર્મોને [न करोति] કરતો નથી.

ટીકા :- અજ્ઞાનીને, સમ્યક્ પ્રકારે સ્વપરનો વિવેક નહિ હોવાને લીધે ભિન્ન આત્માની ખ્યાતિ અત્યંત અસ્ત થઈ ગઈ હોવાથી, અજ્ઞાનમય ભાવ જ હોય છે, અને તે હોતાં (હોવાથી), સ્વપરના એકત્વના અધ્યાસને લીધે જ્ઞાનમાત્ર એવા પોતામાંથી (આત્મસ્વરૂપમાંથી) ભ્રષ્ટ થયેલો, પર એવા રાગદ્વેષ સાથે એક થઈને જેને અહંકાર પ્રવર્ત્યો છે એવો પોતે 'આ હું ખરેખર રાગી છું, દ્વેષી છું (અર્થાત્ આ હું રાગ કરું છું, દ્વેષ કરું છું') એમ (માનતો થકો) રાગી અને દ્વેષી થાય છે; તેથી અજ્ઞાનમય ભાવને લીધે અજ્ઞાની પોતાને પર એવા રાગદ્વેષરૂપ કરતો થકો કર્મોને કરે છે.

જ્ઞાનીને તો, સમ્યક્ પ્રકારે સ્વપરના વિવેક વડે ભિન્ન આત્માની ખ્યાતિ અત્યંત ઉદય પામી હોવાથી, જ્ઞાનમય ભાવ જ હોય છે, અને તે હોતાં, સ્વપરના નાનાત્વના વિજ્ઞાનને લીધે જ્ઞાનમાત્ર એવા પોતામાં સુનિવિષ્ટ (સમ્યક્ પ્રકારે સ્થિતિ) થયેલો, પર એવા રાગદ્વેષથી પૃથગ્ભૂતપણાને (ભિન્નપણાને) લીધે નિજરસથી જ જેને અહંકાર નિવૃત્ત થયો છે એવો પોતે ખરેખર કેવળ જાણે જ છે, રાગી અને દ્વેષી થતો નથી (અર્થાત્ રાગ અને દ્વેષ કરતો નથી); તેથી જ્ઞાનમય ભાવને લીધે જ્ઞાની પોતાને પર એવા રાગદ્વેષરૂપ નહિ કરતો થકો કર્મોને કરતો નથી.

ભાવાર્થ :- આ આત્માને ક્રોધાદિક મોહનીય કર્મની પ્રકૃતિનો (અર્થાત્ રાગદ્વેષનો) ઉદય આવતાં, પોતાના ઉપયોગમાં તેનો રાગદ્વેષરૂપ મલિન સ્વાદ આવે છે. અજ્ઞાનીને સ્વપરનું ભેદજ્ઞાન નહિ હોવાથી તે એમ માને છે કે ''આ રાગદ્વેષરૂપ મલિન ઉપયોગ છે તે જ મારું સ્વરૂપ છે-તે જ હું છું''. આમ રાગદ્વેષમાં અહંબુદ્ધિ કરતો અજ્ઞાની પોતાને રાગીદ્વેષી કરે છે; તેથી તે કર્મોને કરે છે. આ પ્રમાણે અજ્ઞાનમય ભાવથી કર્મબંધ થાય છે.

જ્ઞાનીને ભેદજ્ઞાન હોવાથી તે એમ જાણે છે કે ''જ્ઞાનમાત્ર શુદ્ધ ઉપયોગ છે તે જ મારું સ્વરૂપ છે-તે જ હું છું; રાગદ્વેષ છે તે કર્મનો રસ છે-મારું સ્વરૂપ નથી''. આમ રાગદ્વેષમાં અહંબુદ્ધિ નહિ કરતો જ્ઞાની પોતાને રાગીદ્વેષી કરતો નથી, કેવળ જ્ઞાતા જ રહે છે; તેથી તે કર્મોને કરતો નથી. આ પ્રમાણે જ્ઞાનમય ભાવથી કર્મબંધ થતો નથી.

## ગાથા-૧૨૭ ઉપર પ્રવચન

એ કહે છે? '**જ્ઞાનમય ભાવથી શું થાય છે અને અજ્ઞાનમય ભાવથી શું થાય છે તે હવે કહે છે :—**' ૧૨૭.

**अण्णाणमओ भावोअणाणिणो कुणदि तेण कम्माणि।**
**णाणमओ णाणिस्स दु ण कुणदि तम्हा दु कम्माणि।।१२७।।**

નીચે હરિગીત.

**અજ્ઞાનમય અજ્ઞાનીનો, તેથી કરે તે કર્મને;**
**પણ જ્ઞાનમય છે જ્ઞાનીનો, તેથી કરે નહિ કર્મને. ૧૨૭.**

એની ટીકા. બહુ જ ટૂંકું. '**અજ્ઞાનીને,...**' એટલે કે સ્વ અને પરના ભાન વિનાને હું કોણ છું અને પર કોણ છે એની જેને ખબર નથી. એવા '**અજ્ઞાનીને, સમ્યક્ પ્રકારે સ્વપરનો વિવેક નહિ હોવાને લીધે...**' પોતાની જાતનો અને રાગ કજાતનો. પુણ્ય અને પાપનો વિકલ્પ જે ઉઠે છે રાગ છે એ. એ આત્માની જાત નથી. એ તો વિકારી જાત છે. એ બેનું જેને સ્વપરની જુદાઈનું ભાન નથી. એને લઈને ભિન્ન આત્માની ખ્યાતિ. એને જુદા આત્માની પ્રસિદ્ધિ તો છે નહિ. સમજાણું કાંઈ? પુણ્ય અને પાપના વિકલ્પ જે રાગ છે, વાસના છે એ પર છે. પોતે જ્ઞાનમૂર્તિ સ્વ છે. બેની ભિન્નતાના ભાન વિના, બેની જુદાઈની ખબર ન મળે. એથી એને આ જુદાની ખબર ન મળે એટલે આત્મખ્યાતિ તો છે નહિ. રાગથી ભિન્ન છું એવી આત્માની પ્રસિદ્ધિ અસ્ત થઈ ગઈ છે. આથમી ગઈ છે.

'**આત્માની ખ્યાતિ અત્યંત અસ્ત થઈ ગઈ હોવાથી, અજ્ઞાનમય ભાવ જ હોય છે,...**' એને તો એ પુણ્ય અને પાપના વિકલ્પોનો રાગ એ જ પર્યાય હોય છે. ભાવ એટલે આ પર્યાયની વાત છે. સમજાણું કાંઈ? ઝીણું બહુ હસમુખભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- સમજે છૂટકો છે.

ઉત્તર :- બીજો કોઈ ઉપાય નથી મરી જાય તોપણ. જેવી ચીજ જ જ્યાં છે ત્યાં પોતાની જાત અને વસ્તુ પોતાથી ભિન્ન એનું જ્યાં ભાન નથી ત્યાં એને આત્માની પ્રસિદ્ધિ ભિન્ન નથી એટલે પ્રસિદ્ધિની ખ્યાતિ અસ્ત થઈ ગઈ છે. આત્મા તો એને દૃષ્ટિમાં આવતો નથી. '**અજ્ઞાનમય ભાવ જ હોય છે,...**' એને તો એ પુણ્ય અને પાપના વિકલ્પો રાગ એવો જ ભાવ એને ઉત્પન્ન થાય છે. એની જ પ્રસિદ્ધિ છે.

મુમુક્ષુ :- એમાં પ્રીતિ

ઉત્તર :- એમાં જ છે. બસ એ જ છું. એનાથી જ મારી પ્રસિદ્ધિ એટલે હું છું. આહા..હા..! રાગ કરનારો, રાગ રચનારો તે હું છું. જૈન સંસ્કૃતિ આવી છે. ભાઈ અહીંનું છેને એ વિરોધનું. વાંચ્યું? આવ્યું તમારે ત્યાં આવ્યું હશે. પંચ મહાવ્રતના પરિણામને સ્વામી આસ્રવ કહે છે. એ વાત ખોટી છે. હવે તત્ત્વાર્થસૂત્ર. આ આટલી વાતની ખબર નહિ અને ઓલા કૈલાસચંદજી સામે પણ લખ્યું છે કાંઈક વિરોધમાં. પંડિતો પંડિતોને મેળ નથી. કૈલાસચંદજી.

મુમુક્ષુ :- કૈલાસચંદજી નહિ બીજા

ઉત્તર :- એ દરબારીલાલ. પણ આ તો કૈલાસચંદજીનું લીધું છે નામ. દરબારીલાલનું પણ છે. બેય છે. વાંચ્યું થોડું-થોડું વાંચ્યું. બધું કોણ વાંચે? આહા..હા..! ભગવાન! તને ખબર નથી હોં. આત્મા તો અંતર એકલો આનંદ અને જ્ઞાનનો પિંડ પ્રભુ છે, ભાઈ! એ તો સર્વજ્ઞ વીતરાગ સ્વભાવી જ છે. એમાં જેટલી વૃત્તિઓ ઉઠે. મહાવ્રતની, દયા, દાનની, પૂજા, ભક્તિ અને હિંસા, જૂઠાની, વિષય, વાસનાની એ બધી ઝેર છે. એ અમૃતના સાગરમાંથી આ ઉંધા ફીણ વળે છે કહે છે. આહા..હા..! તને ખબર નથી કે તું કોણ છો, ભાઈ! એવી જેને ખબર નથી તે અજ્ઞાનમય ભાવ કરે છે. રાગને કરે છે એમ કહેવું છે. કષાયને કરે. શરીરને કરે એ તો અહીં પ્રશ્ન છે જ નહિ. વાદીનું કરે એ તો છે જ નહિ. ઘણું દૂર રહ્યું.

મુમુક્ષુ :- કરી શકું છું એમ લાગે છે.

ઉત્તર :- તેથી કહ્યુંને. તેથી ભાઈએ કહ્યું કે .. ક્યાંય દૂર રહી ગઈ. આહા..હા..!

મુમુક્ષુ :- રાગમાં મારાપણું કરે છે.

ઉત્તર :- એ તો રાગમાં મારાપણું છે. જે આસ્રવ છે. જે ક્ષણિક ઉપાધિનો મેલ ઉભો થાય છે. એને નિર્મળાનંદ ભગવાન આત્મા એની જુદાઈનું ભાન નથી એટલે એ જ હું છું એમ માનીને એનો કર્તા થાય છે. ભારે ઝીણું ભાઈ! એ પરિણમન જ એનું અજ્ઞાનમય છે કહે છે.

ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય છે. એમાં પુણ્ય અને પાપના ભાવ એ તો અજ્ઞાનરૂપ અંધકાર છે. એ અજ્ઞાનરૂપી અંધકાર એનાથી જુદો એ તો ભાન નથી અજ્ઞાનીને. એટલે આત્માની જ્ઞાન અને શાંતિની પર્યાયની પ્રસિદ્ધિ તો ત્યાં છે નહિ. સમજાણું કાંઈ? એ રાગ અને પુણ્યની, પાપની વૃત્તિઓ જે વિકલ્પ ઉઠે અંદર-અંદરમાં. ધ્યાનમાં પણ ગુણગુણીના ભેદનો વિકલ્પ ઉઠે એમાં એની બુદ્ધિ છે. આહા..હા..! એને તો અજ્ઞાનમય જ ભાવ હોય છે. એકાંત અજ્ઞાનમય ભાવ હોય છે. એમ કહ્યું છે. 'જ' છેને? આહા..હા..! ભલે એ મહાવ્રત પાળતો હોય. તો એ મહાવ્રતના પરિણામ પણ રાગ છે એ રાગનો જ કર્તા છે. અજ્ઞાનમય ભાવ છે એ. ભારે આકરું! આહા..હા..! ચોર્યાસીના અવતારમાં દુઃખી થઈ રહ્યો છે. આહા..હા..! બાયું રોવે-રોવે બાઈ અરે..! આ ભર્યા ઘરમાંથી નીકળવું કેમ ગોઠયું? ક્યાંય ગોઠતું નથી. પૂરી

સ્થિતિ થઈ તો ચાલી નીકળ્યો છે સાંભળને. આહા..હા..! સ્મશાનના સાથરા કેમ ગોઠ્યા? એમ રોવે. કાંઈ ભાન નહિ એને. એ બોલે જાય. અંદર ક્યાં છે કાંઈ? અહીં તો એક બીજું કાંઈક કહેતા હતા. વડલાના વિસામા કેમ ગોઠ્યા? બાપા! અહીંથી ચાલતા ક્યાંક વિસામો લેને માણસ? એમ આ દેહ છોડીને આ વડલાનો વિસામો. વડ-વડ. છાંયો. અરે..! કેમ ગોઠ્યા બાપા! ક્યાં એને જાવું હતું અહીંથી? આહા..હા..! જેને પોતાના માન્યા એને છોડે કેમ એ? સમજાણું કાંઈ? જુઓને ત્યારે બિચારી બાઈને ...બહેનને અત્યારે છોકરો એકનો એક થયો અને આ થયું. આહા..હા..! એને બિચારીને માથે અત્યારે. માન્યું છેને મારા માથે. આહા..હા..! છોકરા નાના. આહા..હા..! અનાદિનું એવું જ થઈ રહ્યું છે એને. જેને પોતાનું માને એ એની ચીજ નથી. તેથી એને માનતા આત્માની પ્રસિદ્ધિ તો છે નહિ. આહા..હા..!

'**અને તે હોતાં (હોવાથી), સ્વપરના એકત્વના અધ્યાસને લીધે...**' આહા..હા..! જ્ઞાનસ્વભાવી ભગવાન ચૈતન્યસૂર્ય અનાદિ અનંત શાશ્વત ચૈતન્યસૂર્ય છે એ. અને પુણ્ય અને પાપના રાગ બેની એકતાના અધ્યાસને લીધે. બેની એકતાની ટેવને લઈને ટેવાઈ ગયો અનાદિથી. સમજાણું કાંઈ? એ રાગનો ભાગ અને ભગવાનનો સ્વભાવ ભાગ આખો એ બેની એકતાનો અધ્યાસ થઈ ગયો એને. એને લીધે, સ્વપરના એકત્વના ટેવને લીધે. '**જ્ઞાનમાત્ર એવા પોતામાંથી (આત્મસ્વરૂપમાંથી) ભ્રષ્ટ થયેલો,...**' આહા..હા..! જ્ઞાનમાત્ર એટલે? કે એમાં રાગ અને પુણ્ય અને પાપ, કર્મ શરીર તો નથી. એ તો બાહ્યની ચીજ રહી ગઈ. આ તો એની પર્યાયમાં ઉત્પન્ન થાય એ વિભાવ પર છે એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ એવો ઝીણો છે અને એવો ફળદાયક છે સત્ય. અને અસત્ય પણ એવું ફળદાયક છે કે જેમાં દુઃખના ડુંગરામાં ઝૂલે છે અનાદિથી. હવે એને ખબર નથી મારાને. આહા..હા..! ભીંસાઈ ગયો છે ભીંસાઈ. પરવસ્તુ રાગ, પુણ્ય-પાપનો રાગ હોય કે દયા, દાનનો રાગ. ભક્તિનો રાગ અને વિષય-વાસના અને ક્રોધ, માન, માયાનો ભાવ. એ વિકાર છે, પ્રભુ છે અવિકારી ત્રિકાળ. બેની એકતાના અધ્યાસને લઈને ભિન્નતાનો અભ્યાસ કર્યો નથી. એને પોતામાંથી જ્ઞાનમાત્ર પ્રભુ પોતે છે. જ્ઞાનમાત્ર કહેતા એના બીજા ગુણો છે, પણ જ્ઞાનમાત્ર કહેતા એમાં રાગ ને પુણ્ય ને પાપ વિનાનું જે ચૈતન્ય છે. એના અંતર્મુખના પોતામાંથી તો ખસી ગયો છે. ભ્રષ્ટ થયો છે અનાદિથી. આહા..હા..!

'**પર એવા રાગદ્વેષ સાથે એક થઈને જેને અહંકાર પ્રવર્ત્યો છે...**' જોયું! અહીંથી જ્યારે ખસ્યો ત્યારે અહીં પોતાને માન્યો છે. આહા..હા..! કહો, પોપટભાઈ! શું ... આહા..હા..! પોતે આત્મા આનંદનો નાથ જ્ઞાયકસ્વરૂપથી ભરેલો અનાદિ-અનંત વિશ્રામનું ઠામ એ છે. હવે એ વિશ્રામના ઠામથી ભૂલ્યો અને જ્યાં વિશ્રામ લીધો છે એ રાગમાં લીધો એણે. શુભ અને અશુભની વાસના એમાં એને પોતાપણું માની અને જ્ઞાનસ્વરૂપી ભગવાનથી ભ્રષ્ટ થઈ

ગયો છે અને જે એની ચીજમાં નથી એવા પુણ્ય અને પાપના વિકલ્પમાં અહંપણું માન્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! જ્યાં અહંપણું માનવું જોઈએ ત્યાંથી છૂટી ગયો, જ્યાં અહંપણું ન માનવું જોઈએ ત્યાં અહંપણું કર્યું. આહા..હા..!

આંખો ગઈ હતીને ભાઈ સાકરચંદભાઈની નહિ? કેવું રોતા હતા? મારી મા પછી માને. બૈરાને મારી મા કહેતો હતો. મોટો હોં માણસ. આ આનંદજી-કલ્યાણજીની પેઢીના વકીલ હતાને સાકરચંદભાઈ. ૬૦૦નો પગાર. તે દિ' ૯૦ પહેલાની વાત છે હોં આ. ૩૯, ૪૦ વર્ષ થઈ ગયા. ૪૦ વર્ષ પહેલાની વાત છે. આંખો ગઈને જ્યારે. પણ ૬૦૦નો પગાર તે દિ' હોં! ૪૦ વર્ષ પહેલા. રામજીભાઈના મિત્ર હતા. મોરબીના હતાને મોરબીના? મોરબીના. પછી આંખો ગઈ.

મુમુક્ષુ :- શ્રીમદ્‌ના અનુયાયી ધારશીભાઈ એના કુટુંબી થાય.

ઉત્તર :- હા ધારશીભાઈ. આહા..! એ પછી આમ રોતા. રોતા રોતા એને એની બૈરા હતા એ નવા હતા. અરે..! મારી મા! એમ કહેતા પાછા. ૬૫ વર્ષની ઉંમર હશે હોં. આહા..હા..!

મુમુક્ષુ :- એ પહેલા ગુજરી ગયા.

ઉત્તર :- પહેલા ગુજરી ગયા એની સેવા કરતા એ. આહા..હા..! એવી પણ જગતને ચોટ થઈ ગઈ છેને. શ્રીમદ્દે લખ્યું છેને એકમાં? જેના વિના ક્ષણમાત્ર પણ હું નહિ રહી શકું, એનાથી જેના અનંતકાળના વિરહ પડ્યા છે. છતાં એ ચાલે છે રખડવું. શું કીધું એ? બાયડી, છોકરા સારા હોય એક જતાં ક્ષણ પણ એને ઠીક ન પડે. આહા..હા..! એક ક્ષણ પણ એનો વિરહ થતા દુઃખ લાગે, એના વિનાના અનંતકાળ ગયા ભાઈ તારા. સમજાણું કાંઈ? પણ એને પોતાના માનવા એણે છોડ્યા નહિ મારે. .. ગયા અનંતવાર. એ અજ્ઞાનમય ભાવ. આહા..હા..! કેવી ટીકા તે પણ ગજબ કરી છેને! ભાઈ! તું તો આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપી પ્રભુ છોને. અને વિકલ્પ ઉઠે એ તો રાગ છેને. એ અમૃતથી પ્રભુ એ તો વિરોધભાવ છે. જ્યારે એ રાગ અને સ્વભાવની એકતાનો અભ્યાસ અનાદિનો છે. તેથી તને તારા સ્વભાવની ભ્રષ્ટતા થઈ ગઈ છે. સ્વભાવ ચૈતન્યથી ખસી ગયો છો તું. અને જે ચીજ તારી નથી તેમાં તને અહંપણું આવી ગયું છે. આહા..હા..! ભારે કામ ભાઈ આ!

બે વાત કરી હોં. વસ્તુ પોતે અને રાગાદિ પર બેની ભિન્નતાના ભાન વિના. એક. બેની એકતાના અધ્યાસને લઈને. બે. પોતાનાથી ભ્રષ્ટ થયો. ત્રણ. નથી તેનું અહંપણું માન્યું. આ ચાર. આહા..હા..! કહો, પોપટભાઈ! આ તો દીવા જેવી વાત છે. આહા..હા..!

મુમુક્ષુ :- સૂર્ય જેવી છે.

ઉત્તર :- સૂર્ય જેવી છે. આહા..હા..! સત્ય તે સત્ય જ છેને એમાં શું? ચૈતન્યસૂર્ય ભગવાન જ્ઞાનપ્રકાશની મૂર્તિ અને પુણ્ય અને પાપનો ભાવ એ વિકલ્પ. એની એકતાબુદ્ધિને

લઈને પર અને સ્વના ભેદજ્ઞાન વિના. પર અને સ્વની એકતાના ટેવને લઈને સ્વથી ભ્રષ્ટ થઈને જે નથી તેમાં અહંપણું માન્યું છે. આહા..હા..! બહુ જ ટૂંકી વાત.

'**જ્ઞાનમાત્ર એવા પોતામાંથી...**' ભગવાન આત્મસ્વરૂપ. જ્ઞાનસ્વરૂપ એમ. એનાથી ભ્રષ્ટ થયો છે. પર એવા રાગ-દ્વેષ સાથે એક થઈ ગયો. એ એક નથી. અધ્યાસે એમ માનેલું છે વિભાવ તે હું એમ. સમજાણું કાંઈ? આવું કરવું એ તો ભાઈ પુરુષાર્થ છેને ભાઈ! એ જ પુરુષાર્થ છે. આહા..હા..! આ અસત્ય પુરુષાર્થ આ. '**પર એવા રાગદ્વેષ સાથે...**' ઓહો..હો..! મહાવ્રતના પરિણામ પણ રાગ, આસ્રવ છે હોં. એ કહે છે કે ના. અરે..! પણ તત્ત્વાર્થસૂત્રમાં પાઠ છે. હવે આમાં તો કાંઈ જોવું પડે એવું નથી.

મુમુક્ષુ :- પણ થોડોક સંવર થાય.

ઉત્તર :- ધૂળમાંય સંવર નથી માળા! આહા..હા..! પોતાને અવલંબ્યા વિના સંવર કેવા? રાગ તો પરને અવલંબે ઉત્પન્ન થાય છે મહાવ્રતના પરિણામ. આહા..હા..! ક્ષયોપશમભાવ વર્ણવ્યો છેને?

મુમુક્ષુ :- એ ક્યાં ક્ષયોપશમભાવ છે?

ઉત્તર :- એ પણ ક્યાં છે મારાને. એ તો ઉદયભાવ છે. શ્વેતાંબર કહે છેને એવું આણે કર્યું. આહા..હા..! સાધુને પણ સારુ લાગે કે આ ... કોક કહે છે. ખોટી વાત છે. ત્યારે પ્રશ્ન કર્યો છે એક જણાએ કોઈએ કે એ લોકોને પૈસા દેનારા બહુ મળે છે. તમને કેમ મળતા નથી? એ પ્રશ્ન પૂછયો છે. એય..! મગનભાઈ! તો એનું કારણ છે કે એ લોકોને અર્પણતા કરીને પોતાની વાત ચલવવી છે એટલે સહકાર બધા આપે છે. અને અમારી વાત હજી બહાર પ્રસિદ્ધને પામી નથી. અમારી વાત બરાબર પ્રસિદ્ધને પામશે ત્યારે સહકાર આપ્યા વિના રહેશે નહિ એનો.

મુમુક્ષુ :- એટલે સહકાર તો આપે છે થોડોક.

ઉત્તર :- થોડો-થોડો આપે છે હજી. વિશેષ પછી આપશે. .. તત્ત્વ એ ખોટું છે એવું જ્યારે એને લાગશે ત્યારે આ પ્રસિદ્ધિ પામવામાં પત્ર છે એને સહકાર વિશેષ મળશે. એવું લખ્યું છે. આહા..હા..! અરે..! ભગવાન! કોની સાથે તું આ કરે છે નાથ! આહા..હા..!

મુમુક્ષુ :- આ તમે લવાજમનું...

ઉત્તર :- હા, મોકલ્યું. અને આ લોકોને તો ઉપરથી પૈસા આવે છે કેટલાય કહે. એય..! .. એટલા બધા મળે છે હજી નવા નીકળ્યા તોપણ. અને તમને એટલા મળતા નથી એનું કારણ આ છે કે ...

મુમુક્ષુ :- એ માગે છે એટલે મળે છે.

ઉત્તર :- એ કહે અમારું ટ્રસ્ટ હજી પ્રસિદ્ધિને બહુ પામ્યું નથી. પ્રસિદ્ધિને પામશે તો

અમને પણ સહકાર મળશે. અરે..! ભગવાન! શું કરે છે? બાપા! તને ખબર નથી, પ્રભુ! તું ભૂલ્યો છો ભાઈ! તને ખબર નથી. આહા..હા..! એ રાગના વિકલ્પ અને એ મહાવ્રત હોય તોપણ રાગ છે, ભાઈ! 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો'નો શું અર્થ થયો? 'મુનિવ્રત ધાર' મુનિવ્રત ધાર. મુનિવ્રત તો મહાવ્રત તો આદિ અનંતવાર લીધા.

મુમુક્ષુ :- એ તો બરાબર છે. એ તો મિથ્યાદષ્ટિની વાત, આ અમારા ભાવલિંગી...

ઉત્તર :- ધૂળમાંય તારો ભાવલિંગી નથી. આહા..હા..! ભાવલિંગી અમારા સાધુ એના મહાવ્રત.. આહા..હા..! અરે..! અહીં તો જ્ઞાનીનો રાગ હોય મહાવ્રતનો કે અજ્ઞાનીનો. બેય વાત બંધનું કારણ છે. એને પોતાના સ્વભાવથી ભ્રષ્ટ થયેલો એને પોતાના માને છે. આહા..હા..! અરે..! ભાઈ! મોટો દંડ છે. આ ચીભડાની ચોરી નથી.

મુમુક્ષુ :- આ તો રાજાના મહેલની ચોરી છે.

ઉત્તર :- હા, રાજાના મહેલમાં પ્રવેશ કર્યો છે તે, ભાઈ! આહા..હા..!

કહે છે એ પોતાથી ભ્રષ્ટ થયો. આનંદ અને જ્ઞાનસ્વરૂપી પ્રભુ ચૈતન્યસૂર્ય છે. એમાંથી ખસી ગયો છે. અને પર એવા રાગ-દ્વેષ સાથે એક થઈ ગયો છે. એક થઈને માન્યું છે હોં. સમજાણું કાંઈ?

**'એક થઈને જેને અહંકાર પ્રવર્ત્યો છે...'** એક થઈને અંહકાર વર્તે છે. એમ. આ બધા અમે એક છીએ એમ કરીને એને અહંકાર વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી ધર્મની કથા કેવી આ તે! ભગવાન! તું લૂંટાણો છો હોં. એ રાગને પોતાનો માનતા તું લૂંટાઈ ગયો છો ભાઈ! તને ખબર નથી.

મુમુક્ષુ :- પણ ઈ એમ કહે છે કે રાગનો લૂંટાયેલો...

ઉત્તર :- ધૂળેય નથી ભાઈ! તને ખબર પડશે સરવાળે ગતિના ફળ આવશે એટલે. સંયોગો નહિ છોડે ઈ એને. સંયોગભાવને જેણે પોતાપણે માન્યો એ સંયોગની ગતિ નહિ છૂટે એની. આહા..હા..! આ દેહ છૂટ્યા ભેગો એને બીજો ભવ. ભવના ભાવને પોતાના માન્યા એના ભવ કેમ ટળે? સમજાણું કાંઈ? એવું છે પોપટભાઈ!

**'જેને અહંકાર પ્રવર્ત્યો છે...'** પ્રવર્ત્યો છે પર્યાયમાં એમ કહે છે. **'એવો પોતે 'આ હું ખરેખર રાગી છું,...'** હું તો એ રાગી છું માટે રાગનો જ કર્તા છું. ભારે કામ! દયાનો ભાવ એ રાગ છે. રાગ તે હું એટલે એ રાગી હું એમ થઈ ગયું. આ ઓલી ચર્ચા આવી છે ભાઈ આમાં. નીચે જૈનસંદેશ. ઓલું પ્રવચનસારમાં છેને ઓલું મોહના ત્રણ ચિહ્નો? અયથાર્થ, દયા કરૂણા છે. એ કરૂણા પરમાં તિર્યંચ, મનુષ્યની કરૂણા એને દર્શનમોહનું ચિહ્ન ગણ્યું છે. એની તકરાર આવી છે મોટી. એક બીજો ઓલો જ્ઞાનસાગર છેને ઓલો? જ્ઞાનસુરી હતો એને ભાઈ! ..એણે પ્રવચનસારનો અર્થ કર્યો છે આમાં કે રતનચંદજી મુખ્યત્યારે કર્યો હશે

પહેલા. કે એ દયાનો અભાવ ત્યાં લેવો. આ જરી ટીકામાં ભૂલ છે.

મુમુક્ષુ :- જયસેનાચાર્યમાં એક એવો અર્થ છે.

ઉત્તર :- હા એક અર્થ. બેય અર્થ છે. આ પણ આવો અર્થ ન હોય કે દયાનો અભાવ. ત્યાં તો દયાના ભાવની વાત છે. તે મનુષ્ય, તિર્યંચ એમ કરીને લખ્યું છે. મોટો લેખ. ખોટો અર્થ છે જ્ઞાનનો. ...માં.

મુમુક્ષુ :- અમૃતચંદ્રાચાર્યનો ખોટો અર્થ?

ઉત્તર :- ના, ના એ જ્ઞાનસુરીએ. જ્ઞાનસુરીએ એનો ખોટો અર્થ ઠરાવ્યો છે આનો એટલે આ લોકોએ બરાબર સાચું કહ્યું. એનો અર્થ ખોટો છે. એ દયાનો ભાવ એ મોહ છે. એને તમે બીજું કહો તો નહિ ચાલે. સારો લેખ છે. કોક અજમેરનો છે. આહા..હા..! અરે..! જગતને ક્યાં જાવું છેને. એટલે ઓલો દયાનો ભાવ ઓલાને ધર્મ ઠરાવવો છે રતનચંદને. કરૂણાભાવ.

મુમુક્ષુ :- કરૂણાભાવ તો સ્વભાવ છે.

ઉત્તર :- હા, સ્વભાવ છે એટલે અહીંયાં કરૂણાનો એવો અર્થ કર્યો હશે. એને અનુસરીને આણે કર્યો ઓલો જ્ઞાનસાગર છેને?

મુમુક્ષુ :- એ બેય ભાઈબંધ છે.

ઉત્તર :- હા હશે. એટલે આણે બેયનો કર્યો. ... ખોટી ટીકા કરી છે. તમારી વાત ખોટી છે. અમૃતચંદ્રાચાર્યની ટીકામાં ફેર છે તમે કહેનારા કોણ? એય..! વાંધો આવ્યો આ એને. હવે આ કરૂણાનો ભાવ એ કાંઈક એને ધર્મમાં ખતવવો છે.

મુમુક્ષુ :- અહીં તો મિથ્યાદર્શનમાં ખતવ્યો છે.

ઉત્તર :- અહીં તો મિથ્યાદર્શન. પરમાં એમ ભાષામાં છેને? તિર્યંચ મનુષ્યની કરૂણા આવે એ જુદી વાત છે, પણ એને લઈને આવી છે એ મિથ્યાત્વભાવ છે. નબળાઈને લઈને આવે એ જુદી વાત છે. પાઠ એમ છેને એમાં? ૮૫ ગાથા. બહુ મોટો લેખ સારો લખ્યો છે. ઠીક છે. થાય છે ચર્ચા. અહીં જ્ઞાનસાગરે એવું કર્યું છે. એણે હમણા આચાર્યપદ છોડી દીધુંને? એના શિષ્યને આપ્યું ઓલો નાનો વિદ્યા... હા એને આચાર્યપદ આપ્યું. એમ કે મારી સ્થિતિ હવે .. જાય છે. ત્યાં પ્રવચનસારનો એણે અર્થ કર્યો હશે ક્યાંક. એમાં આ લોકોએ વાંચીને વિરોધ કર્યો છે. એમ કે અમૃતચંદ્રચાર્યની ટીકામાં ફેર છે. પણ આચાર્ય પોતે કહે છે કે કરૂણા તિર્યંચ મનુષ્યે... પછી પ્રશ્ન શું છે? અરે..! તને બાપા! પરનું દુઃખ દેખીને તને કરૂણા આવે એ મિથ્યાત્વભાવ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છેને. પણ શું થાય? એકતાબુદ્ધિ છે. એને એમાં પાઠ એવો છેને કે કરૂણા

તો સમકિતીને આવે. પણ એ કરૂણાનો વિકલ્પ છે એને ઈ જાણનાર રહે છે. ઓલું તો આવે છેને એમાં? અને મિથ્યાદષ્ટિને કરૂણા .. એને દુઃખ મૂકાવાના પ્રયત્નમાં વર્તે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી એ ચીજ છે બેને બે ચાર જેવી. એમાં પણ વાંધા ઉઠાડ્યા હોય. એમ કે આ કબુલ કરવા જઈએ તો પછી અમારા મુનિ બધા મહાવ્રતધારીને શું કરવું?

મુમુક્ષુ :- મહાવ્રતને ન માનવા.

ઉત્તર :- ન માને તો ઓલું છે નહિ. હવે શું કરું? સાધુ ન માનવા? ત્યારે ક્યાં જાવું લોકોને? આહા..હા..! ઓલામાં આવ્યું છે જૈનસંદેશમાં.

કહે છે ભગવાન એ તું ભૂલ્યો હોં. જ્યાં છો તેને તે જાણ્યો નહિ બાપુ તને હોં. અને જેમાં નથી ને છૂટી શકશે એ ચીજને તે મારી માની. છૂટી પડી શકે છે અને છૂટી છે. છતાં એને પોતાપણે માની તું સ્વભાવથી ભ્રષ્ટ થઈ ગયો છો. કહો, પોપટભાઈ! આહા..હા..! તો પછી આ હસમુખભાઈ અને ઢીકણાભાઈ એ ક્યાં રહ્યા એમાં? કાંઈ નથી. એય..! ક્યાં રહ્યા હવે આમાં? પુનમચંદ ને નિહાલચંદને. પણ જયંતિલાલ તો ભેગો છે તો હોયને તમારે હોય કે નહિ? ભાગ દુકાનમાં ભેગો ભાગ છે એનો. કોનો ભાગ બાપા! તને ખબર નથી. આહા..હા..! એકલડો જુદો પડ્યો છો, પ્રભુ! તને ખબર નથી. આહા..! એકલો આવ્યો, એકલો જાય, એકલો રહે અને એકલો મુક્તિ અને એકલો સંસાર. કોઈ સંબંધમાં નથી પ્રભુ. નથી એની સાથે સગાઈ કરી. મડદા સાથે સગાઈ કરી અને હવે એની સાથે લગન કરશે. છેને દાખલો મોક્ષમાર્ગપ્રકાશકમાં? મોક્ષમાર્ગપ્રકાશકમાં, અનુભવપ્રકાશમાં છે. અહીં પણ છે. મૃતક સાથે સગાઈ કરી હવે આની સાથે લગન કરશે. એવું છે જગતનું. જડ મડદા છે આ શરીરાદિ. પુણ્ય અને પાપ એ મડદા છે હોં ઝેર. એને મારા માનીને સગાઈ કરી અને એની સાથે રમતું માંડવી છે એને.

કહે છે ખરેખર હું રાગી છું એમ. 'આ હું...' એમ. આ એટલે રાગ ઉપર દૃષ્ટિ છેને? એટલે 'આ હું ખરેખર રાગી છું,...' આહા..હા..! રાગસહિત જીવને માનવો એ ભવનું બીજ છે એ તો કીધું છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં. ૧૪મી ગાથા. રાગ-રાગ. દયા, દાનના રાગવાળો છું. એ મિથ્યાદષ્ટિ છે. ભવનું બીજ છે, ભાઈ! એ ભવના અંકુર ફૂટીને ત્યાં રખડવાના બીજડા છે. આહા..હા..! તને ખબર ન હોય એથી કાંઈ કરીને અસત્યના ફળ કાંઈ સત્ય આવી જાય? જેને અંતરમાં રાગનો ભાગ પુણ્યનો, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ, મહાવ્રતનો ભાવ એ બધો રાગ છે. આહા..હા..! એને રાગ અને આત્મા વીતરાગમૂર્તિ છે પ્રભુ. બેની ભિન્નતાના ભાન વિના બેની એકતાને લઈને સ્વભાવથી ભ્રષ્ટ થયેલો રાગ મારો છે એમ માની અહંકારમાં આ હું રાગી છું. એમ અનાદિથી અજ્ઞાની માને છે. ઝીણું બહુ એટલે માણસને... ઓલું તો જાડું સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો લ્યો.

એય..! જૈન બધાને ધર્મ થઈ જાય. ધૂળેય નથી ધર્મ સાંભળને હજી ભાન તને નથી કોણ છું? કેમ છું? સામાયિક આવી ક્યાંથી? સમજાણું કાંઈ? એ વખતે પણ અજ્ઞાનીને જે રાગ થાય કે સામાયિક કરું એવો વિકલ્પ એને પોતાનો માની આ હું રાગી છું એમ માને છે. મિથ્યાદષ્ટિ છે કહે છે. આહા..હા..! દુનિયાના પ્રવાહથી વાત બીજી છે આ. એટલે એને એમ લાગે. હવે તોપણ થોડા-થોડા. હવે આ અધિકાર એવો લીધો છે ભાઈએ સારું થયું. ... બીજાએ પણ કહ્યું છે એમાંથી કે ભાઈ આ રતનચંદજીના લખાણ ઉપરથી તમે લીધું હોય આ. બેય ગલત છે. અરે..! કરૂણા તો પરની અપેક્ષા રાખીને કરૂણા થઈ એ તો એમાં એને લઈને થઈ. આહા..હા..! પરને લઈને કરૂણા કે રાગ થતો હશે આત્મામાં? એથી એને મિથ્યાત્વ કહ્યું છે. દયાનો ભાવ આવી જાય એ જુદી વાત છે. છતાં એ ભાવનો પણ સ્વામી ધર્મી નથી. આહા..હા..!

કહે છે '**આ હું ખરેખર રાગી છું, દ્વેષી છું (અર્થાત્ આ હું રાગ કરું છું, દ્વેષ કરું છું')...**' અણગમો અંદર થઈને એના ઉપર દૃષ્ટિ હોવાથી દ્વેષથી ભિન્ન પડેલો ભગવાન એને ભાનમાં ન લેતા ત્યાંથી ભાન વિનાનો ભ્રષ્ટ થઈ ગયો અને દ્વેષની પર્યાયને પોતાની માની. '**એમ (માનતો થકો)...**' જોયું? '**એમ (માનતો થકો) રાગી અને દ્વેષી થાય છે;...**' એમ. મૂળ તો એમ છે માનતા તે. રાગી અને દ્વેષી માનીને થાય છે. એ છે નહિ. '**તેથી અજ્ઞાનમય ભાવને લીધે...**' અજ્ઞાનમય પર્યાયને લીધે. ભાવ એટલે ત્યાં પર્યાય છે. '**અજ્ઞાની પોતાને પર એવા...**' '**પોતાને પર એવા રાગદ્વેષરૂપ કરતો થકો...**' એમ. પોતાને રાગ-દ્વેષરૂપે કરતો થકો. ઈ મારા છે એમ કરતો થકો. આહા..હા..! '**કર્મોને કરે છે.**' એ વિકારી પરિણામને કરે છે. ઝીણું આકરું ભારેને એટલે માણસને કે આવો ધર્મ ક્યાંથી કાઢ્યો વળી કહે. કાઢ્યો છે ક્યાં? અનાદિનો છે આ. અનંત તીર્થંકરો એ જ કહેતા આવ્યા છે. એને જ ધર્મ કહેતા આવ્યા છે. હા અનાદિ .. અસંખ્ય વર્ષ પહેલાનું આ. ચોવીસ તીર્થંકરોએ આ યોગને સાધ્યો છે, ભાઈ! અને એને સાધીને મુક્તિએ ગયા છે. માટે તું પણ કરને પ્રભુ! તારામાં ક્યાં ખામી અને ઓછપ છે કે તું બીજાને ઓશિયાળો થઈને ફરે છો? આહા..હા..! નિમિત્ત-ઉપાદાન માટે એવું નાખ્યું છે. આમ થાય, રસાયણથી આમ થાય, ઢીંકણાથી આમ થાય. આહા..હા..!

વાત એ છે કે છ દ્રવ્યના જે પર્યાયો સ્વકાળના તે સમયનો તે સમયનો પર્યાય તે છે-છે એ પોતાથી છે. નથી દ્રવ્યથી, નથી ગુણથી, નથી નિમિત્તથી. આવું જ એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? ઓલું તો દયા પાળો, કોઈને દુઃખ ન દો, વિધ્વાના આંસુ લૂછો, પૈસા આપો ક્યાંક અને મોટરમાં કપડા ભરીને ગરીબ નારાયણને આપો. તરત જ સમજાય. અજ્ઞાન. કોને આપે? કોને દે? એય..! એ પરનો કર્તા તો નથી, પણ એમાં થતા રાગનો પણ કર્તા

જીવ નથી. એને પોતાના માનીને કરતો થકો ઉભો છે એમ કહે છે. સમજાણું કાંઈ?

હવે ધર્મી. પહેલા અજ્ઞાનીની વાત કરી. **'જ્ઞાનીને તો,...'** ધર્મી જીવતો એ સ્થિતિએ વર્તતો હોય છે. પાછું કોઈ કહે કે જ્ઞાનીની ભલે વાત હોય, પણ અમારો ધર્મ તો આ છેને? સમજાણું કાંઈ? **'જ્ઞાનીને તો, સમ્યક્ પ્રકારે સ્વપરના વિવેક વડે...'** એ સુખને પંથે દોરાયેલો જીવ, ઓલો દુઃખના પંથે દોરાયેલો હતો. સમજાણું કાંઈ? અજ્ઞાની દુઃખને પંથે દોડ્યો જાય છે. ધર્મી સુખને પંથે ત્યાં વેગ કર્યો છે એણે. સંવેગ આવે છેને? ધર્મી જીવ તો સાચા પ્રકારે, સાચા પ્રકારે એકલું ખ્યાલમાં લીધું છે કે આ પર અને સ્વ જુદું એમ નહિ. જુદું જેણે અંતરમાં પાડ્યું છે. આહા..હા..! અરે..! વીતરાગ અનંતા તીર્થંકરોનો પોકાર આ છે હોં. અરે..! તારા પોકારના દુઃખને ટાળવા હોય તો પ્રભુ આ માર્ગ છે. આહા..હા..! તું એમ ન જો. પાંચ, પચાસ લાખ, કરોડ, બે કરોડના ધણી દેખીને આ સુખી છે. એક બોલે, એક હુકમ કરે ત્યાં એક હજાર, પાણી માગે ત્યાં મોસંબી મળે.

મુમુક્ષુ :- એ કાળ તો હવે રહ્યો નથી.

ઉત્તર :- પણ ગૃહસ્થ માણસને .. પાણી. બાપુ! અત્યારે પાણી .. જુઓ આપની પાસે પડી છે. આહા..હા..! એ મોસંબીના પાણીની ઈચ્છા થઈ એ ઈચ્છા એ રાગ છે. એ રાગને પોતાનો માન્યો અને ઓલી ચીજ જ્યાં મળી એટલે મને મળી અને મને તૃપ્તિ થઈ. બધો ભ્રમ છે. કહો, ભારે કામ!

**'સ્વપરના વિવેક વડે...'** સ્વ અને પર ભગવાન આત્મા તો આનંદ અને જ્ઞાનસ્વરૂપી પ્રજ્ઞાબ્રહ્મ છે. પ્રજ્ઞાબ્રહ્મ એટલે પ્રજ્ઞા અને આનંદસ્વરૂપ છે. અને પર છે એ પુણ્ય અને પાપના વિકલ્પો એ પણ આસ્રવ અને ઝેર છે. એવી જ્યાં અંતરમાં વિવેકની વહેંચણી વિવેકથી થઈ છે. **'વિવેક વડે...'** એમ કહ્યું છે. **'ભિન્ન આત્માની ખ્યાતિ...'** એ વિકલ્પથી, રાગથી ભગવાન ભિન્ન છે. એવા આત્માની પ્રસિદ્ધિ જે અટવાઈ ગઈ હતી એ પ્રસિદ્ધિ થઈ છે. હું એ જ્ઞાનસ્વરૂપી આત્મા છું. મારા જ્ઞાનની પ્રસિદ્ધિ વડે હું જણાઉં છું. એવી આત્માની જ્યાં પ્રસિદ્ધિ થઈ. અરે..! એકવાર શાંતિથી જો સાંભળે તો એને ખબર પડે કે આ માલ આ છે, બાપા! આ તો ભગવાનના ઘરનો માલ છે. આહા..હા..! આ ભગવાનના ઘરનો એટલે હોં આત્માના ઘરનો. પણ ખબર ન મળે. ...માં ... પડીને જીત્યાને કાંઈ. ..એટલે આ હવે કરીએ કાંઈ. બાપુ! આ તો અથડામણ મોટી બીજી છે, ભાઈ!

મુમુક્ષુ :- હજી ફરીવાર ચર્ચા કરવાનું કહે છેને.

ઉત્તર :- હવે ફરીવાર કર્યા. છેને ગંભીર ચર્ચા માથે લખે છે. મોટો ખુલાસો છે ભાઈનો. ભાઈની શું કહેવાય એ? ખાણિયા. ખાણિયાચર્ચામાં બધું છે. જોયું છે ખાણિયા ચર્ચા તમે? મગનભાઈ! ખાણિયા ચર્ચા વાંચી નથી? આંખે તો વંચાય એવું છે કે નહિ? ઝીણા ન

વંચાય. ઝીણા છે. કાચ રાખીને ન વંચાય આમ? કાચ આવે છે મોટા. ત્યાં હશે. કાંપમા તો હશે પુસ્તકો. પુસ્તક છે. એમાં વધારે ખુલાસો છે. ફુલચંદજીના ખુલાસા એ જાતના એ પ્રકારના કર્યા છે.

સ્વપરના વિવેક વડે જેની જુદી આત્માની ખ્યાતિ એટલે રાગની પ્રસિદ્ધિનો કાળ જે અનાદિનો હતો એ એણે ફેરવી નાખ્યો આત્મજ્ઞાનીએ. મારી પ્રસિદ્ધિ છે. હું તો જ્ઞાન અને આનંદ છું એ પ્રસિદ્ધિ છે. સમજાય છે કાંઈ? રાગ થવાના કાળે પણ જ્ઞાનની પ્રસિદ્ધિ છે. આહા..હા..! **'આત્માની ખ્યાતિ અત્યંત ઉદય પામી હોવાથી,...'** વિકલ્પથી, વાસનાથી જેની ચીજ અંદર જુદી દૃષ્ટિમાં લઈને અત્યંત ઉદય પામી અહીં તો કીધું. ચોથા ગુણસ્થાનથી. પરના લપ વિના એકલો ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવથી ભરેલો એવો એની દશામાં ખ્યાતિ અત્યંત ઉદય પામી છે. પર્યાય હોં. જ્ઞાન અને આનંદની પર્યાયથી પ્રસિદ્ધિને પામ્યો છે. એ **'જ્ઞાનમય ભાવ જ હોય છે,...'** ધર્મીને તો જ્ઞાનમય પર્યાય જ હોય છે. અજ્ઞાનીને રાગમય પર્યાય હોય છે. સમજાણું કાંઈ? લડાઈમાં ઉભો ધર્મી રાજકુમાર હોય. પચ્ચીસ વર્ષનો જુવાન. રાજ ઉપર ચડાઈ આવી હોય .. વિકલ્પ ઉઠ્યો હોય. આમ દેખાય, પણ છતાં એ તો વિકલ્પની ક્રિયાથી ભિન્ન પોતાની પ્રસિદ્ધિ પામે છે. સમજાણું કાંઈ? અને અજ્ઞાની દિગંબર મુનિ થયો હોય, અઠ્ઠાવીશ મૂળગુણ અને પંચ મહાવ્રત (પાળતા હોય). એના ઉપર દૃષ્ટિ હોવાથી તે આત્માની ખ્યાતિ અસ્ત થઈ ગઈ છે અને ત્યાં ઉઘડી ગઈ છે. સમજાણું કાંઈ?

એ **'જ્ઞાનમય ભાવ જ હોય છે,...'** આહા..હા..! પણ થઈ રહ્યું રાગ તો હજી દસમા ગુણસ્થાન સુધી હોય છે. એ નાખ્યું છે એમાં. રાગ તો દસમા ગુણસ્થાન સુધી. ત્યાં સુધી વ્યવહાર સમકિત છે. અરે..! ભગવાન! રાગ વિનાનો થાય ત્યારે એ થાય. આહા..હા..! અહીં તો કહે છે સમ્યગ્દર્શનમાં રાગથી ભગવાન ભિન્ન જ્યાં ભાસ્યો ત્યાં એની પ્રસિદ્ધિ બહાર આવી. હું તો જાણનાર-દેખનાર છું. રાગ છેને કહે. રાગ છે એમાંય જાણવાની પર્યાયપણે હું પરિણમું છું. રાગ છે એના જાણવાની પર્યાયપણે હું પરિણમન પામું છું. રાગપણે નહિ. આહા..હા..! કહો, છગનભાઈ! આવું કામ હશે! જેમાં જેની દૃષ્ટિ પડી છે. એની પ્રસિદ્ધિ ત્યાં થાય છે કહે છે. રાગની પ્રસિદ્ધિ છે જ નહિ ત્યાં. આહા..હા..! ધર્મીને વાસનાની વૃત્તિ ભોગની ઉઠી તોપણ તે કાળે તો ભગવાન જ્ઞાનમય આત્મખ્યાતિ જ ઉદય પામી છે. આહા..હા..! સંકેલ્યો છે એણે આત્માને પર્યાયમાં દ્રવ્ય તરફ ઢાળી દીધી છે. સમજાણું કાંઈ? એથી એને તો જ્ઞાનમય, શ્રદ્ધામય, આનંદમય, અકષાયમય એ પર્યાય ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? અરે..! એની જાતના ગાણાં પણ સાંભળ્યા નહિ એણે. પ્રગટ તો ન કર્યો પણ એ શું ચીજ છે? અને કેમ તેને લાભ થાય અને પ્રગટ થાય? અરે..! એવી વાતું પણ સાંભળી

નહિ એણે. એમાં સાંભળતા એને રસ પણ ન આવ્યો મારાને. આમ લૂખ્ખોલસ લાગે આમાં શું .. શું કરું હમણા તો આ સુઝતું બંધ થઈ ગયું લ્યો. આહા..હા..! એ રાગથી ભિન્ન પડીને સ્વભાવમાં એકતા કરવી એ કરવું છે. કરવાનું એ છે. ત્યાં કહે છે કે એની જ્ઞાનપર્યાય જે પ્રગટ થઈ એનો એ કર્તા છે. જોડે રાગ આવ્યો અને શરીરની ક્રિયા લડાઈ આદિની થઈ. અરે..! અમે ક્યાં છીએ? ત્યાં કહે મને એ દ્વારા ઓળખો એમ કહે છે. અમે રાગમાં અને ક્રિયામાં ક્યાં છીએ (કે) એ દ્વારા અમને તમે કહો. સમજાણું કાંઈ? આહા..હા..! સમયસાર તે સમયસાર છેને. ભગવાન છે. અદ્વૈત ચક્ષુ. અરે..! ધીરો થઈને એકવાર સાંભળતો ખરો પ્રભુ! સમજાય છે કાંઈ?

એ '**જ્ઞાનમય ભાવ જ હોય છે,...**' બસ, ભેદવિજ્ઞાનીને રાગભાવ જ ન હોય? થઈ ગયો વીતરાગ? અરે..! સાંભળને હવે ભાઈ! એકલો જાણકભાવ એ વીતરાગભાવ જ છે. જાણવા-દેખવાનો પુરુષાર્થ જે વર્તે એ વીતરાગભાવમાં પુરુષાર્થ છે. સમજાણું કાંઈ? આ પાછળમાં લખે છે હોં. આ મારા અધ્યાત્મની વાતું તો કેમ માનતા નથી? એમ લખ્યું છે. વિરોધ કરે, પાછો વળી આમ બોલે. .. મહાપુરુષો કેમ માનતા નથી? વળી એકકોર અધ્યાત્મની વાતું લખે અને એકકોર તારું પોતાનું લખો એમાં છે હોં એ.

મુમુક્ષુ :- કુંદકુંદાચાર્યે નથી કીધું અજ્ઞાનીને..

ઉત્તર :- હા છેને.

કહે છે કે ધર્મી અને ધર્મીનો ધર્મ એને કહીએ જેને પુણ્ય-પાપના રાગથી ભિન્ન પડેલી ચીજ જેના સ્વીકારમાં, અંતરના અનુભવમાં આવી છે. એથી એને કોઈપણ રાગ-દ્વેષની પર્યાયના કાળમાં પણ સ્વ જ્ઞાનમય જ પર્યાયની ઉત્પત્તિ થાય છે. સમજાણું કાંઈ? જ્ઞાનમય એટલે આત્મામય. શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્મા અકષાય સ્વભાવ છે. રાગ કષાય છે તો એની સાથે અકષાય સ્વભાવ છે. તો ધર્મીને એ રાગના કાળે પણ અકષાય ભાવની ઉત્પત્તિ થાય છે એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ત્યાંથી ખસેલો

ઉત્તર :- ત્યાંથી ખસી ગયો છે. ઓલો અજ્ઞાની જ્ઞાનસ્વભાવથી ખસી ગયો છે. ધર્મી રાગથી ખસી ગયો છે. સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! આહા..હા..! મીઠો મહેરામણ જ્યાં ડોલે છેને કહે છે. આહા..હા..! અમૃતના મીઠા સાગર પડ્યો છે આત્મા. એણે જેણે રાગથી ભિન્ન કર્યો. એને ભેદવિજ્ઞાની ને ધર્મી કહીએ. આહા..હા..! એ ધર્મી(ને) તો જ્ઞાનમય ભાવ જ હોય છે. એને તો ધર્મમય વીતરાગી પર્યાય જ હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**અને તે હોતાં,...**' જ્ઞાનમય પર્યાય જ હોય છે એમ. ભાવ એટલે પર્યાય. ધર્મીને

તો જ્ઞાનમય પર્યાય જ હોય છે. સમકિતમય પર્યાય, શાંતિમય પર્યાય એ જ હોય છે એને. કહો, ચેતનજી! '**જ્ઞાનમય ભાવ જ...**' એમ. જાણવા-દેખવાના સ્વભાવવાળો ભગવાન આત્મા એવા અંતરમાં રાગથી ભિન્ન પડેલા ભાવમાં જ્ઞાનમય ભાવ જ ઉત્પન્ન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલો કહે છે કે આવું જ્યાં અંદર ભણકાર વાગ્યો ત્યાં ફરી ગઈ આખી ચીજ. પૂર્ણની પ્રાપ્તિ થાય એની તો વાતું શું કરવી? આહા..હા..! ઓલાએ કહ્યુંને કે રામનું રૂપ ધારણ કરું ત્યાં મારી વૃત્તિ ફરી જાય છે. સીતાજી કેમ વશ થાય? એ સમકિતી હતા સીતા. બે જીવ હોતા હતા એ બે જીવ હોતા નહોતા. આહા..હા..! એમ રાગસહિત નહોતા તો વળી બે જીવસહિત ક્યાંથી હોતા? આ તે કાંઈ વાત! પેટમાં કેવા? લવ અને કુશ. પણ એ પેટમાં પેટથી પણ હું તો જુદો છું. આહા..હા..! ઓલો વશ કરવા આવ્યો રાવણ. એ તો મા ભગવતી સતી છે. આંખ ઉંચી ન કરે. યાદ રાખ કે જ્યાં સુધી મારા રામ ન આવે ત્યાં સુધી મારું નામ લઈશ નહિ. નહિતર બળીને ભસ્મ થઈ જઈશ. આહા..હા..! રાવણ પૂછે છે બીજાને આ શક્તિ કેમ પ્રસન્ન થાય. તો કહે રામનું રૂપ લેને ભાઈ! એ રામ નામ કરે છેને. રૂપ લેને. ભાઈ! રામના રૂપ લઉં ત્યાં તો મને માતા દેખાય છે. હું જ્યાં રામનું રૂપ ધારણ કરું ત્યાં મને માતા દેખાય છે. અને રામ થાય એની તો વાત જ શી કરવી? એમ કહે છે. સમજાણું કાંઈ? એ વિકલ્પના ભિન્નપણાના ભાન જ્યાં આવ્યા ત્યાં આત્મા પ્રસન્ન થઈને આનંદની પર્યાયને જ પ્રગટ કરે છે. સમજાણું કાંઈ? એ ધર્મીનો ધર્મ. અજ્ઞાનીઓને હવે કર્મ રાગનો. આ બેની અહીં વહેંચણી કરી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ-૧૫, મંગળવાર, તા. ૦૫-૧૨-૧૯૭૨**
**ગાથા- ૧૨૭, કળશ-૬૬, પ્રવચન-૨૪૩**

આ સમયસાર. કર્તાકર્મ અધિકાર. ૧૨૭નો ભાવાર્થ છે. ટીકા? બીજો પેરેગ્રાફ છે. '**જ્ઞાનીને તો,...**' એટલે શું કહે છે? ધર્મીજીવને તો જે ધર્મ કરનાર છે એમાં આ ધર્મીને તો '**સમ્યક્ પ્રકારે સ્વપરના વિવેક વડે ભિન્ન આત્માની ખ્યાતિ અત્યંત ઉદય પામી હોવાથી,...**'

આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે. અને પુણ્ય અને પાપના ભાવ રાગાદિ વિકલ્પ જે છે એ પર છે. આ શરીરાદિ તો પર છે જ આ તો પ્રત્યક્ષ છે. આ તો માટી છે. પૈસા શું હશે? પોપટભાઈ! માટી, જડ, ધૂળ.

મુમુક્ષુ :- કાગળના પડીકા.

ઉત્તર :- હા, એ તો હવે તમારા કાગળ. ઓલા રૂપિયા રોકડા હતા તો એ જડ છેને બધા? એ ક્યાં આત્મા હતો? આહા..હા..! એ તો પર છે, પણ અહીંયાં તો ધર્મીને અંતરમાં થતાં પુણ્ય અને પાપના ભાવ એ આત્માથી પૃથક્ દેખાય છે. એને ધર્મી કહીએ. આહા..હા..! વીતરાગમાર્ગ બહુ ઝીણો છે, ભાઈ! વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ. આત્મતત્ત્વ અને એમાં એક પુણ્ય-પાપના ભાવરૂપ વિકલ્પ તત્ત્વ તદ્દન જુદા છે. ધર્મીને સમ્યક્ પ્રકારે, સાચા પ્રકારે સ્વ-પર. સ્વ એટલે હું આત્મા જ્ઞાનસ્વરૂપી અને પુણ્ય અને પાપના ભાવ એ પર વિકારસ્વરૂપી. બેનું જેને ભિન્ન વિવેક વડે બેની જુદાઈ વડે ભિન્ન આત્માની ખ્યાતિ, એ શુભ અને અશુભરાગથી જુદો આત્મા, એની પ્રસિદ્ધિ ભેદજ્ઞાન દ્વારા થઈ હોય છે. સમજાણું કાંઈ? હું ચૈતન્ય છું, આનંદ છું, મારા સ્વરૂપમાં શરીર, વાણી, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ તો નથી, પણ મારી વસ્તુની સ્થિતિમાં તો પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ કે હિંસા, જૂઠું, ચોરી આદિના ભાવ મારી ચીજમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એ સ્વપરની જુદાઈને લઈને ભિન્ન આત્માની ખ્યાતિ. આત્માની પ્રસિદ્ધિ. હું એક જ્ઞાનસ્વરૂપી ચિદાનંદ આત્મા છું. એમ ધર્મીને જ્ઞાનની પ્રસિદ્ધિ આત્માની પ્રગટ દેખાય છે. એને લઈને **'જ્ઞાનમય ભાવ જ હોય છે,...'** ઝીણી વાત છે, ભાઈ! એને રાગાદિ થાય છતાં રાગનું જ્ઞાન જ્ઞાનીને થાય છે. રાગ એ હું એમ નહિ. ચેતનભાઈ! આહા..હા..! આ તે વીતરાગમાર્ગ એ જ સત્ય છે. એ સિવાય કોઈ સત્ય છે નહિ. એ વીતરાગમાર્ગમાં તો આ રીત છે કે આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ ચિદ્દઘન અને પુણ્ય અને પાપની વૃત્તિઓ ઉઠે ભાવ, એ વિભાવ, દુઃખ, ઉપાધિ, મેલ એ પર છે. આહા..હા..! આવી પરને અને સ્વને ભિન્નતા એ અપૂર્વ પુરુષાર્થ છે. સમજાય છે કાંઈ? પુણ્ય અને પાપના રાગથી રુચિને ફેરવીને દૃષ્ટિ... .. તમે કહેતા હતાને અંદર કે દૃષ્ટિ ફેરવવી. કીધું ઠીક પકડ્યું છે ખરું. આહા..હા..! વાત એવી છે હોં ભાઈ!

અહીં તો પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ ઇન્દ્રો અને ગણધરોની સમક્ષમાં આમ ફરમાવતા હતા. ભાઈ! તું તો આનંદ અને જ્ઞાનસ્વરૂપી આત્મા છોને. એમાં પુણ્ય અને પાપના ભાવ ઉઠે છે એ કાંઈ તારી ચીજ નથી. એ તો દુઃખરૂપ ભાવ છે. તું છો આનંદરૂપ, તું છો જ્ઞાતા અને એ રાગ અને દ્વેષ એ જ્ઞાતાના જ્ઞેય, પર તરીકે જ્ઞેય છે. આહા..હા..! આવું જ્યાં ભેદજ્ઞાન હોય છે એને ધર્મ થાય છે. આહા..હા..! ગીરધરભાઈ! આહા..હા..! આ તો

દયા પાળો અને વ્રત કરો. અરે..! ભગવાન! ભાઈ! એ તો વિકલ્પ છે, રાગ છે એ તો ભાઈ! અહીં તો '**જ્ઞાનમય ભાવ જ હોય છે,...**' છેને? જ્ઞાનમય જ ભાવ પર્યાય. ભાવ એટલે પર્યાય. હું એક જાણનાર-દેખનાર છું. એવી પોતાના જાણવાની પર્યાય અને રાગને જાણવાની. એવી જ્ઞાનમય પર્યાય જ્ઞાનીને હોય છે. આહા..હા..! પ્રતાપગઢથી આવ્યા છે. પ્રતાપગઢમાં ઈ એકલા હતા કરતા. આને થોડો ... સુરેન્દ્ર. મોટું ગામ પણ કાંઈ લોકોને કાંઈ... આવતા. અરે..! આ વાતની ખબર ન મળે. અરે..! હું ક્યાં છું? અને હું કઈ રીતે દુઃખી છું? એની ખબર ન મળે. ચોર્યાસીના અવતારમાં રખડતો, રઝળતો અનાદિનો આત્મા એનું કારણ? કે ઈ આત્માનો સ્વભાવ નથી એવી જે વિકૃત અવસ્થા પુણ્ય-પાપની એને મારી માની અને એનો સંયોગ છે એમ ન જાણ્યું, પણ એ મારી ચીજ છે એમ માની એથી એનાથી છૂટ્યો નહિ. આહા..હા..! એથી એ રખડવાના રસ્તે રહ્યો. આહા..હા..! સમજાણું કાંઈ?

આત્મા શરીર, વાણી, મન તો પૃથક્ છે એ તો છૂટીને જાય છે એ તો ખબર છેને એને? એય..! પોપટભાઈ! પાંચ લાખ રૂપિયા મળે એમાં કોઈએ કહ્યું હતું અંદર. ખુશી થઈ જાય માળો અને જાય તો? પણ કોના બાપના રૂપિયા? બાપા! એ તો જડ છે. તારા ક્યાંથી આવ્યા એ? જડનો સ્વામી તો જડ હોય. ભેંસનો સ્વામી પાડો હોય. સમજાણું કાંઈ? એમ એ જડ મારા એ તો જડ છે પ્રભુ કહે છે. તું જડ છો ભાઈ? તને શું થયું આ? અહીં તો વિકારી પરિણામ મારા એ આત્માને વિકારી માન્યો એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એય..! મગનભાઈ! અરેરે..! ચોર્યાસીના અવતારમાં ક્યાંય એને શાંતિ નથી. એ મરી ગયો, દુઃખી થઈને મરે છે. એ સ્વર્ગમાં હો કે આ ધૂળના શેઠિયા હો. ધૂળના. કરોડ, બે કરોડ, પાંચ કરોડના એય..! ..ભાઈ! બધા દુઃખી છે બિચારા હોં! એમ હશે? આકરું પણ ભારે!

મુમુક્ષુ :- .. દુઃખી જ થઈ ગયો છે.

ઉત્તર :- દુઃખી જ છે. આહા..હા..! ભાઈ! તું કોણ છો એની તને ખબર નથી. જ્યાં નજર નાખ્યે આનંદ આવે એની તને ખબર નથી અને જેમાં નજર નાખે દુઃખ થાય એની પણ તને ખબર નથી. આહા..હા..! અરે..! આ શરીર માટી, જડ છે ભાઈ! આ તો માંસ અને સ્મશાનની રાખ છે આ. આત્મા છે આ? આ તો નહિ પણ અંદરમાં સૂક્ષ્મ વાત અહીં તો ચાલે છે. કર્મના સંગે ઉત્પન્ન થયેલો જે વિભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ ભાવ એનું અસ્તિત્વ એ મારામાં છે અને હું એમાં છું બહુ દુઃખદાયક દૃષ્ટિ થઈ. મિથ્યાદૃષ્ટિ એ દુઃખદાયક દૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? અરે..! એને અનંતકાળમાં ક્યાંય સૂઝ બુઝ પડી જ નહિ એમને. કેમ નીકળવું આ સંસારથી? અને સંસારમાં ક્યાં હું રઝળું છું

એની ખબર ન મળે. બહારમાં જરી સગવડતા પાંચ, પચ્ચીસ લાખ રૂપિયા ધૂળ, છોકરા સારા, બાયડી ઠીક જાણે અમે સુખી છીએ. મૂઢ છે. આહા..હા..! કેમ બરાબર છે ભાઈ? મૂઢ માને છે મારો મોટો. આહા..હા..! એ આવે છે કહે છે ઓલા પ્રાણભાઈ આવે છેને. પ્રાણભાઈ તો અહીંયાં રહે છે. આહા..હા..!

કહે છે '**જ્ઞાનમય ભાવ જ હોય છે,...**' એ શું કહ્યું? ધર્મીને તો આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છું એવું ભાન છે. એથી ધર્મીને તો જ્ઞાનમય, શ્રદ્ધામય, શાંતિમય એવા ભાવ થાય છે. ભાવ એટલે પર્યાય. સમજાણું કાંઈ? આહા..હા..! '**અને તે હોતાં, સ્વપરના નાનાત્વના વિજ્ઞાનને લીધે...**' હું એક આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપી એવો હું છું અને રાગાદિ એ પર છે. એવા બે નાનાત્વ એટલે ભિન્ન-ભિન્ન. ભિન્ન-ભિન્નના અનેકપણું. નાનાત્વ એટલે અનેકપણું. જ્ઞાનસ્વરૂપી આત્મા એક અને પુણ્ય અને પાપ બીજું એ બેના '**નાનાત્વના વિજ્ઞાનને લીધે...**' બેના ભિન્નપણાના ભાનને લીધે. સમજાણું કાંઈ? બહુ ઝીણી વાતું ભાઈ! '**જ્ઞાનમાત્ર એવા પોતામાં સુનિવિષ્ટ...**' છે. જ્યાં હોય ત્યાં ધર્માત્મા તો પોતાના સ્વભાવમાં જ છે. આહા..હા..! ચાહે તો એ શરીરની ક્રિયા હો, રાગાદિ હો છતાં એ રાગ અને ક્રિયાનું જ્ઞાન પોતાથી પોતામાં થયેલું છે એમાં એ છે. ભારે ધર્મની વ્યાખ્યા આવી ભાઈ! ઓલા તો કહે વ્રત પાળવા, અહિંસા પાળવી, દયા પાળવી એ ધર્મ. બાપુ! એ નથી હોં તને ખબર નથી. પરની દયા પાળવાનો ભાવ એ તો રાગ છે. પરની દયા એ પાળી શકતો નથી. એ તો પરદ્રવ્ય છે ભાઈ! પરદ્રવ્યનો ધણી થતાં તને નુકસાન થાય છે. એ તો પરવસ્તુ છે. એની દયા પાળી શકે તું? એને મારી શકે? આહા..હા..!

અનાદિનો અજ્ઞાની પોતાના સ્વભાવની જાતને ભૂલી જે એમાં નથી એને પોતાના માની દુઃખી થઈને ચાર ગતિમાં રઝળે છે. આહા..હા..! એની એને દયા આવતી નથી. પરની દયા કરવા નીકળી પડે. પોતાની દયાની ખબર નથી, ભાઈ! તું રાગ વિનાનો છોને ભાઈ! તારું સ્વરૂપ તો જ્ઞાનઘન છેને. એ રીતે '**પોતામાં સુનિવિષ્ટ (સમ્યક્ પ્રકારે સ્થિતિ) થયેલો,...**' આહા..હા..! ચાહે તો ચોથે ગુણસ્થાને હોય કે ચાહે તો પંચમ ગુણસ્થાનનો શ્રાવક હોય, સાચા શ્રાવકની વાત છે હોં! વાડાની વાત નથી આ. કે ચાહે તો... આહા..હા..! ચાહે તો સંત મુનિ હોય, એ તો પોતાના જાણવા-દેખવા શ્રદ્ધા-શાંતિના સ્થાનમાં એ છે. સમજાણું કાંઈ? સુનિવિષ્ટ એમ છેને? સમ્યક્ પ્રકારે નિવિષ્ટ-સ્થિત છે.

'**પર એવા રાગદ્વેષથી પૃથગ્ભૂતપણાને (ભિન્નપણાને) લીધે...**' આહા..હા..! ઘઉંમાં જેમ કાંકરા જુદા છે. એમ ભગવાન ચૈતન્યમૂર્તિમાં એ પુણ્ય અને પાપના કાંકરા જુદા છે. અરેરે..! આ. સમજાણું કાંઈ? માણસ એમ કહેને કે શું વીણો છો બહેન? કે ઘઉં વીણું છું. ઘઉં વીણે છે? કાંકરા (વીણે) છે. પણ એનો અર્થ કે બીજા ચોખા નથી વીણતી,

દાળ નથી વીણતી, પણ ઘઉં વીણું છું. એટલું બીજાનાથી જુદું પાડવા એવી ભાષા બોલે, પણ ખરેખર તો કાંકરા (વીણે). એમ ભગવાન આત્મામાં. આહા..હા..! એ શુભ અને અશુભ રાગનો, દયા, દાન, ભક્તિના ભાવ કાંકરો છે. અરેરે..! આ ક્યાં? એ વીણીને કાઢી નાખવા જેવા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પર એવા રાગદ્વેષથી...**' જુઓ, શરીર, વાણી, મન, બાયડી, છોકરા તો ક્યાંય રહી ગયા બિચારા. એ તો પર, પર ને પર. આહા..હા..! બરાબર હશે આ? લોકોને.. એમ છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! એના છોકરા પાસે છેને ત્રણ-ચાર કરોડ. ઓલો પુનમ. ધૂળમાંય નથી કાંઈ. સમજાણું કાંઈ? કહે છે, આહા..હા..! ધર્મી જીવને ધર્મમાં સુખપણું કેમ પ્રગટ થાય? કે રાગથી ભિન્ન પડેલો માટે તેને સુખ અને જ્ઞાનદશા થાય છે. આહા..હા..! અને રાગ અને પુણ્યને પોતાના માનનારો દુઃખી દુઃખના વેદનમાં પડેલો ઝેર પીવે છે. સમજાણું કાંઈ? આમ ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ અરિહંત પરમાત્માની વાણી છે આ. આમ કહે કે અમે જૈન છીએ, પણ જૈન શું છે એની ભાન ન મળે. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે, શું પણ વાત છેને. ગજબ વાત છે. ઓહો..! પ્રભુ! તું તો આનંદ અને જ્ઞાન છોને. એવું જ્યારે પુણ્ય અને પાપના રાગથી પૃથક્પણાનું જ્યાં ભાન થયું. છેને? પૃથગ્ભૂત?

'**નિજરસથી જ જેને અહંકાર નિવૃત્ત થયો છે...**' આહા..હા..! જેને આત્માના આનંદના અધિકપણાને લઈને રાગમાં અહંપણું છે એ તો નિવર્તી ગયું છે. આહા..હા..! આ ધર્મદશા. અને ક્યાં જૈન લોકો નામ ધરાવીને ધર્મ માને છે ક્યાંય. વીતરાગદેવનું તો આ છે કથન. કહો, શાંતિભાઈ! આહા..હા..! શું કહ્યું? કહે છે કે પ્રભુ આત્મા એ જ્ઞાન, દર્શન, આનંદ આદિ સ્વભાવનો એ પિંડ પ્રભુ છે. એવું જેને પુણ્ય અને પાપના રાગના વિકલ્પથી ભિન્ન ભાન થયું એને પોતાના આનંદ અને જ્ઞાનના રસથી જ રાગમાં અહંપણું છે એ ઉઠી ગયું છે. સમજાણું કાંઈ? આ તો વાડા સંપ્રદાયમાં એવું લાગે આકરું. કે તમે આવો ધર્મ ક્યાંથી કાઢ્યો? કાઢ્યો નથી, ભગવાન! એ ભગવાનનો માર્ગ જ આ છે. આહા..હા..! બાપુ! તને ખબર નથી. આહા..હા..!

કહે છે પર એવા રાગ અને દ્વેષની વૃત્તિઓ જે ઉઠે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, કામ, ક્રોધ, માન, માયા એવો જે ભાવ એ બધો વિકાર છે. એ પર છે. '**પર એવા રાગદ્વેષથી પૃથગ્ભૂતપણાને (ભિન્નપણાને) લીધે...**' એ વિકારીભાવથી મારું જુદાપણું છે એને લીધે. '**નિજરસથી જ જેને...**' પોતાના આનંદ અને જ્ઞાનના સામર્થ્યથી જ જેને. જેને જ્ઞાન અને આનંદમાં હું છું એવું છે એવા સામર્થ્યથી જેને '**અહંકાર નિવૃત્ત થયો છે...**' આહા..હા..! ભાઈ! વ્યવહારરત્નત્રયથી નિવૃત્ત થયો છે કહે છે. આહા..હા..! અરે..! ખૂબ હાંકે છે મારો સંસ્કૃત... આહા..હા..! વ્યવહાર પંચમહાવ્રત

આસ્રવ નહિ. એ તો પ્રત્યાખ્યાનાવરણીનો નાશ થઈ એ થાય છે. માટે ઠીક. પ્રત્યાખ્યાનાવરણીના નાશથી તો આત્માની સ્થિરતા શાંતિ થાય છે એ. આ તો કર્મના ઉદયનો રસ છે. શું થાય? હજી ચર્ચા માગે છે એ. તે દિ' આવ્યું નહોતુંને એમાં તે દિ'? કીધું ચર્ચા ભાઈ હું કરતો નથી.

મુમુક્ષુ :- ચર્ચાની આપણે હા પાડીએ તો એને...

ઉત્તર :- ધૂળેય ચર્ચા કોની સાથે કરે? કુંભાર સાથે? આપણે તો ત્યારે ના પાડી. ફુલચંદજીએ .. કહો ઠીક થઈ ગયું.

અહીં તો કહે છે ધર્મી એને કહીએ, વીતરાગના માર્ગના પંથમાં આવ્યો એને કહીએ કે જેને હું જાણનાર-દેખનાર અને આનંદ છું એવા સ્વભાવના સામર્થ્યને લઈને રાગ અને દ્વેષના પરિણામ ઉપરથી અહંપણું ઉડી ગયું છે. આહા..હા..! સીતાજીનું કહ્યું હતુંને. શરીરમાં હું નથી. શરીર મારું નથી, શરીરમાં બે રાજકુમારો છે પેટમાં લવ અને કુશ. એકાવતારી, ચરમશરીરી. એ છેલ્લું શરીર છે એનું. બહાર આવીને મુક્તિએ જવાના છે. પણ એના અંતરમાં બાપુ! આ દશા કોઈ જુદી છે અંદરની. એમાં અંદરમાં એ તો મારા નથી, પણ વૃત્તિ ઉઠે છે જરી આસક્તિની એ પણ હું નથી. આહા..હા..! એય..! પોપટભાઈ! શરીર આમ ફેરવે જાણે બાપુ તું ફેરવતો નથી, તને ખબર નથી. એ છોકરાને પેટમાં રાખ્યા છેને. પેટ જ પણ એનું નથીને. આહા..હા..! ધર્મી જીવની દૃષ્ટિ, ભલે એ સ્ત્રીનું શરીર હોય, પણ ધર્મ પામે છે ત્યારે એને રાગ અને એ શરીરાદિથી પૃથક્ આત્માનું ભાન હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને અજ્ઞાનીને જ્યાં હોય ત્યાં એ દયા, દાન, વ્રતાદિ પરિણામ એ મારા મેં કર્યા. એ મારા. એ મિથ્યાત્વ અને દુઃખી થઈને સેવે છે. આહા..હા..! ભારે કામ ભાઈ! આવું તે વીતરાગનું.. વીતરાગે તો 'અહિંસા પરમો ધર્મ.' પણ અહિંસા કોને કહેવી બાપુ! તને ખબર નથી.

મુમુક્ષુ :- એ જ ચાલે છે આ પરમો ધર્મ.

ઉત્તર :- એ જ ચાલે છે આ. રાગ અને દ્વેષના પરિણામ એ મારા નહિ. મારો સ્વભાવ તો જાણવું, દેખવું અને આનંદ છે. એવી દશામાં આનંદની, રાગ વિનાની પર્યાય પ્રગટ થાય એને અહિંસા ધર્મ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ ચોર્યાસીના અવતારમાં અરેરે..! કોઈ એને શરણ નથી ક્યાંય. પણ શરણ નથી ત્યાં એણે શરણ માન્યું છે. આ બાયડી-છોકરા શરણ છે, પૈસો શરણ છે. ..ભાઈ! છ છોકરા તમારે આમાં લોઢા જેવા. એ એનામાં છે. બીજા નંબરનો હતો. કાલે આવ્યો હતો ભાઈને મેં પૂછ્યું હતું. બીજા નંબરનો કાલે આવ્યો હતો. આહા..હા..! .. નામ-બામ ન આવડે. પણ આ તો આત્માની વાત છે. આત્મા ભૂલાય નહિ. આહા..હા..! આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે એને પોતાના સ્વભાવથી ભિન્ન પુણ્ય અને પાપના રાગને પોતાના માનનારો તે મૂઢ અને અજ્ઞાની છે. એ દુઃખના પંથે દોરાઈ

ગયા છે. એ દુઃખને વહોરી રહ્યા છે. આહા..હા..! ધંધો તો કરે છે એ. દુઃખને વ્હોરવાનો. આહા..હા..! આવો વીતરાગનો માર્ગ એટલે કે એ તારો માર્ગ. તારો માર્ગ જ એવો છે ભગવાન! આહા..! અરે..! એણે સાંભળ્યું નથી. એણે સાંભળ્યા વિના વિચાર ક્યાંથી આવે અને એની રુચિ ક્યાંથી કરે? આહા..હા..! ચોર્યાસીમાં રખડતો પ્રભુ! કહે છે કે હું તો મારા સ્વભાવમાં છું. સ્વભાવમાં બહારની ચીજો રાગાદિ એમાં તો હું આવતો જ નથી. એ મારા નથી, એમાં હું નથી. આહા..હા..! કહો, આનું નામ ધર્મ છે, પોપટભાઈ!

મુમુક્ષુ :- આ ધર્મ કરે છૂટકો છે પ્રભુ! નહિતર રખડપટ્ટી ઉભી છે.

ઉત્તર :- હા. રખડપટ્ટી ઉભી છે, ભાઈ! કોઈ ત્યાં આધાર આપે એવું નથી. ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ પણ શરણ નથી. આ મંગળિકમાં આવેને? અરિહંતા શરણં. ભાઈ! પાનાચંદભાઈ! આવે છેને? સિદ્ધા શરણં, સાહુ શરણં. એ તો નિમિત્તથી કથન છે. કેવળી પણ્ણંતો ધમ્મો શરણં. એ શરણ ખરું. ભગવાને કહ્યો જે આત્મા રાગ અને પુણ્યના પરિણામથી ભિન્ન ભગવાન. એની દૃષ્ટિ અને અનુભવ એ ધર્મ. એ કેવળી પણ્ણંતો ધર્મ એ શરણ છે. આહા..હા..! ગડીયા તો બોલી જાય સાંજ સવાર ઘણીવાર પડિક્કમણામાં નમો અરિહંતાણં. અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, અરિહંતા લોગુત્તમા, અરિહંતા શરણં. અર્થની ખબર ન મળે. આહા..હા..!

કહે છે '**નિજરસથી જ જેને અહંકાર નિવૃત્ત થયો છે...**' જેને જ્ઞાન અને આનંદ છું એવા ભાનમાં એ ભાનના રસ વડે જ હું રાગ નથી એમ એને અહંકાર નિવૃત્ત થઈ ગયો છે. આહા..હા..! અહંકારથી રુચિ છોડી દીધી છે કહે. અહંકારનો સંબંધ છોડી દીધો છે. પરની સાથે હું છું એવો સંબંધ છોડી દીધો છે. આહા..હા..! એનું નામ ધર્મ છે. પહેલી સમજણ તો કરે, શ્રદ્ધામાં તો લે કે માર્ગ આ છે. તો માર્ગ સમજશે તો પ્રયોગ કરશે. પણ સમજશે નહિ તો પ્રયોગ શી રીતે કરશે? આહા..હા..! '**નિવૃત્ત થયો છે એવો પોતે ખરેખર કેવળ જાણે જ છે,...**' કેવળ જાણે જ છે એટલે એકલું જ્ઞાનસ્વરૂપ જ છું એમ જાણે છે. એ રાગ અને પુણ્યના પરિણામ વ્યવહારરત્નત્રય કહેવાય જેને શુભરાગ. જેને ઈ હું છું એમ નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

'**રાગી અને દ્વેષી થતો નથી...**' ઓહો..! રાગ-દ્વેષ હોવા છતાં, રાગ-દ્વેષરૂપે થતો જ નથી. છ દ્રવ્ય જગતમાં નથી? એ હોવા છતાં પરદ્રવ્યરૂપે થતો નથી. એમ રાગ-દ્વેષ હોવા છતાં ધર્મી રાગ-દ્વેષરૂપે થતો જ નથી. એવું ચૈતન્યના જ્ઞાનનું સામર્થ્ય છે. કહો, હસમુખભાઈ! આ બધું કરવું પડશે હોં એ બહારમાં ધૂળધાણીમાં કાંઈ નથી. એય..! લક્ષ્મી વરી નથી, હેરાન કરવા આવી છે એ. આહા..હા..! રાગ-દ્વેષ... ખરેખર '**રાગી અને દ્વેષી થતો નથી (અર્થાત્ રાગ અને દ્વેષ કરતો નથી);...**' એટલે? જ્ઞાનસ્વભાવી આત્મા એના ભાનમાં આ રાગ મારો છે એમ કરતો નથી. રાગ પૃથક્ છે એમ એનું જ્ઞાન કરે છે. આહા..હા..!

સમજાણું કાંઈ? '**તેથી જ્ઞાનમય ભાવને લીધે...**' જ્ઞાનમય પર્યાયને લીધે. ભાવ એટલે પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાતું છે ભાઈ! વીતરાગમાર્ગ જેવો જગતમાં ક્યાંય છે નહિ. પણ એ શું કહે છે એને સમજવું પણ બીજે છે નહિ. એમાં આવીને જ્યારે આગળ વધે તો એને સમજાય. આહા..! બાકી તો આમ ને આમ ગોથા ખાય. જે રીતે નથી તે રીતે બતાવીને અધિકતા બતાવવી છે. જે રીતે નથી. પૈસાથી નથી, શરીરથી નથી, રાગથી નથી. એ દ્વારા પોતાને અધિક બતાવવો છે કે જો આમ મારામાં છે. આહા..હા..! અને પોતાનો તો અનાદર કરવો છે. સમજાણું કાંઈ? હું કાંઈક મારા સ્વભાવ સિવાય જે બીજી ચીજ છે એ દ્વારા પોતાને અધિકપણું, વિશેષપણું બતાવીને પરમાં .. છે એને. આહા..હા..! એ જ કહે છેને. એ અહંપણું ત્યાં છે. આહા..હા..! દયા, દાન એવા ભાવ કર્યા. એ ભાવથી પણ વિશેષ તું પોતાને એનાથી અધિકપણું મનાવવું છે. આનાથી હું છું, આ હું છું. એનું નામ તો ભગવાન મિથ્યાત્વ અને અજ્ઞાન કહે છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાનમય ભાવને લીધે...**' પણ ધર્મી એને કહીએ ચોથે ગુણસ્થાનથી હોં. જ્ઞાનની પર્યાયને લીધે '**જ્ઞાની પોતાને પર એવા રાગદ્વેષરૂપ નહિ કરતો થકો...**' એ રાગ-દ્વેષના પરિણામરૂપી કર્મને કરતો નથી. આહા..હા..! ભાવાર્થ. અજ્ઞાની એ રાગ-દ્વેષના પરિણામ જે પોતાની જાતના નથી, મેલ અને દુઃખરૂપ છે એને પોતાના કરીને કર્તા થાય છે. એ દુઃખના પંથે દોરાઈને ચોર્યાસીના અવતારમાં ભટકવાના છે. પછી ભલે અહીંયાં પાંચ-પચ્ચીસ લાખ કે બે, પાંચ, દસ કરોડની મૂડી હોય. સમજાય છે કાંઈ? એ મૂડી ચાલી જવાની. અને નિગોદ અને એકેન્દ્રિય આદિમાં રખડવાના. એય..! વાત તો આવી છે, બાપા! આહા..હા..! અરે..! જાતને જાણી નહિ, કજાતને પોતાની માને. એને એ જાતમાં કલંક છે એને. આહા..હા..! ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ ઈન્દ્રો અને ગણધરોની સમક્ષમાં પ્રભુની વાણી આ આવતી હતી. એ વાણી સંતો અહીં કહે છે. મહાવિદેહમાં બિરાજે છેને ભગવાન? સીમંધર ભગવાન મહાવિદેહમાં તીર્થંકરપણે, કેવળજ્ઞાનીપણે સો ઈન્દ્રોના પૂજનિકપણે બિરાજે છે. મહાવિદેહ ક્ષેત્રમાં ... બિરાજે છે. ત્યાં એ ભગવાનની વાણી આ કુંદકુંદાચાર્ય સંવત્ ૪૯માં દિગંબર મુનિ હતા. ત્યાં ગયા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર રચ્યા છે. ભગવાનનો આ સંદેશ છે. ભગવાનની વાણીમાં આ આવ્યું છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? બાપ ક્યાંક બહાર જાય અને કાંઈક લઈને આવે તો ઘરના બધા ભેગા થાય. બાપા! શું લઈને આવ્યા મારે માટે? ગરીયા લાવ્યા? બાયડી કહે છે સાડલો લાવ્યા? છોડી કહે છે ફલાણું લાવ્યા એમ કરીને પૂછયા કરે. આ શું કહેવાય આ ઘડિયાળ રાખે અહીં બાંધવાની. અહીં ઘડિયાળ નહિ. સમજાણું? કાંઈક-કાંઈક નવું લાવ્યા કે નહિ? આ ભગવાનને પૂછે પ્રભુ! શું લઈને આવ્યા ત્યાંથી? ભગવાન પાસે ગયા હતા? કહે આ લઈને આવ્યો છું. આહા..હા..! સમજાણું કાંઈ? તારે માટે માલ લાવ્યો

છું એમ કહે છે. આહા..હા..!

અરે..! આ તો ફૂ થઈને રાખ થઈ જશે. ... એ આવડી રાખ નહિ થાય બાળશે ત્યારે. આવડી રાખ થાય? ફૂ થાય. એમાં જો પવન આવ્યો સરખાયનો ઉડી જાય રજકણ. આહા..હા..! 'રજકણ તારા રખડશે જેમ રખડતી રેત, પછી નરતન પામીશ ક્યાં' બાપુ! આવા અવતાર નહિ મળે ફરીને. અવસરે કરી લે કરવાનું હોય એ. ... નથી લખ્યું ભાઈ! મોક્ષમાર્ગપર્યાયમાં. સબ અવસર આ ગયા હૈ. એમ આવ્યું છે. આહા..હા..! 'સમય વર્તે સાવધાન.' લગનમાં બોલે છેને. ટાણું આવેને બોલતા હોય. સમય વર્તે લાવો કન્યાને. એમ આવો સમય મળ્યો થા સાવધાન સમયમાં. સમયમાં એટલે આત્મામાં. આત્માને સમય કહે છેને? આ સમયસાર. આહા..હા..! ધર્મી તો પોતાના સ્વભાવના ભાન દ્વારા રાગ અને દ્વેષની, પુણ્ય, પાપની, દયાની ક્રિયાથી પણ ભિન્ન જાણે છે. તેથી તે રાગના પરિણામને પોતામાં ખતવતો નથી. એટલે એને કરતો નથી. એટલે કે એને જાણનાર-દેખનાર રહે છે. એનું નામ ધર્મ કહેવામાં આવે છે. ભારે ભાઈ આ!

**'ભાવાર્થ :- આ આત્માને...'** આ આત્મા. પ્રત્યક્ષ પ્રભુ છે એ પોતે જ જાહેર થઈને બોલે છે. બોલે છે એટલે જાણે છે. કે **'આ આત્માને ક્રોધાદિક મોહનીય કર્મની પ્રકૃતિનો (અર્થાત્ રાગદ્વેષનો) ઉદય આવતાં,...'** જડકર્મનો ઉદય આવતા **'પોતાના ઉપયોગમાં તેનો રાગદ્વેષરૂપ મલિન સ્વાદ આવે છે.'** ઉપયોગ એ રાગ-દ્વેષરૂપે થઈ જાય છે. અજ્ઞાની છે એને ભાન નથી. એટલે પુણ્ય અને પાપના રસનો સ્વાદ એને આવે છે. **'અજ્ઞાનીને સ્વપરનું ભેદજ્ઞાન નહિ હોવાથી...'** એ રાગ-દ્વેષનો સ્વાદ એ મારી ચીજ નહિ. સમજાણું કાંઈ? **'અજ્ઞાનીને સ્વપરનું ભેદજ્ઞાન નહિ હોવાથી...'** એ રાગનો વિકલ્પ અને ભગવાન આત્મા બે જુદા એનું ભાન અજ્ઞાનીને નહિ હોવાથી. **'તે એમ માને છે કે ''આ રાગદ્વેષરૂપ મલિન ઉપયોગ છે તે જ મારું સ્વરૂપ છે...'** ચૈતન્યના પ્રકાશના ઉપયોગમાં ઓલો રાગ-દ્વેષની મલિનતા જે દેખાતી એ જ હું છું એમ અજ્ઞાની માને છે. સમજાણું કાંઈ? ભારે ઝીણું! એટલે લોકોને ચડાવી દીધા બિચારાને બીજે. આ માણસને ..શકે નહિ. ચડાવી દીધા. પોતે પણ ઉંધે રસ્તે અને બીજાને પણ ચડાવી દીધા ઉંધે રસ્તે. જિંદગી ચાલી જાય હેરાન-હેરાન થઈને. દુઃખી થવાના પંથે દોરાઈ ગયા. બાપુ! માર્ગ તો જુદો છે.

ભાઈ! તું એક આત્મા છો કે કાંઈ? તો આત્મા તો જ્ઞાનસ્વરૂપી ભગવાન છે. એમાં જ્ઞાનનો વેપાર જે થાય એમાં કર્મના નિમિત્તનો જે રસ પરિણામ જે દેખાય એ ઉપયોગમાં સ્વાદ જે છે એ મલિન સ્વાદ છે. ઉપયોગમાં રાગ-દ્વેષરૂપી પર્યાય થઈ એ મલિન સ્વાદ છે. આ તો ક્યાંય કાઢી નાખ્યા. ઓલા ઉપયોગમાં જણાવ્યા... એને અજ્ઞાની **'ભેદજ્ઞાન નહિ હોવાથી તે એમ માને છે કે ''આ રાગદ્વેષરૂપ મલિન ઉપયોગ છે તે જ**

**મારું સ્વરૂપ છે...'** પર્યાયદષ્ટિ છેને? આહા..હા..! રાગ અને દ્વેષની પાછળ ભગવાન ચૈતન્યમૂર્તિ બિરાજે છે. એની જેને ખબર નથી. એ પોતે રાગ અને દ્વેષ મારું સ્વરૂપ છે એમ માને છે.

**'તે જ હું છું''. આમ રાગદ્વેષમાં અહંબુદ્ધિ કરતો...'** પુણ્ય અને પાપના મલિનભાવમાં અહંપણું માનતો, કરતો **'અજ્ઞાની પોતાને રાગીદ્વેષી કરે છે;...'** જે રાગ-દ્વેષ વિનાની ચીજ છે એને રાગી-દ્વેષી છું એમ કહે છે. આહા..હા..! પહેલું તો સમજણ જ કઠણ પડે કે શું કહે છે આ? સમજાણું કાંઈ? **'પોતાને રાગીદ્વેષી...'** પુણ્ય અને.. હજી રાગ-દ્વેષની વ્યાખ્યા શું છે એ ખબર નથી. રાગ અંદર વિકલ્પની વૃત્તિ ઉઠે, ચાહે તો દયાની, દાનની, ભગવાનની ભક્તિની, કરૂણાની એ બધી રાગની રાગીણીઓ છે. સમજાણું કાંઈ? એ રાગમાં ઉપયોગની પર્યાયમાં રાગ આમ આવે જાય એ મલિન છે એમ એને ભાસ ન થાય. અજ્ઞાનીને તો એ મારું સ્વરૂપ છે એમ ભાસ થાય. સમજાણું કાંઈ?

તે **'રાગીદ્વેષી કરે છે; તેથી તે કર્મોને કરે છે.'** કર્મ એટલે વિકારી પરિણામ. **'આ પ્રમાણે અજ્ઞાનમય ભાવથી કર્મબંધ થાય છે.'** ઓહો..હો..! એ શુભ-અશુભભાવ એ મારા એનું ભેદજ્ઞાન નહિ હોવાથી એ જ હું. એમ માનીને એને કર્મ બંધાય છે. એને કર્મ બંધાય છે. આત્માની એકતા થતી નથી. આહા..! ભારે વાત! આમ રાગનું .. પરિણામથી ભિન્ન પડીને અહીં એકતા થવી જોઈએ એને ઠેકાણે રાગમાં એકતા થતાં કર્મનું બંધન થાય છે. સાધુ થયો અનંતવાર. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' મુનિવ્રત ધારણ કર્યા, પંચ મહાવ્રત લીધા, પણ એ તો બધો વિકલ્પ અને રાગ છે. આહા..હા..! નહિ, મહાવ્રત તો પ્રત્યાખ્યાન..ના ક્ષયથી થાય. ક્ષયથી થાય છે એ તો ચારિત્ર થાય છે. (એમ કહે છે પણ) મહાવ્રતનો વિકલ્પ તો રાગના અને પરના ઉદયના સંગે થાય છે. આવેને એમ ભાઈ! એમ કે સાધુપણું ત્રણ કષાયના અભાવથી થાય છે. માટે મહાવ્રતના પરિણામ ત્રણ કષાયના અભાવથી થાય છે. અરે..! ભાઈ! તું શું કહે છો? બાપા! તને ખબર નથી.

મુમુક્ષુ :- ત્રણ કષાયના અભાવથી તો શુદ્ધતા થાય છે.

ઉત્તર :- એ તો શુદ્ધતા થાય છે. (મહાવ્રતના ભાવ) મળ છે. .. મળ નથી કીધું? ત્યાં કીધુંને પ્રવચનસારમાં શરૂઆતમાં કે એ કષાયનો કણ છે. એને ઓળંગીને સ્થિરતાને પામે છે. કણ છેને? આવા પંડિતો હવે. અરે..! પ્રભુ! શું કરે છે? અરે..! સત્યના માર્ગથી ખસીને શું કરવું છે તારે? ત્યારે એ વળી એમ કહે છે. જરી એવું હોય છે એમાં કાંઈક. એમ કે એ સોનગઢવાળા જે પોતાનો મત આચાર્ય સાથે મળે નહિ એટલે કલ્પનાથી વાત કરે આ આચાર્યનું કરેલું છે એમ કહે. એટલું ... થઈ ગયું બસ. તમારી કલ્પનાની વાત છે એમ

કરો. આહા..હા..! એમ લખ્યું છે. આજ આ શબ્દકોષ લેવાઈ ગયો પહેલો. આહા..હા..!

અરે..! ભાઈ! આ સોનગઢના વિચારો ક્યાં છે? આ તો ભગવાનના વિચાર છે. રાગથી લાભ ન થાય એમ કચડીમચડીને એ કરે છે એમ કહે. શાસ્ત્રમાં તો મહાવ્રતના પરિણામથી લાભ થાય એમ કીધું છે એમ કહે. આચાર્યના કથનો સાથે મેળ નથી એટલે એમણે ઠરાવી દીધું કે એ તો રાગ છે, એ તો કષાય છે. ભગવાન એમ કહે છે એમ રહેવા દો કહેવું. અમને આવો અર્થ લાગે એમ કહે છે. એય..! અરે..! ભગવાન! ભાઈ! આહા..હા..! એક આજીવિકા માટે, પેટ ભરવા માટે આવા ભાવ કરવા (તેમાં) કેટલું નુકસાન છે એની ખબર નથી એને.

જ્ઞાનીને, અજ્ઞાની તો એ વિકલ્પને જ પોતાનું માને છે. ચાહે તો મુનિ-મુનિનો ભેખ હો. આહા..હા..! મનના સંગે તો રાગ જ થાય. સ્વભાવના સંગે અરાગ થાય. આહા..હા..! અજ્ઞાની પરના સંગથી થયેલો ભાવ પોતાનો માને એથી વિકારી પરિણામરૂપી કાર્યનો કર્તા થાય છે. આહા..હા..! કહો, સમજાણું આમાં? હવે બાયડી, છોકરા છોડી, પાંચ મહાવ્રત લીધા એટલે થઈ .. એય..! ભાઈ! કોણ ગ્રહે અને કોણ છોડે? ભાઈ! તારામાં પરને ગ્રહવું-છોડવાની શક્તિ છે? એક રજકણને ગ્રહવું કે રજકણને છોડવું એ તારા સ્વરૂપમાં છે? એ તો જડ છે. આહા..હા..! રાગને પોતાના માને અને રાગને પોતાના ન માને એ બે ભાવ તારામાં છે. કર્તાપણે માને રાગને તો એ પણ તારો ભાવ છે મિથ્યાત્વનો અને રાગથી ભિન્ન પડીને હું તો જ્ઞાન છું એ સમ્યગ્દર્શન એ તારો ભાવ છે. આહા..હા..! આવું સમજવામાં માથું ફરી જાય કહે. એય..! પંડિતજી!

આ દુકાન બરાબર ચાલે અને થડે આમ બેઠા હોય અને પાંચ-પાંચ હજારની પેદાશું દિવસની હોય. પડાઈ હાથમાં રાખીને. હાથમાં પડાઈ ઉડાડેને? હાથમાં રાખે કે નહિ? એમ દુકાને બેઠા-બેઠા ધ્યાન રાખે છોકરા અને બધાયનું. ...ભાઈ! આહા..હા..! બાપુ! તને ખબર નથી, ભાઈ! તું તો જગતનો ચક્ષુ છે. એ ચક્ષુને રાગનું કાર્ય ન અપાય. સમજાણું કાંઈ? એ આંખ વડે રેતી ન નીકળે ઢગલો ખાડો પાડવાનો. ખાડો પાડવો હોય તો આંખ વડે આમ રેતી નીકળતી હશે? સમજાણું કાંઈ? બોટાદ કરતા હતા ૭૬માં. પોપટભાઈ હતાને પોપટભાઈ. ..ભાઈ નહિ? કેવા? સુખલાલ? ભગત. એ ૭૬માં વઢવાણમાં. ઓલી .. છેને પાતળી? કેળ કીધી હતી કેળ. ૭૬ની સાલની વાત છે. કેટલા વર્ષ થયા? ૨૪ ને ૨૮-૨૯. ૫૩ વર્ષ. પાણી ડોલ ઉપાડીને.. કીધું આ શું કરો છો? કેળ વાવીએ છીએ અને પછી કેળા અહીં ખાવા ગામમાં જાવું મટે. ૭૬માં આવ્યા હતાને જ્યારે પહેલાવહેલા? આહા..હા..! એ ૭૬માં આવ્યા હતાને ત્યાં? ... ૭૬માં. ત્રણે અપસરાનું જમણ આપ્યું હતું મોરબીવાળાએ. .. માટે. મોરબીવાળા. વનમાળી ડોસાભાઈ એ આવ્યા હતા. ત્યાં એના જમાઈના ભાઈ હતા કેવા? દિવાન કારકુન.

અનુપચંદભાઈ હતા. એ ત્યાં ઉતર્યા હતા. ત્રણે અપસરાનું જમણ આપ્યું હતું. મહારાજ માટે.. પછી. ૭૬ની વાત છે આ તો. ત્યારે ઓલા દિશાએ જઈએને તો પોપટભાઈને કીધું આ શું કરો છો? કેળ ઉગશે અને પછી ખાશું અહીં ને અહીં. ગામમાં જાવું નહિ. આવા ને આવા. અરે..! ભગવાન! ખાવાની ક્રિયા તો ક્યાંય તારી નહિ, પણ અહીં તો રાગનો વિકલ્પ તારો નહિ, ક્યાં તારે જાવું છે હવે? શું તારે કરવું છે?

કહે છે અજ્ઞાની રાગ અને દ્વેષને પોતાનો માની મલિનને નિર્મળાનંદમાં ભેળવી. સમજાણું કાંઈ? આહા..હા..! તેથી રાગને કરે છે. '**આ પ્રમાણે અજ્ઞાનમય ભાવથી કર્મબંધ થાય છે.**' '**જ્ઞાનીને...**' ધર્મી જીવની દૃષ્ટિમાં '**ભેદજ્ઞાન હોવાથી...**' રાગથી ભિન્ન આત્માનું ભાન હોવાથી. '**તે એમ જાણે છે કે ''જ્ઞાનમાત્ર શુદ્ધ ઉપયોગ છે તે જ મારું સ્વરૂપ છે...**' ઓલું મલિન કીધું હતુંને સામે ઓલામાં? શુદ્ધ. તો હવે અહીં શુદ્ધ ઉપયોગ કહે છે ચોથે ન થાય. અરે..! મારા ગજબ કરે છેને. અહીં તો જ્ઞાનમાત્ર શુદ્ધ ધ્રુવ એ જ હું છું. પછી ઉપયોગપણે પરિણમન હોય કે ભલે શુભભાવમાં હોય, પણ એ શુદ્ધ ઉપયોગ તે હું છું. સમજાણું કાંઈ?

રાગનો ભાવ શુભ અને અશુભ. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ શુભ છે પુણ્ય. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એ પાપ છે. બેય અશુદ્ધ ઉપયોગ છે. મલિન છે. એને ધર્મી જુદા જાણીને શુદ્ધ ઉપયોગ મારો છે એમ માને છે. આહા..હા..! સમજાણું કાંઈ? '''**જ્ઞાનમાત્ર શુદ્ધ ઉપયોગ છે તે જ મારું સ્વરૂપ છે-તે જ હું છું;...**' એ શુદ્ધ ઉપયોગની વીતરાગી પર્યાય તે હું છું. લ્યો ભાઈ આમ આવ્યું. ઓલામાં એમ કહ્યું પર્યાય (એમ જાણે) કે હું દ્રવ્ય છું ત્રિકાળી. પર્યાય એમ જાણે. આત્મા દ્રવ્યનું સ્વરૂપ એની હયાતીનો લાભ એ પર્યાય એમ જાણે કે આ (હું) દ્રવ્ય છે. આ હું છું. એ દ્રવ્યની ઉપર દૃષ્ટિ પડતાં આ હું છું. એ વખતે જે જ્ઞાનની પરિણતિ થઈ, તે મારા છે અને મારી છે અને એમાં હું છું. પણ છતાં પરિણતિનો આશ્રય તો દ્રવ્ય છે. સમજાણું કાંઈ? પરિણતિ અશુદ્ધ ઉપયોગ હું છું, છે પર્યાય. પણ એ શુદ્ધ ઉપયોગ કોને આશ્રયે થાય છે? સમજાણું કાંઈ? આમાં પર્યાય કોને આશ્રયે થાય? અને શુદ્ધ ઉપયોગ શું માંડી છે કહે. આહા..હા..! બાપુ! તારા ઘરની વાત છે હોં. પણ તને તારી દૃષ્ટિની ખબર નથી એટલે તને આ લાગે કે આ તે કોની વાત કરે છે?

કહે છે કે હું તો શુદ્ધ ઉપયોગ તે જ હું છું. લ્યો ત્યાં એમ કીધું. એય..! ત્યાં એમ કીધું પર્યાયે કે દ્રવ્ય સ્વભાવ તે હું છું. અપેક્ષાના કથન જાણવા જોઈએને. પર્યાયને રાગ-દ્વેષથી ભિન્ન પડવું છેને? ભિન્ન પડેલું છે એની અહીં વાત કરવી છે. દ્રવ્ય તો. પર્યાય એમ માને છે કે આ હું છું. આ પર્યાય થઈ છે એ પણ થાય છે તો દ્રવ્યને આશ્રયે. સમજાય

છે કાંઈ? પણ એ દ્રવ્યને આશ્રયે થયેલી પર્યાય જ્ઞાની માને કે આ હું છું. ઓલો રાગ હું નથી એટલું કહીને આ હું છું એમ. સમજાણું કાંઈ? વીતરાગનો અનેકાંત માર્ગ જગતને સાંભળવા મળ્યો નથી. અમૃત માર્ગ છે. પ્રભુનો અમૃત માર્ગ છે. આહા..હા..! અમૃતમાં મૃત્યુ ટળે અને અમૃત સાગર ઉછળે એવો માર્ગ છે ભગવાનનો. સમજાણું કાંઈ? કોઈ સાધારણ માણસ દયા પાળો, આ કરો. એ તો કુંભાર પણ એમ કહે છે. વીતરાગ પણ એમ કહે? આ તો અનાદિનો સાધારણ કુંભાર પણ એમ કહે. એય..! આહા..હા..!

'**રાગદ્વેષ છે તે કર્મનો રસ છે...**' આહા..હા..! એ શુભ અને અશુભરાગ એ કર્મનો રસ છે. આત્માનો પાક નહિ. આહા..હા..! એ અફીણ છે એ. ખસમાંથી અફીણ પાકેને શું કહેવાય એને? ખસખસ. એના ડોડા હોય ખસખસના. ડુંડામાં અફીણ પાકે. એમ આ કર્મનો રસ રાગ-દ્વેષ એના ડોડા છે કર્મના. આહા..હા..! ધર્મી એમ જાણે છે જેને રાગ અને દ્વેષથી ભિન્નતાના ભાન થયા છે. તેથી તે રાગ-દ્વેષ તે કર્મનો રસ છે, '**મારું સ્વરૂપ નથી.**' ગજબ વાત છે. વ્યવહારરત્નત્રયનો રાગ એ કર્મનો રસ છે. આહા..હા..! એ મહાવ્રતના પરિણામ એ કર્મનો રસ છે. કર્મના અભાવનો પરિણામ એ નહિ. ત્યારે ઓલા કહે ત્રણ કષાયનો નાશ થાય તો મહાવ્રત થાય લ્યો! અરે..! ગજબ કરે છેને. .. એની એને ખબર પડતી નથી. આહા..હા..! બાપુ! તું ભૂલેલો. વળી ભૂલમાં પાછું પડવું છે તારે?

મુમુક્ષુ :- એ પાછા શાસ્ત્રને માને

ઉત્તર :- એ કહે કહે છે કે આ શાસ્ત્રને બહાને ઉંધું કરે છે આ સોનગઢીયા. એમ લખ્યું છે. આમાં લખ્યું છે ભાઈ આમાં. આહા..હા..! ... એમાં લખ્યું છે એમાં ક્યાંક... બરાબર છે. સ્પષ્ટ કરવું છે. ખુશી થઈ ગયા. ભાગચંદજીને કે દિ' ભાન હતા? એ તો આવે છે કારણે એના. ભાવને ખાતર. ..ની સાથે. અને આ ભાઈએ લખ્યા બહુ કાગળ બાબુભાઈએ. આવે બધા શેઠિયા ભેગા થાય. અરે..! ભગવાન! માર્ગ બાપા જુદા છે ભાઈ! એને તો આ વર્તમાન ક્રિયાકાંડના ઠેકાણા નથી એને સાધુ મનાવવા છે. રાગના કર્તાપણાના ભાવવાળાને રાગની ક્રિયાવાળા સાધુ છે એમ માને. બાપુ! એમ ન ચાલે. વીતરાગ માર્ગમાં એમ ચાલે નહિ. ભગવાનનો માર્ગ દેખતો છે. એ આંધળો માર્ગ નથી. ...

'**મારું સ્વરૂપ નથી''. આમ રાગદ્વેષમાં અહંબુદ્ધિ નહિ કરતો...**' આહા..હા..! ઓલા કહે કુંદકુંદાચાર્યે પણ પાંચ મહાવ્રત પાળ્યા હતા. અરે..! ભાઈ! સાંભળ. એ તો વ્યવહારનયના કથન છે. એમ નથી. પણ એ વખતે રાગ હતો એનું જ્ઞાન કરાવ્યું છે. આહા..હા..! ભારે આ. '**અહંબુદ્ધિ નહિ કરતો જ્ઞાની પોતાને રાગીદ્વેષી કરતો નથી,...**' આહા..હા..! અહીં તો હજી મોટા સંઘ ને સંપ્રદાય ને શિષ્યો અને પૈસા અને મકાન બધા મારા. મોટો. જતિ થાય તો ... કોણ બાપા? તારા ક્યાં હતા ઈ? આહા..હા..! પોતાને રાગીદ્વેષી ધર્મી

કરતો નથી. રાગવાળો માનતો નથી. હું તો આનંદ અને જ્ઞાનવાળો છું એમ જાણે છે. આહા..હા..! શાંતિભાઈ! 'કેવળ જ્ઞાતા જ રહે છે;...' જાણનાર-દેખનારની દશાવાળો રહે છે. રાગવાળો થઈને રહે છે એમ નહિ. રાગનું અને પોતાનું જ્ઞાન થઈને રહે છે. આ .. છે. ભારે આકરું. સમજાણું કાંઈ? **'તેથી તે કર્મોને કરતો નથી. આ પ્રમાણે જ્ઞાનમય ભાવથી કર્મબંધ થતો નથી.'**

## શ્લોક-૬૬

(आर्या)

ज्ञानमय एव भावः कुतो भवेत् ज्ञानिनो न पुनरन्यः।
अज्ञानमयः सर्वः कुतोऽयमज्ञानिनो नान्यः।।६६।।

હવે આગળની ગાથાના અર્થની સૂચનારૂપ કાવ્ય કહે છેઃ-

શ્લોકાર્થ :- [ज्ञानिः कुतः ज्ञानमयः एव भावः भवेत्] અહીં પ્રશ્ન છે કે જ્ઞાનીને કેમ જ્ઞાનમય જ ભાવ હોય [पुनः] અને [अन्यः न] અન્ય (અર્થાત્ અજ્ઞાનમય) ન હોય? [अज्ञानिनः कुतः सर्वः अयम् अज्ञानमयः] વળી અજ્ઞાનીને કેમ સર્વ ભાવ અજ્ઞાનમય જ હોય અને [अन्यः न] અન્ય ન હોય? ૬૬.

---

## કળશ-૬૬ ઉપર પ્રવચન

કળશ-૬૬. કળશ છેને માથે?

(आर्या)

ज्ञानमय एव भावः कुतो भवेत् ज्ञानिनो न पुनरन्यः।
अज्ञानमयः सर्वः कुतोऽयमज्ञानिनो नान्यः।।६६।।

'હવે આગળની ગાથાના અર્થની સૂચનારૂપ કાવ્ય કહે છે :—'

**'ज्ञानिः कुतः ज्ञानमयः एव भावः भवेत्'** પ્રશ્ન છે શિષ્યનો. મહારાજ! એ તમે કહ્યું એમાં પ્રશ્ન છે અમારો. **'જ્ઞાનીને કેમ જ્ઞાનમય જ ભાવ હોય...'** ભાષા જુઓ, 'કરે કર્મ સોહી કરતારા જો જાને સો જાનનહારા. જાને સો કર્તા નહિ હોઈ, કર્તા સો જાણે નહિ

કોઈ.' **'અહીં પ્રશ્ન છે કે જ્ઞાનીને કેમ જ્ઞાનમય જ ભાવ હોય...'** છે. કઈ રીતે તમે કહેવા માગો છો? એમ શિષ્યનો પ્રશ્ન છે. બસ ધર્મી જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાનની જ પર્યાયમય છે?

મુમુક્ષુ :- રાગમય હોય?

ઉત્તર :- રાગમય નહિ. બાયડી, છોકરામય તો? (છે જ ક્યાં?) અરેરે..! છતાં ચક્રવર્તીને છન્નું હજાર સ્ત્રી હોય, છતાં સમકિતી ક્ષાયિક હોય. શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ, તીર્થંકરદેવ ચક્રવર્તી હતા ત્રણેય અને કામદેવ હતા. કામદેવ એટલે? રૂપાળા એટલા, નમણા એટલા કે એના સિવાય બીજો કોઈ પુરુષ ન મળે. શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ ત્રણ. તીર્થંકર, ચક્રવર્તી અને કામદેવ ત્રણ પદવી હતી એને. તો કહે છે કે એ ચક્રવર્તીપણું હું નહિ એમ કહે છે. હું ચક્રવર્તી નહિ. ... નથી આવતું? નમોત્થુણંમાં નથી આવતું? ... ધર્મથી પ્રધાન જીવ ચાર ગતિના અંતનો કરનારો એનો અંત કરી દીધો. નમોત્થુણંમાં આવે છે કે નહિ? કર્યું છે કે નહિ? ભાઈએ તો નહિ કર્યું હોય. નમોત્થુણં કર્યું નહિ હોય. હજી નવા થયા છેને. કહો, સમજાણું કાંઈ? આ તો પહેલા તો હતાને.

કહે છે કે એ જ્ઞાનીને, ધર્મીને આત્મમય જ એમ જ્ઞાન એટલે. જ્ઞાનમય એટલે આત્મમય. રાગમય નહિ. જેને રાગથી ભિન્ન ભગવાનને ભાળ્યો એના જ્ઞાન આત્મમય જ ભાવ હોય છે એમ કહે છે. ભલે લડાઈમાં ઉભો હોય, અરે..! વિષયની વાસનાની લાગણીમાં જાણે દેખાય, પણ એ ત્યાં નથી. એ તો જ્ઞાનમય ભાવમાં જ છે. એટલે આત્મમય ભાવમાં છે એમ. આત્મમય એટલે બધા ધર્મની પર્યાય. **'અને અન્ય (અર્થાત્ અજ્ઞાનમય) ન હોય?'** એને અજ્ઞાન હોતા નથી. **'વળી અજ્ઞાનીને કેમ સર્વ ભાવ અજ્ઞાનમય જ હોય...'** અજ્ઞાનીના બધા વ્રત અને તપ આદિ પરિણામ પણ બધા અજ્ઞાનમય છે કહે છે. **'અને અન્ય ન હોય?'** એનું શું કારણ? એમ પ્રશ્ન છે. એનો ઉત્તર છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૧૨૮-૧૨૯

णाणमया भावाओ णाणमओ चेव जायदे भावो।
जम्हा तम्हा णाणिस्स सव्वे भावा हु णाणमया।।१२८।।
अण्णाणमया भावा अण्णाणो चेव जायदे भावो।
जम्हा तम्हा भावा अण्णाणमया अणाणिस्स।।१२९।।
ज्ञानमयाद्भावात् ज्ञानमयश्चैव जायते भावः।
यस्मात्तस्माज्ज्ञानिनः सर्वे भावाः खलु ज्ञानमयाः।।१२८।।
अज्ञानमयाद्भावादज्ञानश्चैव जायते भावः।
यस्मात्तसामाद्भावा अज्ञानमया अज्ञानिनः।।१२९।।

यतो ह्यज्ञानमयाद्भावाद्यः कश्चनापि भावो भवति स सर्वोऽप्यज्ञानमयत्वमनतिवर्तमानोऽज्ञानमय एव स्यात्, ततः सर्वे एवाज्ञानमया अज्ञानिनो भावाः। यतश्च ज्ञानमयाद्भावाद्यः कश्चनापि भावो भवति स सर्वोऽपि ज्ञानमयत्वमनतिवर्तमानो ज्ञानमय एव स्यात्, ततः सर्वे एव ज्ञानमया ज्ञानिनो भावाः।

આજ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથા કહે છે :-

વળી જ્ઞાનમય કો ભાવમાંથી જ્ઞાનભાવ જ ઊપજે,
તે કારણે જ્ઞાની તણા સૌ ભાવ જ્ઞાનમયી ખરે; ૧૨૮.
અજ્ઞાનમય કો ભાવથી અજ્ઞાનભાવ ઊપજે,
તે કારણે અજ્ઞાનીના અજ્ઞાનમય ભાવો બને, ૧૨૯.

ગાથાર્થ :- [यसमात्] કારણ કે [ज्ञानमयात् भावात् च] જ્ઞાનમય ભાવમાંથી [ज्ञानमयः एव] જ્ઞાનમય જ [भाव:] ભાવ [जायते] ઉત્પન્ન થાય છે [तस्मात्] તેથી [ज्ञानिन:] જ્ઞાનીના [सर्वे भावा:] સર્વ ભાવો [खलु] ખરેખર [ज्ञानमया:] જ્ઞાનમય જ હોય છે. [च] અને, [यसमात्] કારણ કે [अज्ञानमयात् भावात्] અજ્ઞાનમય ભાવમાંથી [अज्ञान: एव] અજ્ઞાનમય જ [भाव:] ભાવ [जायते] ઉત્પન્ન થાય છે [तस्मात्] તેથી [अज्ञानिन:] અજ્ઞાનીના [भावा:] ભાવો [अज्ञानमया:] અજ્ઞાનમય જ હોય છે.

ટીકા :- ખરેખર અજ્ઞાનમય ભાવમાંથી જે કોઈ પણ ભાવ થાય છે તે સઘળોય

અજ્ઞાનમયપણાને નહિ ઉલ્લંઘતો થકો અજ્ઞાનમય જ હોય છે, તેથી અજ્ઞાનીના ભાવો બધાય અજ્ઞાનમય હોય છે. અને જ્ઞાનમય ભાવમાંથી જે કોઈ પણ ભાવ થાય છે તે સઘળોય જ્ઞાનમયપણાને નહિ ઉલ્લંઘતો થકો જ્ઞાનમય જ હોય છે, તેથી જ્ઞાનીના ભાવો બધાય જ્ઞાનમય હોય છે.

ભાવાર્થ :- જ્ઞાનીનું પરિણમન અજ્ઞાનીના પરિણમન કરતાં જુદી જ જાતનું છે. અજ્ઞાનીનું પરિણમન અજ્ઞાનમય છે, જ્ઞાનીનુ જ્ઞાનમય છે; તેથી અજ્ઞાનીના ક્રોધ, માન, વ્રત, તપ ઇત્યાદિ સર્વ ભાવો અજ્ઞાનજાતિને ઉલ્લંઘતા નહિ હોવાથી અજ્ઞાનમય જ છે અને જ્ઞાનીના સર્વ ભાવો જ્ઞાનજાતિને ઉલ્લંઘતા નહિ હોવાથી જ્ઞાનમય જ છે.

---

**માગશર સુદ-૧, બુધવાર, તા. ૦૬-૧૨-૧૯૭૨**
**ગાથા- ૧૨૮ થી ૧૩૧, કળશ-૬૭, પ્રવચન-૨૪૪**

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

કર્તાકર્મ અધિકાર. ૧૨૮ અને ૧૨૯.

णाणमया भावाओ णाणमओ चेव जायदे भावो।
जम्हा तम्हा णाणिस्स सव्वे भावा हु णाणमया।।१२८।।
अण्णाणमया भावा अण्णाणो चेव जायदे भावो।
जम्हा तम्हा भावा अण्णाणमया अणाणिस्स।।१२९।।

હરિગીત.

વળી જ્ઞાનમય કો ભાવમાંથી જ્ઞાનભાવ જ ઊપજે,
તે કારણે જ્ઞાની તણા સૌ ભાવ જ્ઞાનમયી ખરે; ૧૨૮.
અજ્ઞાનમય કો ભાવથી અજ્ઞાનભાવ ઊપજે,
તે કારણે અજ્ઞાનીના અજ્ઞાનમય ભાવો બને, ૧૨૯.

ટીકા. ગાથામાં પહેલા જ્ઞાન લીધું છે. ટીકામાં પહેલા અજ્ઞાન લીધું છે. કેમકે અજ્ઞાની 'ખરેખર અજ્ઞાનમય ભાવમાંથી...' એટલે કે જેની પુણ્ય અને પાપના રાગભાવમાં રુચિ

છે એ અજ્ઞાનભાવ છે. સમજાણું કાંઈ? એને આત્મા જ્ઞાયકસ્વરૂપ, ચિદાનંદ સ્વરૂપ તેની રુચિ નથી. જેની રુચિ... શું કહે છે? કે આ આત્મા છેને આત્મા અંદર વસ્તુ? તો એ આત્મા અનંત જ્ઞાન અને આનંદનો પિંડ પ્રભુ છે. પણ અનાદિથી એના ભાન વિના એણે શુભ અને અશુભ રાગ વિકાર જે થાય છે. એ મેલ અને ઉપાધિ છે. અનાદિથી એની રુચિ રાગ ઉપર છે. શરીર ઉપર છે તો વળી બહુ થોડું બહાર. આ તો માટી છે જડ. એમાં રુચિ છે એ તો મિથ્યાત્વ જ છે. લક્ષ્મીમાં રુચિ છે, પરપદાર્થમાં રુચિ છે એ તો મિથ્યાદષ્ટિ અજ્ઞાની છે. દુઃખને પંથે દોરાયેલ છે. પોપટભાઈ!

મુમુક્ષુ :- અજ્ઞાન એટલે દુઃખ

ઉત્તર :- .. આનંદ સચ્ચિદાનંદ પ્રભુ સત્ નામ શાશ્વત શુદ્ધ અને જ્ઞાન એ પોતાનો સ્વભાવ અવિનાશીની દૃષ્ટિ નથી જેને. એને પુણ્ય અને પાપનો વિકલ્પ જે વૃત્તિઓ ઉઠે છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, ખાવું-પીવું, આ વ્યવસ્થા એય..! તમારી લાદીની વ્યવસ્થા કરનાર એ ભાવ છેને બધા ભાવ? એ પાપ છે. આહા..હા..! કારખાનાની વ્યવસ્થામાં ધ્યાન રાખવું.

મુમુક્ષુ :- ન ધ્યાન રાખે તો બીજો...

ઉત્તર :- ધ્યાન કોણ રાખે ધૂળ? એ તો એને કારણે થાય છે. અરે..! ભારે ઝીણી વાત છે ભાઈ!

મુમુક્ષુ :- ધ્યાન ન રાખે એ...

ઉત્તર :- ધ્યાન રાખવું એટલે ત્યાં લક્ષ કરવું કે આ વસ્તુ કેમ બને? રાગ કરે. એ રાગ કરવાથી વ્યવસ્થા થાય એમ છે નહિ. પણ એ રાગ છે એની રુચિ જેને છે. એને ભગવાન આનંદકંદ પ્રભુ ચૈતન્યની રુચિનો અભાવ છે. ઝીણી વાત છે, ભાઈ! ચોર્યાસીના અવતારમાં અનંતકાળથી રખડે છે. દુઃખી છે એને ખબર નથી. કાંઈક શરીર ઠીક મળે, પૈસા કાંઈક પાંચ-પચાસ લાખ મળી જાય. બહારના કારખાના, બારખાના સરખા ચાલે. અમે સુખી છીએ એમ માને છે મૂઢ જીવ છે. આહા..હા..! એ દુઃખી છે. અહીં તો ત્યાં સુધી કહે છે કે ભગવાન આત્મા પોતાની પર્યાય નામ વર્તમાન દશામાં શુભ અને અશુભ રાગ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ રાગ શુભરાગ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય વાસના, કમાવાનો ભાવ એ બધા વ્યાજ ઉપજાવવા એ બધા પાપ છે. એ પુણ્ય અને પાપના ભાવમાં જેને રુચિ છે. એ અજ્ઞાની છે. વિકારમાં રુચિ છે અને નિર્વિકારી ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ આત્મા એની રુચિ નથી. તો અજ્ઞાનમય ભાવ એને ત્યારે થાય છે. આહા..હા..!

એ અજ્ઞાની '**ખરેખર અજ્ઞાનમય ભાવમાંથી જે કોઈ પણ ભાવ થાય છે...**' જે કોઈ રાગ અને પુણ્ય-પાપના ભાવમાં રુચિ છે એ કોઈપણ તપ કરો, વ્રત કરો, દાન કરો,

દયા કરો. એ બધા રાગભાવનો પ્રેમ એને છે. બધો અજ્ઞાનભાવ છે. ઝીણી વાત છે, ભાઈ! ચોર્યાસીના અવતાર. ભગવાન અનાદિનો અનાદિ-અનંત તત્ત્વ છે. આહા..હા..! અરે..! એણે વિચાર પણ કોઈ દિ' કર્યો નથી. કે હું ક્યાં છું? કેમ છું? અને કેમ રખડું છું? આહા..હા..! આ જગતની ચીજો. આ જન્મ્યો ત્યારે બાળક અને પછી યુવાન અને પછી વૃદ્ધ અને પછી મરણ અને પછી જાય બીજે ભવે. આહા..હા..! એને અવતાર કહેવા? અજ્ઞાનીને જેની પુણ્ય અને પાપમાં પ્રેમ અને રુચિ છે. ... આપણે કાંઈ યાદ રહે છે. ... સંચા મગાવ્યા.. આહા..હા..! ત્યાં સંચા ચારેકોર ચાલે છે. ભગવાન! એ પરની ક્રિયાઓ જડથી થાય છે. એ મારાથી થાય છે એ અજ્ઞાનભાવ છે. એ ઉપરાંત અહીંયાં તો પર્યાયમાં...

મુમુક્ષુ :- એ તો રાગ પોતાની પર્યાયમાં...

ઉત્તર :- રાગ પોતાની પર્યાયમાં, અવસ્થામાં શુભ અને અશુભરાગ થાય છે. એની જેને રુચિ છે એ હું છું. મારામાં સ્થિત થાય છે એને રાગથી ભિન્ન ભગવાન આત્મા એનો અનાદર છે. સમજાણું કાંઈ? તો અજ્ઞાની રાગના પ્રેમવાળો, રાગનો પ્રેમી એ જે કાંઈ બધું કરે છે એમાં અજ્ઞાનમય ભાવ ઉત્પન્ન થાય છે. સુજાનમલજી! આવી વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વિકલ્પ જે ઉઠે, વૃત્તિ ઉઠે છે એ વૃત્તિ છે. એ કાંઈ આત્માનો સ્વભાવ છે? જો આત્માનો સ્વભાવ હોય તો એમાંથી છૂટીને કદી નિર્મળ અને પરમાત્મા થાય જ નહિ. આહા..હા..! પણ એ વિચાર જ કદી કર્યો નથી. આહા..હા..!

અહીં તો એ વાત કરે છે. શ્રીમદ્‌માં તો આવે છેને પહેલા? 'બહુ પુણ્ય કેરા પુંજથી...' 'લક્ષ્મી અને અધિકાર વધતા શું વધ્યું?' તારે લક્ષ્મી અને અધિકાર વધ્યા એમાં વધ્યું શું? કેટલો તું વધ્યો? 'શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નવ ગ્રહો, વધવાપણું સંસારનું નરદેહને હારી જવો.' એવો મનુષ્યદેહ મળ્યો એ હારી જવાનો. 'એનો વિચાર નહિ અહો અહો એક પળ પણ તમને હવો' ૧૬ વર્ષે કહે છે. ૧૬ વર્ષની ઉંમરે. એ તો દેહની ઉંમર છે, ભગવાન! આત્માને ઉંમર છે? આત્મા તો અનાદિ-અનંત છે. અનાદિ અનંતકાળથી છે અને અનંતકાળ રહેશે. તો એનો જેને પ્રેમ નથી. પોતાની ચીજને. અને પોતામાં કાયમ નહિ રહેનારી વિકૃત અવસ્થા, સંયોગી તો કાયમ રહેનારી નથી. એને તો ત્યાં દૂર કાઢી નાખી. આહા..હા..!

'**ખરેખર અજ્ઞાનમય...**' ભાષા શું કરી? અહો..! જેને પુણ્ય અને પાપના ભાવ ઉત્પન્ન થાય છે શુભ-અશુભ. એમાં મારું છે એ અને હું એનો છું, એ મારી ચીજ છે એવો અજ્ઞાનભાવ છે. '**અજ્ઞાનમય ભાવમાંથી જે કોઈ પણ ભાવ...**' એ અજ્ઞાની વ્રત કરે, તપ કરે, દાન કરે, દયા કરે. એ પણ રાગભાવનો અજ્ઞાનમય ભાવ થાય છે એને. એય..! કેમકે એની દૃષ્ટિ ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ શાશ્વત વસ્તુ આનંદકંદ એની દૃષ્ટિ તો છે નહિ. એનો

તો અંદર સ્વીકાર નથી. આ જે ભાવ થયો એનો સ્વીકાર છે. આહા..હા..! **'ખરેખર અજ્ઞાનમય ભાવમાંથી...'** રાગના પ્રેમના ભાવમાંથી **'જે કોઈ પણ ભાવ થાય છે...'** શુભ કે અશુભ. **'તે સઘળોય અજ્ઞાનમયપણાને નહિ ઉલ્લંઘતો થકો...'** એ અજ્ઞાનને ઓળંગતો નથી. અજ્ઞાનમય એ ભાવ રહે છે. કહો, સમજાય છે કાંઈ? સમજાય છે કાંઈ એ ગુજરાતી ભાષા છે. સમજમેં આતા હૈ એ હિન્દી છે તમારી.

**'તે સઘળોય અજ્ઞાનમયપણાને નહિ ઉલ્લંઘતો થકો અજ્ઞાનમય જ હોય છે, તેથી અજ્ઞાનીના ભાવો બધાય અજ્ઞાનમય હોય છે.'** કારણ આપ્યું. જેની દૃષ્ટિ રાગના પ્રેમમાં પડી છે તો બધોય અજ્ઞાનભાવ જ એને ઉત્પન્ન થાય છે. સમ્યક્‌ભાવ, ધર્મભાવ નહિ ઉત્પન્ન થતાં અધર્મભાવ જ ઉત્પન્ન થાય છે એમ કહે છે. કહો, શાંતિભાઈ! આવું છે. ત્યાં તમારા પૈસા મારી નાખે છે હોં. પૈસામાં તો.. એણે લખ્યું છેને એ પંડિતે નહિ? કે ... સાધારણ... કે પરવસ્તુ છે એ જ્ઞેય અને વિષય છે અને વિષય કષાય કરાવે છે. અરે..! ભગવાન! શું તું કહે છો? આહા..હા..! પરવસ્તુ તો જ્ઞેય છે. જ્ઞાનમાં જાણવાલાયક જ્ઞેય છે. આત્મા જ્ઞાન કરનારો જ્ઞાતા છે. આહા..હા..! પંચાસ્તિકાયની ૪૩ ગાથા છેને. કેવળદર્શન. ચક્ષુદર્શન અને અચક્ષુદર્શનની વાત કરી છેને પછી તરત કેવળદર્શન. અનંત અનાદિનિધન એવી ચીજનો વિષય કરનારો કેવળદર્શન છે. વિષય શબ્દ છે હોં. ૪૨માં પાને છે. આહા..! અરે..! ભગવાન! આ ... નિષેધ કરી નાખ્યો. ... આહા..હા..!

ભાઈ! એક આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ છે એ તો. પ્રજ્ઞા, જ્ઞાન અને બ્રહ્મ નામ આનંદ. આહા..હા..! એવી ચીજમાં એ પરનો વિષય કરો, જાણે. જાણે એમાં શું નુકસાન છે? જાણવું તો સ્વભાવ છે. પણ જાણવા ઉપરાંત આ ઠીક છે અને અઠીક છે એવો ભાવ કરે છે. સમજાણું કાંઈ? આત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય ચક્ષુ છે. એ તો જાણે, બધું જાણે. જાણવામાં શું આવ્યું? પણ જાણવા ઉપરાંત આ ઠીક છે એ રાગ કરે છે. આ અઠીક છે દ્વેષ કરે છે. એ દ્વેષ રાગને વિષય નથી કરાવતો. એ તો જ્ઞેય છે. પણ જ્ઞેય જાણવાના કાળે સ્થિતિ-અસ્થિતિ જે ઉઠાવે છે એ વિકાર કરે છે. આહા..હા..! અરે..! સત્ય રુચિ, સત્ય દૃષ્ટિ શું છે એની ખબર નથી. આમ ને આમ જિંદગીયું જાય. આહા..હા..! કાગડા અને કૂતરા અને કૂતરાના બચ્ચા જેમ જીવે અને મરે. એમ આના જીવે અને મરે. વસ્તુની ખબર નથી કે હું શું છું અંદર?

કહે છે **'તેથી અજ્ઞાનીના...'** જેને વિકાર પુણ્ય અને પાપના ભાવમાં પ્રેમ છે એને **'ભાવો બધાય...'** કોઈપણ શુભ-અશુભ, દયા, દાન, જાત્રા આદિનો ભાવ **'બધાય અજ્ઞાનમય હોય છે.'** કેમકે રાગ ઉપર પ્રેમ છે. રાગની રુચિ છે, સ્વભાવની દૃષ્ટિ નથી. સમજાણું કાંઈ? આકરી વાત છે, ભગવાન! આહા..હા..! આચાર્ય કર્તાકર્મ કહે છેને? આનંદસ્વરૂપ ભગવાન

પ્રજ્ઞાબ્રહ્મ. એ તો જ્ઞાનનો પુંજ પ્રભુ આત્મા. આનંદનો કંદ પ્રભુ છે. એની રુચિ, દૃષ્ટિ તો અનાદિથી છે નહિ અને જે જોવામાં આવે શરીર, વાણી, મન પોતાનું અસ્તિત્વ જ્યાં છે ત્યાં તો જોયું નહિ. તો ક્યાંક પોતાનું અસ્તિત્વ માનવું તો પડશેને એણે? સમજાણું કાંઈ? પોતાનું હોવાપણું કેવું છે એની તો ખબર નથી. તો પોતે કાંઈક છે. પરમાં આ હું છું. એમ માન્યા વિના ચાલે નહિ. શરીર મારું, વાણી મારી, સ્ત્રી મારી, કુટુંબ મારું, દેશ મારો. એ તો કુબુદ્ધિ મિથ્યાત્વ છે. પણ અંદરમાં પુણ્ય અને પાપભાવ એ મારો એ મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની છે. પુણ્ય-પાપનું ફળ જે સંયોગ મળે છે ધૂળ. એ મારું એ તો સ્થૂળ મિથ્યાબુદ્ધિવાળો અજ્ઞાની છે. આહા..હા..! આ બધું તમારે લાગુ પડતું હશે કાર્યકર્તાઓને? બધા કાર્યકર્તાઓ હુશિયાર. ગીરધરદાસ વઢવાણમાં મોટા કાર્યકર્તા છે. .. એ હારી ગયા એટલે બેઠા ઠીક કીધું.

મુમુક્ષુ :- .. હારી ગયા પણ જીતી ગયા.

ઉત્તર :- જીતી ગયા એમાં. કેટલા હજાર રૂપિયા નાખ્યા હતા ૪૫ હજાર. મોરારજીભાઈના પક્ષમાં. મોરારજીભાઈ હાર્યા તો આ હાર્યા. અરેરે..! મારી નાખે હજી તો. કોણ સામું હતું એ? બ્રાહ્મણ. એ તો વોરા હતો, પણ એક બ્રાહ્મણ હતોને.. એ તો હાર્યા હતા. એ વ્યાખ્યાનમાં આવ્યા હતા. આહા..! અરે..! દુનિયા શું ક્યાં .. હતી મારી? અહીં બહારથી જીત્યા. ... આ દહેગામમાં હતાને? ઘનશ્યામભાઈ હતાને? ઘનશ્યામભાઈ મોટો કાર્યકર્તા વઢવાણનો. તે દિ' કાંઈક હતું. ચુનાવ હતો શું હતું? ચુંટણી-ચુંટણી. એનું આવ્યું પરિણામ સારું અને મારા જન્મગામમાં જન્મેલા છે. ઘનશ્યામભાઈ. ઉમરાળા. એ આવ્યા હતા દર્શન કરવા. મહારાજ! હું તમારા ગામમાં જન્મગામ છે. ગામ ક્યાં હતું? આહા..હા..! .. મોટો વરઘોડો કાઢ્યો હતો. તે દિ' એનું પરિણામ આવવાનું હતું સાંજના. પરિણામ આવ્યું અને વરઘોડો મોટો કાઢ્યો. ધૂળમાંય મરી ગયા એમ ને એમ. વરટોળા છે. વરઘોડા નહિ. આહા..હા..! અરે..! પ્રભુ! તું કોણ છો? તારામાં આનંદ પડ્યો છે. અતીન્દ્રિય આનંદનો નાથ તું છો એની તો તને ખબર નથી અને પુણ્ય અને પાપનો વિકાર અને એના ફળમાં તને પ્રેમ, વ્યભિચાર છે. આહા..હા..! આકરું. ... કહેવાયને. એનો દીકરો કાંઈક ... તો એનો બાપ કહે હોં એય..! ભાઈ! ઘરે ભર્યું ભાણું ઘણું બધું છે. બાઈ ઉંચી નજર પણ ન કરે. ખાનદાનની દીકરી છે. એને મૂકીને આ એંઠા ચાટવા જા. ભાઈ! આ આપણને ન શોભે હોં! એનો બાપ કહે દીકરાને. આપણને ન શોભે, પ્રભુ! આપણે સજ્જન માણસ છીએ. ઘરે દીકરી વહુ ખાનદાનની દીકરી છે. ... ભર્યે ભાણે લાડવા મૂકીને આ એંઠા ચાટવા જા ભાઈ ગજબ છેને? તને શોભે છે આ? એમ ભગવાન કહે છે. અરે..! આનંદનો નાથ તું એને મૂકીને આ રાગના ચુંથણા કરવા ગયો. વ્યભિચાર કરવા ગયો તને શોભે છે આ? કાંતિભાઈ! અહીં તો આ વાત છે. આહા..હા..! ભર્યું ભાણું અંદર આનંદકંદ પ્રભુ. વસ્તુ છેને પ્રભુ આત્મા? અનાદિ-

અનંત છેને? આદિ છે એની? છે... છે... છે... ભવિષ્યમાં પણ એમ ને એમ રહેશે. જ્યાં દૃષ્ટિ છે ત્યાં રહેશે. દૃષ્ટિ તો અનાદિથી પોતાના સ્વભાવ તરફ તો છે નહિ. ખબર નથી. એ વાત સાંભળી જ નથી. પુણ્ય અને પાપ કરે અને અમે એવા થયા, એવા થયા, જગતમાં જાહેર થઈ ગયા. જગતમાં જાહેર, સંસારમાં રખડવામાં જાહેર થયો. એય..! આહા..હા..! અજ્ઞાની જેને ભગવાન આત્મા પૂર્ણાનંદના નાથનું સ્થાન છોડીને વ્યભિચાર. પુણ્ય અને પાપના ભાવ તો વ્યભિચાર છે. આહા..! એના પ્રેમમાં ફસાય એ અજ્ઞાનીઓ કોઈપણ ક્રિયાકાંડ કરે, બધું અજ્ઞાનમય છે. સમજાય છે કાંઈ? અને પાઠમાં તો જ્ઞાનમય છે. ટીકામાં...

'**અને જ્ઞાનમય ભાવમાંથી...**' હવે સુલટું કરે છે. આત્મા તો પ્રજ્ઞાબ્રહ્મ, ચૈતન્યબ્રહ્મ અને આનંદ છું. એવી જેને પોતાના સ્વભાવની દૃષ્ટિ થઈ. અને પુણ્ય અને પાપ થાય પણ રુચિ ખસી ગઈ. પ્રેમ ખસી ગયો. સમજાણું કાંઈ? જેને રાગનો રસ ગયો અને આતમરામનો રસ જેને થયો એ જ્ઞાની થયો. કહે છે '**અને જ્ઞાનમય ભાવમાંથી...**' અહો..! હું તો જ્ઞાનસ્વરૂપી અનાદિ-અનંત ચૈતન્ય બ્રહ્મ છું. એવી દૃષ્ટિ થઈ તો એ '**જ્ઞાનમય ભાવમાંથી જે કોઈ પણ ભાવ થાય છે...**' એ જ્ઞાનીને કદાચિત્ કોઈ ક્રોધ, માન, માયા, રાગાદિ ભાવ થયો પર્યાયમાં. એનું પણ એ જ્ઞાન કરે છે. એનો તો જ્ઞાનમય જ ભાવ છે. ક્રોધ, માન, માયા, લોભ ભાવ એનો નથી. બીજી રીતે કહીએ તો વ્યવહારરત્નત્રયનો રાગ જ્ઞાનીનો નથી. આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ, વ્રતનો ભાવ અને શાસ્ત્ર ભણવાનો રાગ એ બધો રાગ છે. એ રાગભાવ જ્ઞાનીનો નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? ધર્મદૃષ્ટિ એ તો અલૌકિક વાત છે. વસ્તુ ભગવાન આત્મા શુદ્ધ આનંદકંદ જ્ઞાનની મૂર્તિ. એની જેને રુચિ, દૃષ્ટિ, પરિણમન થયું એની બધી પર્યાય જ્ઞાનમય, આનંદમય જ થાય છે. આહા..હા..! પંડિતજી!

અજ્ઞાનીના વ્રત, નિયમ, તપનો ભાવ પણ અજ્ઞાનમય અને જ્ઞાનીના ક્રોધ, માન, માયા, લોભ પણ જ્ઞાનમય. જ્ઞાનમય નામ એ તો છે તે છે. અહીં જ્ઞાનરૂપ થયું છે. પોતાનું પણ જ્ઞાન કરે છે અને ક્રોધ છે ભિન્ન એનું પણ જ્ઞાન કરે છે. પોતામાં રહીને જ્ઞાન કરે છે. એ જ્ઞાનમયભાવ જ્ઞાનીનો છે. સ્વામીપણું ઉડી ગયુંને? આહા..હા..! ભારે વાત ભાઈ! આવો ધર્મ હશે? ઓલો તો ભાઈ પાંચ-પચાસ લાખ મળ્યા હોય અને બે લાખ ખર્ચે તો ધર્મ થાય. ધૂળેય ન થાય તારા પચાસ લાખ કે દિ' તારા હતા? એ તો જડ છે. સાંભળને. સમજાણું કાંઈ? એય..! પોપટભાઈ! કેમ તમારા બાપ પાસે હતા આટલા? કે અહીં પચાસ લાખ.. ભાઈ પાંચ લાખ આપો. પણ પાંચ લાખ આપે તો શેના. પણ એનો પ્રેમ છે એ ઘટાડી શકે છે કે નહિ? અને જેને આત્મદૃષ્ટિ થાય એને તો રાગ મારું નથી એને તો રાગ ગૌણ કરી જાય છે. આહા..હા..! બાયડી મારી. સીતાજીને .. સીતાજી જ્ઞાની ધર્માત્મા હતા. આત્માનું ભાન, આનંદના જાણનાર હતા. છતાં પેટમાં તો બે પુત્ર હતા લવ અને કુશ. રામચંદ્રજી

પણ ધર્માત્મા જ્ઞાની હતા. આનંદકંદ સ્વરૂપ જાણનારા હતા. સમજાય છે કાંઈ? આવી વાતું બાપુ ઝીણી બહુ પણ. એને અંદર વિષયની વાસનાની વૃત્તિ આવી હતી એમાં એ તો જાણનારા રહેતા હતા. એકમેક નહોતા થતા. આકરી વાતું છે બાપા! સમજાણું કાંઈ? ઓહો..હો..! પ્રભુ! જ્ઞાનમયભાવ. જેને આત્મા રાગ અને પુણ્યથી ભિન્ન અને શરીરાદિથી ભિન્ન. એવું પોતાનું જ્ઞાનમયભાવનું જ્ઞાન થયું. એમાંથી તો કોઈપણ ક્ષણ-પળમાં વિકારી વાસના હોય કે ક્રોધ હોય એનું પોતામાં રહીને જ્ઞાન કરે છે. ધર્મીને તો જ્ઞાનમય ભાવ હોય છે. ભારે પણ ભાઈ! સમજાણું કાંઈ?

'**જ્ઞાનમય ભાવમાંથી જે કોઈ પણ ભાવ...**' એમ કહ્યુંને? કોઈપણ ભાવ એટલે .. થઈ ગયોને? બધો ભાવ અજ્ઞાનીને તો અજ્ઞાનમય થાય છે. આહા..હા..! .. બહુ અપૂર્વ વાત છે, ભગવાન! આહા..હા..! આખો પ્રભુ બિરાજે છે ચૈતન્ય હું. હું ક્યાં છું? મારી ચીજ શું છે એની ખબર નથી. એ રાગની ખબરમાં, રાગના પ્રેમમાં પડ્યો તો બધો અજ્ઞાનમય ભાવ રાગનો ઉત્પન્ન થાય છે. આહા..હા..! વ્રત કરે, તપ કરે, પૂજા કરે, દાન કરે, ભક્તિ કરે, બધો અજ્ઞાનમય ભાવ છે. અને જ્ઞાની પોતાના સ્વભાવમાં હું તો ચૈતન્ય સ્વરૂપ આત્મા છું. મારી ચીજ તો રાગ સાથે એકત્વ થતી નથી. પુણ્ય અને પાપના ભાવથી પણ હું ખસી ગયો છે. અને મારી ચીજમાં મારી દૃષ્ટિ થઈ ગઈ છે. એવું ધર્મી જીવને કોઈપણ ભાવ જ્ઞાની એનું જ્ઞાન જ કરે છે. અને પોતામાં જ્ઞાનમય કહ્યુંને? જાણનાર-દેખનાર પોતાના સ્વભાવમાં લીન છે. .. લડાઈમાં હોય તો પણ એ તો પોતાના જ્ઞાનમય ભાવમાં જ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

સ્ત્રીનો આત્મા અને પુરુષનો આત્મા કાંઈ આત્મામાં ફેર છે? એ તો ઉપર હાડકામાં ફેર છે આ દેહમાં. પણ જ્યાં ભાન થયું અંતરમાં. સીતાજી હોય. અરે..! શાસ્ત્ર તો એમ કહે કે નપુંસક આદિ હોય. નારકી છેને નરક? માંસ ખાય, દારૂ પીવે, અધર્મ કરે છે એ મરીને નરકમાં જાય છે. નીચે પાર્લામેન્ટ છે નરકમાં. બધા ભેગા એકઠા થાય છે ત્યાં. નપુંસક છે નપુંસક. છતાં ત્યાં સમ્યગ્દર્શન પામે છે. આહા..! આ .. વેદનાનો વિચાર કરે. .. નથી. તો આ વેદના... ઓહો..! મારા અજ્ઞાનભાવથી વિકાર મેં કર્યો હતો એનું ફળ છે. મારી ચીજ એનાથી ભિન્ન છે. એમ વેદનામાં પણ પોતાની ચીજને ભિન્ન જાણે છે તો ત્યાં ધર્મીને ધર્મ થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને દેરાસરમાં અને સમવસરણમાં બેઠો પણ જેને રાગનો પ્રેમ એ બધો અજ્ઞાનમયભાવ ત્યાં ઉત્પન્ન થાય છે. આહા..હા..! આકરી પણ વાત.

'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ' અજ્ઞાનીની દૃષ્ટિ પુણ્ય અને પાપ ઉપર હોવાથી દૃષ્ટિ નામ અજ્ઞાનભાવની ઉત્પત્તિ થાય છે. જ્ઞાનીની દૃષ્ટિ ધર્મીની પોતાના આત્મા પ્રત્યે છે તો ત્યાં

દૃષ્ટિ એવી સૃષ્ટિ. તો ત્યાં જ્ઞાન અને આનંદમય પર્યાયનો ભાવ પર્યાય ઉત્પન્ન થાય છે. આહા..હા..! અરેરે..! લૂંટાઈ ગયો અનાદિથી હોં. પણ છતાં હરખ માને. આહા..હા..! સનેપાત. સનેપાતીયો હોયને સનેપાત? ... એ હસે છે એ સુખી છે? સુખી છે? સનેપાત સમજો છો? સનેપાત થાય છેને? રોગ-રોગ. વાત, પીત્ત અને કફ વકરે એને સનેપાત કહે છે. એમ મિથ્યા શ્રદ્ધા, મિથ્યા જ્ઞાન અને મિથ્યા આચરણમાં વકરી જાય એને સનેપાત અજ્ઞાનીને છે. આહા..હા..! સનેપાત નથી કહેતા? પંડિતજી! શું કહે છે? સનેપાત. પોતાની ચીજની શ્રદ્ધાનું ભાન નથી, પોતાના સ્વરૂપનું જ્ઞાન નથી. અને સ્વરૂપમાં આચરણ નથી. અજ્ઞાની રાગમાં રુચિ કરીને રાગની શ્રદ્ધા, રાગનું જ્ઞાન અને રાગમાં રહેવું. એકલું અજ્ઞાનમયભાવમાં સનેપાતીયો ખુશી માને છે. સમજાણું કાંઈ? ધર્મીને એ ભોગની વૃત્તિ ઉઠે છે તો કાળા નાગ જેવી લાગે. કેમકે પોતાનો સ્વભાવ રાગથી ભિન્ન જાણ્યો છે. એ રાગ કાળો નાગ જેમ આમ દેખાય. દુઃખ લાગે એવો દેખાય. અજ્ઞાનીને એ વાસનામાં મીઠાશ લાગે. આ ફેર એટલો છે. સમજાય છે કાંઈ? આહા..હા..! વાસના તો બેયને થઈ. અજ્ઞાનીને અને જ્ઞાનીને એમ કહેવામાં આવે છેને? એક વાસનાનો સ્વામી થઈને મીઠાશ વેદે છે. એક વાસનાનું સ્વામીપણું છોડીને દુઃખ જાણે છે. આહા..હા..! અરે..! મારી ચીજ આનંદમૂર્તિ પ્રભુ. મેં આ શું કર્યું? આનંદ એમાં જોતા નથી, સુખ એમાં લાગતું નથી, એના પ્રેમમાં પડતા નથી. આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાનમયસ્વરૂપ એવી જ્યાં દૃષ્ટિ ધર્મની અપૂર્વ અનંતકાળે ન થઈ, એવી થઈ તો એને બધી જ્ઞાનમયભાવની ઉત્પત્તિ થાય છે. વિકારની ઉત્પત્તિ એને થાય છે એમ કહેવામાં આવે છે. (પણ વિકારમાં એકત્વ કરતા નથી) આહા..હા..!

'**તે સઘળોય જ્ઞાનમયપણાને નહિ ઉલ્લંઘતો થકો...**' જુઓ, જ્ઞાનમયનું ઉલ્લંઘન ન કરે. એ રાગનું પણ જ્ઞાન થાય છે, ક્રોધ.. પોતાના સ્વરૂપની દૃષ્ટિ થતાં જ્ઞાન થાય છે. તો જ્ઞાનનું ઉલ્લંઘન નથી કરતા. વિકારમાં એકત્વ નથી કરતા એમ કહે છે. .. આહા..હા..! '**જ્ઞાનમય જ હોય છે,...**' જ્ઞાનમય જ હોય છે એમ કહે છે. આહા..હા..! '**તેથી જ્ઞાનીના ભાવો બધાય જ્ઞાનમય હોય છે.**' કારણ આપ્યુંને? પૂછ્યું હતુંને શિષ્યે? અજ્ઞાનીને અજ્ઞાનમય કેમ થાય છે? કે આ કારણે થાય છે. દૃષ્ટિ જેની જ્યાં પડી છે એ પ્રકારના ભાવની ઉત્પત્તિ એને થાય છે. આહા..હા..!

'**ભાવાર્થ :- જ્ઞાનીનું પરિણમન અજ્ઞાનીના પરિણમન કરતાં જુદી જ જાતનું છે.**' ધર્મી જીવ તો સુખના પંથે પડ્યા છે. પોતાની ચીજ જે સચ્ચિદાનંદ પ્રભુ એનો સ્વીકાર થવાથી એ અજ્ઞાનીનું પરિણમન જ્ઞાનીને છે જ નહિ. અજ્ઞાનીની પર્યાયથી જ્ઞાનીની દશા ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનીનું પરિણમન, ધર્મીની અવસ્થા અજ્ઞાનીના પરિણમનથી, અજ્ઞાનીની અવસ્થાથી ભિન્ન પ્રકારનું હોય છે. '**અજ્ઞાનીનું પરિણમન અજ્ઞાનમય છે, જ્ઞાનીનું**

**જ્ઞાનમય છે;...'** લ્યો! અજ્ઞાનીનું પરિણમન... પરિણમવું એટલે હોવું. અવસ્થામાં થવું. વર્તમાનદશામાં થવું અજ્ઞાનીનું અજ્ઞાનમય થવું. જ્ઞાનીનું જ્ઞાનમય થવું. એવી વાતું છે. .. આ તો કર્તાકર્મ છેને? કરવાનું કહે છે જ્ઞાનમય છે એ કર. અજ્ઞાનમય છોડ. આહા..હા..!

**'તેથી અજ્ઞાનીના...'** જે રાગ અને પુણ્યના પ્રેમમાં પડ્યો પ્રાણી અનાદિથી એને તો **'ક્રોધ, માન, વ્રત, તપ ઈત્યાદિ સર્વ ભાવો અજ્ઞાનજાતિને ઉલ્લંઘતા નહિ હોવાથી...'** અજ્ઞાનની જાત નહિ ઓળંગતા **'અજ્ઞાનમય જ છે...'** આ ખબર નહિ અને માણસ બહારથી આ પંચ મહાવ્રત પાળે અને આ પાળે. શું પાળે? એ તો રાગ છે. સમજાણું કાંઈ? રાગમાં ધર્મ! પ્રત્યાખ્યાનવરણી કષાયનો નાશ થાય તો મહાવ્રત થાય. આ તે કાંઈ વાત! .. મોટા પંડિત. આર્ય સમાજની સાથે જોડાણા અને અહીં પાછા આની સામે પડ્યા. માથા ફૂટી જશે સાંભળને હવે. આ તો વધારે ... આહા..! ભાઈ! તને ખબર નથી. તારો ઉદ્ધાર કેમ કરવો તે.. આ જગતને પરિભ્રમણથી કેમ બચવું તારી ખબર નથી પ્રભુ તને. આહા..હા..! એ બચવાની ક્રિયા તો અંદર આનંદમય, જ્ઞાનમય થાય છે. સમજાણું કાંઈ? એ પંચ મહાવ્રતના પરિણામ એ તો આસ્રવ છે. અહિંસા, સત્ય, દત્ય, બ્રહ્મચર્યનો વિકલ્પ આસ્રવ રાગ છે. વૃત્તિનું ઉત્થાન છે. ચૈતન્ય ભગવાન તો જ્ઞાનમૂર્તિ છે આત્મા. આહા..! 'અપને કો આપ ભૂલ કે હેરાન હો ગયા.'

કહે છે અજ્ઞાનીના ક્રોધ, માન, માયા, લોભ હોય કે વ્રત, તપનો શુભભાવ હોય કે સમવસરણમાં બેસીને વાંચન-શ્રવણ કરતો હોય અને વાંચન આપતા હોય, પણ જેને વિકલ્પ અને રાગનો પ્રેમ છે એ બધું અજ્ઞાનભાવમાં ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ?

**'અને જ્ઞાનીના સર્વ ભાવ જ્ઞાનજાતિને ઉલ્લંઘતા નહિ હોવાથી...'** જાણનાર-દેખનાર આનંદમય હું તો છું. મારી ચીજ જ જાણનાર-દેખનાર જ્ઞાતા-દૃષ્ટા છે. જાણનાર અને દેખનાર જ્ઞાતા-દૃષ્ટા જ હું તો આત્મા છું. રાગાદિ નહિ, આ તો શરીર, વાણી, મન, ધૂળ તો ક્યાંય નહિ. આહા..હા..! એક ક્ષણમાં ફૂ થઈને ચાલ્યો જાય અંદરથી. મોટો રાજા હોય તોપણ એને . અને રાંક હોય તો .. બેય દેહ છૂટીને જાવ. ચોર્યાસીના અવતારમાં. માણસ મરીને .. ઢોર હોય. ઢોર હોય. પશુ હોય. અહીં રાજા હોય. ત્યાં મરીને નરકમાં જાય. અહીં મોટો કરોડપતિ હોય અને મરીને ઢેઢગરોળીને કૂખે અવતરે. ઢેઢગરોળી હોં! ઢેઢગરોળીને શું કહે તમારે? છિપકલી. ... આહા..હા..! પડદો પડ્યો આ એટલે બીજે પડદે ચાલ્યો જાય. ભાન નથી હું કોણ છું? ક્યાં છું? કેમ છું? કેમ કરું છું? અને જ્ઞાનીને જ્યાં છે ત્યાં જ્ઞાનમય ભાવ થાય છે. નરકમાં જાવું પડે કદાચિત્ શ્રેણિકરાજા. સમ્યગ્દૃષ્ટિ હતા, ક્ષાયિક સમકિતી હતા. આહા..હા..! પણ નરકનું આયુષ્ય પહેલા બંધાઈ ગયું હતું. નરક નીચે નરક છે. હંબક નથી હોં! સત્ય છે. આહા..હા..! ત્યાં પણ અનંતવાર જન્મ્યો છે. અનાદિકાળ-અનાદિકાળ.

આહા..હા..! ભૂતકાળ જુઓ તો કાંઈ ભવ વિનાનો છે એ? ગયો કાળ જુઓ તો ભવ વિનાનો છે? તો કેવો ભવ કર્યો એણે? નરકના, ઢોરના, મનુષ્યના, દેવના બધા દુઃખના ભવ કર્યા. દૃષ્ટિ પર ઉપરથી ખસેડી નથી. તો પરનો સંયોગ છૂટે નહિ એને. પરથી દૃષ્ટિ ખસેડીને હું તો ચિદાનંદ આત્મા એવી દૃષ્ટિ થઈ તો ભવનો સંયોગ એને થતો જ નથી. સમજાણું કાંઈ? એને ભવ જ હોતો નથી. આહા..હા..!

**'જ્ઞાનીના સર્વ ભાવો જ્ઞાનજાતિને ઉલ્લંઘતા...'** ઝીણી વાતું બહુ કરી. જેટલો વિકલ્પ ઉઠે છેને વૃત્તિઓ એ બધી મારી છે એવી માન્યતા છે તો જ્યાં જાય ત્યાં બધું અજ્ઞાનમય જ ઉત્પન્ન થાય છે અજ્ઞાનીને અને જ્ઞાનીને જ્યાં-જ્યાં. આહા..! એને તો જ્ઞાનમય જ પોતાની જાતમાં. ક્રોધ થાય તો ક્રોધનું જ્ઞાન કરે છે. ક્રોધમાં જતા નથી. આહા..હા..! બહુ ફેર. અજ્ઞાની ઉપરટપકે જોનાર છે, જ્ઞાની અંતરથી જોનાર છે. ધર્મ ચીજ બહુ સૂક્ષ્મ ભાઈ! એક ક્ષણનો ધર્મ. એક ક્ષણનો ધર્મ જન્મ-મરણનો અંત લાવે. એ ધર્મ કેવો? અહીં તો જરી દયા, દાન.. જાવ. પુણ્ય પરવણી, દાન આપો. ચાલીને જાયને. મકરસંક્રાંતિ પુણ્ય પરવણી દાન આપો, કાળુ હાંડલું એવું કાંઈક છે. આપણે તો સાંભળ્યું ન હોય બહુ. શેરડી આપો. શેરડી. શેરડી સમજો છો? ગન્ના. શેરડી હોય છેને. કાળુ .. ધૂળેય નથી સાંભળને મારા. આમાં ધર્મ થશે જાવ. હરિજનને એક બીડી આપો તો કહે બાપા! એય..! બાપુ! એક બીડી આપો ધર્મ થાશે. ભારે ધર્મ ભાઈ! અરે..! બીડીના ખોખા બે-ચાર વીણીને લાવે. કારણ કે ઓલો .. આવ્યો જરી .. તો એ હરિજન ગોતી દે બે-ચાર. એ બાપુ! એક દિવાસળી આપો હોં. ખોખા તો છે. ધર્મ થાશે. ભારે ધર્મ ભાઈ! આહા..હા..! આ કહે પરની દયા પાળો તો ધર્મ થાશે. એ એની જાતના છે. એય..! એક નાતના છે. એને ખબર નથી. તારી દયા પાળ તો ધર્મ થશે. હું આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ એવો જ્યાં દૃષ્ટિમાં સ્વીકાર કર્યો તો પોતાના પૂર્ણ સ્વરૂપનો સ્વીકાર થયો. તો એ જેવો છે એવો સ્વીકાર કર્યો તો જીવનદાન દીધું પોતાને. જેવો છે એવો સ્વીકાર કરવાથી જીવનદાન ન દેતા એણે આત્માનું ખૂન કરી નાખ્યું. હિંસા કરી. આહા..હા..! હું એ નહિ. હું આનંદ નહિ, હું જ્ઞાન નહિ, હું તો રાગ છું. સમજાણું કાંઈ? ઝીણી વાતું ભાઈ! ધર્મ ચીજ તો સૂક્ષ્મ છે. એવો ધર્મ ન હોય તો અનંતકાળમાં કેમ ન થયો? સમજાણું કાંઈ? **'જ્ઞાનીના સર્વ ભાવો જ્ઞાનજાતિને ઉલ્લંઘતા નહિ હોવાથી જ્ઞાનમય જ છે.'**

## શ્લોક-૬૭

(अनुष्टुभ्)

ज्ञानिनो ज्ञाननिर्वृत्ताः सर्वे भावा भवन्ति हि।
सर्वोऽप्यज्ञाननिर्वृत्ता भवन्त्यज्ञानिनस्तु ते।।६७।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

શ્લોકાર્થ :- [ज्ञानिनः] જ્ઞાનીના [सर्वे भावाः] સર્વ ભાવો [ज्ञाननिर्वृताः हि] જ્ઞાનથી નીપજેલા (-રચાયેલા) [भवन्ति] હોય છે [तु] અને [अज्ञानिनः] અજ્ઞાનીના [सर्वे अपि ते] સર્વ ભાવો [अज्ञाननिर्वृताः] અજ્ઞાનથી નીપજેલા (-રચાયેલા) [भवन्ति] હોય છે. ૬૭.

## કળશ-૬૭ ઉપર પ્રવચન

કળશ કહે છે ૬૭.

(अनुष्टुभ्)

ज्ञानिनो ज्ञाननिर्वृत्ताः सर्वे भावा भवन्ति हि।
सर्वोऽप्यज्ञाननिर्वृत्ता भवन्त्यज्ञानिनस्तु ते।।६७।।

કેટલી વાત કરે છે! .. ઘુંટાવ્યું છે.

'શ્લોકાર્થ :- જ્ઞાનીના સર્વ ભાવો...' હું તો પ્રજ્ઞાબ્રહ્મ જ્ઞાતા-દૃષ્ટા હું તો છું. જગતનો ચક્ષુ હું છું. દૃશ્ય, જગત દૃશ્ય, હું દૃષ્ટા. જગત જ્ઞેય, હું જ્ઞાતા. હું તો પરને અને સ્વને જાણનારી ચીજ હું છું. એવા 'જ્ઞાનીના સર્વ ભાવો જ્ઞાનથી નીપજેલા (-રચાલેયા) હોય છે...' જુઓ, પર્યાય. શુદ્ધથી રચાય છે એમ કહે છે. હું આત્મા શુદ્ધ ચૈતન્ય છું. જ્ઞાનમય છું એવી દૃષ્ટિમાં શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, સ્થિરતા એ બધું જ્ઞાનથી રચાયેલું છે. એની સ્વભાવથી ઉત્પત્તિ થાય છે. રાગથી ઉત્પત્તિ એને થતી નથી. આહા..હા..! આવી કથા ... હજી તો કહે આમ કરો. .. શું કહેવાય? વિધવાના આંસુ લુછો, નાગાને કપડા દો, ભૂખ્યાને અનાજ દ્યો, તરસ્યાને પાણી દ્યો, ઓટલો ન હોય એને મકાન દ્યો. જુઓ તમારે ધર્મ થાશે. ધૂળેય નહિ થાય સાંભળને. એ તો રાગની મંદતાના ભાવ હોય તો પુણ્ય બાંધે. સમજાણું

કાંઈ?

અહીંયાં તો ધર્મ એટલે જેને ભવથી ઉદ્ધાર કરે. એનું નામ ધર્મ. ધારયી ઈતિ તે ધર્મ. ... તરફના સ્વરૂપને ધારણ કરે તે ધર્મ છે. .. બાપા એમ નહિ. ... ભક્તિ.. એ આત્માના આનંદસ્વરૂપમાં એકાગ્રતાની ભક્તિ કર, ધારણ કર એમ આવ્યું છે. રાગને ધારણ (કરવું) એ છોડી દે. એવી ચીજ છે એવી દૃષ્ટિ ફેરવ. કહો, પોપટભાઈ! આ પૈસાવાળા પૈસા આપે તો ધર્મ થાય નહિ? અને શરીરનું બળ હોય એ અપવાસ કરે, તો ગરીબને રોવું પડે. પૈસા ગોતવા પડે. પૈસા આવે તો મને ધર્મ થાશે. ધૂળેય નથી. સમજાણું કાંઈ? શરીરના બળવાળા અપવાસ કરે, લક્ષ્મીના બળવાળા લક્ષ્મી આપે, મનના બળવાળા મનથી તર્ક કરે જાણપણાના. બાપુ એમ નથી. .. છે. શરીરના બળવાળા હોયને અપવાસ કરે વ્રત એ તો કરે. એક દિ' ખાવું અને એક દિ' અપવાસ. અને ઉજવણામાં કરે ત્યારે પાંચ-પચાસ હજાર. પૈસાવાળો વધારે ખર્ચે અને નાનો હોય તો બે હજાર ખર્ચે. એ ઉજવણા કર્યા. થઈ ગયા ધર્મ. ધૂળમાંય ધર્મ નથી સાંભળને. એ બધી વર્ષીતપ લાંઘણું હતી તારી. કર્યું હતું કે નહિ? ઘરે કાંઈ નહિ કર્યું હોય. તમે ત્યારે કર્યું હતું તે દિ'? નહિ કર્યું હોય. કહો, સમજાણું આમાં? આહા..હા..!

આ તો આત્મા અંદર શુદ્ધ ચિદાનંદની મૂર્તિ પ્રભુ. એની દૃષ્ટિ થાય અને એને ધારણ કરે એ જ તપ અને એ જ ધર્મ છે. બાકી બધી લાંઘણ છે. હવે એવું નથી કરતા અનંતકાળમાં? આહા..હા..! .. કરી છે બાપા! તે ભાઈ તને ખબર નથી. એ નથી ત્યાં આત્મા... એના સ્વભાવની ચીજ શું છે એની કદી દૃષ્ટિ કરી નથી અને એમાં દૃષ્ટિ કર્યા વિના ધારણ કર્યું નથી. આત્માને ધારણ ન કર્યો, બાકી બધું ધારણ કર્યું. આહા..હા..! **'અજ્ઞાનીના સર્વ ભાવો અજ્ઞાનથી...'** એટલો શબ્દ ફેર છે. .. શબ્દ છેને? રાગના પ્રેમવાળાને બધી રાગની ...દશા ઉત્પન્ન થાય છે અને આત્માના પ્રેમવાળાને બધી આનંદની અને જ્ઞાનની પર્યાયની રચના થાય છે. આહા..હા..! ભારે! હજી તો મગજમાં બેસવું શું કહે છે આ? આહા..હા..!

## ગાથા-130-131

अथैतदेव दृष्टान्तेन समर्थयते —

कणयमया भावादो जायंते कुंडलादओ भावा।
अयमयया भावादो जह जायंते दु कडयादी।।१३०।।

अण्णाणमया भावा अणाणिणो बहुविहा वि जायंते।
णाणिस्स दु णाणमया सव्वे भावा तहा होंति।।१३१।।
कनकमयाद्भावाज्जायन्ते कुण्डलादयो भावाः।
अयोमयकाद्भावाद्यथा जायन्ते तु कटकादयः।।१३०।।
अज्ञानमया भावा अज्ञानिनो बहुविधा अपि जायन्ते।
ज्ञानिनस्तु ज्ञानमयाः सर्वे भावास्तथा भवन्ति।।१३१।।

यथा खलु पुद्गलस्य स्वयं परिणामस्वभावत्वे सत्यपि, कारणानुविधायित्वात् कार्याणां, जाम्बूनदमयाद्भावाज्जाम्बूनदजातिमनतिवर्तमाना जाम्बूनदकुण्डलादय एव भावा भवेयुः, न पुनः कालायसवलयादयः, कालायसमयाद्भावाच्च कालायसजातिमनति-वर्तमानाः कालायसवलयादय एव भवेयुः, न पुनर्जाम्बूनदकुण्डलादयः। तथा जीवस्य स्वयं परिणामस्वभावत्वे सत्यपि, कारणानुविधायित्वादेव कार्याणां, अज्ञानिनः स्वयमज्ञानमयाद्भावादज्ञानजातिमनतिवर्तमाना विविधा अप्यज्ञानमया एव भावा भवेयुः, न पुनर्ज्ञानमयाः, ज्ञानिनश्च स्वयं ज्ञानमयाद्भावाज्ज्ञानजातिमनतिवर्तमानाः सर्वे ज्ञानमया एव भावा भवेयुः, न पुनरज्ञानमयाः।

હવે આ અર્થને દૃષ્ટાંતથી દૃઢ કરે છેઃ-

જ્યમ કનકમય કો ભાવમાંથી કુંડલાદિક ઊપજે,
પણ લોહમય કો ભાવથી કટકાદિ ભાવો નીપજે; ૧૩૦.
ત્યમ ભાવ બહુવિધ ઊપજે અજ્ઞાનમય અજ્ઞાનીને,
પણ જ્ઞાનીને તો સર્વ ભાવો જ્ઞાનમય એમ જ બને. ૧૩૧.

ગાથાર્થ :- [यथा] જેમ [कनकमयात् भावात्] સુવર્ણમય ભાવમાંથી [कुण्डलादयः भावाः] સુવર્ણમય કુંડળ વગેરે ભાવો [जायन्ते] થાય છે [तु] અને [अयोमयकात् भावात्] લોહમય ભાવમાંથી [कटकादयः] લોહમય કડાં વગેરે ભાવો [जायन्ते] થાય છે, [तथा] તેમ [अज्ञानिनः] અજ્ઞાનીને (અજ્ઞાનમય ભાવમાંથી) [बहुविधाः अपि] અનેક પ્રકારના [अज्ञानमयाः भावाः] અજ્ઞાનમય ભાવો [जायन्ते] થાય છે [तु] અને [ज्ञानिनः] જ્ઞાનીને (જ્ઞાનમય ભાવમાંથી) [सर्वे] સર્વ [ज्ञानमयाः भावाः] જ્ઞાનમય ભાવો [भवन्ति] થાય છે.

ટીકાઃ- જેવી રીતે પુદ્ગલ સ્વયં પરિણામસ્વભાવવાળું હોવા છતાં, કારણ જેવાં કાર્યો થતાં હોવાથી, સુવર્ણમય ભાવમાંથી, સુવર્ણજાતિને નહિ ઉલ્લઘંતા એવા સુવર્ણમય કુંડળ આદિ ભાવો જ થાય પરંતુ લોખંડમય કડાં આદિ ભાવો ન થાય, અને લોખંડમય ભાવમાંથી,

લોખંડજાતિને નહિ ઉલ્લંઘતા એવા લોખંડમય કડાં આદિ ભાવો જ થાય પરંતુ સુવર્ણમય કુંડળ આદિ ભાવો ન થાય; તેવી રીતે જીવ સ્વયં પરિણામસ્વભાવવાળો હોવા છતાં, કારણ જેવાં જ કાર્યો થતાં હોવાથી, અજ્ઞાનીને-કે જે પોતે અજ્ઞાનમય ભાવ છે તેને-અજ્ઞાનમય ભાવમાંથી, અજ્ઞાનજાતિને નહિ ઉલ્લંઘતા એવા અનેક પ્રકારના અજ્ઞાનમય ભાવો જ થાય પરંતુ જ્ઞાનમય ભાવો ન થાય, અને જ્ઞાનીને-કે જે પોતે જ્ઞાનમય ભાવ છે તેને-જ્ઞાનમય ભાવમાંથી, જ્ઞાનની જાતિને નહિ ઉલ્લંઘતા એવા સર્વ જ્ઞાનમય ભાવો જ થાય પરંતુ અજ્ઞાનમય ભાવો ન થાય.

ભાવાર્થ :- 'જેવું કારણ હોય તેવુ જ કાર્ય થાય છે' એ ન્યાયે જેમ લોખંડમાંથી લોખંડમય કડાં વગેરે વસ્તુઓ થાય છે અને સુવર્ણમાંથી સુવર્ણમય આભૂષણો થાય છે, તેમ અજ્ઞાની પોતે અજ્ઞાનમય ભાવ  હોવાથી તેને (અજ્ઞાનમય ભાવમાંથી) અજ્ઞાનમય ભાવો જ થાય છે અને જ્ઞાની પોતે જ્ઞાનમય ભાવ હોવાથી તેને (જ્ઞાનમય ભાવમાંથી) જ્ઞાનમય ભાવો જ થાય છે.

અજ્ઞાનીને શુભાશુભ ભાવોમાં આત્મબુદ્ધિ હોવાથી તેના સર્વ ભાવો અજ્ઞાનમય જ છે.

અવિરત સમ્યગ્દષ્ટિ(-જ્ઞાની)ને જોકે ચારિત્રમોહના ઉદયે ક્રોધાદિક ભાવો પ્રવર્તે છે તોપણ તેને તે ભાવોમાં આત્મબુદ્ધિ નથી, તે તેમને પરના નિમિત્તથી થયેલી ઉપાધિ માને છે. તેને ક્રોધાદિક કર્મો ઉદયમાં આવીને ખરી જાય છે- આગામી એવો બંધ કરતાં નથી કે જેથી સંસારનું ભ્રમણ વધે; કારણ કે (જ્ઞાની) પોતે ઉદ્યમી થઈને ક્રોધાદિભાવરૂપે પરિણમતો નથી અને જોકે ઉદયની બળજોરીથી પરિણમે છે તોપણ જ્ઞાતાપણું ચૂકીને પરિણમતો નથી; જ્ઞાનીનું સ્વામિત્વ નિરંતર જ્ઞાનમાં જ વર્તે છે તેથી તે ક્રોધાદિભાવોનો અન્ય જ્ઞેયોની માફક જ્ઞાતા જ છે, કર્તા નથી. આ રીતે જ્ઞાનીના સર્વ ભાવો જ્ઞાનમય જ છે.

---

## ગાથા-૧૩૦-૧૩૧ ઉપર પ્રવચન

'હવે આ અર્થને દૃષ્ટાંતથી દૃઢ કરે છે :—'

कणयमया भावादो जायंते कुंडलादओ भावा।
अयमयया भावादो जह जायंते दु कडयादी।।१३०।।
अण्णाणमया भावा अणाणिणो  बहुविहा वि जायंते।

**णाणिस्स दु णाणमया सव्वे भावा तहा होंति।।१३१।।**

નીચે હરિગીત.

**જયમ કનકમય કો ભાવમાંથી કુંડલાદિક ઊપજે,**
**પણ લોહમય કો ભાવથી કટકાદિ ભાવો નીપજે; ૧૩૦.**
**ત્યમ ભાવ બહુવિધ ઊપજે અજ્ઞાનમય અજ્ઞાનીને,**
**પણ જ્ઞાનીને તો સર્વ ભાવો જ્ઞાનમય એમ જ બને. ૧૩૧.**

જુઓ, દૃષ્ટાંત આપીને સિદ્ધ કરે છે. '**જેવી રીતે પુદ્‌ગલ સ્વયં પરિણામસ્વભાવવાળું હોવા છતાં,...**' આ પુદ્‌ગલ છેને બધા? તેમાં લોઢા, શરીર આ બધું પુદ્‌ગલ જડ છે. આ દેખાય છે તે તો જડ પુદ્‌ગલ છે માટી. શરીર પુદ્‌ગલ, લક્ષ્મી પુદ્‌ગલ, કપડા પુદ્‌ગલ, દાગીના પુદ્‌ગલ, કર્મ પુદ્‌ગલ, વાણી પુદ્‌ગલ જડ. તો કહે છે કે '**સ્વયં પરિણામસ્વભાવાળું...**' એ પુદ્‌ગલનું પોતાથી બદલવો સ્વભાવ છે. જુઓ, પરને કારણે નહિ. '**કારણ જેવાં કાર્યો થતાં હોવાથી,...**' બદલવાનો સ્વભાવ હોવા છતાં જેવું કારણ છે એવું કાર્ય થાય છે. તેથી '**સુવર્ણમય ભાવમાંથી,...**' સોનાની લગડીમાંથી સોનાના દાગીના. ઝેવર કહે છે? શું કહે છે? ઝેવર. સોનાની લગડીમાંથી સોનાના દાગીના થાય છે. કે એમાંથી લોઢાના થાય? '**સુવર્ણમય ભાવમાંથી,...**' જુઓ, એમાં પણ ભાવ કીધા હોં એ પર્યાય.

'**સુવર્ણજાતિને નહિ ઉલ્લંઘતા એવા...**' સોનાની જાતિને નહિ ઉલ્લંઘતા. '**સુવર્ણમય કુંડળ આદિ...**' સોનામય કુંડળ આદિ, વીંટી આદિ, સાંકળી આદિ સોનામય ઉત્પન્ન થાય છે. સુવર્ણમાંથી સુવર્ણની પર્યાય થાય છે. લોઢાની થાય? '**પરંતુ લોખંડમય કડાં આદિ ભાવો ન થાય,...**' સોનાની લગડી કરે અને તાવેતા અને કડા લોઢાના ઉપજે. તાવેતો શું ખુરપો. ખુરપો કહે છેને? ખુરપો કહે છેને. સોનાની લગડી હોય અને લોઢાનો ખુરપો થાય એમાંથી. એમ બને? સોનાની લગડી હોય એમાંથી લોઢાનો ખુરપો થાય એમ ન બને. સોનામાંથી સોનાના જ દાગીના થાય. આહા..હા..! '**લોખંડમય કડાં આદિ ભાવો ન થાય,...**' લોખંડમય કડા, ખુરપો થતાં નથી પણ સુવર્ણમય કુંડળ આદિ. '**અને લોખંડમય ભાવમાંથી,...**' આહા..હા..! લોઢાના કરે છેને આ નહિ? આ લુહારિયા નથી આવતા લુહારિયા ચિત્તોડના ગાડા લઈને આવતાને ગાડા. પછી જ્યાં ત્યાં લોઢા ભેગા કરીને પછી તાવેતા બનાવે, .. બનાવે. વેચવા નીકળે બિચારા. પહેલા બહુ નીકળતા લુહારિયા-લુહારિયા. ચિત્તોડના. એને બંધી હતી .. ત્યાં સુધી ન આવવું. ... જ્યાં સુધી .. ત્યાં સુધી બહાર.. લુહારિયા બહુ આવતા નાની ઉંમરમાં ઘણા જોયેલા છે. અમારે ઉમરાળામાં બહુ આવતા.

અહીં કહે છે સુવર્ણમય કુંડળ આદિ. '**અને લોખંડમય ભાવમાંથી, લોખંડજાતિને નહિ ઉલ્લંઘતા...**' ... ખુરપો લોઢાનો હોય છેને? સોનાનો હોય? હોય લોઢાનું કારણ અને એમાંથી

સોનાની પર્યાય ઉપજે એમ બને જ નહિ. આહા..હા..! કેવો સિદ્ધાંત.. પરમાણુ આ પુદ્ગલ છે એનો બદલવાનો સ્વભાવ છે, પણ બદલતા થકા સોનું હોય તો સોનું બદલીને સોનાની જ દશા થાય છે. લોઢું બદલીને લોઢાની દશા થાય છે. કે સોનું બદલાઈને લોઢાની દશા થાય છે? અને લોઢું બદલાઈને સોનું થાય છે? સમજાણું કાંઈ?

**'તેવી રીતે જીવ સ્વયં પરિણામસ્વભાવવાળો હોવા છતાં,...'** ભગવાન આત્માનો તો પોતાથી બદલવાનો સ્વભાવ છે. **'જીવ સ્વયં...'** બદલે છેને વિચાર? જ્ઞાન બદલાય છે. શ્રદ્ધા આદિ બદલાય છે. નિત્ય પરિણામી છે. ભગવાન નિત્ય-કાયમ રહેનારા અને વર્તમાનમાં બદલનારા. કહે છે કે **'તેવી રીતે જીવ સ્વયં પરિણામસ્વભાવવાળો હોવા છતાં, કારણ જેવાં જ કાર્યો થતાં હોવાથી, અજ્ઞાનીને...'** અજ્ઞાનીને તો અજ્ઞાન કારણ છે. રાગ ને પુણ્ય ને પાપ મારા છે. એવો ભાવ અજ્ઞાનીનો છે. તો અજ્ઞાનમાંથી તો અજ્ઞાનનો ભાવ ઉત્પન્ન થાય છે. લોઢામાંથી લોઢું થાય છે. બરાબર છે?

**'અજ્ઞાનીને-કે જે પોતે અજ્ઞાનમય ભાવ છે તેને-અજ્ઞાનમય ભાવમાંથી, અજ્ઞાનજાતિને નહિ ઉલ્લંઘતા એવા અનેક પ્રકારના અજ્ઞાનમય ભાવો જ થાય...'** એ બહુ સૂક્ષ્મ વાત કરે છે. જેની દૃષ્ટિ રાગ અને પુણ્યના પ્રેમમાં પડી છે એ તો બધો અજ્ઞાન જાતિનો જ ભાવ એમાં ઉત્પન્ન થાય છે. એમાં સમ્યગ્જ્ઞાનનો ભાવ થાય, કે ધર્મભાવ થાય (એમ ન બને). આહા..હા..! સમજાણું કાંઈ? **'પરંતુ જ્ઞાનમય ભાવો ન થાય,...'** અજ્ઞાન રાગ અને પુણ્ય મારા છે એવી દૃષ્ટિમાં સમ્યગ્જ્ઞાનમય ભાવ થાય નહિ. ઝીણો ભાવ છે. **'અને જ્ઞાનીને...'** ધર્મીને **'કે જે પોતે જ્ઞાનમય ભાવ છે...'** હું તો જાણનાર-દેખનારો આત્મા છું. હું તો જ્ઞાતા-દૃષ્ટા ભાવ છું. એવી દૃષ્ટિમાં જ્ઞાનીને **'જ્ઞાનમય ભાવમાંથી, જ્ઞાનની જાતિને નહિ ઉલ્લંઘતા એવા...'** સમ્યક્ શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, આનંદ એવી જ્ઞાનની જાતિને નહિ ઉલ્લંઘતા એવા **'સર્વ જ્ઞાનમય ભાવો જ થાય...'** બહુ ઝીણી વાત છે. ચોથે ગુણસ્થાનથી એકલા જ્ઞાન અને આનંદમયભાવ થાય છે એમ કહે છે. મગનભાઈ! આહા..! ભલે ગૃહસ્થાશ્રમમાં હોય. ગૃહસ્થાશ્રમમાં એ છે જ નહિ. એ તો પોતાના આત્માના ભાનમાં છે. .. ધર્મીને તો શાંતિ અને જ્ઞાતાની પર્યાય જ ઉત્પન્ન થાય છે. અજ્ઞાનીને અજ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે. કારણ જેવું કાર્ય થાય છે. દૃષ્ટિ મિથ્યાત્વ છે તો એમાં બધા વિકારના કાર્યો જ ઉત્પન્ન થાય છે. સમ્યગ્દૃષ્ટિને બધા કાર્ય (સમયે) એને શાંતિ અને જ્ઞાનની પર્યાય જ ઉત્પન્ન થાય છે. કોઈ બાહ્ય કારણથી બીજું કાર્ય થાય એમ બનતું નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ-૨, ગુરુવાર, તા. ૦૭-૧૨-૧૯૭૨**
**ગાથા- ૧૩૦-૧૩૧, પ્રવચન-૨૪૫**

૧૩૦ અને ૧૩૧ ગાથા. એનો ભાવાર્થ છે. અહીંયાં શું કહે છે? કર્તાકર્મ અધિકાર છેને. તે આ આત્મા જે છે વસ્તુ આત્મા, આ તો દેહ છે એ જડ છે. એનાથી જુદી ચીજ છે. એમ અંદરમાં કર્મ જે છે પર એનાથી આત્મા જુદી ચીજ છે. અને એમાં જે આ શુભ-અશુભભાવ થાય, પુણ્ય-પાપના ભાવ એથી પણ ભિન્ન છે. તો અજ્ઞાનીનું કર્મ-કાર્ય શું અને જ્ઞાનીનું કાર્ય શું? એ આ કાર્ય છે. જેની દૃષ્ટિમાં જ્ઞાનાનંદ સ્વરૂપ પોતાનું શુદ્ધ છે એ દૃષ્ટિમાં નથી આવતું અને આ પુણ્ય અને પાપના ભાવ વિકારી એ જ જેની દૃષ્ટિમાં આવે છે એ અજ્ઞાની છે. એને વાસ્તવિક આત્મા કોણ છે એની ખબર નથી. એ જ્ઞાનમાં રાગ અને દ્વેષ અને પુણ્ય અને પાપના ભાવ એ રાગભાવની રુચિવાળો જીવ અજ્ઞાની છે. કેમકે રાગ વિનાની ચીજ પોતાની છે એની એને ખબર નથી. એથી એ રાગની રુચિવાળો જીવ અજ્ઞાની અને જેના જેટલા એ ભાવ થાય એ બધા અજ્ઞાનમય ભાવ છે. એ દયાનો ભાવ હોય, દાનનો હોય, વ્રતનો હોય, તપનો હોય એ વિકલ્પ એ અજ્ઞાનમય છે. સમજાય છે કાંઈ?

અને ધર્મી જીવનો જેને સુખસ્વરૂપ આત્મા આનંદસ્વરૂપ આત્મા એનું ભાન થયું છે. એને જ્ઞાનમય ભાવ થાય છે. એટલે કે એને રાગાદિ ભાવની રુચિ ગઈ છે અને શુદ્ધ આનંદસ્વરૂપ ભગવાન આત્મા એના હોવાપણાના ભાનમાં એની દૃષ્ટિએ સ્વરૂપને સ્વીકારી છે એટલે એ સમ્યગ્જ્ઞાનમાં એ આવેલો ધર્મી જીવને કોઈપણ ભાવ થાય એને એ જ્ઞાન જ કરે છે જ્ઞાનમય ભાવ છે એનો. આહા..હા..! સમજાણું કાંઈ? આ હસમુખભાઈ! આ સમજાય છે કે નહિ આ? આ સમજાય છે કે નહિ? બીજું બધું નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ માને છેને અમે આ કરીએ... આ કરીએ... આ કરીએ... મોટા સંચા. આ ચૈતન્ય વસ્તુ છે. આ દેહથી ભિન્ન જુદી ચીજ છે. અને એ ચીજમાં તો અનંત જ્ઞાન અને અનંત શાંતિ અને આનંદ છે એમાં. એનું જેને ભાન નથી. અને હું તો રાગવાળો, પુણ્યવાળો, પાપવાળો, એવા વિકલ્પવાળો એવું જેણે જીવના સ્વરૂપને માન્યું છે એ અજ્ઞાની છે. એ અજ્ઞાનીના જેટલા ભાવો થાય વ્રત, તપ કરે, સંથારા કરે. સમજાણું કાંઈ? એ વર્ષીતપ તો થતા નથી, મોટા સંથારા તમારા .. વિનાના. ... બીજા કોઈ છે નહિ. આ શાંતિભાઈ

આપણા ધનબાગ. ભાન વિનાના સંથારા બધા અજ્ઞાનમય છે.

જેને રાગની રુચિ વિકલ્પ શરીર, વાણી, મન તો જડ-માટી. એની જેને રુચિ છે એ તો સ્થૂળ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે. કારણ કે એ ચીજ તો એની નથી, એનામાં નથી. આ ચીજમાં આત્મા નથી. સમજાય છે કાંઈ? એથી એ તો શરીર મારું ને વાણી મારી ને પૈસા મારા, આ બાયડી મારી. જે એના નથી. પરદ્રવ્ય છે એ સ્વદ્રવ્યનું ક્યાંથી હોઈ શકે? આ ભગવાન આત્મા તો વસ્તુ છે અનાદિ-અનંત. જ્ઞાન અને આનંદ સંપન્ન પ્રભુ. એ તો સ્વવસ્તુ છે. અને આ શરીર, વાણી, મન, દેહ, કુટુંબ, સ્ત્રી એ તો બધા પરદ્રવ્ય છે. પરવસ્તુ છે. તો સ્વવસ્તુની પરવસ્તુ કઈ રીતે થાય?

મુમુક્ષુ :- માનીએ ત્યાં સુધી તો કરે છે.

ઉત્તર :- માનીએ ત્યાં સુધી મૂઢતા છે. મગનભાઈ! કેમ હશે આમાં? આ સુમનભાઈ જેવા છોકરા હોય. આઠ-આઠ હજારનો મહિને પગાર. ૫૦ વર્ષની ઉંમર અંદર. હવે એવા છોકરા તો મારા જ કહેવાયને. બીજાના કહેવાય નહિ. આહા..હા..! કોના છોકરા? કોના બાપુ ભાઈ! તું કોણ છો? તારું તત્ત્વ તો આત્મા ચૈતન્ય તત્ત્વ છે. એ તત્ત્વ પરને પોતાનું માને એ હેરાન થવાના રસ્તા, દુઃખી થવાના રસ્તા છે. આહા..હા..! અહીં તો એથી સૂક્ષ્મ વાત છે. આહા..હા..! ભાઈ! તું તો જ્ઞાનસ્વરૂપ છોને. પ્રજ્ઞાબ્રહ્મ આનંદસ્વરૂપ. ચૈતન્યસૂર્ય. એ ચૈતન્યસૂર્યમાં અંધારા કોલસાના કણિયા અંધારા ક્યાંથી આવે? એમ ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ પ્રકાશની મૂર્તિ ચૈતન્ય. એમાં શુભ અને અશુભભાવ હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, ક્રોધ, માન, માયા, લોભ, દયા, દાન, વ્રત, ભક્તિ અને પૂજા. (અંધારા નથી)

મુમુક્ષુ :- આપ પાછળથી કહો છો...

ઉત્તર : એ બધા ભાવો રાગ છે. એ રાગ તો કોલસાના કણિયા જેવા સૂર્ય પાસે છે. એમ ચૈતન્ય પ્રકાશનો પૂર જાણક સ્વભાવનો નૂર અને તેજ ચૈતન્યના તેજથી ભરેલો પ્રભુ છે આત્મા. એની જેને ખબર નથી એને એ શુભ અને અશુભ રાગ કોલસા જેવા છે એ ચૈતન્યના પ્રકાશનો એમાં અભાવ છે. એને પોતાના માને એની રુચિ જેને છે એ અજ્ઞાની છે, સ્વરૂપના અભાનવાળો છે. મિથ્યાદૃષ્ટિ છે, મૂઢ છે, દુઃખના પંથે દોરાયેલો છે. કહો, પોપટભાઈ! ભારે વાતું ભાઈ! આ તમારા જેવા પૈસાવાળા બધા સુખી છે જુઓ. એને છ છોકરા હસમુખભાઈ, પ્રવિણભાઈ અને ફલાણાભાઈ.

મુમુક્ષુ :- કેટલા

ઉત્તર :- કેટલા સુખી છે? અરે..! સુખ તો પ્રભુ તારા આત્મામાં અંદર છે. એમાંથી સુખ માને મૂઢ મોટો છે. પાગલ છે. આહા..હા..! જયસુખભાઈ! આ છોકરો કેવડો મોટો છે આમ? બાપુજી-બાપુજી કરીને કહે છે. અહીં આવે છે હોં પંદર-પંદર દિ'. અહીં ... બોલે

છે. બાપુજીના નામ બોલે છે. બાપુજીના નામે. એય..!

મુમુક્ષુ :- કાંઈ ન કરે.

ઉત્તર :- કાંઈ ન કરે? ક્યાં ગયા તારા બાપા? કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ભાઈ! તું કોણ છો? તને તારી ખબર નથી. એ તો આત્મા છે વસ્તુ. એ ચૈતન્યના તેજનું નૂરનું પૂર છે અને આનંદનું પણ પૂર છે. અતીન્દ્રિય આનંદનું પૂર, અતીન્દ્રિય આનંદના ભાવથી ભરેલો ભગવાન આત્મા છે. એને પોતાપણે માનવું છોડી અને એ પુણ્ય અને પાપના વિકારી વૃત્તિઓનો ભાવ એ હું છું એટલે કે હું આત્મા નહિ, હું તો આ રાગ અને પુણ્ય અને પાપના ભાવવાળો છું. એ દૃષ્ટિમાં બહુ મોટી વિપર્યાસ બુદ્ધિ છે. એ અજ્ઞાનપણું છે. એ અજ્ઞાનીના જેટલા રાગ પુણ્ય-પાપના ભાવ થાય એ બધા અજ્ઞાનમય છે. આહા..હા..! એ વ્રત કરે, તપ કરે, અપવાસ કરે બધા રાગમય, અજ્ઞાનમય ભાવ છે. બરાબર હશે? તો આ બધી બાયું કરે છેને વર્ષીતપના.. એય..! લાલજીભાઈ! તમે ત્યાં અગ્રેસર હતા સ્થાનકવાસીમાં. કેટલા અપવાસ કરે આ બિચારી બાયું. ૧૫-૧૫ અપવાસ. સ્થાનકવાસીમાં આજે આવ્યું હતું કે આટલા અપવાસ કર્યા, આણે સંથારા કર્યા. તમે પણ કહેતા હતાને ૯૦ની સાલમાં. .. લાંઘણું કરનારા. સંથારા. .. પણ કાંઈ ભાન ન મળે બિચારાને. તત્ત્વની ખબર ન મળે. આહાર-પાણી ન ખાવા એ અમારા અપવાસ અને એ અમારો ધર્મ. આહા..હા..! મહામૂઢતા છે. અજ્ઞાનીને એ વખતે અજ્ઞાનમય જ ભાવ બધા થાય છે. બરાબર હશે? ભીખાભાઈ! પણ આવા અપવાસ કરે એને કાંઈક નિર્જરા કરી કે નહિ? મિથ્યાત્વનું પોષણ છે. શું થાય? વીતરાગ પરમાત્મા સર્વજ્ઞદેવ ત્રિલોકનાથે શું કહ્યું છે એની એને ખબર નથી. એ હવે અહીં કહે છે જુઓ ભાવાર્થ.

‘‘**જેવું કારણ હોય તેવું જ કાર્ય થાય છે**’...’ સિદ્ધાંત હજી તો નક્કી કરે છે. ‘‘**જેવું કારણ હોય તેવુ જ કાર્ય થાય છે’ એ ન્યાયે...**’ એ ન્યાય, એ રીતિએ. ‘**જેમ લોખંડમાંથી લોખંડમય કડાં વગેરે વસ્તુઓ થાય છે...**’ કારણ કે લોઢું હોય એમાંથી બધા જે થાય એ બધા લોઢાના થાય કે સોનાના થાય? લોઢું લીધું બે-ચાર-પાંચ કિલો ઘડવા માંડ્યું. તો ઘડતાં-ઘડતાં એમાં લોઢાની દશા થાય કે એમાંથી સોનાની થાય? લોઢામાંથી લોઢાની પર્યાય થાય. છેને કડા વગેરે. તાવેતો. તાવેતો આવે છેને આ? ખુરપા-ખુરપા. એ બધા લોઢામાંથી લોઢાના શસ્ત્રો થાય. ‘**અને સુવર્ણમાંથી સુવર્ણમય આભૂષણો થાય છે,...**’ સોનું હોય એમાંથી જડે તો સોનાની અવસ્થા આભૂષણ થાય કે નહિ? એમાંથી કડા અને તાવેતા થતા હશે? સોનું છે સોનું એમાંથી ઘડવા માંડે તો એની અવસ્થા સોનાની થાય અને લોઢું છે એ ઘડવા માંડે તો એમાં તાવેતો ... આવે છેને. પીત્તળના. કેવા ક્હેવાય પીત્તળ શું? ચિત્તોડ જોવા જાતા પહેલા બહુ ગાડા.. પછી એક ફેરી .. .. જોતાં. એ લોઢામાંથી

લોઢાની પર્યાય થાય અવસ્થા અને સોનામાંથી સોનાની અવસ્થા થાય.

**'તેમ અજ્ઞાની પોતે અજ્ઞાનમય ભાવ હોવાથી...'** આહા..હા..! એને તો રાગ અને પુણ્ય ને પાપના ભાવમાં મીઠાશ હોવાથી. શુભ અને અશુભભાવ થાય એમાં એને મીઠાશ વેદાય છે. કે આ મારા છે, મને સુખરૂપ છે, મને હિતકર છે. એમ પુણ્ય અને પાપના ભાવને અજ્ઞાની પોતાના માને છે. એ બધા અજ્ઞાનમયભાવ છે. આહા..હા..! પછી સાધુ નામ ધરાવતો હોય પણ એને જે પંચ મહાવ્રતના વિકલ્પ ઉઠે રાગ. એ રાગની રુચિવાળો જે છે એ અજ્ઞાની છે. એ **'અજ્ઞાનમય ભાવ હોવાથી...'** અજ્ઞાનીને તો સ્વરૂપનું ભાન નથી. અમે ચૈતન્ય છીએ, આત્મા છીએ એ શુદ્ધ અને આનંદની પવિત્રતાની ખાણ છે. એવી ખબર નથી તે અપવિત્રતા. એવા શુભ અને અશુભભાવ તે અપવિત્ર છે, મેલ છે, ઉપાધિ છે. ભગવાન પવિત્રમાં એ પુણ્ય અને પાપના ભાવ મેલ છે. સમજાણું કાંઈ? એ આવી ગયું છેને પહેલા? આસ્રવો. પાણીમાં શેવાળ. પાણીમાં જેમ શેવાળ. શેવાળ સમજો છો? કાય. કાય હોય છેને? એ શેવાળ એ મેલ છે. એ પાણીનું મૂળસ્વરૂપ નથી. એ શેવાળ જેમ મેલરૂપે છે. ભગવાન આત્મામાં જે પુણ્ય અને પાપ, શુભ અને અશુભ ભાવ એ આસ્રવ એટલે નવા આવરણોનું કારણ છે, એ મેલ છે. આહા..હા..! મેલપણે અનુભવમાં આવે છે એમ કહે છે. આનંદકંદ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન એનાથી વિરુદ્ધભાવપણે અનુભવમાં આવે છે. આહા..હા..! આવું ઝીણું ભારે!

**'અજ્ઞાનમય ભાવ હોવાથી...'** ભાવ શબ્દે અહીં પર્યાય છે. પર્યાય એટલે અવસ્થા, અવસ્થા એટલે હાલત, હાલત એટલે દશા. અજ્ઞાનીની અજ્ઞાનમય દશા હોવાથી. લોજિકથી તો અહીં કહેવાય છે વાત. લોઢામાંથી લોઢાના જ હથિયાર થાય. એમ અજ્ઞાની ચૈતન્યબિંબ પ્રભુ આત્મા એનું તેને ભાન નથી. એ પુણ્ય અને પાપના પરિણામમાં પ્રેમવાળો ત્યાં વ્યભિચારી ત્યાં રાગમાં રોકાઈ ગયો છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ રાગમાં રોકાયેલો તે અજ્ઞાની છે અને જેટલા એના ભાવ થાય, અરે..! ભગવાનની ભક્તિ કરે, ભગવાનને નમસ્કાર કરે, સમવસરણમાં જાય. કહો, મગનભાઈ! એનાથી બધા અજ્ઞાનમય જ ભાવ ઉત્પન્ન થાય. આહા..હા..! રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ મલિનપણાની દશા જ ઉત્પન્ન થાય. કેમકે મલિનપણાના ભાવનો એ રસિયો છે. એ આત્માનો રસિયો નથી. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદના સ્વાદિયો ધ્રુવ આત્મા છે. એનો જેને સ્વાદની ખબર નથી. હવે આત્માનો સ્વાદ કેવો હશે? હવે આ તમારે દૂધપાક ને પુરીને ધૂળ શું કહેવાય? ... જલેબી ને લાડવા. ધૂળેય નથી સાંભળને. એ તો જડ છે. જડનો સ્વાદ જીવને હોય? જડનું લક્ષ કરીને એ જડ ઠીક છે એવો જે રાગ થાય તેનો સ્વાદ અજ્ઞાની લે છે. જડનો

સ્વાદ નહિ. આહા..હા..! એ શીરો, એ .. સુંવાળું માંસ હાડકા એનું લક્ષ કરીને આ ઠીક છે એવી વૃત્તિ ઉઠી ..રાગની.. એ રાગને વેદે છે. સમજાણું કાંઈ? જડને વેદતો નથી. જડ તો રંગ, ગંધ, રસ, સ્પર્શવાળા તત્ત્વો છે આ. ભગવાન તો રંગ, ગંધ, સ્પર્શ વિનાની ચીજ છે આત્મા તો. આત્મામાં કાંઈ રંગ, ગંધ, રસ, સ્પર્શ છે નહિ. કોઈ દિ' પણ ખબરેય ન હોય રંગ, ગંધ, સ્પર્શ ક્યાં હશે? આહા..હા..! ચૈતન્યના પ્રકાશના જાણપણાના પૂરવાળું તત્ત્વ ભગવાન આત્મા એમાં રંગ, ગંધ, સ્પર્શ છે નહિ. તો રંગ, ગંધ, સ્પર્શનો એને અનુભવ હોઈ શકે નહિ. એનામાં આનંદ અને વીતરાગતા છે. ઉંધો પડ્યો તો આનંદથી વિરુદ્ધ દુઃખ અને વીતરાગથી વિરુદ્ધ કષાય એને અનુભવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

પાંચ લાખની પેદાશ થાય એક મહિને. એય..! આમ ફુલાઈ જાય. મૂકો લાપસીના આંધણ આજ. શું છે? પેદાશ એક મહિનાની બહુ થઈ આજ તો. શું પેદાશ થઈ? આ ધૂળ આવી. આહા..હા..! તમારો છોકરો કહેતો હતો નહિ પૂનમ? ... લક્ષ્મી ... એણે વચમાં વાત કરી. હવે એની પાસે ૨૫-૩૦ હજાર રૂપિયા એના બાપા પાસે તો ક્યાં હતા? લ્યો! અને આની પાસે ચાર કરોડ. એ તો વાત કરતો હતો અમદાવાદ છે? ક્યાં ગયા હતા એય..! અમદાવાદ. બાપુજી ક્યાં ... ઓય મારા! અહીં તો ત્રણ-ચાર કરોડ રૂપિયા, ત્રણ-ચાર કરોડ. .. ૩૦-૩૫ હજાર હજાર હતા એના બાપ પાસે તો. એણે લક્ષ્મી કે દિ' જોઈ છે તો એનો સ્વાદ હોય એને એમ કહે છે. એય..! ..ભાઈ!

મુમુક્ષુ :- ખરી જેને કિંમત...

ઉત્તર :- કિંમતું લખવી.. પૈસા આવે અને .. કરતો હોય. ૨૫, ૨૫, ૬૦.. પૂછવા આવે. .. એનો બાપ .. મળે નહિ એમ કહેવું. પોપટભાઈ! હા એણે.. એ બેઠો હોય તો બીજો માણસ ... ગરી જાય. નવરો થાય ત્યારે વાત કરે. આહા..હા..! ...એય..! ... અમે સ્વીત્ઝર્લેન્ડ ગયા તો ચોરણો પહેરાવતા હતા એને. પણ એલા હું તારો બાપ છું. ત્રણ-ચાર કરોડ તારી પાસે થયા પણ તારો બાપ મટી ગયો? થઈને જાવું હતું ત્યાં. ચોરણા સમજ્યાને શું કહેવાય? ચોરણા ન કહેવાય. પાટલુન કહેવાય. આ મોટા-મોટા ઓળખીતા આવે એના બાપ ... આ.. આ.. એનો બાપ આ! મારી નાખ્યા જગતના મોહે. એય..!

અજ્ઞાનીને રાગના રસિયા એને રાગનો ભાવ અજ્ઞાન ઉત્પન્ન થાય છે કહે. ધર્મને નામે પણ ભગવાનની ભક્તિમાં હોય, શ્રવણમાં હોય, જ્યાં-ત્યાં રાગના પ્રેમવાળા તે રાગને ઘૂંટે છે. આહા..હા..! એ રાગના રગડીયા કરે છે. ઝેરને પીવે છે એમ કહે છે. હસમુખભાઈ! આવું છે અહીં તો ભાઈ! આહા..હા..!

**'તેને (અજ્ઞાનમય ભાવમાંથી) અજ્ઞાનમય ભાવો જ થાય છે...'** લોઢામાંથી લોઢાના જ શસ્ત્રો થાય છે. એમ અજ્ઞાનમાંથી રાગ તે હું. આહા..હા..! દેહની ક્રિયા એ મારી, દેહની

ક્રિયા એ મારાથી થાય. એવો જે અજ્ઞાનીનો ભાવ એ અજ્ઞાનમય જ ભાવ ઉત્પન્ન થાય. પછી સાધુ થયો હોય. અરે..! સંથારા કરીને બેઠા હોય બબ્બે મહિનાના. પણ એ રાગના રસિયા .. તો ખબર નથી કે આત્મા અંદર કોણ છે. એ રાગના રસિક જીવો રાગની જ ઉત્પત્તિમાં પડ્યા, મિથ્યાત્વમાં પડ્યા છે એ તો. આહા..હા..! ક્ષણે-ક્ષણે મિથ્યાત્વનો જ ભાવ એને ઉત્પન્ન થાય છે. આવું ભારે આકરું! **'અને જ્ઞાની પોતે જ્ઞાનમય ભાવ હોવાથી...'** ધર્મી જીવ ભલે આઠ વર્ષની બાળિકા હોય, પણ આ આત્મા પુણ્ય અને પાપના મલિનભાવથી ભિન્ન છે. શરીરથી તો જુદો છે, પણ શુભ અને અશુભ વિકલ્પો રાગથી જુદો એવું જેને ભાન અંતરનું થાય એ સમ્યગ્દૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? એ જ્ઞાનીને પોતે જ્ઞાનમયભાવ છે. ભલે એને કોઈ રાગની વાસના ઉત્પન્ન થાય. .. અંશ .. થાય છતાં ધર્મી હું તો આનંદ અને જ્ઞાનમય જ છું. એવા ભાવમાં રાગ અને ક્રોધનું પણ જ્ઞાન થાય છે. રાગ અને ક્રોધનું એકત્વ થતું નથી. સમજાણું કાંઈ?

**'જ્ઞાની પોતે જ્ઞાનમય ભાવ હોવાથી...'** એની પર્યાય બધી નિર્મળ શુદ્ધ હોવાથી એમ કહે છે. ધર્મી જે ધર્મી એવો આત્મા એની અંદરમાં દૃષ્ટિમાં ચિદાનંદ સ્વરૂપ ભગવાન આત્મા છું એવું જેને ભાન સમ્યગ્દર્શન થયું એને કહે છે કે સમય સમયે એ જ્ઞાનની જ પર્યાયની નિર્મળતા થયા કરે છે. સમજાણું કાંઈ? આહા..! ભલે પછી છ ખંડના રાજમાં દેખાય. ઈન્દ્રનો જીવ ઈન્દ્રના ઈન્દ્રાસનમાં દેખાય, પણ સમકિતી છે. શક્રેન્દ્ર, ઉપર સુધર્મ દેવલોક છે. અહીંયાં ચંદ્ર, સૂર્ય તો જ્યોતિષ છે એના ઉપર. એની ઈન્દ્રાણી અને પોતે બેય સમકિતી જ્ઞાની છે. આહા..હા..! જેને ઘરે હજાર ઈન્દ્રાણીઓ, જેને ઘરે અસંખ્ય તો દેવ-દેવી તહેનાતમાં. ૮૪-૮૪ હજાર તો જેના અંગરક્ષક. પણ અંદરમાંથી દૃષ્ટિ ફરી ગઈ છે. એ .. રાગ ઉત્પન્ન થાય એ નહિ, હું તો ચિદાનંદ આત્મા છું. એવી દૃષ્ટિને લઈને ધર્મીને પળે ને પળે, જીવની વાસના અને રાગની વૃત્તિઓ થાય તેનું તેને જ્ઞાન થાય છે. આહા..હા..! આવી આકરી વાત છે. સમજાણું કાંઈ? **'જ્ઞાની પોતે જ્ઞાનમય ભાવ હોવાથી તેને (જ્ઞાનમય ભાવમાંથી) જ્ઞાનમય ભાવો જ...'** પર્યાયની નિર્મળતા જ ઉત્પન્ન થાય છે. આહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- સંવર-નિર્જરા શુદ્ધ જ થાય છે. આહા..હા..! રાગાદિ આવે પણ રાગના પ્રેમ એને અંદરથી છૂટી ગયા છે. સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ એના જેને પ્રેમ જામ્યા છે અંદરથી. એને રાગના પ્રેમ છૂટી જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! જ્ઞાની ધર્મી જ્ઞાનમય ભાવ હોવાથી. બહુ ટૂંકામાં ન્યાય આખો. ધર્મી અને અજ્ઞાનીના ભાવની વાતો. બેયની પર્યાયની વાત છે હોં. સમજાણું કાંઈ? દૃષ્ટિ પર્યાય ઉપર નથી. ધર્મીની દૃષ્ટિ દ્રવ્ય

ઉપર છે. એથી એની પર્યાયમાં નિર્મળતા જ ઉત્પન્ન થાય છે એમ કહે છે. શું થાય પણ આવું તત્ત્વ સાંભળવા મળે નહિ. પકડાય નહિ.

'**અજ્ઞાનીને શુભાશુભ ભાવોમાં...**' ખુલાસો આપે છે. '**આત્મબુદ્ધિ હોવાથી...**' એ શુભ અને અશુભ રાગ થાય એમાં આત્મબુદ્ધિ છે તે હું છું. કારણ કે રાગથી રહિત ભગવાન પોતે ચિદાનંદ મૂર્તિ, એના તરફની સત્તાનો તો સ્વીકાર નથી. પોતે ચિદાનંદ જ્ઞાનાનંદ સ્વભાવ એવું હોવાપણું, સત્તાપણું એનો સ્વીકાર નથી. એથી એને સ્વીકારમાં તો પુણ્ય અને પાપના ભાવ છે. કહો હસુભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એકલો મિથ્યાત્વ ભાવ જ થાય છે અહીં તો. આહા..હા..! આકરું કામ જગતને આ ચીજ બેસવી. બહારની મીઠાશ આગળ મારી નાખે છે... આહા..હા..!

'**શુભાશુભ ભાવોમાં...**' શુભાશુભ રાગમાં અજ્ઞાનીને '**આત્મબુદ્ધિ હોવાથી...**' એ મારા છે, હું એનો છું, એવી બુદ્ધિ હોવાથી '**તેના સર્વ ભાવો અજ્ઞાનમય જ છે.**' વ્રત કરે, તપ કરે, ભગવાનની ભક્તિ કરે, જાપ કરે. આહા..હા..! દૃષ્ટિમાં મિથ્યાત્વપણું છે તો મિથ્યાત્વ જ ઘુંટાશે ત્યાં. સમજાણું કાંઈ? હવે ખુલાસો કરે છે કે '**અવિરત સમ્યગ્દૃષ્ટિ(-જ્ઞાની) ને જોકે...**' સમ્યગ્દૃષ્ટિ છે, જ્ઞાની છે, પણ હજી ગૃહસ્થાશ્રમમાં છે. તો એને '**ચારિત્રમોહના ઉદયે...**' .. ચારિત્રમોહ છે એ જડ કર્મ. એના પાકથી '**ક્રોધાદિક ભાવો પ્રવર્તે છે...**' જોયું આમ? ક્રોધાદિ એને થાય છે એમ ન કહ્યું. ભાઈ! થાય છે એમ ન કીધું. પ્રવર્તે છે. ભાષા તો જુઓ! જ્ઞાનીને ક્રોધ થાય છે એમ ન કહ્યું. જ્યાં આત્મા આનંદની મૂર્તિ પ્રભુ વસ્તુસ્વભાવ જેનો આનંદ અને જ્ઞાન. એવું જ્યાં અંતર્મુખ થઈને ભાન થયું. એને કહે છે કે પૂર્વના કર્મના કારણે ઉદયથી ક્રોધ, માન, લોભ, રાગ, વિષય, વાસના આદિ પ્રવર્તે છે. પ્રવર્તન થાય છે.

'**તોપણ તેને તે ભાવોમાં આત્મબુદ્ધિ નથી,...**' સમજાણું કાંઈ? રાગાદિનો ભાવ પ્રવર્તે છે. પણ એમાં આ હું છું એવી બુદ્ધિ હોતી નથી. આહા..હા..! જુઓ આ ધર્મબુદ્ધિ. આ ધર્મ ભાઈ! આ તો સામાયિક કરી નાખો, પડિક્કમણું કરો, ચોવિહાર કરો, કંદમૂળ ન ખાવ. એય..! થઈ ગયો ધર્મ. ધૂળમાંય ધર્મ નથી સાંભળને હવે મારા. એ તો બહારની જડની ચીજ છે. એને ખાય કોણ અને છોડે કોણ? એમાં લક્ષ જતાં જે રાગ અને દ્વેષ થાય એને વેદે છે. જ્ઞાનીને રાગ અને દ્વેષમાં .. પ્રવર્ત એને એ જાણે છે. એ એમ માને ધર્મી કે '**તે તેમને પરના નિમિત્તથી થયેલી ઉપાધિ માને છે.**' આહા..હા..! સમજાણું કાંઈ?

'**તેને ક્રોધાદિક કર્મો ઉદયમાં આવીને ખરી જાય છે...**' અહીં તો એટલી જ

વાત છે. આહા..હા..! જ્યાં રાગાદિ ભાવ થાય પણ સ્વામીપણું નથી. રાગનું ધણીપત્તું નથી. ધણીપતું આનંદ અને જ્ઞાનસ્વરૂપમાં છે. બહુ ફેર. આવો તે ધર્મ કઈ જાતનો ભાઈ? આહા..હા..! આમ .. થાયને એટલે મોટું-મોટું લખાણ આવ્યું છે. .. કરો, .. કરો.. આ કરો... આ કરો... આ કરો... કરો... કરો... કરો... મરી ગયા બિચારા. અમે કરીએ છીએ ... ભગવાનને બહાર.. બધા ધર્મ ઉત્કૃષ્ટ ધર્મ છે એમ કહે. ... જુઓને આપણે આ નહોતું આવ્યું? ... આજે આવ્યો છે ... આમાં .. બૌદ્ધધર્મ, જૈનધર્મ, વેદાંત ધર્મ, કર્મધર્મ એમ કહે છેને. કર્મયોગ. અનાસક્તિ એ કર્મ. બધા જીવો ધર્મમાં ઓતપ્રોત છે. મારી નાખ્યા.

મુમુક્ષુ :- એ તે ભગવાનને નામે.

ઉત્તર :- ભગવાનને નામે. અને એમાં સ્થાનકવાસી. આહા..હા..! એ .. મારા સાંભળનારા કે આ શું કહે છે? આ ... આ છેને સ્થાનકવાસી? ભારતીય સંસ્કૃતિને સરખી રીતે જાણવા માટે કર્મયોગી શ્રીકૃષ્ણની અનાસક્તિ, મહાવીરની વીતરાગતા, બૌદ્ધની ... સમજવી .. છે. ભારતવાસીઓ ગમે તે ધર્મ સંપ્રદાયમાં હોય, પરંતુ તેના અણુ અણુમાં ધાર્મિક ભાવના પ્રસરેલી છે. આહા..હા..! આવા મૂર્ખો વાંચનારાને કાંઈ ખબર નથી, લખનારને કાંઈ ખબર નથી.

મુમુક્ષુ :- કર્મની જગ્યા ધર્મ.

ઉત્તર :- બધા ધર્મ. અનાસક્તિથી કરવું એમ. પણ કરવું એ માનવું જ મિથ્યાત્વ છે. .. અને બધા સંપ્રદાયમાં અણુ અણુમાં ધર્મ કહ્યો છે. કેવું સારું લાગે બધાને. ... ... આહા..હા..!

સર્વજ્ઞ વીતરાગદેવ પરમેશ્વરે જે ત્રિલોકનાથે કહ્યો એ સિવાય ધર્મ બીજે ક્યાંય હોઈ શકે નહિ. એય..! એવી વાત કરી છે. વીતરાગ ત્રિલોકનાથ પરમેશ્વરે આત્મા કહ્યો. એવા અનંત આત્મા, એવા અનંતગુણા રજકણો અને તે અનંતગુણા રજકણોથી અનંતગુણા એક-એક આત્મામાં સ્વભાવ શક્તિઓ. એ વીતરાગ સિવાય એવી વાત ક્યાંય નથી. એવો ભગવાન આત્મા એની અંતર દૃષ્ટિ .. કરવી અને પરિણમન કરવું એનું નામ ધર્મ છે. એ ધર્મ બીજે ક્યાંય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? પણ લોકોને એ સારું લાગે. ... ..ભાનુ જાય છેને અમેરિકામાં. ગપ્પા મારે. એવા ભાન વિનાના બિચારા બેઠા હોય ત્યાં.

મુમુક્ષુ :- .. જૈનધર્મની .. કરે છે.

ઉત્તર :- .. એ તો જૈનધર્મ કોને કહેવો એ તને ખબર નથી. આહા..હા..! જૈનધર્મ તો પુણ્ય અને પાપની રુચિ છોડી અને વીતરાગી પ્રભુ આત્માની રુચિનું પરિણમન કરે અને સ્થિરતા થાય એ જૈનધર્મ છે. એ જૈનધર્મ તો વસ્તુનો સ્વભાવ છે, એ કોઈ પક્ષ અને વાડો નથી કોઈ. વસ્તુનું દર્શન છે. કહે છે કે ભગવાન આત્મા, આત્માનું ભાન થયું. આહા..! પછી એને જરી રાગાદિના ભાવ હોય છે. એને હોય છે એમ નથી કહ્યું અહીં તો. એને પ્રવર્તે છે એમ કહ્યું. ભાષા જુઓને. એય..! ક્રોધ, માન, માયા, લોભ, વિષય, વાસનાની

વૃત્તિઓ પણ પ્રવર્તે છે. આહા..હા..! તોપણ તે ભાવમાં આત્મબુદ્ધિ નથી. કાળો નાગ ઘરમાં નીકળે તો રાખવાનો કામી છે માણસ? બિલમાંથી નીકળ્યો હોય કાળો રાતો .. નીકળી ગયો. એમ ધર્મી આત્માના આનંદના રસિયો એને જરી કર્મના નિમિત્તથી રાગાદિની વૃત્તિઓ થાય એ કાળા નાગ જેવી દેખે એને. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! આહા..હા..! એ આ લખાણ બધું ઘણું આમાં. બે પાના ભર્યા છે. ... આહા..હા..!

પ્રભુ! તું શું કરે છો આ? ખબર નથી એને કાંઈ. સાધુ નામ ધરાવે અને મિથ્યાત્વના પોષણ કરે અને એમાં ધર્મ મનાવે. આહા..હા..! ગજબ વાત છે. અહીં તો શુભભાવ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ પણ ધર્મ નહિ, એનો જેને પ્રેમ છે તેને આત્માનો પ્રેમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? નાટક ભાઈ જોયું હતુંને ઘણા વર્ષની વાત છે. ૬૫. ૬૪માં હશે. સંવત્ ૧૯૬૪-૬૫. ભરૂચમાં જોયું હતું ભરૂચ. ત્યારે સ્થાનકવાસીમાં હતાને પિતાજીના ધર્મમાં હતા. એ ગાડી આવે તો એમાં જઈએ લેવા-દેવાના બહાને આ ઉમરાળાવાળા .. દુકાન. લેવા-દેવા. ભરૂચમાં સ્ટેશન આવે છે. ત્યાં .. નહિ ઓલા ..વાળા. પછી નિવૃત્તિ હતી એ મીરાનું નાટક જોવા ગયા હતા. મીરાબાઈનું નાટક. પણ મારા એવું .. હોં. .. નાટક હતા. ... .. વાતું બધી. એ વખતે મીરાબાઈનું .. પરણે છે. પછી મીરાને કહે છે કે એય..! મીરા! આ શું થયું તને? ગાંડપણ મૂક. અરેરે..! 'હે રાણા! હું સાધુના સંગે ઘેલી થઈ રે રાણા ઘેલી થઈ' હું ઘેલી થઈ ગઈ છું. સમજાણું કાંઈ? મીરાબાઈ. મારા વૈરાગ્ય પણ સાંભળીને ઉંઘ ન આવે. એય..! એવી ધૂન ચડી જાય અંદર. આહા..હા..! આવ રાણી તને પટરાણી બનાવું. કહે છે 'પરણી મારા પીયુજીની સાથ બીજાના મીંઢળ નહિ બાંધુ હવે.' અને જ્ઞાની... 'પરણી મારા પીયુજીની સાથે એ બીજાના મીંઢળ નહિ રે બાંધુ.' આ મીંઢોળ નથી બાંધતા લાકડા? પરણે ત્યારે બાંધે છેને. શું કહેવાય એ? ... મીંઢોળ. 'નહિ રે બાંધુ રે રાણા નહિ બાંધું. પરણી મારા પ્રભુજીની સાથ બીજાના મીંઢોળ નહિ રે બાંધુ.' ધર્મી કહે છે મારી લગની તો આત્મા સાથે લાગી છે. હવે મારો રાગ અને યોગ સ્વભાવ મારો થાય સ્વામી થાઉં એમ ન થાય. આહા..હા..! સમજાણું કાંઈ? એક મ્યાનમાં બે તલવાર ન રહે. અમે તો જ્ઞાનસ્વરૂપી આત્મા, એની લગની લાગી એમાં રાગની લગની છૂટી ગઈ. સમજાણું કાંઈ? આહા..હા..!

'**નિમિત્તથી થયેલી ઉપાધિ માને છે. તેને ક્રોધાદિક કર્મો ઉદયમાં આવીને ખરી જાય છે...**' .. બંધ થાય નહિ. '**આગામી એવો બંધ કરતાં નથી કે જેથી સંસારનું ભ્રમણ વધે;...**' એમ જેનાથી સંસાર વૃદ્ધિ પામે એવું એને જ્ઞાનીને બંધન થાય અને રાગાદિ હોય નહિ. વાસના જરી હોય, પણ જેમાં આનંદપણું નથી. મારો સ્વભાવ ભગવાન આત્મા છે એ હું છું. એમ સ્વભાવના ધણીપતે વર્તનારો વિકારના સ્વામીપણે છૂટી ગયેલો. એ આનું નામ ધર્મ કહીએ એમ કહે છે અહીં. આહા..હા..! સમજાણું કાંઈ? એને ખરી જાય છે આવેલું

કર્મ. કારણ કે ત્યાં ધણીપતું નથી. અને આગામી એવો બંધ ન કરે કે જે સંસારનું ભ્રમણ ભવ વધે. અસ્થિરતાને લઈને થોડો ભ્રમ થાય ઈ તો. આહા..હા..! સમજાણું કાંઈ? એ પણ આવીને પાછો ભવિષ્યમાં ખરવા માટે આવે છે. આહા..હા..! .. ચૈતન્યની ઋદ્ધિ એ ભગવાન જ્ઞાનાનંદ ચૈતન્ય બ્રહ્મ પ્રભુ એના પ્રેમમાં જોડાણો એને રાગના પ્રેમ હવે હોય નહિ. આવે એ ખરી જાય અને અલ્પબંધ ઘડીકમાં થાય પણ સંસાર વધે એવો બંધ ન હોય એને. ચાહે તો ગૃહસ્થાશ્રમમાં હોય. આહા..હા..! છ ખંડના રાજમાં ચક્રવર્તી હોય સમકિતી. જેને છન્નું હજાર સ્ત્રીના લગન હોય. પણ ક્યાંય એને સુખ ચોટતું નથી ક્યાંય. પોતાના આનંદસ્વભાવના પ્રેમમાં ક્યાંય ચિત્ત ચોટે નહિ. લૂલી દૃષ્ટિ થઈ ગઈ. મીંદડી જેમ એ ડાંગ વાગે અને કેડ ભાંગી ગઈ એમ રાગની એકતા ભાગી ગઈ, તૂટી ગઈ છે. સમજાણું કાંઈ? પછી મીંદડી ચાલે ખરી પણ લંગડી લંગડી ચાલે. ઢીંઢુ ટૂટી ગયુંને? એય..! એમ ધર્મીને જરી રાગાદિ થાય તો કેડ ટૂટી ગઈ એની. .. ઢસરડા થોડા છે એને જ્ઞાની જાણે છે. એય..! ...ભાઈ! આવું છે આ. વિઠ્ઠલભાઈ કહે આ મારો ગયો ક્યાં? પણ એને વિશ્વાસમાં આવે છે ક્યાં? સમજાણું કાંઈ? કારણ કે જે ચીજ છે અંદર. વર્તમાન પ્રગટમાં તો પુણ્ય અને પાપના ભાવ અને કાં એને જાણવાની અવસ્થા વર્તમાન પર્યાય એવી પ્રગટ છે. તો એની પાછળ આખું તત્ત્વ છે ધ્રુવ એ તો જોયું નથી. એનો વિશ્વાસ નથી, એનો આશ્રય નથી, એનું અવલંબન લીધું નથી. એને મોટપ આપી નથી. સમજાણું કાંઈ? આહા..હા..! કેમકે એની દૃષ્ટિ તો મોટપમાં, બહારમાં છે. અને બહુ તો એક સમયની અવસ્થાની મોટપ આપે છે એ. એક સમયની પર્યાય બસ એ હું. સમજાણું કાંઈ?

જ્ઞાનીને હું પૂર્ણાનંદનો નાથ ચૈતન્ય અને આનંદસ્વભાવી મારી ચીજ છે. એ વિકાર સ્વભાવવાળી મારી ચીજ નથી. આહા..હા..! એ '**આગામી એવો બંધ કરતાં નથી કે જેથી સંસારનું ભ્રમણ વધે; કારણ કે (જ્ઞાની) પોતે ઉદ્યમી થઈને...**' હવે શું કહે છે એ? ધર્મી જીવ પ્રેમ કરીને રાગને કરે છે એમ નથી કહે છે. ધર્મી જીવ પોતે ઉદ્યમી થઈને ક્રોધ, માન, માયારૂપે પરિણમતો નથી. પ્રેમાળ કરીને વિકારપણે પરિણમતો નથી. આહા..હા..! એમ કહે છે. અજ્ઞાની તો રાગના પ્રેમાળમાં પડેલો રાગરૂપે, અજ્ઞાનરૂપે થાય છે. સમજાણું કાંઈ?

'**અને જોકે ઉદયની બળજોરીથી પરિણમે છે...**' એટલે? ભાવકર્મની દશા જ્યાં અસ્થિરતા છે એની ભૂલ છે થોડી. એને લઈને રાગાદિરૂપે થાય. અહીં તો એને થાય એમ કીધું. નહિતર તો ખરેખર તો શુદ્ધ પરિણમન જ એને છે. અશુદ્ધ પરિણમન એ પરમાં જાય છે. પણ એની પર્યાયમાં થાય છેને એટલે એને કહ્યું છે. જ્ઞાનસ્વભાવ છેને. ઈ જાણે છે કે આ પરિણમન રાગની ધારામાં છે. દૃષ્ટિને લઈને જુઓ તો એમાં ફેર નહિ કાંઈ. એનું પરિણમન જ એકલું

શુદ્ધ અને આનંદ છે. પણ જ્ઞાનનો સ્વભાવ સ્વ અને પર બેય જાણવાનો છે. સમજાણું કાંઈ? એટલે જ્ઞાન ત્રિકાળીમાં નથી એમ જાણે છે અને વર્તમાનમાં મલિનતાની દશા થઈ છે એને જાણે છે. ભારે ધર્મ ભાઈ! આવો ધર્મ કેવો? નહિ તો એમ કહે કોકની દયા પાળવી, વિધવાના આંસુ લૂછવા, મદદ કરવી, નબળા હોય તો જરી મદદ કરવી, નાગાના કપડા દેવા, ભૂખ્યાને આહાર દેવા, તરસ્યાને પાણી દેવા, મકાન ન હોય એને ઓટલો દેવો. કોણ દે સાંભળને હવે મારા.

અહીં તો કહે છે પોતે ધર્મી જીવ પોતાના ચૈતન્ય સ્વભાવના પ્રેમમાં ઉદ્યમ થઈને ..પણે નથી થતો. ઉદયની બળજોરથી પરિણમે. .. ત્યાં હિન્દીમાં. સમજાણું? આ હિન્દીમાં આનો અર્થ કર્યો છે. ... આ પાને છે. 'સમ્યગ્દૃષ્ટિકી રુચિ સર્વદા શુદ્ધાત્મદ્રવ્યકે પ્રતિ હોતી હૈ. સમ્યગ્દૃષ્ટિ ધર્મીકી રુચિ કેવલ સ્વભાવ આનંદમાં પ્રીતિ હોય છે. ઉનકો કભી રાગ-દ્વેષ આદિ ભાવોંકી રુચિ નહીં હોતી.' ધર્મીને પુણ્ય અને પાપના વિકારીભાવની રુચિ હોતી નથી. 'ઉસકો જો રાગ-દ્વેષકા ભાવ હોતા હૈ, ઉસકો જો રાગ-દ્વેષકી પર્યાય હોતી હૈ વહ સ્વયંકી નિર્બળતાસે હી કેવલ ઉસકે સંયમકે પાકસે હી હોતે હૈ.' ખુલાસો કર્યો. ... પ્રેમ નથી પણ અસ્થિરતાને લઈને થઈ જાય છે. 'ઈસકાર ઉન ભાવોંકો કર્મકી બલવતતા સે હોનેવાલે ભાવ કહનેમેં આતા હૈ.' પુણ્ય અને પાપ કર્મના જોરથી થયું એમ કહેવામાં આવે છે. નબળાઈને લઈને આવે છે. નબળાઈને કારણે. 'ઈસસે ઐસા નહિ સમજના કે જડ દ્રવ્યકર્મ આત્મા કે ઉપર લેશમાત્ર ભી જોર કર સકતે હૈ.' જૂના કર્મ જોર કરીને રાગ કરાવે એમ ન સમજવું. 'પરંતુ ઐસા સમજના કિ વિકારી ભાવ હોનેપરભી સમ્યગ્દૃષ્ટિ મહાત્માકી શુદ્ધાત્મ દૃષ્ટિમેં કિંચિત્‌ભી કમી નહીં.' શુદ્ધ પૂર્ણ પવિત્રની દૃષ્ટિને કાંઈ ગણ્યું છે નહિ. ... સમજાય છે કાંઈ? 'માત્ર ચારિત્ર આદિ સંબંધી નિર્બળતા હૈ.' રુચિને લઈને નહિ એમ. 'ઐસા ..બદલાને કે લિયે ઐસા કહા હૈ. જહાં જહાં કર્મકી બલવતતા, કર્મકી જબરદસ્તી, કર્મકા જોર ઈત્યાદિ કથન હોવે વહાં વહાં ઐસા આશય સમજના.' ...

કહે છે આહા..હા..! આત્મા પરમાત્મસ્વરૂપ જ છે અને તેનું હોવાપણું પવિત્ર જ છે. એમ જ્યાં અંતર દૃષ્ટિની રુચિ થઈ, હવે રાગની રુચિ ન રહી છતાં રાગ થાય એ અસ્થિરતાનું કારણ છે. '**તોપણ જ્ઞાતાપણું ચૂકીને પરિણમતો નથી;...**' આહા..! હું જાણનાર-દેખનાર છું એમ છોડીને રાગરૂપે થતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું ભાઈ આવી આકરી! '**જ્ઞાનીનું સ્વામિત્વ નિરંતર જ્ઞાનમાં જ વર્તે છે...**' પોતાનો ... શુદ્ધ ચૈતન્ય છે એમાં એનું સ્વામીપણું વર્તે છે. અજ્ઞાનીનું રાગ અને દ્વેષમાં સ્વામીપણું વર્તે છે. આહા..હા..! '**તેથી તે ક્રોધાદિભાવોનો અન્ય જ્ઞેયોની માફક જ્ઞાતા જ છે,...**' લ્યો! એ શરીર પર છે એમ જોવે છે અને રાગાદિ થાય એ પર છે એમ જોવે છે ધર્મી. અજ્ઞાની એ મારા

છે એમ જોવે છે. આટલો ફેર છે. દૃષ્ટિના ફેરે સૃષ્ટિ બધી પલટી ગઈ. આહા..હા..! '**કર્તા નથી.**' એ ધર્મી શુભ-અશુભ ભાવનો રચનાર નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કરતો નથી. કરવા જેવું છે એવી બુદ્ધિએ કરતો નથી. પરિણમન છે એને જાણે છે. આહા..હા..! ભારે વાતું ભાઈ! વીતરાગ માર્ગને સમજવો. સંપ્રદાયમાં તો એ ગંધ પણ નથી. જુઓને આવી વાતું સ્થાનકવાસીમાં માને. આહા..હા..! છતાં ધર્મી જીવો અણુ અણુએ ધર્મમાં ઓતપ્રોત છે. એય..! જેઠાભાઈ! આવી વાત છે.

મુમુક્ષુ :- અજ્ઞાનમાં ઓતપ્રોત છે.

ઉત્તર :- ઓતપ્રોત છે. આહા..હા..! બાપુ! તને ખબર નથી. ભાઈ! આ તો ચૈતન્યસ્વરૂપ છે ભગવાન. એ પણ સર્વજ્ઞ તીર્થંકરે કહ્યો એવો આત્મા હોં. અજ્ઞાની કલ્પીને કહે એ આત્મા નહિ. વીતરાગ પરમેશ્વર કેવળી કહે છે અસંખ્ય પ્રદેશી અનંતગુણનો પિંડ. અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર અનંતગુણનું ધામ એવું એક દ્રવ્ય. ત્રિકાળીપણે એમ લીધું છે. સમજાણું કાંઈ? દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ. એવો જે આત્માભાવ એને જેણે સ્વીકાર્યો છે એવા ધર્મી જીવને ધર્મની પર્યાયમાં જરી નબળાઈને લઈને રાગાદિ થાય એનો એ સ્વામી થતો નથી.

'**કર્તા નથી. આ રીતે જ્ઞાનીના સર્વ ભાવો...**' ભારે આકરી વાતું! હવે ઓલા કહે કે દસમા ગુણસ્થાન સુધી રાગ છે. પણ રાગ એટલે શું? રાગ એ.. છે તો એનામાં છે. છ દ્રવ્યસ્વરૂપ લોક જ્ઞેય છે, વ્યક્ત છે. એનાથી ભગવાન ભિન્ન અવ્યક્ત છે. પહેલો બોલ આહા..હા..! અરે..! એના ઘરની વાતું, એના ઘરમાં માહાત્મ્ય એણે સાંભળ્યા નથી. અને પારકા ઘરની વાતું સાંભળીને ખુશી-ખુશી થઈ ગયો. ઘરે હરિજન પૈસાવાળો થયો ખુશી પણ તારે શું એમાં? સમજાણું કાંઈ? એણે આવા પુણ્ય કર્યા અને એનાથી આ શરીર થયું અને એનાથી મોટા રાજા થયા. એનાથી આ થયું. બધી હોળી સળગી છે બધી. આહા..હા..! ચૈતન્ય ભગવાન આનંદનો નાથ એને મિથ્યાશ્રદ્ધાએ દબાવી દીધો છે. તારી મોટપ નહિ. મોટપ તો આની છે કહે છે. પુણ્ય ને રાગ ને, પુણ્ય પાપ ને ભાવ ને એના ફળ.

'**આ રીતે જ્ઞાનીના સર્વ ભાવો...**' ધર્મીની દૃષ્ટિ સ્વભાવ ઉપર છે એથી દૃષ્ટિ જેવી સૃષ્ટિ. એથી એને આનંદ આદિની પર્યાયો શુદ્ધ પરિણમે છે. અજ્ઞાનીની દૃષ્ટિ વિકાર અને પુણ્ય-પાપ ઉપર છે. દૃષ્ટિ એવી સૃષ્ટિ. એથી ત્યાં સૃષ્ટિ નામ વિકારના ભાવની જ ઉત્પત્તિ થાય છે. દૃષ્ટિ ઉપર બધો આધાર છે. સમજાણું કાંઈ? અને દૃષ્ટિનો આશ્રય તો ત્રિકાળી દ્રવ્ય છે. અજ્ઞાનીને દૃષ્ટિના આશ્રયમાં રાગ તે મારી ... આહા..હા..! સમજાણું કાંઈ? આકરી વાત છે, ભાઈ! જન્મ-મરણથી રહિત છે એ. આ ચોર્યાસીના અવતારમાં દુઃખી, દુઃખી, દુઃખી બિચારા છે. એ પૈસાવાળા દુઃખી, શેઠિયા દુઃખી, રાજા દુઃખી, દેવ દુઃખી. આહા..હા..!

આત્માના આનંદના ભાન વિના બધા પ્રાણી દુઃખી. એક પછી એક અવતાર. આહા..હા..! એ દુઃખથી મટાડવાનો ઉપાય એક ત્રિકાળી દ્રવ્ય છે એનો આશ્રય લેવાનો ઉપાય છે. સમજાણું કાંઈ? પછી જરી રાગ રહે પણ એનું .. બંધન રહેતું નથી. વિશેષ હવે આગળ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૬૮

(अनुष्टुभ्)

अज्ञानमयभावानामज्ञानी व्याप्य भूमिकाम्।
द्रव्यकर्मनिमित्तानां भावानामेति हेतुताम्।।६८।।

હવે આગળની ગાથાની સૂચનાના અર્થરૂપ શ્લોક કહે છેઃ-

શ્લોકાર્થ :- [अज्ञानि] અજ્ઞાની [अज्ञानमयभावानाम् भूमिकाम् ] (પોતાના) અજ્ઞાનમય ભાવોની ભૂમિકામાં [व्याप्य] વ્યાપીને [द्रव्यकर्मनिमित्तानां भावानाम् ] (આગામી) દ્રવ્યકર્મનાં નિમિત્ત જે (અજ્ઞાનાદિક) ભાવો તેમના [हेतुताम् एति] હેતુપણાને પામે છે (અર્થાત્ દ્રવ્યકર્મના નિમિત્તરૂપ ભાવોનો હેતુ બને છે).૬૮.

**માગશર સુદ-૩, શુક્રવાર, તા. ૦૮-૧૨-૧૯૭૨**
**ગાથા- ૧૩૨ થી ૧૩૬, કળશ-૬૮, પ્રવચન-૨૪૬**

આ કર્તાકર્મ અધિકાર છે. એટલે કે આત્મા કોનો કોનો કર્તા થાય અને એનું કાર્ય શું? એનો અધિકાર છે. 'હવે આગળની ગાથાની સૂચનાના અર્થરૂપ શ્લોક કહે છે :—' ૬૮.

(अनुष्टुभ्)

अज्ञानमयभावानामज्ञानी व्याप्य भूमिकाम्।
द्रव्यकर्मनिमित्तानां भावानामेति हेतुताम्।।६८।।

આ આત્મા જે છે વસ્તુ ભગવાન એ તો શુદ્ધ આનંદ ચૈતન્યસ્વરૂપ છે. આ દેહ તો જડ છે. અંદર આત્મા જે છે એ આત્માનું સ્વરૂપ અનંત જ્ઞાન અને અનંત આનંદ એનું સ્વરૂપ છે. એનો સ્વભાવ અનંત આનંદ અને અનંત જ્ઞાન એનો સ્વભાવ છે. એને ભૂલીને જે અજ્ઞાનભાવ અજ્ઞાની કરે પુણ્ય અને પાપના વિકલ્પો જે રાગ છેને શુભ-અશુભ રાગ. એનો એ કર્તા થાય એ અજ્ઞાનભાવ છે. ચિદાનંદ સ્વરૂપ પ્રભુ આત્મા સચ્ચિદાનંદ મૂર્તિ છે એ તો. એના સ્વભાવનો કર્તા ન થતાં, વિભાવ, વિકાર, શુભ-અશુભ લાગણીઓ, વૃત્તિઓ જે શુભ-અશુભ થાય, એનો કર્તા થાય તો તે એનું કર્મ એટલે કાર્ય કહેવાય અજ્ઞાનીનું.

તો **'અજ્ઞાની (પોતાના) અજ્ઞાનમય ભાવોની ભૂમિકામાં વ્યાપીને...'** પોતાનો આનંદસ્વભાવ એને ભૂલી અને રાગ-દ્વેષના પરિણામરૂપી અજ્ઞાનભાવ એમાં વ્યાપે છે. **'(પોતાના) અજ્ઞાનમય ભાવોની ભૂમિકા...'** ભગવાન ચૈતન્ય સ્વરૂપ આનંદમૂર્તિ પ્રભુ છે આત્મા. એને ભૂલીને પોતે પોતામાં થતાં રાગ-દ્વેષ, પુણ્ય અને પાપરૂપી અજ્ઞાનભાવ એમાં પ્રસરે છે અને વ્યાપે છે. ભારે કામ! કહો, પોપટભાઈ! આ પરનું કાંઈ કરતો નથી આ એમ કહે છે. એના ભાવને કરે. બસ. આહા..હા..! સચ્ચિદાનંદ પ્રભુ ચૈતન્યના તેજનું જેનું જ્ઞાનરૂપી તેજ છે આત્મામાં. જ્ઞાનરૂપી જેનું મૂળ છે. એવો જે ભગવાન આત્મા એ પોતે પોતાને ભૂલીને. રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ જે અજ્ઞાનમય ભાવ છે એમાં એ વ્યાપે છે એટલે ઠરે છે. એમાં એ પ્રસરે છે. આહા..! સમજાણું કાંઈ?

**'(આગામી) દ્રવ્યકર્મનાં નિમિત્ત જે (અજ્ઞાનાદિક) ભાવો તેમના...'** નવા કર્મ જે બંધાય એનું નિમિત્ત જે ભાવ, અજ્ઞાનભાવ, રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ એનો હેતુ આત્મા થાય છે. અજ્ઞાની. જ્ઞાનરૂપ પ્રભુ છે. ચૈતન્ય નિરંજર નિરાકાર શુદ્ધ આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ. એને ભૂલી અનાદિથી શુભ અને અશુભની લાગણીનો ભાવ થાય એ અજ્ઞાન છે. એ ચૈતન્યના સ્વભાવની જાત નથી. એવા અજ્ઞાનમાં વ્યાપી એટલે પ્રસરી અને નવા કર્મના ભાવનું નિમિત્ત થાય છે. નવા કર્મના ભાવનો હેતુ થાય છે. નવા કર્મ બંધાય એનું નિમિત્ત ભાવ. એ ભાવનો હેતુ જીવ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! અને ચૈતન્યદેવ અંદરમાં એ શું ચીજ છે અંદર અને એનો સ્વભાવ શું છે એની કોઈ દિ' સંભાળ લીધી જ નથી. અને બહારમાં ને બહારમાં .. અંદરથી સ્વભાવને ભૂલી ગયો છે.

કહે છે અજ્ઞાની પોતાના ભાવને, વિપરીતભાવને પોતાના માની એમાં પ્રસરે છે. એ ભાવ નવા કર્મમાં નિમિત્ત છે. નવા બંધનમાં નિમિત્ત છે. ધર્મ નથી એ ભાવ. નવા કર્મબંધનમાં એ નિમિત્ત છે. જે ભાવનો હેતુ જીવ પોતે થાય છે. આહા..હા..! ઝીણી વાત છે આ. આ બધા પૈસા-બૈસા જે કાંઈ છે એની અહીં વાત નથી. ..ભાઈ! આ .. ઓલામાં ધૂળમાંય

નથી એ તો. એ તો પૂર્વના પુણ્યના પડ્યા હોય રજકણ સોગઠી ગોઠવાઈ જાય તો એમ માને કે અમે ડાહ્યા છીએ અને મળ્યા પૈસા. મૂર્ખ છે મોટો એમ કહે છે અહીંયાં. સમજાણું કાંઈ? બુદ્ધિ વિનાના માણસ સાધારણ છે તો લાખો પેદા નથી કરતા? એ તો પૂર્વના ભાગ્ય હોય એમાં એ સોગઠી ગોઠવાઈ જાય છે. અને બુદ્ધિના ખાં હોય એને પાંચસો, હજાર પેદા કરવા પણ મુશ્કેલ પડે છે. એ બાહ્યની ચીજની પ્રાપ્તિ એ વર્તમાન હોશીયારીનું ફળ એમ નથી. પણ આ જે ભૂલ કરવી એ તો એનું ફળ છે. આહા..હા..! રાગ અને દ્વેષ, શુભ અને અશુભભાવ એ અજ્ઞાનભાવ છે. ખરેખર સ્વરૂપભાવ નથી. એ અજ્ઞાનમાં પોતે પોતાના સ્વરૂપમાં ન આવતા. ચૈતન્ય જ્યોતનું નૂર પ્રભુ તેજ છે આત્મા. એના તેજમાં ન આવતા. અંધારા જે પુણ્ય-પાપના ભાવ એમાં આવીને વ્યાપે છે. સમજાણું કાંઈ? અને એ ભાવ નવા કર્મમાં નિમિત્ત થાય છે અને એ ભાવને આત્મા હેતુ થાય છે. આહા..હા..! એ ગાથા ઉપર છે. એ ભાવ બતાવે છે.

## ગાથા-૧૩૨ થી ૧૩૬

अण्णाणस्स स उदओ जा जीवाणं अतच्चउवलद्धी।
मिच्छत्तस्स दु उदओ जीवस्स असद्दहाणत्त।।१३२।।
उदओ असंजमस्स दु जं जीवाणं हवेइ अविरमणं।
जो दु कलुसोवओगो जीवाणं सो कसाउदओ।।१३३।।
तं जाण जोगउदयं जो जीवाणं तु चिट्ठउच्छाहो।
सोहणमसोहणं वा कायव्वो विरदिभावो वा।।१३४।।
एदेसु हेदुभूदेसु कम्मइयवग्गणागदं जं तु।
परिणमदे अट्ठविहं णाणावरणादिभावेहिं।।१३५।।
तं खलु जीवणिबद्धं कम्मइयवग्गणागदं जइया।
तइया दु होदि हेदु जीवो परिणामभावाणं।।१३६।।
अज्ञानस्य स उदयो या जीवानामतत्त्वोपलब्धिः।
मिथ्यात्वस्य तूदयो जीवस्याश्रद्दधानत्वम्।।१३२।।
उदयोऽसंयमस्य तु यज्जीवानां भवेदविरमणम्।
यस्तु कलुषोपयोगो जीवानां स कषायोदयः।।१३३।।

तं जानीहि योगोदयं यो जीवानां तु चेष्टोत्साहः।
शोबनोऽशोभनो वा कर्तव्यो विरतिभावो वा।।१३४।।
एतेषु हेतुभूतेषु कार्मणवर्गणागतं यत्तु।
परिणमतेऽष्टविधं ज्ञानावरणादिभावैः।।१३५।।
तत्खलु जीवनिबद्धं कार्मणवर्गणागतं यदा।
तदा तु भवति हेतुर्जीवः परिणामभावानाम्।।१३६।।

अतत्त्वोपलब्धिरूपेण ज्ञाने स्वदमानो अज्ञानोदयः। मिथ्यात्वासंयकषाययोगोदयाः कर्महेतवस्तन्मयाश्चत्वारो भावाः। तत्त्वाश्रद्धानरूपेण ज्ञाने स्वदमानो मिथ्यात्वोदयः, अविरमणरूपेण ज्ञाने स्वदमानोऽसंयमोदयः, कलुषोपयोगरूपेम ज्ञाने स्वदमानः कषायोदयः, शुभाशुभप्रवृत्तिनिवृत्तिव्यापाररूपेण ज्ञाने स्वदमानो योगोदयः। अथैतेषु पौद्गलिकेषु मिथ्यात्वाद्युदयेषु हेतुभूतेषु यत्पुद्गलद्रव्यं कर्मवर्गणागतं ज्ञानावरणादिभावैरष्टधा स्वयमेव परिणमते तत्खलु कर्मवर्गणागतं जीवनिबद्धं यदा स्यात्तदा जीवः स्वयमेवाज्ञाना–त्परात्मनोरेकत्वाध्यासेनाज्ञानमयानां तत्त्वाश्रद्धानादीनां स्वस्य परिणामभावानां हेतुर्भवति।

---

આ જ અર્થ પાંચ ગાથાઓથી કહે છે :—

અજ્ઞાન તત્ત્વ તણું જીવોને, ઉદય તે અજ્ઞાનનો,
અપ્રતીત તત્ત્વની જીવને જે, ઉદય તે મિથ્યાત્વનો; ૧૩૨.
જીવને અવિરતભાવ જે, તે ઉદય અણસંયમ તણો,
જીવને કલુષ ઉપયોગ જે, તે ઉદય જાણ કષાયનો; ૧૩૩.
શુભ કે અશુભ પ્રવૃત્તિ કે નિવૃત્તિની ચેષ્ટા તણો
ઉત્સાહ વર્તે જીવને, તે ઉદય જાણ તું યોગનો. ૧૩૪.
આ હેતુભૂત જયાં થાય, ત્યાં કાર્મણવરગણારૂપ જે,
તે અષ્ટવિધ જ્ઞાનાવરણઈત્યાદિભાવે પરિણમે; ૧૩૫.
કાર્મણવરગણારૂપ તે જયાં જીવનિબદ્ધ બને ખરે,
આત્માય જીવપરિણામભાવોનો તદા હેતુ બને. ૧૩૬.

ગાથાર્થ :- [जीवानाम्] જીવોને [या] જે [अतत्त्वोपलब्धि:] તત્ત્વનું અજ્ઞાન (અર્થાત્ વસ્તુસ્વરૂપનું અયથાર્થ-વિપરીત જ્ઞાન) છે [स:] તે [अज्ञानस्य] અજ્ઞાનનો [उदय] ઉદય છે [तु] અને [जीवस्य] જીવને [अश्रद्दधानत्वम्] જે (તત્ત્વનું) અશ્રદ્ધાન છે તે [मिथ्यात्वस्य]

મિથ્યાત્વનો [उदयः] ઉદય છે; [तु] વળી [जीवानां] જીવોને [यद] જે [अविरमणम्] અવિરમણ અર્થાત્ અત્યાગભાવ છે તે [असंयमस्य] અસંયમનો [उदयः] ઉદય [भवेत्] છે [तु] અને [जीवानां] જીવોને [यः] જે [कलुषोपयोगः] મલિન (અર્થાત્ જાણપણાની સ્વચ્છતા રહિત) ઉપયોગ છે [सः] તે [कषायोदयः] કષાયનો ઉદય છે; [तु] વળી [जीवानां] જીવોને [यः] જે [शोभनः अशोभनः वा] શુભ કે અશુભ [कर्तव्यः विरतिभावः वा] પ્રવૃત્તિ કે નિવૃત્તિરૂપ [चेष्टोत्साहः] (મનવચનકાયા-આશ્રિત) ચેષ્ટાનો ઉત્સાહ છે [तं] તે [योगोदयं] યોગનો ઉદય [जानिहि] જાણ.

[एतेषु] આ (ઉદયો) [हेतुभूतेषु] હેતુભૂત થતાં [यत् तु] જે [कार्मणवर्गणागतं] કાર્મણ-વર્ગણાગત (કાર્મણવર્ગણારૂપ) પુદ્‌ગલદ્રવ્ય [ज्ञानावरणादिभावैः अष्टविधं] જ્ઞાનાવરણાદિભાવોરૂપે આઠ પ્રકારે [परिणमते] પરિણમે છે, [तत् कार्मणवर्गणागतं] તે કાર્મણવર્ગણાગત પુદ્‌ગલદ્રવ્ય [यदा] જ્યારે [खलु] ખરેખર [जीवनिबद्धं] જીવમાં બંધાય છે [तदा तु] ત્યારે [जीवः] જીવ [परिणामभावानाम्] (પોતાના અજ્ઞાનમય) પરિણામભાવોનો [हेतुः] હેતુ [भवति] થાય છે.

ટીકા :- તત્ત્વના અજ્ઞાનરૂપે (અર્થાત્ વસ્તુસ્વરૂપની અન્યથા ઉપલબ્ધિરૂપે) જ્ઞાનમાં સ્વાદરૂપ થતો (-સ્વાદમાં આવતો) અજ્ઞાનનો ઉદય છે. મિથ્યાત્વ, અસંયમ, કષાય અને યોગના ઉદયો-કે જેઓ (નવાં) કર્મના હેતુઓ છે તેઓ- તે-મય અર્થાત્ અજ્ઞાનમય ચાર ભાવો છે. તત્ત્વના અશ્રદ્ધાનરૂપે જ્ઞાનમાં સ્વાદરૂપ થતો મિથ્યાત્વનો ઉદય છે; અવિરમણરૂપે (અત્યાગભાવરૂપે) જ્ઞાનમાં સ્વાદરૂપ થતો અસંયમનો ઉદય છે; કલુષ (મલિન) ઉપયોગરૂપે જ્ઞાનમાં સ્વાદરૂપ થતો કષાયનો ઉદય છે; શુભાશુભ પ્રવૃત્તિ કે નિવૃત્તિના વ્યાપારરૂપે જ્ઞાનમાં સ્વાદરૂપ થતો યોગનો ઉદય છે. આ પૌદ્‌ગલિક મિથ્યાત્વાદિના ઉદયો હેતુભૂત થતાં જે કાર્મણવર્ગણાગત પુદ્‌ગલદ્રવ્ય જ્ઞાનાવરણાદિભાવે આઠ પ્રકારે સ્વયમેવ પરિણમે છે, તે કાર્મણવર્ગણાગત પુદ્‌ગલદ્રવ્ય જ્યારે જીવમાં નિબદ્ધ થાય ત્યારે જીવ સ્વયમેવ અજ્ઞાનથી સ્વપરના એકત્વના અધ્યાસને લીધે તત્ત્વ-અશ્રદ્ધાન આદિ પોતાના અજ્ઞાનમય પરિણામભાવોનો હેતુ થાય છે.

ભાવાર્થ :- અજ્ઞાનભાવના ભેદરૂપ જે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગના ઉદયો તે પુદ્‌ગલના પરિણામ છે અને તેમનો સ્વાદ અતત્ત્વશ્રદ્ધાનાદિરૂપે જ્ઞાનમાં આવે છે. તે ઉદયો નિમિત્તભૂત થતાં, કાર્મણવર્ગણારૂપ નવા પુદ્‌ગલો સ્વયમેવ જ્ઞાનાવરણાદિ કર્મરૂપે પરિણમે છે અને જીવ સાથે બંધાય છે; અને તે સમયે જીવ પણ સ્વયમેવ પોતાના અજ્ઞાનભાવથી અતત્ત્વશ્રદ્ધાનાદિ ભાવોરૂપે પરિણમે છે અને એ રીતે પોતાના અજ્ઞાનમય ભાવોનું કારણ

પોતે જ થાય છે.

મિથ્યાત્વાદિનો ઉદય થવો, નવાં પુદ્‌ગલોનું કર્મરૂપે પરિણમવું તથા બંધાવું, અને જીવનું પોતાના અતત્ત્વશ્રદ્ધાનાદિ ભાવોરૂપે પરિણમવું-એ ત્રણેય એક સમયે જ થાય છે; સૌ સ્વતંત્રપણે પોતાની મેળે જ પરિણમે છે, કોઈ કોઈને પરિણમાવતું નથી.

## ગાથા-૧૩૨ થી ૧૩૬ ઉપર પ્રવચન

૧૩૨ ગાથા છેને?

अण्णाणस्स स उदओ जा जीवाणं अतच्चउवलद्धी।
मिच्छत्तस्स दु उदओ जीवस्स असद्दहाणत्त।।१३२।।
उदओ असंजमस्स दु जं जीवाणं हवेइ अविरमणं।
जो दु कलुसोवओगो जीवाणं सो कसाउदओ।।१३३।।
तं जाण जोगउदयं जो जीवाणं तु चिट्ठउच्छाहो।
सोहणमसोहणं वा कायव्वो विरदिभावो वा।।१३४।।
एदेसु हेदुभूदेसु कम्मइयवग्गणागदं जं तु।
परिणमदे अट्ठविहं णाणावरणादिभावेहिं।।१३५।।
तं खलु जीवणिबद्धं कम्मइयवग्गणागदं जइया।
तइया दु होदि हेदु जीवो परिणामभावाणं।।१३६।।

આહા..હા..! ઝીણી વાત છે ભાઈ! અનંતકાળથી રખડે છે ચોર્યાસીના અવતારમાં. અનાદિનો આત્મા છે. નવો થાય છે? છે આ તો અનાદિનું તત્ત્વ છે. છે... છે... છે... છે... આનંદકંદ જ્ઞાનસ્વરૂપ આત્મા અનાદિનો છે, શાશ્વત છે. અનાદિ-અનંત રહે છે. ઉત્પત્તિ નવી છે એની? છે એની ઉત્પત્તિ શું? છે. અનાદિ છે. છે અનંતા રહેશે. પણ એ ચીજના ભાન વિના અનાદિથી અજ્ઞાની વિકારના પરિણામને મારા માની, જે ખરેખર જીવની જાતના નથી અને મિથ્યાત્વભાવને સેવી ચાર ગતિમાં રખડે છે. હરિગીત.

**અજ્ઞાન તત્ત્વ તણું જીવોને, ઉદય તે અજ્ઞાનનો,**
**અપ્રતીત તત્ત્વની જીવને જે, ઉદય તે મિથ્યાત્વનો; ૧૩૨.**
**જીવને અવિરતભાવ જે, તે ઉદય અણસંયમ તણો,**

**જીવને કલુષ ઉપયોગ જે, તે ઉદય જાણ કષાયનો; ૧૩૩.**
**શુભ કે અશુભ પ્રવૃત્તિ કે નિવૃત્તિની ચેષ્ટા તણો**
**ઉત્સાહ વર્તે જીવને, તે ઉદય જાણ તું યોગનો. ૧૩૪.**
**આ હેતુભૂત જ્યાં થાય, ત્યાં કાર્મણવરગણારૂપ જે,**
**તે અષ્ટવિધ જ્ઞાનાવરણઈત્યાદિભાવે પરિણમે; ૧૩૫.**
**કાર્મણવરગણારૂપ તે જ્યાં જીવનિબદ્ધ બને ખરે,**
**આત્માય જીવપરિણામભાવોનો તદા હેતુ બને. ૧૩૬.**

હવે એની ટીકા. ઝીણો વિષય છે ભાઈ! અનંતકાળનો અભ્યાસ નહિ. ચૈતન્ય અંદર કોણ છે આ તે આત્મા? ટીકા છેને? પાઠ છે. '**તત્ત્વના અજ્ઞાનરૂપે (અર્થાત્ વસ્તુસ્વરૂપની અન્યથા ઉપલબ્ધિરૂપે)...**' જેવી ચીજ ભગવાન જ્ઞાનમૂર્તિ આત્મા છે. પ્રકાશ ચૈતન્યનો બિંબ એ આત્મા છે. ચૈતન્ય પ્રકાશનો બિંબ એવી રીતે ઉપલબ્ધિ પ્રાપ્તિ ન થતાં એનાથી વિરુદ્ધ દૃષ્ટિમાં પ્રાપ્તિ થવી. વસ્તુ(ની) તો અન્યથા ઉપલબ્ધિ '**જ્ઞાનમાં સ્વાદરૂપ થતો...**' જ્ઞાન સ્વરૂપ ભગવાનમાં સ્વાદરૂપ થતો. '**(-સ્વાદમાં આવતો) અજ્ઞાનનો ઉદય છે.**' આહા..હા..! એ ખરેખર જડનો ઉદય છે. ચૈતન્યસૂર્ય છે આત્મા તો. જેમ કિરણ ચૈતન્ય સૂર્ય પ્રકાશનો બિંબ છે. એનું એને ભાન નહિ હોવાથી, પૂર્વે જે ભાવે કર્મ બાંધ્યા હતા એ બાંધેલાનો ઉદય આવે ત્યારે સ્વાદમાં એ આવે. ઉપયોગમાં, જાણવામાં રાગાદિ. તો એ છે જડ. આહા..હા..! અજ્ઞાનનો ઉદય છે એ. સમુચ્ચય વાત કરી પહેલી.

ભગવાન આત્મા ચૈતન્ય પ્રકાશ જ્ઞાતા-દૃષ્ટા. એના જ્ઞાનમાં જે કાંઈ વસ્તુના સ્વરૂપથી ઉલટીદશા, વિપરીતભાવ એના ખ્યાલમાં જે આવે છે એ ઉદય જડનો છે. આત્માની જાત નહિ. સમજાય છે કાંઈ? ... '**મિથ્યાત્વ,...**' એની વ્યાખ્યા કરે છે. '**અસંયમ, કષાય અને યોગના ઉદયો-કે જેઓ (નવાં) કર્મના હેતુઓ છે...**' એ જડકર્મ જે છે એ નવા કર્મનો હેતુ છે. '**તેઓ- તે-મય અર્થાત્ અજ્ઞાનમય ચાર ભાવો છે.**' એ બધા અજ્ઞાનમય ચાર ભાવો છે. વિપરીત માન્યતા, અજ્ઞાન, કષાય અને શુભ-અશુભરાગ એ બધા અજ્ઞાનમય પુદ્ગલમયભાવ છે એ. છેને? '**તેઓ- તે-મય અર્થાત્ અજ્ઞાનમય ચાર ભાવો છે.**' એમ કીધુંને? મિથ્યાત્વ, અવ્રત, અત્યાગ, કષાય, રાગ, યોગ એ બધા અજ્ઞાનરૂપ ચાર ભાવ છે.

હવે એની વ્યાખ્યા. '**તત્ત્વના અશ્રદ્ધાનરૂપે જ્ઞાનમાં સ્વાદરૂપ થતો મિથ્યાત્વનો ઉદય છે;...**' જ્ઞાનમાં તત્ત્વથી વિરુદ્ધ, પુણ્યમાં સુખ છે, બહારમાં સુખ છે એવી બુદ્ધિનું થવું. આ પૈસામાં સુખ છે ધૂળમાં, એ જડ છે, માટી છે. આ છે એ માટી છે. અંદર ચૈતન્યનું તેજ છે એ આત્મા છે. બે ચીજ તદ્દન જુદી છે. .. ભાઈ! તમારા ધંધા કરતા જુદી વાત છે આ. આહા..હા..! અરે..! એનું .. સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ એટલે શાશ્વત, સત્ એટલે

અવિનાશી. ચિદ એટલે જ્ઞાન અને આનંદ એટલે સુખ. એવા જ્ઞાન અને સુખનો સાગર આત્મા છે. પણ એની એને અનાદિથી ખબર નથી. એને ન જાણતા '**તત્ત્વના અશ્રદ્ધાનરૂપે જ્ઞાનમાં સ્વાદરૂપ...**' આવવો. એ જાણવામાં વિપરીત માન્યતાનો અનુભવ થવો એ મિથ્યાત્વનો ઉદય છે. જડ છે એમ કહ્યું છે. આહા..હા..!

ચૈતન્યનો પ્રકાશનો ઉદય તો જ્ઞાન અને આનંદ હોય. ચેતનજી! અટપટી વાતું છે આ. ... ચૈતન્ય ગોળો અંદર જ્ઞાનની મૂર્તિ પ્રભુ. ચૈતન્ય સત્ત્વ.. અનાદિ-અનંત. એમાં તત્ત્વની અશ્રદ્ધાનરૂપ જ્ઞાનમાં સ્વાદ આવવો એ મિથ્યાત્વનો ઉદય છે. સમજાણું કાંઈ? એ કર્મના જડનો ઉદય છે એમ કહે છે. વિકાર. અન્યમાં એમ કહે છે જુઓ કર્મને લઈને રખડે. એ વાત નથી સાંભળને કઈ અપેક્ષાએ વાત છે? આહા..હા..! વસ્તુનું સ્વરૂપ વસ્તુ ચૈતન્ય પદાર્થ છે. ભગવાન આત્મા વસ્તુ છે. તે વસ્તુમાં અનંત શાંતિ જ્ઞાન, આનંદ આદિ વસેલા છે એમાં. એમાં વાસ્તુ કરવું, એમાં રહેવું એનું નામ ધર્મ છે. એમાંથી છૂટીને આ અતત્ત્વ શ્રદ્ધાનરૂપ ભાવ જે જડ છે એની ઝાંય અહીં દેખાય છે. એ જાત જુદી. સમજાણું કાંઈ? અત્યારે બંધ છે. ..ભાઈ આવ્યાને. ... ક્યારે નવરા થયા? સવારમાં નવરા થયા .. આવે છે. આહા..હા..!

ભગવાન! તારું સ્વરૂપ તો અંદર જ્ઞાનપ્રકાશ જાણે... જાણે... જાણે... જાણે... છેને? જ્યાં જો ત્યાં અહીં જોવે તો એ જાણે છે. જાણવું... જાણવું... જાણવું... ચૈતન્યનું નૂર એ પ્રકાશ છે. એવા ચૈતન્યના પ્રકાશમાં પોતાની દૃષ્ટિ નહિ હોવાથી કર્મના ઉદયમાં જોડાણ થઈને જે સ્વાદ આવે છે. અતત્ત્વ શ્રદ્ધા મિથ્યાબુદ્ધિ ઝેર છે.

મુમુક્ષુ :- જીવની પર્યાય હોવા છતાં એ જડ છે?

ઉત્તર :- જડ છે, અજ્ઞાનભાવ છે. અજ્ઞાનના ચાર પ્રકાર છે. એય..! આ તમારી .. ગયા ત્યાં? મોહનભાઈ! એને લાદીમાં .. સુઝ પડે ત્યાં આ નાખો, આ નાખો ધૂળમાં શું કહેવાય એ? લાદી કાપીને નાખેને. ઓલા દાણા-દાણા નાખેને. લાલને. ... એકફેરી જોયું હતું. જામનગરમાં નથી ઓલો વઢવાણવાળો. ..ભાઈ! એને છેને એ લાદીનું હતું. .. ઉતર્યા હતા. જઈએ તો એટલી બધી લાદી આ જાત ને આ જાત ને આ જાત. એના જાણપણામાં જે પરમાં રોકાઈ ગયો. એ અજ્ઞાનનો ઉદય છે. જયસુખભાઈ! આવી વાત છે, ભગવાન! આ તો જુદી જાત છે. આહા..હા..! તારી મહિમા શું કહેવી કહે છે. પણ તું ભૂલી ગયો છો એને. 'અપને કો આપ ભૂલ કે હૈરાન હો ગયા.' આત્મજ્ઞાન. એ આત્મજ્ઞાન જોઈએ એને ઠેકાણે પરનું જ્ઞાન કરવામાં રોકાણો અને અતત્ત્વશ્રદ્ધાનો સ્વાદ વિપરીત માન્યતા. રાગ એ હું, પુણ્ય એ હું. આહા..હા..! .. એ હજી આત્મા શું ચીજ છે એની દૃષ્ટિ થયા વિના, આત્મા પત્તો આમ આવ્યા વિના એમાં ઠરવું ક્યાંથી બને? તમારે ત્યાં કરવાની હતીને બધી? આવશ્યક અવશ્ય કરવું. શું? ઠરવું એમાં? પણ શેમાં? તે શું છે? એ ચીજની ખબર વિના

એમાં ઠરવું એમાં આવશ્યક ક્યાંથી લાવવું? આહા..હા..! ... વાત એવી છે. એ તત્ત્વ જ આખું ચીજ શું છે? આ બધા ત્યાગ કરો, વ્રત કરો, પણ કોનો ત્યાગ અને કોના ગ્રહણ પણ ખબર વિના? અંદર સચ્ચિદાનંદ પ્રભુ આનંદની મૂર્તિ પ્રભુ છે. અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનનું સ્વરૂપ એવું દૃષ્ટિમાં આવ્યા વિના એને જ્ઞેયનું જ્ઞાન થયા વિના ઠરવું શેમાં એની સૂઝ ક્યાં પડશે એને? એ પહેલા તો આત્મા શું ચીજ છે એનું એણે ભાન કરવું પડશે. આત્મજ્ઞાન જેને કહીએ. આત્મજ્ઞાન. રાગનું જ્ઞાન અને પરનું એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તત્ત્વના અશ્રદ્ધાનરૂપે જ્ઞાનમાં...**' એટલે જ્ઞાનના જાણવામાં '**સ્વાદરૂપ થતો મિથ્યાત્વનો ઉદય છે;...**' વિપરીત માન્યતાનો ઉદય જડનો છે. ચૈતન્યનો નહિ. ચૈતન્ય સ્વરૂપમાં ક્યાં વિપરીત માન્યતા હતી? સમજાણું કાંઈ? પર્યાય થાય નથી એમ નહિ, પણ છે એ જડના કારણે થઈ રહેલું જડ છે એ. આહા..હા..! '**અવિરમણરૂપે (અત્યાગભાવરૂપે)...**' આમ અત્યાગ, રાગનો અત્યાગ-ત્યાગ નહિ. રાગભાવ, પુણ્યભાવ, પાપભાવ એની આસક્તિ, એનો '**(અત્યાગભાવરૂપે) જ્ઞાનમાં સ્વાદરૂપ થતો અસંયમનો ઉદય છે;...**' અત્યાગનો ઉદય છે. સમજાણું કાંઈ? આત્મામાં અત્યાગભાવ રાગ અને પુણ્ય, દયા, દાન, વિકલ્પ વિકાર. એનો અત્યાગભાવ. એવો જે અત્યાગભાવ એવી આસક્તિ એ અસંયમનો ઉદય છે. આહા..હા..!

ભગવાન સ્વરૂપ ચૈતન્યનો જ્ઞાતા-દૃષ્ટા. એ તો જ્ઞાનનું નૂર છે આત્મા. જ્ઞાનનું પૂર છે. નૂર એટલે તેજનું એ પૂર છે. ખબર વિના? સમજાણું કાંઈ? એના પ્રવાહમાં અત્યાગભાવની જે પરિણતિ દેખાય છે કહે છે કે એ જડ છે. એય..! આહા..હા..! એની જાતની નથી. એ ઉપયોગમાં કલુષરૂપે સ્વાદ થવો. ક્રોધ, માન, માયા, લોભ, રાગ, રતિ, અરતિ. એવો જે જ્ઞાનના પ્રકાશમાં માલુમ થવો, ચૈતન્યના પ્રકાશમાં જે રાગ અને કષાય માલુમ થવો. પુણ્ય અને પાપ, ક્રોધ અને માન, માયા અને લોભ, રાગ અને દ્વેષ અને વિષયની વાસના એ કલુષ કષાયનો ઉદય છે. એ ચારિત્ર(મોહ)નો જડ તેનો ઉદય છે એ. આત્માનું સ્વરૂપ નથી. આહા..હા..!

એ '**કલુષ (મલિન) ઉપયોગરૂપ...**' શુભ-અશુભરાગ કે ક્રોધ, માન, માયા, લોભ એવા જે ભાવ એ ઉપયોગમાં જે ભાસે એ જ્ઞાનના સ્વાદ આગળ એ કષાયનો ઉદય છે. એ કષાય છે. એ ચૈતન્યનો ઉદય નહિ. હજી તો પહેલાં પરથી પોતાની ચીજ ભેદ છે, જુદી છે એનું જ્યાં જ્ઞાન નથી તો જુદીમાં ઠરવું એ આવશે ક્યાંથી? ચારિત્ર એટલે વર્તન. વર્તન હોવું. પણ શેમાં વર્તવું? ચારિત્ર કરો ચારિત્ર. પણ ચારિત્ર એટલે શું? વર્તન કરવું. શેમાં? જે ચીજની ખબર નથી અને વર્તન કરવું શેમાં? એ તો વર્તન તો રાગ ને દ્વેષ ને ક્રોધ ને માન ને માયામાં કરે છે. એ તો અજ્ઞાન છે અનાદિનું. સમજાણું કાંઈ? આહા..હા..! ચોર્યાસીના અવતારમાંથી નીકળવું હોય તો આ એને સમજવું પડશે. અવતાર પછી અવતાર

થયા જ કરે છે. આહા..હા..!

**'શુભાશુભ પ્રવૃત્તિ...'** શુભની પ્રવૃત્તિ અને અશુભની નિવૃત્તિ. એના **'વ્યાપારરૂપે જ્ઞાનમાં...'** આહા..હા..! દયા, દાન, પુણ્ય શુભભાવ, ભગવાનનું ભજન એ પણ શુભવિકલ્પ રાગ છે. એ શુભરાગમાં પ્રવૃત્તિ અને અશુભથી નિવૃત્તિ. બેય યોગનો સ્વાદ છે. આત્માનું સ્વરૂપ એ નહિ. આકરી વાતું ભાઈ! **'શુભાશુભ પ્રવૃત્તિ કે નિવૃત્તિના વ્યાપારરૂપે જ્ઞાનમાં સ્વાદરૂપ થતો...'** જ્ઞાનમાં પ્રકાશમાં જેનો સ્વાદ દેખાય એ **'યોગનો ઉદય છે.'** આહા..હા..! કહો, સમજાણું? હવે અહીંયાં કહ્યું કે તું શુભયોગ કરે છે. ભગવાનની ભક્તિ, દયા, દાન, પૂજા એ ધર્મ. એ તો યોગ છે. આહા..હા..! એમાં તો રાગની ચીજ મલિન વેપાર છે. ઝીણી વાતું બહુ. લોકોને લાગે સારું .. ઓહો..હો..! તમે આમ કરો છો,.. તમારે. .. ગયો અવતાર. એને આ જન્મ-મરણ મટાડવામાં ભવ મળ્યા તો એ ભવમાં જો આ ભાન નહિ કરે તો ભવના આરા નથી. એક પછી એક અવતાર થયા જ કરે છે. થયા જ કરે છે. સમજાણું કાંઈ? આ તો ... બેસે છે એની છોડી આવી નથી. એ છોડીને .. જાતિસ્મરણ થયું. પૂર્વભવનું નહિ?

મુમુક્ષુ :- પૂર્વભવનું સ્મરણ.

ઉત્તર :- સ્મરણ. અઢી વર્ષની ઉંમર છે. જૂનાગઢમાં લુહાર. લુહાર. લુહારની જાત છેને? એની દીકરી હતી ત્યાં. અહીં આવી છે આપણે. અઢી વર્ષે. ... આવે છે. પંડિતો હોં મોટા આખા ઓલામાં. આ બધા .. બધા પંડિતો. એના ભાઈના દીકરાની દિકરી છે. અઢી વર્ષની ઉંમર હતી. અત્યારે હવે બાર વર્ષની ઉંમર. એણે બધું જોયું. એની માની પાસે .. કીધું બા! હું ગીતા છું. આપણા ઘરમાં એક .. થાય છે. કોણ તું? કહે ગીતા. આ ગીતા .. ઓલા ભવની વાત કરી. ચંદુભાઈ! ... આ તો બાર વર્ષ. આહા..હા..! આ દેહ પહેલા હતો ત્યાં આત્મા. એની સાબિતી છે. એવા-એવા હજાર કેસ છે. અમેરિકા જાય છે રિપોર્ટ લેવા. એવા હજાર કેસ છે. આ ભવ પહેલા ક્યાં હતા એનું ભાન થાય છે. કારણ કે દેહ મરે છે. આત્મા નવો થાય છે? આત્મા તો છે એ છે. ત્યાં હતો એ અહીં છે અને અહીં છે ત્યાં જશે બીજે. એનામાં જવાના ભવના કારણો જે છે રખડવાના એ આ ભોગ ને રાગ ને દ્વેષ ને કષાય છે. સમજાણું કાંઈ? એની મા તો રોવા માંડી હતી. આ તો મારી ગીતા. એ તાવ(માં) મરી ગઈ નહિ? હા. ઓરી-ઓરી. ઓરીના તાવ નથી થતા? ઓરી-ઓરી નીકળે છેને માતા. એ તાવ આવ્યો હતો. એ તાવમાં મરી ગઈ. એ અહીં આવી હતી આપણે ત્યાં. ૯ મહિના અને ૧૭ દિ'. ૯ મહિના અને ૧૭ દિ' અહીં રહી હતી. માતાના પેટમાં ...અમેરિકાથી માણસ આવ્યો હતો જોવા. હતો તો બે હજારનો પગાર માસિક. જયપુર. લોકોને આ ચૈતન્ય તત્ત્વ અનાદિની ચીજ છે એના ભાન વિના ચોર્યાસીના અવતારમાં

રખડે છે. એની એને ખબર નથી. એ ખબર કરવા તર્ક.. આ રખડવામાં રખડે આખો દિ'. આ ઝવેરાતના ધંધા, આ લાદીના ધંધા અને એને સોનાના ધંધા. એય..! આને વકીલના ધંધા. .. હોં તારો બાપ કરે છેને બધું ત્યાં. એમ. આહા..હા..! એ શુભાશુભ પ્રવૃત્તિમાં ... '**આ પૌદ્‌ગલિક મિથ્યાત્વાદિના ઉદયો...**' જુઓ, ભાષા. આ શૈલી બતાવવી છેને. એ બધા પૌદ્‌ગલિક જડ. '**મિથ્યાત્વાદિના ઉદયો હેતુભૂત થતાં...**' એવા પરિણામ પુદ્‌ગલના છે એ હેતુભૂત કારણ થતાં ઉદય...

મુમુક્ષુ :- શુભથી..

ઉત્તર :- શુભ ક્યાં છે? શુભમાં પ્રવૃત્તિ અને અશુભથી નિવૃત્તિ આ. ભક્તિમાં નથી આવ્યા, ભક્તિ નથી કરી, ફલાણું નથી કર્યું, .. વિકલ્પ છેને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ ક્યાં કહ્યું? પહેલા શબ્દ ન લીધો. શુભની પ્રવૃત્તિ અને અશુભની નિવૃત્તિ એમ કહ્યું છે. .. શુભમાં પ્રવૃત્તિ. આ ભગવાનની ભક્તિ કરવી, નામસ્મરણ કરવું, દયા, દાન, વ્રતાદિનો ભાવ એ શુભ છે. એ શુભમાં પ્રવૃત્તિ થઈ રાગ. અને અશુભથી નિવૃત્તિ. ભોગ, વિષય, વાસનાથી નિવૃત્તિ તો એ .. છે તો યોગ જ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આ પૌદ્‌ગલિક મિથ્યાત્વાદિના ઉદયો હેતુભૂત થતાં...**' કારણ થતાં. નવા કર્મનું હોં. '**જે કાર્મણવર્ગણાગત પુદ્‌ગલદ્રવ્ય જ્ઞાનાવરણાદિભાવે આઠ પ્રકારે સ્વયમેવ પરિણમે છે,...**' એ નવા રજકણો સ્વયમેવ પોતાની કર્મ થવાની પર્યાયને કારણે કર્મરૂપે પરિણમે છે. આ પૂર્વના ઉદય તો નિમિત્તરૂપ. આ જડ પૂર્વના તો નિમિત્ત અને આ નવા કર્મ પોતાની મેળાએ નવા કર્મ બંધાય. એમાં પાપ.. આ પુણ્ય બંધાણું હોય લ્યોને. એ પાક કાળે આ પૈસા મળે, શરીરમાં નિરોગતા થાય. એવો સંયોગ દેખાય એ બધું પૂર્વના પુણ્યનું ફળ છે. જડનું ફળ છે. સમજાણું કાંઈ? અને પૂર્વે બાંધેલા પાપ છે રજકણો. એના ફળ તરીકે નિર્ધનતા, સરોગતા, આંખ ફૂટી જવી, આમ કાન બહેરા થઈ જવા શરીરમાં. સમજાણું? બિમારી થઈ જાય. ક્ષય રોગ થાય એવા થાય નહિ? આ નહોતું? ૨૫ વર્ષનો જુવાન ક્ષય થઈને ચાલ્યો ગયો. આ .. છોકરા બે આવ્યા અહીં અમારે. જીથરી એ છેને દવાખાનું. આ ઝટ આવજો ખાટલામાં કહે. .. ઝટ આવો નહિતર લાંબુ થઈને મરી જશે. પણ બધા પૂર્વના પાપના ફળ તરીકે દેખાય છે એ. સમજાય છે? એ કર્મરૂપ ફળ એ સ્વયંમેવ પોતાને કારણે પરમાણુ પરિણમ્યા. એમાં પૂર્વનું કર્મ તો નિમિત્તમાત્ર છે, પૂર્વના ઉદય તો નિમિત્તમાત્ર છે.

'**પુદ્‌ગલદ્રવ્ય જ્ઞાનાવરણાદિભાવે આઠ પ્રકારે સ્વયમેવ પરિણમે છે,...**' રજકણો છેને ભિન્ન-ભિન્ન? ધૂળ છેને ઝીણી. આ પણ શરીર છેને જુઓને આ માટીથી ચાલે છે. દાળ, ભાત, રોટલામાં ત્યાં થયું. પહેલા તો આવડું હતું. પછી, દાળ, ભાત, રોટલા, ચા,

દૂધ ઢીંકણું.. આ બન્યું. આ જડની અવસ્થા છે. આ ચૈતન્યની છે? ચૈતન્ય તો ભિન્ન છે અંદર. પુદ્ગલનું આ ગોદડું. અમારે કાઠીયાવાડી ભાષા છેને છાણા નહિ? છાણા ગોઠવેને છાણા? એને મોઢવું કહે. કાઠીયાવાડી ભાષામાં છાણા હોયને. ગોબર-ગોબર. એમ આ રજકણનું આ મોટું મોઢવું છે જડનું. આહા..હા..! ભગવાન તો દેહદેવળમાં ભિન્ન ચૈતન્ય અરૂપી છે. એને વર્ણ-ગંધ છે નહિ. આ તો વર્ણ-ગંધવાળી ચીજ છે, આ તો જડ છે. આહા..હા..!

કહે છે એ પુદ્ગલ કર્મના ચાર પ્રકાર નવા કર્મને હેતુ થઈને, નવા કર્મ પોતાને કારણે સ્વયમેવ બંધાય છે. 'તે **કાર્મણવર્ગણાગત પુદ્ગલદ્રવ્ય જ્યારે જીવમાં નિબદ્ધ થાય...**' એ ત્રણે તો એક જ સમયે છે હોં. આ તો સમજાવે છે. '**જ્યારે જીવમાં નિબદ્ધ થાય ત્યારે જીવ સ્વયમેવ અજ્ઞાનથી...**' આહા..હા..! '**સ્વપરના એકત્વના અધ્યાસને લીધે...**' એ રાગ અને આત્મા એક છે એવું જે માન્યું છે અનાદિથી. સમજાણું કાંઈ? ખરેખર એ સ્વાદ છે જડનો. પોતાનો સ્વાદ આનંદ પ્રભુ છે. એ આનંદનો સ્વાદ એને અતીન્દ્રિય અનુભવ છે આ. તે નથી. પણ રાગના સ્વાદને પોતાનો માની. આહા..હા..! '**અજ્ઞાનથી સ્વપરના એકત્વના અધ્યાસને લીધે...**' જ્ઞાનમૂર્તિ પ્રભુ અને એ રાગનો ભાવ એ વિકાર પુદ્ગલ સ્વરૂપ છે જડ. એને બેની એકતાનો અભ્યાસ થઈ ગયો છે. અનાદિથી બે એક છે એમ ટેવાઈ ગયો છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

'**સ્વપરના એકત્વના અધ્યાસને લીધે...**' ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા સ્વ અને રાગનો વિકલ્પ અને પુણ્ય-પાપ થાય એ પર. બેની એકત્વબુદ્ધિને લઈને '**તત્ત્વ-અશ્રદ્ધાન આદિ પોતાના અજ્ઞાનમય...**' હવે એ કહે છે પોતાના જે પરિણામ થયા. '**અજ્ઞાનમય પરિણામભાવોનો હેતુ થાય છે.**' આહા..હા..! પોતામાં જે વિકારી પર્યાય થઈ એનો હેતુ આત્મા છે. અને જૂના કર્મનો નવા કર્મને હેતુ છે. નવા કર્મને આ પરિણામ હેતુ છે. આ પરિણામનો જીવ હેતુ છે. સમજાણું કાંઈ? આત્મા એકકોર વસ્તુ પ્રજ્ઞાબ્રહ્મ ચિદાનંદ. એકકોર કર્મ જડ. એનો ઉદય આવતા જે અંદર સ્વાદ આદિ દેખાય તે ખરેખર આત્માનો નથી એમ કહે છે. પણ એ જડ પૂર્વનો ઉદય નવા બંધનું કારણ છે. અને એ ઉદય જે સમયે થયો તે સમયે નવા બંધાય છે. અને તે જ ક્ષણે જીવના પરિણામ રાગ અને દ્વેષના અજ્ઞાન તે સમયે ઉત્પન્ન થાય છે. બધો ત્રણનો સમય એક છે. આહા..હા..! એય..! નટુભાઈ! શું થયું? સમજાય છે કે નહિ આ? એ તો વકીલ છેને.

આ ચૈતન્ય પ્રભુ પોતે જ્ઞાનસ્વરૂપ છે. જાણે છે કોણ? એની સત્તામાં જણાય છે. એ જ્ઞાનની સત્તા એ આત્માની સત્તામાં જણાય છે કે આ શરીર છે, આ વાણી છે, આ મન છે, આ છે... આ છે... જેના હોવાપણામાં જણાય એ હોવાવાળો તે જ્ઞાનસ્વરૂપ આત્મા છે. સમજાણું કાંઈ? નહોતું કહ્યું એકવાર ઓલા છોકરાનું? પરેશ-પરેશ. સાત વર્ષનો છોકરો.

વકીલનો ભાઈ. અહીં વકીલ આવે છેને મોટા? ..ભાઈ! ... આવ્યા હતા. એ સાત વર્ષનો છોકરો હતો. એણે એકવાર પૂછ્યું. મહારાજ! તમે આત્મા જુઓ... આત્મા જુઓ... આત્મા.. ક્યાં અમારે જોવું? બહાર દેખીએ તો આ દેખાય છે, આંખ મીંચીએ તો અંધારું દેખાય. સરદારજી! એ છોકરાએ પ્રશ્ન પૂછયો હતો. સાત વર્ષનો. અત્યારે તો ઘણો મોટો થઈ ગયો. પંદર-સોળ વર્ષનો. પંદર-સોળ. એવો પ્રશ્ન કર્યો હતો. મહારાજ! આત્મા-આત્મા તમે કરો છો. પણ ક્યાં જોવું? આ બધું દેખાય એ તો જડ છે. આંખ મીંચીએ તો અંધારું દેખાય છે. એય..! મેં કહ્યું ભાઈ! અંધારું દેખાય છે શેમાં? અંધારામાં? એ અંધારું દેખાય છે એ જ્ઞાનમાં. જ્ઞાનનો પ્રકાશ છે ચૈતન્યનો એમાં અંધારું દેખાય છે. એ અંધારાને જાણનારો તે આત્મા છે. અરે..! એય..! સાત વર્ષનો છોકરો લ્યો. આત્મા છેને આઠ વર્ષે તો કેવળજ્ઞાન પામે છે એમ કહે છે.

જુઓને આ ચૌદ વર્ષનો છે. ત્રણ વર્ષથી ... ..ભાઈ! આ એના બાપના બાપ છે. એ.. એ તો એને ... કહે છે. અમારે છોકરો આવો પાક્યો છે અમારે બહુ સારુ છે લ્યો! અમે તો સાંભળવા બેસીએ એની પાસે એમ કહે. ક્યાં ગયો એય...! હસમુખ! આહા..હા..! કહે છે કે આત્મા પ્રકાશ ચૈતન્ય જેમાં જણાય એ જાણનારો તે આત્મા. જે વસ્તુ જણાય એ આત્મા નહિ એ તો પર છે. સમજાણું કાંઈ? આ લાદી જણાય છે જુઓ. એ તો જડ છે. શેમાં જણાય છે? જ્ઞાનમાં. એ જ્ઞાનમાં ઈ નથી જણાતી ખરેખર. એ તરફનું જ્ઞાન એને થાય છે. એવા જ્ઞાનને જ્ઞાનરૂપે અંદર ન જાણતા રાગ અને દ્વેષના પરિણામને પોતાના માનતો એ વિકારીના પરિણામનો જીવ હેતુ થતો અને વિકારી પરિણામ નવા કર્મને હેતુ થતાં નવા કર્મ એની મેળાએ બંધાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમ રખડપટ્ટી અનાદિની આમ કરી રહ્યો છે. પોતાની સામું જોવાનો એને અવકાશ નથી. શું છે આ ચીજ પણ? આત્મા કહીએ, વસ્તુ કહીએ, તત્ત્વ કહીએ. આત્મતત્ત્વ એ બધું શું ચીજ છે આ? સમજાણું કાંઈ? એને સત્‌સમાગમ વિના એનો પત્તો એને ખાતો નથી. લ્યો આવ્યું એય..! ભીખાભાઈ! આહા..હા..!

'**જીવ સ્વયમેવ અજ્ઞાનથી...**' પોતાના ભાન વિના પ્રકાશની મૂર્તિ હું આનંદ છું એવી એને ખબર નથી. મારી જાતમાં તો જ્ઞાન અને આનંદ છે. એ મારી કજાત આત્મા છે. પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ જે કજાત વિકાર છે એ મારી પ્રજા નહિ. આહા..હા..! ..છોકરો નથી કહેતા? અંગારો જાગ્યો એમ નથી કહેતા? આ કુળમાં અંગારો જાગ્યો એમ કહે છે. એમ પુણ્ય અને પાપના ભાવ ભગવાનની જાતમાંથી અંગારો છે એ તો. સારો .. જાગ્યો છે એમ કે અમારા ઘરમાં કર્મી જાગ્યો છે. એય..! કર્મી એટલે? કર્મનો બાંધનારો.

મુમુક્ષુ :- એવો અર્થ ન થાય.

ઉત્તર :- એવો ન થાય પણ કર્મી એટલે રતન પાક્યું. અમારા ઘરમાં એક રતન પાક્યું. જડ પાક્યું એમ કહે. રતન એટલે જડ. નહિ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ રતન તો અંદરમાં છે. આહા..હા..! જ્ઞાનની મૂર્તિ પ્રભુ શુદ્ધ ચૈતન્ય જ્ઞાન, એનો અનુભવ થઈને પ્રતીત થવી એ તો સમ્યગ્દર્શન રત્ન છે. જે રત્નમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. એ રતનના ફળમાં તો એ થાય છે. આ રત્નમાં ધૂળ મળે એમાં શું થયું? આહા..હા..! મારી નાખે. કીધુંને એક ફેરી? મુંબઈમાં એવું સાંભળ્યું હતું. પચ્ચીસ હજારનો હીરો પહેરીને જાતો હતો. કોકને ખબર પડી. .. ગુંડા-ગુંડા. ગુંડા છેને બહુ? ઘણા જોયા છે. ધંધો જ એ હોય. પછી એકને ખબર પડી કે આની પાસે છે. એક શેરીમાં જાતો હતો. એક માણસ ઓલીકોર. ... મારી નાખ્યો એમ કોક કહેતું હતું નહિ? લ્યો આ લક્ષ્મી મરણનું નિમિત્ત. આહા..હા..! લક્ષ્મી તો જડ છે, માટી છે. આહા..હા..! પણ એ મારા છે અને હું એનો છું. એમ હજી રાગની સાથે અહીં તો વાત છે હોં. અંદર વિકારી પર્યાય. જે જડની ખરેખર ચૈતન્યની જાતની નહિ. એવા '**એકત્વના અધ્યાસને લીધે તત્ત્વ-અશ્રદ્ધાન આદિ પોતાના અજ્ઞાનમય પરિણામભાવોનો હેતુ થાય છે.**' જરી અટપટી ગાથા છે હોં. આહા..હા..!

ભાવાર્થ. વસ્તુ છે આત્મા પણ જેનો સ્વભાવ હોય છે કે નહિ? જેમ સાકર છે તો ગળપણ સ્વભાવ, અફીણ છે તો કડવો સ્વભાવ. ખડી છે તો ધોળો સ્વભાવ. એમ આત્મા છે એનો સ્વભાવ શું? આનંદ અને જ્ઞાન એનો સ્વભાવ છે. આહા..હા..! એવા સ્વભાવના ભાન વિના, જે એની જાતના નથી એવા વિકારના પરિણામ એની એકત્વબુદ્ધિને લઈને અજ્ઞાનથી પોતાના વિકારીભાવનો એ કર્તા થાય છે. કર્તાકર્મ છેને આ? અને એ અજ્ઞાનભાવ નવા કર્મનો હેતુ, જૂના કર્મ જ નવાનો હેતુ થાય છે એમ અહીં તો સિદ્ધ કરવું છે. એમાં આ પરિણામ પાછા હેતુ થાય છે. એ વિના નવા કર્મ જૂનાના, જૂના નવામાં હેતુ થાય આ ભાવ કરે તો જૂનું નવાનો હેતુ થાય. શું કીધું? અજ્ઞાનભાવ જો કરે તો જૂનું બીજાને-નવાને નિમિત્ત થાય. પહેલી વાત એ કરી જૂનું તે નવાનું નિમિત્ત છે, પણ આ ભાવ કરે તો નિમિત્ત ઓલાને થાય. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- અજ્ઞાનભાવના ભેદરૂપ જે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગના ઉદયો તે પુદ્‌ગલના પરિણામ છે અને તેમનો સ્વાદ અતત્ત્વશ્રદ્ધાનાદિરૂપે જ્ઞાનમાં આવે છે. તે ઉદયો નિમિત્તભૂત થતાં,...**' લ્યો ઉદયો નિમિત્તભૂત થતાં. ઉદયો લીધા છેને ઓલા? કષાય, યોગના ઉદયો એ કીધા એ. '**તે ઉદયો નિમિત્તભૂત થતાં, કાર્મણવર્ગણારૂપ નવા પુદ્‌ગલો સ્વયમેવ જ્ઞાનાવરણાદિ કર્મરૂપે પરિણમે છે...**' નવા કર્મ એ જૂના કર્મના ઉદય થતાં નવા કર્મનો હેતુ થાય છે. '**અને જીવ સાથે બંધાય છે;...**'

નવા. પ્રારબ્ધ નસીબ જેને કહેને? નસીબ-તકદીર. એ ઓલા રજકણો છે એ બંધાય છે. **'અને તે સમયે જીવ પણ સ્વયમેવ પોતાના અજ્ઞાનભાવથી અતત્ત્વશ્રદ્ધાનાદિ ભાવોરૂપે પરિણમે છે...'** પાછી જ્ઞેયરૂપે પરિણમે છે પર્યાય. આહા..હા..!

મુમુક્ષુ :- કર્મનો ઉદય પરિણમાવે

ઉત્તર :- એમ નથી. એ વાત નથી. સ્વાદ આવે છે પણ એની પર્યાયથી પરિણમે છે એટલે આવે છે એમ કહે છે. સમજાણું કાંઈ? એવો માર્ગ છે. મૂળ તત્ત્વની જગ્યાએ લોકોએ .. રળવું... રળવું... રળવું... સંયમ વિના કાંઈ નથી. ગમે તેવું જ્ઞાન હોય પણ એલા વસ્તુ વિના સંયમ કેવો? એમ સ્ત્રીનો વિષય અને રાગનો વિષય બે એક જ છે. એ વિરોધમાં જુઓ આ તો વીતરાગની વાણીનો વિરોધ એમ કહે છે. અરે..! ભાઈ! કઈ અપેક્ષા છે? વાણી છે એ પર છે અને એના ઉપર લક્ષ જાય તો શુભરાગ છે. ધર્મ નહિ. અને સ્ત્રી આદિના વિષયમાં લક્ષ જાય તો પાપનો ભાવ થાય છે. બેય પર છે. પરના લક્ષમાં એકલા શુભ અને એકલા પુણ્ય બેય વિકાર એટલું સિદ્ધ કરવું છે. જયસુખભાઈ! ઓલા આવે છેને સોગાનીમાં. ... તે દિ' કહ્યું હતુંને. આમ કરે છે. ... જરી કડક ભાષા વાપરે એટલે લોકોને જરી આકરું લાગતું હશે. હવે જૂઠાનો ... વાણીનો વિષય.. શાંતિથી બાપા સમજવું. આત્મા પોતાનો શુદ્ધ ચૈતન્યનો વિષય છોડી અને પર ઉપર લક્ષ કરે ત્યારે રાગ જ થાય. ચાહે તો ભગવાન હો કે ભગવાનની વાણી હોય કે શાસ્ત્ર હોય. એ પરલક્ષી છે. આ તો જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાન પોતામાંથી ખસીને આમ જાય છે તો વિકલ્પ શુભરાગ છે.

મુમુક્ષુ :- સામાન્ય...

ઉત્તર :- એ અપેક્ષાએ. સમજાણું કાંઈ? ભગવાનની વાણી સાંભળવામાં, શાસ્ત્ર સાંભળવામાં શુભભાવ છે. પણ ... એ ભાવને .. નથી. પણ બંધનની અપેક્ષાએ બેય ભાવ બંધનરૂપ છે. આહા..હા..! શું થાય? છેતરાણો છેને અનાદિથી. ધર્મને નામે પણ છેતરાણો અને વાણિયા થઈને પાછો છેતરાણો છે મારો. માલ લેવા જાય ત્યાં .. કસોટી કરીને લે. સીંગો લેવા જાય ચાર પૈસાનો ... નાની-મોટી... નાની-મોટી કરે. એ પરીક્ષા કરીને લે. અહીં ધર્મ પરીક્ષા કરીને નહિ.

મુમુક્ષુ :- પણ બાપ-દાદાએ કર્યો હોય એ કાંઈ ખોટો હોય?

ઉત્તર :- બાપ-દાદા તો લૂગડા બીજા પહેરતા હતા. તમે હવે ટોપીયું પહેરવા માંડ્યા. બાપ-દાદા તો .. પહેરતા ઓલા. પાઘડી પહેરતા આમ-આમ. આ તો તમે ધોતીયા પહેરતા એ તો.. શું કહેવાય? પાટલુન. ... આહા..હા..! કહે છે ... કરવું હોય એવું કરે છેને બધા. એવું કાંઈ નથી.

કહે છે એ **'અજ્ઞાનમય ભાવોનું કારણ પોતે જ થાય છે.'** ભાષા દેખો. પહેલા

કર્મને લઈને નહિ એ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? પરમાં સુખ છે, પરથી મને દુઃખ થાય છે. એવો જે વિપરીત અભિપ્રાય કરે છે એ જીવ પોતે કરે છે. પોતાને ભૂલીને પોતે કરે છે. એને કોઈ કરાવનાર નથી. કર્મને લઈને થાય છે એમ નહિ એમ સિદ્ધ કરવું છે. એ ઉદય કીધો પણ અહીં પર્યાય થઈ એ જડની થઈ છે પરની. પણ અહીં પરિણમન થયું એ એની ગણીને એમાં હેતુ આ જીવ થાય છે. કર્મ છે એનો હેતુ એમ છે નહિ. .. આવી છે. ભાઈ! આ તો અધ્યાત્મશાસ્ત્ર છે. આત્માનું શાસ્ત્ર. ભગવાન અંદર ચૈતન્ય કોણ છે અને કેમ જુદો છે? એની ખાતરી તો કર. કથાવાર્તા નથી આ કોઈ. કે એક રાજા હતો અને રાણી હતીને. રિસાઈને મનાવવા ગયા જેવી થાતી હોય એવી વાતું એમાં નવું શું છે? સમજાય છે કાંઈ? પણ આ ભગવાન આત્મા પોતાની જાતને ભૂલીને રીસાણો અને રાગ ને દ્વેષ ને પુણ્ય-પાપના પરિણામમાં આરૂઢ થઈ ગયો. એ પરિણામનો હેતુ જીવ છે. કર્મ છે એને કારણે આ વિકાર થાય છે એમ નહિ. પહેલા તો બેય કીધા હતા. પોતાની જાત નથી. પણ પરિણમન થાય છે એ તારે કારણે થાય છે. સમજાણું કાંઈ? કહો, સુજાનમલજી! એવી વાત છે. એ .. તે થાય છે એમ કહે છે.

એનો ખુલાસો ટૂંકામાં કરે છે. '**મિથ્યાત્વાદિનો ઉદય થવો,...**' જડનો. દર્શનમોહનો ઉદય, ચારિત્રમોહનો ઉદય, યોગ... '**નવાં પુદ્‌ગલોનું કર્મરૂપે પરિણમવું...**' નવા આવરણોનું કર્મરૂપે થવું '**તથા બંધાવું,...**' એ થવું, પરિણમવું બંને. '**અને જીવનું પોતાના અતત્ત્વશ્રદ્ધાનાદિ ભાવોરૂપે પરિણમવું...**' લ્યો! જીવમાં પોતાના અતત્ત્વ શ્રદ્ધાન વિપરીત માન્યતા. રાગ-દ્વેષ-મોહરૂપે થવું એ બધો ભાવ પર્યાય છે. '**એ ત્રણેય એક સમયે જ થાય છે; સૌ સ્વતંત્રપણે પોતાની મેળે જ પરિણમે છે,...**' ભાષા દેખો! જૂના કર્મનો ઉદય જડ એ સ્વતંત્રપણે, નવા કર્મ બંધાય એ સ્વતંત્રપણે અને વિકાર જીવ કરે એ સ્વતંત્રપણે. કર્તા સિદ્ધ કરવું છેને અહીંયાં. સ્વતંત્રપણે કરે તે કર્તા. કર્તાકર્મ સિદ્ધ કરવું છેને. પોતાને ભૂલી... આહા..!

મુમુક્ષુ :- વ્યાકરણમાં...

ઉત્તર :- કર્તા સ્વતંત્ર કરે. વ્યાકરણ છે. સ્વતંત્રપણે કરે તે કર્તા અને કર્તાનું ઇષ્ટ તે કર્મ. અહીંયાં અજ્ઞાની આત્માનું ભાન ભૂલીને વિકારી પરિણામ અજ્ઞાન ભાવે કરે છે એ સ્વતંત્ર કરે છે. એને કોઈ કર્મ કરાવે તો વિકાર કરે એવું છે નહિ. આહા..હા..! અને અજ્ઞાનીનો ઇષ્ટ જ વિકાર છે. અજ્ઞાનીનો રાગ જ ઇષ્ટ છે. રાગ(નો) જ પ્રેમ એનો ઇષ્ટ છે. જ્ઞાનીનો ઇષ્ટ ભગવાન આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ છે. એના વિકાર વિનાના પરિણામને કરે તે એનું કર્તાપણું. અને અવિકારી પરિણામ એ જ એનું ઇષ્ટ, અવિકારી પરિણામ એ એનું ઇષ્ટ છે. આહા..હા..! ભારે ઝીણું ભાઈ આવું. યાદ રહેવું મુશ્કેલ છે. અભ્યાસ નહિને એને અભ્યાસ નહિ એનો.

વાત તો ઘણી ટૂંકી છે, પણ એણે વિસ્તાર કરીને ઉંધી માની છેને. એને પાછું વળવું ગોઠતું નથી.

'**સૌ સ્વતંત્રપણે...**' એ શું સિદ્ધ કરવું છે? કે જૂના કર્મનો ઉદય પણ સ્વતંત્ર છે. અહીં વિકારના પરિણામ થવા માટે એનો ઉદય આવે છે એમ છે નહિ. આહા..હા..! અને વિકારના પરિણામ થયા માટે નવા કર્મને બંધાવું પડે છે એમ પણ નહિ. પણ જૂના કર્મ આવ્યા તો નવા કર્મને બંધાવું પડે છેને. (એમ પણ નથી.) આહા..હા..! હવે બીજી વાત કરશે. '**જીવથી જુદું જ પુદ્‌ગલદ્રવ્યનું પરિણામ છે...**' એ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૧૩૭-૧૩૮

जीवात्पृथग्भूत एव पुद्गलद्रव्यस्य परिणामः —

जइ जीवेण सह च्चिय पोग्गलदव्वस्स कम्मपरिणामो।
एवं पोग्गलजीवा हु दो वि कम्मत्तमावण्णा।।१३७।।
एक्कस्स दु परिणामो पोग्गलदव्वस्स कम्मभावेण।
ता जीवभावहेदूहिं विणा कम्मस्स परिणामो।।१३८।।

यदि जीवेन सह चैव पुद्गलद्रव्यस्य कर्मपरिणामः।
एवं पुद्गलजीवौ खलु द्वावपि कर्मत्वमापन्नौ।।१३७।।
एकस्य तु परिणामः पुद्गलद्रव्यस्य कर्मभावेन।
तज्जीवभावहेतुभिर्विना कर्मणः परिणामः।।१३८।।

यदि पुद्गलद्रव्यस्य तन्निमित्तभूतरागाद्यज्ञानपरिणामपरिणतजीवेन सहैव कर्मपरिणामो भवतीति वितर्कः, तदा पुद्गलद्रव्यजीवयोः सहभूतहरिद्रासुधयोरिव द्वयोरपि कर्मपरिणामापत्तिः। अथ चैकस्यैव पुद्गलद्रव्यस्य भवति कर्मत्वपरिणामः, ततो रागादिजीवाज्ञानपरिणामाद्धेतोः पृथग्भूत ए पुद्गलकर्मणः परिणामः।

જીવથી જુદું જ પુદ્ગલદ્રવ્યનું પરિણામ છે એમ હવે પ્રતિપાદન કરે છે :-

જો કર્મરૂપ પરિણામ, જીવ ભેળા જ, પુદ્ગલના બને,
તો જીવ ને પુદ્ગલ ઉભય પણ કર્મપણું પામે અરે! ૧૩૭.
પણ કર્મભાવે પરિણમન છે એક પુદ્ગલદ્રવ્યને,
જીવ ભાવહેતુથી અલગ, તેથી, કર્મના પરિણામ છે. ૧૩૮.

ગાથાર્થ :- [यदि] જો [पुद्गलदव्यस्य] પુદ્ગલદ્રવ્યને [जीवेन सह चैव] જીવની સાથે જ [कर्मपरिणामः] કર્મરૂપ પરિણામ થાય છે (અર્થાત્ બન્ને ભેળાં જઈને જ કર્મરૂપે પરિણમે છે) એમ માનવામાં આવે તો [एवं] એ રીતે [पुद्गलजीवौ द्वौ अपि] પુદ્ગલ અને જીવ બન્ને [खलु] ખરેખર [कर्मत्वम् आपन्नौ) કર્મપણાને પામે. [तु] પરંતુ [कर्मभावेन] કર્મભાવે [परिणामः] પરિણામ તો [पुद्गलद्रव्यस्य एकस्य] પુદ્ગલદ્રવ્યને એકને જ થાય છે [तत्] તેથી [जीवभावहेतुभिः विना] જીવભાવરૂપ નિમિત્તથી રહિત જ અર્થાત્ જુદું જ [कर्मणः] કર્મનું [परिणामः] પરિણામ છે.

ટીકા :- જો પુદ્ગલદ્રવ્યને, કર્મપરિણામના નિમિત્તભૂત એવા રાગાદિ-અજ્ઞાનપરિણામે પરિણમેલા જીવની સાથે જ (અર્થાત્ બન્ને ભેગાં મળીને જ), કર્મરૂપ પરિણામ થાય છે-એમ વિતર્ક કરવામાં આવે તો, જેમ ભેળાં થયેલાં હળદર અને ફટકડી બન્નેને લાલ રંગરૂપ પરિણામ થાય છે તેમ, પુદ્ગલદ્રવ્ય અને જીવ બન્નેને કર્મરૂપ પરિણામ આવી પડે. પરંતુ પુદ્ગલદ્રવ્યને એકને જ કર્મપણારૂપ પરિણામ તો થાય છે; તેથી જીવનું રાગાદિ-અજ્ઞાનપરિણામ કે જે કર્મનું નિમિત્ત છે તેનાથી જુદું જ પુદ્ગલકર્મનું પરિણામ છે.

ભાવાર્થ :- જો પુદ્ગલદ્રવ્ય અને જીવ ભેળાં થઈને કર્મરૂપે પરિણમે છે એમ માનવામાં આવે તો બન્નેને કર્મરૂપ પરિણામ ઠરે. પરંતુ જીવ તો જડ કર્મરૂપે કદી પરિણમી શકતો નથી; તેથી જીવનું અજ્ઞાનપરિણામ કે જે કર્મને નિમિત્ત છે તેનાથી જુદું જ પુદ્ગલદ્રવ્યનું કર્મપરિણામ છે.

## માગશર સુદ-૪, શનિવાર, તા. ૦૯-૧૨-૧૯૭૨
## ગાથા- ૧૩૭ થી ૧૪૦, પ્રવચન-૨૪૭

સમયસાર. કર્તાકર્મ અધિકાર. ૧૩૭ અને ૧૩૮ ગાથા છે. 'જીવથી જુદું જ પુદ્ગલદ્રવ્યનું પરિણામ છે એમ હવે પ્રતિપાદન કરે છે :—' કર્તાકર્મ અધિકાર છેને? એટલે પુદ્ગલ

જે કર્મનો ઉદય છે એના પરિણામ જુદા અને જીવ રાગ-દ્વેષ કરે છે એ પરિણામ બે જુદા છે. સમજાણું કાંઈ? કર્મનો ઉદય છે એ જીવને કર્મને વિકાર કરાવે તો બે એક થઈ જાય. કર્મ પરિણામ થઈ જાય. જીવમાં રાગ અને દ્વેષ પોતાની પર્યાયમાં પોતાને કારણે કર્તાકર્મ છેને? સ્વતંત્રપણે અજ્ઞાનભાવે રાગ-દ્વેષનું કાર્ય જીવમાં થાય. તે વખતે કર્મના ઉદયના પરિણામ, આત્માના પરિણામથી જુદા છે. એ વાત કરે છે.

**जइ जीवेण सह च्चिय पोग्गलदव्वस्स कम्मपरिणामो।**
**एवं पोग्गलजीवा हु दो वि कम्मत्तमावण्णा।।१३७।।**
**एक्कस्स दु परिणामो पोग्गलदव्वस्स कम्मभावेण।**
**ता जीवभावहेदूहिं विणा कम्मस्स परिणामो।।१३८।।**
**જો કર્મરૂપ પરિણામ, જીવ ભેળા જ, પુદ્‌ગલના બને,**
**તો જીવ ને પુદ્‌ગલ ઉભય પણ કર્મપણું પામે અરે! ૧૩૭.**
**પણ કર્મભાવે પરિણમન છે એક પુદ્‌ગલદ્રવ્યને,**
**જીવ ભાવહેતુથી અલગ, તેથી, કર્મના પરિણામ છે. ૧૩૮.**

'ટીકા :- **જો પુદ્‌ગલદ્રવ્યને, કર્મપરિણામના નિમિત્તભૂત એવા રાગાદિ-અજ્ઞાનપરિણામે પરિણમેલા જીવની સાથે જ...**' પુદ્‌ગલદ્રવ્યને કર્મપરિણામનું. કર્મનું જે પરિણામ છે એને '**નિમિત્તભૂત એવા રાગાદિ-અજ્ઞાનપરિણામે પરિણમેલા જીવની સાથે...**' અર્થાત્ સાથે એટલે? બંને ભેગા મળીને. કર્મ અને રાગાદિ બે ભેગા મળીને થાય તો '**કર્મરૂપ પરિણામ થાય છે...**' એ કર્મરૂપ પરિણામ તો થાય. જીવના પરિણામ અને જડના પરિણામ બે ભેગા થાય તો કર્મરૂપ પરિણામ થાય. '**એમ વિતર્ક કરવામાં આવે તો,...**' જુઓ, અહીં પર્યાય પર્યાયની સ્વતંત્રતા સિદ્ધ કરે છે. કર્તાકર્મ છેને? અહીં પાછા એ લીધા છે કે નિમિત્તભૂત એવા રાગાદિ અજ્ઞાન. નવાને માટેની વાત છે. શું કીધું સમજાણું? નવા કર્મ જે બંધાય એ કર્મના પરિણામ છે. એ કર્મની પર્યાય છે. એમાં જીવના રાગ-દ્વેષભાવ નિમિત્ત થાય, પણ બે એક નહિ. કર્મની પર્યાય જુદી, બંધાય એ જુદી પર્યાય અને એને નિમિત્તભૂત રાગ-દ્વેષ થાય એ જુદાં પરિણામ. કહો, આવું સૂક્ષ્મપણું છે.

'**પુદ્‌ગલદ્રવ્યને, કર્મપરિણામના નિમિત્તભૂત એવા રાગાદિ-અજ્ઞાનપરિણામે પરિણમેલા...**' એ અજ્ઞાન પરિણામ છે ઈ. પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ એ આત્માનો સ્વભાવ નથી. એ '**અજ્ઞાનપરિણામે પરિણમેલા જીવની સાથે....**' એટલે કે જીવની ભેગા. સાથે તો છે. કેમ ચેતનજી! સાથે નથી? પણ ભેગા નથી. રાગ-દ્વેષના પરિણામ જીવમાં થાય અને નવા કર્મના પરિણામ થાય એક સાથે જ છે. સમય તો એક જ છે. પણ સાથે છે પણ અહીં ઈ નથી લેવું અહીંયાં. ભાવ અપેક્ષાએ ભેગા થઈને એક છે એમ નથી. સમજાણું કાંઈ?

શબ્દ તો એમ છે જુઓ, '**જીવની સાથે જ...**' એટલે જીવ રાગ-દ્વેષ કરે અને તે જ સમયમાં કર્મના પરિણામ એક સાથે થાય એટલે? ભેગા થઈને થાય એમ. થાય છે તો એક સાથે. સમજાણું કાંઈ? જેવા અહીં રાગ-દ્વેષ થયા એવા જ કર્મની પર્યાય ત્યાં થાય છે. થાય તો એક સમયે. પણ એક સાથેનો અર્થ બે ભેગા મળીને થાય એમ નથી.

'**કર્મરૂપ પરિણામ થાય છે-એમ વિતર્ક કરવામાં આવે તો, જેમ ભેળાં થયેલાં હળદર અને ફટકડી બન્નેને લાલ રંગરૂપ પરિણામ થાય છે...**' હળદરની પીળાશ, ફટકડીની ખારાશ બે ભેગા થઈને લાલ થાય છેને? આ શાક થાયને, શાકનું ફોડવું અડી જાયને લૂગડાને. શાક-શાક. પીળું થાય છેને પીળું? એને જો સાબુ લગાડો તો લાલ થઈ જશે. અહીં શાક ખાતા પડી જાયને મોઢામાંથી? લૂગડાને અડી જાય. તો પીળું થઈ જાય લૂગડું. એ હળદર છે. અને ફટકડી ખારી છે. સાબુ ખારો લ્યોને. આમ લગાડો તો લાલ થાય. બે ભિન્ન-ભિન્ન પર્યાય છે હોં. હળદરની પીળી પર્યાય લાલરૂપ થાય અને ઓલી ખારાની પર્યાય પણ લાલરૂપ થાય. પણ એક સાથે થાય એમ અહીં સિદ્ધ કરવું છે. દૃષ્ટાંત છે. '**હળદર અને ફટકડી બન્નેને લાલ રંગરૂપ પરિણામ થાય છે તેમ, પુદ્‌ગલદ્રવ્ય અને જીવ બન્નેને કર્મરૂપ પરિણામ આવી પડે.**' જો આત્મા વિકાર કરે તે જ કર્મના પરિણામથી ભેગા થાય વિકાર. કર્મના પરિણામ પણ થાય અને વિકાર પણ ભેગા થાય. તો એ તો '**જીવ બન્નેને કર્મરૂપ પરિણામ આવી પડે.**' જડપણું આવી પડે. બે પરિણામ એક થઈ જાય. આહા..! આ પરિણામ શું હશે? આ નિશાળે ભણે એ પરિણામ આવે ઈ? લ્યો પરિણામ આવવા માંડ્યું તો કેટલા હુશિયાર ભણવા જાય એ. આ મેટ્રીકવાળા તો આમ મથે છે હમણા. મહિને-દોઢ મહિને આવે છેને મેટ્રીકવાળાને પરીક્ષા. .. હતી. .. પરીક્ષા દે છે. નરેન્દ્ર અને કોણ ખુશ્બુ. પરિણામ સારું લાવવું છે. એ આ પરિણામ હશે?

અહીંયાં તો આત્મામાં જે આ ભણવાનો રાગ કરે. એ રાગ છે કે નહિ? એ વખતે કર્મની પર્યાય બંધાય. બે સમય એક છે, પણ ભેગા થઈને થતું નથી. કર્મના પરિણામ કર્મથી અને જીવના પરિણામ જીવથી. બરાબર હશે આ? કહો, આ તો છોકરાઓને સમજાય એવું છે. આહા..! આ તમારે પરિણામ આવે પરીક્ષાનું ઈ હોય છે આ? ઈ નહિ. આ પરિણામ તો એની અવસ્થા છે. જીવની પરિણામ એ પુણ્ય અને પાપ થાયને? આ ભણવાનો ભાવ એ શું છે? રાગ કે ધર્મ વીતરાગ? રાગ. ત્યારે રાગ જ્યારે જીવને થાય ત્યારે નવા કર્મ પણ બંધાય. પણ નવા કર્મની પર્યાય અને રાગ બે જુદી ચીજ છે. બે એક છે નહિ. અહીં તો કર્તાકર્મ સ્વતંત્ર સિદ્ધ કરવું છેને? અજ્ઞાની રાગ-દ્વેષનો કર્તા સ્વતંત્ર છે. કર્મને લઈને થાય છે, ભેગા ભળીને થાય છે એમ નથી. અને કર્મના પર્યાય જે બંધાય એ જીવે પરિણામ રાગ-દ્વેષ કર્યા માટે ત્યાં પરિણામ બંધ થયા એમ નથી. એ કર્મના પરિણામ ભિન્ન છે અને

જીવનો રાગ-દ્વેષ ભિન્ન છે. કહો, સમજાણું કાંઈ?

આ ક્રોધ કરેને જુઓને ક્રોધ નથી કરતા? છોકરાઓ માંહોમાંહ કરે છેને? એ ક્રોધ છે એ જીવના ભાવ છે. એ જીવના પરિણામ છે, જીવની અવસ્થા છે. એ વખતે ક્રોધ કર્યો તે કાળે નવા કર્મ બંધાય છે જડ એ જડની પર્યાય છે. એ જડની પર્યાયને લઈને અહીં ક્રોધ થયો એમ નથી. કારણ કે એ તો હજી નવા બંધાણા અને અહીં રાગ-દ્વેષ કર્યો માટે નવા પરિણામ આ પરિણામને કારણે ત્યાં નવા પરિણામ થયા કર્મમાં એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પુદ્‌ગલદ્રવ્ય અને જીવ બન્નેને કર્મરૂપ પરિણામ આવી પડે.**' જોયું બંનેને કર્મરૂપ પરિણામ એમ. '**પરંતુ પુદ્‌ગલદ્રવ્યને એકને જ કર્મપણારૂપ પરિણામ તો થાય છે;...**' કર્મ જ્ઞાનાવરણીય બંધાય, મોહનીય બંધાય એ પરિણામ કર્મના સ્વતંત્ર પોતાથી છે. કર્તાકર્મ સિદ્ધ કરવું છેને? નવા કર્મના પરિણામ એ કાર્ય અને પરમાણુ એનો કર્તા. એ સ્વતંત્ર કર્તા પર્યાયનો છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જીવે રાગ-દ્વેષ કર્યા માટે કર્મ બંધાણા, રાગ-દ્વેષ કર્તા અને કર્મની પર્યાય કાર્ય એમ નથી. પરિણામ એનું કાર્ય એમ નથી. આહા..હા..! જુદી જુદી સ્વતંત્રતા છે. માથે કહ્યું હતુંને કે જડના પરિણામ પૂર્વના થયા એ સ્વતંત્ર. નવું કર્મ બંધાય એ સ્વતંત્ર અને જીવમાં રાગ-દ્વેષ થાય એ સ્વતંત્ર. આહા..હા..! અનંત દ્રવ્ય છે એટલે ભિન્ન-ભિન્ન એના પરિણામ છે. કોઈને લઈને કોઈનું થાય એવું છે નહિ. કહો, સમજાણું કાંઈ?

એ '**પુદ્‌ગલદ્રવ્ય અને જીવ બન્નેને કર્મરૂપ પરિણામ આવી પડે. પરંતુ પુદ્‌ગલદ્રવ્યને એકને જ કર્મપણારૂપ પરિણામ તો થાય છે;...**' જુઓ, જીવે રાગ-દ્વેષ કર્યા માટે કર્મના પરિણામ થાય છે એમ છે નહિ. કર્મરૂપ પરિણામ તો સ્વતંત્ર જડમાં થાય છે. સમજાણું કાંઈ? '**તેથી જીવનું રાગાદિ-અજ્ઞાનપરિણામ કે જે...**' જીવ(ને) જે પુણ્ય અને પાપના ભાવ રાગ એ અજ્ઞાનભાવ છે. એ આત્માનો જ્ઞાનભાવ નથી. શુભ અને અશુભભાવ એ રાગાદિ અજ્ઞાન પરિણામ '**કે જે કર્મનું નિમિત્ત છે...**' નવા કર્મનું એ રાગાદિ પરિણામ નિમિત્ત છે. '**તેનાથી જુદું જ પુદ્‌ગલકર્મનું પરિણામ છે.**' આહા..હા..! બહુ ઝીણું!

મુમુક્ષુ :- .. બહુ સરસ વાત છે.

ઉત્તર :- એમ? આ આત્મા છે એ વસ્તુ તરીકે તો જ્ઞાનાનંદ સ્વભાવ તરીકે એનો ત્રિકાળી અવિનાશી સ્વભાવ. આનંદ, જ્ઞાન, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એ વસ્તુનો ત્રિકાળી અવિનાશી સ્વભાવ. એવા અવિનાશીને ભૂલીને અજ્ઞાન પરિણામ લેવા છેને અહીંયાં તો? પુણ્ય અને પાપના ભાવ જે થાય એ અજ્ઞાન પરિણામ છે. એ આત્માના પરિણામ, જ્ઞાનસ્વભાવ પરિણામ નહિ. છે આત્માની પર્યાય, પણ એ આત્માના અવિનાશી સ્વભાવના પરિણામ નહિ. સમજાણું

કાંઈ?

કહે છે '**પુદ્ગલદ્રવ્યને એકને જ કર્મપણારૂપ પરિણામ તો થાય છે;...**' નવા કર્મ બંધાય એની વાત છે અત્યારે હોં આ. એને જીવના રાગ-દ્વેષના પરિણામ નિમિત્ત હોય, પણ નિમિત્ત હોવાથી કર્મના પરિણામ એણે કર્યા એમ નથી. એ કર્મની પર્યાય કર્મથી થઈ. આ નવાની વાત છે હોં આ અત્યારે. જૂનાની વાત લીધી જ નથી અહીં. એ તો ઓલામાં નાખ્યું હતું જરી. આ તો નવા બંધાવાના પરિણામની વાત છે. ઓલામાં તો નાખ્યું હતું કે ઉદય જે છે જડનો એ નવા બંધનનું કારણ. અને જીવના વિકારી પરિણામ નવા બંધનમાં નિમિત્ત. તો તો જીવે રાગ-દ્વેષ કર્યા એ સ્વતંત્ર, અજ્ઞાનભાવે વિકાર કર્યો એ સ્વતંત્ર, જૂના કર્મનો ઉદય આવ્યો એ સ્વતંત્ર અને નવા કર્મ બંધાણા એ પણ એની પર્યાયથી સ્વતંત્ર. સમજાણું કાંઈ? આહા..! આવું સ્વરૂપ છે.

એ રાગાદિ અજ્ઞાન પરિણામ જીવમાં જે રાગ-દ્વેષ, પુણ્ય-પાપ અજ્ઞાનભાવ. આહા..હા..! ચાહે તો શુભભાવ હો કે અશુભ હો. છે અજ્ઞાન. અજ્ઞાન એટલે? આત્માના શુદ્ધ સ્વભાવના એ પરિણામ નહિ. આહા..હા..! કહો, આ વેપાર કરવાનો ભાવ, પૈસા સાચવવાનો ભાવ એ કેવો હશે? શું હશે? અજ્ઞાન લ્યો! આ બગંડીયું અને .. ત્યાં ભાણિયાને કહેવું કે એ કામ કરજે એલા મારે.. અમે બાપ-દીકરો જઈએ છીએ મુંબઈ. મુંબઈમાં. ધ્યાન રાખજે. એ ભાવ કયો હશે? એ રાગભાવ છે. અને એ રાગ છે એ ચૈતન્યના સ્વભાવથી વિરુદ્ધભાવ છે. માટે તેને અજ્ઞાનભાવ કહ્યો છે. આહા..હા..! ભારે!

અહીં તો કહે છે કે જીવે ભલે એ રાગ-દ્વેષ કર્યા, પુણ્ય-પાપના ભાવ થયા એ તો એ કર્તા સ્વતંત્ર અને એનું કાર્ય પણ સ્વતંત્ર. પણ નવું કર્મ બંધાય એમાં એ પરિણામ નિમિત્ત ખરા, પણ નવું કર્મ બંધાય એમાં એ સ્વતંત્ર પરિણામ કર્મ છે. એમ રાગ-દ્વેષ કર્યા માટે કર્મની પર્યાય થઈ એમ નથી. એ પ્રશ્ન હતો ઘણા વર્ષ (પહેલાં) છઠ્ઠી સાલમાં ત્યાં રાજકોટ. કે જો ભાઈ આ રાગ-દ્વેષ કર્યા ત્યારે કર્મ થયાને એમાં?

મુમુક્ષુ :- પણ ન કરે એને નથી થતા. સિદ્ધ ભગવાન ન કરે.

ઉત્તર :- પણ ન કરવાનો પ્રશ્ન ક્યાં છે? અહીં કર્યા અને એને લઈને થયા એમ નથી. આહા..હા..! અહીંયાં જ્ઞાનની અશાતના કરી તો ત્યાં જ્ઞાનવરણીય બંધાણું એમ નથી એમ કહે છે. જ્ઞાનાવરણીયની, જ્ઞાનની અશાતના કરી એ જીવના પરિણામ. એ નવા જ્ઞાનાવરણીય બંધાણા એમાં નિમિત્ત, પણ એ જ્ઞાનાવરણીયનું કર્મ બંધાણું એ સ્વતંત્ર પોતાના પરિણામથી બંધાયું છે. આહા..હા..! અહીં જ્ઞાનને અશાતના કરી એ ભાવ છે, માટે જ્ઞાનાવરણીયના પરિણામ કર્મના થયા છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાણું? આહા..હા..! એ સંચો આમ ફરે છે માટે ત્યાં કોતરાય છે એમ નથી એમ કહે છે. અહીંયાં તો જીવ

અને કર્મ વચ્ચે. કહ્યું છેને નવા કર્મ વચ્ચે હોં. અહીંયાં વાત આવશે. જૂના કર્મ જડ અને નવું બંધાય એ વાત કરી અને જીવના પરિણામ નિમિત્ત થાય એ પણ વાત કરી. એ જીવના વિકારી પરિણામ થાય એમાં જૂનું કર્મ ભલે નિમિત્ત કહેવાય, પણ એ વાત અહીં લેવી નથી. એ જૂનું કર્મ તો નવાને બંધવામાં નિમિત્ત થાય એમ કહ્યું ત્યાં. આહા..હા..! જૂનું કર્મ નવાને નિમિત્ત થાય. નવું કર્મ સ્વતંત્ર પરિણમે અને નવાને અજ્ઞાનીના રાગ-દ્વેષ નિમિત્ત થાય. એ ત્રણેય સ્વતંત્ર. સમય એક છતાં ત્રણેય સ્વતંત્ર. કોઈને કારણે કોઈ નથી. આહા..હા..!

અહીં હવે બીજી વાત લીધી પાછી. ભાઈ નવા કર્મ જે બંધાય એમાં જીવમાં રાગ-દ્વેષ અજ્ઞાન નિમિત્ત. પણ નિમિત્ત છતાં કર્મની પર્યાયનો એ કર્તા નથી. સમજાણું કાંઈ? કર્મ જીવ બાંધે અને કર્મ જીવ છોડે એમ નહિ. એમ કહે છે. જીવ તો પોતાના સ્વભાવને ભૂલીને રાગ-દ્વેષ કરે. બસ, એટલી વાત. એટલી મર્યાદા એની. અને એ પણ સ્વતંત્ર કરે. કર્મને લઈને કરે એ પણ નહિ. અને કર્મ બંધાય નવા એ જીવે રાગ-દ્વેષ કર્યા એવી અપેક્ષા રાખીને જ્ઞાનાવરણીય કર્મ બંધાય એમ નહિ. સમજાણું કાંઈ? એ જ્ઞાનાવરણીય આદિ બંધાય એ નિરપેક્ષપણે પોતાની પર્યાયથી બંધાય છે. રાગ અને દ્વેષના પરિણામની અપેક્ષા રાખ્યા વિના. આહા..હા..! કેટલી સ્વતંત્રતા છે લોકોને ખબર નથી. હવે એને ઠેકાણે આ શરીરની ક્રિયા હું કરું, આ બોલું હું એ તો ક્યાંય ગયું આઘું.

મુમુક્ષુ :- વ્યવહારે બોલાય વ્યવહારે...

ઉત્તર :- બોલે કોણ ધૂળ? બોલે એ બીજો. જડ જડમાં અવાજ થાય. જડના અવાજની પરિણતિ જડમાં સ્વતંત્ર થાય. જીવે વિકલ્પ કર્યો માટે જડની પર્યાય ભાષાની થઈ એમ નથી એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? ત્યારે વળી કોઈ એમ કહેતું કે નવા કર્મ જ્યારે બંધાય ત્યારે જીવ સ્વતંત્રપણે બંધાય તો અહીં જીવને રાગને કરવો જ પડે. કારણ કે બંધાવાનું નિમિત્ત તો હોવું જોઈએને? એય..! એ ૯૫માં. રાજકોટ-રાજકોટ. આ પણ પ્રશ્ન રાજકોટ ઉઠ્યો હતો કે રાગ-દ્વેષ જીવ કરે તો બંધાયને? માટે .. બધી વાતું ખોટી મારા એકેએક સાંભળને. રાગ-દ્વેષ જીવ કરે તો કર્મ બંધાય એમ નથી. કર્મના પરમાણુમાં તે સમયે સ્વતંત્ર કર્મની પર્યાય થવાની લાયકાતથી બંધાણા છે. અને એ કર્મ બંધાવાના હતા માટે જીવને રાગ કરવો પડ્યો એમ પણ નથી. એમ કહે છે. ઉપાદાનની વાત એમાં આવે છેને? ભાઈ! કે કર્મના ઉપાદાન શક્તિ કર્મ થવાની છે તો અહીં નિમિત્ત જોશેને. રાગ-દ્વેષ કરવા પડશે જીવને. અરે..! સાંભળને મારા! ઉપાદાનની વાત આવી હતી ત્યાં. ૯૫માં રાજકોટ. બહારથી પ્રશ્ન આવ્યો હતો. ઉપાદાન સ્વતંત્ર છે ત્યારે કર્મ બંધાવાને યોગ્ય પરમાણુ હોય છે જીવમાં. જીવમાં જોડે તો જીવને રાગ-દ્વેષ કરવો જ પડે. થઈ રહ્યું. કારણ કે બંધાય એનું નિમિત્ત તો હોવું જોઈએને? ઉંધેથી તે લીધું. આહા..હા..! સમજાણું? એમ નથી. તે કાળે એને વિકારી પરિણામ

થવાનો સ્વકાળ જીવનો છે. સ્વતંત્રપણે થયું છે અને કર્મના બંધનના પરિણામ પણ કર્મને લઈને સ્વતંત્ર થયા છે. આહા..હા..! ભારે ગડબડ ભાઈ!

એમ કહ્યું કે ભગવાને એમ જોયું કે આને આવા કર્મ બંધાવાના છે. ત્યારે જો બંધાવાના છે તો એની મેળાએ બંધાશે? કાંઈક નિમિત્ત તો જોશે કે નહિ? તો જીવને રાગ-દ્વેષ કરવા જ પડશે. એમ નથી. આહા..! જીવના તે સમયનો સ્વકાળ રાગ અને દ્વેષ કરવાનો એને વિપરીત ભાવ હતો એનો કાળ અને તે જ કાળે નવા કર્મ પરિણામ થવાના પરમાણુમાં એનો સ્વકાળ હતો. મારે ભારે! ઉપાદાન દેખે ત્યાં જુઓ ઉપાદાનવાળા એમ પ્રશ્ન કરે છે. ઉપાદાનથી થાય કે નહિ? નિમિત્તથી ન થાય. તોપછી કર્મમાં ઉપાદાન બંધાવાનું છે તો તમારે રાગ-દ્વેષ કરવા પડશે. હીરાભાઈ! અરે..! તને ખબર નથી, ભાઈ! તે સમયે જીવનો પોતાથી સ્વતંત્રપણે, અજ્ઞાનપણે રાગ-દ્વેષ કરવાનો એનો સ્વકાળ છે. બંધાય છે, કર્મ બંધાય માટે એનો સ્વકાળ આવો છે એમ નથી. ભારે વાતું ભાઈ! થોડા-થોડા ફેરમાં મોટો ફેર. '**રાગાદિ-અજ્ઞાનપરિણામ કે જે કર્મનું નિમિત્ત છે...**' નવાનું. '**તેનાથી જુદું જ પુદ્ગલકર્મનું પરિણામ છે.**' આહા..હા..! આવી સ્વતંત્રતા. વસ્તુની સ્થિતિ આવી છે એમ કહે છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- જો પુદ્ગલદ્રવ્ય અને જીવ ભેળાં થઈને...**' ભેળા એટલે એક થઈને. '**કર્મરૂપે પરિણમે છે...**' જીવ અને પુદ્ગલ બે ભેગા થઈને જડરૂપે થાય '**એમ માનવામાં આવે તો બન્નેને કર્મરૂપ પરિણામ ઠરે.**' બેયને જડનું પરિણામ ઠરે. '**પરંતુ જીવ તો જડ કર્મરૂપે કદી પરિણમી શકતો નથી;...**' જીવ પોતે પોતાને ભૂલી રાગ-દ્વેષ કરે કે રાગ-દ્વેષ ટાળે. બસ એ બે પોતે કરે. કાં રાગ-દ્વેષ કરે અને કાં રાગ-દ્વેષ ન કરે. એ ટાળવાનો અર્થ ઈ. ન કરે. એ એની સ્વતંત્રતા. સમજાણું કાંઈ? પણ '**અજ્ઞાનપરિણામ કે જે કર્મને નિમિત્ત છે તેનાથી જુદું જ પુદ્ગલદ્રવ્યનું કર્મપરિણામ છે.**' પણ જીવે રાગ-દ્વેષ કર્યા માટે તે સમયે કર્મની પર્યાયને થવું પડ્યું. આને કારણે. એવું પરાધીનપણું છે નહિ. ભારે વાતું ભાઈ! કહો, અહીં તો ભાષા બોલવી અમે કરીએ, આ અમે કરીએ લ્યો. ખાવા-પીવાની ક્રિયા અમે કરીએ. હાલવા-ચાલવાનું આત્મા કરે. ભગવાનની ભક્તિ આત્મા કરે, બોલવાની. સ્વાહા. એ તો જડ ભાષા. ભાષાની પર્યાય સ્વતંત્ર છે. ત્યારે કહે એ ભાષાની પર્યાય થવાની હતી માટે અહીં રાગ આવ્યો. એય..! એમ પણ નહિ. અને રાગ થયો માટે ભાષાની પર્યાયને થવું પડ્યું એમ પણ નહિ. આહા..હા..! ભારે! આવું છે. ચોખ્ખે ચોખ્ખું છે. સુજાનમલજી! ..પ્રતાપગઢમાં એકલા એકાંત .. ઉત્સાહથી. પછી બધા ભેળા થયા, આવ્યા ખરા. પણ કામ કરનાર એકલા. ... આપણને કોઈ દિ' .. નહિ. મુંબઈથી આવ્યા. થવાનું હોય તે થાય પણ નિમિત્ત કોણ છે એની વાત છે આ તો. ઈ તો વાત ચાલે છે. આહા..હા..!

આત્મામાં પુણ્ય અને પાપના ભાવ થાય એ સ્વતંત્રપણે થાય છે એમ સિદ્ધ કરવું છે. કર્મને લઈને થાય છે એમ નહિ. અને રાગ-દ્વેષના પરિણામ થાય તેથી કર્મને બંધાવું પડે એમ નહિ. ભારે! તે સમયે જડના પરિણામ થવાનો એનો સ્વકાળ છે પુદ્ગલનો. આ એક સ્વકાળે થાય અને પરકાળે ન થાય એટલું જો સમજેને તો બધો ખુલાસો આવી જાય એવું છે. આહા..હા..! દરેક દ્રવ્ય અને દરેક પરમાણુ આદિ આત્મા, વર્તમાન પર્યાય એની જે થવાની તે તેનો સ્વકાળ છે. એ પરકાળથી નહિ, પરથી નહિ, નિમિત્તથી નહિ, હો નિમિત્ત પણ એનાથી નહિ. હોય તો ભલે હોય. એમ કર્મની પર્યાય કર્મમાં થઈ એનો સ્વકાળ હતો. પછી રાગ-દ્વેષ ભલે નિમિત્ત હોય, પણ રાગ-દ્વેષને લઈને એ પર્યાય થઈ કર્મની. એમ નથી. સ્વકાળથી થઈ, એ પરકાળથી નહિ. આહા..હા..! ભારે સિદ્ધાંત છે. સ્વચતુષ્ટયથી છે અને પરચતુષ્ટયથી નથી. એકે ખલાસ થઈ જાય છે. આ બધા ઉપાદાન-નિમિત્તના ઝઘડા.

મુમુક્ષુ :- ઘંટા વાગે છે.

ઉત્તર :- ઘંટા વાગે છે. હા પાડે છે કુદરત. વાત તો એમ છે.

‘**જીવ તો જડ કર્મરૂપે કદી પરિણમી શકતો નથી;...**’ જીવ કાંઈ કર્મની પર્યાયપણે કદી થાતો નથી. કર્મની પર્યાયપણે પુદ્ગલ થયા છે. આહા..હા..! અને રાગ-દ્વેષના પરિણામ થયા એટલે કર્મને થવું પડ્યું. એ રાગ-દ્વેષના પરિણામ કર્તા અને કર્મની પર્યાય કાર્ય એમ છે નહિ. આહા..હા..! ઓલામાં એમ કહ્યું હતું કર્મનો ઉદય કર્તા અને જીવના રાગ-દ્વેષ પરિણામ કર્મ એમ નથી, ભાઈ! ઓલી ગાથામાં પૂર્વનું કહ્યું. આ ભવિષ્યની વાત છે આ. બેને ફેરવી નાખી છે વાત આમ. કે પૂર્વનું કર્મ છે જડ એ સ્વતંત્ર એનું પરિણમન થયું તે કાળે. રજકણો કર્તા અને એ પર્યાય ઉદય એનું કાર્ય. પણ એને લઈને અહીં રાગ થાય એમ નથી. રાગ અને દ્વેષનો કર્તા અજ્ઞાની સ્વતંત્ર અજ્ઞાનભાવે છે. આહા..હા..! અને નવા કર્મ બંધાય એ પણ સ્વતંત્ર બંધાય એમ ત્યાં કહ્યું હતું. એને ફેરવીને વાત વિસ્તાર કર્યો છે, સ્પષ્ટ કર્યો છે. જૂનું, નવું અને વિકાર ત્રણ હતા. હવે અહીં બે ભેગા થઈને થાય છે એમ નથી. આહા..હા..! ભારે! ‘જડ અને ચૈતન્ય બંને પ્રગટ સ્વભાવ ભિન્ન.’ તદ્દન બેયના સ્વભાવ જુદા છે.

કહે છે કે ‘**જડ કર્મરૂપે કદી પરિણમી શકતો નથી; તેથી જીવનું અજ્ઞાનપરિણામ કે જે કર્મને નિમિત્ત છે તેનાથી જુદું જ પુદ્ગલદ્રવ્યનું...**’ કર્મરૂપી થવું એ જુદી ચીજ છે. જીવે વિકાર કર્યો માટે કર્મરૂપ પરિણામ થયું એમ નથી. નહિતર રાગ ન કરે તો થાત?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, પણ રાગ ન કરે તો થાત?

મુમુક્ષુ :- .. ન થયું હોય તો એ શરત જ ક્યાં છે?

ઉત્તર :- પણ અહીં શરતને ક્યાં ઉતારવી? ... વહેલા જન્મ્યો હોત તો મરી જાત વહેલો.

એ કલ્પના. આહા..હા..! અહીં તો વીતરાગદેવ જીવના સંસારભાવરૂપી પરિણામ એ પરિણામનો કર્તા જીવ સ્વતંત્ર છે. એને કર્મના ઉદયની અપેક્ષા નથી. એમ સિદ્ધ કરે છે. અને કર્મના ઉદયને આ રાગ-દ્વેષ કરવાના માટે ઉદય આવ્યો છે એવી અપેક્ષા નથી. ત્રીજું. રાગ-દ્વેષ જીવે કર્યા માટે કર્મની પર્યાયની અપેક્ષા આ રાગ-દ્વેષની છે બંધાવામાં. એમ નથી. આહા..! સમજાણું કાંઈ? કહો, વીરચંદભાઈ! આવો માર્ગ છે. વીરચંદભાઈને તો ત્યાં વાંચન ચાલે. આહા..હા..! આ બેમાં આટલો ફેર પાડ્યો.

## ગાથા-૧૩૯-૧૪૦

पुद्गलद्रव्यात्पृथग्भूत एव जीवस्य परिणामः —

जीवस्स दु कम्मेण य सह परिणामा हु होंति रागादी।
एवं जीवो कम्मं च दो वि रागादिमावण्णा।।१३९।।
एक्कस्स दु परिणामो जायदि जीवस्स रागमादीहिं।
ता कम्मोदयहेदूहिं विणा जीवस्स परिणामो।।१४०।।

जीवस्य तु कर्मणा च सह परिणामाः खलु भवन्ति रागादयः।
एवं जीवः कर्म च द्वे अपि रागादित्वमापन्ने।।१३९।।
एकस्य तु परिणामो जायते जीवस्य रागादिभिः।
तत्कर्मोदयहेतुभिर्विना जीवस्य परिणामः।।१४०।।

यदि जीवस्य तन्निमित्तभूतविपच्यमानपुद्गलकर्मणा सहैव रागाद्यज्ञानपरिणामो भवतीति वितर्कः, तदा जीवपुद्गलकर्मणोः सहभूतसुधाहरिद्रयोरिव द्वयोरपि रागाद्यज्ञानपरिणामापत्तिः। अथ चैकस्यैव जीवस्य भवति रागाद्यज्ञानपरिणामः, ततः पुद्गगकर्मविपाकाद्धेतोः पृथग्भूतो ए जीवस्य परिणामः।

પુદ્ગલદ્રવ્યથી જુદું જ જીવનું પરિણામ છે એમ હવે પ્રતિપાદન કરે છેઃ-

જીવનાં, કરમ ભેળા જ, જો પરિણામ રાગાદિક બને,
તો કર્મ ને જીવ ઉભય પણ રાગાદિપણું પામે અરે! ૧૩૯.

પણ પરિણમન રાગાદિરૂપ તો થાય છે જીવ એકને,
તેથી જ કર્મોદયનિમિત્તથી અલગ જીવપરિણામ છે. ૧૪૦.

ગાથાર્થ :- [जीवस्य तु] જો જીવને [कर्मणा च सह] કર્મની સાથે જ [रागादयः परिणामाः] રાગાદિ પરિણામો [खलु भवन्ति] થાય છે (અર્થાત્ બન્ને ભેળા થઈને રાગાદિરૂપે પરિણમે છે) એમ માનવામાં આવે [एवं] તો એ રીતે [जीवः कर्म च] જીવ અને કર્મ [द्वे अपि] બન્ને [रागादित्वम् आपन्ने] રાગાદિપણાને પામે. [तु] પરંતુ [रागादिभिः परिणामः] રાગાદિભાવે પરિણામ તો [जीवस्य एकस्य] જીવને એકને જ [जायते] થાય છે [तत्] તેથી [कर्मोदयहेतुभिः विना] કર્મોદયરૂપ નિમિત્તથી રહીત જ અર્થાત્ જુદું જ [जीवस्य] જીવનું [परिणामः] પરિણામ છે.

ટીકા :- જો જીવને, રાગાદિ-અજ્ઞાનપરિણામના નિમિત્તભૂત એવું જે ઉદયમાં આવેલું પુદ્‌ગલકર્મ તેની સાથે જ (અર્થાત્ બન્ને ભેગાં મળીને જ), રાગાદિ-અજ્ઞાનપરિણામ થાય છે- એમ વિતર્ક કરવામાં આવે તો, જેમ ભેળાં થયેલાં ફટકડી અને હળદર બન્નેને લાલ રંગરૂપ પરિણામ થાય છે તેમ, જીવ અને પુદ્‌ગલકર્મ બન્નેને રાગાદિ-અજ્ઞાનપરિણામ આવી પડે. પરંતુ જીવને એકને જ રાગાદિ-અજ્ઞાનપરિણામ તો થાય છે; તેથી પુદ્‌ગલકર્મનો ઉદય કે જે જીવના રાગાદિ-અજ્ઞાનપરિણામનું નિમિત્ત છે તેનાથી જુદું જ જીવનું પરિણામ છે.

ભાવાર્થ :- જો જીવ અને પુદ્‌ગલકર્મ ભેળાં થઈને રાગાદિરૂપે પરિણમે છે એમ માનવામાં આવે તો બન્નેને રાગાદિરૂપ પરિણામ ઠરે. પરંતુ પુદ્‌ગલકર્મ તો રાગાદિરૂપે (જીવ-રાગાદિરૂપે) કદી પરિણમી શકતું નથી; તેથી પુદ્‌ગલકર્મનો ઉદય કે જે રાગાદિપરિણામને નિમિત્ત છે તેનાથી જુદું જ જીવનું પરિણામ છે.

---

## ગાથા-૧૩૯-૧૪૦ ઉપર પ્રવચન

'પુદ્‌ગલદ્રવ્યથી જુદું જ જીવનું પરિણામ છે એમ હવે પ્રતિપાદન કરે છે :- –' ઓલામાં ઈ કર્યું હતું. જીવથી જુદું પુદ્‌ગલદ્રવ્યનું પરિણામ છે એમ સિદ્ધ કર્યું. હવે અહીં ''પુદ્‌ગલદ્રવ્યથી જુદું જ જીવનું પરિણામ છે એમ હવે પ્રતિપાદન કરે છે :- '

जीवस्स दु कम्मेण य सह परिणामा हु होंति रागादी।

एवं जीवो कम्मं च दो वि रागादिमावण्णा।।१३९।।
एक्कस्स दु परिणामो जायदि जीवस्स रागमादीहिं।
ता कम्मोदयहेदूहिं विणा जीवस्स परिणामो।।१४०।।

આહા..હા..! કેટલી વાત સ્પષ્ટ કરે છે! તોય ઓલા મારા લાકડા નાખે છે. કર્મનો ઉદય આવે અને વિકાર થાય, કર્મનો ઉદય આવે અને વિકાર થાય. આહા..!

**જીવનાં, કરમ ભેળા જ, જો પરિણામ રાગાદિક બને,**
**તો કર્મ ને જીવ ઉભય પણ રાગાદિપણું પામે અરે! ૧૩૯.**
**પણ પરિણમન રાગાદિરૂપ તો થાય છે જીવ એકને,**
**તેથી જ કર્મોદયનિમિત્તથી અલગ જીવપરિણામ છે. ૧૪૦.**

આહા..હા..! ટીકા એની. '**જો જીવને,...**' રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત-ભક્તિ આદિ પરિણામ. હિંસા, જૂઠું, વિષય, ભોગ, વાસના એ '**અજ્ઞાનપરિણામ...**' જુઓ, અહીં તો રાગાદિને અજ્ઞાન પરિણામ જ કહ્યા. એ કાંઈ જ્ઞાન સ્વભાવના પરિણામ નથી. આહા..હા..! એ અજ્ઞાની રાગ-દ્વેષના પરિણામનો કર્તા અને કર્મ એનું નામ (રાગ) દ્વેષ. રાગ-દ્વેષનો કર્મનો ઉદય કર્તા અને રાગ-દ્વેષ એનું કાર્ય એમ નહિ. શું કીધું? રાગ-દ્વેષ પુણ્ય-પાપનો કર્તા અજ્ઞાનભાવ અજ્ઞાની અને પુણ્ય-પાપભાવ એનું કાર્ય. પણ કર્મનો ઉદય કર્તા અને વિકારી પરિણામ એનું કાર્ય. એમ નથી. કહો, સમજાણું કાંઈ?

'**જીવને, રાગાદિ-અજ્ઞાનપરિણામના નિમિત્તભૂત...**' જુઓ, જીવને રાગ-દ્વેષના અજ્ઞાનનું નિમિત્ત '**એવું જે ઉદયમાં આવેલું પુદ્ગલકર્મ...**' લ્યો હવે આવ્યું. ઓલા નવાની વાત હતી. આ જૂનાની વાત લીધી પાછી. આહા..હા..! જીવને પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ, દયા અને દાન, કામ અને ક્રોધ એવા અજ્ઞાન પરિણામ એનું નિમિત્તભૂત એવું ઉદયમાં આવેલું પુદ્ગલકર્મ. એનું નિમિત્તપણું કર્મનો ઉદય નિમિત્ત. '**તેની સાથે જ (અર્થાત્ બન્ને ભેગાં મળીને જ), રાગાદિ-અજ્ઞાનપરિણામ થાય છે...**' એ કર્મને લઈને થાય છે '**એમ વિતર્ક કરવામાં આવે તો, જેમ ભેળાં થયેલાં ફટકડી અને હળદર બન્નેને લાલ રંગરૂપ પરિણામ થાય છે તેમ, જીવ અને પુદ્ગલકર્મ બન્નેને રાગાદિ-અજ્ઞાનપરિણામ આવી પડે.**' આહા..હા..! '**જીવ અને પુદ્ગલકર્મ બન્નેને રાગાદિ-અજ્ઞાનપરિણામ આવી પડે.**' બે ભેગા થઈને કરે તો. કર્મનો ઉદય અને રાગ બે ભેગા થઈને કરે. એ ઉદયનું ભેગાપણું વિકારી થવામાં છે નહિ. જુદી એ તો ચીજ છે. એનાથી રાગ-દ્વેષના પરિણામ અજ્ઞાનીના જુદાં છે. આહા..હા..! આ કર્મનો ગોટાળો મોટો છે. કર્મને લઈને આત્મા રખડે. કર્મને લઈને. એય..! જેઠાભાઈ! એમના ગુરુ એ કહે આપણે ચર્ચા કરીએ, પણ પહેલું કબુલ કરો કે કર્મને લઈને વિકાર થાય તો. હવે પછી શું ચર્ચા કરવી બાકી રહી? કર્મ જડ છે. એના ઉદયના પરિણામ

સ્વતંત્ર એનામાં છે અને જીવના રાગ-દ્વેષ પરિણામ કર્મના ઉદયથી ભિન્ન છે. બે ભેગા થઈને થયા છે એમ છે નહિ. આહા..હા..! કહો, પંડિતજી! ક્યાં અત્યાર સુધી ક્યાંથી ઠીક હતું?... આહા..હા..!

જ્ઞાનાવરણીયનો ઉદય તો અહીંયાં જ્ઞાનમાં અલ્પપણું થયું એમ નથી. ઉદયથી જ્ઞાનની હીણી અવસ્થા ભિન્ન છે એટલે ઉદયની અવસ્થા એ જ્ઞાનની હીણી અવસ્થાએ કરી એમ છે નહિ. જ્ઞાનાવરણીય.. આવ્યું છેને? આવ્યું છે એ સાચી વાત. સ્પષ્ટ. આ તો હું પહેલા ઉતારવા ગયો કર્મમાં. એની માટે નહિ. એ પ્રશ્ન નહોતો. કે ભાઈ જ્ઞાનાવરણીયનો ઉદય છે. માટે અહીં જ્ઞાનની હીણી દશાનું કાર્ય થયું એમ નથી. એ ..માં આવ્યું છે ભાઈ! કાનજીસ્વામી એમ કહે છે ત્યાં જ્ઞાનની હીણી દશાની યોગ્યતા પોતાથી થાય છે. કર્મથી નહિ. આ શું કહે છે? આહા..હા..! એ ચર્ચા થઈ હતી ઈસરી. કર્મને-જ્ઞાનાવરણીને લઈને. જુઓ છેને અહીં છે આમાં. છે કે નહિ? પૂઠાં વગરની? ઈ જ છે. ઈ જ ઈ જ આવ્યું. જુઓ, 'કાનજીસ્વામી યહ કહતે હૈ કિ મહારાજ! જ્ઞાનાવરણાદિ કર્મ કુછ નહીં કરતે. અપની યોગ્યતાસે જ્ઞાનમેં કમી-બેસી હોતી હૈ.' લ્યો એ પ્રશ્ન. 'જ્ઞાનાવરણીય કર્મ કુછ નહીં કરતે. અપની યોગ્યતા સે જ્ઞાનમેં કમી-બેસી હોતી હૈ. મહારાજ! જ્ઞાનમેં કમી હોતી હૈ વહ અપની વજહસે હોતી હૈ? અપની યોગ્યતાસે હોતી હૈ? કાનજીસ્વામી યહ કહતે હૈ કિ જ્ઞાનાવરણીય કર્મ કભી કુછ નહીં કરતા. મહારાજ! ક્યા હૈ? ઠીક હૈ? ક્યા ઠીક હૈ? બાત સમજો. કૈસે ઠીક હૈ? ઠીક નહીં. કોઈ ભી કહે, હમતો કહતે હૈ કિ અંગધારી ભી કહે તો ભી ઠીક નહીં.' સમજાણું કાંઈ?

અહીંયાં શું કહે છે? કે જ્ઞાનાવરણીનો ઉદય એનાથી જ્ઞાનની હીનતાના પરિણામ એનાથી ભિન્ન છે. ભિન્ન છે. જ્ઞાનાવરણીયનો ઉદય કર્તા અને જ્ઞાનની હીણી અવસ્થા કર્મ, કાર્ય એમ છે નહિ. બરાબર છે? તો જ્ઞાનાવરણીય વિના જ્ઞાન હીણું થાય છે? હીણું થાય છેને હીણું? જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય તો વિકાસ થાય છે. તો કહે છે કે જ્ઞાનાવરણીયના ક્ષયોપશમની પર્યાય જડમાં છે. તો એ જડની અપેક્ષા રાખીને અહીંયાં જ્ઞાનનો ક્ષયોપશમ આત્મામાં થાય છે? બિલકુલ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે ભાઈ. સૂક્ષ્મ વાત છે.

એ જ કહે છે જુઓ, '**જીવ અને પુદ્ગલકર્મ બન્નેને રાગાદિ-અજ્ઞાનપરિણામ આવી પડે.**' તો બે ભેગા થઈને કરે તો જ્ઞાનાવરણીયનો ઉદય અને જ્ઞાનની હીણી દશા બે એક દશા થઈ જાય. બેની જાત એક પરિણામ થઈ જાય એમ છે નહિ. '**પરંતુ જીવને એકને જ રાગાદિ-અજ્ઞાનપરિણામ તો થાય છે;...**' હવે અહીં બધું છે લ્યો! આત્મામાં જ્ઞાનની હીણી દશા કમી-બેસી થાય છે એ પોતાની યોગ્યતાથી થાય છે. એનો કર્તા આત્મા અને અધિક કે વિકાસ એ એનું કાર્ય. જ્ઞાનાવરણીયનો ઉદય માટે હીણી દશા કાર્ય, જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ માટે વિકાસ કાર્ય એમ છે નહિ. કહો, સમજાય છે કાંઈ? શેઠ! આવ્યું કે નહિ

એમાં? એ વાંચ્યું હતું કે નહિ? ... આવ્યું છેને? આહા..હા..! જુઓને કેટલું સ્પષ્ટ કરે છે! આઠેય કર્મ હોં! આ તો રાગાદિના પરિણામ લીધા એટલે બધું આવ્યુંને એમાં?

જ્ઞાનની કમી-બેસી પોતાથી થાય છે. ખામી થવામાં કર્મનો ઉદય કારણ છે એમ નથી. કમી થઈ એમાં દર્શનાવરણીય બંધાય છે કમીને કારણે એમ નથી. અને જ્ઞાનમાં વિકાસ થાય છે તો જ્ઞાનાવરણીય ક્ષયોપશમ થયો તો એને કારણે આ વિકાસ થયો એમ નથી. અને વિકાસ થાય છે તો જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ એને કરવો પડ્યો જડને એમ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- યથાર્થ વાત છે.

ઉત્તર :- યથાર્ત વાત લ્યો. સમજાણું કાંઈ?

એમ દર્શનાવરણીય. દર્શનાવરણીય કર્મ ઉદય આવ્યો તો અહીંયાં દર્શનની પર્યાય હીણી થઈ એમ નથી. દર્શનની પર્યાય પોતાથી હીણી થઈ છે અને દર્શનનો કર્મ ઉદય એને કારણે થયું છે. અને અહીંયાં દર્શનાવરણીયનો ક્ષયોપશમ થયો કર્મમાં તો દર્શનમાં ક્ષયોપશમ ચક્ષુ-અચક્ષુનો વિકાસ થાય છે એમ નથી. આહા..હા..! પોતામાં જ્ઞાનનો ક્ષયોપશમ થાય એનો કર્તા આત્મા છે અને એનું ક્ષયોપશમ એનું કાર્ય છે. જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થયો એ કર્તા, જ્ઞાનનો ક્ષયોપશમ કાર્ય એમ છે નહિ. આહા..હા..! હવે જૈનમાં તો કર્મ, કર્મ ને કર્મ છે. એ અહીંયાં ના પાડે છે એમ છે નહિ. આહા..હા..!

એમ મોહનીય કર્મ. પછી. અઘાતિ છે એટલે હમણા નહિ. ધીમું પાડી દીધું. મોહનીય કર્મનો ઉદય જડ. તો એને લઈને અહીંયાં વિકારી પરિણામ થયા એમ નથી. અને મોહનો ત્યાં અભાવ થાય છે માટે રાગનો અભાવ થાય છે એમ નહિ. આહા..હા..! ક્ષયાત્ નથી આવતું. જ્ઞાનાવરણી ક્ષયાત કેવળજ્ઞાન... તો કહે છે કે એ ક્ષયાત્ એ કાર્ય તો જડમાં થયું. એ કાર્યથી કેવળજ્ઞાનનું કાર્ય થયું? આહા..હા. જ્ઞાનાવરણીય આદિ ક્ષયાત્ કેવળજ્ઞાન. એ તો નિમિત્તનું કથન છે. જ્ઞાનાવરણીનો ક્ષય એ કર્તા, કેવળજ્ઞાન કાર્ય એમ છે નહિ. કેવળજ્ઞાનરૂપી પર્યાયનો કર્તા જીવ અને કેવળજ્ઞાન પર્યાયનો ક્ષય એમ જ્ઞાનાવરણીયનો ક્ષય થયો તો કેવળજ્ઞાનની પર્યાય થઈ એ ક્ષય કર્તા અને કેવળજ્ઞાન કર્મ એમ થતું નથી. બરાબર છે? હવે અંતરાય કર્મ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ના પાડે છે કે તીવ્ર ઉદય માટે છઠ્ઠ (કે) મિથ્યાદષ્ટિ હોય? એ તો કહ્યું ઓલામાં. કહે નહિ. ના પાડી એમાં. કર્મને કારણે નહિ. એ કહ્યુંને ઓલામાં ત્યાં કહ્યું છે ભાઈ! અધ્યાત્મપંચસંગ્રહ. કોઈ એમ કહે છે કે છઠ્ઠે ગુણસ્થાને સંજ્વલનની તીવ્રતા માટે છઠ્ઠું ગુણસ્થાન, મંદ થયું માટે સાતમું ગુણસ્થાન. મૂઢ છે જાણતો નથી.

મુમુક્ષુ :- આમાં એમ જ આવ્યું.

ઉત્તર :- ઈ જ આવ્યું છે. છઠ્ઠા ગુણસ્થાનમાં રાગની એટલી તીવ્રતા પોતામાં છે. તો સંજ્વલનનો ઉદયો સંજ્વલનમાં છે. સંજ્વલનના ઉદયને કારણે અહીંયાં તીવ્રતા રાગમાં થઈ એમ છે નહિ. ભારે વાત ભાઈ! એમ લખ્યું છેને એમાં? એમ નહિ. છઠ્ઠે-સાતમે મંદ અને તીવ્રને કારણે છે? મારા મૂઢ છો? પોતે પોતાની પર્યાયથી તીવ્ર-મંદ થાય છે. પરને કારણે થાય છે? આવ્યું કે નહિ આ? અનંતાનુબંધી દર્શનમોહનો ઉદય હોય તો મિથ્યાત્વનો ભાવ થાય એમ નથી એમ કહે છે. એમ હોય તો દર્શનમોહનો ઉદય કર્તા અને મિથ્યાત્વ કાર્ય થઈ જાય છે. બેય એક થઈ જાય છે. એમ છે નહિ. સુજાનમલજી!

મુમુક્ષુ :- ...અમે તો સમવસરણમાં બેઠા.

ઉત્તર :- વાત તો એવી ચીજ છે. આહા..હા..!

કહે છે કે તને મિથ્યાત્વભાવ થયો તો દર્શનમોહની પર્યાય નવી બંધાણી એમ છે નહિ. મિથ્યાત્વ પરિણામ તારા અને દર્શનમોહની પર્યાય જડની. તો તારા પરિણામથી એ જડની પર્યાય થઈ? અને ચારિત્રમોહનો અનંતાનુબંધીનો ઉદય તો સ્વરૂપ આચરણમાં અસ્થિરતા એમ છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! અનંતાનુબંધીનો ઉદય એ જડના પરિણામ છે. તો તારામાં અસ્થિરતા એ તો તારા પરિણામ છે. તારે કારણે છે. આહા..હા..! એમ આવેને અનંતાનુબંધીનો ઉદય આવે તો સાસાદન ગુણસ્થાન થઈ જાય. આવે છે કે નહિ? ભાઈ! અનંતાનુબંધીથી સાસાદન થઈ જાય. એનો અર્થ શું? શું છે? ... અનંતાનુબંધીનો ઉદય થયો તો અહીં પરિણામ સાસાદનના થયા? તો ઉદય કર્મ અને સાસાદનની પર્યાય .. એમ થયું. એમ છે નહિ. આહા..હા..! કહો, હીરાભાઈ!

મુમુક્ષુ :- તત્ત્વનો નિર્ણય કરતાં-કરતાં...

ઉત્તર :- એ વાત છે જ નહિ એમ છે. એવો અર્થ નહિ. ભાષા તો એવી જ આવેને. દર્શનનો અણ ઉદય હોય ત્યારે સમકિત થાય. પણ એનો અર્થ? ત્યાં સમકિત થવાના પરિણામ પોતાને કારણે થયા છે. એના અનુદયને લઈને નહિ. આ એક જ ગાથા બે સારા કર્મ અને પર્યાયની સ્વતંત્રતા બતાવી દે છે. અને અપ્રત્યાખ્યાનાવરણીનો ક્ષયોપશમ તો શ્રાવકના વ્રત નિર્મળ પર્યાય પ્રગટે એમ નથી. નિર્મળ પર્યાયનો કર્તા જીવ અને નિર્મળ પર્યાય પોતાનું કર્મ. પણ એ બીજી ચોકડીનો ક્ષયોપશમ એ કર્તા અને એની પર્યાય નિર્મળ કર્મ એમ છે નહિ. આહા..હા..!

એમ પ્રત્યાખ્યાનાવરણીય. એનો ઉદય માટે અહીં ચારિત્ર નથી એમ નથી. અને ઉદયનો ક્ષયોપશમ ત્યાં થયો માટે અહીં ચારિત્રની પર્યાય થઈ એમ પણ નથી. આહા..હા..! સંજ્વલનનો ઉદય માટે યથાખ્યાત ચારિત્ર નથી એમ નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! મોટો ગોટો કર્મમાં મોટી.. મોટા-મોટા વિદ્વાનો ગોથા ખાય છે. અહીં યથાખ્યાતના પરિણામ થયા માટે

સંજ્વલનનો અભાવ થયો એમ પણ નથી. કહો, જેઠાભાઈ! આ તો કર્મનું ચક્ર બધું મોટું છે આખું.

મુમુક્ષુ :- .. જોતાં એની ખબર જ નથી.

ઉત્તર :- કર્મને લઈને ભગવાને એમ કહ્યું છે. પરોપકારી ભગવાને કહ્યું કર્મને લઈને રખડે છે. અહીં ના પાડે છે. આહા..હા..! પોતે કર્મકલંક પ્રચુરા. નિગોદમાં કર્મકલંક પોતાના ભાવથી કર્મકલંક પ્રચુર તો ત્યાં રહે છે. કર્મને કારણે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એવી સ્વતંત્ર પર્યાયની એની ખબર નથી તો એની દ્રવ્યની સ્વતંત્રતાની ખબર તો એને હોતી જ નથી. જેને પર્યાયની સ્વતંત્રતાની ખબર નથી, જડની પર્યાય સ્વકાળે સ્વતંત્ર. આની પર્યાય સ્વકાળે સ્વતંત્ર એની પર્યાય પ્રગટની કે અપ્રગટની ત્યાં સ્વતંત્રતાની ખબર નથી. અને દ્રવ્યસ્વભાવ મહા ચૈતન્ય ભગવાન આહા..હા..! એકલો અગણિત સ્વભાવ અને અગણિત પરમ પર્યાયવાળું સત્ત્વ આખું દ્રવ્યગુણવાળું. એવું અહીંયાં પર્યાય પ્રતીતમાં તો એમ આવે.

આ વીતરાગ માર્ગ એના ગુણધર્મ, એમાં જ્ઞાનાવરણીય.. જો જ્ઞાનાવરણીય જ્ઞાનને આવરે. એમ કહ્યુંને? અહીં કહે છે કે એ તો નિમિત્તનું કથન છે. એમ છે નહિ. જ્ઞાનની હીણી દશા પોતાથી છે અને જ્ઞાનાવરણીયનો ઉદય જડમાં એનાથી છે. ઉદયને કારણે અહીં હીણો છે જ્ઞાનને કારણે ભાવમાં આવરણ થાય છે એમ છે નહિ. આહા..હા..! બરાબર છે પંડિતજી! ચર્ચા કરી દીધી હવે કેમ કરવી? ગંભીર ચર્ચા છે ફરીને કરો. શું કરે? સિદ્ધાંતમાં ફેર કેમ થાય? આહા..હા..!

‘**જીવને એકને જ રાગાદિ-અજ્ઞાનપરિણામ તો થાય છે;...**’ જુઓ, જ્ઞાનની હીનતા, દર્શનની હીનતા, વીર્યની વિપરીતતા કે રાગ-દ્વેષનો ભાવ જીવની પર્યાયમાં સ્વતંત્ર પોતાથી થાય છે. નિમિત્ત હોય કે કર્તાકર્મ હોય? નિમિત્ત છે તો કર્તા ક્યાં થયો? નિમિત્ત તો કહે છે નવા કર્મબંધનમાં રાગ-દ્વેષ નિમિત્ત. છતાં નવા કર્મની પર્યાય એનાથી થઈ. કર્તા તો નહિ, પણ નિમિત્ત. એમ જીવના પરિણામમાં રાગ-દ્વેષ થયા એનો કર્તા જીવ એનો ઉદય કર્તા નહિ, નિમિત્ત હોય. નિમિત્ત કહ્યુંને. નિમિત્ત એ ચીજ છે એટલું. પણ એ કારણે અહીં રાગ-દ્વેષ થાય છે એમ બિલકુલ નથી. કર્તાકર્મ નહિ. કર્તાકર્મમાં તો એ ખુલાસો કરવો છે. સમજાય છે કાંઈ?

એમ શાતાવેદનીયનો ઉદય. એ અહીંયાં સગવડતા આપે પૈસાની એમ નહિ કહે છે. ઉદય તો નિમિત્ત છે. નિમિત્ત પણ કર્તા નહિ. આ પૈસા મળે, નિરોગતા હોય એમાં શાતાવેદીય નિમિત્ત જુદી ચીજ છે, પણ નિમિત્તથી શાદાવેદનીય નિરોગતા પર્યાયમાં થઈ શરીરમાં. એમ છે નહિ. એય..! આહા..હા..! આ પૈસા-બૈસા મળે છે એમાં શાતાવેદનીયનો ઉદય નિમિત્ત છે. નિમિત્તનો અર્થ? કાંઈ લાવતું નથી એને એમ કહે છે.

મુમુક્ષુ :- મળે છે જ ક્યાં?

ઉત્તર :- પણ મળે એને આમ કહેને? લક્ષ્મી વરી છે એમ કીધુંને? સરસ્વતી વરી છે એના.. એમ બોલતા હતા. કહો, સમજાણું કાંઈ? અહીં તો કહે લક્ષ્મી આત્માને વરતી જ નથી. મમતા એને વરી છે. મમતાનો કર્તા, મમતા એનું કાર્ય. સમજાણું કાંઈ? આહા..હા..! એ જડના કર્મના ઉદયથી એ ઉદયનું વિકારમાં હીણાપણામાં નિમિત્ત હોવા છતાં ઉદયથી આ પરિણામ જીવના તદ્દન જુદાં છે. એ પરિણામને કર્તા નિમિત્ત છે એમ છે નહિ. આહા..હા..! આવી તે વાત! આ તો ૭૧માં વાત આવી હતી. સમજાણું? બહાર જ્યાં મૂકીને થનગનાટ ઝણઝણાટ. લાઠીમાં. ૭૧-૭૧. ત્યારે તમે કેટલી ઉંમર બહુ હશે નાની. ૯ વર્ષ. કાનજીભાઈ હતા. કાનજીભાઈ અને હરગોવિંદભાઈ. હરગોવિંદ નહિ? માસ્તર હરગોવિંદ. પોષા કરતા આઠમ અને પૂનમમાં. એક કલાક હું વાંચતો બપોરે. પોષા કરીને બેસેને ૨૫-૫૦ માણસ હોય. પોષા .. બીજા સાથે. તે દિ' વાત ચાલી હતી આ. કર્મને લઈને આત્મામાં વિકાર થાય એમ બિલકુલ નહિ.

મુમુક્ષુ :- ભગવતી વાંચતા?

ઉત્તર :- ના ભગવતી નહિ. અમથું કોઈ પુસ્તક વાંચીએ. અમથું. એ કાંઈ .. નહિ. વાંચવાનું એકલું. ભગવતી સૂત્ર તો હું ખાનગી વાંચતો. પણ એમાં કાંઈ વાત આવી હોય તો એને કરતો. એમાં ખબર ... બિચારા. મૂળચંદજી બોલી શકે નહિ પણ દાખલો-આધાર આપોને.

મિથ્યાત્વના પરિણામ જીવ સ્વતંત્ર કરે છે. .. વાત આ. કર્મને કારણે નહિ. કર્મ બનાવાની વાત નથી ત્યાં ભાઈ! આ કરે માટે કર્મ બંધાય છે એ પ્રશ્ન નથી. અહીંથી. કે અહીં રાગ-દ્વેષ કરે છે માટે કર્મ બંધાય છે એમ નહિ. એ વાત નહિ. આમથી હતી. કે કર્મ છે માટે વિકાર થાય છે અને કર્મ ખરે ત્યારે આત્માને લાભ થાય પુણ્યનો. એમ નથી. રાગ-દ્વેષ કરવામાં એ સ્વતંત્ર અને રાગ-દ્વેષ ટાળવામાં એ સ્વતંત્ર. એ વસ્તુની સ્થિતિ આમ સમજવી પડશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ-૫, રવિવાર, તા. ૧૦-૧૨-૧૯૭૨**
**ગાથા- ૧૩૯ થી ૧૪૧, પ્રવચન-૨૪૮**

આ કર્તાકર્મ અધિકાર છે. ભાવાર્થ છે. '**જો જીવ અને પુદ્‌ગલકર્મ ભેળાં થઈને રાગાદિરૂપે પરિણમે છે એમ માનવામાં આવે તો બન્નેને રાગાદિરૂપ પરિણામ ઠરે.**' આત્મામાં જે રાગ અને દ્વેષ વિકાર થાય છે એ સ્વતંત્ર પોતાના પરિણામમાં થાય છે. કર્મને લઈને નહિ. આવી ચોખ્ખી વાત છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ તો નિશ્ચયનયનું.

ઉત્તર :- પણ નિશ્ચય વિના વ્યવહાર કેવો? વ્યવહાર તો બોલવાની વાત છે. કથનમાત્ર વ્યવહાર. ઓલું નથી આવતું? કળશટીકામાં. કથન. વ્યવહાર તો કથનમાત્ર છે. એમ છે. પંચાધ્યાયમાં એમ આવે છે. વ્યવહાર કથનમાત્ર બોલવાનો. વસ્તુસ્થિતિ એમ નહિ. આહા..હા..!

આત્મામાં જ્ઞાનની હીનતા થાય એ સ્વતંત્ર પોતાની પર્યાયથી થાય છે. એને જ્ઞાનાવરણીનો ઉદય છે માટે જ્ઞાનની હીનતા થાય છે એમ નથી. મોટી તકરાર ત્યાં ૧૩ની સાલમાં. ઈસરીમાં. અને ત્યાં પાછું પૂછાવ્યું હતું ત્યાં કલકત્તા. ગજરાજભાઈએ. ગજરાજજી-ગજરાજજી. ગજરાજજીને માણસ હતોને ત્યાં શાહુજી આવ્યા ... પ્રશ્ન આવેલો ત્યાંથી. શું છે કીધું? પ્રશ્નનો ઉત્તર થઈ ગયો ત્યાં. એમ કે વિકાર થાય છે એ કર્મને લઈને નહિ તો સ્વભાવ થઈ જશે. એ પ્રશ્ન પછી તરત ઉઠ્યો. શાહુજી હોય તો પણ અમારે શું? ૪૦ કરોડ પાસે. શાહુજી પાસે. પ્રશ્ન આવ્યો એના ઉપર. કીધું ઉત્તર અપાઈ ગયો છે ત્યાં.

આત્મામાં જે કાંઈ પુણ્ય અને પાપના મિથ્યાત્વભાવ થાય એને કર્મના ઉદયની અપેક્ષા નથી. એવો પાઠ છે ચોખ્ખો. ઉદયની અપેક્ષા વિના નિરપેક્ષપણે જીવની પર્યાયમાં મિથ્યાત્વ શ્રદ્ધા, રાગ-દ્વેષ, વિષય, વાસનાના પરિણામ એ સ્વતંત્ર થાય છે. આહા..હા..! ૬૨મી ગાથા પંચાસ્તિ. એ આવશે હવે તમારે. ૪૬માં આવી છે. જોઈને? શેમાં આવ્યું છે? ત્યાં મોટી ચર્ચા બધા હતા. ભોગીલાલ હતા? આહા..હા..! માણસને એમ છે કે આ વિચાર... કાલે બતાવ્યું હતુંને? એમ કે જ્ઞાનાવરણીય કર્મ કાંઈ કરતું નથી એ વાત સાચી નથી. અહીં એમ કહે છે કે જ્ઞાનાવરણીય આત્મામાં કાંઈ કરતું નથી. આહા..હા..! એ અહીં સાચી છે. આહા..હા..! અહીંનું નામ લઈને એ વાત પૂછાણી હતી ત્યાં ૧૩ની સાલમાં. અને એ રેકોર્ડિંગમાં ઉતરી ગયું છે. તો જ્ઞાનની હીનતા કે જ્ઞાનનો વિકાસ એ કર્મના કારણે છે. કર્મનો ઉદય હોય તો

ત્યાં હીણી દશા થાય, કર્મનો ક્ષયોપશમ થાય તો અહીં વિકાસ થાય. અહીં કહે છે કે એ વાત તદ્દન જૂઠી છે. રાજમલજી! આવી વાત છે. છે એમાં જુઓ, તમારા સંપ્રદાયમાં એમ ચાલે છે ત્યાં. તમારા કહેવાયને?

જીવ અને પુદ્ગલ. અહીંયાં હવે આપણે આમાં રાગાદિ લીધું હવે આપણે આઠેય કર્મમાં ઉતાર્યું. પાંચ ઉતાર્યું હતું કાલે. પાંચ કર્મ ઉતાર્યું હતું ખબર છે? કે આત્મામાં જ્ઞાનની હીણી દશા થાય કમીબેસી એમાં લખ્યું છે. જ્ઞાનમાં કમીબેસી થાય એમાં કર્મનું કારણ જ્ઞાનાવરણીય બિલકુલ નથી. એમ કહે છે. તો એ કહે કે નહિ, જૂઠી વાત છે. લિંગધારી કહે તોપણ સાચું નથી. અહીં કહે છે કે તું કહે તોપણ જૂઠું છે.

મુમુક્ષુ :- ગમે તે કહેનાર હોય

ઉત્તર :- તું એટલે કે સામા જે પક્ષવાળા હોય ઈ. પણ જ્ઞાનાવરણીય નામ આપ્યું છેને. જ્ઞાનને આવરણ કરનાર એવો ગોમ્મટસારનો શબ્દ છે. એ તો અસદ્ભૂત વ્યવહારનયનું વચન છે. નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવે છે. નિમિત્ત અને કર્તા એ બે ચીજ જુદી છે. આત્મા જ્ઞાનની હીણીદશાપણે થાય સ્વતંત્ર છે એ. પોતાની પર્યાયનો કર્તા એ સ્વતંત્ર છે. અને હીણીદશાનો એનો સ્વકાળ છે તેથી ત્યાં થાય છે. સમજાણું કાંઈ? જ્ઞાનાવરણીયના કારણે ત્યાં હીણી દશા થાય છે, વીતરાગમાર્ગમાં એમ નથી. બીજે તો છે ક્યાં? અને જ્ઞાનનો વિકાસ થાય એ વાત ૮૧માં મોટી થયેલી. રામજીભાઈ અને કેવા? હંસરાજ-હંસરાજને. આ રામજીભાઈના બાપ હંસરાજ. ૮૧. ત્યાં આવ્યા હતા. કાશી ભણીને આવ્યા હતાને. તો જોડે આવ્યા હતા. ૮૧ની સાલ. અને ત્યાં કહે શું છે? કે જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય તો ક્ષયોપશમ થાય. જ્ઞાન.. કીધું ક્યાંથી ભણ્યા આવું તમે? આ રામજીભાઈ નહિ કામાણી? એના બાપ. વૃદ્ધાવસ્થામાં પણ ભણી આવ્યા ત્યાં કાશી. સંસ્કૃતને. ૮૧ની સાલમાં. આ પ્રમાણે છે શાસ્ત્ર. કીધું એ વાત એમ નથી.

કહો, જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ જડનો થાય તો એને (કારણે) જ્ઞાનનો વિકાસ થાય. એમ નથી. અને જ્ઞાનાવરણીયનો ઉદય હોય એટલા પ્રમાણમાં ત્યાં જ્ઞાનનું આવરણ જ્ઞાનની હીણી દશા થાય એમ નથી. પંડિતજી! આહા..હા..! એમ જ્ઞાનમાં એમ મતિજ્ઞાનાવરણીય લ્યો! ભાઈ! મતિજ્ઞાનમાં જે જ્ઞાનની હીણીદશા મતિનો વિકાસ નથી માટે તેને મતિજ્ઞાનાવરણીયનો ઉદય છે માટે મતિજ્ઞાન ઉઘડ્યું નથી. કહો, પોપટભાઈ! ત્યાં એમ કહે ભાઈ! અમને તમારી જેવી મતિનો ખુલાસો નથી. અમને કર્મને લઈને છે એમ કહે છે લ્યો! એય..! હસમુખભાઈ! મતિજ્ઞાનાવરણીય પ્રકૃતિ છે જડ. એ અહીંયાં મતિજ્ઞાનમાં હીણીદશા જીવની થાય તો એ મતિજ્ઞાનનો ઉદય છે માટે હીણી દશા થાય, મતિજ્ઞાનનો વિકાસ નથી થતો એમ નથી. ઘણા એમ કહે છે ભાઈ! અમને જ્ઞાનનો ઉઘાડ નથી. કર્મનો એટલો ક્ષયોપશમ નથી. અમને કર્મનો

ક્ષયોપશમ. પણ તારા પોતાની પર્યાયને કારણે હીણી દશાનું કારણ છે. વિકાસનું થવું એ પણ તારી સ્વતંત્રતા છે અને હીણીપણે થવું એ પણ તારી સ્વતંત્રતા છે. તે-તે સમયનો સ્વકાળનું કાર્ય તે જીવનું છે. કર્મને લઈને જ્ઞાનમાં વિશેષ ખુલાસો નથી આવતો એમ નહિ. અને કર્મ માર્ગ આપે તો મતિજ્ઞાન ખીલે એમ નહિ.

એમ શ્રુતજ્ઞાનાવરણીય. ભાઈ! શ્રુતજ્ઞાનનું જ્ઞાન તો એને કર્મનો, જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય એને થાય. કહો. એમ નથી. એ ક્ષયોપશમ જ્ઞાનની હીણી દશા એ પોતાનું કાર્ય છે. શ્રુતજ્ઞાનાવરણીય નિમિત્ત છે માટે અહીં હીણી દશા શ્રુતજ્ઞાનનો વિકાસ નથી થતો એમ નથી. મોટી તકરાર-વાંધા. સમજાણું કાંઈ? તો પછી કેમ તમને કેવળજ્ઞાન થતું નથી જો તમારે કારણે હોય તો એમ કહે છે વળી. અરે..! પણ સાંભળને. એ કાળને કારણે કેવળજ્ઞાનનો ઉઘાડ નથી એમ નહિ. અને કેવળજ્ઞાનાવરણીયનો ઉદય છે માટે કેવળજ્ઞાન રોકાયેલુ છે એમ નહિ. આહા..હા..! એની તકરાર આ જગતને. એ કેવળજ્ઞાનની પર્યાયનો વિકાસ અને ખુલાસો નથી એ પોતાના પુરુષાર્થની કચાશને લઈને છે. જ્ઞાનાવરણીયને લઈને છે નહિ. એમ કહે. ઉપાદાનથી થતું હોય તો તમારું ઉપાદાન તૈયાર કેવળજ્ઞાન લાવો એમ કહે છે. પણ સાંભળને નથી એટલી તૈયારી. એ કાંઈ કર્મને કારણે છે એમ છે નહિ. અને પાંચમો આરો કેવળજ્ઞાન ન થાય માટે આરો એને નડે છે. ખોટી વાત છે. તારા જ્ઞાનની દશાનો વિકાસ તારા પુરુષાર્થથી થાય છે. એ વિકાસનો કર્તા તું અને વિકાસ તેનું કર્મ. એમ હીણીદશાનો કર્તા તું અને હીણી દશાનું કર્મ, કાર્ય તારું. કર્મને કારણે જ્ઞાનાવરણીયને લઈને આ છે, જ્ઞાનાવરણીય નામ આવ્યું એટલે. એમ છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

ત્યારે એક જણો વળી એમ કહેતો હતો. કીધુંને ૮૫ની સાલમાં? અભવિને અવધિ જ્ઞાનાવરણીય, મનઃપર્યય જ્ઞાનાવરણીય, કેવળજ્ઞાનાવરણીય પ્રકૃતિ ન હોય. કેમ ન હોય કીધું? કે એને ઉઘાડ થાતો નથી એટલે એને ન હોય. ઉઘાડ જેને થવાનો હોય એની પ્રકૃતિ હોય. મોહનલાલજી! લીંબડી સંઘાડામાં હતાને ..સાધુ? આ કેશવલાલજી એના ગુરુ મણિલાલજી હતાને? એ એમ કહેતા. ૮૫માં મળ્યા. કીધું શું કરો છો તમે આ? પણ બોલે નહિ. મારી સામે. અભવિને ત્રણેય પ્રકૃતિ છે. મતિ, શ્રુત અને અવધિ ત્રણ જ આવરણ છે. મનઃપર્યય અને કેવળજ્ઞાનનું આવરણ છે જ નહિ એને? એમ લખ્યું છે મોહનલાલે આ વખતે. મોહનલાલ ... ખોટી વાત છે કીધું. ઘણા વર્ષની દીક્ષા ૫૦-૫૦, પણ બિચારા કાંઈ સમજે નહિ. પછી બોલે નહિ હોં. મારી પાસે બોલે નહિ. કાનજીસ્વામી કહે એ સાંભળો. શું કહે છે એ સાંભળો. આ તો ૮૫ની વાત છે હોં. મોહનલાલજી નારણભાઈ નહોતા તમારે સ્થાનકવાસીમાં. એમ નથી. એ મતિનો અવધિ જ્ઞાનાવરણીય છે માટે અવધિજ્ઞાન અવરાયેલું છે એમ નથી. કહો, ચેતનજી! આ તો બધી તમારી પ્રકૃતિની વાતું તમારામાં. .. એ તો જે હોય એ હોયને

ત્યાં. આ ભીખાભાઈને પણ હતું ત્યાં બધું. આહા..હા..!

મુમુક્ષુ :- ઓછું-વત્તુ હોય.

ઉત્તર :- હા, એ તો ફેરફાર હોય બધો. એમ ચક્ષુદર્શનાવરણીય. હવે ચક્ષુનો ક્ષયોપશમ એમાં બંધ નથી. માટે ચક્ષુદર્શનાવરણીયના કારણે વિકાસ નથી, આંખે બરાબર દેખાતું નથી. જોકે આંખે દેખવું એ તો જ્ઞાન છે, પણ એના પહેલા જે દર્શનનો ઉપયોગ છે એ વિશેષ નથી એનું કારણ કે ચક્ષુદર્શનાવરણીયનું અમને આવરણ છે. એ વાત ખોટી છે. સમજાણું કાંઈ? એમ. આ મોહનીયની વાત છે અહીંયાં. જીવમાં રાગ થાય શુભ કે અશુભ. એ જીવની સ્વતંત્ર પર્યાયનો કર્તા જીવ છે. એને મોહના નિમિત્તની અપેક્ષા બિલકુલ છે જ નહિ. અપેક્ષા છે માટે હીણી રાગ અને દ્વેષ થાય છે એમ નથી. આહા..હા..! હજી પર્યાયની સ્વતંત્રતાની કબુલાતની ખબર ન મળે એને દ્રવ્ય ત્રિકાળી આનંદકંદ પ્રભુ જેને આવરણ પણ નથી અને જેનો ઉઘાડ પણ નથી. એ તો છે એ છે એમ ત્રિકાળી. એવી શક્તિની પ્રતીતિ થવી એ તો અપૂર્વ પુરુષાર્થ છે. સમજાણું કાંઈ? અખંડાનંદ પૂર્ણાનંદ સ્વરૂપ છું. નિત્યાનંદ કેવળજ્ઞાનની પર્યાય તો એવી અનંતી પર્યાય મારામાં પડી છે. એ મારા સ્વતઃ સ્વભાવે છે. એવી અંતર વસ્તુની નિર્વિકલ્પ દૃષ્ટિ થવી એનું નામ સમ્યગ્દર્શન એ તો મહાપુરુષાર્થે થાય છે. સહેજે કર્મનો માર્ગ આપે ત્યારે થાય એમ નથી. આહા..હા..!

હમણા એ કહેવાય છે ત્યાં. ઓલા વિદ્યાનંદજી છેને એક દિગંબર સાધુ. બહુ વ્યાખ્યાન દે. ૨૦-૨૦ હજાર માણસ. ૧૫-૧૫, ૨૦ હજાર, ૩૦ હજાર. એણે વ્યાખ્યાન ન આપ્યું? ત્યાં કેવો? મન્સુર હતાને અમે? .. એને .. આપ્યું હશે. આચરણ કરવું એ પુરુષાર્થથી થાય છે. વ્રત, નિયમ એ બધા પુરુષાર્થથી થાય છે અને સમ્યગ્દર્શન થવું એ તો કાળલબ્ધિને જ્યારે થવાનું હોય ત્યારે થાય. ... એય..! પ્રતાપજી પહેલા. ત્યાં પ્રતાપજીને મળ્યા હતા. અહીંની પ્રરૂપણા તદ્દન તદ્દન ઉંધી. સમજાય છે કાંઈ? મન્સુર પછી તો .. આપણે ઉઠ્યા તે દિ' ક્યાં આવ્યા? મન્સુર.. ત્યાં આવ્યા. વ્યાખ્યાન અહીં કર્યું હતું. આચરણ ચારિત્ર વિનાનું જ્ઞાન વ્યભિચારી છે. જ્ઞાન જૂઠું છે એમ કરીને એનું આચરણ એટલે આ વ્રત, નિયમ માનેલા એ. આહા..હા..! જગત પણ એવો વક્તા પણ છેને તો મોટા કરોડોપતિ ધૂણે ત્યાં. આહા..હા..! આ પણ સાધુ પાક્યો છેને. એવો માણસ છે હોં. પુણ્ય લઈને આવ્યો છે. બ્રાહ્મણ છે. કહે નહિ સમ્યગ્દર્શન તો થવાનું હોય ત્યારે થાય. આ આચરણમાં વ્રત ને નિયમ ને તપ કરવા લોકના અજ્ઞાનના. એ પુરુષાર્થથી થાય. આહા..હા..! અમારે દામોદર શેઠ પણ એમ કહેતા હતા ત્યાં. ૫૦ વર્ષ પહેલાની વાત છે આ.

મુમુક્ષુ :- એ તો અનાદિથી ચાલ્યું આવે છે.

ઉત્તર :- એ અનાદિથી ચાલ્યું આવે છે એ અહીં પણ એ અહીં નીકળ્યું પાછું. દામોદરશેઠ

એમ કહેતા કે એ વ્રત ને તપને એ પુરુષાર્થથી થાય. હીરાજી મહારાજ હતાને. હીરાજી મહારાજને જોયેલા છેને? ૭૧માં ચોમાસું હતું. પછી ૮૫માં હતું. કહે છે એ તો એમ ચોખ્ખું કહેતા. એ જ આ વાત કહે છેને. એ વિદ્યાનંદ અને દામોદર શેઠ બેય એક જાતની વાત કરે. આ દિગંબર સાધુ અને ઓલો શેઠ હતો. સમ્યગ્દર્શન થવું એ તો એને કાળનું કારણ હોય જ્યારે ત્યારે થવું હોય તો થાય. એમાં કાંઈ આત્માનો પુરુષાર્થ કામ કરે નહિ. અને વ્રત અને તપ કરવો એમાં પુરુષાર્થ છે. એક નંબરે બેય જણા હોં.

અહીં એ કહે છે કે રાગ અને દ્વેષનું કે મિથ્યાત્વનું થવું એ પોતાના પુરુષાર્થથી થાય છે અને સમ્યગ્દર્શન અને ચારિત્ર થવું એ પણ સ્વભાવના પુરુષાર્થથી થાય છે. એ કોઈ કર્મનો માર્ગ આપે અને થાય એમ છે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- સનેપાતિયો

ઉત્તર :- સનેપાત છે. પહેલા થયા હતા. બહેન હતા. .. નાની ઉંમર છે. ..જરીક આકરી લાગે. જૈન હતાને ત્યાં. .. સ્થાનકવાસી. મને કોઈ ઢસરડે છે.. ઢસરડે છે એમ કહ્યું. મોટો ગૃહસ્થ. આબરૂદાર. દસ લાખ તે દિ' ૬૦ વર્ષ પહેલા એટલે! દશાશ્રીમાળીમાં દસ લાખ કોને હતા? ચાલીસ હજારની પેદાશ. ઘરે ગામ નળિયા પાસે ગામ છે જુઓ. પણ તત્ત્વનો વિરોધ દૃષ્ટિ. બહુ વિરોધ, ઘણો વિરોધ. આહા..હા..!

કહે છે કે આત્મામાં સમ્યગ્દર્શન થવું એ દર્શનમોહનો અભાવ થાય તો થાય એમ નથી. કહો, સમજાણું કાંઈ? મોક્ષમાર્ગમાં આવે છે. દર્શનમોહનો ઉદય ન હોય તો સમકિત થાય. એમ આવે છે. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવે છે મારા. આત્મામાં સમ્યગ્દર્શનની પર્યાય ધર્મની. એ પોતાના સ્વભાવનો આશ્રય લઈને સ્વતંત્ર થાય છે. એમાં બીજી પુરુષાર્થમાં દખલ કરનાર કોઈ છે નહિ. સમજાણું કાંઈ? એમ ચારિત્ર. સ્વરૂપમાં ચારિત્ર એ ચારિત્ર મોહનીયનો ઉદય મંદ પડે તો ચારિત્ર થાય એમ નથી. અરે..! તત્ત્વની ખબર ન મળે અને હાંકે રાખે ગાડા. મારાને કર્મને નામે તો જૈનદર્શનમાં એવા લાકડા ગરી ગયા છેને. એનો અહીં ખુલાસો કરે છે. આહા..હા..!

એમ અંતરાય. એ કાલે વાત કરી હતી. વેદનીય સુધી આવ્યું હતું કાલે. વેદનીય કર્મ છે તો આ પૈસા આદિની ચીજો આવે. આવે. એમ નથી. એ ચીજનું આવવાનું પરિણમનનો એવો કાળ ત્યાં નજીક આવવાનો હોય છે ત્યારે એને વેદનીયનું નિમિત્ત કહેવાય છે. આહા..હા..! એમ આયુષ્ય. આયુષ્ય કર્મ છે માટે દેહમાં એટલી સ્થિતિ આયુષ્યને કારણે રહેવું પડે છે એમ નથી. સમજાણું કાંઈ? .. કેવળીને પણ એમ કહે છે નહિ? કે આયુષ્ય છે ત્યાં સુધી એને વેદનીય, નામ, ગોત્ર વધારે હોય તો ઓછા સરખા કરવા (સમુદ્‌ઘાત કરવો પડે, એમ નથી) પણ એ તો પોતાની પર્યાય આયુષ્યને લઈને દેહમાં રહ્યો છે અને આયુષ્ય ખલાસ

થઈ જાય એટલે દેહને છૂટવું પડે એ વસ્તુનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આયુષ્યકર્મ તો નિમિત્તમાત્ર છે. એને દેહમાં રહેવાનો કાળ પોતાનો જે છે સ્વતંત્ર એટલો કાળ ત્યાં રહે છે. એ આયુષ્ય કર્મ કર્તા અને રહેવાનું કાર્ય આત્મામાં એટલો. એમ છે નહિ. આહા..હા..! કહો, આયુષ્ય સ્વતંત્ર છે. નરકના નારકીનું આયુષ્ય બાંધ્યું જુઓ ભાઈ શ્રેણિક રાજાએ. લોકો કહે છે કે જુઓ ભાઈ નારકીનું આયુષ્ય બાંધ્યું એટલે એને લઈને ત્યાં જાવું પડે. એ વાત બિલકુલ જૂઠી છે.

મુમુક્ષુ :- કોઈનો જાવાનો ભાવ હોય?

ઉત્તર :- ભાવ ક્યાં? પર્યાય એની લાયકાત જ એવી છે. નરકમાં જવાનો પર્યાયની સ્વતંત્રતા પોતાની પર્યાયનો કાળ જ એવો છે. નરકની ગતિ બાંધી માટે એને કારણે આમ નરકમાં ગયા એમ છે નહિ. અરે..! ભારે વાત ભાઈ! સમજાણું? આ તો મોટી ચર્ચા ૭૧થી ચાલે છે. આયુષ્ય .. નરક .. દેહ નરકનું આયુષ્ય હોય તો ત્યાં સુધી રહેવું પડે. નરકનું આયુષ્ય બાંધ્યું હોય ત્યાં સુધી એને રહેવું પડે. બિલકુલ એ વાત તો (સાચી નથી). નિમિત્તના કથનો છે. આયુષ્ય તો નિમિત્ત છે. દેહમાં રહેવાનો જેટલી એની સ્વની યોગ્યતા છે એ પ્રમાણે રહેશે. એ પોપટભાઈ!

એમ નામ કર્મ. શરીર મળવું નામ કર્મને લઈને. વાણીનો યોગ થવો નામ કર્મને લઈને. એ બધી નિમિત્તની વાતું છે. શરીરની પર્યાયનું પરિણમવું એ કાળે પોતાને કારણે છે. નામના કારણે એ શરીરની અવસ્થા આમ રહે છે એમ નથી. એમ રૂપાળું શરીર મળવું, કાળું મળવું. આ શીળસના ખાડા હોય છેને. શીળસ માતા. એ પછી એમ ને એમ રહી જાય. તો એ કાંઈ નામકર્મને લઈને એમ છે એમ નથી એમ કહે છે. એ પરમાણુની શરીરની પર્યાયનો એ રીતે જ પરિણમવાનો કાળ રહેવાનો એ અર્થમાં કહેતા હશે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? આનુપૂર્વીય નામ કર્મ છે. આ જેમ બળદને નાથ હોય ને હોય છેને .. એ ખેંચે ત્યારે જાય. એમ એક ભવમાંથી બીજે ભવમાં જાવું આનુપૂર્વીય નામની પ્રકૃતિ છે એક નામની. .. છે. વાંચો જૈનસિદ્ધાંત પ્રવેશિકા. જૈનસિદ્ધાંત પ્રવેશિકામાં એમ લખ્યું છે કે ઓલા ખેંચેને? નાથ નથી આવતી? ..કાળી, ધોળી ઘણી જાતની. એ આમ બાંધેને તો આમ ખેંચે. એમ આનુપૂર્વી નામની પ્રકૃતિના ઉદયને લઈને નરકાનુપૂર્વી, મનુષ્યાનુપૂર્વી, દેવાનુપૂર્વી લ્યો! એકેન્દ્રિય આદિની ભિન્નતા.. મારે ભારે વાત! કહે ના, એ આનુપૂર્વી નિમિત્ત છે, પણ પર્યાય જવાની પોતાની યોગ્યતાને કારણે એ આમ જાય છે. સમજાય છે કાંઈ? એમ ઘણા સંહનન, ..સંહનન. લ્યો સંહનન છેને સંહનન મજબુત.

મુમુક્ષુ :- વજનારાચસંહનન

ઉત્તર :- હા, તો કેવળજ્ઞાન થાય છે. વજનારાચસંહનન ત્યાં થાય? ઓલો આવ્યો હતોને

કિશનગઢનો એક નહિ પંડિત? ઘાસીલાલજી. એ બાઈ હતી જુઓને. ... એ કહે મનુષ્યપણા વિના કેવળ થાય? પણ અહીં કહે છે કે કેવળજ્ઞાન પોતાના પુરુષાર્થથી થાય છે. નથી થયું એ પોતાનો અવળો પુરુષાર્થ માટે નથી થતું. મનુષ્યપણાને લઈને થાય છે? આહા..હા..! ભારે! બધા પંડિતોને.. ઓલા તો વળી એમ કહે છે કે પૂર્વના એટલા પુણ્ય હોય માટે એ પુણ્ય આદરણીય છે, એ પુણ્ય હોય તો આ બધા શરીર ને વાણી ને બધો યોગ મળે છે. તો સાંભળવાનું મળે તો ધર્મ થાય. માટે પુણ્યની જરૂર છે. એ બધી વાત જૂઠી છે. કહો, સમજાણું કાંઈ? એ નામકર્મના બધા ઘણા ભેદ છે. સંહનન ને સંસ્થાન, ૯૩ ભેદ છે. આહારક શરીર મળવું અને આ થવું, ઢીંકણું થવું, વૈક્રયિક થવું, પાંચ શરીર મળવા બધી એ તો શરીરના રજકણોને એ સમયની એ જ પણે પરિણમવાની યોગ્યતાથી થાય છે. કર્મને લઈને નહિ. અને તે સંહનન અને મનુષ્યપણું છે માટે અહીં ધર્મશ્રવણ થાય અને લાભ જ્ઞાનનો થાય એમ નથી. આહા..હા..! જેને અંદર જ્ઞાનની પર્યાયનો વિકાસ પોતાના પુરુષાર્થથી કર્યો છે એને લાભ થાય છે. પરને કારણે સાંભળવાથી પણ છે નહિ. આહા..હા..! એય..! એમ ગોત્ર.

મુમુક્ષુ :- પુણ્ય ફલા અર્હંતા.

ઉત્તર :- એ વાત સાચી. પુણ્ય ફલા અર્હંતા. એમ કીધું પણ શું કીધું ત્યાં. પુણ્યના ફળ તરીકે ભગવાનને વાણી અને શરીર મળ્યું એ પણ નિમિત્તનું કથન છે. વાણી એમ કહેતી હશે અમારી કે એ પણ ઔદારિક થાય. એ બધાને ચાલવાની ગતિ એવી હજારો યોજન ચાલે. એ પુણ્યના ફળ. સમવસરણ થાય પુણ્યના ફળ. હવે ઈ કહે છે કે પુણ્યના ફળમાં કેવળજ્ઞાન થાય, અરિહંતપણું થાય. ઉંધા તે પણ કેટલા ઉંધા છે. આહા..હા..! બહુ આતો પુણ્યને કચડી નાખ્યો એણે. કર્મથી કચડી નાખ્યો એને. આહા..હા..!

અહીં તો ભગવાન પૂર્ણાનંદનો નાથ પોતે કેવળજ્ઞાન લેવાને પણ પોતાના પુરુષાર્થથી સ્વતંત્ર .. થાય. અને કર્મને કર્મપણાની પર્યાય જે થાય એ પણ પરમાણુ સ્વતંત્ર કર્મની પર્યાય થવાને સ્વતંત્ર છે. જીવે રાગ-દ્વેષ કર્યો માટે કર્મની પર્યાય ત્યાં થાય છે એમ છે નહિ. આહા..હા..! આવી સ્વતંત્રતા! જગજાહેર ઢંઢેરો વીતરાગનો છે. આહા..હા..! અણુ-અણુ, આત્મા એ આત્મા, અરે..! પર્યાયે પર્યાય. દરેક સમયની જે પર્યાય અવળી-સવળી ચૈતન્યની કે જડની વિભાવરૂપે પરમાણુ થાય સ્કંધરૂપે તો એ પોતાની પર્યાયને કારણે છે. બે ગુણ ચિકાશ હોય તે ચાર ગુણ ચિકાશપણે પરિણમે, એ ચાર ગુણવાળો પરમાણુ આવે એમાં ભળે માટે થાય એમ નથી. સમજાણું કાંઈ? ઓલા કહેતા બધાના અર્થ તમે ફેરવી નાખ્યા. ભાઈ સોમચંદભાઈ કહેતા કલોલવાળા. કેટલા ફેરવશો કે અર્થ? ભાઈ! એ જેમ છે એનો અર્થ આવો છે. સમજાણું કાંઈ? એ તો ત્યાં સુધી કહેતા એકમાં બીજાનો અભાવ છે માટે એમાં કાંઈ ન થાય પરને

લઈને ... વાત. એમ કહેતા.

મુમુક્ષુ :- એમ કે નિમિત્તપણું છે કે નહિ?

ઉત્તર :- હા, અભાવ હોય પણ વસ્તુ છે કે નહિ? પણ નિમિત્તનો તો આમાં અભાવ છે. કર્મનો ચૈતન્યમાં અભાવ છે. આત્મામાં સ્વચતુષ્ટયમાં કર્મ છે જ નહિ. એમ આવ્યું કે નહિ? સ્વચતુષ્ટયમાં નથી એનો અર્થ કે આત્માની પર્યાયમાં અવળી કે સવળી એ કાળમાં કર્મનો સ્વચતુષ્ટય(માં) અભાવ છે. મોટી તકરાર વાંધા. એમ ગોત્ર. ઉંચ-નીચ ગોત્ર થવું. એક તો પહેલી યોગ્યતા જાણે .. કર્મને લઈને આવે છે એમ કહેવું એ બધું નિમિત્તના કથનો છે લ્યો. એમ ચાર અઘાતિ અને ચાર ઘાતિ. એને કારણે આત્મામાં કાંઈ ફેરફાર થાય, જવાથી કાંઈ લાભ થાય અને રહેવાથી નુકસાન થાય એમ છે નહિ. આહા..હા..! અહીં પ્રત્યક્ષ દેખાય છે. પાંચ લાખ રૂપિયા હોય અને અશાતાના ઉદય આવ્યો ત્યાં ખોટ જાય લ્યો. તો એ કર્મે કરાવી કે નહિ? એ બધી ખોટ કહેવી કોને? એ તો રજકણ એ જાતના આવવાના નહોતા. એમાં આત્માને શું? એણે માન્યું કે અરેરે..! મારા પૈસા ગયા. એ તો એની માન્યતાનો દોષ એનો પોતાનો છે. એ પોતાને કારણે દોષ છે. શું લક્ષ્મી ગઈ માટે દોષ છે? આહા..હા..!

અહીં એ કહે છે '**જો જીવ અને પુદ્‌ગલકર્મ ભેળાં...**' એટલે એક થઈને રાગરૂપ, પુણ્યરૂપ, વિકારરૂપ, ભાવરૂપ પરિણમે '**એમ માનવામાં આવે તો બન્નેને રાગાદિરૂપ પરિણામ ઠરે.**' તો જડને પણ રાગ થાય અને જીવને પણ રાગ થાય. '**પરંતુ પુદ્‌ગલકર્મ તો રાગાદિરૂપે (જીવ-રાગાદિરૂપે) કદી પરિણમી શકતું નથી;...**' પુદ્‌ગલ કર્મ તો રાગાદિરૂપે એટલે જીવ રાગાદિરૂપે એમ '**કદી પરિણમી શકતું નથી;...**' આહા..હા..! '**તેથી પુદ્‌ગલકર્મનો ઉદય કે જે રાગાદિપરિણામને નિમિત્ત છે તેનાથી જુદું જ જીવનું પરિણામ છે.**' આહા..હા..! અરેરે..! હજી શરીરથી જુદો માનવો કઠણ પડે છેને. આ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એવો થઈ ગયોને કે આમ આંગળી ખેંચે તો આત્મા પણ ભેગો આમ જાય. આંગળી આમ જાય અને આત્મા પડ્યો રહે છે એમ છે? કેટલો સંબંધ? પણ એ આંગળી આમ ચાલી માટે આત્મા આમ ચાલ્યો એમ છે? માટે આત્માનો પ્રદેશ પણ આમાં નથી. આને લઈને છે આ? આહા..હા..! એની અસંખ્ય ..ને પર્યાયને એ પ્રમાણે સંકોચ-વિકાસની પર્યાયનો કાળ છે એ પોતાથી થાય છે. આંગળા આમ થયા માટે આત્માના પ્રદેશને આમ થવું પડ્યું. એમ છે નહિ. આહા..હા..! ચોંટ્યો ભારે અહીં. ખાડો પડે કે નહિ? કહે છે કે એ આંગળી આમ થઈ માટે ખાડો પડ્યો એમ નથી એમ કહે છે. એ ખાડા પડવાની પર્યાય અને આંગળીને નિમિત્તની અપેક્ષા છે નહિ. અરે..! ગજબ વાત તે આવી! કહો, આમ. .. આમ થાય છે કે નહિ? આંગળાને લઈને થયું આ?

મુમુક્ષુ :- દેખાય તો છે.

ઉત્તર :- દેખાતું નથી પણ એ દૃષ્ટિના ફેરે દેખે છે. થયું છે તો અહીં. આને કારણે. એને આંગળાને લઈને થાય એમ માને છે. કહો, કેમ હશે આમાં આ બધું? છરી આમ મારે લ્યો ફટ લોહી નીકળે અંદરથી.

મુમુક્ષુ :- ભીંતમાં મારે જેમ લોહી નીકળે?

ઉત્તર :- એ વાત ખોટી છે. છરીથી લોહી નીકળ્યું છે એમ નથી. આહા..હા..! એની પોતાની એક સમયની પરમાણુની પર્યાયને લઈને ભાઈ! વસ્તુ એવી છે. એને તો ઉંધે રસ્તે ચડાવી નાખી તો દૃષ્ટિ મિથ્યાત્વ છે. આહા..હા..!

## ગાથા-૧૪૧

किमात्मनि बद्धस्पृष्टं किमबद्धस्पृष्टं कर्मेति नयविभागेनाह --

जीवे कम्मं बद्धं पुट्ठं चेदि ववहारणयभणिदं।
सुद्धणयस्स दु जीवे अबद्धपुट्ठं हवदि कम्मं।।१४१।।
जीवे कर्म बद्धं स्पृष्टं चेति व्यवहारनयभणितम्।
शुद्धनयस्य तु जीवे अबद्धस्पृष्टं भवति कर्म।।१४१।।

जीवपुद्गलकर्मणोरेकबन्धपर्यायत्वेन तदात्वे व्यतिरेकाभावाज्जीवे बद्धस्पृष्टं कर्मेति व्यवहारनयपक्षः। जीवपुद्गलकर्मणोरनेकद्रव्यत्वेनात्यन्तव्यतिरेकाज्जीवेऽबद्धस्पृष्टं कर्मेति निश्चयनयपक्षः।

'આત્માનાં કર્મ બદ્ધસ્પૃષ્ટ છે કે અબદ્ધપૃષ્ટ છે'- તે હવે નયવિભાગથી કહે છે :-

**છે કર્મ જીવમાં બદ્ધસ્પૃષ્ટ-કથિત નય વ્યવહારનું;**
**પણ બદ્ધસ્પૃષ્ટ ન કર્મ જીવમાં-કથન છે નય શુદ્ધનું. ૧૪૧.**

ગાથાર્થ :- [जीवे] જીવમાં [कर्म] કર્મ [बद्धं] (તેના પ્રદેશો સાથે) બંધાયેલું છે [च] તથા [स्पृष्टं] સ્પર્શાયેલું છે [इति] એવું [व्यवहारनयभणितम्] વ્યવહારનયનું કથન છે [तु] અને [जीवे] જીવમાં [कर्म] કર્મ [अबद्धस्पृष्टं] અણબંધાયેલું, અણસ્પર્શાયેલું [भवति] છે એવું [शुद्धनयस्य] શુદ્ધનયનું કથન છે.

ટીકા :- જીવના અને પુદ્‌ગલકર્મના એકબંધપર્યાયપણાથી જોતાં તેમને તે કાળે ભિન્નતાનો

અભાવ હોવાથી જીવમાં કર્મ બદ્ધસ્પૃષ્ટ છે એવો વ્યવહારનયનો પક્ષ છે. જીવના અને પુદ્‌ગલકર્મના અનેકદ્રવ્યપણાથી જોતાં તેમને અત્યંત ભિન્નતા હોવાથી જીવમાં કર્મ અબદ્ધસ્પૃષ્ટ છે એવો નિશ્ચયનયનો પક્ષ છે.

---

## ગાથા-૧૪૧ ઉપર પ્રવચન

૧૪૧.

जीवे कम्मं बद्धं पुट्ठं चेदि ववहारणयभणिदं।
सुद्धणयस्स दु जीवे अबद्धपुट्ठं हवदि कम्मं।।१४१।।
**છે કર્મ જીવમાં બદ્ધસ્પૃષ્ટ-કથિત નય વ્યવહારનું;**
**પણ બદ્ધસ્પૃષ્ટ ન કર્મ જીવમાં-કથન છે નય શુદ્ધનું. ૧૪૧.**

'ટીકા :- **જીવના અને પુદ્‌ગલકર્મના એકબંધપર્યાયપણાથી જોતાં...**' આમ એક ક્ષેત્રે એનો સંબંધ જોતા નિમિત્ત-નૈમિત્તિક. '**તેમને તે કાળે ભિન્નતાનો અભાવ હોવાથી...**' ક્ષેત્રથી એક છેને ભેગું? જ્યાં ભગવાન છે ત્યાં પુદ્‌ગલ કર્મ છે. એ બંધ પર્યાયથી જોતાં. કર્મના સંબંધની અવસ્થાથી જોતા એમ. '**તેમને તે કાળે ભિન્નતાનો અભાવ હોવાથી જીવમાં કર્મ બદ્ધસ્પૃષ્ટ છે એવો વ્યવહારનયનો પક્ષ છે.**' આત્મા સાથે કર્મનો સંબંધ છે એ વ્યવહારનયનો પક્ષ છે. એ તો ઠીક. '**જીવના અને પુદ્‌ગલકર્મના અનેકદ્રવ્યપણાથી જોતાં...**' પણ ભગવાન આત્મા ચૈતન્યદ્રવ્ય છે એમ કર્મ જડદ્રવ્ય છે. એ બેને અનેક દ્રવ્ય નામ ભિન્ન-ભિન્ન દ્રવ્યથી જોતાં '**તેમને અત્યંત ભિન્નતા હોવાથી...**' કર્મ અને આત્મામાં અત્યંત ભિન્નતા હોવાથી, તદ્દન જુદાં હોવાથી.

'**જીવમાં કર્મ અબદ્ધસ્પૃષ્ટ છે...**' જીવમાં કર્મનો બંધ અને સ્પૃષ્ટ નથી. '**એવો નિશ્ચયનયનો પક્ષ છે.**' જુઓ આ નિશ્ચયનયના પક્ષમાં... પક્ષ છે હોં આ એક વિકલ્પવાળો. આત્મા અબદ્ધસ્પૃષ્ટ છે એક નિશ્ચયનયના વિકલ્પનું કથન છે. આત્માને કર્મનો સંબંધ એ વ્યવહારનયના વચનનું કથન છે. બે પક્ષ છે. એમાં વ્યવહારથી ભિન્ન છે, વ્યવહારથી સંબંધ નથી એવું તો કહેતા આવ્યા છે. પણ નિશ્ચયથી અબદ્ધસ્પૃષ્ટ છે. વિકલ્પથી હોં એ. એ નયનો પક્ષ છે નિશ્ચયનો. તે પણ નયનો પક્ષ એ પણ સાચો નથી. પક્ષ સાચો નથી હોં એમ એટલું. વસ્તુ છે એ અબદ્ધસ્પૃષ્ટ છે. કારણ કે એ તો ૧૪-૧૫માં આવી ગયું છે. '**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं।**' જુઓ, ત્યાં તો નિશ્ચયનય વસ્તુ કીધી છે.

અહીંયાં તો બે પક્ષની વાત છે. એક પક્ષ એમ કહે છે કે એને સંબંધ છે. બીજો પક્ષ કહે છે સંબંધ નથી. એવો એક વિકલ્પ. ૧૪-૧૫માં એમ કહેવું કે કર્મનું અબદ્ધસ્પૃષ્ટપણું જે જીવને જોવું એ જીવનું વાસ્તવિક સ્વરૂપ છે. સમ્યગ્દષ્ટિ કર્મને અબદ્ધ અને સ્પૃષ્ટ વિનાનો જોવે છે. એ સમ્યગ્દર્શન છે.

મુમુક્ષુ :- શુદ્ધ નયનો વિષય છે.

ઉત્તર :- હા, એ શુદ્ધનયનો વિષય અબદ્ધસ્પૃષ્ટ કીધો પાછો. એ માટે તો. આ તમારે શુદ્ધનય કીધી જુઓ, પણ શુદ્ધનયનો અર્થ? સવિકલ્પવાળી સ્વપક્ષની વાત છે માટે શુદ્ધ કીધો અને પરની અપેક્ષાની વાત છે માટે એને અશુદ્ધ અને વ્યવહાર કીધો. આહા..હા..! વસ્તુ તો બેય પક્ષથી રહિત અખંડાનંદ છે. ઝીણી વાતું બહુ ભાઈ! પાઠ તો શુદ્ધ છે જુઓ, એ તો પછી નિશ્ચયનયનો પક્ષ છે એનો સ્વીકાર કરે છે વ્યવહારની સામે. અને શુદ્ધનયનો પક્ષ છે. તો શુદ્ધનયનો પક્ષ એ અબદ્ધસ્પૃષ્ટ છું. આ બદ્ધ અને કર્મ નથી એવો એક વિકલ્પ. પક્ષ છે. ખરેખરે એ જ વ્યવહાર છે, પણ ઓલા સંબંધના વ્યવહારની અપેક્ષાએ અબદ્ધસ્પૃષ્ટ નામ નિશ્ચય કહેવામાં આવ્યો છે. આહા..હા..! ભારે વાતું ભાઈ આ.

'**જીવના અને પુદ્ગલકર્મના અનેકદ્રવ્યપણાથી જોતાં...**' વસ્તુ જોતાં. ઓલો તો પર્યાયનો સંબંધ પર્યાયની અપેક્ષાએ. '**અત્યંત ભિન્નતા હોવાથી જીવમાં કર્મ અબદ્ધસ્પૃષ્ટ છે એવો નિશ્ચયનયનો પક્ષ છે.**' શુદ્ધનયને અહીં નિશ્ચયનયનો પક્ષ કહેવામાં આવે છે. પક્ષ છે એમ કીધું છેને? નિશ્ચયનયનો વિષય છે એમ નથી કહ્યું. ભાઈ! આહા..હા..! એ તો નિર્વિકલ્પ છે. ભગવાન સ્વરૂપ તો નિર્વિકલ્પ છે. જેને નિશ્ચયનો પક્ષ અબદ્ધસ્પૃષ્ટ છું. એવું પણ વિકલ્પનું કર્તાપણું છે ત્યાં સુધી એ મિથ્યાત્વભાવ છે.

મુમુક્ષુ :- ૧૪મી ગાથાનું કહ્યું?

ઉત્તર :- ૧૪મી ગાથાનું નિર્વિકલ્પ દૃષ્ટિનો વિષય છે. એ શુદ્ધનયનો નિર્વિકલ્પ વિષય છે. સમજાણું કાંઈ? મારે એક ઠેકાણે આમ અને બીજે ઠેકાણે આમ. પણ ખુલાસો તો કર્યો છેને. પાઠમાં તો આટલું લીધું '**सुद्धणयस्स दु जीवे अबद्धपुट्ठं हवदि कम्मं**' પછી ખુલાસો કર્યો કે ભાઈ એ તો પક્ષ છે. સમજાણું કાંઈ? કર્મનો સંબંધ છે એ સંબંધ છે એ વ્યવહાર કહ્યો. કારણ કે ખરેખર છે નહિ. અને સંબંધ નથી એ વસ્તુનો, નિશ્ચયનો પક્ષનો વિકલ્પ છે. પણ વસ્તુ છે એ વિકલ્પાતિત છે. આહા..હા..! આકરું ભારે! જ્યાં સુધી નિશ્ચયનો પક્ષ છે, અબદ્ધસ્પૃષ્ટ છું, બદ્ધ છું એવો ... આત્મામાં એવો જે વિકલ્પ ઉઠે છે ત્યાં સુધી વિકલ્પનો એ કર્તા અને વિકલ્પ સ્વનો એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! કર્તાકર્મ નાખવું છેને આમાં? સમજાણું કાંઈ? આહા..હા..!

એક તો વસ્તુ છે એ છે. પણ નિશ્ચયના વિકલ્પથી માન કે રાગથી એ વસ્તુ બેયથી

ભિન્ન છે. નિશ્ચયનયનો પક્ષ છે માટે સત્ય છે એમ નહિ. આહા..હા..! એક સ્વઆશ્રિત બદ્ધરહિત એવો એક વિકલ્પ ઉઠ્યો કહે છે. બેય વિકલ્પ છોડવા જેવા છે. આહા..હા..! પણ તેથી શું? આહા..હા..! ... કહે છે કે નિશ્ચયથી અબદ્ધસ્પૃષ્ટ છે એવો એક મન સાથેનો વિકલ્પ ઉઠ્યો સ્વઆશ્રય એથી શું? એ ક્યાં વસ્તુ એવી છે? એમ કહે છે. આહા..હા..! બીજા પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ એ તો ક્યાંય રહી ગયા. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે અહીં સુધી આવ્યો. તો પરનો કર્તા નહિ, ફક્ત મારે કર્મનો સંબંધ છે એવો એક વ્યવહારનો પરાશ્રિત વિકલ્પ અને હું એ કર્મના બદ્ધસ્પૃષ્ટ રહિત છું એવો એક સ્વ આશ્રય વિકલ્પ. ત્યાં સુધી આવ્યો તેથી શું? આહા..હા..! એથી એને આત્માનો લાભ શું? એમ કહે છે. આહા..હા..! પણ તેથી શું? છેને? 'ततः किम्' છેને? ... આહા..હા..! એને આંગણે આવો વિકલ્પ કરીને ઉભો રહે એથી શું કહે છે. એમાં જવા માટે એ વિકલ્પ કાંઈ મદદ કરતું નથી. સમજાણું કાંઈ? વ્યવહારનો તો નિષેધ કરતા જ આવ્યા છે, પણ આ તો નિશ્ચયના પક્ષનો પણ નિષેધ કરવો છે અહીં તો. આહા..હા..! સમજાણું કાંઈ? આતો કહે વ્રત ને તપ ને કરીએને તો કષાય મંદ કરીએ તો પછી સમકિત થાય. અરે..! એ તો ક્યાંય રહી ગયું બાપુ! સમજાણું કાંઈ? પણ અહીં તો કહે છે આ આત્મા છે તો અબદ્ધસ્પૃષ્ટ જ હોં. પણ અબદ્ધસ્પૃષ્ટ છું એવો એક વિકલ્પ ઉઠ્યો. વૃત્તિનું ઉત્થાન થયું એ રાગ છે. અને ત્યાં સુધી એ રાગનો કર્તા અને રાગ એનું કર્મ થાય છે. પણ સ્વભાવ કર્તા અને સમકિત એનું કાર્ય ત્યાં સુધી થતું નથી. આહા..હા..!

હવે કહે છે કે આવો વિકલ્પ આવ્યો અહીં સુધી અંદરમાં. આ અબદ્ધસ્પૃષ્ટ છે, અબદ્ધસ્પૃષ્ટ છે. એ શું કહે છે. ત્યાં સુધી તને લાભ શું? એમ કહે છે. થોડો-થોડો તો લાભ નજીકનો વિકલ્પ હશે કે નહિ? એય..! ચેતનજી! પણ અહીંયાં આવો વિકલ્પ છે એ નજીક લાવે કે નહિ? આહા..હા..! ભાષા તો જુઓ અમૃતચંદ્રાચાર્યની! ભાઈ! વ્યવહારનો પક્ષ તો વ્યવહારનો નિષેધ તો અમે પહેલેથી કરતા આવ્યા છીએ. એ તો અહીંયાં ભેગું નાખવું છે એટલે બેને લીધા. સમજાણું કાંઈ? પણ વ્યવહારનો નિષેધ તો કરતા આવ્યા છીએ. પણ નિશ્ચયના પક્ષનો વિષય વિકલ્પ એનો પણ હવે અમે નિષેધ કરીએ છીએ. આહા..હા..! જ્યાં સુધી આવો એક પક્ષ રહેશે ત્યાં સુધી એને સમ્યગ્દર્શન નહિ થાય. આહા..હા..! આવી વાત છે. અરે..! આવો માર્ગ છે. તે પણ એના પુરુષાર્થથી થાય છે હોં એ. આહા..હા..!

તેથી શું? આહા..હા..! તેથી તે શું કર્યું એમ કહે છે. અહીં સુધી અહીં આવ્યો એમાં તે કર્યું શું? એમ કહે છે. કર્તાકર્મ છેને? આહા..હા..! અહીં તો હજી વ્રત ને નિયમ ને અહિંસા અને આ વ્રત. ઓહો..હો..! અમે તો શું કરીએ છીએ? અને કરતા-કરતા અમે ચોંટી જશું આત્માને .. ભાઈ! એ વ્રત તો દૂર છે. આહા..હા..! અહીં તો મનના સંગે આ જે વિકલ્પ

ઉઠ્યો. અબદ્ધસ્પૃષ્ટ છું, એક છું. આ બધા બોલ લેશે. તદ્દન શુદ્ધ છું, અભેદ છું. પ્રત્યક્ષ છું. એવો પણ એક વિકલ્પ છે. એને જીવ પ્રત્યક્ષ થવાને લાયક મારો સ્વભાવ જ એ છે. અલિંગગ્રહણમાં આવ્યુંને છઠ્ઠો બોલ. પહેલા તો એમ કહ્યું કહે ઇન્દ્રિયથી જાણવાનું કામ કરતો નથી. ઇન્દ્રિયથી જાણતો નથી. ઇન્દ્રિય પ્રત્યક્ષનો ભગવાન વિષય નથી. બીજા દ્વારા અનુમાનથી આત્મા જણાય એવો આત્મા નથી. આત્મા એકલો અનુમાન કરે એ આત્મા નથી. આહા..હા..! તો આત્મા છે કેવો? એ પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. પણ એ પ્રત્યક્ષ જ્ઞાતા છે એવો જે વિકલ્પ... આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. આવો .. કરતા હશે. આહા..હા..! સમજાણું કાંઈ? બદ્ધસ્પૃષ્ટ તો પરની અપેક્ષા આવી અને બદ્ધસ્પૃષ્ટ નહિ એમાં સ્વની અપેક્ષા આવી. પણ સ્વની અપેક્ષા આવ્યા છતાં ત્યાં એ વિકલ્પનો પક્ષ ઉભો છે. મનના સંગે એ બધી વાતું ચાલે છે. આહા..હા..! મનનો સંગ છોડ ત્યારે પ્રભુ પ્રાપ્ત થાય એમ કહે છે. આહા..હા..! હવે આવી વાત બેસે નહિ માણસને. વ્યવહાર શ્રદ્ધામાં આવી. પરલક્ષી જ્ઞાનમાં પણ બેસે નહિ વાત. આહા..હા..! હવે ઓલા કહે વ્યવહાર કરતાં-કરતાં થાય. અરે..! ભાઈ! અહીં તો આવું થયું અંદરમાં. વ્યવહાર કરવો એ નહિ પણ નિશ્ચયનો પક્ષ વિકલ્પ એ વ્યવહાર છે. એ તો ઓલા સંબંધની અપેક્ષાએ વ્યવહાર કહીએ છીએ. એ પણ વ્યવહાર છે. આહા..હા..!

ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એ તો પ્રત્યક્ષ પોતાના સ્વભાવથી જણાય એવી ચીજ છે. એને આ નિશ્ચયથી અબદ્ધસ્પૃષ્ટ છું એવા વિકલ્પની અપેક્ષાથી જણાય એવો એ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? ભગવાન આત્મા નિર્વિકલ્પ ચિદાનંદ સ્વરૂપ છે. જેને વિકલ્પની અપેક્ષા નથી. અથવા વિકલ્પ સ્વરૂપમાં નથી. નિશ્ચયથી હું આવો છું. એવો વિકલ્પ સ્વરૂપમાં નથી. આહા..હા..! પુરુષાર્થસિદ્ધિમાં એમ કહ્યુંને કે રાગવાળો આત્મા અને શરીરવાળો માનવો એ મિથ્યાત્વ અને સંસારનું બીજ છે. આહા..હા..! ભગવાન આત્મા રાગ અને શરીરથી અસમાહિત, સહિત નથી. તો આ વિકલ્પનો પક્ષ છે એવો પણ એ નથી. આવી વાતું છે. વીતરાગ માર્ગ વીતરાગભાવથી ઉભો થાય છે અને રાગની અપેક્ષાથી આ હોય તો થાય એવું વસ્તુનું સ્વરૂપ નથી. કહો, ચેતનજી! આ તમારા .. અન્યોન્ય.. નહિ? .. થઈ ગયાને. અમૃત કર્યા. છેને કાંઈક. અમૃત.. અરેરે..! સાંભળને. એકેય ક્રિયા તારી રાગવાળી છે ભાઈ! દેખાદેખી કરવી અને આમ કરવું. વેશ .. એ બધું. આહા..! દેખાદેખી.. પછી અહીં પોતાના આત્માના હેતુએ જે ક્રિયા કરવી એ અમૃત ક્રિયા છે. અહીં કહે છે કે એ ઝેર ક્રિયા છે. હવે આ બધી વાતું ફેર.

જીવને પામવા માટે હેતુ ક્રિયા કરે એ અમૃતક્રિયા. અહીં કહે છે કે વિકલ્પ ઉઠે કે હું

અભેદ છું, ચૈતન્ય છું. એ વિકલ્પ પણ ઝેર છે. એ ઝેરની ક્રિયા છે. આહા..હા..! કેમકે રાગનો અંશ છે. નિશ્ચયથી હું આવો છું, આવો છું એવી રાગની વૃત્તિમાં રોકાઈ ગયેલો છે. એ જીવનું સ્વરૂપ એમ નથી. સમજાણું? જે આત્મા તે બન્ને નયપક્ષોને ઓળંગી ગયો છે. બેય પક્ષ જેને છૂટી ગયા છે અંદરથી. આહા..હા..! વ્યવહાર સંબંધીનો વિકલ્પ નહિ અને નિશ્ચયથી આવો એ પણ વિકલ્પ નથી. એવા બંન્ને નયપક્ષોને ઓળંગી ગયો છે તે સમયસાર છે. તે આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? નિશ્ચયનયનો પક્ષ વિકલ્પ છે એ પણ એક રાગ અને આસ્રવ છે. આહા..હા..! હજી આ એને પંચ મહાવ્રતના પરિણામ આસ્રવ નથી મનાતા. એ શાસ્ત્રમાં ચોખવટ છે. તત્ત્વાર્થસૂત્રમાં પંચ મહાવ્રતાદિ તો આસ્રવ છે. એ ચારિત્ર નહિ. એ ચારિત્રનો દોષ છે. આહા..હા..!

અહીં તો ભગવાન આત્મા તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એ હોં. બીજાઓએ અન્ય કહ્યો એ આત્મા નહિ. આ બે નયપક્ષ જૈન સિવાય ક્યાં હોય એ વાત? એક બીજી ચીજનો સંબંધ છે અને એ સંબંધ વિનાની તો બે ચીજ કબુલી છે. જડ અને ચૈતન્ય બે કબુલ્યા છે. બીજાનો એક સંબંધ છે એમ કહેવું એ વ્યવહાર છે. એ તો હિતકર છે નહિ. અભૂતાર્થ. આહા..હા..! હવે આત્મા અબદ્ધસ્પૃષ્ટ વસ્તુ છે એવી એક વિકલ્પની વૃત્તિ ઉઠી. એ પણ પુણ્યભાવ છે. એથી શું? એવા પુણ્યમાં આવ્યો એથી શું? એ આત્મામાં ક્યાં આવ્યો છે? આકરું કામ ભારે! જગતની સાથે વીતરાગના ધર્મનો મેળ કરવો. આહા..હા..!

કહે છે કે અહીંયાં પૂર્ણાનંદનો નાથ જેવો અબદ્ધસ્પૃષ્ટ ભિન્ન છે. એવો એ પક્ષથી ઉભો રહ્યો વિકલ્પમાં. એ પણ કહે છે કે લાભદાયક નથી, પ્રભુ! આહા..હા..! કહો, અંદરના વિકલ્પો લાભદાયક છે? આહા..હા..! ભાઈ! એના સંગના વિચારમાં હોય વિકલ્પથી અળગો થાય તો આગળ જઈ શકે. ના, એમ કોણે તને કહ્યું? વસ્તુનું સ્વરૂપ એવું ક્યાં છે? એ બેને ઓળંગી ગયો. એ વિકલ્પ અબદ્ધસ્પૃષ્ટ છું એવો પણ જ્યાં વિકલ્પ છૂટી ગયો ત્યારે એને આત્માની પ્રાપ્તિ થાય છે. આહા..હા..! આવી વાત છે, ભગવાન! તારી બલિહારી છે નાથ! પણ તેની ખબર નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એની ખબર વિના કલ્પનાથી માનીને બેઠો. આનું નામ ધર્મ અને આનું નામ આ અને આનું નામ આમ. આહા..હા..! એનો શ્લોક કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૧૪૨

ततः किम् —

कम्मं बद्धमबद्धं जीवे एवं तु जाण णयपक्खं।
पक्खादिक्कंतो पुण भण्णदि जो सो समयसारो।।१४२।।
कर्म बद्धमबद्धं जीवे एवं तु जानीहि नयपक्षम्।
पक्षातिक्रान्तः पुनर्भण्यते यः स समयसारः।।१४२।।

यः किल जीवे बद्धं कर्मेति यश्च जीवेऽबद्धं कर्मेति विकल्पः स द्वितयोऽपि हि नयपक्षः। य एवैनमतिक्रामति स एव सकलविकल्पातिक्रान्तः स्वयं निर्विकल्पैकविज्ञानघनस्वभावो भूत्वा साक्षात्समयसारः सम्भवति। तत्र यस्तावज्जीवे बद्धं कर्मेति विकल्पयति स जीवेऽबद्धं कर्मेति एकं पक्षमतिक्रामन्नपि न विकल्पमतिक्रामति; यस्तु जीवेऽबद्धं कर्मेति विकल्पयति सोऽपि जीवे बद्धं कर्मेत्येकं पक्षमतिक्रामन्नपि न विकल्पमतिक्रामति; यः पुनर्जीवे बद्धमबद्धं च कर्मेति विकल्पयति स तु तं द्वितयमपि पक्षमनतिक्रामन् न विकल्पमतिक्रामति ततो य एव समस्तनयपक्षमतिक्रामति स एव समस्तं विकल्पमतिक्रामति। य एव समस्तं विकल्पमतिक्रामति स एव समयसारं विन्दति।

---

પણ તેથી શું? જે આત્મા તે બન્ને નયપક્ષોને ઓળંગી ગયો છે તે જ સમયસાર છે,- —એમ હવે ગાથામાં કહે છે :-

છે કર્મ જીવમાં બદ્ધ વા અણબદ્ધ એ નયપક્ષ છે;
પણ પક્ષથી અતિક્રાંત ભાખ્યો તે 'સમયનો સાર' છે. ૧૪૨.

શ્લોકાર્થ :- [जीवे] જીવમાં [कर्म] કર્મ [बद्धम्] બદ્ધ છે અથવા [अबद्धं] અબદ્ધ છે— -[एवं तु] એ પ્રકારે તો [नयपक्षम्] નયપક્ષ [जानीहि] જાણ; [पुनः] પણ [यः] જે [पक्षातिक्रान्तः] પક્ષાતિક્રાંત (અર્થાત્ પક્ષને ઓળંગી ગયેલો) [भण्यते] કહેવાય છે [सः] તે [समयसारः] સમયસાર (અર્થાત્ નિર્વિકલ્પ શુદ્ધ આત્મતત્ત્વ) છે.

ટીકા :- 'જીવમાં કર્મ બદ્ધ છે' એવો જે વિકલ્પ તથા 'જીવમાં કર્મ અબદ્ધ છે' એવો

જે વિકલ્પ તે બન્ને નયપક્ષ છે. જે તે નયપક્ષને અતિક્રમે છે (-ઓળંગી જાય છે, છોડે છે), તે જ સકળ વિકલ્પને અતિક્રમ્યો થકો પોતે નિર્વિકલ્પ, એક વિજ્ઞાનઘનસ્વભાવરૂપ થઈને સાક્ષાત્ સમયસાર થાય છે. ત્યાં (વિશેષ સમજાવવામાં આવે છે કે)—જે 'જીવમાં કર્મ બદ્ધ છે' એમ વિકલ્પ કરે છે તે 'જીવમાં કર્મ અબદ્ધ છે' એવા એક પક્ષને અતિક્રમતો હોવા છતાં વિકલ્પને અતિક્રમતો નથી, અને જે 'જીવમાં કર્મ અબદ્ધ છે' એમ વિકલ્પ કરે છે તે પણ 'જીવમાં કર્મ બદ્ધ છે' એવા એક પક્ષને અતિક્રમતો હોવા છતાં વિકલ્પને અતિક્રમતો નથી; વળી જે 'જીવમાં કર્મ બદ્ધ છે અને અબદ્ધ પણ છે' એમ વિકલ્પ કરે છે તે, તે બન્ને પક્ષને નહિ અતિક્રમતો થકો, વિકલ્પને અતિક્રમતો નથી. તેથી જે સમસ્ત નયપક્ષને અતિક્રમે છે તે જ સમસ્ત વિકલ્પને અતિક્રમે છે; જે સમસ્ત વિકલ્પને અતિક્રમે છે તે જ સમયસારને પ્રાપ્ત કરે છે—અનુભવે છે.

ભાવાર્થ :– જીવ કર્મથી 'બંધાયો છે' તથા 'નથી બંધાયો'—એ બન્ને નયપક્ષ છે. તેમાંથી કોઈએ બંધપક્ષ પકડ્યો, તેણે વિકલ્પ જ ગ્રહણ કર્યો; કોઈએ અબંધપક્ષ પકડ્યો, તેણે પણ વિકલ્પ જ ગ્રહણ કર્યો; અને કોઈએ બન્ને પક્ષ પકડ્યા, તેણે પણ પક્ષરૂપ વિકલ્પનું જ ગ્રહણ કર્યું. પરંતુ એવા વિકલ્પોને છોડી જે કોઈ પણ પક્ષ ન પકડે તે જ શુદ્ધ પદાર્થનું સ્વરૂપ જાણી તે-રૂપ સમયસારને—શુદ્ધાત્માને—પામે છે. નયપક્ષ પકડવો તે રાગ છે, તેથી સમસ્ત નયપક્ષને છોડવાથી વીતરાગ સમયસાર થવાય છે.

---

**માગશર સુદ-૬, સોમવાર, તા. ૧૧-૧૨-૧૯૭૨**
**ગાથા- ૧૪૨, પ્રવચન-૨૪૯**

૧૪૨ ગાથા કર્તાકર્મ.

कम्मं बद्धमबद्धं जीवे एवं तु जाण णयपक्खं।
पक्खादिक्कंतो पुण भण्णदि जो सो समयसारो।।१४२।।

નીચે હરિગીત.

છે કર્મ જીવમાં બદ્ધ વા અણબદ્ધ એ નયપક્ષ છે;
પણ પક્ષથી અતિક્રાંત ભાખ્યો તે 'સમયનો સાર' છે. ૧૪૨.

ટીકા. આ કર્તાકર્મ અધિકાર ચાલે છે. આ આત્મા વસ્તુ છે એ તો જ્ઞાન અને આનંદમય

ચીજ છે. એનો સ્વભાવ તો જ્ઞાન અને આનંદ છે. એ આત્મા પોતાને મૂકીને પરદ્રવ્યનું કાંઈ કરી શકે નહિ. શરીરનું, વાણીનું, પરપદાર્થ બનાવવા, રચવા એ કાંઈ ન કરી શકે. કેમકે પરદ્રવ્ય પોતે કાયમ રહીને પલટી રહ્યા છે. એટલે એ પલટવાનું કાર્ય બીજો દ્રવ્ય કરે એમ બની શકે નહિ. હવે એ વાત એકબાજુ રહી. હવે અહીંયાં તો અંદરમાં વાત આવી છે. ઝીણી વાત છે. કે આ આત્મા વસ્તુ છે ભગવાન સર્વજ્ઞદેવ તીર્થંકરદેવે જોયેલી ચીજ. એ એવી છે. પણ એમાં જીવે કર્મ, જીવમાં કર્મબદ્ધ છે. અહીં ઝીણી વાત આવી. એમાં જેટલા પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના થાય એ બધા ભાવ રાગ ને શુભ ને પુણ્ય છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગના ભાવ થાય એ પાપ અને પાપબંધનનું કારણ છે. બેય પરિણામ આત્માની ચીજ નથી. એ બેય પરિણામ આત્માનું કર્તા અને આત્માનું કર્મ એમ નથી. અજ્ઞાનભાવે વસ્તુને ભૂલીને એ શુભ અને અશુભભાવ મારા કાર્ય છે અને હું એનો કર્તા એ અજ્ઞાનભાવે માનેલી વાત છે. આહા..હા..! ઈ વાત એકબાજુ રહી હવે અહીં તો. અહીં તો ઝીણી વાત છે, ભાઈ!

ભગવાન આત્મા અસ્તિતત્ત્વ છે. એ જીવમાં કર્મબદ્ધ છે. જીવમાં કર્મમાં બદ્ધ સંબંધ છે એવો એ વિકલ્પ છે એક વ્યવહારનયનો. આહા..હા..! જડ કર્મ તો જડ છે, અજીવ છે. એ જીવની સાથે આમ સંબંધ છે એવો જે એક વિકલ્પ વ્યવહારનયનો વિકલ્પ છે એ. એ રાગ છે. અને જીવમાં કર્મ અબદ્ધ છે, ભગવાન આત્મા એમાં કર્મનો સંબંધ નથી. એ તો વસ્તુ છે ચૈતન્યમાત્ર પદાર્થ. એવું જે કર્મનો સંબંધ નથી એવો પણ એક રાગનો, વિકલ્પનો પક્ષ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો જ્યાં સુધી વિકલ્પ રાગ છે ત્યાં સુધી આત્મા અજ્ઞાનભાવે તેનો કર્તા અને વિકલ્પ તેનું કર્તવ્ય. મિથ્યાત્વભાવમાં છે. સમજાણું કાંઈ? ઝીણી વાતું ભાઈ! મૂળ તત્ત્વ...

મુમુક્ષુ :- વધારે આ સહેલું પડે.

ઉત્તર :- જુઓને વસ્તુ છેને આત્મા? તત્ત્વ છેને? તો તત્ત્વ છે એની સામે એક અજીવ તત્ત્વ પણ છે કર્મ આદિ, શરીરાદિ બધા. અને એની અંદરમાં થતાં શુભ અને અશુભભાવ એ પુણ્ય-પાપ તત્ત્વ છે. એ બે મળીને આસ્રવતત્ત્વ છે. એ અટકેલો ભાવ તે બંધતત્ત્વ છે. અને સ્વભાવનો આશ્રય લઈને વિકલ્પને તૂટીને જે આત્માને સમ્યગ્દર્શન નિર્વિકલ્પદશા થાય એનું નામ સંવર છે. અને એ શુદ્ધિની વૃદ્ધિ અંતરના આશ્રયે થાય એ નિર્જરા થાય અને એનાથી પૂર્ણ શુદ્ધિ-મુક્તિ થાય એનું નામ મુક્તિ છે, મોક્ષ છે. અહીંયાં તો કર્તાકર્મનો અધિકાર છે એટલે એ લેવું છે. ઝીણો માર્ગ છે ભાઈ! વીતરાગમાર્ગનો સર્વજ્ઞ તીર્થંકરદેવે, પરમેશ્વરે કહેલો માર્ગ એમ છે.

અહીં કહે છે કે આ આત્મા પરનું તો કરે એ તો વાત છે નહિ. કેમકે પરવસ્તુ પોતાને

ટકીને બદલી રહી છે. એનો બીજો બદલાવે એવું કોઈ દિ' હોઈ શકે નહિ. હવે એમાં થતો રાગ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના ભાવ બેય વિકાર છે એ તો. એક શુભરાગ વિકાર છે અને એક અશુભરાગ વિકાર છે. એ પણ આત્માનું કર્તવ્ય અને એ આત્માનું કર્મ વસ્તુ નથી એવી. એ તો નથી, પણ હવે અંદરમાં લઈ જાય છે. ઝીણી વાત છે, ભગવાન! આ આત્મા કર્મના રજકણોના સંબંધવાળું આમ છે એ પરની અપેક્ષાવાળું છે એવો વિકલ્પ ઉઠે એ વ્યવહારનયનો વિકલ્પ છે અને એ દ્રવ્ય છે તો એમાં પરવસ્તુનો અભાવ છે કર્મનો. સ્વચતુષ્ટય છેને વસ્તુ? સ્વચતુષ્ટય એટલે? દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પોતે અસ્તિ છે અને પરવસ્તુના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિ છે. એથી નથી કર્મનો અંદર ભાવ છતાં પર્યાયમાં સંબંધ છે એટલો જે વિકલ્પ ઉઠાવવો એ પણ એક વ્યવહારનયનો, રાગનો પક્ષ છે. આહા..હા..! અને જીવમાં કર્મ અબદ્ધ છે. ભગવાન આત્મા એ કર્મના રજકણો જે અજીવ તત્ત્વ છે તેના સંબંધ વિનાનું ચૈતન્યમૂર્તિ તત્ત્વ છે. એવો પણ એક વિકલ્પ નામ રાગની વૃત્તિ ઉઠાવવી એ નિશ્ચયનયનો પક્ષ નામ રાગ છે. ચીમનભાઈ! બધું ઝીણું છે આ. આ તમારા ઈજનેર-ફીજનેરમાં મોટા લાકડા મૂક્યા હોય (તેને) આ નથી સમજાય એવું ત્યાં. આહા..હા..!

ભાઈ! તું કોણ છો તને ખબર નથી. સમજાય છે? કહે છે કે એ વ્યવહારનયનો સંબંધનો વિકલ્પ રાગ અને નિશ્ચયનયે એટલે સ્વ આશ્રયે બંધ મને નથી એવો અબંધ એવો પણ એક વિકલ્પ રાગની વૃત્તિ ઉઠે એ પણ બંધનું કારણ છે. એ ભાવબંધ સ્વરૂપ છે. એવો અબદ્ધ છું, બદ્ધ છું એવા વિકલ્પનો કર્તા થાય ત્યાં સુધી રાગ તેનું કાર્ય અને રાગનો કર્તા અજ્ઞાનભાવ ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે. ત્યાં સુધી એ સમ્યગ્દૃષ્ટિ નથી, ધર્મી નથી. શરૂઆતનો ધર્મી પણ એ નથી. આહા..હા..! બહુ આકરી વાત. સમજાય છે કાંઈ? જે વિકલ્પ અબદ્ધ છે એ પણ એક બંને નય પક્ષ છે. એ જ્ઞાનના અંશના પક્ષની વાત છે. વસ્તુસ્થિતિ એવી નથી. સમજાય છે કાંઈ?

'**જે તે નયપક્ષને અતિક્રમે છે...**' આહા..હા..! અંદરમાં રાગથી ભિન્ન છું એવો પણ વિકલ્પ નથી. એવા કર્મના સંબંધમાં નિમિત્તની અપેક્ષા લક્ષમાં લઈને જે રાગ થાય એ વ્યવહારનયનો પક્ષ છે. વ્યવહાર એટલે પરની અપેક્ષાવાળો વિકલ્પ છે અને એક સ્વની અપેક્ષાવાળો. હું અબદ્ધ છું. એ પણ એક વૃત્તિ, રાગની વૃત્તિનું ઉત્થાન છે. એ નિશ્ચયનયના રાગનો પક્ષ છે. ત્યાં સુધી એ ધર્મી નહિ. આહા..હા..! ત્યાં સુધી એ સમ્યગ્દૃષ્ટિ નહિ. સમ્યગ્દૃષ્ટિ નહિ તો એ શ્રાવક પણ નહિ અને સાધુ પણ નહિ. આહા..હા..! એવો માર્ગ બાપા! કહો, પોપટભાઈ! આહા..હા..! એ બેનો વિકલ્પ છોડી દે. શુદ્ધ જ્ઞાનઘન પ્રભુ અકષાય સ્વભાવનો સાગર આત્મા જેમાં જ્ઞાનસ્વભાવ અનહદ, બેહદ સ્વભાવ એ જ્ઞાનસ્વભાવ છે. જેમાં અતીન્દ્રિય અનહદ, બેહદ સ્વભાવ છે આનંદ. એ તરફની અંતર અનુભવ દૃષ્ટિ કરીને. આહા..હા..! જે

આ વિકલ્પ બેના, પક્ષને છોડે '**તે જ સકળ વિકલ્પને અતિક્રમ્યો થકો...**' આહા..! જેઠાભાઈ! ભારે આકરું! અહીં તો હજી બહારમાં આ દયા પાળી, વ્રત કર્યા, તપસ્યા કર્યા, પૂજા કરી, જાત્રા કરી થઈ ગયો ધર્મ. અરે..! ભગવાન! એ તો રાગ, શુભરાગ છે, પુણ્ય છે. બંધનનું કારણ છે.

અહીં તો એથી આગળ અંદરમાં વિચારમાં જતા મનના સંગે, મન છે એક અહીંયાં. એના સંગમાં આવા વિકલ્પ ઉઠે કે બદ્ધ છું, અબદ્ધ છું એ પણ એક રાગનો અંશ છે. ત્યાં આત્મા નથી. આહા..હા..! એ બેને અતિક્રમે છે. '**સકળ વિકલ્પને અતિક્રમ્યો થકો...**' બધા વૃત્તિઓથી લક્ષ છોડી દઈ. પોતે નિર્વિકલ્પ. એ વિકલ્પ નામ રાગની વૃત્તિ વિનાનો એવો જે ભગવાન આત્માનો સ્વભાવ '**એક વિજ્ઞાનઘનસ્વભાવરૂપ થઈને...**' કહે છે કે એ વિકલ્પ જે હતો ત્યાં તો અસ્થિરતા (હતી). જ્ઞાનસ્વરૂપી ભગવાન ડોલાયમાન થતો રાગમાં. સમજાણું કાંઈ? ચંદુભાઈ! ચાંદમલજી! આવી વાત આકરો માર્ગ ભાઈ! વીતરાગ માર્ગ એવો ઝીણો પડે. લોકોએ એને બીજી રીતે આખો કલ્પી નાખ્યો છે. ત્રિલોકનાથ તીર્થંકરદેવ સો ઇન્દ્રના પૂજનિક કેવળજ્ઞાની પરમાત્મા એમણે જે સમ્યગ્દર્શનનો માર્ગ કહ્યો એ માર્ગ આખી દુનિયાથી જુદો છે. એ બીજે તો ક્યાંય છે જ નહિ. જૈન પરમેશ્વર સર્વજ્ઞ સિવાય તો એ માર્ગ ક્યાંય નથી કોઈ ઠેકાણે. વેદાંત કે વિશેષિક કે ..કે પણ એના સંપ્રદાયમાં પડ્યા એને હજી ખબર નથી કે આ તત્ત્વ કેમ પમાય? આહા..હા..! કહો, હસમુખભાઈ! આહા..હા..!

ભગવાન! તું એક વસ્તુ છોને. અસ્તિ છેને, સત્તા છેને, હોવાપણે છેને? એ અનંત જ્ઞાન, આનંદથી હોવાપણે પદાર્થ છે. એને આ બદ્ધ-અબદ્ધના વિકલ્પવાળો માનવો એ પણ મિથ્યાત્વભાવ છે. એને ઓળંગીને અંતરમાં એક વિજ્ઞાનઘન જોયું! ઓલા વિકલ્પો અનેક પ્રકારના હતા. આહા..હા..! આ સંબંધ છે અને સંબંધ નથી. એ બેય રાગની વૃત્તિઓ હતી. એને ઓળંગીને અતિક્રમ્યો થકો. '**સકળ વિકલ્પને અતિક્રમ્યો થકો...**' આહા..હા..! '**પોતે નિર્વિકલ્પ,...**' પોતે રાગ વિનાની ચીજ છે. કારણ કે રાગ છે એ તો-શુભાશુભ રાગ એ તો આસ્રવતત્ત્વ છે. હું બદ્ધ છું કે અબદ્ધ છું એવી લાગણી વૃત્તિ ઉઠે એ પણ આસ્રવતત્ત્વ છે. એ જીવ તત્ત્વ નહિ. નવ તત્ત્વમાં જીવ એ નહિ. આહા..હા..! તો કહે છે કે જે અંતરમાં એ વિકલ્પની લાગણીને છોડતો થકો. અતિક્રમ્યો થકો એમ છેને? પોતાના પુરુષાર્થથી પાછું એમ કહે છે. આહા..હા..! કાંઈ કર્મ માર્ગ આપે અને આ થાય એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**સકળ વિકલ્પને અતિક્રમ્યો થકો...**' એમ કહીને પોતે પુરુષાર્થથી કામ કરે છે એમ કહે છે. એ રાગનું લક્ષ છોડી દઈ અને વસ્તુ જે અંતર નિર્વિકલ્પ જે વસ્તુ છે. જેને જેમાં જેને રાગનો સંબંધ નથી. એવી જે ચૈતન્ય વસ્તુ ભગવાન આત્મા એક વિજ્ઞાનઘન.

વિશેષે વિજ્ઞાનઘન, જ્ઞાનનો ઘન, જ્ઞાનનો પિંડ જેમ શિયાળા ઠંડા જામી ગયેલા ઘી એમાં જેમ આંગળી પ્રવેશ ન કરે, તાવેતો તો માંડ માંડ કામ કરે. એમ ભગવાન આત્મા કહે છે કે એમાં વિકલ્પનો પ્રવેશ નથી. ચાંદમલજી! આ સમ્યગ્દર્શનની વાત ચાલે છે આ. આહા..હા..! અને સમ્યગ્દર્શન વિના સમ્યગ્જ્ઞાન હોય નહિ, સમ્યગ્જ્ઞાન વિના ચારિત્ર હોય નહિ. બધા એકડા વિનાના મીંડા રણમાં પોક મૂકવા જેવું છે. આહા..હા..! રણમાં પોક કોઈ સાંભળે નહિ અને એનું રોવું બંધ થાય નહિ. એવી વાત છે બાપા! શરણભૂત ભગવાન અંદર છે. આહા..હા..! કહે છે કે એવા બદ્ધ-અબદ્ધના પણ રાગના અંશને છોડી દઈને, એના પ્રત્યેનું વલણ અને રુચિ છોડી દઈને આ અંતરમાં ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ વીતરાગ સર્વજ્ઞે કહ્યો ઈ હોં. અજ્ઞાનીઓ તો આત્માને કલ્પે છે બધી રીતે. કોઈ વ્યાપક ને કોઈ કાંઈક ને કોઈ કાંઈકને. એ નહિ. અસંખ્ય પ્રદેશી અનંતગુણનું ધામ એવો એકરૂપ અભેદ ચીજ. એને '**નિર્વિકલ્પ, એક વિજ્ઞાનઘનસ્વભાવરૂપ થઈને...**' જોયું! રાગની વૃત્તિ છોડીને અંદરથી. એક વિજ્ઞાનઘન સ્વભાવરૂપ થઈને. '**સાક્ષાત્ સમયસાર થાય છે.**' ત્યારે સમયસાર નામ આત્મા થાય છે. આહા..હા..! કહો, સુજાનમલજી! આહા..હા..! આવો માર્ગ છે, ભગવાન! લોકોએ કાંઈકનું કાંઈક કલ્પી અને માર્ગને વીતરાગ કેવળી તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમાત્મા એની દિવ્યધ્વનિમાં તો આમ આવ્યું છે પ્રભુ! આહા..હા..!

ધર્મ કોને કહેવો એની ખબર ન મળે. કહે છે કે એ વિકલ્પ જે ઉઠે એની પણ રુચિ છોડી, તે બુદ્ધિ છોડી અને ત્રિકાળી જ્ઞાયકભાવમાં નિર્વિકલ્પમાં એકાગ્ર થાય ત્યારે તેને સમ્યગ્દર્શન થાય અને ત્યારે તે ધર્મી થાય. આહા..હા..! કહો, ચાંદમલજી! આ વચ્ચે જે સવારનું હતુંને? આ વ્યવહારનું આવે કે નહિ? આવે વચ્ચે. વિનય, ભક્તિ, પૂજા આદિ એ પણ એક શુભભાવ છે એક અશુભથી બચવા માટે. પણ એ વસ્તુ ધર્મ નથી. વીતરાગ ધર્મ એ નહિ. એ તો રાગભાવ છે. આહા..હા..!

ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ વિજ્ઞાનઘન સ્વરૂપ છે એમાં એકરૂપ જે વસ્તુ છે એમાં એકાકાર થવું ત્યારે વિજ્ઞાનઘનસ્વભાવ થયો થકો સમયસાર થાય છે એટલે કે આત્મા થાય છે. આહા..હા..! આત્મા વસ્તુ તરીકે તો હતો, પણ પર્યાયમાં વીતરાગી પર્યાય થઈ ત્યારે આ સમયસાર થાય છે. ત્યારે એ આત્મા થાય છે. ચીમનભાઈ! આ ઝીણું છે હોં તમારા ઓલા ધંધા-બંધા કરતા. બહુ ઝીણું. બાકી આ રખડવાના રસ્તા છે બધા. ધૂળ ધાણી અને વા પાણી. પૈસા મેળવવા, કરોડોપતિ થવા અને ધૂળમાં રખડી મરવાના છે એ. એય..! આહા..હા..!

મુમુક્ષુ :- .. ચાલ્યા જાય.

ઉત્તર :- . ચાલ્યા જવાના. બાપુ! એ ક્યાં ચીજ તારી હતી? આ શરીરનો કટકો રજકણ પણ ક્યાં તારી સાથે આવવાના? આ તો માટી છે. આહા..હા..! આ તો અજીવ તત્ત્વ

થઈને રહ્યું છે. અજીવ થઈને રહ્યું છે. કે જીવની દશા થઈને રહ્યું છે? તો પછી પૈસા, બાયડી, છોકરા તો ક્યાં રહી ગયા ભાઈ! તારે અને પરને દ્રવ્યને શું સંબંધ છે? એનો તો નહિ પણ રાગ અને તારે શું સંબંધ છે? અહીં તો એ વાત કરવી છે. કારણ કે રાગ એ પુણ્ય અને પાપનું તત્ત્વ છે. એ આત્મતત્ત્વ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે એ અંતરના વિચારશ્રેણીમાં જ્યારે આવ્યો ત્યારે પણ હજી આ નયના પક્ષમાં રાગભાગ હોય છે ત્યાં સુધી એ સમ્યગ્દર્શન નહિ. સમજાણું કાંઈ? કારણ કે ત્યાં સુધી હજી રાગની સાથે સ્વભાવની એકતા છે. અને (રાગની) સ્વભાવની સાથે એકતા એ તો મિથ્યાત્વભાવ છે. રાગ અને સ્વભાવ એક (માનવા) એ તો મિથ્યાત્વભાવ છે. આહા..હા..! કહે છે સમ્યગ્દર્શન થાય ત્યારે શું થાય? ચોથું ગુણસ્થાન હોં હજી આ. અવિરતિ સમ્યગ્દર્શન. એ વિકલ્પની લાગણી ઉઠે, છે તો ખરું. નથી? પણ એના ઉપરથી દૃષ્ટિ ઉઠાવી ઈ તો વાત તો એમ જ થાયને. બાકી જ્યાં દ્રવ્ય ઉપર દૃષ્ટિ થઈ એટલે એના ઉપરથી દૃષ્ટિ ઉઠી ગઈ. આમ વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

વસ્તુ ભગવાન આત્મા કેવળજ્ઞાનનો કંદ પ્રભુ છે એ તો. આત્મા એટલે શું? કેવળજ્ઞાનની પર્યાય ઉઠે એ તો પર્યાય છે. કેવળજ્ઞાન એક પર્યાય છે. ગુણ નહિ. આહા..હા..! કેવળજ્ઞાન છે. ત્રણ કાળ, ત્રણ લોકને જાણે. એ પણ એક સમયની પર્યાય છે. એ ગુણ નહિ. ગુણ તો ત્રિકાળી જ્ઞાનગુણ જેમાં એવી અનંતી પર્યાય જેમાં પડી છે. એવો એક જ્ઞાનગુણ અને એવા-એવા અનંતાગુણો. નિર્વિકલ્પપણે અંદર છે. એને એ રીતે વિજ્ઞાનઘનમાં એકાગ્ર થવું અને રાગની એકાગ્રતા ત્યાં તૂટી જતાં સ્વભાવની એકાગ્રતા થતાં એ સાક્ષાત્ સમયસાર છે. સાક્ષાત્ એટલે? સમયસાર વસ્તુ તો છે. પણ પર્યાયમાં ભાન થયું કે આ આત્મા. વીતરાગી પર્યાય થતાં વીતરાગી પર્યાયે ધ્રુવને પકડ્યો. સમજાણું કાંઈ? ઝીણી વાતું ભારે ભાઈ! એય..! પણ અભ્યાસ ન હોય એને બધું એવું જ લાગે આ શું કહે છે આ? ગ્રીક લેટીન જેવું લાગે. આહા..હા..! અહીં તો વીતરાગ માર્ગના એકડાના મીંડાની વાતું છે આ તો. સમજાણું કાંઈ? આહા..હા..! સમ્યગ્દર્શન એ તો ધર્મને રહેવાની હવે પાત્રતા છે. ધર્મ પ્રગટ થવાની, સ્થિરતા આદિ થવાની એ પાત્રતા છે. તો એ સમ્યગ્દર્શન આ રીતે થાય. દેવ, ગુરુ, ધર્મને માનો અને સમકિત છે. એ તો રાગ છે, પરદ્રવ્ય છે. પરને માનવાનું લક્ષ છે એ તો રાગ છે. એ સમકિત નથી એ તો રાગ છે. આહા..હા..! અહીંયાં તો નવ તત્ત્વના ભેદવાળી શ્રદ્ધા કરવી એ પણ રાગ છે. કેમકે એકલો ભગવાન આત્મા એ વિકલ્પની વૃત્તિઓ વિનાનો એવું જે તત્ત્વ છે એને પ્રાપ્ત કરવું, વર્તમાન પર્યાયને તેમાં પ્રસરાવવી એ પર્યાયમાં ઉભા રહીને નહિ. પર્યાય તો એક સમયની છે. ત્યાં ઉભા રહીને ત્યાં કેમ જાય? આ તો વિકલ્પની વૃત્તિઓ તો છૂટે પણ એક સમયની પર્યાયની પણ રુચિ છૂટી જાય. ત્યારે એના સ્થાનમાં

આત્માના અતીન્દ્રિય આનંદના સ્વાદ લેતી દશા જે પ્રગટે એને સમ્યગ્દર્શન કહે છે. આહા..હા..! એવી વાત છે, ભાઈ! કહો, સમજાણું કાંઈ? કહો, પ્રેમચંદજી! આહા..હા..! આ તો સાંભળ્યું જાય નહિ એવું કઠણ પડે છે.

સવારે તો આવ્યું હતું થોડું નહિ? વીતરાગે આચાર શાસ્ત્રમાં જેટલું વર્ણન કર્યું એ બધો શુભભાવનું લખાણ છે. આહા..હા..! પંચ મહાવ્રત ને અઠ્યાવીશ મૂળગુણ ને સમિતિ-ગુપ્તિ જોઈને ચાલવું એ બધી વિકલ્પની, શુભરાગની ક્રિયાઓ છે. ભગવાનનો વિનય કરવો ત્રણ લોકના નાથનો એ પણ પરદ્રવ્યનો વિનય તે રાગ છે, શુભભાવ છે. આહા..હા..! હો, પણ એ ધર્મ નહિ. ધર્મીને પણ એ ભાવ આવે, પણ એ ભાવને જાણે કે આ પુણ્યબંધનું કારણ છે. જે સ્વચૈતન્ય ભગવાન સર્વજ્ઞે કહ્યો એ આત્મા હોં. કેવળી તીર્થંકરે. 'કેવળી પણ્ણંતો ધમ્મો શરણં' આવે છેને? એ બધા ગડીયા હાંકે જાય. મંદિરમાં બોલે સાંજ-સવાર. અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, શાહુ મંગલં. કોને કહેવો કેવળી પણ્ણંતો ધમ્મો? કેવળી પ્રરૂપેલો ધર્મ એ રાગ હશે?

ઈ અહીંયાં તો કહે છે, ભાઈ! એ જન્મ-મરણના કારણ મિથ્યાત્વ એને છેદવાને માટે ત્રિકાળી દ્રવ્યનો આશ્રય લેતા એ એકતા અંદર થાય મિથ્યાત્વની ઉત્પત્તિ થતી નથી. એને સમ્યગ્દર્શન થાય તો એ સમયસાર કહ્યો. એ પર્યાયમાં નિર્વિકલ્પદશા થઈ ત્યારે સમયસાર થયો. આહા..હા..! કહો, પોપટભાઈ! આવું છે, બાપુ! પણ કાંઈક બીજો માર્ગ હશે કે નહિ એનો આધાર? એય..! ચેતનજી! વ્યવહાર કારણ અને નિશ્ચય કાર્ય એવું નથી આવતું? બધી વાતું સમજવા જેવી છે એ. અહીં તો વિકલ્પનો વ્યવહાર છે એ પણ છોડવા જેવો છે. ત્યારે એને નિશ્ચયની પ્રાપ્તિ થાય. સમજાણું કાંઈ?

'**તે જ સકળ વિકલ્પને...**' ઓલા બે નામ આપ્યા. પણ બધા પછી લઈ લેવા એમ. '**અતિક્રમ્યો થકો...**' આહા..હા..! કેટલી ત્યાં ધીરજ જોઈએ ભાઈ! એ કાંઈ કૂદકા મારવા નથી બહારમાં. આમ થાય ને તેમ થાય ને ઢીંકણું થયું. આહા..હા..! હું અબદ્ધ છું, પરથી ભિન્ન છું એવો પણ એક વિકલ્પ ઉઠે છે રાગ. એને પણ ઓળંગી જઈને. નિર્વિકલ્પ વિજ્ઞાનઘન એક સ્વરૂપ પ્રભુ આત્મા છે. એમાં એવો થઈને. એમ. જેવો વિજ્ઞાનઘન છે એવો થઈને. એટલે વીતરાગ પર્યાયરૂપે પરિણમીને. સમજાણું કાંઈ? ઓલા રાગરૂપે હતો એ એકતાબુદ્ધિ મિથ્યાત્વભાવ હતો. આહા..હા..! ભારે ઝીણું ભાઈ! પહેલું તો હજી શું કહે છે એને ગ્રાહ્ય થાવું કઠણ મગજમાં. આહા..હા..! 'એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન.' સમવસરણની મધ્યમાં સીમંધર ભગવાન બિરાજે છે પ્રભુ. મહાવિદેહમાં સીમંધર પરમાત્મા ત્રિલોકનાથ બિરાજે છે. લાખો કેવળી છે મહાવિદેહમાં. કુંદકુંદાચાર્ય સંવત્ ૪૯માં ત્યાં ગયા હતા. બે હજાર વર્ષ પહેલા ભગવાન પાસે. આઠ દિવસ રહીને અહીંને આવીને આ શાસ્ત્ર રચાણું. ભગવાનનો

આ સંદેશ છે કહે છે. આહા..હા..!

કહે છે. ઓહો..હો..! અહીં તો કહ્યું હતુંને કે આ પ્રભુ આત્મા પૂર્ણાનંદ શુદ્ધ ધ્રુવ એવો છું એવો જે વિકલ્પ અહીં સુધી આવ્યો તેથી શું? કાલે આવ્યું હતું. 'ततः किम्' સંસ્કૃત છેને એય..! પંડિતજી! 'ततः किम्' કહ્યુંને? એથી શું બાપુ ભાઈ! એ કાંઈ તારી ચીજ નથી. આહા..હા..! તું તો જ્ઞાનઘન છો, ચૈતન્યબિંબ છો, અતીન્દ્રિય આનંદનું વિશ્રામ ઠામ છો. આહા..હા..! એવી ચીજને અંદરમાં જતા જે વિજ્ઞાનઘન છે અને વિજ્ઞાનઘનરૂપ પર્યાય થઈ એને આત્મા થયો અને એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આ નવરાશ ક્યાં આવી બાપા આ કરવામાં. એક તો ધંધા આડે નવરો ન હોય. મજુર મોટો. ધંધાના કરનારા મોટા મજુર. એય..! પોપટભાઈ! આખો દિ' રાગ ને રાગ. આ કરું... આ કરું... આ કરું... આ કરું... પૈસા આવ્યા અને ગયા. મોટા મજુર રાગના છે. આહા..હા..! પાપના રાગના મજુર હોં.

અહીં તો પ્રભુ તું કહે છે કે એ વિકલ્પ-પુણ્ય છે એમાં એકત્વ થયો એ પણ મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! ભગવાન એકને બીજા જોડે માનવો એ એકડે એક અને બગડે બે. એ રાગના વિકલ્પવાળો માનવો એ બગડ્યો છે, મિથ્યાત્વ છે એમ કહે છે. આહા..હા..! ભારે વાતું ભાઈ! પૈસાવાળો, શરીરવાળો, છોકરાવાળો, બાયડીવાળો. એને કેટલા વાળા તારે વળગ્યા? આહા..હા..! એક વાળો નીકળે તો પગ સડે. આ તો કેટલાયવાળા! મારી નાખ્યા. અરે..! ભગવાન! સાંભળતો ખરો પ્રભુ! હું એક ગુણવાળો છું એવો વિકલ્પ પણ તેમાં નથી એમ કહે છે અહીં તો. એય..! છે ગુણવાળો, પણ ગુણવાળો છું એ વિકલ્પ પણ જેમાં નથી. આહા..હા..! એવી દશા થયો થકો સાક્ષાત્ સમયસાર. એટલે કે સમય દ્રવ્ય તો હતું જ. વસ્તુ તો વિજ્ઞાનઘન રૂપે છે જ, અનાદિથી છે. પણ જ્યારે વિકલ્પને તોડીને નિર્વિકલ્પ દૃષ્ટિ થઈ ત્યારે એની પર્યાયમાં દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મરહિત દશા થઈ એને અહીંયાં સમયસાર કહેવામાં આવે છે. ત્યારે એના જન્મ-મરણ મટે. નહિતર મરી જશે તોપણ નહિ મટે એમ કહે છે. આહા..હા..! 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, મુનિવ્રત ધાર' દિગંબર થઈ, નગ્નમુનિ થઈ જંગલમાં વસ્યો. મુનિવ્રત-પંચ મહાવ્રત ધારણ કર્યા. વિકલ્પ છે એ તો રાગ છે. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ પંચ મહાવ્રતના પરિણામ રાગ અને દુઃખ અને આકુળતા. આહા..હા..! ગજબ વાતું છેને? જેને લોકો ચારિત્ર માને. પોપટભાઈ!

ભગવાન ત્રણ લોકના નાથ એમ ફરમાવે છે. ભગવાન! તું મારી નાતનો, જાતનો તું છો. તારામાં-આત્મામાં અને મારા સ્વભાવમાં કાંઈ ફેર નથી. પર્યાયમાં ફેર છે એ જો દ્રવ્યનો સ્વભાવ આશ્રય કર તો પર્યાયનો ફેર છૂટી જશે. સમજાણું કાંઈ? આહા..હા..! આકરું કામ

બાપા! સમ્યગ્દર્શન એટલે શું? સમ્યગ્દર્શન એટલે જન્મ-મરણના મૂળિયા ઉખેડીને મોક્ષને પ્રાપ્ત કરાવે એવી ચીજ છે એ. સમજાણું કાંઈ? આ સમ્યગ્દર્શનની વ્યાખ્યા ચાલે છે. ચારિત્ર તો ક્યાંય રહી ગયા પછી. આત્મા આનંદમૂર્તિ જ્ઞાનાનંદસ્વરૂપનું પ્રત્યક્ષ ભાન થયું. સાક્ષાત્ કીધુંને ભાઈ! જ્યાં મતિ અને શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ થયું ત્યાં એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ રાગની વૃત્તિ તૂટીને જ્યાં સ્વભાવ સન્મુખ થયો ત્યારે સાક્ષાત્ પ્રત્યક્ષ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનમાં એ પ્રત્યક્ષ થયો આત્મા. આહા..હા..! ભારે કામ. સ્વસંવેદન એ પ્રત્યક્ષ છે. જેમાં રાગ અને મનનો આશ્રય, અવલંબન નથી. એવો 'સાક્ષાત્ સમયસાર થાય છે.' આહા..હા..! આત્મા અધ્યાત્મની વાણીની ઉંડપ છે ઉંડપ. અરે..! એણે અનંતાભવ કર્યા. ચોર્યાસીના, નિગોદના, બટાટાના, શક્કરકંદના, ભાઈ! તને ખબર નથી. ભૂલી ગયો પણ મારો. માતાના પેટમાં સવા નવ મહિના ઉંધે માથે રહ્યો. બહાર નીકળ્યો ત્યાં ઉં..આ.. ઉં..આ... થઈ ગયો. એ ત્યાં અને હું અહીં. આહા..હા..! અરે..! ભગવાન! એવા તો તે ભવ અનંતા કર્યા છેને. એ મિથ્યાત્વને લઈને હોં. કોઈ શરણ નથી ત્યાં. આહા..હા..!

કહે છે એ શરણભૂત તો ભગવાન અહીં છે. ચૈતન્યપિંડ પ્રભુ છે. એને આશ્રયે જા, શરણે જા તને સમ્યગ્દર્શન થશે. તને મુક્તિના બીજડા ઉગશે. એ મોક્ષના બીજ ઉગશે. એ બીજ ફાલીને કેવળજ્ઞાન થશે. સમજાણું કાંઈ? આ બધી .. બહારની ચીજો. આબરૂ દેખાય, આ પૈસા, આમ કર્યા મેં. મકાનો બનાવ્યા, મંદિરો બનાવ્યા, ફલાણા બનાવ્યા, પાઠશાળાઓ બનાવી. ભ્રમણા છે ભાઈ તારી. બનાવે કોણ પરને? આહા..હા..! ક્યાં ગયો તું? ત્યાં ગયો? બનાવા? અરે..! પ્રભુ! તું કોણ છો? તારી સત્તાનું ક્ષેત્ર છોડીને પરક્ષેત્રમાં જાય છે ઈ? આહા..હા..! કોને કરે ભાઈ! તને ખબર નથી. અહીં તો સ્વક્ષેત્ર શુદ્ધ આનંદકંદમાંથી નીકળીને વિકલ્પ ઉઠાવવો એ પણ પરભાવ છે. આહા..હા..! એને રચું છું અને એ રચવાનું મારું કાર્ય છે. ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આ જ્યારે વિકલ્પને ઓળંગી. હો, વિકલ્પ હોય. મારી ચીજમાં નથી એ ચીજ. સુજાનમલજી! આ પહેલી વાત આ છે. પછી સ્વરૂપમાં સ્થિરતા કરતાં-કરતાં કચાશ રહી જાય તો એને શુભભાવ અશુભથી બચવાનો આવે. ભક્તિ, પૂજા, વિનય. પણ એ બધો પુણ્યભાવ છે. એને પણ ધર્મ માને તો તો મિથ્યાદૃષ્ટિ છે. પુણ્યને સંવર માન્યું. તત્ત્વ ફરી ગયું આખું. આહા..હા..! સંવર તો આનું નામ કહીએ કે વિકલ્પની વૃત્તિઓ છૂટી જઈને સ્વરૂપમાં આસ્રવ વિનાની પરિણતિ પ્રગટ થાય જે સમયસાર શુદ્ધ વિજ્ઞાનઘન. એની દશારૂપ પરિણતિ એનું નામ સંવર અને સમકિત છે. આહા..હા..! ભારે! આ શ્લોકો બનાવ્યા છેને એકેએક.

અહીં તો કહે કે શુભરાગ કર્યો. શુદ્ધ છું, પવિત્ર છું, એવા વિકલ્પ સુધી આવ્યો. એથી શું થયું ભાઈ! એમાં તારું ઘર ક્યાં આવ્યું? આહા..હા..! વીતરાગની વાણીના બાણ જેને

અંદર વાગ્યા. આહા..હા..! એ દુનિયાથી નિરાળો છે. ભલે હજી ગૃહસ્થાશ્રમમાં છ ખંડના રાજ હોય ચક્રવર્તીને. પણ સમકિતી એ રાગમાં પણ નથી અને તેમાં થતો જરી રાગ એ પણ નથી. એ તો જ્ઞાનાનંદ સ્વભાવમાં છે તે ત્યાં છે. આહા..હા..! સમજાણું કાંઈ? અપૂર્વ વાત છેને ભાઈ! પૂર્વે અનંતકાળમાં કોઈ દિ' આ કર્યું જ નથી. એણે માન્યું નથી, જાણ્યું નથી. જાણ્યા ને માન્યા વિના એમાં કેમ ઠરી શકે? આહા..હા..!

**'એક વિજ્ઞાનઘનસ્વભાવરૂપ થઈને...'** સ્વભાવિક થઈને એટલે? વસ્તુ છે તો ત્રિકાળી, પણ પર્યાયમાં, અવસ્થામાં વિકલ્પની વૃત્તિ દૃષ્ટિ છૂટી જઈને જ્ઞાનની એકતારૂપ પર્યાય થાય એને વિજ્ઞાનઘન સ્વભાવ થયો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? સાધારણ માણસને તો વીખી નાખે એવું છે. આવો માર્ગ હોય? અરે..! સાંભળ બાપા! તારી વાતની ખબર નથી એને? ભગવાન! તે બધા માર્ગો શું છે એ બધી ખબર નથી ભગવાનને? કહો, ભીખાભાઈ! આહા..હા..! એ બદ્ધ-અબદ્ધના વિકલ્પોની લાગણી પણ ઓળંગી જઈને. કેમકે એ સ્વરૂપના સંબંધમાં એ ચીજ નથી. એ ચીજથી વિકલ્પથી ચીજ ભિન્ન છે. જેથી એવા વિકલ્પની પણ સ્વરૂપમાં તો નાસ્તિ છે. સમજાય છે કાંઈ? તેથી સ્વસ્વરૂપની અસ્તિ અને રાગની નાસ્તિ. એ રીતે થયો ત્યારે વિજ્ઞાનઘનરૂપી પરિણતિ તેની થઈ એને સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. એ ચોથા ગુણસ્થાનવાળો કહેવાય છે. રાજમલજી! ત્યાં બધા બરાબર-બરાબર કરે છે. કેમ હશે? અરે..! ભગવાન! એકવાર સાંભળતો ખરો. એ તારા ઘરના આંગણે શું ચીજ છે? અને આંગણે આવ્યો વિકલ્પ તોપણ એ ચીજ નહિ તારી એમ કહે છે. આહા..હા..! આ ઝવેરાત છે અને આ ઝવેરાતનો ધંધો અહીં છે. આંગણે ઉભો ઉભો વાત કરી, આંગણેથી અંદરમાં ગયો નથી. આહા..હા..! ભાઈ! માર્ગ તો અપૂર્વ છેને? પૂર્વે નહિ કરેલી ચીજને અપૂર્વ કહીએ. પૂર્વે જે કર્યું હોય એ કરે એ તો અપૂર્વ નથી, એ તો પૂર્વાનુપૂર્વી અનંતકાળથી ચાલ્યું આવે છે ધોકા ચાર ગતિના રખડવાના. આહા..હા..!

**'અતિક્રમ્યો થકો...'** ઓહો..હો..! નિર્વિકલ્પ વસ્તુ જે વિકલ્પ વિનાની, રાગ વિનાની, નિર્વિકલ્પ અભેદ. એક વિજ્ઞાનઘન સ્વભાવ. જ્ઞાનનું પૂતળું પ્રભુ એકલી જ્ઞાનની મૂર્તિ ભગવાન છે. અવિકારી વીતરાગ મૂર્તિ પ્રભુ આત્મા છે. એવા વીતરાગ સ્વભાવમાં એકાગ્ર થયો ત્યારે રાગની એકતા તૂટી ગઈ ત્યારે વીતરાગી પર્યાયની એકતા પ્રગટ થઈ. આહા..હા..! એને સમ્યગ્દર્શન કહે છે, એને સમ્યગ્જ્ઞાન કહે છે. એને સ્વરૂપમાં આચરણની સ્થિરતાનો અંશ કહે છે. સમજાણું કાંઈ? એને મોક્ષનો માર્ગ પરમાત્મા ત્રિલોકનાથ ઈન્દ્રો અને ગણધરોની સમક્ષમાં પરમાત્મા આમ ફરમાવતા હતા. સમજાણું કાંઈ? જ્યાં શક્રેન્દ્ર, સુધર્મદેવલોકનો ઈન્દ્ર અને એની ઈન્દ્રાણી બે અત્યારે એકાવતારી છે. ત્યાંથી છેલ્લો ભવ મનુષ્યનો થઈને મોક્ષ જવાના છે. એ સમવસરણમાં ઈન્દ્રો અને ઈન્દ્રાણીની હાજરી એમાં ભગવાનનું આ ફરમાન હતું. એ ફરમાન આ કહ્યું છે.

સમજાણું કાંઈ? આહા..હા..! ભારે કામ આકરું! બાપુ! હા તો પાડ એકવાર માર્ગ આ છે. હા પાડ તો હાલત થશે, ના પાડ તો નરક અને નિગોદ જશે. સમજાણું કાંઈ? ઓહો..! ચોર્યાસીના અવતાર પડ્યા છે, ભાઈ! મિથ્યાત્વના ભાવમાં ચોર્યાસીના અવતાર થવાના બીજડા છે. અરે..! એક અવતાર પણ સવા નવ મહિના પેટમાં રહ્યો એને મુશ્કેલ પડે. એવા તો અનંતા અવતાર કર્યા. જૈનસાધુ થયો, પંચ મહાવ્રત પાળ્યા. પણ એ તો રાગની ક્રિયા થઈ. સ્વર્ગમાં જાય. એના ફળમાં કષાયના અંગારે શેકાય છે આ. આહા..હા..! ધૂળમાંય સુખ નથી ત્યાં. સ્વર્ગમાં સુખ કેવા? સુખ તો ભગવાન આત્મામાં છે. બહાર નીકળીને જેટલી વૃત્તિઓ થાય એ બધું દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? આ વિકલ્પો થાય એ દુઃખરૂપ છે એમ કહે છે. આહા..હા..! એને ઓળંગી જઈને ભગવાન શાંત મૂર્તિ પ્રભુ અકષાયસ્વભાવ એમાં જ્યાં ઉંડે ત્યારે એની પર્યાયમાં શાંતિ... શાંતિ... શાંતિ... આવે છે. મિથ્યાત્વના અભાવમાં સમકિત થાય, અનંતાનુબંધીના અભાવમાં સ્વરૂપની શાંતિ આવે. આહા..હા..! માણસો તો કાંઈકના કાંઈક કલ્પીને માણસને જિંદગી વીખી નાખી. જિંદગી હોં એને. માર્ગ તો ભગવાનનો છે એ છે. એ કાંઈ વીખાય એવો નથી. પણ કલ્પનાથી બીજું રૂપ આપી અને જિંદગીમાં વહી જાય છે, ભાઈ! મરણને સન્મુખ, દેહ છૂટવાને સન્મુખ જાય છે કાળ બધો. દેહ છૂટવાને સન્મુખ કાળ જાય છે. આ જાણે કે કાંઈક મોટો થાવ છું. ક્યાં મોટો થાય છે ભાઈ! સમજાણું કાંઈ? એ મોટપ તો તારા પ્રભુત્વ આ ગુણમાં પડી છે. તારામાં પરમેશ્વર ગુણ છે એક. આહા..હા..! પ્રભુતા નામનો એક આત્મામાં ગુણ છે. જેમ જ્ઞાન, દર્શન અને આનંદ ગુણ છે એમ પ્રભુતા નામનો એક ગુણ છે. તેવી પ્રભુતાને પહોંચતા હોં પર્યાયમાં પણ પ્રભુતાનો અંશ પ્રગટ થાય છે કહે છે. એને પામરતા રહેતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**એક વિજ્ઞાનઘનસ્વભાવરૂપ થઈને...**' એટલે શું? એટલે જ્ઞાનમાં એ વિકલ્પ ઉઠતાં એ અસ્થિર હતું એ જ્ઞાન અંદર સ્થિર થયું. જે જેના ઘરની ચીજ છે તેમાં સ્થિર થયું. '**ત્યાં (વિશેષ સમજાવવામાં આવે છે કે)—**' એ વાત તો ગાથામાં શબ્દાર્થનો ભાવ કહ્યો. હવે એને સ્પષ્ટીકરણ વધારે કરે છે. '**જે 'જીવમાં કર્મ બદ્ધ છે' એમ વિકલ્પ કરે છે...**' કરે છે એમ જોયું! હું કર્મના સંબંધવાળો છું. પરદ્રવ્યના, કર્મ તો પરદ્રવ્ય છે, અજીવતત્ત્વ છે, હું તો જીવતત્ત્વ છું. જીવ અને અજીવનો સંબંધ છે એવો જે વિકલ્પ ઉઠાવવો. એ વિકલ્પ કરે છે '**તે 'જીવમાં કર્મ અબદ્ધ છે' એવા એક પક્ષને અતિક્રમતો હોવા છતાં વિકલ્પને અતિક્રમતો નથી,...**' એ અબદ્ધ છું એવો ભલે વિકલ્પ ત્યાં નથી કહે છે, પણ બદ્ધ છું એવો એક રાગ છે એ અબદ્ધના વિકલ્પથી ઓળંગ્યો છતાં આ વિકલ્પને ઓળંગતો નથી. આહા..હા..! ભાઈ! કર્મે મારી નાખ્યા. 'કર્મે રાજા કર્મે રંક કર્મે વાળ્યો આડો અંક.' આ સ્થાનકવાસીમાં બોલે. .. બોલે સાધુ બોલેને. આવા એના વ્યાખ્યાન. એય..!

કર્મ તો જડ છે, એ તો અજીવ તત્ત્વ છે. એ જીવને અડતું પણ નથી. જીવમાં તો એની નાસ્તિ છે. જીવના જીવસ્વભાવમાં અસ્તિ છે અને અજીવસ્વભાવની નાસ્તિ છે. સ્વઅસ્તિ છે કે નહિ? સ્વપણે અસ્તિ અને પરપણે નાસ્તિ એટલે કર્મથી તો નાસ્તિ છે. ભારે પણ! જૈનમાં તો કર્મની જ વાતું બધી. કર્મે હેરાન કર્યા અને કર્મે મારી નાખ્યા, કર્મે આ કર્યાને. અરે..! આવા. ઓલા બીજા કહે ઈશ્વરે મારી નાખ્યા અને ઈશ્વરે ઉગાર્યા. ત્યારે જૈનમાં વળી કર્મ ઈશ્વર થઈ ગયો મારો. એ જડ, ઓલાને ચૈતન્ય. કહો, પોપટભાઈ! ભાગ્યમાં હોય તો થાય. ધર્મ ભાગ્યમાં હોય તો થાતો હશે? આહા..હા..!

મુમુક્ષુ :- ઘરમાં .. આવે..

ઉત્તર :- .. એ એના ઘરમાં. એ તો જડની પર્યાય જડમાં રહી. એમાં આત્માને શું? આહા..હા..! આકરી વાતું ભારે!

કહે છે કર્મ બદ્ધ છે એમ વિકલ્પ કરનાર કર્મ અબદ્ધ છે એવા એક પક્ષને છોડે છે. છતાં રાગને તો છોડતો નથી. **'અને જે 'જીવમાં કર્મ અબદ્ધ છે' એમ વિકલ્પ કરે છે તે પણ 'જીવમાં કર્મ બદ્ધ છે' એવા એક પક્ષને અતિક્રમતો હોવા છતાં...'** બદ્ધ છે એવા વિકલ્પને ભલે છોડ્યો. કર્મ અને મારે કાંઈ સંબંધ નથી. પણ હું અબદ્ધ છું એવા વિકલ્પને છોડતો નથી. આહા..હા..! એ રાગ છે. એ વિકાર છે, એ વિભાવ છે, એ મેલ છે. આહા..હા..! એક પક્ષને અતિક્રમતો હોવા છતાં અબદ્ધના વિકલ્પને છોડતો નથી. બેની વાત પાઠમાં છે.

ત્રીજી વાત કરી હવે આમાં. પાઠમાં બે છે. ટીકામાં એનું સ્પષ્ટીકરણ કરતા **'વળી જે 'જીવમાં કર્મ બદ્ધ છે અને અબદ્ધ પણ છે'...'** બેય છે ભાઈ! બદ્ધ પણ છે અને અબદ્ધ પણ છે. એ અનેકાંત. એમ વિકલ્પ કરે છે. કહો, વસ્તુ છે અબદ્ધ તો દૃષ્ટિ થતાં એને સમ્યગ્દર્શન થાય, પણ અબદ્ધ છું એવા વિકલ્પના પક્ષમાં ઉભો છે એ. સમજાણું કાંઈ? એ તો અબદ્ધ છું એ તો ૧૪-૧૫મી ગાથામાં આવી ગયું છે કે જે કોઈ ભગવાન આત્માને અબદ્ધસ્પૃષ્ટ અનેરી-અનેરી પર્યાય રહિત સામાન્યપણે રાગ-દ્વેષ સંયોગ રહિત એવા આત્માને અંદર જે દેખે એણે જૈનશાસન આખું દેખ્યું. એ ૧૫મી ગાથા. **'पस्सदि जिणसासणं सव्वं'**

**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं।**
**अविसेसमसंजुत्तं तं सुद्धणयं वियाणीहि।।१४।।**

**'पस्सदि जिणसासणं सव्वं'** આખું જૈનદર્શન એણે જોયું હોય તે આત્મા અબદ્ધસ્પૃષ્ટ અને નિર્મળાનંદ પ્રભુ એવો શુદ્ધ ઉપયોગ થયો એ જૈનશાસન થયું. જૈનશાસન પર્યાય છે. એ દ્રવ્ય-ગુણ નથી. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળી અવિનાશી ધ્રુવ છે. જે સમયસાર થયો એ જૈનશાસન છે. પર્યાયમાં શુદ્ધ ઉપયોગની રમણતા જે પુણ્ય-પાપના વિકલ્પની રમણતા છૂટી ત્યારે શુદ્ધ

સ્વભાવ ધ્રુવમાં રમણતા થઈ એ શુદ્ધ ઉપયોગ છે. એ શુદ્ધ ઉપયોગી વીતરાગી પર્યાય છે. એ જૈનશાસન છે. આહા..હા..! સમજાણું કાંઈ? જૈનશાસન કાંઈ આત્માની પર્યાયને છોડીને કાંઈ બહાર રહેતું નથી. આહા..હા..! એમ એના અનંતા ગુણો દ્રવ્યને છોડીને બહાર રહેતા નથી. કહો, ચેતનજી! આ તો શુદ્ધ ઉપયોગ પર્યાય જૈનશાસન કીધી. પર્યાયને જૈનશાસન કીધું.

મુમુક્ષુ :- ત્યાં તો ધ્રુવ સાબિત થયું.

ઉત્તર :- સાબિત થયું. ત્યારે તો સાબિત થયું કે આ. આહા..હા..! જ્યારે વિકલ્પ ટૂટીને નિર્વિકલ્પ દૃષ્ટિ થઈ તો એ વીતરાગ શુદ્ધ ઉપયોગ થયો. ત્યારે આ આત્મા જે ધ્યેય છે એ તો આત્માનું યથાર્થ ધ્યેય થઈ ગયું એને કે આ છે આવો આત્મા. આહા..હા..!

'**તે બન્ને પક્ષને નહિ અતિક્રમતો થકો, વિકલ્પને અતિક્રમતો નથી.**' લ્યો! બંને પક્ષને નહિ અતિક્રમતો થકો એમ. બદ્ધ-અબદ્ધ બેયને લક્ષમાં રાખે છે. એ પણ વિકલ્પને છોડતો નથી. '**તેથી જે સમસ્ત નયપક્ષને અતિક્રમે છે તે જ સમસ્ત વિકલ્પને અતિક્રમે છે; જે સમસ્ત વિકલ્પને અતિક્રમે છે તે જ સમયસારને પ્રાપ્ત કરે છે...**' તે અનુભવમાં આનંદનો અનુભવ એને આવે છે. રાગનો, વિકલ્પનો છોડીને આનંદમાં જાય છે ત્યારે એની પર્યાયમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે ત્યારે એણે આત્મા જાણ્યો અને એણે માન્યો ત્યારે કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર સુદ-૭, મંગળવાર, તા. ૧૨-૧૨-૧૯૭૨
## ગાથા- ૧૪૨, કળશ-૬૯, પ્રવચન-૨૫૦

એનો ભાવાર્થ. સૂક્ષ્મ વિષય છે. આ આત્મા છે આત્મા એને કેમ પ્રાપ્ત થાય? એમાં એ આત્મા પ્રાપ્ત નથી અનાદિથી. ... શાસ્ત્રમાં પણ એમ આવ્યુંને. ત્યાં સુધી તો આવ્યું. પણ આત્મતત્ત્વ મૂળ વસ્તુ જે ધ્રુવ છે એને એણે દૃષ્ટિમાં લીધી નથી. પણ વસ્તુ છેને.

એક સમયની પર્યાય પલટતો વિચાર છે એ કાંઈ એટલી ચીજ છે ઈ? તેમ રાગ થાય પુણ્યનો, પાપનો ભાવ એ તો કાંઈ વસ્તુમાં છે જ નહિ. એ તો પરદ્રવ્ય તરીકે કહ્યું છે એને. એમ પલટતી અવસ્થાને પણ એક ન્યાયે સ્વના દ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય કહ્યું છે. આહા..હા..! આખી ચીજ જે છે એને કેમ પમાય એના નયના પક્ષથી રહિત થાય તો પમાય એમ કહે છે. એ શું કે આ રાગથી લાભ થાય, વ્યવહાર કરતા લાભ થાય એ તો દૃષ્ટિ છોડી દે. પણ આ આત્મા કર્મથી બંધાયેલ છે એવો જે નિમિત્તનો સંબંધ છે આમ. એ પણ એક વ્યવહારનયના વિકલ્પમાં રાગનો પક્ષ, અટકતો પક્ષ છે. અને નથી બંધાયું. ઓલામાં અબંધ લીધું. તો અહીંયાં આમ લીધું પાછું નકારથી. ઓલો બંધ છે, નથી ઓલા નિશ્ચયનો વિષય છેને એ તો? નથી બંધાયો એમાં અબદ્ધ છું એમ લીધું. આત્મા વસ્તુ છે એ બંધાયેલો નથી. સ્વવસ્તુની અપેક્ષાએ બંધન એને હોય જ નહિ. એવો પણ એક નયનો પક્ષ છે. એમાં જ્ઞાનના અંશને રાગમાં રોકીને આ હું છું, આવો છું, આવો છું. આહા..હા..!

**'તેમાંથી કોઈએ બંધપક્ષ પકડ્યો,...'** બંધ છે... બંધ છે... બંધ છે... ભાઈ છે તો શું પણ હવે સાંભળને. બંધ છે એ તો સંબંધ છે નિમિત્તનો. એટલું જ્ઞાન કરાવવા વાત છે. વ્યવહારનયનું જ્ઞાન હોં ઈ. આહા..હા..! **'તથા 'નથી બંધાયો'...'** એવા બંને પક્ષ જેણે પકડ્યા **'તેણે વિકલ્પ જ ગ્રહણ કર્યો;...'** આહા..હા..! જુઓને બહુ જ. જેને શરીરની ક્રિયા હું કરું, વાણીને કરું, બીજાનું ભલું કરી દઉં. એ વાત તો ઘણી દૂર રહી ગઈ. કેમકે એ કરી શકતો નથી. પણ એમાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ થાય એ પણ એક શુભરાગ છે. એ કાંઈ ધર્મનું કારણ અને આત્માની પ્રાપ્તિનું કારણ એ નથી. આહા..હા..! પણ ભગવાન આત્મા એની પર્યાયબુદ્ધિમાં બંધાયો દેખાય, દ્રવ્યબુદ્ધિએ બંધાયો (નથી) એવા જે વિકલ્પ નામ રાગના બે પક્ષ છે ત્યાં સુધી એને આત્માની પ્રાપ્તિ નથી. આહા..હા..! ત્યાં સુધી એને ધર્મની પ્રાપ્તિ નથી. આહા..હા..! આકરું કામ જગતને. અભ્યાસ નહિ આ ચીજ પોતે મહાપ્રભુ છે. ભગવાન સ્વરૂપ જ એનું છે. એવા ભગવાનને અંદર ભજવો એ કહે છે કે આ વિકલ્પને પક્ષને છોડવો ત્યારે એની વસ્તુ ઉપર દૃષ્ટિ જતાં. દૃષ્ટિ પર્યાય છે પણ (દ્રવ્ય) ઉપર જાય છે, પણ એ વસ્તુ ઉપર દૃષ્ટિ જતાં સ્વભાવની પર્યાયમાં એકતા થતાં રાગની એકતા ટૂટી જતાં ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે.

મુમુક્ષુ :- રાગની એકતા ક્યારે ટૂટે?

ઉત્તર :- આ કીધુંને અન્ય દ્રવ્ય સ્વભાવમાં પર્યાયને વાળવી. ભાષા તો શું થાય? ધ્રુવમાં સ્થાપવી અંદર. આ પર્યાય છે એને સ્થાપું છું એમ પણ નહિ. ભેદ પડી જાય છે, પણ આમ વળવું જે આમ છે. નિમિત્ત ઉપર, રાગ ઉપર, અંશ ઉપર એને અંતરના વલણમાં ધ્રુવ તરફ સ્થાપવું ત્યારે તેને ધ્રુવની એકતા થાય છે. આવું છે. હસમુખભાઈ! ઓલા રૂપિયા-

બુપિયામાં થયું એવું આ નથી. આ ..પુણ્યનું હોયને એને લઈને આવે દેખાય. દેખાય છેને. ત્યાં ક્યાં ગરી ગયા છે અંદર? આહા..હા..! ચક્રવર્તી મોટા છ ખંડના રાજા. જેને ઘરે છ ખંડ. સોળ હજાર તો દેવ તહેનાતમાં. છન્નું હજાર જેને ઘરે પદ્મણી જેવી સ્ત્રીઓ અને જેના હીરા અને રતનના તો ઢોલિયા સૂવાના. એક-એક રત્નની કરોડની કિંમત. એવા ઢોલિયામાં સૂતો ચક્રવર્તી, બ્રહ્મદત્ત નરકે ગયો સાતમી. સમજાણું કાંઈ? કેમકે વસ્તુની ખબર ન મળે અને એ ચીજો મારી છે અને એનો હું છું. એમ ભુલવણીમાં ઝુલામાં પડ્યો, પાપની તીવ્રતા એટલી વધી કે પાણીમાં લોઢાનો ગોળો ઉપર મૂકે અને નીચે તળીયે જાય. એમ તહેનાતમાં દેવો હોય એવા. આહા..હા..! શું પણ ઈ ચીજ ક્યાં છે? એ તો એની ક્યાં છે? એ તો પર છે.

મુમુક્ષુ :- હતા ક્યા એના?

ઉત્તર :- એના હતા કે દિ'? અને એમાં આવ્યા છે કે દિ'? એ સ્ત્રી સ્ત્રી કરતો. સ્ત્રી હોય છેને જેને એક હજાર તો દેવ સેવા કરે. શું કહેવાય? સ્ત્રીરત્ન. સ્ત્રીરત્ન. અને એવી તો છન્નું હજાર સ્ત્રી. આ સૌથી મોટી તો એની હજાર દેવ સેવા કરે. આહા..હા..! પણ એની દૃષ્ટિ ત્યાં પરમાં, સુખબુદ્ધિમાં રોકાયેલો મિથ્યાત્વના ઘૂંટણમાં સાતસો વર્ષ રહ્યો, પણ એક-એક મિનિટમાં અનેક પલ્યોપમના દુઃખમાં સાતમી નરકે ગયો. એક મિનિટમાં અનેક પલ્યોપમ, એક પલ્યમાં અસંખ્ય અબજ.

મુમુક્ષુ :- આટલો મોટો દંડ?

ઉત્તર :- દંડ એવો નથી. એટલો એણે અપરાધ કર્યો જ છે. આહા..હા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ એનો અનાદર કરી પોતે રાગ અને પુણ્યના પરિણામ, પાપના પરિણામને એમાં ઠર્યો. જે ક્ષણિક અને નાશવાન એનો આદર તીવ્ર-જોરથી કર્યો. એ એની ચીજ નથી, એનામાં નથી, એમાં એ નથી એને પોતાની માનીને રાગનું તીવ જોર કર્યું. મિથ્યાત્વને ઘૂંટ્યું મહા સંસારનું બીજ જે મિથ્યાત્વ. એને ઘૂંટીને આ મરતા સાતમી નરકે. એક મિનિટની (સામે) અસંખ્ય અબજ વર્ષનું દુઃખ ત્યાં. એટલી અનાદર દશા કરેલી ચૈતન્યની અને જે ચીજ એની નહોતી એના આદરમાં એટલો ઘૂંટાઈ ગયો તો એના ફળમાં આ મળ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, સમજાણું? હવે અત્યારે તો એવું રાજ પણ ક્યાં છે અને ધૂળ પણ ક્યાં છે? સમજાણું કાંઈ?

ભગવાન આનંદની મૂર્તિ પ્રભુ મહા જેની સત્તા અને હોવાપણું સર્વજ્ઞ તીર્થંકરદેવે જેને સ્વીકાર્યો અને જગતને જણાવ્યો. એવા તત્ત્વનો જેને આદર નથી. અહીંયાં તો કહે છે કે એને બદ્ધ-અબદ્ધને આંગણે ઉભો, બીજી ચીજ મારી એ તો ક્યાંય ગઈ. પણ ફક્ત કર્મનો સંબંધવાળો હું છું એવી જે પર્યાયનો વ્યવહારનયનો વિષય. એનો પણ એને વિકલ્પ ઉઠ્યો

છે રાગ. એ અનંતાનુબંધીનો રાગ છે. આહા..હા..! ઝીણી વાત. અને હું અબદ્ધ છું. એવી જે વૃત્તિ ઉઠી વિકલ્પ એ પણ અનંત-અનંત ગુણનો સાગર ભગવાન એનો વિરોધી, વિકલ્પ એ અનંતાનુબંધીનો રાગ છે. સમજાણું કાંઈ? અનંત એવો જે મિથ્યાત્વભાવ એના સંબંધમાં જોડાણ કરનારો ભાવ ભગવાન આત્માના આનંદનું જોડાણ છૂટી જઈને. છૂટેલું જ છે અનાદિનું. સમજાણું કાંઈ? માર્ગ એવો છે, ભાઈ!

કહે છે એ '**બંધપક્ષ પકડ્યો, તેણે પણ વિકલ્પ જ ગ્રહણ કર્યો;...**' એણે વિકારના ભાવનો આદર અને ગ્રહણ કર્યો. ભગવાન નિર્વિકારી પરમાનંદની મૂર્તિ પ્રભુ, પરમાત્માનો એ પરમાત્મા. એટલે? પરમાત્મા તો એક સમયની સિદ્ધની દશાવાળો છે. એવા તો અનંત પરમાત્માનું સ્વરૂપ જેના અંતરમાં પડ્યું છે. એનો અનાદર કરી અને જેણે આવા રાગને પકડ્યો મિથ્યાદષ્ટિ છે એ તો. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? આત્માના સ્વભાવ સિવાય જેટલી પરપદાર્થમાં હોંશ અને પ્રસન્નતા વર્તે એ આત્માની શાંતિનું ખૂન કરનાર છે. એવો મહાપ્રભુ એનો એ અનાદર કરે છે. અને ક્ષણિક એવી ચીજો અને ક્ષણિક એવા સંયોગો એમાં એની ઉત્સાહદષ્ટિથી પ્રસન્નતા વર્તે છે. એ સંસાર છે. એ અનંતાનુબંધીનો કષાય અને મિથ્યાત્વ સાથે છે. સમજાય છે કાંઈ?

'**કોઈએ અબંધપક્ષ પકડ્યો,...**' ત્યાં અબંધ પાછું લીધું. ઓલું બંધ નથી એમ કીધું હતું. '**તેણે પણ વિકલ્પ જ ગ્રહણ કર્યો;...**' હું આમ શુદ્ધ છું, અભેદ છું, અબંધ છું, પણ એ એને આંગણે ઉભો, રાગના પક્ષને પકડીને ઉભો છે. એણે અંતરમાં જવાનો અવકાશ નથી.

મુમુક્ષુ :- આંગણે આવ્યો હોય એને તો અવકાશ હોય જ તે.

ઉત્તર :- અવકાશ અહીં આંગણું એટલે? નજીક આવ્યો એટલું. નજીક એટલે? એના વિચારમાં નહિ એમ. બહારમાં આઘા હતા એના કરતા આ વિચારમાં આવ્યો. એના આંગણે ઉભો-ઉભો આવો વિકલ્પ કરે છે. પર્યાય એના આંગણે. પણ અંતર ભગવાન પૂર્ણાનંદ પ્રભુ અનંત આનંદનો સાહેબો જેની વાતું કરતા તીર્થંકર પૂર્ણ કહી શક્યા નહિ એવો જે આત્મા ભગવાન પોતે નિજાનંદ પરમાત્મસ્વરૂપ. આહા..હા..! કહે છે એને છોડીને વિકલ્પ જ ગ્રહણ કર્યો. એમ કહેને પાછા? એ રાગને જ પકડીને ઉભો છે મારો. એમ કહે છે. આહા..હા..! વાતું બાપા આ તો ઠેઠની છેને. મૂળ વાત છે આ, ભાઈ!

'**અને કોઈએ બન્ને પક્ષ પકડ્યા,...**' ટીકામાં હતા ખરાને. '**તેણે પણ પક્ષરૂપ વિકલ્પનું જ ગ્રહણ કર્યું.**' કે જે રાગ આકુળતા છે. જે રાગ કષાયનો ભાવ છે. આહા..હા..! અને '**પરંતુ એવા વિકલ્પોને છોડી...**' ત્યારે હવે કેમ છોડવું? એય..! દિલીપ! કાલે પૂછતો હતો એ. આમ અંતર સ્વરૂપનું માહાત્મ્ય આવતા. ઓહો..હો..! આ ચીજ શું છે? જેનો

પર્યાયે પાર ન પડે. એ પર્યાય એને અડે નહિ અને પર્યાયમાં એવડો આખો આત્મા આવે નહિ. આહા..હા..! એકલો અતીન્દ્રિય આનંદનો રસકંદ, સત્ત્વ, સત્ ચૈતન્યનું સત્ત્વ એકલું અતીન્દ્રિય આનંદનો રસકંદ પ્રભુ પૂર્ણ. એ જેને અંદર પકડ્યો એ '**કોઈ પણ પક્ષ ન પકડે તે જ શુદ્ધ પદાર્થનું સ્વરૂપ જાણી...**' એના ખ્યાલમાં પહેલું આવવું જોઈએ કે આ વિકલ્પથી જે કહું છું. એને પકડું છું. એની ચીજ તો જુદી છે આ. જ્ઞાનમાં પહેલા આમ કહેને વિકલ્પ દ્વારા આવા નિર્ણય કરે છે. વિકલ્પ દ્વારા આવા નિર્ણય કરે છે એ વિકલ્પથી પાર છે. એવો નિર્ણય કરીને પણ વિકલ્પથી છોડે ત્યારે એનો લાભ થાય. સમજાય છે કાંઈ? આહા..હા..!

એ ભગવાન આત્મા પણ એને વાત ઈ છે કે અંશની રમતમાં અનાદિથી રમ્યો મારો. એક સમયના ઉત્પાદ-વ્યયની પર્યાયમાં જ રમ્યો છે એ. એથી આ શું ચીજ છે અંદર? મહાપ્રભુ ધ્રુવ. એના લક્ષમાં આવતી જ નથી. સુજાનમલજી! આહા..હા..! કહે છે '**તે જ શુદ્ધ પદાર્થનું સ્વરૂપ જાણી તે-રૂપ સમયસારને—શુદ્ધાત્માને—પામે છે.**' એ શુદ્ધ સ્વરૂપ પવિત્ર આનંદમૂર્તિ પ્રભુ. જેના અતીન્દ્રિય આનંદના એક સમયનો ક્ષણિક પર્યાયનો આનંદ. જે આનંદની આગળ ઈન્દ્રના ઈન્દ્રાસનો જેને ૬૪-૬૪ હજાર દેવો જેની તહેનાતમાં. ૮૪ હજાર દેવો. ૬૪ શું? ૮૪ હજાર દેવો આમ તહેનાતમાં. ખમ્મા અન્નદાતા. અંગના રક્ષકો. ચોર્યાસી હજાર જેના અંગના રક્ષકો. એ પણ દુઃખી છે એમ જ્ઞાનીને ભાસે. સમજાણું કાંઈ? આહા..હા..! એ બધા ઝેરના પ્યાલા પીવે છે એમ ભાસે છે. દુનિયા કહે કે સુખી છે. એ ઝેર પીવે છે, રાગના ઝેર પીવે છે. ભગવાન આત્મા એ વિકલ્પની વૃત્તિઓથી છૂટીને... એ તો અલૌકિક પુરુષાર્થ છે ભાઈ! એટલે છૂટીને જ કહેને? બીજું કહેવાય શું? આમ જા. અંદરમાં જા તો એ વિકલ્પ છૂટી જશે. તું વિકલ્પ છોડ અને અહીં જા એમ ઉપદેશમાં તો એમ જ આવે. આહા..હા..! એ છોડીને અંદર પામે. સમયસારને પામે. સમયસાર એટલે શુદ્ધાત્મા. પવિત્ર આત્મા. આહા..હા..! જેને સંયોગ જોવા નથી, જેને રાગ જોવો નથી, જેને એક સમયની પર્યાય જોવા રોકાણો નથી. ભગવાનનો દરબાર પૂર્ણાનંદનો પ્રભુ પોતે છે. ત્યાં પેઠો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

અરે..! ભાઈ! કેમ બને? આ વસ્તુ છેને ભાઈ! પદાર્થ છે કે નહિ? એક જેમ રજકણ વસ્તુ છે, જેમ આકાશ નામનો પદાર્થ વસ્તુ છે. આવે છેને એ આત્મવસ્તુ છે. આકાશ નામનો એક પદાર્થ છે એવો એ પદાર્થ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમ આકાશ સર્વવ્યાપક છે અને આ શરીરમાં રહેલો શરીર વ્યાપક, શરીરથી ભિન્ન. એટલે એને ક્ષેત્રની મોટાઈની કાંઈ જરૂર નથી. એવો સ્વભાવ એનો એવો સ્વભાવ. એક રજકણમાં, ક્ષેત્રમાં રહેલો પરમાણુ, એક પરમાણુ એક પ્રદેશરૂપે. ક્ષેત્રનો પણ એમાં અનંત-અનંત વર્ણ, ગંધ, રસ, સ્પર્શનો ગુણ

પડ્યો છે. એ ગુણની પર્યાયમાં ભલે અનંતગુણની લીલી, ધોળી એ પર્યાય થાય, પણ એનો ગુણ જે રંગ છે એ તો અપરિમિત સ્વભાવ છે. એમ ન જો કે આટલો છે એમ ન જો. એમાં આ ભાવ છે એમ જો. સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા એકાગ્ર તો અહીં એટલામાં થાવું છેને? કે આમ થાવું છે? તો એટલામાં છે પણ એટલામાં છે એ મહાપ્રભુ મોટો છે. સમજાણું કાંઈ? જેનો જ્ઞાનસ્વભાવ અસંખ્ય પ્રદેશમાં વ્યાપેલો છે. ઓલો એક તો રજકણ તો રંગ એના એક પ્રદેશમાં વ્યાપ્યો છે. રજકણનો. પર્યાય નહિ એની. પર્યાય ભિન્ન રહી ગઈ. એનો રંગ સ્વભાવ, ગંધ સ્વભાવ, વર્ણ સ્વભાવ એવા અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ આદિ અનંત બેહદ શક્તિઓ એ સ્વભાવનું સ્વરૂપ આખું સ્વભાવસ્વરૂપ છે. એનું ધ્રુવ સ્વરૂપ છે પરમાણુનું. આહા..હા..! એને પણ જાણનારી જ્ઞાનની પર્યાય છે. એ તો પરમાણુને ખબર નથી અને પરમાણુ કોઈ દિ' બીજાને જણાવે છે? એ તો જાણનારો જાણે ત્યારે ક્રમે એવી થાય છે. આહા..હા..!

કહે છે, ભાઈ! આ તો શાંતિના રેલા છે ભાઈ! દુનિયાને તો દેખાડવું છે એ ચીજ નથી. સમજાણું કાંઈ? અને પોતે ચીજ છે એ ચીજને પામેલો કોઈ જાણે તો તેની કિંમત છે અને બીજો એને ન જાણે અને ઓળખે નહિ માટે એની કિંમત વઈ જાય છે. એમ કાંઈ છે? આહા..હા..! ભાઈએ દાખલો નથી આપ્યો? નિહાલભાઈએ કે જંગલમાં એક ફૂલ છે. એની ગંધની કિંમત કોઈ સુંઘે તો કિંમત છે? અને ન સુંઘે તો એ ગંધની કિંમત વઈ ગઈ છે? તેમ દુનિયા એને કહે કે વાહ તમે કહો એ ધર્મ છે એમ છે? દુનિયા કહે કે વાહ! વાહ! અને દુનિયા ન ઓળખે એથી એનો ધર્મનો ભાવ જે કિંમતી છે એ ચાલ્યો જાય છે? આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આવી ચીજું છે, સુમનભાઈ! બહુ .. ભારે પણ. આહા..હા..!

કહે છે કે એ વિકલ્પની વૃત્તિઓ જે રાગ છે એના ઉપરથી ઉઠાવે છે. અહીંયાં મહાપ્રભુની જ્યાં .. પોષાણ થાય છે એટલે અહીંથી (રાગથી) રુચિ ઉઠી જાય છે. અને મહાચૈતન્યના આનંદમાં જેની રુચિ પ્રસરી જાય છે. ત્યારે એ શુદ્ધાત્માને પામે છે. આહા..હા..! આ તો મૂળ રકમની વાત છે. સમજાણું કાંઈ? આવો માર્ગ છે. જ્યાં ઇન્દ્રિયો કામ ન કરે, જ્યાં વિકલ્પ કામ ન કરે, જ્યાં આત્માનું કામ થાય એને આત્મા પ્રાપ્ત થયો એમ કહેવાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ દુનિયાને એ વાત બેસે, ન બેસે. એને તો (સ્વતંત્ર છે) આહા..! ઘણા માણસો એને માને તો એની કિંમત કહેવાય. એવું કાંઈ નથી. સમજાણું કાંઈ? જે ચીજ છે અંદર વસ્તુ એને જે પર્યાય પહોંચી વળી. જે પર્યાય અવસ્થા રાગને પહોંચીને એકતા પામતી હતી એ પર્યાય દ્રવ્યને પહોંચી વળી એણે આત્માને પ્રાપ્ત કર્યો. આવું તે સ્વરૂપ કેવું! ઓલું ઇચ્છામી પડિક્કમણું ઇરિયા ... તસ્સઉતરી કરણેણં .. જાવ થઈ ગયું

સામાયિક. આહા..હા..! બાપુ! એ સામાયિક નહિ, ભાઈ! સામાયિક તો જેણે આ વિકલ્પ જે હું આવો છું અને તેવો છું એવી વૃત્તિ તૂટી જઈને વીતરાગ સ્વરૂપે સમતાનો સાગર પ્રભુ છે. એમાં લપેટ થઈ જાય ત્યારે તેને વીતરાગી પર્યાય પ્રાપ્ત થાય તેને સામાયિક કહે છે. આ સમ્યગ્દર્શન સામાયિક છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન(ની) સામાયિક અને પછી ચારિત્રની સામાયિક.

દૃષ્ટિમાં અંદર પ્રસરતા વસ્તુ આ છે એમ જ્યાં અનુભવમાં આવી. તો કહે છે કે એ સમ્યગ્દર્શનરૂપી સામાયિક એને પ્રગટી. વિષમભાવ છૂટીને, મિથ્યાત્વ વિષમભાવ હતો. સમ્યગ્દર્શન સમભાવ છે. અને જેવી ચીજ છે એવી જ્યાં દૃષ્ટિ થઈ એટલે પ્રશસ્ત દૃષ્ટિ, સમ્યગ્દૃષ્ટિ, પ્રશસ્ત દૃષ્ટિ, સત્ય દૃષ્ટિ થઈ. ભારે ભાઈ આવું! આવું તો સાંભળ્યું પણ નહિ હોય હસમુખભાઈ! ધંધા આડે નવરાશ ક્યાં છે તે સાંભળવા.. આ તો આ જરી .. આવ્યું ઠીક થયું. આહા..હા..! ભાઈ! અહીં તો રળવાનો રસ્તો આ છે. બાકી ખોટના રસ્તા છે બધા, ભાઈ! તારે ઘરે આંગણે રાગના વિકલ્પમાં ઉભો છો એ ખોટના રસ્તા છે કહે છે.

‘**નયપક્ષ પકડવો તે રાગ છે,...**’ ગજબ વાત છે. દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ તો રાગ છે. એ તો સ્થૂળ વાત છે. એનાથી ધર્મ થાય અને આત્માને પમાય એ તો ત્રણ કાળમાં નથી. પણ આ અબદ્ધ છું અને બદ્ધ છું એવા વિકલ્પનો ભાવ એ પણ રાગ છે. એ આકુળતા છે. ‘**તેથી સમસ્ત નયપક્ષને છોડવાથી વીતરાગ સમયસાર થવાય છે.**’ જુઓ તો ખરા. ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ, વીતરાગ સ્વરૂપ અકષાયસ્વરૂપી એને આ વિકલ્પને આ આવો છું ને તેવો છું એવો વૃત્તિનું ઉત્થાન જે હતું તે આકુળતા હતી. એને છોડીને અંતરમાં દૃષ્ટિ કરતાં વીતરાગ સમયસાર થવાય. જુઓ, સમ્યગ્દર્શન. આહા..હા..! આ સમ્યગ્દર્શનની વ્યાખ્યા છે. ૧૪૪માં કહેશે આનું નામ સમ્યગ્દર્શન આનું નામ. ૧૪૪માં. ઓહો..હો..! .. ત્યારે પડે એને. સમજાણું કાંઈ? કાંતિભાઈ!

એ રાગની ક્રિયા વિનાનો નયપક્ષ છોડીને વસ્તુ વીતરાગ મૂર્તિ છે, અકષાયસ્વભાવ સત્ત્વ છે. એને પ્રાપ્ત કરતા પર્યાયમાં વીતરાગ સમયસાર થવાય છે. વીતરાગ સમયસાર થવાય છે. આહા..હા..! સુમનભાઈ! આમાં ક્યાં તમારે ઓલામાં એય..! શું કહેવાય તમારે? .. આ પૈસા પેદા થયા અને આ થયું ને ઢીંકણું થયું. .. કહે છે. આહા..હા..! અહીં તો કહે છે કે અંદર વસ્તુ છે એને આવો છું ને તેવો છું એવા વિકલ્પ દ્વારા એને ઘૂંટવો એ ખોટના ધંધા છે. આહા..હા..! ચૈતન્ય મહાપ્રભુ વીતરાગ સમયસાર સ્વરૂપ ત્રિકાળ છે. એને અંદરમાં વિકલ્પ છોડીને દ્રવ્યમાં પર્યાયને સ્થાપવી. વીતરાગ સમયસાર પર્યાયમાં થવાય છે. પર્યાયમાં વીતરાગ સમયસાર થવાય છે. આહા..હા..! .. નહોતું આવ્યું? પંડિતજીએ તો.. એ પર્યાય છે. સમયસાર છે. આમાં. આ ..માં. ... પણ તે દિ' પંડિત લોકો કહે પર્યાય છે? ...

પર્યાય નામ શું? અહીં કહે છે...

મુમુક્ષુ :- .. પડિમાને એ સાંભળ્યું હોય.

ઉત્તર :- એ સાંભળ્યું હોય. આ પર્યાય આવી કહે છે.

અહીં કહે છે કે વસ્તુ ભગવાન પૂર્ણાનંદ નિર્વિકલ્પ ચીજ છે એમાં આ આવો છું અને તેવો છું, બંધરહિત અને બંધસહિત. .. એના ૨૩ શ્લોક લેશે. ૨૩. એવા વિકલ્પની વૃત્તિઓ રાગ છે. એ રાગ તે દુઃખરૂપ છે. કષાયભાવ છે. રાગદાહ આવેને? 'રાગ આગ દહે સદા' રાગરૂપી દાહ અગ્નિ સદા દહે છે. એ શુભ અને અશુભ રાગ અગ્નિ છે. આહા..હા..! દાહ છે. સમજાણું કાંઈ? એને છોડીને અંતર સ્વરૂપની દૃષ્ટિ કરતાં વીતરાગ, રાગ વિનાનો સમયસાર પરિણતિમાં થઈ જાય છે. કહો, સમજાણું કાંઈ? એનું નામ સમ્યગ્દર્શન અને એનું નામ ધર્મ છે. ત્યાંથી ધર્મની શરૂઆત થાય છે. એ સિવાય હરામ ધર્મ હોય તો. લાખ પૂજા કરે ને ભક્તિ કરે ને જાત્રા કરે ને શાસ્ત્ર વાંચે. એને સંભળાવે જગતને. એ બધા શુભ વિકલ્પ અને રાગ છે. એ ધર્મ નથી અને એ ધર્મનું કારણ પણ નથી. અબદ્ધ છું, બદ્ધ છું એવા વિકલ્પને પણ કારણ ન ગણ્યુંને. એને છોડે તો અંદર થાય એમ કીધું અહીં તો. આહા..હા..! સમજાણું કાંઈ?

વસ્તુ છે એને આ અબદ્ધ છે અબદ્ધ શુદ્ધ. પણ અબદ્ધ છું એવી રાગની વૃત્તિમાં ઉભો એનાથી નિર્વિકલ્પ થવાય છે એમ નથી. હવે કાંઈ વ્યવહારથી આ સમ્યગ્દર્શન થાતું હશે? આહા..હા..! અરે..! વાતો બેસવી વીતરાગના ઘરની (કઠણ છે). આહા..હા..! એ શુભ અને અશુભ આ આવો છું ને તેવો છું. એવી જે વિકલ્પની લાગણી રાગની. ભાઈ! તું એના ઉપરથી ઉઠી જા અને સ્થાપ તારા નિર્ણય પર્યાયને. આહા..હા..! એનો અર્થ કે અંદર .. એમ. આ પર્યાય છે અને એને સ્થાપું છું એમ પણ ક્યાં છે ત્યાં? એ પર્યાય (દ્રવ્ય) ઉપર પ્રસરી જા. આહા..હા..! રચના .. બાપુ અહીં તો આ કહેવી. આહા..હા..! દુનિયા માને, ન માને, દુનિયાને બેસે, ન બેસે. માર્ગ તો આ છે. પછી પંડિતો થઈ જઈને ભલે ગોટા વાળે. કહ્યું છેને? વ્યવહારનયનો પક્ષ પંડિતો લે વિદ્વાનો. વ્યવહારનો પક્ષ લઈને.. એમ ધર્મ તો નિશ્ચયને આશ્રયે થાય છે-ગાથા છેને. કહો, સમજાણું?

કહે છે કે પ્રભુ આત્મા તો જે છે એ છે. ધ્રુવ. પણ તે ધ્રુવમાં જવા માટે જે વિચાર કર્યા એણે વિકલ્પના એ પણ વિકલ્પ જવા માટે સાધન નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એનું સાધન તો એની રુચિ છોડીને અંતરમાં દૃષ્ટિ કરતાં વીતરાગી પર્યાયરૂપી પરિણમન પ્રતીતનું થવું એને પરની અપેક્ષા કાંઈ છે નહિ. સમજાણું કાંઈ? કહો, ચાંદમલજી! આવી વાતું છે. એ ત્યાં ચાર દિ' હોય એમાં કાંઈ આવી વાતું થાય? એમ કહેવું .. દાખલા આપતા. બજારમાં .. આહા..હા..! આખી વાત છૂટી ગઈ.

## શ્લોક-૬૯

यद्येवं तर्हि को हि नाम नयपक्षसन्न्यासभावनां न नाटयति ?

(उपेन्द्रवज्रा)

य एव मुक्त्वा नयपक्षपातं
स्वरूपगुप्ता निवसन्ति नित्यम्।
विकल्पजालच्युतशान्तचित्ता-
स्त एव साक्षादमृतं पिबन्ति।।६९।।

હવે, 'જો આમ છે તો નયપક્ષના ત્યાગની ભાવનાને ખરેખર કોણ ન નચાવે?' એમ કહીને શ્રીમાન્ અમૃતચંદ્ર આચાર્ય નયપક્ષના ત્યાગની ભાવનાનાં ૨૩ કળશરૂપ કાવ્યો કહે છે:-

શ્લોકાર્થ :- [ये एव] જેઓ [नयपक्षपातं मुक्त्वा] નયપક્ષપાતને છોડી [स्वरुपगुप्ताः] પોતાના સ્વરૂપમાં ગુપ્ત થઈને [नित्यम्] સદા [निवसन्ति] રહે છે [ते एव] તેઓ જ, [विकल्पजालच्युतशान्तचित्ताः] જેમનું ચિત્ત વિકલ્પજાળથી રહિત શાંત થયું છે એવા થયા થકા, [साक्षात् अमृतं पिबन्ति] સાક્ષાત્ અમૃતને પીવે છે.

ભાવાર્થ :- જ્યાં સુધી કાંઈ પણ પક્ષપાત રહે છે ત્યાં સુધી ચિત્તનો ક્ષોભ મટતો નથી. જ્યારે નયોનો સર્વ પક્ષપાત મટી જાય ત્યારે વીતરાગ દશા થઈને સ્વરૂપની શ્રદ્ધા નિર્વિકલ્પ થાય છે, સ્વરૂપમાં પ્રવૃત્તિ થાય છે અને અતીન્દ્રિય સુખ અનુભવાય છે. ૬૯.

## કળશ-૬૯ ઉપર પ્રવચન

'હવે, 'જો આમ છે તો નયપક્ષના ત્યાગની ભાવનાને ખરેખર કોણ ન નચાવે?'' આહા..હા..! કોણ ન નચાવે? રાગ વિનાની ભાવના કોણ ન કરે? કેમકે વસ્તુ જ આવા સ્વરૂપે છે. એ નયપક્ષના ત્યાગની ભાવના એટલે રાગના ત્યાગની ભાવના. ખરેખર કોણ ન નચાવે? એટલે કે રાગને છોડીને પરિણમન શુદ્ધનું કોણ ન કરે? ઓહો..હો..! 'એમ કહીને શ્રીમાન્ અમૃતચંદ્ર આચાર્ય નયપક્ષના ત્યાગની ભાવનાનાં ૨૩ કળશરૂપ કાવ્યો કહે

છે :—' ઓલા ચોપડામાં વાંચી જાય સાંજ-સવાર ... (અહીં) એક લીટી વાંચવા પરસેવા ઉતરે. ... દાણચોરીના પૈસા ખર્ચીએ. પૂજા કરીએ, મંદિર બનાવીને ધર્મ થઈ જાય. એવી ચીજ છે નહિ. વીતરાગ માર્ગ એવો નથી. અજ્ઞાનીને ઘરે એ વાત છે નહિ. ૬૯. ૬૯ કળશ.

(उपेन्द्रवज्रा)

य एव मुक्त्वा नयपक्षपातं
स्वरूपगुप्ता निवसन्ति नित्यम्।
विकल्पजालच्युतशान्तचित्ता-
स्त एव साक्षादमृतं पिबन्ति।।६९।।

આહા..હા..! **'ये एव मुक्त्वा नयपक्षपातं' 'નયપક્ષપાતને છોડી...'** નીચે. નયપક્ષપાતને .. નયપક્ષના પાકને પક્ષપાતને. હું અબદ્ધ છું અને બદ્ધ છું અને શુદ્ધ છું વગેરે એવો પક્ષપાત જે રાગમાં રોકાઈને કરે છે. આહા..હા..! એને છોડીને **'स्वरुपगुप्ताः' 'પોતાના સ્વરૂપમાં ગુપ્ત થઈને...'** નિજાનંદ સ્વરૂપ ભગવાન એમાં અંદર જઈને **'સદા રહે છે...'** એ નિત્ય ભગવાન આત્મામાં જે રહે છે. આહા..હા..! નિત્ય વસ્તુ ભગવાન ધ્રુવ આત્મા. એ પક્ષને છોડીને સ્વરૂપમાં ધ્રુવમાં થઈને સદા નિવાસ કરે છે એમ કહે છે. જે અનાદિનો રાગમાં, પુણ્યમાં, વિકલ્પમાં નિવાસ હતો એણે ધ્રુવ ચૈતન્યને વિકલ્પને છોડીને અંતરમાં નિવાસ કર્યો એણે રહેવાનું ઘર બાંધ્યું. હવે આમાં રહેવું એ મુક્તિનો માર્ગ છે. આહા..હા..! બહાર નીકળવું એ વિકલ્પની જાળ છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

**'તેઓ જ,...'** એટલે કે તેઓ જ  જે કોઈ વિકલ્પના પક્ષને આવો અને તેવો એવી વૃત્તિઓ છે એને છોડી દઈને. ભાષા તો શું થાય પણ? **'પોતાના સ્વરૂપમાં ગુપ્ત થઈને સદા રહે છે...'** એટલે કે ધ્રુવમાં જ્યાં વસે છે ત્યાં નયપક્ષનો વિકલ્પ છૂટી જાય છે. ઉપદેશની શૈલી તો જુઓ, ભાષાની રીત ખ્યાલમાં આવેને? આહા..હા..! એવો જ એમ. બીજા નહિ. બીજા આવા વિકલ્પવાળા નહિ. આહા..હા..! એ શુભ વિકલ્પ છે. કર્મના સંબંધવાળો છું એવો પણ એક શુભરાગ છે અને અબદ્ધ છું એ પણ શુભરાગ ત્યાં કાંઈ અશુભરાગ નથી. પણ એ શુભરાગ છે એ મેલ છે, દુઃખ છે, આકુળતા છે. ભગવાન સ્વરૂપ આત્માનું અનાકુળ આનંદ છે. તો એવા દુઃખના વિકલ્પને છોડી જે નિરંતર સદા આનંદની મૂર્તિ પ્રભુ. એમાં નિઃવસે છે. **'निवसन्ति'** વિશેષપણે પર્યાય ત્યાં જઈને ઠરે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'તેઓ જ,...' 'विकल्पजालच्युतशान्तचित्ताः'** એવા જ જીવો **'જેમનું ચિત્ત વિકલપજાળથી રહિત શાંત થયું છે...'** આહા..હા..! જેમના જ્ઞાનની પર્યાયમાં વિકલ્પજાળ છૂટી ગઈ છે અને ચિત્ત એટલે જ્ઞાનની પર્યાય વિકલ્પજાળથી રહિત થઈ છે. **'એવા થયા**

**થકા,...'** એ શુદ્ધ સ્વભાવની ઉપર નજર પડતા શુદ્ધરૂપે પર્યાયમાં થયા થકા **'साक्षात् अमृतं पिबन्ति'** અમૃત સ્વરૂપ તો હતું. પણ પર્યાયમાં અમૃત પીવે છે એમ કહે છે. આહા..હા..! આનું નામ સમ્યગ્દર્શન. લોકોએ સમ્યગ્દર્શનની કિંમત તો જાણે દેવ-ગુરુ-શાસ્ત્ર અરિહંતો મહાદેવો ગુરુને માનતા એ સમકિતી. એ તો મિથ્યાત્વભાવ છે. પરની માન્યતાનો રાગ અને રાગમાં ધર્મ માનવો એ તો મિથ્યાત્વ છે. આહા..હા..! અનાદિની ઉંઘ ઉડી જાય એના જેવી વાત છે આ તો. આહા..હા..!

સમ્યગ્દષ્ટિ મોક્ષમાર્ગી છેને? કીધું છેને? નથી ક્યાંય.. સમ્યગ્દષ્ટિ હોય, પાંચમા ગુણસ્થાનવાળો શ્રાવક હોય કે શુદ્ધ ઉપયોગી મુનિ હોય, પણ મુનિને શુદ્ધ ઉપયોગી કહ્યા છે. એ પંચ મહાવ્રતવાળાને એમ નથી કહ્યા. .. શું? છ ઢાળા. આ તો ... છ ઢાળા એની પણ ખબર ન મળે. ગડીયા હાંકે જાય.

મુમુક્ષુ :- એ તો પંડિતનું કામ છે.

ઉત્તર :- પંડિતનું. પણ પંડિતનું વસ્તુ છે કે નહિ? આ તો પ્રવચનસારમાં એમ કહ્યું પરમ શુદ્ધ ઉપયોગી મુનિ હોય. પંચ મહાવ્રતના પાળનારા જૈન મુનિ એમ નથી. એ તો રાગ છે. રાગ એ ધર્મ છે? અને રાગ એ વંદનીય છે? એનો રાગરહિત વીતરાગી પર્યાય પ્રગટી સમ્યગ્દર્શનની એ આદરણીય છે. અને એના સહિત સ્વરૂપની રમણતાના આનંદના ઉભરા જેને અનંત સ્વસંવેદનમાં આનંદની દશા ઉભરાઈ જાય છે અંદરથી એને ચારિત્ર કહીએ. એને મુનિ કહીએ. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો કહે છે. ભારે નાખ્યું. પાધરું નાખ્યું. વસ્તુ તો છે ઈ છે. પણ એની પક્ષથી રોકાઈને આ અબદ્ધ છે અને બદ્ધ છે એ ઝેર હતું. આ નહોતું. આહા..હા..! જુઓને ગુલાંટ મારીને વાત કેટલી કરે! એ વિકલ્પની વૃત્તિને છોડી અને અંતર વસ્તુના સ્વભાવમાં પ્રસર્યા અમૃત પીવે છે. એ અમૃતને અંજુલીએ પીવે છે. શેરડીનો રસ જેમ પીવેને. સોગાનીએ નાખ્યું છેને. ઘુંટડા પીવે શેરડીના રસના. શેરડી સમજો છો? ગન્ના. શેરડીનો રસ. એમ અંતરની પરિણતિમાં. આહા..હા..! હજી તો આ સમ્યગ્દર્શનની વાત ચાલે છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ચોથા ગુણસ્થાનની દશા. આહા..હા..! હવે આવા વિના એના વ્રત અન પાંચમા (ગુણસ્થાનવાળા) શ્રાવક થઈ ગયા. સાધુ થઈ ગયા બધા એકડા વિનાના મીંડા છે. સમજાણું કાંઈ? આહા..!

કહે છે. એનો અર્થ એ થયો કે શુભભાવ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા એ તો છે ઝેર. ત્યારે ભગવાન આત્મા અમૃત સ્વરૂપ. અરે..! નય વિકલ્પને ઝેર કીધું. સામે અમૃત કીધું. આહા..હા..! કહે છે આત્મા એના લક્ષમાં વિકલ્પથી આવ્યો. પણ એ વિકલ્પ તો આકુળતા છે. એમાંથી લક્ષ ક્યાંથી થયું એમ કહે છે. જ્ઞાનમાં, ખ્યાલમાં, ધારણામાં આવ્યું. સમજાણું?

આવો આત્મા.. આવો આત્મા... એ તો વિકલ્પ દ્વારા. પણ એ તો આકુળતા દ્વારા લક્ષમાં આવ્યો છે. નિરાકુળ દ્વારા નથી આવ્યો. જ્ઞાનમાં જણાયો એમ લક્ષ એટલું. એ તો ખ્યાલમાં આવો આત્મા છે... આવો આત્મા છે... આવો આત્મા છે... એમ વિકલ્પ દ્વારા છે ત્યાં સુધી વસ્તુ હાથ આવી નથી. સમજાણું કાંઈ?

આ વસ્તુ. આ ત્યાં હશે? એય..! દિલીપ! અમેરિકામાં હતું આવું? ત્યાં ભણવા જાય છેને. અમેરિકા. હિન્દુસ્તાનના બહુ છોકરા જાય છે હજારો. અને ત્યાં ગયા એટલે જાણે કોઈ સ્વર્ગમાં ગયા જાણે. અને ત્યાંથી ઉતરે ત્યારે એને લાગે કે આહા..હા..! શું લઈને જાણે આવ્યા? અહીં તો કહે છે ભગવાન તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમેશ્વર ઈન્દ્રો અને સંતોના ટોળામાં ભગવાનની દિવ્યધ્વનિ આ હતી. એના ભગવાનના દિવ્યધ્વનિમાં આ આવ્યું કે ભાઈ! તારી ચીજ અંદર જે છે આનંદની મૂર્તિ પ્રભુ એમાં તારી દૃષ્ટિ પડતા તને અમૃતનો સ્વાદ આવશે. આહા..હા..! અને દૃષ્ટિ રાગ ઉપર અને ભેદ ઉપર રહેતા તને રાગનો સ્વાદ આવે ભાઈ! આકુળતાનો સ્વાદ. હવે આ દુનિયાના બહારમાં ભણતર અને વેપાર તો ક્યાંય ગયા.

મુમુક્ષુ :- .. વાત છે.

ઉત્તર :- .. વાત છે. આહા..હા..! આ ભણ્યો એ બધું ભણ્યો કહે છે. શિવભૂતિ.

મુમુક્ષુ :- સા વિદ્યા વિમુક્તયે.

ઉત્તર :- એ વિમુક્તયે. એ વિદ્યા આને કહીએ જેમાં મુક્તિ મળે. યા વિદ્યા સા વિમુક્તયે. કહ્યું હતું એક ફેરી. ગોંડલમાં. ચંદુભાઈ હતાને ભાઈ! પટેલને લઈ ગયા હતા. લઈ ગયા હતા ઘણા .. મોટું એનું. ત્યાં કીધું ભાઈ યા વિદ્યા સા વિમુક્તયે તમે લખ્યું છે એનો અર્થ શું? એ વિદ્યા એને કહીએ વિદ્યમાન પરમાત્મા એનું તત્ત્વ એનું જ્ઞાનને વિદ્યા કહીએ. અવિદ્યમાન નાશવાન જ્ઞાન એ વિદ્યા કહેવાય? અને જે વિદ્યાથી મુક્તિ મળે એને વિદ્યા કહેવાય. ... મોહનભાઈ. એ તો ત્યાં પણ ગયા હતા દામનગર. કેવા? નાનજી. .. નહિ? આઠ-દસ કરોડ રૂપિયા. આઠ-દસ કરોડ. અમને લઈ ગયા હતા. ત્યારે આવતા હતા વ્યાખ્યાનમાં. ... હોય મોટર લઈને. .. આવ્યા હતા મહારાજ.. અમારી છોડીયુંને કાંઈક સંભળાવો. અરે..! આ ક્યાં પણ વાત? કોને કહેવી? પછી ત્યાં જઈને એમ કહે કે શ્રીમદ્‌ને નાની ઉંમરમાં જાતિસ્મરણ હતું. એવું બાળકને પણ થઈ શકે છે. આત્મામાં એવી તાકાત છે. એવું બધું કાંઈક કીધું. આહા..હા..!

અહીં તો પરમાત્મા કહે છે કે બીજા વિકલ્પનો શુભરાગ તો એકદમ ભિન્ન રહી ગયો. પણ આ આત્મા તરફના નિશ્ચય અને વ્યવહારના વિકલ્પો એ શુભરાગ છે. એ રાગનો અનુભવ, વેદન આકુળતા છે. એનાથી છૂટીને અંતર આત્માના ભગવાનસ્વરૂપમાં પર્યાયને પ્રસરાતા જે અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે એનું નામ આત્મા છે.

મુમુક્ષુ :- એ સમયસાર છે.

ઉત્તર :- એ સમયસાર છે. આહા..હા..! એ આત્મા થયો. રાગરૂપે હતો ત્યાં સુધી આસ્રવરૂપે હતો. એ આત્મા નહિ. આહા..હા..! નયના વિકલ્પના કાળમાં પણ એ રાગરૂપે હતો ત્યાં સુધી આત્મા નહિ. એ અણાત્મા થઈને રહેલો હતો. આહા..હા..! વસ્તુના સ્વરૂપમાં સર્વજ્ઞે જોયેલો, કહેલો એવો જ છે એ. એવી ચીજમાં અંતર્મુખ થતાં વિકલ્પ છે એ બહિર્મુખ લાગણીઓ છે. હવે અબદ્ધ છું, શુદ્ધ છું એવી વૃત્તિઓ ઉઠે એ બહિર્મુખ લાગણી-રાગ છે. અંતર્મુખ જતાં જે અંતરાત્મા પ્રતીત થતાં એની પર્યાયમાં અમૃતનો અનુભવ, વેદન એથી એને આખો આત્મા અમૃતમય છે એમ પ્રતીત થવી એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મનો પહેલો, મોક્ષમાર્ગનો પહેલો અવયવ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એક જણો વળી એમ કહે સોનગઢવાળાએ સમકિત બહુ મોંઘુ કર્યું કહે. ભાઈ! અરે..! ભગવાન! સમકિત તો છે એ છે. એમ કે આ બધું દેવ-ગુરુ-શાસ્ત્રને માનીએ આપણને શ્રદ્ધા એ સમકિત. ધૂળેય નથી સાંભળને. એ તો રાગ છે. અનંતવાર કર્યું. આહા..! '**સાક્ષાત્ અમૃતને પીવે છે.**' એમ કહે છે. એ પર્યાયમાં અમૃત સાગર ઉછળ્યો છે. સમજાય છે કાંઈ? અમૃતથી ભરેલો ભગવાન એને સમ્યગ્દર્શનની પ્રતીતિ .. પાક્યું અંદરથી. સમજાણું કાંઈ? એ ધર્મી અમૃતને પીવે એનું નામ ધર્મ છે એમ કહે છે. એ રાગને વેદે એ દુઃખ છે એ તો. સમજાણું કાંઈ? આહા..હા..! એને ઠેકાણે આ શરીરમાં સુખ છે, બાયડીમાં સુખ છે અને પૈસામાં સુખ છે. હજીરા. હજીરા એટલે બંગલા મોટા. ...કહો, સમજાણું કાંઈ? .. કીધું છે કે નહિ? તમારા .. કામ થાય. ... કીધું હતું કાલે ત્રણ બંગલા છે. કોક કહેતું હતું. ... આહા..હા..! મારો ભાગલો પાડવો જોઈએ આત્માનો હોં. તરબુચમાં મારે છેને છરી? તરબુચમાં નહિ? લાલ લાંબી એમ કહે છે કે રાગની વૃત્તિ છોડી અને એણે સમ્યગ્દર્શનની પર્યાયને ત્યાં અંદર સિદ્ધ કરી, સાબિત કરી. ભગવાનમાંથી અમૃત વહ્યું. ઓલો લાલ ખાતો નથી તરબુચ લાલ હોય છેને? મોટું લાલઘુમ. ... કહો, સમજાણું કાંઈ? આ તો અમૃતનો નાથ એ રીઝ્યો અંદરમાંથી. રાગમાં ખીજાણો હતો, એ રાગમાં દુઃખી હતો ઈ. આવો પક્ષનો પાત જ્યાં સુધી પક્ષપાત રહે. અંદરનો પક્ષપાત હોં. આહા..હા..! તોપણ કહે છે દુઃખી. પક્ષપાત છોડીને અંતર વૃત્તિ કરે ત્યારે સુખી અને સુખને પંથે પડ્યો. એ સુખને પંથે પડ્યો એટલે મોક્ષને માર્ગે પડ્યો. હવે એને મોક્ષ થવાનો, થવાનો અને થવાનો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ-૮, બુધવાર, તા. ૧૩-૧૨-૧૯૭૨**
**કળશ-૬૯-૭૦, પ્રવચન-૨૫૧**

૫૯ કળશ. સમયસાર. કર્તાકર્મ અધિકાર. એનો ભાવાર્થ છે. ઝીણી વાત છે, સૂક્ષ્મ વાત છે. અનંતકાળથી આ આત્મા શું ચીજ છે અંદર એનો એને અનુભવ કર્યો જ નથી. આત્મ વસ્તુ છે સચ્ચિદાનંદ સ્વરૂપ એકલું પરમાત્મસ્વરૂપ એ પોતે છે. જિનસ્વરૂપ કહો, વીતરાગસ્વરૂપ કહો, પરમાત્મસ્વરૂપ કહો. એ જ એનો સ્વભાવ અને સ્વરૂપ છે. પણ અનાદિથી પરવસ્તુને પોતાની માની, પોતાને ભૂલી ગયો. તેથી એને ચોર્યાસીમાં રખડવાનું કારણ ઉભું કર્યું. સમજાણું કાંઈ? જે પરને પોતાનું માનતા સ્વને પોતે ભૂલી ગયો. હવે એ તો ક્યાંય પરને પોતાનું માનતો એ તો વળી એક બાજુ રહી ગઈ વાત હવે.

અહીં તો જ્યાં આત્મા જેવો સર્વજ્ઞ પરમેશ્વરે જોયો, કહ્યો શાસ્ત્રમાં. એવું એણે જાણવું,પરલક્ષી જાણવું થયું. પણ એ જાણવામાં બે પક્ષમાં રોકાણો. કાં હું કર્મના સંબંધમાં છું. એવો એક વિકલ્પ રાગ ભાગ અને હું કર્મના સંબંધ રહિત, અબંધ, બંધરહિત છું. એ વસ્તુ એવો પણ એક જ્ઞાનના અંશમાં રાગનો પક્ષ રહી જતાં એને આત્માનો અનુભવદશા થતી નથી. કહો, સમજાણું કાંઈ? છેને? '**જ્યાં સુધી કાંઈ પણ પક્ષપાત રહે છે...**' ઝીણી વાતું છે આ. આ એમ ને એમ કાંઈ... વસ્તુ છે એવી શાસ્ત્રથી એણે જાણી. જાણીને એના બે પક્ષમાં એ સંબંધ છે કર્મનો એને બીજી ચીજનો. જો સંબંધ ન હોય તો પરલક્ષી વિકાર હોઈ શકે નહિ. એ સંબંધ છે એવો એક પરાશ્રિત વ્યવહારનયનો રાગ છે એ. અને એને છોડી આ લક્ષમાં રાગ હતો. આત્મા વસ્તુ છે. પરના સંબંધ અને બંધ વિનાની છે. એવો પણ એક શાસ્ત્ર જ્ઞાનથી જાણીને એના નયના પક્ષમાં, રાગમાં રોકાયેલો છે એને આત્માનો અનુભવ થતો નથી. આહા..હા..!

'**જ્યાં સુધી કાંઈ પણ પક્ષપાત રહે ત્યાં સુધી ચિત્તનો ક્ષોભ મટતો નથી.**' એટલે? કે અંદરમાં હું પૂર્ણ છું, શુદ્ધ છું, પરમાત્મા છું એવો પણ એક રાગનો વિકલ્પ રહે તો એ બધો ક્ષોભ છે, આકુળતા છે, અશાંતિ છે. સમજાણું કાંઈ? '**ત્યાં સુધી ચિત્તનો ક્ષોભ મટતો નથી.**' રાગના વહેણમાં તણાણો છે એ. એ આકુળતામાં છે એ કહે છે. એ દુઃખી છે. એને આત્મા શું ચીજ છે એની એને ખબર નથી. કહે છે '**જ્યારે નયોનો સર્વ પક્ષપાત મટી જાય...**' એ વસ્તુનું સ્વરૂપ તો છે એવું જ્ઞાનમાં આવે, પણ વિકલ્પસહિત

આવે છે. ત્યાં સુધી એ ક્ષોભમાં છે. સમજાણું કાંઈ? ભારે જીણી વાતું ભાઈ! એને અંદરમાં આવો છું કે તેવો છું એ બધી રાગની વિકલ્પની દશાઓ અંતર્મુખ થતાં એ વિકલ્પની દશા રાગની છૂટી જાય છે ત્યારે વીતરાગદશા થઈને, જ્યાં સુધી હું વસ્તુ છે એવા નયના નિશ્ચયના પક્ષના રાગમાં રહે તોપણ રાગી પ્રાણી છે એ. અને રાગી છું એવી બુદ્ધિ પણ મિથ્યાત્વ છે. ભારે ઝીણું! દુનિયાને ધર્મ જેનાથી જન્મ-મરણ મટે (એની ખબર નથી). આ ચોર્યાસી લાખમાં અવતાર કરી કરીને દુઃખી છે. અહીં તો આ વિકલ્પ કરે ત્યાં સુધી દુઃખી લેવો છે પછી બીજાની તો વાત શી કરવી? આહા..હા..! આ બધા સુખી કહે છેને તમને પૈસાવાળાને. એ બધા પાગલ ભેગા થઈને કહે. આહા..હા..!

અહીં તો ત્યાં સુધી કે વ્રત, નિયમ, પૂજા, ભક્તિનો જે રાગ થાય એ વિકલ્પ છે, રાગ છે. એમ હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, રળવું, કમાવું, વ્યવસ્થિત કામમાં રોકાવું એ બધો રાગ છે. એ રાગ છે એટલે દુઃખ છે. કહો, હસમુખભાઈ! શું હશે આ બધું? આહા..હા..! ધંધાની ક્રિયાઓ તો ધંધાને કારણે થાય, પણ એમાં વ્યવસ્થિત હું કરું એવો જે એનો ભાવ રાગનો એ દુઃખી છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ રાગની દશા વસ્તુમાં નથી. ચિદાનંદ ભગવાન આત્મા અમૃતનો સાગર પ્રભુ. અતીન્દ્રિય અમૃતના સુખનો દરિયો એ તો છે. એમાંથી તો આનંદના મોજા તરંગ થવા જોઈએ એને ઠેકાણે આ રાગના તરંગરૂપ ઉઠીને રોકાય છે એ ક્ષોભમાં છે. એ દુઃખમાં છે. એ રાગમાં અટકેલો આત્મા માન્યો છે કે હું આવો છું. એ ક્ષોભ છે. આહા..હા..! કહો, પોપટભાઈ! આહા..હા..! એને મટાડવો હોય તો, તો હું એક અખંડ આનંદનો સાગર એવી વસ્તુ ઉપર દૃષ્ટિ પડતાં રાગની એકતા તૂટતાં એને અંતરમાં વીતરાગ અવસ્થા, દશા પ્રગટ થાય છે. એને અહીંયાં સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ત્યારે એને વીતરાગદશા થઈને એટલે કે વિકલ્પની વૃત્તિઓનું લક્ષ છોડી દઈને. ઉપદેશની શૈલી તો એમ જ આવેને. વસ્તુનું સ્વરૂપ આનંદનો સાગર પરમાત્મા પોતે જ છે. પ્રભુ છે. સવારમાં ઘણા વિશેષણ આવ્યા હતા. આહા..હા..! જિન છે એ તો વીતરાગમૂર્તિ છે. એવી અંતર દૃષ્ટિ આવો છું અને તેવો છું એવા રાગના વિકલ્પના ક્ષોભને છોડી અને સ્વભાવની દૃષ્ટિ કરતાં એને વીતરાગદશા પ્રગટ થાય છે. એ આ ચોથા ગુણસ્થાનની વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

રાજા, મહારાજા, દેવો, શેઠીયાઓ, બધા પ્રાણી, ભિખારી દુઃખી છે. એ પરને માગે છે મારે ધૂળ જોવે, બાયડી જોવે, આબરૂ જોવે, આ જોવે... આ જોવે... મોટા માગણ છે. એય..! હસમુખભાઈ! અહીં તો એવી વાત છે. ત્યાં તો તમને બધાને રાજી રાખે. આહા..હા..! ભાઈ! તારી શાંતિ તો પડી છે અંદર. એ શાંતસ્વરૂપ, અકષાયસ્વરૂપ, વીતરાગસ્વરૂપ જ એ છે. એને આ રાગના સ્વરૂપે એની પ્રાપ્તિ ન થાય. આ તો એમ કહે કે વ્યવહાર સાધન

છેને તો સાધન કરતા થાય. અરે..! ભગવાન! અરે..! ભાઈ! એમ નથી ભાઈ! આ હું આવો છું, અબદ્ધ છું, પૂર્ણ છું, પરમાત્મા છું, શુદ્ધ છું એવી પણ એક પક્ષની રાગની લાગણી પણ દુઃખરૂપ છે. અને એ પણ સાધન જ્યાં નથી. સુજાનમલજી! આવી વાત છે, ભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- આવી જ હોય શકે.

ઉત્તર :- એમ જ વસ્તુ કેવી હોય પણ વસ્તુ? આહા..હા..! આનંદની મૂર્તિ પ્રભુ છે આત્મા તો. અતીન્દ્રિય આનંદનો સાગર ડોલે છે અંદર, પણ રાગની એકતામાં એ દેખાતો નથી. આહા..હા..! અને બહુ તો એ બહુ ભણ્યો અને જ્યારે અગિયાર અંગ જાણ્યા, નવમી ગ્રૈવેયક ગયો ત્યારે સાધુ દ્રવ્યલિંગી મુનિ નગ્ન થયો. ત્યારે એની બુદ્ધિ ઓલી વર્તમાન પ્રગટદશામાં રોકાયેલી છે. જેને પર્યાયબુદ્ધિ કહે છે. આહા..હા..! સમજાણું? એ રોકાણી એ પણ રાગને લઈને રોકાણી છે (એમ નથી). પર્યાયબુદ્ધિ ઉપર જાય આ હું ત્યાં રાગ છે. આહા..હા..! પોતાનું હિત થવાનું સાધન તો આ આત્મા સ્વભાવ છે એ સાધન છે. આવા વિકલ્પના સાધનનો પણ નિષેધ કર્યો. હવે ક્યું સાધન? શાસ્ત્રમાં આવે વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય. ભાઈ! એ તો વ્યવહારનયનથી કથન (એટલે કે) એમ નથી, પણ એક નિમિત્ત દેખીને જ્ઞાન કરાવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જ્યારે એ ભગવાન આત્મા પોતાના પૂર્ણ શાંતિ અને આનંદના સ્વરૂપ તરફ, ધ્રુવ તરફ ઢળતાં, ધ્રુવ વસ્તુ નિત્ય વસ્તુ છેને. એમાં ઢળતાં સ્વભાવની સાથે વર્તમાનદશાની એકતા થતાં રાગની એકતા તૂટતા તેને આનંદ થાય છે. ઓલામાં ક્ષોભ હતો. આને આનંદ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? હજી એની રીતની ખબર ન મળે. એને ધર્મ શી રીતે થાય? સાધુ થાય, બાવા થાય, જંગલમાં રહે એથી શું થઈ ગયું? એ ચીજ શું છે? આહા..હા..! અંદરમાં ભગવાન આત્મા પૂર્ણ આનંદનો સાગર પ્રભુ એને અવલંબન કરતા, એના મહા માહાત્મ્યમાં જતાં તેમાં દૃષ્ટિ ઠરે છે ત્યાં. ઠરતાં વિકલ્પની એકતા તૂટી જાય છે. બીજી રીતે કહીએ કે જે દુઃખની એકતા હતી એ તૂટી જાય છે. અને આનંદસ્વરૂપ ભગવાન આત્માની દૃષ્ટિ વીતરાગદશા થતાં એને સ્વરૂપની શ્રદ્ધા નિર્વિકલ્પ થાય છે. આહા..હા..! ઓલી રાગવાળો માનીને બેઠો હતો, ભ્રમ છે, એ અજ્ઞાન છે. આહા..હા..! એ વિકલ્પની વૃત્તિ ઉપરની રુચિ અને આશ્રય છોડી દઈને વસ્તુ સ્વરૂપની અંતર દૃષ્ટિ મૂકતા. એની સ્વરૂપની શ્રદ્ધા નિર્વિકલ્પ એટલે વીતરાગી થાય છે. આહા..હા..! અહીંથી ધર્મની શરૂઆત છે. બાકી વ્રત કરે ને તપ કરે ને જાત્રા ને પૂજા ને ભક્તિના દાન લાખોના, કરોડોના. ધૂળમાંય ધર્મ નથી એમ કહે છે. કહો, કીરણભાઈ! આ પૈસાવાળા દાન આપે તો ધર્મ થાય કે નહિ પૈસા આપે તો? ન થાય? તો ઓલા ગરીબને રોવું પડે કે બિચારા અમારી પાસે પૈસો નથી. ધર્મ શી રીતે

કરવો? અહીં તો કહે છે કે પૈસાથી તો ધર્મ નથી, એનાથી પુણ્ય પણ નથી. એ તો રાગ મંદ કરે દાનાદિમાં તો પુણ્ય થાય. વિકારીભાવ થાય. આહા..હા..!

અહીં તો વિકલ્પની લાગણીઓ જે અંદર નજીકમાં આવીને વિચારને આંગણે ઉભો છે. આહા..હા..! આવો છું અને તેવો છું. આવો છું અને આવો નથી. એવી રાગની લાગણીઓ અંદર એ પણ દુઃખદાયક છે. એને છોડીને એકદમ ચિદાનંદ ભગવાન ઉપર નજર પડતાં એની સ્વરૂપની શ્રદ્ધા જેવો છે એવી નિર્વિકલ્પ શ્રદ્ધા થાય છે. સમજાણું કાંઈ? ભારે કામ ભાઈ! આવો માણસને કહે છે આવો ધર્મ મારે ક્યાંથી કાઢ્યો? આ બધા ધર્મ કરે છેને? ભગવાનને ભજે. બખબખીયા કરે. ધૂળમાંય નથી સાંભળને. તને શું ખબર પડે? એ બખબખીયાની ક્રિયા તો જડની, પણ તારો ભાવ છે એ ભગવાનને ભજવાનો એ પણ શુભરાગ છે. એ પુણ્ય છે, ધર્મ નહિ. અને એને કરતાં-કરતાં ધર્મ થાય એમ પણ નથી. આહા..હા..! ભારે કામ! છતાં ધર્મીને રાગની એકતા તૂટતાં વીતરાગદશાની શ્રદ્ધા થતાં અથવા વીતરાગ સ્વરૂપ એવું નિર્વિકલ્પ એની શ્રદ્ધા સ્વરૂપની થતાં પછી રાગ આવે ખરો, પણ એ રાગ હેયબુદ્ધિએ હોય. ઉપાદેયબુદ્ધિએ, આદરણીય બુદ્ધિએ ન હોય. સમજાણું કાંઈ?

સ્વરૂપની શ્રદ્ધા. દેખો, સ્વરૂપ ભગવાન આત્મા એનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન આનંદ. એની શ્રદ્ધા નિર્વિકલ્પ થાય છે. એને રાગની અપેક્ષા શ્રદ્ધામાં રહેતી નથી. શુદ્ધ ચૈતન્ય વસ્તુ આત્મભાવની પર્યાય એમાં આત્માનું ભાન થાય છે. રાગથી નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓને દુનિયામાં બિચારા આમ કેટલા. માંડ રળે, ..થાય, આંખ કાચી થાય, મોતીયા આવે, ચાલતા ઠેબા ખાય, એમાં બ્લડ પ્રેશર થાય, એમાં હાડની શું કહેવાય આ તમારે? હાર્ટ એટેક આવે.

મુમુક્ષુ :- હૃદયનો હુમલો.

ઉત્તર :- હૃદયનો હુમલો. છોકરાના લગન. અહીં હુમલો આવે. મારે હારે આ જુઓને. એમાં એ પોતે મરી જાય પછી માંડવા નીચે એને કાઢવો પડે. શું થાય? આ જમુબેનને એમ થયું હતું. જમુબેન છેને દામનગર. જે માંડવે પરણ્યા એ માંડવે ધણીને કાઢ્યો મડદું. પ્લેગ હતો.. મરી ગયો તો ત્યાં થોડા દિ' લઈ ગયા હતા.. ત્યાંથી આવ્યા અને અહીં. હજી તો માંડવો હતો. એમાં કાઢ્યા મડદાને. જ્યાં પરણ્યા ત્યાં. આ રહ્યા નહિ? જુઓ આ બેઠા છેને. દામનગર. આહા..હા..! શું કહેવું આમાં? દુનિયા નાશવાન, અસ્થિર એમાં સ્થિર રહેશે ક્યાંથી આત્મા? અસ્થિરને સ્થિર કરવા મથે છે, પણ સ્થિરને સ્થિર કરવા ઉપરની દૃષ્ટિ નથી. સ્થિરને સ્થિરમાં દૃષ્ટિ રાખવી એ દૃષ્ટિ નથી. આ અસ્થિરને સ્થિર કરવા મથે છે મારો. સમજાણું કાંઈ?

કહે છે. જુઓને કેટલું સ્પષ્ટ કર્યું છે! સ્વરૂપ પોતાનું જે છે તેને એ હું આવો ને તેવો

એવી જે રાગની વૃત્તિઓ એના ઉપરથી લક્ષ છૂટતા ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એમાં દૃષ્ટિ પડતાં એને સ્વરૂપની શ્રદ્ધા પોતાની શ્રદ્ધા નિર્વિકલ્પ રાગ વિનાની શ્રદ્ધા થાય છે. '**સ્વરૂપમાં પ્રવૃત્તિ થાય છે...**' શું કીધું? ઓલો રાગમાં જે જતો હતોને એ પ્રવૃત્તિ એની રાગમાં હતી. એ રાગની એકતા તૂટતા સ્વરૂપમાં હવે પ્રવૃત્તિ થાય છે. આહા..હા..! રાગથી નિવૃત્તિ અને સ્વરૂપમાં પ્રવૃત્તિ. આહા..હા..! આ એની રીત છે. આત્માને પામવાની, આત્મજ્ઞાનની અને સમ્યગ્દર્શનની. એ સિવાય બીજી કોઈ રીત કહે, ભૂલા પડીને ભમશે ચાર ગતિમાં. આહા..હા..! એવી વાતું છે, ભાઈ! સમજાણું કાંઈ? ચીમનભાઈ! શું છે આ? તમે તો એકલા અંદર સુખી કહેવાય ત્યાં મોટા બંગલા, મકાન લાખ રૂપિયાના. ઢીંકણું ને ફીંકણું. એકલા કોઈ ભાગ પણ પાડનાર નહિ. એ સુખી ન કહેવાય? આહા..હા..! કેમ હશે ભાઈ! જેઠાભાઈ! આહા..હા..! એરે..! એકલો શું? આવી વૃત્તિવાળો છું એ પણ બેકલો છે. બે થયા ઈ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! એકડે એક અને બગડે બે. ભગવાન આત્મા અવિકારી સ્વભાવનો પિંડ. એની દૃષ્ટિ કરતાં એકલો થાય છે ત્યારે એને સ્વરૂપની શ્રદ્ધા જેવી છે એવી થાય છે. ત્યારે તેને વીતરાગતા થાય અને ત્યારે તેને સ્વરૂપમાં પ્રવૃત્તિ થાય છે. પ્રકાશચંદજી! આહા..હા..! અરેરે..! ભગવાન બિરાજે છેને પોતે. આહા..હા..!

અરે..! જેની સામું જોવું જોઈએ એની સામું જોયું નહિ. અને જેની સામું જોયે આકુળતા થાય એની સામું જોવું મૂક્યું નહિ. આહા..હા..! કહે છે કે '**સ્વરૂપમાં પ્રવૃત્તિ થાય છે...**' એટલે કે ચૈતન્યમૂર્તિ આવો જ્ઞાયકભાવ એવી વિકલ્પને તૂટીને નિર્વિકલ્પ સ્વરૂપની શ્રદ્ધા થતાં સ્વરૂપમાં એકાકાર થાય છે, સ્વરૂપમાં પ્રવર્તે છે. ઓલો જે રાગમાં પ્રવર્તતો હતો એ મિથ્યાત્વ હતું. સ્વરૂપમાં પ્રવૃત્તિ સમ્યગ્દર્શન છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**અને અતીન્દ્રિય સુખ અનુભવાય છે.**' લ્યો! ઓલા રાગમાં હતો ત્યારે ક્ષોભ અને દુઃખ હતું. એનાથી ભિન્ન પડીને ભેદજ્ઞાન થતાં સ્વરૂપનું ભાન વેદન થતાં એને સ્વરૂપની શ્રદ્ધા નિર્વિકલ્પ થાય, સ્વરૂપમાં પ્રવૃત્તિ થાય, તેથી વીતરાગતા થાય, તેથી અતીન્દ્રિય આનંદ થાય. આહા..હા..! પંડિતજી! આવો માર્ગ ભારે! આહા..હા..! અરેરે..! આવી રીતની ખબર ન મળે. સમજાણું કાંઈ? શીરો સોંઘો કરવા જાય. શીરો તો લોટ, ઘી અને ગોળથી થાય કાં સાકરથી થાય. પણ કોઈ વળી એવી નીકળે ડાહીની દીકરી આ તો ઘી પી જાય છે અને પછી સાકરનું પાણીનું નાખવું પડે. એ કરતા સોંઘુ કરીને એ સાકરનું પાણી પછી નાખવું એ કરતા સાકરના પાણીએ લોટ શેકવો. પછી નાખવું ઘી. આહા..હા..! એ શીરા એમ ન થાય. એ તો લુપરી પણ નહિ થાય. એને તો લુપરી પણ ન કહેવાય. એમ આ સોંઘે કરવા જાય છે. દયા, દાન, વ્રત, ભક્તિ, તપ કરો આનાથી મુક્તિ થાય. આ સોંઘો માર્ગ છે. ધૂળેય નથી સોંઘો સાંભળને.

મુમુક્ષુ :- ઉંધો માર્ગ છે.

ઉત્તર :- ઉંધો માર્ગ છે. આહા..હા..! આમ રાજી થઈ જાય માણસ હોં બહુ ખુશ થઈ જાય. આમ વ્રત કરો. દયા, અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય બસ. જીવના-દુઃખી પ્રાણીના દુઃખ લૂછવા, એની કરૂણા કરવી તો એનો આશીર્વાદ મળી જાય તો આત્મા સુખી થઈ જાય. એમ નથી કહેતા? ગરીબના આશીર્વાદ લ્યો. એમ કહે છે લ્યો! કહે છેને? એય..! ઓલા વળી હમણા નીકળ્યા હતાને ત્યાં અમેરિકાવાળા નહિ મુંબઈમાં. હરે કૃષ્ણ... હરે કૃષ્ણ... કેવા? આ ભગત આવે છે. હરે કૃષ્ણ. .. ઓલાને .. ઓલો ઉતર્યો હતોને ત્યાં દિલ્હી. પાંચ-છ લાખના હીરા નીકળ્યા. બાળયોગી. બહુ લખાણ આવ્યું છે. કે ઘણું કરવા ગયો માયા પણ પકડાઈ ગઈ તારી. લખ્યું છે. આહા..હા..! આવા છલ. એ કહે મારા નથી. પણ નીકળ્યું તારી પાસેથી આ એટલા પાંચ-છ લાખના હીરા કોની પાસે હોય? મોટો લેખ આવ્યો હતો. આહા..હા..! બાપુ! એ તો ક્યાંય રહી ગઈ વાતું ભાઈ!

ભગવાનને ભાળવા હોય તો વિકલ્પની લાગણીને તોડ. એ વિના ભગવાન ભળાય એવા નથી. પોતે ભગવાન હોં. બીજા ભગવાન ભગવાન પાસે રહ્યા. બીજા ભગવાન કાંઈ દેવા આવતા નથી. આહા..હા..! આ ભગવાનનો તો દાતાર છે. એય..! સ્વરૂપનો દાન દેનારો પ્રભુ છે. એ માગણ નથી મને બીજો કોઈ આપે તો લઉં એવો એ છે જ નહિ એમ કહે છે. કહો, ભીખાભાઈ! એવું કહે છે આ. તું પામર નથી, તું પ્રભુ છે. પણ તારી પ્રભુતાની, મહત્તાની તને તારી ખબર નથી. તારી મહત્તાની તને કાંઈ ખબર નથી. આહા..હા..! તારી એક સમયની પર્યાય ત્રણ કાળ, ત્રણ લોકને જાણે, સમાડી દે દુનિયાને આમ અંદરથી. આહા..હા..! એવો તું એક સમયની પર્યાયમાં તાકાતવાળો એવા અનંતી તાકાતની પર્યાય પડી તારામાં. આહા..હા..! એવા તાકાતવંતને તો તાકાતમાં માન્યો નહિ. અને એને તો પામર તરીકે. આહા..હા..! એને કાંઈક પૈસા હોય તો ઠીક પડે, બાયડી હોય તો ઠીક પડે. રાગ હોય તો ઠીક પડે. સુંદર શરીર નમણું રૂપાળું હોય તો ઠીક પડે. મરી ગયો મારા માગણ! ભિખારી છો કહે છે. એય..! આહા..હા..!

ચક્રવર્તી તે માગતા હશે કોઈ પાસે ભિખારી? આહા..હા..! છ ખંડને સાધ્યો કહેવું પણ એ તો અખંડને સાધ્યો હતો એણે તો. આવે છેને શબ્દ ભાઈ! નિહાલભાઈમાં આવે છે. ચક્રવર્તીએ છ ખંડ સાધ્યાના. એ તો અખંડ સાધ્યું છે એણે. ભગવાન આત્મા અખંડાનંદ પ્રભુ. શબ્દોને મેળ કહે છે. આહા..હા..! છ ખંડ નહિ, છ દ્રવ્યને જાણનારો ભગવાન અખંડ એને સાધ્યો છે. ભલે છ ખંડના રાજ હોય. ... આહા..હા..! એ આની સત્તામાં ક્યાં આવ્યા? આના હોવાપણામાં તો રાગ પણ આવ્યો નથી તો વળી એ ચીજ ક્યાંથી આવે? ભગવાન અરૂપી આનંદઘન નાથ. આહા..હા..! એના હોવાપણામાં આ નયનો વિકલ્પ પણ જ્યાં નથી. એને આ ચીજો આમાં ક્યાંથી આવે અને આ ત્યાં ક્યાં જાય? ભારે ભ્રમ પડ્યો

જગતને. ભ્રમણામાં ભગવાનને ભૂલીને ભવ ભવમાં રખડી મરે છે.

કહે છે અહો..! 'અતીન્દ્રિય સુખ અનુભવાય છે.' આહા..હા..! ભગવાન આત્મા અતીન્દ્રિય સુખનો સાગર જ છે. અપાર સુખનો સાગર છે. એ આત્મતત્ત્વ કેવડું, કેવું છે એની એને ખબર નથી. આહા..હા..! એક જ્યાં શુભભાવ કાંઈક કર્યો એને થઈ ગયું કે આહા..હા..! આપણે તો ધર્મ કર્યો. સમજાણું કાંઈ? પચાસ લાખની મૂડી હોય અને જો પાંચ લાખ આપે. ધર્મધુરંધરનું બિરૂદ આપી દે એને. પથરો નાખે એના નામનો મકાનમાં. શું કહેવાય એ? તક્તી-તક્તી. બહુ તસ્તી લઈને તક્તી કરાવે. આહા..હા..! પણ એ તક્તીમાં તું ગરી ગયો ત્યાં? તારું ત્યાં નામ આવે છે. પછી કેટલાય નામ લખાવે. ફલાણાના સ્મર્ણાર્થે ફલાણાએ એના દસ્તક ફલાણાના. એટલા તો નામ આપે. એક ફેરી આ લીંબડામાં જોયું હતું તે દિ' એકફેરી. એક પાટલો ચણવાનો હતો અને નામ ચાર-પાંચ. મારા ગાંડા તે પણ કાંઈ ગાંડાના ગામ જુદા હશે કીધું. ગામદીઠ ગાંડા. ઓલો મરી ગયો એના બે નામ આપે. પછી નીચે ફલાણાવતી ફલાણાએ. અને આપનાર દસ્તક ફલાણાના. કેટલા નામ પાડે. શું કરવું છે આ? બહાર પડીને, દેખાવ કરીને શું કરવું છે? આહા..હા..!

એક ફેરી સોગાનીએ કહ્યું છે, એલા! ધારણા કરીને તારે શું કરવું? દેખાવ કરવો છે બીજાને? બતાવવું છે મને આવડે છે એમ? શું કરવું છે તારે? એમાં છે એ. ધારી તો લ્યો આપણે કહેવા થાય જ્યારે હોય ત્યારે. તો શું કરવા તારે બતાવવું છે એને? એય..! ચેતનજી! કોને બતાવું છે તારે? મને આવડે છે એમ બતાવવું છે તારે? આવડનારો છે એને તો તું જોતો નથી અને આવી આવડતમાં તારે બહાર પડવું છે.

મુમુક્ષુ :- તો બહાર પડ્યોને.

ઉત્તર :- એ મારગડા જુદા પ્રભુ. જેમાં પરની કોઈ અપેક્ષા નથી. આહા..હા..! એવો ભગવાન આત્મા કહે છે કે અતીન્દ્રિય સુખને અનુભવે છે. આહા..હા..! જે અપૂર્વ દૃષ્ટિ કરતાં. કોઈ દિ' નહિ કરેલી ચૈતન્ય ભગવાન ઉપર પ્રસરીને દૃષ્ટિ. રાગ ઉપર રહીને દૃષ્ટિ કરવી કે આવો આત્મા છું અને આવા ભગવાન છે અને આવા મારા ગુણ છે. એ રાગમાં ઉભો રહીને વાતું કરી બધી. કહો, છગનભાઈ! આવો ધર્મ ભારે આકરો પડે હોં. દેરાવાસીને તો એવું થાય કે આ આવો ધર્મ ક્યાંથી કાઢ્યો? ધર્મ બાપા કાઢે ક્યાં? ઈ તો આવું છે. એવું એનું સ્વરૂપ જ છે. તે ન સાંભળ્યું હોય એટલે કાંઈ બીજું થઈ જાય? આહા..હા..! એ એટલો પૂરો થયો.

## શ્લોક-૭૦

(उपजाति)

एकस्य बद्धो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।७०।।

હવેના ૨૦ કળશમાં નયપક્ષને વિશેષ વર્ણવે છે અને કહે છે કે આવા સમસ્ત નયપક્ષોને જે છોડે છે તે તત્ત્વવેદી (તત્ત્વનો જાણનાર) સ્વરૂપને પામે છેઃ-

શ્લોકાર્થ :- [बद्धः] જીવ કર્મથી બંધાયેલો છે [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ કર્મથી બંધાયેલો નથી [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयोः] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [यः तत्त्ववेदी च्युतपक्षपातः] જે તત્ત્વવેદી (વસ્તુસ્વરૂપનો જાણનાર) પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्यं] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે).

ભાવાર્થ :- આ ગ્રંથમાં પ્રથમથી જ વ્યવહારનયને ગૌણ કરીને અને શુદ્ધનયને મુખ્ય કરીને કથન કરવામાં આવ્યું છે. ચૈતન્યના પરિણામ પરનિમિત્તથી અનેક થાય છે તે સર્વને પહેલેથી જ આચાર્ય ગૌણ કહેતા આવ્યા છે અને જીવને શુદ્ધ ચૈતન્યમાત્ર કહ્યો છે. એ રીતે જીવ-પદાર્થને શુદ્ધ, નિત્ય, અભેદ ચૈતન્યમાત્ર સ્થાપીને હવે કહે છે કે-આ શુદ્ધનયનો પણ પક્ષપાત (વિકલ્પ) કરશે તે પણ તે શુદ્ધ સ્વરૂપના સ્વાદને નહિ પામે. અશુદ્ધનયની તો વાત જ શી? પણ જો કોઈ શુદ્ધનયનો પણ પક્ષપાત કરશે તો પક્ષનો રાગ નહિ મટે તેથી વીતરાગતા નહિ થાય. પક્ષપાતને છોડી ચિન્માત્ર સ્વરૂપ વિષે લીન થયે જ સમયસારને પમાય છે. માટે શુદ્ધનયને જાણીને, તેનો પણ પક્ષપાત છોડી શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરી, સ્વરૂપ વિષે પ્રવૃત્તિરૂપ ચારિત્ર પ્રાપ્ત કરી, વીતરાગ દશા પ્રાપ્ત કરવી યોગ્ય છે. ૭૦.

## કળશ-૭૦ ઉપર પ્રવચન

બીજો. ૭૦મો શ્લોક.

(उपजाति)

एकस्य बद्धो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।७०।।

આહા..હા..! અમૃત ભર્યા છે કળશમાં. કળશ હોય. કળશો છેને જુઓને આ. આ માથું કળશાનું. ભગવાન અંદર બિરાજે છે અમૃતથી ભરેલો. આહા..હા..! એવો આ કળશ છે.

કહે છે કે '**આવા સમસ્ત નયપક્ષોને જે છોડે છે તે તત્ત્વવેદી (તત્ત્વનો જાણનાર) સ્વરૂપને પામે છે :—**' '**જીવ કર્મથી બંધાયેલો છે એવો એક નયનો પક્ષ છે...**' એક જ્ઞાનનો અંશ રાગમાં અટકેલો પક્ષ છે. '**न तथा**' '**જીવ કર્મથી બંધાયેલો નથી...**' એમ લીધું અહીંયાં. '**न तथा**' ઓલો બંધાયેલો છે. નિશ્ચયથી કહે ના, બંધાયેલો નથી. એ પણ એક વિકલ્પ છે રાગ. '**એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે...**' આમ ભગવાન જ્ઞાનસ્વરૂપ છે. એ પ્રભુ ચૈતન્ય તો જ્ઞાન, જ્ઞાતા, દૃષ્ટાના સ્વભાવથી પરિપૂર્ણ છે. એને વિષે '**બે નયોના બે પક્ષપાત છે.**' એક વ્યવહારનો અને એક નિશ્ચયનો. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જે તત્ત્વવેદી...**' '**च्युतपक्षपातः**' પણ તત્ત્વવેદી એટલે વસ્તુનો જાણનાર. ભગવાન જ્ઞાનસ્વરૂપ છે. એવું જેણે અંદરમાં જાણ્યું છે એ આ નયના પક્ષથી રહિત થયો છે. સમજાણું કાંઈ? '**જે તત્ત્વવેદી...**' એમ છેને? તત્ત્વવેદી. તત્ત્વના નિજસ્વરૂપ ભગવાન આત્મા પૂર્ણ આનંદ એનો વેદી-જાણનારો. '**પક્ષપાતરહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ તે ચિત્સ્વરૂપ જ છે...**' એ તો જ્ઞાતા તે જ્ઞાનસ્વરૂપ જ ત્રિકાળ છે. એમાં વિકલ્પનો અવકાશ છે નહિ. આહા..હા..! આવી વાતું ભારે ભાઈ! હવે આવી વાતમાં કાંઈ સાધન હશે કે નહિ બીજા? કે પાધરા આમ જ તે પાધરો આવો? પાધરો જ એવો છે એ. અહીં તો કહ્યુંને કે આવા વિકલ્પ છે એ સાધન નથી. પછી પ્રશ્ન તારે શું લેવો છે? આહા..હા..!

તત્ત્વનો જાણનાર તેને તો નિરંતર જ્ઞાનસ્વરૂપ જીવ. જ્ઞાનસ્વરૂપ જીવ. વિકલ્પ સ્વરૂપ એમ નહિ. જ્ઞાનસ્વરૂપ જીવ તે ચિત્સ્વરૂપ જ છે. '**(અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે).**' આહા..હા..! નિરંતર ધર્મીને તો જ્ઞાન અને આનંદસ્વરૂપી

ભગવાન છે એવું એને સદા વેદન નિરંતર હોય છે. આહા..હા..! ભારે! આ બધા ઝઘડા, વાદવિવાદના. આહા..હા..! 'સદ્ગુરુ કહે સહજકા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' એમાં વાદવિવાદને અવકાશ ક્યાં છે. પ્રભુ પોતે જ્ઞાનસ્વરૂપી એમ કરીને જ્ઞાનપ્રધાનપણે આત્માને જ્ઞાન તે આત્મા એમ. એવા અનંતાગુણની અવિનાભાવી શક્તિવાળું તે તત્ત્વ. એનું જ્યાં અંતરમાં ભાન થયું એને તો આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એને આ વિકલ્પવાળો છે અને રાગવાળો છે એવું રહેતું નથી. આહા..હા..!

ચિત્સ્વરૂપ જીવ. એ આત્મા એટલે શું? જ્ઞાનસ્વરૂપ. જ્ઞાનસ્વભાવ, જ્ઞાયકભાવ એ એનો સ્વભાવ. એ જેવો છે એવો નિરંતર 'सततम्' છેને? 'चित् खलु नित्यं' એમ છેને ત્યાં? નિરંતર. જ્ઞાયકભાવ સ્વરૂપી ભગવાન જેને અંતરમાં નિરંતર આનંદ અને જ્ઞાનસ્વરૂપે જ વેદાય છે. એ રાગરૂપે થયો નથી, રાગરૂપે રહેતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શન થતાં, સાચી દૃષ્ટિનો અનુભવ થતાં આ ચીજ ભગવાન પૂર્ણાનંદ છે એને તો નિરંતર જ્ઞાન અને આનંદનું જ વેદન છે. એને રાગનું વેદન નથી એમ કહે છે. હવે એ રાગ છે ખરો. પણ એને પૃથક્ જ્ઞેય તરીકે જાણતો વેદનમાં એને લાવતો નથી. આહા..હા..! કહો, પોપટભાઈ! ભારે કામ આવું. પૈસામાં આવી મહેનત નહિ પડી લ્યો. ધૂળમાંય કાંઈ નથી ત્યાં શું મહેનત હતી?

એક વોરો હતો નહિ અમારે કહેતા હતા ભાઈ દરબાર. ઘણા પૈસા છે. બાબરાનો. બોલતા પણ ન આવડે કહે. એવું બોલતા બે ભાષા કાંઈક એવી હતી નહિ? દરબાર આમ કહેતા. એને પૂછે કે આ તમારી બાયડી ક્યાં? એ ફલાણાના ફલાણાની એવી ભાષા બોલે છે કે કોળી જેવી. અને ઘણા લાખોપતિ. ઘણા લાખોપતિ. લોટિયા વોરા હતો. બાબરા. એ કાંઈક બોલતા હતા. સાંભળ્યું હતું તમે? આપણને તો આવડે નહિ એ ભાષા. એવું બોલતો એવું કહે છે. આ કોણ છે? ફલાણાની.. ફલાણાની.. એવી ભાષા કાંઈક. કાંઈ ભાન વિનાની. કહ્યું નહોતું એકફેરી આપણે ત્યાં અમારે બોટાદમાં એક હતા અમૃતલાલભાઈ કરીને. .. હતા નહિ? એના બાપના બાપ હતા. બહુ ભદ્રીક, બહુ ભદ્રીક. ગાળ દેતા આવડે નહિ. એક સાથે તકરાર થઈ કોક સાથે. તો તકરાર થઈ અને બહુ ખીજાણા તો આટલું બોલ્યા. તારી માના નાતરામાં પૂછડું મારું. ગાળ પણ દેતા આવડી નહિ. શું કહે છે? અમૃતલાલ. કાલીદાસભાઈના બાપના બાપ. એનો બાપ હુકમચંદ અને એનો બાપ. બધાને જોયેલાને ત્યાં. બહુ ખીજાણા ત્યારે આવું બોલ્યા. ભદ્રીક માણસ બિચારા. બહુ એવું કાંઈ. તારી માના નાતરામાં પૂંછડું મારું? એટલે અર્થ શું આ? નાતરામાં પૂંછડું મારું એટલે અર્થ શું? એય..! પોપટભાઈ! આ એવું બધું બોલતો કહે છે એવું કાંઈક. લોટિયાનો હતો. ઘણા લાખો પતિ. ઘણા લાખોપતિ. આહા..હા..! આમાં શું ધૂળમાં? કાંઈ આવડત હોય તો જ પૈસા આવે એવું કાંઈ છે? એય..!

હસુભાઈ! બુદ્ધિના બારદાન હોય અને કરોડોપતિ હોય. આહા..હા..! બુદ્ધિના ખાં હોય. બે હજાર મહિને પેદા કરવા પરસેવા ઉતરતા હોય. એને લઈને .. ક્યાં ચીજ છે? આ તો પુરુષાર્થથી પ્રગટ થાય છે એમ કહે છે. આ કાંઈ કર્મ માર્ગ આપે તો થાય અને આમ થાય એમ નથી. આહા..હા..! નિજ લક્ષ્મી પ્રાપ્ત થવામાં અનંત પ્રયત્ન છે. જેનો વિકલ્પ તૂટીને સ્વરૂપની દૃષ્ટિ થતાં અનંત આનંદનું વેદન એવો જે પુરુષાર્થ મુક્તિના ધામમાં બેઠો એ. એ હવે અલ્પકાળમાં એને પર્યાયમાં મુક્તિ થશે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું છે.

'**ભાવાર્થ :- આ ગ્રંથમાં પ્રથમથી જ વ્યવહારનયને ગૌણ કરીને...**' જુઓ, વ્યવહારનયને તો ગૌણ કરતા જ આવ્યા છે પહેલેથી. કર્મનો સંબંધ ને રાગ ને ફાગ ને એ બધું આત્મામાં નથી. એવું કરતાં જ આવ્યા છે કહે છે. '**શુદ્ધનયને મુખ્ય કરીને કથન કરવામાં આવ્યું છે.**' અખંડાનંદ પ્રભુ અબદ્ધસ્પૃષ્ટ એવો જે આત્મા એને શુદ્ધનયથી આવો છે એમ કથન કરવામાં આવ્યું છે. '**ચૈતન્યના પરિણામ પરનિમિત્તથી અનેક થાય છે...**' ભગવાન આત્મામાં કર્મના નિમિત્તથી પુણ્ય-પાપના, દયા-દાનના, વ્રતાદિના પરિણામ અનેક થાય છે. '**તે સર્વને પહેલેથી જ આચાર્ય ગૌણ કહેતા આવ્યા છે...**' એવા વ્યવહારને તો ગૌણ કરતા આવ્યા છે. એ નહિ, નહિ આત્મામાં. સમજાણું કાંઈ?

'**અને જીવને શુદ્ધ ચૈતન્યમાત્ર કહ્યો છે.**' અને એ ભગવાન શુદ્ધ પવિત્ર ચૈતન્યમાત્ર પ્રભુ છે. એકલું પવિત્રનું ધામ પ્રભુ છે. '**એ રીતે જીવ-પદાર્થને શુદ્ધ,...**' કહેતા આવ્યા છીએ. '**નિત્ય,...**' કહેતા આવ્યા છીએ. આહા..હા..! '**અભેદ ચૈતન્યમાત્ર સ્થાપીને...**' ભગવાન અરૂપી અખંડાનંદ અભેદ એકરૂપે છે. એમ અભેદને '**ચૈતન્યમાત્ર સ્થાપીને હવે કહે છે કે-આ શુદ્ધનયનો પણ પક્ષપાત (વિકલ્પ) કરશે તે પણ તે શુદ્ધ સ્વરૂપના સ્વાદને નહિ પામે.**' વ્યવહાર તો ક્યાંય ગૌણ કરતા આવ્યા છીએ. આહા..હા..! પણ આ આત્મા શુદ્ધ છે, નિત્ય છે. સમજાણું કાંઈ? એકરૂપ ચૈતન્યમાત્ર ધ્રુવ અભેદસ્વરૂપ છે. એવું કહેતા આવ્યા છીએ, પણ જો એનો પણ રાગના વિકલ્પથી પક્ષ રહેશે. તો એ ચૈતન્યસ્વરૂપને પામશે નહિ. આહા..હા..!

તો જો એ '**શુદ્ધનયનો પણ પક્ષપાત (વિકલ્પ) કરશે તે પણ તે શુદ્ધ સ્વરૂપના સ્વાદને નહિ પામે. અશુદ્ધનયની તો વાત જ શી?**' લ્યો! આહા..હા..! એ રાગવાળો, પુણ્યવાળો, વ્યવહારવાળો, સંબંધવાળોને એની તો વાત પણ શી કરવી? એ તો ક્યાંય રહી ગયો આઘે. આહા..હા..! એ પૈસાવાળો, બાયડીવાળો, છોકરાવાળો, એ તો ક્યાંય નકાર કરતા આવ્યા છીએ. એનો છે નહિ ત્રણ કાળમાં. આ વ્યવહારના વ્રત, નિયમ અને શુભભાવ. એનો છે એનો પણ નિષેધ કરતા આવ્યા છીએ કહે છે. આહા..હા..! .. એ ભગવાન શુદ્ધ નિત્ય ચૈતન્યમાત્ર. એને અમે શુદ્ધનયનો વિષય કહેતા આવ્યા છીએ. પણ છતાં એનો જેને

વિકલ્પ રહ્યા કરશે. આવા છીએ... આવો છે... આવા છીએ... તો એ શુદ્ધસ્વરૂપના સ્વાદને નહિ પામે. તો એને આત્માના આનંદનો સ્વાદ નહિ આવે. આહા..હા..! કહો, હસુભાઈ! હવે આત્માનો સ્વાદ હશે? સ્વાદ તો આ મૈસુબનો હોય. આને .. શેનો સ્વાદ છે? રાગનો. આ પૈસાનો સ્વાદ છે? એ તો જડ છે. બાયડીના શરીરનો સ્વાદ છે? આ તો માટી, ધૂળ છે, માંસ, હાડકા છે. એના ઉપર લક્ષ જતા જે રાગ થાય છે એ રાગનો એને સ્વાદ છે. ઝેરનો. આહા..હા..!

મુમુક્ષુ :- રાગનો તો ઠીક પણ ઝેરનો ક્યા?

ઉત્તર :- હવે રાગ કહો કે ઝેર કહો બે એક જ છેને. આહા..હા..! અરેરે..! ભગવાન અમૃતસ્વરૂપ અતીન્દ્રિય આનંદનો નાથ એનાથી વિરુદ્ધ રાગ તો ઝેર છે. આ તો અશુભની વાત કરી, પણ શુભરાગને પણ ઝેર કહ્યું છે અહીં તો. આહા..હા..! પૈસા તરફનો રાગ, રાજીપો, આબરૂ વધી, આ વધ્યું, તે વધ્યું. શ્રીમદ્ે ન કહ્યું? ‘લક્ષ્મી અને અધિકાર વધતા શું વધ્યું તે તો કહો, શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો. વધવાપણું સંસારનું નર દેહને હારી જવો.’ આહા..હા..! ‘તેનો વિચાર અહો એક પળ પણ તમને હવો’ એમ કહે છે. સોળ વર્ષે કહે છે. શરીરની ઉંમર સોળ હોં. આત્માની ઉંમર છે નહિ એ તો અનાદિ-અનંત છે. આહા..હા..! એની તો વાત પણ ક્યાં ગઈ ભાઈ અહીં તો. આહા..હા..! આંગણે આવીને હું આવો અને તેવો એમાં ગોખવામાં ઉભો રહીશ કહે છે. અંદર ગોખવું હોં. તોપણ તને ક્ષોભ નહિ મટે ભાઈ! એ તો ક્ષોભ પોતે છે. સમજાણું? તો અશુદ્ધની તો વાત જ શી કરવી? આ શુદ્ધનયમાં આવો છું અને તેવો છું એવી વિકલ્પદશા પણ. આહા..હા..! માણસને કેટલાકને એવું લાગે છે કે આ વાતું તો એલ.એલ.બી.ની છે. પાગલને માટે છે. પણ અહીં તો એકડામાં પહેલાની વાત છે આ. આહા..હા..! કાંઈક વ્રત પાળીએ, દયા કરીએ, દાન કરીએ, ભક્તિ કરીએ, પૂજા કરીએ, જાત્રા કરીએ. કરતાં-કરતાં થાતું હશે કે એમ ને એમ થાતું હશે? લ્યો ઠીક! એ તો કહે છે કે રાગ કરવો એનો તો નિષેધ કરતા આવ્યા છીએ. એ તો ધર્મનું કારણ છે નહિ. આહા..હા..! પણ ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ પ્રભુ છું. એવી પણ એક વિકલ્પની લાગણીમાં રોકાણો. તો સ્વરૂપની શ્રદ્ધાનો અનુભવ નહિ થાય. આહા..હા..! સમજાણું કાંઈ?

‘**પણ જો કોઈ શુદ્ધનયનો પણ પક્ષપાત કરશે તો પક્ષનો રાગ નહિ મટે તેથી વીતરાગતા નહિ થાય.**’ ઓલા કહે છે કે વીતરાગ તો આઠમે થાય. અરે..! ભગવાન! તને ખબર નથી ભાઈ! એ વીતરાગ સ્વરૂપ જ આત્મા છે. એનો જ્યાં અનુભવ અને દૃષ્ટિ થઈ તો પર્યાયમાં વીતરાગતા જ આવી. વીતરાગી સમકિતને સમકિત કહ્યું છે. ઓલું રાગવાળું સમકિત ને ફલાણું એ. ગોટા વાળે છે કેટલાય. એય..! ચેતનજી! એ તમારો ઓલો વિવેક

ઈ લખે છે. જયસેનાચાર્યમાં સરાગસમકિત કહ્યું છે. ચોથે, પાંચમે, છઠ્ઠે સુધી સરાગ સમકિત કહ્યું. વીતરાગ તો સાતમે-આઠમે આગળ હોય. આહા..હા..! કહો, સમકિત સરાગ હોય જ નહિ પણ. સમ્યક્ ચૈતન્ય વસ્તુ પૂર્ણ ધ્રુવ સ્વરૂપ એના અવલંબનથી પ્રતીતિ જે સમ્યક્ થયું એ તો વીતરાગ ભાવ એ સમકિત. સમકિત પોતે વીતરાગભાવવાળી જ પર્યાય છે. સમજાણું કાંઈ? ભારે કામ ભાઈ! આહા..હા..! અરે..! આવા માણસપણા ચાલ્યા જાય છે જુઓને મૃત્યુની નજીક જાય છે. જે મુદત લઈને આવ્યો છે દેહની એમાં કાંઈ એક સમય વધે એવું નથી. આહા..હા..! ચાલ્યો જાય છે એની મૃત્યુની સન્મુખ. પણ એણે આત્માની સન્મુખતા ન કરી તો એ મૃત્યુમાં મૂંઝાઈ જવાનો, મરવાનો એ. હાય.. હાય.. તરફડિયા મારશે પછી. હાય... હાય... કાંઈ સહન થાતું નથી. આમ વેદનનો પાર નહિ. .. છે. આમ ચોપડો, મોસંબી આપો, ઉપર મોસંબી ચોપડો. આહા..હા..! અરે..! ઠંડક કાઢને અંદરથી. આહા..હા..! પણ એ તો કોઈ દિ' સાંભળ્યું ન હોય. આહા..હા..!

કહે છે કે '**પક્ષપાતને છોડી ચિન્માત્ર સ્વરૂપ વિષે લીન થયે જ...**' આહા..હા..! હવે રાગ તો દસમા ગુણસ્થાન સુધી રહે અને તમે પહેલેથી રાગ વિનાનો કરી નાખ્યો અહીં. અરે..! ભગવાન ભાઈ! રાગ વિનાનો જ છે ત્રણે કાળે. દૃષ્ટિમાં આવ્યો તોપણ રાગ વિનાનો, રહ્યો છે તોપણ રાગ વિનાનો. રાગ છે ભલે એ તો પૃથક્ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**પક્ષપાતને છોડી ચિન્માત્ર સ્વરૂપ વિષે લીન થયે જ સમયસારને પમાય છે.**' લ્યો! અહીં તો હજી સમયસાર એટલે આત્માને ત્યારે જ પમાય છે. ત્યારે જ એને આત્મજ્ઞાન. આત્મજ્ઞાન, આત્મજ્ઞાનને? અહીં ક્યાં રાગનું જ્ઞાન અને શાસ્ત્રનું જ્ઞાન એ તો એકકોર રહી ગયું. સમજાણું કાંઈ? એ આત્મજ્ઞાન એ વીતરાગી પર્યાય છે. સમ્યગ્દર્શન એ વીતરાગી પર્યાય છે. આહા..હા..! સ્વરૂપચારણ અનંતાનુબંધીના અભાવથી થયું એ પણ વીતરાગી પર્યાય છે.

'**માટે શુદ્ધનયને જાણીને, તેનો પણ પક્ષપાત છોડી શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરી, સ્વરૂપ વિષે પ્રવૃત્તિરૂપ ચારિત્ર પ્રાપ્ત કરી,...**' આગળ વધીને. અંદરમાં ઠરતાં વસ્તુની ચૈતન્યની સમ્યગ્દર્શનમાં સ્વરૂપની પ્રવૃત્તિ થઈ, પણ હવે વિશેષ ઠરતાં ચારિત્ર થાય. ચારિત્ર કોઈ ક્રિયાકાંડ નથી. એ '**સ્વરૂપનો અનુભવ કરી, સ્વરૂપ વિષે પ્રવૃત્તિરૂપ ચારિત્ર પ્રાપ્ત કરી,...**' આગળ વધવાની વાત કરી. '**વીતરાગ દશા પ્રાપ્ત કરવી યોગ્ય છે.**' આહા..હા..! કરવાનું હોય તો આ છે. બાકી બધી હોળીયું છે. કષાયની અગ્નિ, ભઠ્ઠી બળે છે. આહા..હા..! અને એ કરવાનું માંડ અવસર તો મનુષ્યપણામાં મળે છે. બીજામાં મળે પણ કોઈ જવ્વલેજ. અને અહીંયાં તો ખાસ સાધન તો આ છે બધું. અંતર સમજવાનું સાધન, ઠરવાનું સાધન બધું અહીં છે. ક્ષયોપશમ છે અહીં. આહા..હા..! આ તો પોતાના માટેની વાત છેને? પોતાના હિતની વાત છેને આ તો?

'સ્વરૂપ વિષે પ્રવૃત્તિરૂપ ચારિત્ર પ્રાપ્ત કરી,...' જુઓ, આ ચારિત્રની વ્યાખ્યા કરી. ઓલા પંચ મહાવ્રતના વિકલ્પ અને નગ્નપણું એ ચારિત્ર નહિ. આહા..હા..! ઓલો કહે ઓશો એ ચારિત્ર છે. આ વળી કહે કે મોરપીંછી એ ચારિત્ર છે. અરે..! આહા..હા..! અરે..! ભાઈ! છેતરાઈ જઈશ નાથ! તને ખબર નથી. તારા સુખથી છેતરાઈ ગયો છો તું. તને ખબર નથી. હોંશે હોંશે છેતરાય છે. આહા..હા..! કેમ છેતરાણો છું એની એને ખબર નથી. ખબર નથી એને. આહા..હા..! 'વીતરાગ દશા પ્રાપ્ત કરવી યોગ્ય છે.' અહીં તો પહેલું સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું એ વીતરાગી સમકિત, પછી સ્વરૂપમાં ઠરીને વીતરાગતા પ્રાપ્ત કરવી એ ચારિત્ર. એનાથી મુક્તિ થાય છે. એ સિવાય કોઈ મુક્તિનો ઉપાય છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૭૦

(उपजाति)

एकस्य मूढो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।७१।।

શ્લોકાર્થ :- [मूढः] જીવ મૂઢ (મોહી) છે [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ મૂઢ(મોહી) નથી [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयोः] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [यः तत्त्ववेदी च्युतपक्षापातः] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्यं] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે). ૭૧.

**માગશર સુદ-૯, ગુરુવાર, તા. ૧૪-૧૨-૧૯૭૨**
**કળશ-૭૧ થી ૭૫, પ્રવચન-૨૫૨**

૭૧.

(उपजाति)
एकस्य मूढो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।७१।।

શું અધિકાર ચાલે છે? કર્તાકર્મ. કે આ આત્મા જે વસ્તુ છે જ્ઞાનસ્વભાવી ચિદ્‌ઘન અનાદિ-અનંત અગાધ છે. એ વસ્તુ પોતે અને પોતા સિવાય શરીર, વાણી, કર્મ, દેશ, કુટુંબનું કાંઈ કરી શકે નહિ. કેમકે એ પરદ્રવ્ય છે. પરદ્રવ્યની પર્યાયને આ સ્વદ્રવ્ય કરે નહિ. એ ઉપરાંત અહીંયાં તો એ છે કે વ્રત, તપ, પૂજા, ભક્તિ, હિંસા, જૂઠું, વિષય, વાસના આદિના ભાવો એ પણ મારું કર્તવ્ય છે અને હું કર્તા છું એ દૃષ્ટિ વિપરીત છે. આગળ જતાં હવે તો અંતરની વાત કરે છે. હજી પહેલેથી મૂઢ જીવ બદ્ધ નથી. કર્મ સાથે બંધ નથી. વસ્તુને બંધ કેમ હોય? એ બદ્ધનો તો નિષેધ કરતા આવ્યા છે. પણ આત્મા અબદ્ધ છે, વસ્તુ તરીકે છે, એનો પણ જો પક્ષ રાગનો, વિકલ્પનો નય પક્ષ રહી જશે તો એને કર્તાકર્મપણું નહિ મટે. આહા..હા..! કેમકે એ તો જ્ઞાનસ્વરૂપ છે ભગવાન. ચૈતન્ય ચક્ષુ છે એ તો. જ્ઞાનમૂર્તિ. એ હું અબદ્ધ છું એવો એક મનના સંગે વિકલ્પ રાગ ઉઠાવે અને એ રાગનો કર્તા થાય અને રાગ મારું કર્તવ્ય એ પણ મિથ્યાદૃષ્ટિ છે.

બદ્ધ છું એ તો મિથ્યાબુદ્ધિ છે. કારણ કે વસ્તુ બદ્ધ નથી. પણ અબદ્ધ છું, વસ્તુ અખંડ અભેદ એક સ્વરૂપ એ અબદ્ધ છે. પરથી બદ્ધ નથી એવો પણ એક નયનો જ્ઞાનમાં અંશનો વિકલ્પવાળું જ્ઞાન, વિકલ્પવાળું જ્ઞાન એ વિકલ્પનો કર્તા થઈને ત્યાં અટકે છે એથી એને વસ્તુની પ્રાપ્તિ થતી નથી. આહા..હા..! ભારે આકરું કામ. કહો, સમજાણું કાંઈ? અહીં તો હજી દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ કરતાં-કરતાં આગળ ધર્મ થાશે. એ અટકેલા છે. એની તો અહીં વાત જ નથી.

મુમુક્ષુ :- એવાનો-વ્યવહારનો તો કરતા જ આવ્યા છીએ.

ઉત્તર :- એ તો કરતા જ આવ્યા છે. કીધું છેને. ..ભાઈ! એવી વાત છે. ...શબ્દ છે કડક. કે પરિણામ તો પરિણમ્યું જે આ, પરિણમન જે આ. હું તો એવો ને એવો છું. હવે એ જાણે છે કોણ? જાણે છે તો પર્યાય. એય..! આ વિકલ્પ તો એકકોર રહી ગયો હવે. પણ પરિણામ જ્યાં પરિણમે છે, પરિણમે છે. છતાં વસ્તુ તો એમ ને એમ રહે છે ધ્રુવ. દૃષ્ટિનો વિષય ધ્રુવ છે. દૃષ્ટિ છે પર્યાય. એ જાણે છે પર્યાય. એ પરિણમી ગયા એ પરિણામ અને હું તો એવો ને એવો. હું એવો ને એવો કહે છે તો પર્યાય. જાણે છે પર્યાય. સમજાણું કાંઈ? એ તો આ વિકલ્પની પાછળ ત્યાં ... આહા..હા..! ચિદ્‌ઘન વસ્તુ. એટલે? એ વસ્તુ છે એ તો જ્ઞાનનો સ્વભાવરૂપ ભાવ એ વસ્તુ. હવે એ વસ્તુમાં એને હું આવો છું અબદ્ધ તો એ વસ્તુ તો છે અબદ્ધ ખરી પણ એનો વિકલ્પ કરવો કે હું અબદ્ધ છું... અબદ્ધ છું... અબદ્ધ છું... ત્યાં સુધી એ રાગનું કર્તાપણું અને રાગ તેનું કાર્ય એમ માનતો, સ્વરૂપને સ્પર્શતો નથી. આહા..હા..! ભારે વાતું ભાઈ! કહો, સમજાણું કાંઈ?

હવે અહીં મૂઢનું આવ્યું છે. '**જીવ મૂઢ (મોહી) છે...**' એનો તો નિષેધ કરતા આવ્યા છીએ કહે છે. મોહી જીવ છે જ નહિ. જીવ તો જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ છે. પણ બે બોલ સાથે લેવા નિષેધ કર્યો એની સાથે આમાં લીધો. એક વિચારે છે પણ મોહી જીવ છે. '**એવો એક નયનો પક્ષ છે...**' વ્યવહારનયનો. એ તો અભૂતાર્થનયનો પક્ષ છે. આહા..હા..! વસ્તુ બીજો પક્ષ એ કે મોહી નથી. વાત સાચી છે. ભગવાન આત્મા તો વીતરાગસ્વરૂપી જિનસ્વરૂપ છે. આત્મા જિનસ્વરૂપે જ છે. એટલે કે અમૂઢ છે. છતાં અમૂઢ છું એવો એક નયનો એટલે જ્ઞાનના રાગવાળો પક્ષ રહી જાય છે તો તે આત્માને સ્પર્શી શકતો નથી. આહા..હા..! ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ?

એ જે આવા પક્ષમાં રહેતા જ્ઞાનસ્વરૂપ ભગવાન એમાં એની એકતા થતી નથી એમ કહે છે. આહા..હા..! કહે છે કે હું મોહી નથી. એવો પણ એક જ્ઞાનના અંશનો રાગવાળો પક્ષ છે એક. આહા..હા..! બહુ ઝીણું! વાત તો આ છે. બાકી બધી ધૂળધાણી છે. આહા..હા..! સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવનું આ ફરમાન છે. ભાઈ! તું એક સર્વજ્ઞપણે હું છું એમ જો તું માનતો હોય તો તારો સ્વભાવ જ્ઞાયક છે તેમાં તેને એકતા (થવી) જોઈએ. આવો હું છું. અબદ્ધ કહો કે સર્વજ્ઞસ્વભાવી કહો કે મુક્તસ્વરૂપ છું. એવો એ વિકલ્પ જે છે એ વસ્તુ નહિ પ્રાપ્ત કરે. આહા..હા..! ભારે માર્ગ ભાઈ! આહા..હા..! હજી તો આવો માર્ગ સાંભળવા મળે નહિ. એની જિંદગીયું ક્યાં જાય? આહા..હા..! સમજાણું કાંઈ? ત્રિલોકનાથ તીર્થંકરદેવ વીતરાગ પરમાત્મા એક સમયમાં જેણે ત્રણ કાળ, ત્રણ લોક (જાણ્યા). એ તો છે એવું જણાયું છે. પણ ન હોય એવો અનંતગણું હોય તો એ જાણનાર શું ન જાણે? સ્વાહા. નહોતું આવ્યું સવારમાં? અગ્નિમાં શું (અનંત લોક) ન જાય બળીને? જેટલું જાય

એટલું લાકડા બાળે એને. આહા..હા..!

મુમુક્ષુ :- અગ્નિમાં લાકડા નાખો તો ચાલ્યો જ જાય.

ઉત્તર :- ચાલે જ જાય. બળે... બળે... બળે... સૂકા બળે. લીલાને સૂકા કરીને બાળે. આહા..હા..! એમ ભગવાન આત્મા એની જ્ઞાનની દશામાં શું ન જાણે? જેટલું છે એટલું તો જાણે. એથી અનંતગણુ હોય તોપણ એ જાણે. આહા..હા..! એવો એનો સ્વભાવ છે. વેલડીનો દાખલો આપ્યો છેને. પરમાત્મપ્રકાશમાં.

મુમુક્ષુ :- એનો પણ અર્થ બીજો કરે.

ઉત્તર :- એ તો બીજો અર્થ કરે. એ બધા ઉંધા. જ્ઞેય નથી માટે જાણતો નથી. જ્ઞેય છે તો જાણેને એમ. અરર..! ભગવાન! શું તું કહે છે આ? જ્યારે એના જ્ઞાનના સામર્થ્યમાં હદની વાતું કરવા જાય ત્યારે તું જ્ઞેય નથી માટે જાણતો નથી? આહા..હા..! દૃષ્ટિ ફેરે ફેર. એ શું કહ્યું? અહીંયાં જ્યારે એમ કહેવાય કે જ્ઞાનસ્વરૂપ ભગવાન ચૈતન્ય પ્રકાશનું તેજ એનો જે પર્યાય પ્રગટ્યો એ પર્યાય કોને ન જાણે? જેટલું અસ્તિ બધું જ્ઞેય છે એ જ્ઞેયને બધાને જાણે. ત્યારે કહે જ્ઞેય નથી એથી પણ અનંતગણુ જાણવાની એની શક્તિ છે. ત્યારે ઓલા કહે છે કે જ્ઞેય નથી માટે જાણતો નથી. .. કહે છે. અહીં કહે છે કે એ જ્ઞેય નથી કે છે એની સાથે કોઈ સંબંધ નથી. એની પર્યાયનો એટલો સ્વભાવ છે. કાંતિભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- અહીં ઉપાદાનનું સાહસ બતાવે તો

ઉત્તર :- તો ઓલા નિમિત્તનું એમાંથી એ કાઢે છે. અરેરે..! ક્યાં દૃષ્ટિ તારી જાય છે, ભાઈ! તારા સ્વભાવના સામર્થ્યની આટલી વાત જ્યારે કહેવામાં આવે. ત્યારે શું કહે છે? ઈ ઓલા જ્ઞેય નથીને તેથી ક્યાંથી જાણે? નિમિત્ત હોય તો જાણેને. માટે નિમિત્તથી જાણે છે એમ. આહા..હા..! ઓહો..હો..! જીવને પણ કાંઈ અવળો એટલો એવો ઉંધો પણ એટલો. આહા..હા..! કહે છે હું મોહી નથી. તું મોહી નથી એ વસ્તુ બરાબર છે. પણ મોહી નથી એવો રાગનો વિકલ્પ છે એ બરાબર નથી. આહા..હા..! અહીં સુધી લઈ જવું છે. બાપુ! તું પ્રભુ છો, ભાઈ! તું ભગવાન છો. આહા..હા..!

નહોતું કહ્યું એક ફેરી વડોદરાનું. ૬૪-૬૫-૬૫ની સાલની વાત હશે. વડોદરામાં. પાલેજમાં દુકાન હતીને. પછી વડોદરા માલ લેવા ગયેલા. ૬૪-૬૫ની વાત છે. દીક્ષા ૭૦માં થઈ. એના પહેલા છ વર્ષ પહેલા. ત્યાં નાટક હતું એક ... અનસૂયાનું. મોટું નાટક હોં મોટું. અનસૂયા બાઈ થાય. અહીં નર્મદા છેને એની પાસે. એ પણ બેન હતા બેય. એ અને અનસૂયા બે બહેનો હતા. મોટું નાટક હતું. ટિકિટ બાર આના લીધી. ચોપડી લીધી. શું કહે છે આ નાટકમાં. સમજ્યા વિના બોલે (તે) શું ખબર પડે. તે દિ'ની વાત છે હોં. આહા..હા..! ૧૯ વર્ષની ઉંમર. ૧૯ વર્ષની ઉંમર. ત્યાં એક બાઈ છે અનસૂયા. એ વગર પરણે સ્વર્ગમાં જાય છે.

એમાં આવે છેને અપુત્ર ગતિ નાસ્તિ. કારણ કે શ્રાદ્ધ નાખનાર જોઈએ. મારે હારે. આહા..હા..! પછી સ્વર્ગમાંથી નકાર આવે છે. કે અહીં નહિ દીકરા વિનાના (સ્થાન ન મળે). તો કરવું શું? કે નીચે પરણ. કોને પરણું? જે મળે એને પરણ. અને એ ગામમાં આંધળો હતો ત્યાં બરાબર ગઈ. એને પરણી. છોકરું થયું. બતાવે ત્યાં. છોકરું કોકનું લઈ આવે. ઘોડિયામાં નાખીને. એવું હોય .. બહુ તોફાની.. આવેને? શેઠ! રાડુ પાડે છોકરો ... પછી આમ બોલે છે. બેટા! તુ નિર્વિકલ્પોહં શુદ્ધોહં ઉદાસીનોહં. એમ બોલે હોં. એની મા એને છોકરાને હીંચકાવામાં આમ બોલતા. વાહ કીધું. પહેલેથી આ સંસ્કાર. આ તો કહે કે હું રાગી છું અને દ્વેષી છું અને મોહી છું. એમ રહેવા દે. અમોહી છું એને નાખ સંસ્કાર પહેલાં. પણ અમોહી છું એવો વિકલ્પ પણ આત્મામાં આદરવા જેવો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સભા મોટી હોયને આમ નાટક. મોટું હતું. આમ બોલે શુદ્ધો છું, બુદ્ધો છું. તું શુદ્ધ છો, પ્રભુ! તું બુદ્ધ છો, જ્ઞાનનો પિંડ છો. નિર્વિકલ્પો(હં). રાગ અને ભેદ વિનાની ચીજ તું છો. ઉદાસીનો(હં). પણ નિર્વિકલ્પ નથી એવી ગોખણપટ્ટી જે અંદર છે. એવો વિકલ્પ રાગ છે. તે પક્ષ છે એ જૂઠો છે. આહા..હા..!

**'આમ ચિત્સ્વરૂપ જીવ વિષે...'** છે તો ભગવાન જ્ઞાનસ્વરૂપ. ચૈતન્યસૂર્ય. ચૈતન્યસૂર્ય. ચૈતન્યના પ્રકાશનો પૂંજ પ્રભુ આત્મા. એવો જે એ **'બે નયોના બે પક્ષપાત છે.'** આવો ભગવાન સ્વરૂપ પ્રભુ એને જ્ઞાનના અંશમાં બે પક્ષના રાગવાળો માન્યો છે. એક ઓલો વ્યવહારનો તો નિષેધ કરતા જ આવ્યા છે. મોહ તો નથી. પણ હવે તો અમોહ છું એવો જે વિકલ્પ એને છોડવા માગે છે. આહા..હા..! ભારે! કહે છે એ બે પક્ષપાત છે. **'यः तत्त्ववेदी च्युतपक्षापातः'** પણ જે તત્ત્વ જ્ઞાનાનંદ સ્વરૂપ એને જે એકાગ્ર થઈને જાણનારો, વેદનારો એ પક્ષપાતરહિત છે. મોહરહિત કે મોહસહિત એ બે વિકલ્પ એને છે (નહિ). આહા..હા..! ભારે આકરું! આવું તો વસ્તુનું સ્વરૂપ જ છે આ. કીધુંને. **'तत्त्ववेदी...'** ચૈતન્ય તત્ત્વનો જાણનાર ભગવાન જ્ઞાનમૂર્તિ એનો જાણનાર. પક્ષપાત રહિત છે. એ મોહનો મોહી છું એ તો વાત છે જ નહિ. કારણ કે રાગસહિત છું અને શરીરસહિત છું એ તો મિથ્યાદષ્ટિ માને છે. સમજાણું કાંઈ? પણ રાગરહિત છું. અહીં તો પહેલો મોહ લીધો. પછી રાગ આવશે. મોહરહિત છું. છે તો ઈ એનો જ. પણ એના પક્ષમાં ઉભો આ મોહરહિત છું, મોહરહિત છું. એવી જે રાગની વૃત્તિનું ઉત્થાન એ છોડવા જેવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું ત્યારે એને સમ્યગ્દર્શન થાય. આહા..હા..!

**'પક્ષપાતરહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે...'** એ તો જ્ઞાનસ્વરૂપ તે જ્ઞાનના જ વેદનમાં છે એ તો. એ રાગના વિકલ્પમાં ધર્મી છે નહિ. આહા..હા..! ભારે વાત! આવું છે. ભાઈ! તું ચૈતન્ય પ્રકાશનો તેજ છોને. ચૈતન્યસ્વરૂપનો સૂર્ય નૂર, પૂર એનું

છે. એ અંદર તત્ત્વનો આવું તત્ત્વ છે એમ તો જાણીને જે સ્વરૂપમાં એકાગ્ર થઈને તત્ત્વને જાણે છે એને તો જ્ઞાનસ્વરૂપ તે જ્ઞાનસ્વરૂપ જ છે. આવો વિકલ્પથી હું છું. મોહ નથી એવું પણ એને છે નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? નવ તત્ત્વમાં આત્માની શ્રદ્ધા આ કહેવાય છે. સમજાણું કાંઈ? નવ તત્ત્વની શ્રદ્ધા કહે છેને? પણ એમાં આત્માની શ્રદ્ધા આને કહેવાય છે. આહા..હા..! કે હું તો ચિદ્સ્વરૂપ જ્ઞાનરૂપ, જ્ઞાનરૂપ તે જ્ઞાનરૂપ જ છું. એ વેદનમાં હોં. આમ જ્ઞાનરૂપ છું એમ વિકલ્પ પણ નહિ. તેથી કહ્યુંને? નિરંતર '**खलु चित् एव अस्ति**' એ તો જ્ઞાતા... જ્ઞાતા... જ્ઞાતા... જ્ઞાતા... જ્ઞાતા... જ્ઞાતા... જ્ઞાતા જ સ્વરૂપે છે. ચિત્સ્વરૂપ જ છે.

'**(અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે).**' આહા..હા..! ઝીણો માર્ગ, બહુ સૂક્ષ્મ માર્ગ ઝીણો ભાઈ! સમજાણું કાંઈ? ત્રિલોકનાથ તીર્થંકરદેવ કેવળજ્ઞાની એમ ફરમાવે છે કે ભાઈ! તું જે મોહરહિત છો એ તો છો જ. પણ મોહરહિત છું એવો જે વિકલ્પ છોડી દે ભાઈ! એ તારી ચીજ નથી. ત્યાં સુધી મોહના ભાગનો વિકલ્પ એનો ત્યાં સુધી રચનારો તું અને રચ્યું વિકલ્પ ત્યાં આત્માનું જ્ઞાન રચાણું નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? એમાં એ જ્ઞાનસ્વરૂપ ભગવાન એ જ્ઞાનની પર્યાયની રચના ન થઈ ત્યાં. ત્યાં તો રાગની રચના થઈ. આહા..હા..! એને છોડી જ્ઞાનસ્વરૂપ છું એવી અંતર દૃષ્ટિ પડતા એ જ્ઞાનમય જેની, આનંદમય જેની શાંતમય વિકલ્પ વિનાની બધા ગુણની પર્યાયનું (નિર્મળ) પરિણમન થાય તે આત્મા. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

'**ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે.**' આહા..હા..! વેદાય છે એ પર્યાય છે. અનુભવ છે એ પર્યાય છે. પણ જે રાગનું વેદન અને રાગનો કર્તા થઈને રોકાયેલો હતો એ ત્યાંથી દૃષ્ટિ ઉઠાવી અને વસ્તુના ત્રિકાળી પરમસ્વભાવ ભગવાન, પરમભાવ ઉપર દૃષ્ટિ પડતા વિકલ્પની એકતા તૂટતા, સ્વભાવની એકતા થતાં ત્યાં શાંતિ અને આનંદનું વેદન એ પર્યાય તે આત્માની છે. સમજાણું કાંઈ? કહો, ભુદરભાઈ! આવું તો ક્યાંય સાંભળવા મળે નહિ અપાસરે જાય તોપણ. આહા..હા..! બહુ માર્ગ વીતરાગ તીર્થંકર કેવળી પરમાત્મા અને આ માર્ગને પહોંચ્યા વિના એના જન્મ-મરણ મટે એવા નથી ભાઈ! સમજાણું કાંઈ? જન્મ-મરણના આંટા ચોર્યાસીના અવતાર. અરે..! કાગડો, કૂતરો આહા..હા..! એ ચકલીના બચ્ચામાં અવતાર એ ઝાડ ઉપર હોય અને ઝાડ હલે અને આમ ધૂણે ઝાડ, ત્યાંથી પડે અને નીચે ધગધગતી વેળુના ખાડામાં જઈને પડે ..સડસડાટ. આવા ભવ અનંતા કર્યા ભાઈ! તને ખબર નથી. તું ભૂલી ગયો હોં! સમજાણું કાંઈ?

એક ફેરી બોટાદમાં આમ જંગલમાં ગયા હતાને માથે બહુ પવન હોયને જ્યારે ત્યારે ઓલો માળો પણ રહે નહિ સરખો. એવો પવન આવ્યો હતો. અને નીચે .. ખાડા હોય

એમાં માથે ધગધગતી વેળુમાં જઈને આવ્યા ભેગું તો થઈ રહ્યું મરી ગયું. એક તો કુણુંકુણું નરમ શરીર અને એમાં એને અગ્નિ. એ એનું વેદન નથી એને અંદર. શરીરની ઉષ્ણતા અને એનું વેદન હોય નહિ જીવને. એ વખતે આકુળતાનું વેદન હોય. સમજાણું કાંઈ? કોઈ શરણ નથી, કોઈ આધાર નથી. આહા..હા..! જંગલમાં આ રીતે જન્મે અને આ રીતે મરે. એ મિથ્યાત્વને લઈને આ બધા ભવ થયા. સમજાણું કાંઈ? રાગ છે તે હું છું. અથવા રાગરહિત છું એવો વિકલ્પ ઉઠતા એ હું છું. એ બધો મિથ્યાત્વભાવ છે. આહા..હા..! કારણ કે વિપરીત અભિપ્રાય થયો એ તો. રાગ છે એ તો આસ્રવ છે અને ભગવાન આત્મા તો આસ્રવરહિત જ્ઞાયક છે. સમજાણું કાંઈ?

એવા જ્ઞાયકસ્વરૂપ કીધુંને? ચિત્સ્વરૂપ-ચિત્સ્વરૂપ છું. એમાં આવો છું અને તેવો એવો વિકલ્પનો અવકાશ નથી એને. આહા..હા..! તેવો નિરંતર વેદાય છે લ્યો. ભારે ઝીણું ભાઈ! આવો તે કાંઈ માર્ગ બીજો હશે હલકો? કાંઈ હળવો માર્ગ હશે કે નહિ? નહિ. માર્ગ તો આ છે. આહા..હા..! નવા સાંભળનાર હોય તદ્દન એને એમ થાય કે આ શું કહે છે આ? આવો આ ધર્મ કેવો? અમે તો સાંભળીએ એકેન્દ્રિય દયા પાળવી હોય એ. જીવિયા વહોરવિયા તસ્સમિચ્છામી દુક્કડમ લ્યો! એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય આ નથી આવતું? ઈચ્છામી પડિક્કમણામાં. એય..! અનુપચંદભાઈ! એકેન્દ્રિયા, બે ઈન્દ્રિયા, તેઈન્દ્રિયા, ચોઈન્દ્રિયા, પંચેન્દ્રિયા વિહિયા... જીવિયા વહોરવિયા તસ્સમિચ્છામી દુક્કડમ જાવ થઈ ગયો ધર્મ એને. આહા..હા..! અરે..! ભગવાન! બાપુ એ તો બહુ એવો ધર્મ છે ભાઈ! એ વખતે જે શુભભાવ હોય એમ છે.. અને એનો પણ કર્તા થઈને રોકાયેલો છે એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! કેમકે વસ્તુ એવી નથી. એવી નથી તેવી એને માની. વિપરીત અભિનિવેષ કર્યો એણે. સમજાણું કાંઈ? ... હતા. મારે આવી તે કઈ જાત ધર્મની? ઓલું તો દયા પાળવી, વ્રત પાળવા, પૂજા કરવી, ભક્તિ કરવી, દાન કરવા એવી તો એકેય વાત આવી નહિ આમાં. પણ એ તું નથી. પૈસા દેનારો તું નહિ. આ પૈસા દેવાના રાગની મંદતા પુણ્યની થાય એ પણ તું નહિ. આહા..હા..! આ વ્રતના પરિણામમાં પણ જે શુભરાગ આવે એ તું નહિ. સ્વની દયા પાળી શકે એ તું નહિ. આહા..હા..! કારણ કે એ તો શરીર અને આયુષ્ય તે પરવસ્તુ છે. એનું ટકવું તે એને કારણે અને એનું તૂટવું એને કારણે. તું ક્યાં દયા પાળી દે એનો? એ તો પરની દયા પાળી શકું છું એ તો મિથ્યાત્વભાવ છે. ગજબ વાત છે. અહીં તો હું આવો છું, મોહરહિત છું એવો જે વિકલ્પ એનો કર્તા થાય છે એ પણ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

## શ્લોક-૭૨

(उपजाति)

एकस्य रक्तो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।७२।।

શ્લોકાર્થઃ- [रक्तः] જીવ રાગી છે [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ રાગી નથી [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयोः] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [यः तत्त्ववेदी च्युतपक्षपातः] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्यं] નિરંતર [चित्त] ચિત્સ્વરૂપ જીવ [खलु चित्त एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે. ૭૨.

## કળશ-૭૨ ઉપર પ્રવચન

૭૨. 'જીવ રાગી છે...' શ્લોક નથી બોલતા. ઘણા શ્લોક છેને. **'એવો એક નયનો પક્ષ છે...'** એ કહે છે કે હું રાગી છું... રાગી છું... એ તો મિથ્યાત્વની દૃષ્ટિ છે. એ વ્યવહારનો તો નિષેધ કરતા આવ્યા છે. આહા..હા..! પણ બીજો કહે છે કે **'જીવ રાગી નથી...'** આ હું રાગ નથી એવો પણ એક વિકલ્પ રાગ છે. એ હું રાગ નથી એવો પણ એક રાગ છે. વિકલ્પ છેને વૃત્તિ ઉઠે. એ તો જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ સૂર્ય છું. એમાં આ વૃત્તિ ઉઠે એના સ્વરૂપમાં ક્યાં છે? આહા..હા..! **'એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે.'** તત્ત્વવેદી એને છોડીને. જ્ઞાનસ્વરૂપ તે જ્ઞાનસ્વરૂપનું વેદન કરે છે. જાણે છે કહો કે વેદન કરે છે કહો, સમજાણું કાંઈ? જ્ઞાનાનંદ સ્વભાવ ભગવાન, એની અંતર જતા જે તત્ત્વનું જ્ઞાન યથાર્થ પ્રતીતિ થાય તેનું એને વેદન છે. ભારે! એનું નામ સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. આહા..હા..! એની શ્રદ્ધા કરો સમકિત. (આવે છેને) નવ તત્ત્વની શ્રદ્ધા કરો સમકિત. અહીં તો કહે નવ તત્ત્વના ભેદની શ્રદ્ધા કરવી એ મિથ્યાત્વ છે. આરે..!

ગજબ વાતું છેને. એય..! કારણ કે એક તત્ત્વ બીજા તત્ત્વ સ્વરૂપે નથી એને ભેળવીને શ્રદ્ધા કરવી (તે મિથ્યાત્વ છે). આહા..હા..!

એક જણો કહેતો હતો ઓલો ડોક્ટર હતો ત્યાં. રતિભાઈ ડોક્ટરને? રતિભાઈ શું નામ? રતિભાઈ હતો. મોટો ડોક્ટર. બહુ પૈસા ભેગા કર્યા કરોડો. પછી સટ્ટો મોટો કર્યો. એક આવ્યો સાંભળવા ૯૫ની સાલમાં. ત્રણ દિ' વ્યાખ્યાન સાંભળ્યા. મારું સારું મહારાજનું વ્યાખ્યાન સાંભળીએ તો સંસારના કામના રહીએ નહિ. એમાં ને એમાં મરી ગયા. રતિલાલ ડોક્ટર હતા. અહીં બેસે. ..ના હતા. ..ભાઈના ભાઈને? શું કરે છે? ..ના ભાઈ. આહા..હા..! એમ કહે મહારાજનું જો વ્યાખ્યાન સાંભળીએને તો સંસારના કોઈ કામ માટે નકામા થઈ જઈએ. આહા..હા..! એના.. થયો હતો. એક ધબો મારવા ગયા હતા ઓલા. સ્વામિનારાયણના હતાને યોગીરાજ. એ યોગીરાજ મરી ગયા હોસ્પિટલમાં. ભ્રમણા તે કાંઈ ભ્રમણા. ધબો માર્યો તોપણ રોગ મટ્યો નહિ. શું મટે મારા સાંભળને. આવા ને આવા બધા ભ્રમ. આ સાંઈબાબા જુઓને ચાલે છે નહિ મુંબઈમાં. એ આમ કરે ત્યાં રાખ કાઢે ભસ્મ. .. તમારો ધૂળેય નહિ થાય. એ પણ મરીને ક્યાંક જાશે સાંભળને હવે. આહા..હા..! સમજાણું કાંઈ? ભસ્મ ઉત્પન્ન કરે. અહીં તો દેવ થયો તે હજારો રાજાના અવતાર કૃષ્ણના અને ગોપીના અવતાર... એ તે શું થયું? ..માં શું થયું? સમજાણું કાંઈ? આહા..! જૈનના નામે લોકો ભ્રમણા કેટલા અત્યારે. સાંઈબાબાનો ફોટો રાખે. મૂર્ખાઈના તે કાંઈ ગામ જુદા હશે? ગામદીઠ મૂર્ખ. આહા..હા..! ભાઈ! તને .. અહીં તો ત્રણ લોકનો નાથ કેવળી તીર્થંકરદેવ એને માને તને લાભ થાય સંસારનો એ વાત પણ જૂઠી છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ દીકરો આપી દે ભગવાનને માની પૂજા કરીએ, પૈસા આપે પૂજા કરો, કર્મદહનની પૂજા કરો તો કર્મ નાશ થાય. ધૂળેય ન થાય. સાંભળને. આહા..હા..!

અહીં તો કર્મદહનનો મંત્ર તો આ છે. કે હું રાગી છું એ દૃષ્ટિ તો છોડી દે પ્રભુ! રાગ તો આસ્રવ છે. તારું સ્વરૂપ તો આનંદ અને જ્ઞાન છે. એવા આનંદ અને જ્ઞાનવાળાને રાગવાળો માનવો એ તો મિથ્યાબુદ્ધિ તારી. એ તો છોડાવતા આવ્યા છીએ પણ હવે આવો જે આત્મા રાગરહિત છે એમ કહ્યો. એની ગોખ્ખણ પટ્ટીમાં રહેશે રાગરહિત છું... રાગરહિત છું... એવા જ્ઞાનના રાગના પક્ષમાં ઉભો રહેશે. આત્માનો સ્વાદ નહિ આવે. એટલે કે એને આત્મજ્ઞાન નહિ થાય. એટલે કે એને સમ્યગ્દર્શન નહિ થાય. આહા..હા..!

મુમુક્ષુ :- દુઃખી તો થાશેને?

ઉત્તષર :- દુઃખી થાશે. હસુભાઈ! આવો ધર્મ. જગતના તો ઉત્સાહનો ભંગ કરી નાખે એવું છે. કોનો ઉત્સાહ? આહા..હા..! કોનો ઉત્સાહ ભાઈ! શેનો તને વીર્યમાં આ કરવું ને આ કરવું ને આ કરવું. 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે. શકટનો ભાર જેમ શ્વાન તાણે.'

મોઢા આગળમાં કર્તા હશે કે નહિ? છ ભાઈઓમાં તો મોટા એ છે ત્યાં. મોટો વહીવટ ૪૦-૫૦ લાખનો વહીવટ કરવા માટે કાંઈ હુશિયારી હોય એ કરી શકતો હશે કે નહિ? ભાઈ કહેતા હતા ઓલા જેઠાભાઈ નહિ? જેઠાલાલ સંઘવી નહોતા અહીં બોટાદના. આઠ લાખ રૂપિયા છે. વ્યાખ્યાનમાં આવ્યા હતા. એ કહે પણ ૬૦ લાખની વ્યવસ્થા કરતો હશે એ કાંઈક બુદ્ધિવાળો હશે કે નહિ? અરે..! ધૂળેય નથી બુદ્ધા હવે. એ તો ગયા પણ એનો છોકરો મરી ગયો બિચારો. નૌતમ લ્યો! મરી ગયો ઓલામાં જરી. કાંઈક થઈ ગયું હતું એમ કીધું. પેશાબમાં પરુ થઈ ગયા એવું સાંભળ્યું હતું. નૌતમ. આહા..હા..!

મુમુક્ષુ :- વહીવટનું શું થયું?

ઉત્તર :- વહીવટ પડ્યો રહ્યો. છોકરાનો હતો. આ છોકરો મરી ગયો. વહીવટ તો ચાલે છે. હવે બાબુભાઈ કરે. પણ બાબુભાઈ નરમ માણસ હોં. છોકરો નરમ માણસ. એનાથી મોટો છે. આ નૌતમનો જન્મ તો ૮૦માં થયો હતો. પહેલા અમારે ચોમાસું ત્યાં હતુંને બોટાદ. તે દિવસે એનો. એનો બાપ પહેલા મરી ગયો હતો માણેકલાલ. .. મોટો. લ્યો નાનો એની વાટું જોતા હતા એ જન્મ્યો અને પાછો મરી ગયો પહેલા. અરેરે..! આ તે સંસારના નાટક. અરે..! એ તો પડ્યું રહ્યું તારું નાટક સાંભળને હવે અહીંયાં. હું રાગ નથી, રાગ નથી, નથી એ તારું નાટક છોડ. આહા..હા..! નાટક ન ટકે તે નાટક. રાગ છું, રાગ નથી. નથી એ નહિ ટકે તત્ત્વમાં. સમજાણું કાંઈ? ... ૬૯ ગારિયાધાર નહિ? ઓલા મોરબીમાં નહોતા એક બ્રાહ્મણ હતા મોટા. નાટકવાળા. એના બાપ વહીવટદાર હતો ત્યાં. અહીં વહીવટદાર હતો ૬૮માં ગારિયાધારમાં. પછી એનો દીકરો મોટો નામ ભૂલી ગયા. મોટું નાટક. પછી એના બાપને ઘરે .. કીધુંને કે મહારાજ દીક્ષા દેવાના છે.. ગયા હતા. મેં કીધું ભાઈ નાટક તારે કરવાના. નાટક એટલે ન ટકે એ નાટક. આ સંસારમાં બધા નાટક ન ટકે એવા છે. આહા..હા..! અહીં તો વિકલ્પ એ ન ટકે એવું નાટક છે એનું. જેને અંતર ધ્રુવ ભગવાન નિત્યાનંદ પ્રભુ એમાં જેને જાવું હોય એને હું રાગરહિત છું એવો વિકલ્પ છોડવો પડશે. આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્ર મારા છે એ તો વાત ક્યાંય રહી ગઈ. પણ પરદ્રવ્ય તારા ક્યાંથી થયા? આહા..હા..! આ બાયડી-છોકરા મારા છે. એ ક્યાં રહ્યા? હીરાભાઈ! ક્યાં રહ્યા આમાં હીરાભાઈ! તમારે તો એકનો એક છે. જે દેખો એ એક છે. આહા..હા..! .. એકના એક.

## શ્લોક-૭૩

(उपजाति)

एकस्य दुष्टो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।७३।।

શ્લોકાર્થ :- [दुष्टः] જીવ દ્વેષી છે [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ દ્વેષી નથી [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयोः] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [यः तत्त्ववेदी च्युतपक्षपातः] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्यं] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે. ૭૩.

## કળશ-૭૩ ઉપર પ્રવચન

ત્રીજો કળશ. એ કહે છે '**જીવ દ્વેષી છે...**' દ્વેષવાળો છે એમ. એ તો છોડાવતા આવ્યા છીએ કહે છે. દ્વેષી જીવ છે, દ્વેષવાળો છે એ વાત તો સાચી નથી. દ્વેષ છે એ આસ્રવ છે, આત્મા તો ભિન્ન જ્ઞાયક છે. એટલે દ્વેષી છે આત્મા એ તો મિથ્યાત્વ માન્યતા છે. સમજાણું કાંઈ? આહા..હા..! પણ '**જીવ દ્વેષી નથી...**' એ દ્વેષી નથી. એવો પણ એક રાગમિશ્રિત વિચાર જ્ઞાનમાં છે. આહા..હા..! એનું કર્તાપણું છોડ અને આકુળતાનું વેદન છોડ. આહા..હા..! હું દ્વેષ નથી... હું દ્વેષ નથી... બીજી રીતે કહીએ તો કહે હું વ્યવહારરત્નત્રયવાળો છું. રાગ નહિ. વ્યવહારરત્નત્રય છેને? દેવ-ગુરુ-શાસ્ત્ર શ્રદ્ધા આદિ રાગ. એવો છું એ વાત તો છોડી દે. એ તો છોડાવતા આવ્યા છીએ. આહા..હા..! પણ વ્યવહારરત્નત્રય મારામાં નથી. આહા..હા..! એ પણ વિકલ્પ છોડવા જેવો છે કહે છે. આહા..હા..! ભારે વાત! એમ હું દ્વેષી નથી. ભાઈ! ત્યાં દ્વેષી નથી એ તારે ગોખવું છે? અને એ રાગનો ભાગ છે એમાં

તારે રહેવું છે? એમાં રહેવું છે? ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે. એ તો જ્ઞાનસ્વરૂપમાં રહે તો આત્મા કહેવાય. આ દ્વેષમાં રહે એ આત્મા કહેવાય? અરે..! દ્વેષ નથી એવા રાગમાં, નથી એવા ભાવમાં રહે તો એ વિકલ્પ રાગ છે. આહા..હા..! આવું સ્વરૂપ વીતરાગ પરમેશ્વર સિવાય ક્યાંય હોઈ શકે નહિ. બધાય ગપેગપ માર્યા છે મારે. સર્વજ્ઞ સિવાય. સમજાણું કાંઈ? એના વાડાવાળાને પણ ખબર નથી તો બીજામાં ક્યાંથી લાવવું? સમજાણું કાંઈ? કહો, અમરચંદભાઈ! .. મૂંઝવણું થાય છે કહે.

સર્વજ્ઞ. સર્વજ્ઞ કહેવા, બધાને જાણે એ જાણે એ પ્રમાણે ભગવાન જાણે એવું ત્યાં થાય તો થઈ રહ્યું ક્યારે થાય? અરે..! સાંભળને પ્રભુ! તને ખબર નથી. એ જાણનારો ભગવાન આવો છે એ સર્વજ્ઞ હું નથી. એવો એ વિકલ્પ આત્માનો જૂઠો એ તો મિથ્યાત્વ છે. પણ સર્વજ્ઞસ્વભાવે છું એવો વિકલ્પ પણ જૂઠો છે. છે એને છું એનું શું કામ તારે? એય..! ..માં એ છેને અને દ્વેષમાં એ આવ્યું છે. હું સર્વજ્ઞસ્વભાવી છું. એટલે કે વસ્તુ છેને વસ્તુ? તો વસ્તુનો સ્વભાવ છે એ તો મુખ્યપણે તો જ્ઞાનસ્વભાવ જ એ ચૈતન્ય ચક્ષુ જ છે. પણ એ ચૈતન્ય ચક્ષુવાળો છું એવો જ્ઞાનમાં રાગનો પક્ષ તે(માં) રોકાતા આત્માનું વેદન નહિ થાય. આહા..હા..! પ્રકાશદાસજી! આહા..હા..! આવો ભગવાનનો પ્રકાશ છેને. એના પ્રકાશના તેજ આગળ અંધારા કેમ રહે કહે? હું દ્વેષ નથી, વિકલ્પનું અંધારું છે. આહા..હા..! એ તો ચૈતન્યને જ્યાં જાણ્યો અને જોયો ત્યાં અંધારા તો ક્યાંય નાશ થઈ જાય કહે છે. ત્યારે એણે ચૈતન્યને જાણ્યો ને વેદ્યો ને અનુભવ્યો ને માન્યો કહેવાય છે. આહા..હા..! હજી તો આત્માની માન્યતાની વાત ચાલે છે આ તો. આહા..હા..! વાતું તો બધા ઘણા કરે છે મારા આત્મા-આત્મા. આવો આત્મા. બાપુ! એ આત્મા અસંખ્ય પ્રદેશી અનંતગુણનું ધામ એ તો અમૃતની પર્યાયને ઉત્પન્ન કરવાનું ક્ષેત્ર છે. એ હું નથી દ્વેષી નથી એવા રાગની ઉત્પત્તિનું ક્ષેત્ર છે ઈ? આહા..હા..! એ બેય પક્ષ છોડી દઈ અને જ્ઞાનસ્વરૂપી ભગવાન જ્ઞાનસ્વરૂપને પકડીને જ્ઞાનમાં, વેદનમાં આવવું ત્યારે તેને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને આત્મા જાણવામાં આવ્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..! અહીં તો એવો હીણો સાધારણ કરી નાખ્યો વાડાએ તો. બહુ ફેર.

## શ્લોક-૭૪

(उपजाति)

एकस्य कर्ता न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।

यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।७४।।

શ્લોકાર્થ :- [कर्ता] જીવ કર્તા છે [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ કર્તા નથી [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयोः] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [यः तत्त्ववेदी च्युतपक्षपातः] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्यं] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે. ૭૪.

## કળશ-૭૪ ઉપર પ્રવચન

ત્રીજો. 'જીવ કર્તા છે...' એ રાગનો અને પરનો કર્તા છે એ પક્ષ તો મિથ્યાત્વ છે. એ તો છોડાવતા આવ્યા છીએ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ લાદીના કટકાને કરે અને લાદીના પથરા ઉપર લક્ષ જઈને રાગને કરે એ તો આત્મામાં છે જ નહિ એમ કહે છે. અરે..! એ કર્તા છું એ બુદ્ધિ તો મિથ્યાત્વ છે. એ તો પહેલી છોડાવતા આવ્યા છીએ વ્યવહારનો પક્ષ તો કહે છે અને બીજો પક્ષ એ અકર્તા. કર્તા નથી. ભગવાન રાગનો કર્તા નથી. એ પણ એક જ્ઞાનમાં રાગનો પક્ષ ઉભો કર્યો છે. સમજાણું કાંઈ? રાગનો અને પરનો કર્તા જીવ નથી. એ વાત સાચી છે. પણ જીવ કર્તા નથી એવા રાગના વિકલ્પના પક્ષમાં ઉભા રહેવું એ આત્માનું તત્ત્વ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'ધીરજ ધરને અરે અધીરા.' એવું આવે છે ક્યાંક. આહા..હા..! આત્મા કર્તા છે, પરની દયાનો, પરને મારવાનો, પરને પાળવાનો. એ તો મિથ્યાદષ્ટિ છે. અરે..! રાગનો કર્તા છે એ પણ મિથ્યાબુદ્ધિ છે. પણ રાગનો કર્તા નથી. આહા..હા..! બાપુ! તું ધીરો થા. તારા ધીરજમાં એટલી ધીરજ ભરી છે કે જેને રાગના ભાવો નથી એવો પક્ષ પણ ત્યાં છૂટે છે. સમજાણું કાંઈ? આહા..હા..! હું રાગનો કર્તા નથી. એવી જે વૃત્તિ ઉઠે છે એ પણ એક નયપક્ષ છે. ભગવાન! એ તો ચૈતન્યને ખુંચે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વાત તો પહેલી હજી શું છે એ સમજવામાં આવવી એને કઠણ. આહા..હા..! અનાદિથી ભૂલેલો એને ભૂલ ટાળીને અંદરમાં ભગવાન પાસે લાવવો. ભગવાન એટલે આત્મા. આહા..હા..!

કહે છે એ કર્તા નથી. **'એવો બીજા નયનો પક્ષ છે;...'** હવે કર્તા છે... કર્તા છે... કર્તા છે... એ તો જાણે મિથ્યાત્વભાવ છે. કારણ કે વ્યવહારનો પક્ષ તો છોડાવતા આવ્યા

છે. આહા..હા..! સમયસાર તે સમયસાર છેને. આહા..હા..! ભગવાન સાક્ષાત્ પરમાત્મા એવો આત્મા છે એને ખડો કર્યો છે. કહે છે પ્રભુ! તું કોણ છો? તું વિકારનો કર્તા નથી એવા વિકલ્પવાળો છો? કર્તા છો એ તો છે જ નહિ. પણ રાગનો હું કર્તા નથી, અરે..! વિષયની વાસનાનો હું કર્તા નથી. કર્તા છે એ તો અજ્ઞાન છે. એથી એ વાત તો શું કરવા કરવી કહે છે. એ તો સાથે લીધી છે. ઓલા આવે છેને ભાઈ પ્રવચનસારમાં. મુનિને માટે કર્તાભાવ લીધો છે. માંસનો ત્યાગ. બધા બોલમાં માંસનો ત્યાગ તો પહેલેથી કરે છે. એને ન હોય, પણ બધાને એક સાથે એણે ભેગો બતાવ્યો છે. આવે છે. અદ્ભુત છે.

એમ અહીંયાં વિષય-વાસનાનો કર્તા એની વાત તો શું કરવી? કહે છે. એ તો અહીંયાં નિશ્ચયનું બતાવવું છે કે નિશ્ચય કર્તા નથી. એની સાથે આને જરી વ્યવહાર લીધો છે બતાવવા. જેમ ઓલી બધી ક્રિયામાં ત્યાગમાં માંસનો ત્યાગ સાથે વાત કરી છે. એમ માંસનો ત્યાગ તો આર્ય માણસને હોય. સમજાણું કાંઈ? લે ક્યાં... એ તો સાથે વાત લીધી. એમાં વ્યવહારની વાત સાથે લીધી છે. એ તો બે પડખા સાથે જણાવવા. પહેલા પડખા તો છોડાવતા જઈએ છીએ. મારો રાગવાળો આત્મા? દ્વેષવાળો આત્મા? રાગનો કર્તા આત્મા? એ તો અભૂતાર્થ દૃષ્ટિ છોડાવતા જાય છે એ તો. પણ રાગનો કર્તા નથી એ પણ વિકલ્પ છે. આહા..હા..! એ જ્ઞાનસ્વરૂપે જ્ઞાન એમાં રહેતું નથી. વૃત્તિનું ઉત્થાન થાય છે. જંજાળ ઉભી થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે...**' અકર્તાપણું છે એવા વિકલ્પનો પણ જેને ત્યાગ છે.

## શ્લોક-૭૫

(उपजाति)

एकस्य भोक्ता न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।७५।।

શ્લોકાર્થ :- **[भोक्ता] જીવ ભોકતા છે [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ ભોકતા નથી [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वेयोः] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [यः तत्त्ववेदी च्युतपक्षक्षापातः] જે**

તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને (नित्यं] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે. ૭૫.

## કળશ-૭૫ ઉપર પ્રવચન

બીજો એ કહે છે કે 'જીવ ભોક્તા છે...' એ રાગનો ભોક્તા છે, જડનો ભોક્તા છે. આ મકાન, આબરૂ, સ્ત્રીનું શરીર, પુરુષનું શરીર સ્ત્રીને ભોક્તા છે અને ભોગવે છે એ વાત તો તદ્દન જૂઠી છે. એ તો પહેલા છોડાવતા જ આવ્યા છીએ. પણ એ ભોક્તા થઈ શકતો નથી. જડને શું ભોગવે? એ તો માટી-ધૂળ છે. આહા..હા..! મોસંબીનું પાણી, શીખંડ, ચુરમાના લાડવા, પતરવેલિયાના ભજીયા કહે છે કે એ ખાઈ શકે એ વાત તો અમે પહેલેથી છોડતા આવ્યા છીએ. પરને શું ખાય? એય..!

મુમુક્ષુ :- અહીં તો રાગને પણ ન ખાય.

ઉત્તર :- અહીં તો રાગને ખાય, ભોગવે એમ નથી. પણ રાગને ભોગવે નહિ એવો વિકલ્પ પણ આત્મામાં નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ભોક્તા... ભોક્તા... પ્રભુ! ભોક્તા શેનો તું હો? રાગનો ભોક્તા હો. પણ એનો પણ અમે તો નિષેધ કરતા આવ્યા છીએ. રાગના ભોક્તાનો નિષેધ કરતા આવ્યા છીએ. પણ આ રાગ(નો) ભોક્તા નથી (એવો વિકલ્પ) એનો અહીં નિષેધ કરીએ છીએ હવે. એ વિકલ્પ છે, વૃતિ ઉઠે છે એ ભોક્તા નથી, એનો ભોક્તા નથી. ભગવાન ચૈતન્યબિંબ જ્ઞાનસૂર્ય એમાં આ ભાગ પણ ક્યાંથી આવ્યો આ વિકલ્પનો કહે છે. સમજાણું કાંઈ? આવું તો સાંભળવા મળવું મુશ્કેલ છે. પરમસત્ય. પરમસત્યનું સ્વરૂપ છે આ. પ્રકાશદાસજી! સત્ સાહેબ. આહા..હા..! સત્‌નો સાહેબ છે. આહા..હા..! એ સાહેબ એ રાગમાં, વિકલ્પમાં કેમ જાય કહે. આહા..હા..! હું ભોક્તા નથી. ભોક્તા નથી. એવા વિકલ્પનું કર્તવ્ય પણ જીવને નથી. ધર્મી જીવ બેયને છોડે છે. ભોક્તા છું એ તો દૃષ્ટિ છૂટી ગયેલી છે એની. હજી સમ્યગ્દર્શન થવા પહેલા. સમજાણું કાંઈ? પણ હું ભોક્તા નથી. આ રાગનો ભોક્તા નથી. વિષય-વાસનાનો હું ભોક્તા નથી. એવી જે વૃત્તિ ઉઠે છે એ ચૈતન્યસૂર્યમાં મોટું કાળું ધાબું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એ જ્ઞાનનો સાહેબો ચૈતન્ય ભગવાન એ ભોક્તા નથી એવા રાગને પણ ત્યાં અવકાશ ક્યાં છે? પ્રભુ કહે છે. તું અવકાશ લઈને બેઠો એ તારી ભૂલ છે. સમજાણું કાંઈ? આહા..હા..! અમૃતથી ભર્યા છે બધા કળશો હોં. અમૃતના સાગર પ્રભુ ભાઈ! તારી પર્યાયની પાસે મોટો

અમૃતનો સાગર ડોલે છે. રાગની પાછળ તો પર્યાય છે અને પર્યાયની પાછળ ભગવાન છે. ... તે નજરું કરી નથી. એણે જોવા, જાણવા નવરો થયો નથી. ઓલામાં આવે છેને 'મારી નજરુંને આળસે રે મેં નિરખ્યા ન હરિને.' નજરને આળસે રે નિરખ્યા ન હરિ. હરિ-આત્મા. અજ્ઞાન અને રાગ-દ્વેષને હરિને વીતરાગતા પ્રગટ કરે એવો આત્મા હરિ છે. આહા..હા..! એ નયણને આળસે, જોવાને આળસે મેં જોયા નહિ એને હોં. આહા..હા..! ધન્ય રે ધન્ય! માર્ગ તો જુઓ. આહા..હા..! સંતોષનો મીણો ચડી જાય એવો માર્ગ છે. આહા..હા..! જુઓને આ દુનિયામાં રહી. એ તું રાગમાં પણ નહિ, પ્રભુ! તું ક્યાં છો? તું ભોક્તા નથી એવા રાગમાં પણ તું નહિ. આહા..હા..! કહો, ચાંદમલજી! આવી વાતું છે. હવે એમાં કર્મફર્મ તો ક્યાંય રહી ગયા ધૂળમાં. એ તો નાસ્તિ છે. આ તો પર્યાયમાં વિકલ્પ ઉઠે છે એ પણ તારામાં નથી. આહા..હા..!

એ તત્ત્વવેદી બે પક્ષપાતને છોડી દઈ અને જેવું સ્વરૂપ તત્ત્વ છે. હું ભોક્તા નથી એવા વિકલ્પ વિનાનું એને એ નિત્ય નિરંતર ચિત્સ્વરૂપ જીવ એ જ્ઞાનસ્વરૂપ તે જ્ઞાનસ્વરૂપ જ છે એમ કહે છે. હું ભોક્તા નથી એવા વિકલ્પ એનામાં છે નહિ. આ એવી અંતરમાં દૃષ્ટિ થવી એનું નામ સમ્યગ્દર્શન છે. એનું નામ આત્મજ્ઞાન છે. એનું નામ મોક્ષના માર્ગે પડ્યો એનું નામ એ કહેવાય છે. બાકી બધી ધૂળધાણીની વાતું છે. કીરણભાઈ! આ પૈસા-ફૈસા તો ક્યાંય રહી ગયા હોં. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર સુદ-૧૦, શુક્રવાર, તા. ૧૫-૧૨-૧૯૭૨
## કળશ-૭૫ થી ૮૨, પ્રવચન-૨૫૩

'જીવ ભોક્તા છે...' આ એમ કહે કે આ આત્મા છે વસ્તુ. એ તો શુદ્ધ આનંદઘન ચૈતન્યસ્વરૂપી વસ્તુ છે. એ આત્માને એમ કહેવો કે રાગનો કર્તા છે. એક નય પક્ષ છે. ખરેખર રાગનો અનુભવ કરનાર એ આત્મા નહિ. ઝીણી વાત. રાગનો ભોક્તા નહિ હોં. શરીર, વાણી, મન આ તો બધા જડ છે. એને તો આત્મા ભોગવી શકે નહિ. આત્મા રાગનો

ભોક્તા છે એ પણ એક વ્યવહાર પક્ષ છે. એનો તો નિષેધ કરતા આવ્યા છીએ કહે છે. પણ ભોક્તા નથી. એ પણ એક નયપક્ષ રાગનો વિકલ્પ છે. સમજાણું કાંઈ? એ બેય પક્ષનો વિકલ્પ નામ રાગનો પક્ષ છે. બીજી વાત તો ક્યાંય રહી ગઈ હવે. આહા..હા..! શરીરને આત્મા ભોગવે અને દેહના સુખને ભોગવે, નરકના દુઃખને ભોગવે, એના ભાવને ભોગવે રાગને. એ પણ વ્યવહારનયનો વિષય છે. ખરેખર એ વસ્તુનું સ્વરૂપ નથી. એ ચૈતન્યમૂર્તિ સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા જોયો અને એવો છે એને કહે છે કે રાગનો ભોક્તા કહેવો. આગળ લઈ જાય એ તો પર્યાયનો ભોક્તા એ વ્યવહાર છે. સમજાણું કાંઈ?

વસ્તુ ત્રિકાળ નિત્યાનંદ ધ્રુવ વસ્તુ. એને પર્યાયનો કર્તા કહેવો એ વ્યવહાર છે. અરે..! ભારે વાત ભાઈ! અને એ ભોક્તા નથી પર્યાયનો તો એ તો એનો જાણનાર છે. એ પણ એક વિકલ્પ છે કહે છે. આહા..હા..! એય..! ધ્રુવ ચૈતન્ય મૂર્તિ અનાદિ-અનંત જે નિત્યાનંદનો ભાવ, સ્વભાવ સ્વરૂપ પ્રભુ. એને કહે છે કે પર્યાયનો ભોક્તા કહેવો એ તો વ્યવહાર. કેમકે પર્યાયને કરવું, ભોગવવું એ તો પર્યાયમાં છે. દ્રવ્ય વસ્તુ છે એ પર્યાયની ભોક્તા, કર્તા કે પરિણમન નથી એમાં. ભારે વાતું ઝીણી! સમજાણું કાંઈ? એ તો નિત્યાનંદ ભગવાન પર્યાયનો ભોક્તા નથી એમ અંદર વિચારમાં રોકાવું એ પણ એક વિકલ્પ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, હવે અહીં તો હજી બહારના સુખને ભોગવે. સ્વર્ગના સુખને. એક જણો કહેતો હતો મહારાજ! આ કરવા દ્યો એને આવું. સ્વર્ગમાં જાશે તો સુખ તો ભોગવશે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કરે ઈ ભોગવે પછી વળી થાશે એને ધર્મ (એમ નથી). આહા..હા..!

મુમુક્ષુ :- આ તો બહુ જૂની વાત છે.

ઉત્તર :- જૂની વાત બોટાદની છે. આહા..હા..! એ હતા નાગલપર. નાગલપરના સલોત-સલોત. .. એનો બાપ મોટો છે આવતા ઓલામાં .. અને એનો દીકરો હતો પહેલા સંપ્રદાયમાં તો લોકોને પ્રેમ બહુ હતોને. પણ વાત આ બધી ફરી ત્યાં એય..! ભડક્યા. હજી એ અમારી પાસે બોલી શકે નહિ હોં બિચારા એવા માણસ. આહા..હા..! પણ એને એમ કે આ તો માર્ગ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ તો શુભરાગ છે અને એના ફળમાં એ રાગનો નિષેધ કરે છે કે એ ધર્મ નહિ. પણ હવે એટલું કરશે તો સ્વર્ગમાં સુખ ભોગવશે અને પછી એની મુક્તિ થાશે એમ કહે છે. નાગલપર છેને બે ગાઉ નહિ બે ગાઉ બોટાદથી.

અહીં તો કહે, પ્રભુ! તને તારી ખબર નથી, ભાઈ! તું સચ્ચિદાનંદ મૂર્તિ. સિદ્ધસ્વરૂપ તારું ધ્રુવ ચૈતન્ય. આહા..હા..! એ સ્વર્ગના સુખને એટલે કે બહારની સગવડતામાં લક્ષ જતાં એને રાગ થાય અશુભ એને ભોગવે એ વસ્તુ નહિ. આહા..હા..! આનંદનો નાથ એ આનંદને ભોગવે કે પરને ભોગવે? આહા..હા..! કહો, હસમુખભાઈ! રાગનું ભોગવવું એ સ્વરૂપને નથી.

એ તો ઠીક પણ ભોક્તા નથી એવો જે વિકલ્પ છે એ પણ નથી કહે છે. ભારે વાત ભાઈ! આવો માર્ગ ભાઈ! એ ધ્રુવને પકડ્યા વિના આ બધા વિકલ્પો ઉઠ્યા કરે એ વિકલ્પમાં કાંઈ માલ નથી એમ કહે છે. આહા..હા..! બ્રહ્મ પ્રજ્ઞા આનંદસ્વરૂપ એ સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એવો હોં! બીજાઓ તો અનુમાનથી, કલ્પનાથી કરે એવું નહિ. આ તો ભગવાને તો જ્ઞાનથી પ્રભુ જોયો અસંખ્ય પ્રદેશ .. અનંતગુણ. એવો આત્મા પણ ભોક્તા નથી એમ કહેવું, એમ અંદર રોકાવું વિચારમાં એ પણ વિકલ્પ રાગ છે.

'**બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે...**' એ વસ્તુ તો જ્ઞાનસ્વરૂપી ભગવાન છે. એને જ્ઞાનસ્વરૂપે અંદર પકડવો એ એને વિકલ્પની અપેક્ષા છે નહિ. આહા..હા..! ભારે કામ ભાઈ! કહો, સમજાણું કાંઈ? ... અનંતકાળ .. સમજાણું કાંઈ? ... સાધુપણાની ક્રિયાઓ કરીને મરી ગયો બિચારો. સમજાણું કાંઈ? પણ ચીજ શું છે? સત્ત્વ સહિત કરવું. સત્ત્વ ચૈતન્યનું એકલો આનંદરસ અને જ્ઞાનસ્વભાવ એને એમ દૃષ્ટિ જ્યાં થઈ એ તો જ્ઞાન છે તે જ્ઞાન જ છે. એ આત્મા છે તે આત્મા છે. એવી દૃષ્ટિ થાય ત્યારે એને ધર્મ થાય. ત્યારે એને સમ્યગ્દર્શન થાય. હજી તો સમ્યગ્દર્શન. સમ્યક્ પ્રતીતિ તો એને કહીએ કે જેવી ચીજ છે એવી જ્ઞાનમાં આવીને પ્રસિદ્ધ થાય એ. એને તો તત્ત્વ તો તત્ત્વ જ છે.

નિત્ય '**નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.**' સમ્યગ્દર્શનમાં જ્ઞાનસ્વરૂપી ભગવાન તો જ્ઞાનસ્વરૂપે જ છે. અનુભવમાં, ધ્યેયમાં આમ આવે છે. આહા..હા..! આખા વિકલ્પને ઓળંગી અને વસ્તુનું અસ્તિત્વ વેદન કહે છે કે એ વેદન છે તો પર્યાયપણે, વેદન એનો સ્વભાવ છે. આનંદનો. એ આનંદનો-પર્યાયનો વેદન કહેવું એ કહે છે કે એક નયે વ્યવહારનય છે. અરર..! ભારે વાત! સમજાણું કાંઈ? એ ૭૫ કળશ થયો.

## શ્લોક-૭૬

(उपजाति)

एकस्य जीवो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।७६।।

શ્લોકાર્થઃ- [जीव:] જીવ જીવ છે [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ જીવ નથી [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयो:] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [य: तत्त्ववेदी च्युतपक्षपात:] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्यं] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव आस्ति] ચિત્સ્વરૂપ જ છે. ૭૬.

## કળશ-૭૬ ઉપર પ્રવચન

૭૬. એક કહે છે કે 'જીવ જીવ છે...' આત્મા આત્મા છે. એ અસ્તિનો પણ એક વિકલ્પ છે. હું આત્મા છું. બીજો નયનો પક્ષ કહે આત્મા નથી. પરની અપેક્ષાએ આત્મા નથી. સ્વની અપેક્ષાએ છે. સ્વઅસ્તિ. સ્વની અપેક્ષાએ આત્મા અનંતગુણનું આનંદનું ધામ વિકાર વિનાનો, સંયોગ વિનાનો એવો આત્મા છે. છતાં એનો છે એવો જે વિકલ્પ કરવો એ દુઃખદાયક છે. આહા..હા..! આ તો છેક આંગણે લઈને વાતું કરે છે હવે. સમજાણું કાંઈ?

'**જીવ જીવ નથી એવો બીજા નયનો પક્ષ છે;...**' એ પરની અપેક્ષાએ આત્મા છે જ નહિ. સમજાણું કાંઈ? અરે..! ભારે ઝીણું ભાઈ! પોતાનો સ્વભાવભાવ એ અપેક્ષાએ છે એવો પણ એક વિકલ્પ નિષેધ કરવા લાયક છે અને પોતા(નો) નથી એવો જે એક વિકલ્પ વ્યવહાર એ પણ નિષેધ કરવા લાયક છે. આવો ધર્મ ભારે ભાઈ! વીતરાગનો ધર્મ.. અહીં તો લોકો બિચારા ત્યાં કહો, ભીખાભાઈ! ઉના પાણી પીવા, આ કરવા ને આ કરવા. વ્રત પાળવા. અરે..! બિચારા ક્યાં રોકાણા... ભાઈ! તારી નાત, તારી જાતમાં સિદ્ધની જાતની તારી જાત છે. એમાં આ વિકલ્પ? આ જીવ છે કે જીવ નથી એ વિકલ્પને પણ અવકાશ ક્યાં છે? એવા વિકલ્પને ઓળંગી ચૈતન્યતત્ત્વ ઉપર એકાગ્ર થતાં તે જે છે તે. એ જ્ઞાન છે તે જ્ઞાન જ છે. એવો અનુભવ થવો એનું નામ સમ્યગ્દર્શન છે. હજી ધર્મની પહેલી દશા. અને આ સમ્યગ્દર્શન વિના વ્રત ને તપ ને ચારિત્ર એને વ્યવહારે પણ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એ ૭૬.

## શ્લોક-૭૭

(उपजाति)

एकस्य सूक्ष्मो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।७७।।

શ્લોકાર્થઃ- [सूक्ष्मः] જીવ સૂક્ષ્મ છે [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ સૂક્ષ્મ નથી [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयोः] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [यः तत्त्ववेदी च्युतपक्षपातः] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्य] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે. ૭૭.

## કળશ-૭૭ ઉપર પ્રવચન

૭૭. 'જીવ સૂક્ષ્મ છે...' એક પક્ષમાં બહુ સૂક્ષ્મ એ તો ભાઈ! વાત સૂક્ષ્મ છે એ વાત સાચી પણ સૂક્ષ્મ છે એવો જે વિકલ્પ કરવો એ નિરર્થક છે. આહા..હા..! જે ઇન્દ્રિયથી પકડાય નહિ. રાગના વિકલ્પથી પકડાય નહિ. એવો એ જીવ સૂક્ષ્મ છે. સમજાણું કાંઈ? એનામાં એ સૂક્ષ્મ ગુણ વર્ણવ્યો છે કે આખો આત્મા અને બધા ગુણો સૂક્ષ્મ જ છે. એમ વિકલ્પમાં, રાગના વિચારમાં, મનના સંગમાં આમ વિચારમાં રોકાણો એ પણ એક દુઃખદાયક દશા છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ આનંદદશા નહિ. બીજો પક્ષ છે કે એ સૂક્ષ્મ નથી, સ્થૂળ છે. જેના જ્ઞાનમાં ત્રણ કાળ, ત્રણ લોક જણાય એવો મહાસ્થૂળ છે. એવો સ્થૂળ છે એટલે સૂક્ષ્મ નથી એવો પણ એક વિકલ્પ છે. આહા..હા..! એ ધર્મ નહિ.

'તત્ત્વવેદી પક્ષપાતરહિત છે...' આવો છું, એવો છું અને આવો નથી. એવા પક્ષમાં એ રોકાતો નથી. ધર્મી તો પોતાના ચૈતન્ય સ્વભાવને પકડીને અનુભવમાં હોય છે. એનું

નામ સમ્યગ્દર્શન કહેવાય છે. ભારે! કહો ચાંદમલજી! આવું ...ઝીણું ભારે ભાઈ! આ વાદવિવાદે કાંઈ પાર પડે એવું નથી. આ ચીજ મહાપ્રભુ છે જેના અનંત-અનંત. અનંત-અનંત સંખ્યાએ ગુણો અને અનંત-અનંત એક-એક ગુણની શક્તિ અનંત. એવો શક્તિવંત પ્રભુ ભગવાન એને સૂક્ષ્મ અને સૂક્ષ્મ નથી એવા વિકલ્પમાં રોકાવું એ આત્માનું વેદન નહિ. ભગવાન એ વિકલ્પથી રહિત છે એવો પણ વિકલ્પ નહિ. વિકલ્પરહિત ચૈતન્યબિંબ વસ્તુસ્વભાવ એને પકડીને અનુભવ કરવો ત્યાં એને આનંદનો અનુભવ થાય છે. આનંદનો અનુભવ થવો એ ધર્મ છે. આહા..હા..! ભારે મોંઘો ભાઈ! કહો, સમજાણું કાંઈ? પહેલા સમજણમાં તો લે એ વાતને. કે વસ્તુની સ્થિતિ આવી છે. જેની સમજણમાં પણ નથી આ વાત. એને તો અંદરમાં શું છે? કેમ જવાય? કેમ થાય? એની તો એને ખબર નથી. આહા..! એનો તો ધર્મ થાય જ નહિ. આહા..હા..!

## શ્લોક-૭૮

(उपजाति)

एकस्य हेतुर्न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।७८।।

શ્લોકાર્થઃ- [हेतुः] જીવ હેતુ (કારણ) છે [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ હેતુ (કારણ) નથી [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयोः] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [यः तत्त्ववेदी च्युतपक्षपातः] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्यं] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે. ૭૮.

## કળશ-૭૮ ઉપર પ્રવચન

બીજા નયનો પક્ષ છે કે 'જીવ કારણ છે...' આહા..હા..! એ રાગાદિ વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ ઉઠ્યોને એનું જીવ કારણ છે. એમ એક નયનો પક્ષ છે. બીજો નય કહે છે કે કારણ નથી. રાગને કારણ આત્મા ન હોય. સમજાણું કાંઈ? આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતનો વિકલ્પ રાગ એનું કારણ ઈ છે એમ કહેવું એ વ્યવહાર છે, કારણ નથી એવું કહેવું એક નિશ્ચય વિકલ્પ ઉઠ્યો છે. આહા..હા..! કહો, કારણ પરમાત્મા કહેવાય છે કે નહિ? પોતાની નિર્મળ પર્યાયને કારણ છે. એ ભલે હોય, પણ એ વિકલ્પ છે એ ખોટો છે. અને એ કારણ નથી. પર્યાયનું કારણ દ્રવ્ય નથી. ભારે વાતું! ઘણી ગંભીર છે ચર્ચા બધી. સમજાણું કાંઈ? રાગનું કારણ તો નહિ, બીજાની ક્રિયાનું કારણ તો આત્મા નહિ, પર્યાયનું કારણ નહિ. એવો પણ એક વિકલ્પ ઉઠે રાગ એ છોડવા યોગ્ય છે. આહા..હા..! કહો, સમજાણું આમાં? આમ બરાબર છે .. બધું. આ નાનો છોકરો છે. .. છેને? ચૌદ વર્ષનો છે. અને પંદરમું હમણા બેઠું. ભડાકા બોલાવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન વસ્તુ પર્યાયનું કારણ નહિ એવું ધ્રુવ તત્ત્વ છે. પર્યાયનું કારણ પર્યાય. સૂક્ષ્મ છે ભાઈ! નિત્યાનંદ પ્રભુ એ તો એકરૂપ ચીજ છે. આ જ્ઞાન થાય પર્યાયમાં, પણ એ જ્ઞાન પર્યાય એમ જાણે છે કે મને કારણ આ નહિ. એય..! તો પછી દેવ-ગુરુ-શાસ્ત્ર કારણ તો ક્યાંય રહી ગયા. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે સત્‌ની પર્યાયને કારણ બીજા સત્‌નું કેમ હોય? આહા..હા..! નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એની પર્યાયને સત્‌ છે એને કારણ બીજું કોણ દેવું? સત્‌ તો અહેતુક છે. હેતુ મૂક્યો છેને? હેતુ શબ્દ મૂક્યો છેને પાઠમાં તો હેતુ છે. માર્ગ ઝીણો છે, ભાઈ! ઓહો..! ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ ધ્રુવ. એ કહે છે. પર્યાય કહે છે તો પર્યાય જાણે છેને? ધ્રુવને ક્યાં જાણે છે? પણ પર્યાય એમ જાણે છે આ મારું આ દ્રવ્ય કારણ નહિ. સમજાણું કાંઈ? પર્યાયનું કારણ દ્રવ્ય. એ પણ એ વિકલ્પનો પક્ષ છોડવા યોગ્ય છે. અને પર્યાયનું કારણ દ્રવ્ય નહિ એવી એક વૃત્તિ ઉઠે એ .. વસ્તુ તો છે ઈ છે. આહા..હા..! એવો આત્મા તીર્થંકરદેવે વાણીમાં આવું સ્વરૂપ વસ્તુનું જગતની પાસે આવ્યું. સમજાય છે કાંઈ? આહા..! બહારના આગ્રહીવાળાને તો એવું લાગે આ. આવો માર્ગ સમજવામાં કઠણ પડે તો પ્રયોગ કરીને પ્રગટ કરવો એ તો મહાપુરુષાર્થ છે. સમજાણું કાંઈ?

'જીવ હેતુ (કારણ) છે એવો એક નયનો પક્ષ છે...' બીજો કહે છે કે હેતુ નથી. એ તો જ્ઞાનસ્વરૂપી ભગવાન, જ્ઞાનનો સૂર્ય ચૈતન્ય. જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય એ તો ચૈતન્યનો

પ્રવાહ, સૂર્ય ચૈતન્ય સૂર્ય પ્રવાહ છે. એ તો જે છે તે છે. એમ જે વેદનમાં આવવું એ વેદન એમ કહે છે કે જ્ઞાન તે સત્ છે એમ કહે છે. ભારે કામ ભાઈ! સમજાણું કાંઈ? એ ૭૮ થયો.

## શ્લોક-૭૯

(उपजाति)

एकस्य कार्यं न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।७९।।

શ્લોકાર્થઃ [कार्य] જીવ કાર્ય છે [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ કાર્ય નથી [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयोः] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [यः तत्त्ववेदी च्युतपक्षपातः] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्यं] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે. ૭૯.

## કળશ-૭૯ ઉપર પ્રવચન

૭૯. 'જીવ કાર્ય છે એવો એક નયનો પક્ષ છે...' રાગનું કાર્ય છે એમ પણ એક નયનો પક્ષ છે અને રાગનું કાર્ય આત્મા નથી એવો પણ એક નયનો પક્ષ છે. સમજાણું કાંઈ? 'જીવ કાર્ય છે...' એટલે કારણથી કાર્ય જણાય છે. રાગાદિનું કારણ હોય તો એ જણાય. કહે એ તો અમે નિષેધ કરતા જ આવ્યા છીએ. આહા..હા..! તું કાર્ય નથી. નથી એવો પણ એક પક્ષ છે. એ તો વસ્તુ છે એ છે. સમજાણું કાંઈ? નિર્વિકલ્પ ભગવાન આત્મા એમાં આવા વિકલ્પને અવકાશ નથી. એ ભગવાનના દરબારમાં જાવું હોય તો એને પોતાના

ભાવથી જવાય છે. રાગથી જવાતું નથી. આહા..હા..! આ વિકલ્પથી જવાતું નથી. આહા..હા..! ભગવાન પોતે જ ભગવાન છે. સાક્ષાત્ વીતરાગ મૂર્તિ આત્મા છે. ..ભગવાન છે એમ કહેવું એ પણ વિકલ્પ છે પાછો. અને ભગવાન નથી એટલો વિકલ્પ કરવો એ તો બહુ સ્થૂળ છે. રાગ છે. ભારે બેસવું કઠણ જગતને. અભ્યાસ નહિ, સાંભળવા મળે નહિ. આ બધી બહારની ચીજની ચીજે. આ કરવું ને આ કરવું ને આ કરવું. જેમાં રાગનું કર્તૃત્વ પણ નથી. રાગનું કાર્ય તો નથી અને રાગનું કારણ પણ નથી જીવ. આહા..હા..! .. દ્રવ્ય તો છે એ છે. પણ કહે છે કે એની પર્યાય નિર્મળ જે છે એ કોઈનું કાર્ય નથી. એ પર્યાય કોઈનું કારણ પણ નથી રાગાદિનું. આહા..હા..! એવા વિકલ્પને છોડી અને ભગવાન જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાનનું વેદન થવું, જ્ઞાનમાં જ્ઞાન ભાવે કરીને પેસવું એનું નામ સમ્યગ્દર્શન છે. કહો, સમજાણું આમાં? આ તો બહુ સૂક્ષ્મ પડે નહિ? ..

મુમુક્ષુ :- બહુ એકદમ બરાબર સમજાય એવું છે. આજ મારે માટે સમજવા જેવું છે.

ઉત્તર :- એમ? એય..! જેઠાભાઈ! એક વસ્તુ છે. .. આવ્યા નથી હજી? દાદા એના બાપના બાપ છેને. આહા..હા..!

કહે છે કે આમ હલે વિકલ્પથી એવી ચીજ જ નથી. આહા..હા..! એ છે શુભરાગ હોં બધા. આ કાર્ય છે એવો પણ એક વિકલ્પ શુભરાગ છે. પરમાર્થે અશુભ છે. આહા..હા..! એનું કાર્ય નથી એ તો છે તે છે. એ તે છે વળી વિકલ્પ એ પણ રાગ છે. આહા..હા..! એવા વિકલ્પને છોડી વસ્તુના અનુભવમાં આવવું. અનુભવ એટલે જેવી ચીજ આનંદ અને જ્ઞાન છે. તેને અનુસરીને દશાનું થવું એનું નામ સમ્યગ્દર્શન અને ચારિત્ર છે. સમજાણું કાંઈ? લ્યો! એ કાર્યનું આવ્યું.

## શ્લોક-૮૦

(उपजाति)

एकस्य भावो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।८०।।

શ્લોકાર્થ :- [भावः] જીવ ભાવ છે (અર્થાત્ ભાવરૂપ છે) [एकस्य] એવો એક નયનો પક્ષ

છે [न तथा] અને જીવ ભાવ નથી (અર્થાત્ અભાવરૂપ છે) [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयोः] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [यः तत्त्ववेदी च्युतपक्षपातः] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ૮૦.

## કળશ-૮૦ ઉપર પ્રવચન

૮૦. એ કહે 'જીવ ભાવ છે...' એ તો જીવ છે એ અનંત જ્ઞાનાદિ ભાવસ્વરૂપ છે. વાત સાચી. પણ એવો વિકલ્પ ઉઠાવવો એ વાત ખોટી. વસ્તુ છે જ્ઞાયકભાવ સ્વરૂપ છું. વસ્તુ છે એ આનંદભાવસ્વરૂપ છે. વસ્તુ છે એ જ્ઞાનભાવસ્વરૂપ છે. વસ્તુ આત્મા છે એ પરમેશ્વર ભાવસ્વરૂપ છે. પ્રભુતાના ભાવ સ્વરૂપ છે. એમ એક વિકલ્પ કરવો એ છોડવા જેવો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત તો ભાઈ કયે ગુણસ્થાને થાતી હશે? આઠમે થાય એમ કહે છેને. ગુણસ્થાન કેવા? ગુણસ્થાન જ જ્યાં નથીને આત્મામાં. આહા..હા..! આ તો અભ્યાસ થોડો કરે તો બેસે એવું છે હોં. પછી આ કારણે સંચાને કારણે અહીં રહ્યા. નહિતર આવે ક્યાંથી નવરા થઈને? આવ્યા હતાને. ... પણ બધો તમારો ભાવ હતોને ... એટલો વિકલ્પ હતો એ. એથી બહારની ચીજ છે નહિ. આહા..હા..! એ રીતે જ એની પર્યાય થવાની હતી. ભારે આકરું કામ. રામજીભાઈ વચ્ચે પડ્યા તો આ બધું થયું. એ પણ .. જાય? .. વાત એવી છે. .. નથી કીધું? ... પંચાધ્યાયમાં. બોલકું બોલકું આવું બોલે મારો. વ્યવહારનયને બોલકો કહે છે. આહા..હા..!

કહે છે કે આ ભગવાન આત્મા વસ્તુ ભાવસ્વરૂપ છે. એક રાણપરનો આવ્યો હતો ૮૯ની સાલમાં. ... ત્યાં આવ્યો હતો રાજકોટ. એમ કહ્યું કે આત્મા ભાવસ્વરૂપ છે. ભાવ શું? કલ્પના કરી બેસે. ભાવ શું? ભાવ વળી હોય? આવું સાંભળને ભાવસ્વરૂપ છે અને ભાવસ્વરૂપ નથી. ... રાણપર .. નહોતું ૮૯માં? હીરાભાઈને ખબર છે? રાણપરવાળો નહોતો દેરાવાસી? રાજકોટમાં હમણા .. વેલચંદ.. ઓલા કોઠારીના... એ ઉંધે રવાડે ચડી ગયો. ભાવ અને અભાવ બેય આત્મામાં નથી. એ વિકલ્પ નથી, પણ વસ્તુ નથી? સમજાણું? એમ કરીને વેદાંત ઉપર લઈ જતા. આ તો જૈન છે પણ ઠેકાણા વિનાના. એવા ગડબડ.. માને.

અહીં કહે છે કે ભગવાન આત્મા વસ્તુ છેને? તો વસ્તુ છે તો એનો સ્વભાવ હોયને? તો સ્વભાવ છે. એ છે એ વાત સાચી. પણ એને મનથી વિકલ્પ ઉઠાવીને આ છે એવું

વિચાર્યું એ નિરર્થક છે. એવો એક નયનો પક્ષ છે. જીવ ભાવ નથી. એટલે અભાવસ્વરૂપ છે એમ કહે. પરની અપેક્ષાએ તે અભાવસ્વરૂપ છે. પરના ભાવની અપેક્ષાએ આત્મા અભાવસ્વરૂપ છે. પોતાના ભાવની અપેક્ષાએ ભાવસ્વરૂપ છે. આહા..હા..! વસ્તુ જ્ઞાયકભાવસ્વરૂપ છે એવો પણ એક વિકલ્પ કરવો એ રાગ છે. અને એમાં રોકાવું એ જીવને ક્ષોભ છે. જીવમાં એક ક્ષોભ છે, આકુળતા છે. અને જીવ ભાવ નથી એટલે અભાવરૂપ છે. પરની અભાવસ્વભાવરૂપ છે. આહા..હા..! એમ પણ એક વિકલ્પ કરવો એ પણ ક્ષોભ છે. અરે..! આંગણે જઈને આવી વિચારણા કરવી એ ક્ષોભ છે કહે છે. દુઃખ છે, રાગ છે ભાઈ! તને રાગ કેવો એની ખબર નથી. રાગ તો આ બાયડી, છોકરામાં પડ્યો હોય અને વેપાર, ધંધો કરતો હોય એનું નામ રાગ. અરે..! સાંભળને હવે તને ખબર નથી. રાગની વ્યાખ્યા અહીં (સુધી) જાય છે.

જેવો ભગવાન ભાવસ્વરૂપે, આનંદસ્વરૂપે છે એને વિકલ્પ દ્વારા એમ કહેવું કે ભાવસ્વરૂપ છે એ વિકલ્પ છોડવા જેવો છે. અને ભાવસ્વરૂપ તથા અભાવસ્વરૂપ છે. પોતામાં ભાવસ્વરૂપ છે અને પરના ભાવની અપેક્ષાએ અભાવસ્વરૂપ છે. સિદ્ધના ભાવ અને પરમાણુના ભાવથી તો જીવ અભાવસ્વરૂપ છે. ભારે વ્યાખ્યા! સમજાણું કાંઈ? પ્રકાશદાસજી! ..માં ક્યાં હતું આવું? આહા..હા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જે જોયું ત્યાં હોય, જેને જાણ્યું જ્ઞેય કરીને એને ત્યાં હોય. એને જ્ઞેય તરીકે જાણ્યું નથી અને વિકલ્પમાં કરે તો આ વસ્તુ ક્યાં છે? સમજાણું કાંઈ? ચિત્સ્વરૂપ તે ચિત્સ્વરૂપ જ છે ધર્મીને. તે આવો છે અને તેવો છે એ વિકલ્પ ધર્મીને હોતો નથી. આહા..હા..! એવા વિકલ્પનું પ્રવર્તન એ મિથ્યાભાવ છે કહે છે. આહા..હા..! આવો છું અને આવો નથી એવી જે વૃત્તિ ઉઠે એ વૃત્તિમાં પ્રવર્તન એ જ મિથ્યાત્વ છે. એ દૃષ્ટિ વિનાની ચીજ છે. એમાં સ્વભાવમાં પ્રવર્તવું એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે. સમજાણું કાંઈ?

‘**નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.**’ નિરંતર શ્રદ્ધાની અપેક્ષામાં વિકલ્પ એવો હોતો નથી. સમજાણું કાંઈ? આ રીતે ચૈતન્ય ભગવાન આત્મા પૂર્ણ ભાવસ્વભાવને વર્તમાન કાળની પર્યાયે પકડીને અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન છે. એનું નામ ચોથું ગુણસ્થાન છે હજી. શ્રાવક અને મુનિ તો ક્યાંય દશા રહી ગઈ ભાઈ! સમજાણું કાંઈ? એ ૮૦મી થઈ.

## શ્લોક-૮૧

(उपजाति)

एकस्य चैको न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।८१।।

શ્લોકાર્થ :- [एक:] જીવ એક છે [एकस्य] એવો એક નયનો પક્ષ છે [च] અને [न तथा] જીવ એક નથી (-અનેક છે) [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयो:] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [यः तत्त्ववेदी च्युतपक्षपात:] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्यं] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે. ૮૧.

## કળશ-૮૧ ઉપર પ્રવચન

૮૧. 'જીવ એક છે...' બધા થઈને એક છે એમ નહિ. આ જીવ એક છે એમ. એ છે એક છે એ બરાબર છે. પણ એક છે એવો જે વિકલ્પ વૃત્તિમાં ઉઠાવવો એ ક્ષોભ છે. આહા..હા..! ભગવાન આત્મા વસ્તુ છે, અસ્તિ એ એક છે. એવો એક નયનો પક્ષ છે. બીજો કહે છે કે એક નથી. શાસ્ત્રાદિનો અર્થ પાછો એવો કરે કે એક ભાવે છે અને એક ભાવે નથી એટલે કાંઈ બીજી ચીજ છે એમ નહિ. વસ્તુ તરીકે અનંતગુણનો પિંડ હોવાપણે છે. એ પણે તો છે. પણ એના વિકલ્પપણે એ નથી. સમજાણું કાંઈ? પર્યાય, ગુણ, દ્રવ્ય બધું અભેદરૂપે દેખો તો એક રૂપે છે. એક ગુણ આવે છેને. ૪૭ ગુણમાં? ૪૭ શક્તિ. ૪૭ શક્તિ. એમાં આવે છેને. એક, અનેક, ભાવ, અભાવ, ભાવઅભાવ, અભાવભાવ, ભાવભાવ, અભાવઅભાવ. એકએકમાં બહુ પડ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એકરૂપ છે એવો એનામાં ગુણ ભાવગુણ છે. પણ એકરૂપ ગુણ છું એકરૂપ એવો વિકલ્પ નહિ એમ કહે છે. સમજાણું

કાંઈ?

એમ જીવ એક નથી, અનેક છે. અનેક એટલે આ બધા થઈને એમ નહિ. પણ દ્રવ્ય, ગુણ અને પર્યાય તરીકે અનેક છેને એમાં? અહીં તો એક નથી એમ કહેવું છે હોં. અનેક કહેતા એક નથી. સમજાણું કાંઈ? એવા રાગમિશ્રિત વિચારમાં આ રીતે અટકીને રહેવું એ ચૈતન્યની બહાર રહે છે. આહા..હા..! એ બહિરાત્મા છે એમ કહે છે. એટલે એક એટલે બધા થઈને એક નહિ હોં. એની અહીં વાત નથી. એમ બધા થઈને અનેક છે એમ પણ નથી. અહીં ને અહીં ભગવાન એકસ્વરૂપે છે. એવો જે વિકલ્પ કરવો, છે તો એકસ્વરૂપે. એવો વિકલ્પ કરવો એ નિરર્થક છે. અને એક નથી એવો વિકલ્પ હોં એક નથી. એવો એક (પણ) વિકલ્પ કરવો રાગ એ ક્ષોભ છે. એ શાંતિ.. ચીજ છે. ભારે આકરું ભાઈ! આવું સ્વરૂપ સાંભળતા માણસને લાગે કે આ તે .. છે? તારે શું? .. તું છો જ. આહા..હા..! સમજાણું કાંઈ? આ પૈસા-બૈસામાં ઝટ .. નહિ? ... આવું ક્યાં.. ધૂળેય મળતી નથી. ક્યાં મળે એને? ધૂળ ધૂળમાં છે. એ આત્મામાં આવે છે? ધૂળ વિનાનો જ આત્મા છે. એ ધૂળનો જીવમાં અભાવ છે. આહા..હા..! આ શરીરનો પણ જીવમાં અભાવ છે, અરે..! રાગનો જીવમાં અભાવ છે. અરે..! પર્યાયનો પણ દ્રવ્યમાં અભાવ છે. આકરી વાત છે.

મુમુક્ષુ :- બહુ નથી.

ઉત્તર :- બહુ નથી? સમજાણું કાંઈ? એવી વાત છે, બાપુ! આ તો અંદરમાં જવાની વાત છેને. ઓહો..! જીવન-મરણની ગાંઠ .. છે. એક છું, અનેક એવો જે વિકલ્પ એ ગાંઠ છે.. એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સુજાનમલજી! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. ભેદજ્ઞાન. આહા..હા..! એવો એક નયનો પક્ષ છે. બીજાનો નય પક્ષ છે કે એક નથી. ઓલામાં તો એ કહ્યું કાલે જુઓને ઓલામાં એક અનેક બધા બોલ .. પડ્યા છેને પાઠમાં? એક નથી.

'**બે નયોના બે પક્ષપાત છે.**' તેને નિરંતર ચિત્સ્વરૂપ ભગવાન જ્ઞાનસ્વરૂપી એ જ્ઞાતા... જ્ઞાતા... જ્ઞાતા... તે જ્ઞાતા જ છે. એને વિકલ્પથી નિર્ણય કરવો એ એનામાં છે નહિ. આહા..હા..! એ તો પોતાની નિર્વિકલ્પના નિર્ણય દ્વારા જણાય એવો છે. સમજાણું કાંઈ? નિર્વિકલ્પ નિર્ણય તો સમ્યગ્દર્શન છે. આહા..હા..! અરે..! વીતરાગ માર્ગ તીર્થંકર પરમેશ્વર ત્રિલોકનાથે ઇન્દ્રો અને ગણધરોની સમક્ષમાં ભગવાને આમ વર્ણવ્યું. એવું એ સંતો વર્ણવે છે. આહા..હા..! મહાવિદેહમાં ભગવાન સીમંધર પરમાત્મા બિરાજે છે. એ આજ ભગવાન ૐ ધ્વનિ દ્વારા કરે છે. કરે છે એમ કહેવું વ્યવહાર છે. આહા..હા..! ૐ ધ્વનિ દ્વારા એ ભાષા આવે છે. જગતના પ્રાણી પોતાની યોગ્યતાથી એમાં સમજી જાય છે. નિમિત્તને લઈને નહિ. નિમિત્તને

લક્ષે થયેલું જ્ઞાન એને છોડીને અંદરમાં જાય ત્યારે સમજે છે. એની રીતની ખબર ન મળે. એ કેમ પમાય એની વિધિ શું એની ખબર ન મળે અને એમ એમ કૂટ્યા કરે આખી જિંદગી. આ વ્રત પાળ્યા અને અપવાસ કર્યાને. પ્રવર્જ્યા કર્યા, સંથારા કર્યા બબ્બે મહિનાના. એય..! વીરચંદભાઈ! નહિ .. સંથારો હતો કે નહિ? ... આહા..હા..! શેના સંથારા બાપુ! તને ખબર નથી. આહા..હા..! દેહની ક્રિયા એ જીવની નહિ. અંદર આ છું એવો વિકલ્પ એ પણ જીવની ક્રિયા નથી. આહા..હા..! જીવની ક્રિયા તો જાણવું-દેખવું આનંદની પર્યાય એ એની ક્રિયા છે. હવે એ ક્રિયાની ખબર ન મળે અને સંથારામાં જાણે સમાધિમરણ થયા. બાળમરણ થયા. દુનિયાથી બહુ જાત જુદી. તપસ્યા કરે, અપવાસ કરે. શરીર સુકાઈ જાય, જીર્ણ થઈ જાય. આહા..હા..! ૨૫-૨૫ દિ' સુધી પાણી નહિ કેટલો ત્યાગ! ભાઈ! એને ધર્મનો ત્યાગ છે. એને ધર્મ શું છે એની ખબર નથી. આહા..હા..! જ્યાંથી ધર્મ થાય એની સામું એણે જોયું નથી. નથી થાય એની સામે જોઈને રોકાઈ ગયો છે.

ત્રણ લોકનો નાથ ભગવાન ભાવ અભાવસ્વભાવ એ એક અનેકના વિકલ્પથી પણ પાર છે. એથી આમાં એમ નથી કહ્યું કે પાછું નિમિત્તરૂપે છે. એ પણ એક કલ્પનાથી છે એમ નહિ. પણ એ સંબંધીનો વિકલ્પ ઉઠાવવો એ રાગ છે. એમ કહ્યું. એમાં એ કહે છે ભગવાને ... ક્યાંય જૈનમાં કોઈ નિર્ધાર આવતો જ નથી એમ કહે. એક જણો એમ કહે. જૈનમાં નિર્ધાર સ્યાદ્વાદ છે. આને પણ હોય અને આને પણ હોય, આને હોય અને આને હોય. શું આને હોય? એ તો જે છે એમ જ છે. વસ્તુ તો એક સમયમાં અસંખ્ય પ્રદેશી અનંતગુણનું ધામ પરના અભાવસ્વભાવ સ્વરૂપ. પણ એને વિકલ્પથી વિચારણામાં રોકાવું એનો અહીં નિષેધ કરે છે. એથી કોઈ બીજી ચીજ નીકળી જશે. વિકલ્પ તૂટતા પછી કોઈ બીજી ચીજ નીકળી જશે. એક અનેક કે બીજી. એમ નથી. સમજાણું કાંઈ?

## શ્લોક-૮૨

(उपजाति)

एकस्य सान्तो न तथा परस्य<br>
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।<br>
यस्तत्त्ववेदी च्युतपक्षपात-<br>
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।८२।।

શ્લોકાર્થ :- [सान्तः] જીવ સાંત(-અંત સહિત) છે [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ સાંત નથી [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयोः] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [यः तत्त्ववेदी च्युतपक्षपातः] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्यं] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે. ૮૨.

## કળશ-૮૨ ઉપર પ્રવચન

એ કહે છે કે '**જીવ સાંત (-અંત સહિત) છે...**' અંત આવી જાય છે જીવનો. પર્યાયમાં અંત આવે છેને? એક સમયની પર્યાય છૂટી જાય છે. '**એવો એક નયનો પક્ષ છે અને જીવ સાંત નથી...**' એક સમયની પર્યાયનો અંત આવે એટલો પણ એ નથી. વસ્તુ ત્રિકાળ... ત્રિકાળ... ત્રિકાળ... જેના અંત શા? જેની આદિ શું? છે, છે વસ્તુ. એને પર્યાયથી આદિ કહેવી એવો પણ એક વિકલ્પ છે. પર્યાયનો અંત આવી ગયો માટે અંત છે એવો પણ એક વિકલ્પ છે. પણ વસ્તુ અંત નથી એવી ત્રિકાળ ચીજ છે. સાંત નથી. તે પણ એવો એક વિકલ્પ. આહા..હા..! અરે..! ભાઈ! એણે દુઃખ .. બાપુ! .. સાંભળ્યું.. ભૂલી ગયો. આહા..હા..! નહોતો એટલે ... ... અજગરે સિંહને ભરડામાં લીધેલો. અજગર મોટો હોં. એમાં સિંહ આવ્યો અંદર. સિંહ. એ તો અજગર લાંબો હોયને ઓલો સિંહ આમ મારવા ગયો તો અજગરે આમ ભરડો લીધો. ટાંગા આમ રહી ગયા બે ઉંચા. આમ મોઢું ઉપર. હવે શું કરવું? વચમાં બરાબર ભરડો લીધો અજગરે. મોટો અજગર. લોકો જોવે આમ માણસ નીકળે એ. બે દિ' સુધી. ઓલો સિંહ છૂટવા માટે નીચે ઢસરડો મારે આમ. ત્યારે .. આમ-આમ થાય. મોઢું આમ રહી ગયું. વચમાંથી પકડેલું. એ બે દિ'એ ભરડો ખેંચ્યો આખો અજગરે. મરી ગયો. સિંહ જેવો જનાવર એવા ભરડાના મરણમાં પણ અનંતવાર આવી ગયો. આહા..હા..! સિંહ જેવું જનાવર વનનો રાજ. રાજા. રાજ શું? રાજા. રાજ તો.. સાધુ હોયને તો મારે નહિ. માંસ તો ખાધેલું હોય તોપણ મારે.. એ સિંહ પણ અજગરના ઓલામાં આવ્યો. માણસો દૂરથી જોવે. .. જાય કોણ? ભરડામાં પકડાઈ ગયો ત્યાં આની આગળ આમ મારીને ભરડો માર્યો તો પગ રહી ગયા પહોળા. હવે શી રીતે ... જોર મારે ખાડા પડી જાય. જોર મારી જશે. હળવે-હળવે કરતા .. થઈ ગયા હતા. હળવે-હળવે .. માંડશે. આહા..! અજગર તે .. એય..! એવા ભરડા અનંતવાર લીધા ભાઈ! તું ભૂલી ગયો. આહા..હા..! ... ઓલું ..

આવે છે. એને પાંચ દીકરા. .. પકડ્યા બેયને. ... આ શું થયું? ... એમ આમાંથી ... ભજન આવે છે. સાંભળ્યું છે કે નહિ? અમે તો બધું જોયેલું ખરુંને ત્યાં પાલેજમાં. ભજન આવે છે. 'કાચબો કહે છે કાચબીને તું ... હરિના જન કાચબી...' માંડ્યું. પાણી એટલું બધું ... હવે તળાવમાંથી .. તળાવમાંથી ઉતરે તો જાય નીચે તો પકડ્યો હતો. એમ આનો .. ક્યાંકથી .. બહાર નીકળ્યો પણ હવે શું કરવું એની સૂઝ પડી નહિ. અરેરે..! એકવાર જો બહાર નીકળું તો મારું કલ્યાણ થઈ જાય. નવ મહિના ઉંધે માથે લટકે. આહા..હા..! ... એ .. ઓલામાં રહ્યો. અહીંયાં વળી પાછા કાપીને .. થાય કે નહિ? ..માં આવે છે. વીંછીયાની એક બાઈ હતી. એના મકાનમાં ... હતી. પછી એને છોકરું આવ્યું તો ... આહા..હા..! એ રહેતા. ... આહા..હા..! બાપા! .. અનંતા થઈ ગયા છે ભાઈ તને ખબર નથી. આત્મા.. નહિ હોં. એને આકુળતા-આકુળતા. આહા..હા..! .. એને આકુળતા અડતી પણ નથી. .. કેમ માને? સમજાણું કાંઈ? એને દુનિયામાં શું ... વાત છે નહિ. માર્ગ તો આ છે. પોતામાં જઈને એકાગ્ર થવું એનું નામ. (ધર્મ) બાકી બધું ધૂળધાણી અને વા પાણી છે. દુનિયા માન આપે કે ન આપે, પસંદ કરે કે ન કરે. અરે..! આ તો વ્યવહારનો બધો લોપ થઈ જાય છે. પણ લોપ થાય ત્યારે જ એ નિશ્ચય પમાય છે. આ વિકલ્પનો લોપ કરતા નિર્વિકલ્પ થવાય. તો હવે તારે શું કરવું છે? આહા..હા..!

એ સાંત છે અને સાંત નથી. પર્યાયની અપેક્ષાએ સાંત છે. વસ્તુ અપેક્ષાએ અનાદિ સાંત નથી. પણ એ બે વિકલ્પ કરવા એમાં વસ્તુમાં નથી. વિકલ્પને છોડીને આનંદમૂર્તિ ભગવાન એને વેદવો, જાણવો, અનુભવવો એનું નામ ધર્મ છે. પ્રથમ દરજ્જાની ધર્મની શરૂઆત અહીંથી થાય છે. આહા..હા..!

## શ્લોક-૮૩

(उपजाति)

एकस्य नित्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।८३।।

શ્લોકાર્થ :- જીવ નિત્ય છે [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ નિત્ય નથી [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयोः] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [यः तत्त्ववेदी च्युतपक्षपातः] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्यं] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે. ૮૩.

## કળશ-૮૩ ઉપર પ્રવચન

૮૩. એક કહે કે '**જીવ નિત્ય છે...**' ધ્રુવ નિત્ય છે. '**એવો એક નયનો પક્ષ છે...**' એથી કાંઈ નિત્ય નથી એમ નહિ હોં. એ નિત્ય ધ્રુવ ધ્રુવ છે ભગવાન. આદિ-અંત વિનાની ચીજ ધ્રુવ. જેને કાળ સ્પર્શતો નથી, જેને પર્યાય સ્પર્શતી નથી. એવી નિત્ય વસ્તુ છે. અને એ નિત્યને લક્ષે જ સમકિત થાય છે. પણ નિત્ય છું એમ નિત્યમાં ન જતાં વિકલ્પમાં રોકાઈ ગયો હું. અમે આટલા સુધી તો આવ્યા છીએ. આહા..હા..!

મુમુક્ષુ :- આંગણામાં તો આવ્યા.

ઉત્તર :- આંગણું ક્યાં હતું? આહા..હા..! કહે છે ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા એમ કહે છે તીર્થંકરદેવ કે તું નિત્ય છો એવો પણ જો વિકલ્પમાં રોકાઈ ગયો તો હાથ નહિ આવે. (ચોખા) એના લેવા ટાણે ભલે ભાવ પૂછે કરે. ત્રાજવા બરાબર નક્કી કરાવ્યા સરખા. તોલા સરખા નક્કી કરાવા જોખતા વખતે. ખાતા વખતે ભાત જોખતો હશે? એમ કહે છે કે પહેલા વિચાર વખતે આવા ભલે વિકલ્પ હોય, પણ અનુભવકાળે, વેદનકાળે આવા વિકલ્પ હોતા નથી. આહા..હા..! ત્યારે એનો અનુભવ થઈને એને સમ્યગ્દર્શન થાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

# પાઠકોની નોંધ માટે

# પાઠકોની નોંધ માટે

## પાઠકોની નોંધ માટે

